# આદર્શ મુનિ

સંગ્રહકર્તાઃ
સાહિત્યપ્રેમી પંડિત મુનિશ્રી
પ્યારચંદજી મહારાજ.

ॐ

श्रीसुधर्मगच्छीयहुक्मीचन्द्रजित्सूरीश्वरेभ्यो नमः

# આદર્શ મુનિ

સંગ્રહકર્તા:

સાહિત્યપ્રેમી પંડિત મુનિશ્રી

ચોથમલજી મહારાજ.

અનુવાદક:

ચંદુલાલ મોહનલાલ મોદી.

[illegible] શ્રી [illegible] જૈન પાઠશાળા,

ચીંચપોકલી—મુંબઈ


પ્રકાશક:

શ્રી જૈનોદય પુસ્તક પ્રકાશક સમિતિ.

રતલામ.

મૂલ્ય રૂ. ૧—૮—૦.

પ્રથમાવૃત્તિ | પ્રત ૧૦૦૦

વીર સંવત ૨૪૫૮. | વિક્રમ સંવત ૧૯૮૮.

ॐ

श्रीसुधर्मगच्छीयहुक्मीचन्द्रजित्सूरीश्वरेभ्यो नमः

# આદર્શ મુનિ


સંગ્રહકર્તા:

સાહિત્યપ્રેમી પંડિત મુનિશ્રી

પ્યારચંદજી મહારાજ.

અનુવાદક:

ચંદુલાલ મોહનલાલ મોદી,

હેડમાસ્તર-શ્રી. ક. વી. ઓ. સ્થા. જૈન પાઠશાળા,

ચીંચપોકલી-મુંબઈ.



પ્રકાશક:

શ્રી જૈનોદય પુસ્તક પ્રકાશક સમિતિ,

રતલામ.

મૂલ્ય રૂ. ૧—૪—૦.

| | |
|---|---|
| પ્રથમાવૃત્તિ | પ્રત ૧૦૦૦ |
| વીર સંવત ૨૪૫૮. | વિક્રમ સંવત ૧૯૮૮. |

પ્રકાશક:
માસ્ટર મિસરીમલ, મન્ત્રી.
શ્રી જૈનોદય પુસ્તક પ્રકાશક સમિતિ,
રતલામ.

મુદ્રક:
મોહનલાલ ટી. મોદી.
ધી રીલાયન્સ પ્રી. પ્રેસ,
૨૦, ટેમેરીન્ડ લેન, કોટ,
મુંબઇ.

ॐ

# મુળગ્રંથ ઉપર મળેલી સમ્મતિઓ.

## શ્રીમાન માન્યવર રાયબહાદુર જુગમન્દિરલાલજી જૈની,

એમ. એ., એમ. આર. એ. એસ., બાર-એટ-લૉ,

ચીફ જસ્ટીસ એન્ડ લૉ મેમ્બર,

હોલ્કર સ્ટેટ-ઇન્દોરનો

## અભિપ્રાય.

મહાનુભાવ,

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે આપે મોકલેલો "આદર્શ-મુનિ" નામનો ગ્રંથ સ્વીકારી ઉપકૃત થયો છું.

શારીરિક અસ્વસ્થ હાલત, સમયનો અભાવ અને એવાંજ કેટલાક કારણવશાત "આદર્શ-મુનિ"ને હું પુરૂં વાંચી શકયો નથી, તોપણ જે કંઇ થોડું ઘણું વાંચી શકયો છું, તે ઉપરથી તેની ઉપયોગિતા અને જરૂરીયાત સ્પષ્ટ નિરખી શકયો છું.

મહાત્મા પુરૂષો, સાધુ સન્તો અથવા આદર્શ પુરૂષોનાં જીવનચરિત્ર લખવાનો ખાસ ઉદ્દેશ એ હોય છે કે એઓના અમૃતતુલ્ય ઉપદેશો તથા ક્રિયાત્મક સ્વરૂપમાં પરિણમેલા આદર્શો પ્રજાજીવનનું અંગ બની તેને સફળ બનાવે. આ દૃષ્ટિબિંદુ લક્ષ્યમાં રાખી "આદર્શ-મુનિ" જનતાની સમક્ષ ધરવામાં આવ્યું છે. ઉક્ત ગ્રંથમાં જે જૈન મહાપુરૂષોનાં જીવન આલેખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, તેઓ જૈન

સમાજમાં નહિ, પરંતુ જૈનેતરોમાં પણ "આદર્શ-વ્યક્તિ"ઓ તરીકે પૂજાયા છે. જેઓને તેઓના દર્શનનો લાભ તથા ઉપદેશામૃતનું પાન કરવાનો સુયોગ પ્રાપ્ત થયો છે, તેઓજ આખા સંસારમાં આ મૂળભૂત (મૌલિક) ગ્રંથ કેટલો અમૂલ્ય છે, તેનું અનુમાન કરી શકે. ગ્રંથકારે પોતાના ચરિત્રનાયકોનાં ચારિત્ર આલેખવા ઉપરાંત તેઓના સિદ્ધાંતોની પ્રાચીનતા અને ઉપયોગિતા વિષે ભારતના તેમજ અન્ય મુલકોના વિદ્વાન પુરૂષોના મતો પણ ટાંકી બતાવ્યા છે, જેને અંગે પુસ્તકનું મહત્ત્વ અનેકશઃ વધી ગયું છે. જો ગ્રંથકારના ઉદ્દેશો જનસમાજનું તરફ લક્ષ્ય યોગ્ય રીતે દોરવાશે, તો આ નાનકડો ગ્રંથ **"માનવ જીવન કેવી રીતે સફલ બનાવી શકાય છે"** તેનો આબેહુબ પાઠ જનતા સમક્ષ રજુ કરશે.

પુસ્તક જો કે સારી રીતે લખવામાં આવ્યું છે, છતાં લેખક કબુલ કરે તેમછે, તેમાં કેટલીક ત્રુટિઓ રહી ગઇ છે. આશા છે કે હવે પછીની આવૃત્તિમાં તે તરફ પુરતું ધ્યાન આપવામાં આવશે.

તા૦ ૨૯-૬-૨૫.

# સ્વર્ગસ્થ સુપ્રસિદ્ધ તત્ત્વવેત્તા શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહનો અભિપ્રાય.

I am asked to give my opinion on "Adarsh Muni" which aims at drawing a life sketch of Rev. Shree Chouthamalji Muni. I have seen and heard him and have a bird's eye view of his life as published in the said book. Looking to the present condition of the sect to which he belongs, I am bound to say that the community owes much to him for the popularity he has given to the main principles of Jainism by his public lectures. He seems to understand human psychology and is able to impress his views upon the masses. It is creditable of him that he does not, like most of his colleagues, omit preaching social reform to the orthodox audience wherever he happens to go.

The book contains photographs and introduction of certain princes and wealthy merchants, both Jain as well as non-Jain who are devoted to him. I trust they have been taught that true devotion lies not in worshipping a human body or his idol or

his photo but in being an agent for the fulfilment of the Master's Mission through self-forgetfulness and self-sacrifice. I would like to see in the second edition number of photoes of persons, however poor, who have evolved the Jain spirit by surpassing the masses, through the effective preaching of the great Muni.

It will be a memorable day when the small number of efficient preachers like the hero of this book would succeed in finding a way of co-operation with each other and with the united force would succeed in removing the social evils which are the root cause of the spiritual weakness not only amongst the so-called Jains, but amongst the vast general public of India. It is only by organisation and systematic work that the great task can be achieved. I wish him every success.

**V. M. SHAH.**

Ghatkopar (Bombay.)

માન્યવર પૂજ્ય મુનિ મહારાજશ્રી ચૌથમલજીનું જીવન વૃત્તાંત આલેખતા "આદર્શ મુનિ" નામક ગ્રંથ ઉપર મારો અભિપ્રાય માગવામાં આવ્યો છે. મેં મુનિ મહારાજનાં દર્શન અને શ્રવણનો લાભ મેળવ્યો છે, અને ઉપરોક્ત ગ્રંથમાં

આલેખેલા ચરિત્ર ઉપર વિહંગાવલોકન કરી ગયો છું. તેઓશ્રી જે સંપ્રદાયના અનુયાયી છે, તેની આધુનિક પરિસ્થિતિ જોતાં મને એમ કહેવાની ફરજ પડે છે કે તેમણે પોતાના જાહેર વ્યાખ્યાનોથી જૈનધર્મના મુખ્ય સિદ્ધાંતોને જે જાહેરાત આપી પ્રકાશમાં આણ્યા છે, તેને માટે તે સંપ્રદાય તેમનો અત્યંત ઋણી છે. માનવી માનસ શાસ્ત્રોનો તેમણે ઉંડો અભ્યાસ કર્યો હોય એમ લાગે છે અને પોતાના વિચારો જનતાના અંતરમાં સાંસરા ઉતારવાને તેઓ શક્તિ ધરાવે છે. જ્યાં જ્યાં તેઓશ્રી પધારે છે, ત્યાં પોતાના ઘણા ખરા સમકાલીન પ્રચારકોની માફક જુના વિચારના શ્રોતાઓ સમક્ષ સામાજીક સુધારા ઉપર ઉપદેશ આપવાને તિલાંજલિ આપતા નથી, તે તેમનું ગૌરવ વધારનાર કહી શકાય.

ગ્રંથમાં મુનિશ્રીના કેટલાક પરમ ભક્ત જૈન તથા જૈનેતર રાજાઓ અને ધનિકોની તસ્વીરો તથા પરિચય આપેલાં છે. મને વિશ્વાસ છે કે તેઓને એવો ઉપદેશ આપવામાં આવ્યો હશે કે સાચી સેવા માનવી દેહ અગર તેની મૂર્તિ અથવા તેની તસ્વીરનું પૂજન કરવામાં સમાયેલી નથી, પરંતુ આત્મ-વિલોપન તથા આત્મભોગ મારફતે તે મહાન જગન્નિયંત્તાના કાર્યને પરિપૂર્ણ કરવામાં પ્રાણભૂત બનવામાં છે. આ મહાન મુનિ મહારાજના પ્રભાવશાળી ઉપદેશથી ગમે તેવા નિર્ધન હોવા છતાં જેમણે જનતાને મોખરે આવી જૈન તત્વોને પ્રકાશમાં આણ્યાં છે તેવાઓની અનેક તસ્વીરો બીજી આવૃત્તિમાં હું જોવાને ભાગ્યશાળી થાઉં, એવી મારી અભિલાષા છે.

જે દિવસે આ ગ્રંથના ચરિત્રનાયકના જેવા આંગળીને વેઢે ગણાય તેટલા પ્રભાવશાળી પ્રચારકો એક બીજાની સાથે સહકાર સાધવામાં સફળ નિવડશે, અને એ એકત્રિત જોમથી સામાજીક અનિષ્ટો કે જે માત્ર જૈનોનીજ નહિ પરંતુ સારાયે ભારતવર્ષની જનતાની આધ્યાત્મિક નિર્બળતાનું મૂળ કારણ છે, તેનો ધ્વંસ કરવામાં ફળીભૂત નિવડશે, તે દિવસ ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાશે. આ મહાન કાર્ય માત્ર વ્યવસ્થિત રચનાત્મક કાર્ય દ્વારાજ પાર પાડી શકાય. તેમના કાર્યમાં તેમને સંપૂર્ણ સફળતા મળે એવી મારી અભિલાષા છે.

વાડીલાલ મોતીલાલ શાહ.

ઘાટકોપર (મુંબઈ).

---

"આદર્શ-મુનિ" મૂળ ગ્રંથ ઉપર જૈનેતર સંપ્રદાયનાં માસિકોએ સમાલોચના કરતાં ઉચ્ચારેલા અભિપ્રાય સંક્ષેપમાં નીચે ટાંકીએ છીએ:—

દૈનિક 'અર્જુન' દિલ્હીથી લખે છેઃ—

જૈન સાધુ ચોથમલજીનું અત્યંત પરિશ્રમપૂર્વક સંગ્રહ કરી તૈયાર કરેલું આ જીવનચરિત્ર છે........એક મહાત્માના ચરિત્રનો ઉંડો અભ્યાસ કરવાથી જે લાભ પ્રાપ્ત થાય છે, તેવોજ લાભ આ ચરિત્રનો અભ્યાસ કરતાં પણ થાય તેમ છે.

---

"મનોરમા" (સપ્ટેમ્બર-૧૯૨૯)માં લખે છેઃ—

ગ્રંથમાં જૈનધર્મ સંબંધી બાબતોનું ઉત્તમ રીતે વર્ણન કરવામાં આવ્યું છે. પુસ્તક ઉપયોગી છે. શિક્ષાપ્રદ અને

રોચક પણ છે. પ્રત્યેક જૈન ધર્માનુયાયી આ પુસ્તકની એક એક નકલ પોતાની પાસે રાખે એ આવશ્યક છે.

---

"ધર્મ-ધ્વજ" (વર્ષ ૭, અંક ૧—૨, વડોદરા) માં લખે છે:—

સ્થાનકવાસી સંપ્રદાયના મુનિ મહારાજ ચૌથમલજીનું આ જીવન રોચક ભાષામાં લખાયું છે........પુસ્તકમાં આપેલા ફોટાઓ–ચિત્રો જોનારના દિલ ઉપર કેટલી સુંદર અસર કરે છે તે સહજ સમજી શકાય તેમ છે.

---

"દિગંબર જૈન" (વર્ષ ૧૯, અંક ૮, સૂરત)માં લખે છે:—

"આદર્શ–મુનિ" ગ્રંથમાં સાધુ મહારાજ દ્વારા જનતા ઉપર થએલા ઉપકારનો પરિચય કરવામાં આવ્યો છે. સાધુ મહારાજે પોતાની અપ્રતિમ વક્તૃત્વ શક્તિદ્વારા જૈન તથા જૈનેતર–હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી આદિ જાતિઓમાં અહિંસા આદિ ધર્મોનો કેવો પ્રચાર કર્યો છે, તથા જનતા ઉપર કેવો પ્રભાવ પાડયો છે, તે પુસ્તક વાંચનારજ જાણી શકે.... મહાનુભાવોએ આ પુસ્તકનો અવશ્ય અભ્યાસ કરવો ઘટે છે.

લેખકે જૈનધર્મના મહત્ત્વ સાથે તેની પ્રાચીનતા જૈનેતર પ્રસિદ્ધ વિદ્વાનોના અભિપ્રાયો ટાંકી તથા જૈનેતર શાસ્ત્રોના આધાર ટાંકી સાબિત કરી બતાવી છે.

---

"માધુરી" (વર્ષ ૫, ખંડ ૧, સંખ્યા–૨, લખનઉ)માં લખે છે:-

પુસ્તક વાંચકોને વૈરાગ્યોત્પાદક તથા હિતકર નિવડશે. આ પુસ્તકનું વિશેષ મહત્ત્વ તો એ છે કે તેમાં જૈનધર્મની પ્રાચીનતાનાં પ્રમાણ ઘણા સારા પ્રમાણમાં ટાંકી બતાવવામાં આવ્યાં છે. એ પ્રમાણોનાં પુસ્તકોનાં પૃષ્ઠ, અધ્યાય, કયા વર્ષમાં પ્રસિદ્ધ થયાં વિગેરે આપવામાં આવ્યું હોત તો બહુ સરસ થાત.

---

# ભૂમિકા.

જૈનધર્મનું પ્રાચીનપણું અસંખ્ય ચોક્કસ પ્રમાણોથી સિદ્ધ થઇ ચૂક્યું છે. હવે જૈનધર્મ પ્રાચીન કે બૌદ્ધધર્મ? એ નિશ્ચય કરવાની આવશ્યક્તા નથી. પર્વતાધિરાજ હિમાલય જેવો અચળ અને અટલ છે, તેવોજ જૈનધર્મ પણ પ્રાચીન અને પુરાણો છે. તેની આગળ બૌદ્ધધર્મ એતો આવતી કાલની ઉત્પત્તિ છે. જ્યારે ભગવાન બુદ્ધ સંસારમાં દયા અને અહિંસાના શાન્તિદાયક ઉપદેશોની રેલંછેલ કરતા હતા, તે કાળમાં જૈનધર્મના છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી મોક્ષગતિ પામવાની તૈયારીમાં હતા. અત્યારે ૨૪૫૭ની વીર સંવત છે. તેમની પહેલાં બીજા (૨૩) ત્રેવીસ તીર્થંકરો થઇ ગયા છે, જેમાંના પહેલા શ્રી ઋષભદેવજી હતા. તેમનું વર્ણન શ્રીમદ્ભાગવતમાં પણ આવે છે.

જૈનધર્મનું સાહિત્ય (કે, જેનો મોટો ભાગ હજુ પણ ભંડારોમાં ગુપ્તરીતે રાખવામાં આવ્યો છે તે) અત્યંત વિશાળ અને મહત્તાથી ભરપૂર છે. આ સાહિત્ય સંકૃત અને પ્રાકૃત બંનેમાં છે. આ સાહિત્યની એક ખાસ બાબત એ છે કે તેનો કોઈ પણ ગ્રંથ અશ્લિલ અને અનિચ્છનીય નથી. તેના સઘળા ગ્રંથોને સ્ત્રીપુરૂષો, બાલબાલિકાઓ, તથા યુવાનો અને વૃદ્ધો નિઃસંકોચ વાંચી શકે છે. જે વાંચતાં અથવા બીજાને કહેતાં શરમ આવે, એવો ભાવ અથવા વિચાર પણ કોઇ પણ પુસ્તકમાં નથી. સારી આલમમાં એવું કોઈ સાહિત્ય નથી કે જે પોતાના વાંચન માટે ઉપરોક્ત દાવો કરી શકે.

ઇતિહાસકારો કહે છે કે સાહિત્ય જેટલું પ્રાચીન હશે, તેટલું તે અશ્લિલ અને ગંદુ હશે. જૈન સાહિત્ય આ ઉક્તિનું ખંડન કરે છે. દુનિઆમાં ઘણાજ થોડા ઇતિહાસવેત્તાઓ હશે કે જેમણે જૈન સાહિત્યનો યથોચિત અભ્યાસ કર્યો હોય, જ્યારે આ સાહિત્ય પૂરેપૂરી રીતે પ્રકાશમાં આવશે, ત્યારે ઘણાખરા પ્રચલિત ઘર કરી બેઠેલા વિચારોમાં પરિવર્તન થશે.

આમ તો જૈન સાહિત્યમાં તત્ત્વજ્ઞાન, નૈતિક વિચાર તથા ધર્મસિદ્ધાંતો વિગેરે અનેક બાબતો છે. પરંતુ ચારિત્ર સંગઠન એની સાચી સંપત્તિ છે. સાધુસંત તેમજ સંસારીઓને માટે ઉત્તમોત્તમ કોટિનાં ચારિત્રો આદર્શ લેખાય છે. ચારિત્ર સંગઠનનો આદિમંત્ર આ રહ્યો:—

" अहिंसा सत्यमेवस्तेय ब्रह्मचर्यापरिग्रहः ।"

જે મહાન, ઉજ્જવલ, અને નિર્મલ છતાં ભવ્ય આદર્શ જૈનધર્મે પોતાની સમક્ષ રાખ્યો છે, તેની પરાકાષ્ઠાએ સાંસારીક જૈન સમાજ પહોંચ્યો છે કે નહિ? આનો નિર્ણયાત્મક ઉત્તર આપવો મુશ્કેલ છે, છતાં એટલું તો નિઃસંકોચપણે કહી શકાય કે જૈન સાધુઓએ આ આદર્શને યથાર્થ રીતે પૂર્ણ કર્યો છે. સંસારી અને ત્યાગી જૈનમાં આસમાન જમીનનું અંતર છે. એક ઉત્તર ધ્રુવમાં છે ત્યારે બીજો દક્ષિણ ધ્રુવમાં છે. નગરોમાં કે ગામડાંઓમાં જ્યાં નજર નાખીએ ત્યાં જૈન સાધુએ એક અદ્વિતીય અને વિલક્ષણ વ્યક્તિ માલુમ પડે છે. એના જેવા બીજા હોતા નથી. તેની બરાબરી કરવાનો કોઇ દાવો કરી શકતું નથી. તેના એ અદ્દભુત રૂપમાં પલટાઇ જવું એ વૈરાગ્યની પરાકાષ્ઠા છે,

આત્મત્યાગની છેલ્લી હદ છે, પરમાર્થની અડગ સીડી છે, મનુષ્યના ચારિત્રની ઉર્ધ્વ ટોચ છે, વિશ્વપ્રેમની જીવંત મૂર્તિ છે, દયા–ધર્મની શ્રેષ્ઠ સ્થિતિ છે, અને અહિંસાના તેજસ્વી સિદ્ધાન્તની આખરી સીમા છે. જૈન સાધુ એટલે મનુષ્યમાંથી દેવ બનવું, વિવિધ પ્રકારના સંસારી ભોગ વિલાસોને ઠોકરે મારી સાચા ત્યાગી બનવું. વળી આધુનિક કાળમાં ભારતવર્ષમાં જૈન સાધુઓ ન હોત, તો ધનના મદથી માતેલા બનેલા, જડવાદી, નવી સંસ્કૃતિમાં ઓતપ્રોત થયેલા લોકોને–તેમાંય મુખ્યત્વે પાશ્ચાત્ય દેશોના લોકોને આપણે એ ન બતાવી શકત કે હિંદુઓ આધ્યાત્મિકતામાં કેટલી ઉચ્ચ કોટિએ પહોંચ્યા હતા, અને એ દુર્લભ દિવ્ય સ્થાનમાં આજે પણ એનાજ સાધુઓનો અધિકાર પ્રવર્તી રહ્યો છે.

જૈન સમાજ! તારૂં જીવન તારા સાધુઓના સચ્ચારિત્રને આભારી છે. જો તારા સાધુસંતો ન હોય તો તારૂં સ્થાન વિશ્વની અન્ય જાતિઓમાં નજીવું છે. જેવા બીજા મનુષ્યો છે, તેવાજ સંસારી જૈનો છે. લડે છે, ઝઘડે છે, સાચા જુઠા મુકદ્દમાઓ ઉભા કરે છે, વ્યાપારમાં બીજા લોકોની માફક અસત્ય અને છળકપટનો આશરો લે છે, ભોગ વિલાસ, વ્યભિચાર અને પાપાચારમાં પણ બીજાઓની માફક રચ્યાપચ્યા રહે છે. આ કથન અસત્ય લાગે તો ખુલ્લી આંખે બજારમાં જઇ જુઓ. કોઇ પણ ગ્રાહકને એવો અંતઃકરણપૂર્વક વિશ્વાસ હોતોજ નથી, કે આ જૈન ગૃહસ્થની દુકાન છે એટલે અહીં કંઇ વાંધોજ નથી કે ઠગાવાને ડર નથી.

વિશ્વની દશે દિશાઓમાં દાંડી પીટાવી જાહેર કરો કે જૈન સાધુના ચારિત્ર અગર વ્યવહાર કે વર્તનમાં કોઈ પણ દેહધારીને શંકા નથી. તેનાથી કોઇ ડરતું નથી, એનાથી ઠગાવાનો કોઈને સંશય પણ પડતો નથી, તે બધાંનો વિશ્વાસ-પાત્ર અને માનનીય છે. કયાં જૈન સાધુ અને કયાં જૈન સંસારી! કયાં રાજા ભોજ અને કયાં ગાંગો તેલી! બંનેની સરખામણી કરવી એટલે હીરા અને કાચની સરખામણી કરવી. એટલુંજ નહિ, કયાં નિર્મલ, નિર્દોષ જૈન સિદ્ધાન્ત અને કયાં જૈન ગ્રહસ્થનું ચારિત્ર! મારા કહેવાનું તાત્પર્ય એ નથી કે સંસારી જૈન અન્ય ધર્મના સંસારીઓથી પતિત છે, પરંતુ જ્યારે જૈન સાધુ અન્યધર્મી સાધુઓથી ઉંચે પદે વિરાજે છે અને આદર્શજીવન જીવે છે, ત્યારે જૈન સંસારી અન્ય ધર્મના સંસારીઓથી સહેજે આગળ વધ્યો નથી. પોતાના સમાજબદ્ધ નિયમોને અનુસરીને માંસ, મદિરાનો ત્યાગ કરે, ઉપવાસાદિ કરવામાં ચોક્કસ રહે અને તહેવારોમાં કબૂતરો કે પક્ષીઓને પૈસા આપી જીવતદાન અપાવે. આટલું કર્યાથી શું જૈનધર્મના સાચા અનુયાયી થઇ ગયા? કામ, ક્રોધ, લોભ, મોહ અને મત્સર વિગેરે દુશ્મનોની સામે જુઓ. શું કોઇ સંસારી જૈન અંતઃકરણ પર હાથ મૂકી એમ કહી શકશે કે આ દુશ્મનોની સામે લડ-વામાં અન્ય ધર્માનુયાયીઓ કરતાં પોતે વિશેષ વિજયી થયો છે! જો ન હોય તો બસ! મારો વિચાર સંસારી જૈનોને ઉત્તેજીત કરી પોતાના શ્રેષ્ઠ, નિર્મલ ધર્મનાં ઉમદા ચારિત્ર સંગઠન પર ધ્યાન ખેંચવાનો છે. જ્યારે પોતાની સન્મુખ આદર્શ ચારિત્રશાળી સાધુઓ હોય તો પછી પોતાનું જીવન

ઉમદા બનાવવામાં બેદરકારી શા માટે? એમના ઉપદેશ, સત્સંગ અને ચારિત્રના પ્રભાવથી આદર્શ ગૃહસ્થ બનવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો હોય તો પછી એ અવસર ગુમાવવો કેમ? એ અવસર ગયો એટલે સત્યાનાશ વળી ગયું. ભારતવર્ષની આધુનિક દશામાં આપણે એક એવા સમાજની આવશ્યક્તા છે કે જે પોતાના સચ્ચરિત્ર અને સદ્વ્યવહારથી જગતમાં એવો વિશ્વાસ ઉત્પન્ન કરે કે પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં આદર્શ ગ્રહસ્થો હતા, તેવાજ આદર્શ પુરૂષો અત્યારે પણ લભ્ય છે. જૈન સમાજ પોતાના આદર્શ સાધુઓના સત્સમાગમથી એવો સમાજ થઇ શકે. પરંતુ જો આ કાર્ય તે ન કરે તો સંસારનું તેનું કર્તવ્ય અધુરૂં રહે અને જૈનધર્મના શ્રેષ્ઠ અને નિર્મળ સિદ્ધાંતોનો પ્રકાશ એળે જાય.

જૈનસાધુનો આદર્શ ઘણો ઉંચો છે, અને આધુનિક કાળમાં પણ તે સર્વોચ્ચ છે. મેં કોઇ દિવસ કોઇને પણ એમ કહેતાં નથી સાંભળ્યું કે કોઇ જૈન સાધુએ કોઇપણ વખત, કોઈપણ જીવને ત્રાસ આપ્યો હતો. જૈનસાધુ કોઇ પણ પ્રકારનાં વ્યસનો રાખતો નથી, કદિ કોઈની પાસે દુધ ઘીની માગણી કરતો નથી. કોઇને ઘેર ધરાઇને(પેટ ભરીને) ખાતો નથી, કદિ દ્રવ્યની ભિક્ષા માંગતો નથી, પરંતુ પોતાના નિયમ મુજબ માત્ર ભોજન, કેટલેક ઠેકાણેથી ભિક્ષા માગી લાવે છે. વળી જ્યારે અથવા જે કોઇ સ્થાને પોતાના નિયમાનુસાર કંઇ પણ મળતું નથી તો ભૂખ્યો રહે છે. જૈનસાધુ પ્રાણીઓ ઉપર કે બીજા પ્રકારની સ્વારી કરતો નથી પરંતુ સેંકડો ગાઉની યાત્રા પગપાળો કરે છે. અને પગમાં પગરખાં કે

પાવડીઓ પણ પહેરતો નથી. કોઇપણ સ્થાનમાં તે ઝાઝા દિવસ નિવાસ કરતો નથી. ચોમાસામાં અસંખ્ય સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે. અને તેના ચાલવાથી તે જીવોની હિંસા થાય, તેથી તે સમયે તે પોતાની યાત્રા બંધ રાખે છે- ચાલતી વખતે નીચી દૃષ્ટિએ ચાલે છે અને પગ પણ ધીમે ધીમે ઉપાડી મુકે છે, મોઢે મુંહપત્તિ–વસ્ત્ર બાંધે છે, કે જેથી મોંના બાફથી કોઇ અદૃષ્ટ જીવની હિંસા ન થાય. બગલમાં એક ઉનની પુંજણી રાખે છે, અને કયાંય પણ બેસે તો તે પુંજણી વડે પહેલી જગ્યા સાફ કરી લે છે. તેનો બધો સમય ધાર્મિક વિચાર અને ઉપદેશોમાંજ રોકાયેલો હોય છે, તે કોઈ દિવસ નિર્થક સાંસારિક વાતોમાં વખત ગુમાવતો નથી. તેની તપશ્ચર્યા ઘણી ભારે છે અને તેનો ત્યાગ સર્વ રીતે પ્રશંસનીય છે. જૈનસાધુઓના નિયમો કેટલા સખ્ત છે અને તેની દિનચર્યા કેવા પ્રકારની છે? તેનું પુરૂં વર્ણન આ પુસ્તકના પાના ઉપર આપ્યું છે. સારાંશ એ છે કે જે આદિ–મન્ત્રને મેં પહેલાં જણાવ્યો છે, તેનું અથેતિ પાલન કરવા જૈનસાધુ સંપૂર્ણ કોશિશ કરે છે. તેનું જીવન અતિશય પવિત્ર, ઉચ્ચ આશયવાળું, પરોપકારી અને ત્યાગી હોય છે.

આવાજ એક પરમત્યાગી, ચારિત્રશાળી, પરોપકારી સાધુનું જીવનચરિત્ર આ પુસ્તકમાં રજુ કરવામાં આવ્યું છે. એમનું પવિત્ર નામ ચૌથમલજી છે. એમનો જન્મ સંવત ૧૯૩૩ના કાર્તિક માસમાં નીમચ નગરમાં થયો હતો. પંદર વર્ષની ઉંમર સુધી વિદ્યાભ્યાસ કર્યા પછી સંવત ૧૯૪૯માં એમનું લગ્ન થયું, અને તેજ વર્ષમાં

તેમના પિતાશ્રી દેવલોક પામ્યા. સંવત ૧૯૫૧માં એમનાં માતુશ્રીની સંમતિ મેળવી મુનિશ્રી હિરાલાલજી પાસે દીક્ષા લીધી. અત્યારે એમની ઉંમર ચોપન વર્ષની છે. એઓશ્રીનાં આગ્રા તથા ધોલપુરમાં દર્શન કરવા હું ભાગ્યશાળી થયો હતો. એમનાં કેટલાંક વ્યાખ્યાનો પણ મેં સાંભળ્યાં છે, અને હું કહી શકું છું કે એમની વક્તૃત્વ શક્તિ ઘણી પ્રભાવશાળી છે, એમનાં વ્યાખ્યાનોમાં વિચારપૂર્ણતા, સંપૂર્ણ સત્ય અને નિર્ભયતા દૃષ્ટિગોચર થાય છે. એઓશ્રીના વિચાર ઉમદા છે, અને વ્યાખ્યાનોમાં પણ કોઈ દિવસ કોઈના પણ ધર્મ કે માન્યતા ઉપર આક્ષેપ કરતા નથી. ભાષણને આકર્ષક બનાવવા તેઓ વચ્ચે વચ્ચે શ્લોકો, દોહરાઓ તથા ગજલો પણ ગાય છે. તેઓનો ઘણોખરો સમય સત્ય સંશોધનમાં જાય છે. તેઓનો સંયમ પ્રશંસનીય છે. આત્મત્યાગની તેઓ સાક્ષાત મૂર્તિ છે. તેમણે અનેક ગ્રંથો રચ્યા છે, જે સર્વોપયોગી અને સદુપદેશી છે. આ ગ્રંથોની સંપૂર્ણ વિગત છેલ્લા પાનાપર આપવામાં આવી છે. એમણે જ્યાં જ્યાં પધરામણી કરી છે, ત્યાં ત્યાં પોતાના સદુપદેશથી ત્યાંના નરનારીઓમાં ધર્મભાવ જાગૃત કર્યો છે. કેટલેક ઠેકાણે જીવહિંસા બંધ કરાવી છે. અને સર્વ સામાન્ય મનુષ્યોને સાચા પંથે પળવાનો ઉપદેશ કર્યો છે.

તેઓશ્રી જેવા તેવા વિદ્વાન નથી. અનેક સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથોનો તેમણે અભ્યાસ કર્યો છે. અને કેટલીક પ્રચલિત ભાષાઓમાં પારંગત છે. એઓશ્રીનો સ્વભાવ એટલો સરળ અને મૃદુ છે કે જે કોઇ વ્યક્તિ તેમને મળે છે, તે તેમનામાં મુગ્ધ થાય છે અને તેમને વારંવાર મળવાની આકાંક્ષા

રાખે છે. એમના અનેક શિષ્યો છે, જેઓ પોતાના આદર્શ ગુરૂના જીવન જેવું જીવન જીવવા નિશદિન પ્રયત્નશીલ છે. આ શિષ્યગણમાંના એક શિષ્યની કૃપાદૃષ્ટિથી આ બધી સામગ્રી મળી છે કે જેના આધારે આ જીવનચરિત્ર યોજવામાં આવ્યું છે.

આ ગ્રંથનાં આખર ભાગમાં કેટલાક પરિશિષ્ટો આપવામાં આવ્યા છે જેમાંના એકનું મથાળું "વેદાદિ ગ્રંથોથી જૈનધર્મની પ્રાચીનતા" છે. આ વિષયમાં લેખકને અને મારે મતભેદ છે, પરંતુ મતભેદનાં સવિસ્તર કારણો અહીં આપવાની આવશ્યકતા નથી. કેમકે એ વિષય એકતો પરિશિષ્ટ રૂપે છે અને બીજું, પુસ્તકના બીજા વિષયો સાથે એને ઝાઝો સંબંધ નથી.

લેખકે પુસ્તકને ઉપયોગી, શિક્ષાપ્રદ અને આકર્ષક તથા રૂચિકર બનાવવામાં પોતાથી બનતું બધું કર્યું છે. પુસ્તકની ભાષા સરળ, સુબોધ અને મુખ્યત્વે શુદ્ધ છે. મારી અભિલાષા છે કે એનો પ્રચાર જૈન સમાજમાં સારી રીતે થશે અને તેનો અભ્યાસ કરવાથી બધા મનુષ્યોને લાભ થશે.

કન્નોમલ એમ. એ.
સેશન જજ, ધૌલપુર સ્ટેટ.

श्रीमहावीराय नमः ।

# નિવેદન

આધુનિક નૂતનકાળમાં જૈન સાહિત્યમાં જો કે નાટકો, કાવ્યો, ગદ્ય, પદ્ય અને ભાષા વિગેરે અનેક પ્રકારનાં અસંખ્ય પુસ્તકો પ્રગટ થઇ ગયાં છે અને થાય છે તો પણ જેમાં કોઇ આદર્શ પુરૂષોનાં ચરિત્રો હોય એવાં પુસ્તકો ઘણા ઓછા પ્રમાણમાં હાથ આવે છે. કેટલાક વખતથી કેટલાક વિદ્વાનોએ આ ઉણપ ટાળવાને આ દિશામાં પદસંચાર કર્યો છે, છતાં આવશ્યક્તાની દૃષ્ટીએ તે સંતોષકારક ન ગણાય. આ ઉણપ તરફ લક્ષ્ય રાખીને સમિતિએ આ પુસ્તકના પ્રકાશનનો સહર્ષ સ્વીકાર કર્યો છે.

સાચાં જીવન વૃત્તાન્તોમાં, કાલ્પનિક મનોરંજક વાર્તાઓનો રસ નથી આવતો, તે કારણથી બનવાજોગ છે કે મનોરંજક વાર્તાના રસીયાઓ અને પારકાંના છિદ્ર શોધનારાઓને આ ગ્રંથ રૂચિકર ન પણ લાગે; પરંતુ ગુણવાનો તો આવાં જીવનચરિત્રોને અંતરથી વધાવી લેશે.

બીજાનું અનુકરણ કરવું એ તો મનુષ્યનો જાતિસ્વભાવ છે, તેથી આધ્યાત્મિક તથા પારમાર્થિક ઉચ્ચ જીવન ગાળનારા, મહાન સન્તપુરૂષોનાં જીવનચરિત્રો જનતાને સમક્ષ રજુ કરવામાં આવે તો વિશેષ લાભ થાય છે તથા લોકો ચરિત્રનાયકના ગુણોની સાથે પોતાના ગુણોની સરખામણી કરી, શું સારૂં અને શું નરસું? એ સમજી લઈ, પોતાનાં જીવનને પણ ઉત્તમ બનાવવા પ્રયત્ન આદરે છે. આ નિયમ પ્રમાણે

આદર્શ જીવનચરિત્ર આ લોકથી પરલોક સુધીના સાચા સુખના માર્ગના ભોમિયાની ગરજ સારે છે.

દૃષ્ટાંત તરિકે જુઓ—શ્રી તીર્થંકર દેવોનાં જીવનચરિત્રો વાંચવાથી અગર સાંભળવાથી આત્મિકશક્તિનો વિકાસ થઈ આત્માની અનન્ત શક્તિનું ભાન એટલે નરમાંથી નારાયણ થવાનો પરિચય થાય છે. ધન્યજીવન શ્રી વિજયકુંવર તથા શ્રીમતી વિજયાકુંવરીના જીવનવૃત્તાન્તોથી અખંડ બ્રહ્મચર્યનો બોધ મળે છે. પ્રતાપી સત્યનિષ્ઠ રાજા હરિશ્ચન્દ્રના જીવનથી સત્યનું મહત્ત્વ સમજાય છે. મહારાણા પ્રતાપસિંહના જીવનથી અડગ ધૈર્ય તથા દૃઢ પ્રતિજ્ઞા પાલન કરવાનું ઉમદા ઉદાહરણ મળે છે. આને લીધેજ સાહિત્ય ક્ષેત્રમાં જીવનચરિત્રનું સ્થાન ઉંચું રાખવામાં આવ્યું છે. ધાર્મિક, સામાજીક, માનસિક તથા આત્મિક ઉન્નતિ કરવાને માટે મહાપુરૂષોનાં જીવનચરિત્રો આલેખવાનો રિવાજ પ્રાચીન કાળથી ઉતરી આવ્યો છે.

પ્રબળ વૈરાગ્ય, અપૂર્વ ત્યાગ, અચળ મનોવૃત્તિ, અનુપમ ધૈર્ય, અડગ સહનશીલતા, સામાનું આકર્ષણ કરવાની શક્તિ, અનહદ સંયમ, ઇંદ્રિય નિગ્રહ, વિગેરે અનેક અત્યુત્તમગુણોથી પોતાના મનુષ્યજીવનને દિવ્ય જીવન બનાવનારા મહાપુરૂષોનાંજ જીવનચરિત્રો લખાય છે, અને તેવા પુરૂષોત્તમોમાં આપણા ચરિત્રનાયકનો પણ સમાવેશ થાય છે. તેઓશ્રીના ઉપરોકત ગુણોથી પ્રેરાઈને અમે આ પુસ્તક રચાવી પ્રકાશિત કરવાનું સાહસ ખેડ્યું છે, અને તેઓનાં મહત્તાભર્યાં કાર્યોમાંથી ફૂલપાંખડી લઈ વાંચકોની સમક્ષ રજુ

કર્યું છે. આશા છે કે ઉદારચિત્ત સુજ્ઞ વાંચકો તેને અપનાવી લઈ અમારા સાહસમાં વૃદ્ધિ કરાવશે.

પુસ્તકમાં કોઇ પણ પ્રકારની ત્રુટિ ન રહે તેને માટે અમે સાવધાન રહ્યા છીએ, છતાં દૃષ્ટિદોષથી, કે મુદ્રકોની ગફલતીથી અગર બીજા કોઈ કારણવશાત કોઇ ત્રુટિ રહી ગઇ હોય તો સુજ્ઞ વાંચકો તે સુધારીને વાંચવા કૃપા કરશે તથા એ ત્રુટિઓ તરફ કૃપા કરી અમારૂં લક્ષ ખેંચશે તો બીજી આવૃત્તિમાં તે સુધારવા ઘટતું કરીશું. અસ્તુ.

શ્રીસંઘનો કૃપાકાંક્ષી,

**માસ્ટર મિસરીમલ,**

મન્ત્રી, શ્રી જૈનોદય પુસ્તક પ્રકાશક સમિતિ,

રતલામ.

# બે બોલ.

પ્રકૃતિદેવીની લીલા કંઈ અજબજ છે. પોતાના મનોહર સામ્રાજ્યમાં જ્યારે જ્યારે તેને કંઈ ઊણપ કે ઉદાસીનતા દૃષ્ટિગોચર થાય છે કે તરતજ સ્વનિયમાનુસાર એવી પ્રેરણા કરે છે કે એ ઊણપ અને ઉદાસીનતા અલોપ થઈ જાય છે. પ્રતિકુળ હોય છે, તે અનુકુળ થાય છે. સંસારની સર્વ શ્રેણીમાં આ નિયમનું આબેહુબ પાલન થતું માલમ પડે છે. આ અચૂક નિયમનું અનુમોદન કરતાં એક કાવ્યકાર કહે છે કે:—

यदा यदा धर्महतिर्जगत्यां,
प्रजायतेऽनर्थवशाद्बृहत्याम् ।
तदा तदा कोऽपि परोपकारी,
तदुन्नतिं कामयतेऽर्थकारी ॥ १ ॥
एवं प्रवादो भुवि निर्विवादो,
विराजते लोकविचारणायाम् ।
नाभेयवीरादि महानुभावा,
निदर्शनान्यत्र सतां मतानि ॥ २ ॥

આ નિયમાનુસાર કોઈ કોઈ કાળે આ જગતમાં એવી મહાવિભૂતિઓ પ્રગટ થાય છે કે જેઓ પોતાની પ્રતિભાના પ્રભાવથી અને ચિત્ત તથા ચારિત્રના અદ્ભુત ચમત્કારોથી સંસારને આશ્ચર્યગરક કરી મૂકી, પાપાચારનો સંપૂર્ણ નાશ કરી, વિષયલોલુપ સંસારીઓના કલ્યાણ માટે એકાગ્રચિત્ત

થાય છે. સત્યનિષ્ઠા, આદર્શચરિત્ર, દૂરદેશીપણું, દઢતા, ઇન્દ્રિય-નિગ્રહપણું તથા ધર્માચરણ વિગેરે અલૌકિક ગુણોથી ભરપુર એવી તે વિભૂતિઓ જે દેશમાં, જે કાળે, જે સમાજમાં ઉદ્ભવે છે, તેની ભાવિ ઉન્નતિનો માર્ગ સરળ અને મોકળો કરી આપે છે. આપણા ચરિત્રનાયક પણ એવાજ સ્વર્ગીય સદ્ગુણસંપન્ન છે. તેમના જીવનનો ઘણો અમૂલ્ય સમય, અહિંસા, નિર્વાણ તથા વાસનાઓના નાશમાં ઉપસ્થિત થતી અડચણોને સરળ કરી તેનો મધ્ય ભારત-વર્ષના લગભગ બધાં ગામોમાં પ્રચાર કરવામાં વીત્યો છે, અને વીતે છે. તેમના વ્યાખ્યાનોની ભાષા બોધદાયી, વિશ્વ-બંધુત્વના ભાવોથી ભરપુર તથા સરળ હોવાને લીધે ઘણી પ્રભાવશાળી છે. આવા એક પ્રભાવશાળી મહાન સંત-પુરૂષનું જીવનચરિત્ર જનતાને મળે તો ધર્મને નામે પ્રચલિત અનેક દુષ્ટ રૂઢીઓનું સહેલાઇથી નિવારણ કરી શકાય એ નિર્વિવાદ છે.

છેલ્લા બાર માસમાં મુંબઇ નગરી અને તેની આસ-પાસનાં પરાંની ગુજરાતી જનતાને મહારાજશ્રીનાં દર્શન અને શ્રવણનો અપૂર્વ લાભ પ્રાપ્ત થયો. તેથી તેઓશ્રીને વિશે વિશેષ જાણવાની નૈસર્ગિક ભાવનાનો પ્રાદુર્ભાવ થયો. આને લીધે જનતાનું "આદર્શ-મુનિ" મૂળ ગ્રંથ તરફ લક્ષ ખેંચ-વામાં આવ્યું. પરંતુ તે હિંદીમાં હોવાથી સમસ્ત ગુજરાતી જનતાને સંતોષ થાય તેમ ન હતું. તેથી મૂળ ગ્રંથ ઉપરથી **"પ્રખર વક્તા પં. મુનિ શ્રી ચૌથમલજી મહારાજશ્રીનો સંક્ષિપ્ત પરિચય"** નામનો નાનકડો ગ્રંથ પ્રગટ કરાવવામાં આવ્યો. પણ તેથીયે સંતોષ ન પામતાં મુંબઇમાંના ચાતુ-

માંસ વખતે આખાયે મૂળગ્રંથનો અનુવાદ ગુજરાતીમાં પ્રગટ કરાવવા માટે દરેક દિશાએથી ખૂબ દબાણ થવા લાગ્યું. આથી જનતાના નિઃસ્વાર્થ પ્રેમને વશવર્તી આ ગ્રંથના રૂપમાં ગુજરાતી અનુવાદ પ્રગટ કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો.

થોડાં વર્ષ પૂર્વે સામાન્ય રીતે એવી માન્યતા પ્રચલિત હતી કે ગ્રંથમાં વિશેષ સંસ્કૃત શબ્દો અને સ્થળે સ્થળે અંગ્રેજી ઉકિતઓનો વપરાશ થાય એટલે ગ્રંથકાર પ્રખર વિદ્વાન અથવા સાક્ષરની પંકિતમાં મૂકાતો. પરંતુ મહાત્મા ગાંધીજીએ 'નવજીવન' દ્વારા ગુજરાતી સાહિત્યની સેવા આરંભ્યા પછી એ માન્યતા વિસારે પડતી ગઈ છે. મારો આ દિશામાં આ પ્રથમ પ્રયાસ છે. મારા જેવો અલ્પમતિ સરળતા કે સાક્ષરતાનો દાવો કરી શકે એમ નથી. છતાં પણ આ ગ્રંથને સામાન્ય અક્ષરજ્ઞાન સંપાદન કરેલાં સ્રી પુરુષો કોઇ પણ જાતની બાહ્ય મદદ સિવાય સરળતાથી વાંચી વિચારી અને સમજી શકે એ દષ્ટિબિંદુને લક્ષમાં રાખી બની શકે ત્યાં સુધી તદ્દન સરળ, શુદ્ધ અને પ્રચલિત ગુજરાતી ભાષામાં લખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

હિંદી ભાષાનો પદ્ધતિસરનો અભ્યાસ કર્યો ન હોવા છતાં, નજીકના ભવિષ્યમાં સમસ્ત ભારતવર્ષની રાષ્ટ્ર-ભાષાના ઉચ્ચ સ્થાને વિરાજનાર એ ગરવી ગિરા પ્રત્યે શરૂઆતથીજ માન હોવાથી અને તેનો શોખ હોવાથી આ ગ્રંથ અનુવાદનું મહાભારત કાર્ય મારા જેવા એક અલ્પમતિએ હાથ ધરી ખરેખર એક અઘટિત સાહસ ખેડયું છે. છતાં પણ બની શકે તેટલા બધા પ્રયાસો આદરી આ ગ્રંથ

આજે આ સ્વરૂપે જનતા સમક્ષ રજુ કરવા ભાગ્યશાળી થયો છું, તેથી પરમ કૃપાળુ પરમાત્માનો કોટિ કોટિવાર આભાર માનું છું. મૂળ ગ્રંથ તથા તે ઉપરાંત બીજું લગભગ ૧૫૦ પૃષ્ઠનું વસ્તુ આ ગ્રંથમાં વિશેષ પ્રગટ કરવામાં આવ્યું છે, તે સઘળું હિંદી ભાષામાં હોવા છતાં, તેમાં કેટલાક મારવાડમાં પ્રચલિત શબ્દો તથા ઉક્તિઓનો સમાવેશ થયેલો, તેનું વારંવાર યોગ્ય સ્પષ્ટીકરણ આપણા ચરિત્રનાયક મુનીશ્રીના સુયોગ્ય શિષ્ય પં. મુનિશ્રી ૧૦૦૫ પ્યારચંદજી મહારાજે કરી આપી આ ગ્રંથના અનુવાદમાં સહાયતા કરી છે, તેથી તેમનો આ સ્થળે આભાર માનું છું.

કુદરતની ગતિ ન્યારી છે. "મનુષ્ય ધારે છે કંઇ અને કુદરત કરે છે કંઇ" એ ઉકિત આ ગ્રંથના પ્રકાશનમાં પણ સંપૂર્ણ સાચી ઠરી છે. વિ. સં. ૧૯૮૭ની દીપાવલિના શુભ અવશરે આ ગ્રંથ જનતા સમક્ષ રજુ કરવાની હાર્દિક અભિલાષા હોવા છતાં અનેક અણધાર્યાં વિઘ્નો ઉપસ્થિત થયાં. મારાં પરમ પૂજ્ય માતુશ્રીની ગંભીર બિમારીને લીધે મારે મારા વતન નડીઆદ લગભગ અર્ધો ભાદ્રપદ તેમની સેવાચાકરીમાં રોકાવું પડ્યું. ત્યાર પછી હાથ ધરેલા કાર્યને ગતિ આપવા અહીં આવ્યા બાદ, વિધાતાના લખ્યા લેખ મિથ્યા ન થાય તેમ આશ્વિન માસ બેસતાં નવરાત્રીની ચોથને દિવસે તો મારાં માતુશ્રી આ ફાની દુનિઆનો ત્યાગ કરી સ્વર્ગવાસી થયાં. આ સમયે મુદ્રણાલયમાં મુદ્રણનું કામકાજ ચાલુ થઇ ગયું હતું, છતાં ટાળી ન ટળે એવી મુશ્કેલ પરિસ્થિતિ ઉભી થતાં મારે મુંબઇ છોડી તેજ દીવસે લાંબી મુદતને માટે બહાર જવું પડ્યું. એક તરફ છાપવાનું

કાર્ય ચાલુ થઈ ગયું હોવાથી અને બીજી બાજુ અનુવાદનું કામ ચાલુ હોવાથી, નવીન વસ્તુ ન મળે તો મુદ્રણાલયનું કામ સદંતર અટકી પડે, તેથી નવીન વસ્તુ મારે વતનથી મોકલાવતો કે જેથી ઉપર દર્શાવેલી ધારણા મુજબ ગ્રંથ પ્રકાશન થઈ શકે. પરંતુ નવીન વસ્તુનાં બે રજીસ્ટર્ડ બુકપોસ્ટ ગેરવલ્લે ગયાં, તેથી કામ ખોરંભે પડયું. આ પ્રમાણે અણચિંતવ્યાં વિઘ્નો આવી પડતાં દીપાવલિ ઉપર ગ્રંથ પ્રગટ કરવાની અમારી અભિલાષા ચૂર્ણ વિચૂર્ણ થઇ ગઈ.

લગભગ ચારેક વર્ષ પૂર્વે મહાત્મા ગાંધીજીએ ગુજરાતી ભાષાની જોડણીમાં થતો સ્વેચ્છાચાર જોઈ, "નધણીયાતી ભાષા"ના શીર્ષકથી 'નવજીવન'માં લેખ લખેલો. ત્યાર પછી તેમની સતત પ્રેરણાથી અને ગુજરાત વિદ્યાપીઠના બાહોશ અને ખંતીલા અધ્યાપકોના સતત પ્રયાસથી 'ગુજરાતી જોડણી કોશ' અને પાછળથી "સાર્થ ગુજરાતી જોડણી કોશ" બહાર પડયા. આ કોશ પ્રગટ થયા બાદ ભાષાની જોડણીમાં થતો સ્વેચ્છાચાર નાબુદ થવો જોઇએ, એવી દરેક ગુજરાતીની ઉત્કંઠા હોય એમાં નવાઈ નથી. આ ગ્રંથ નિમિત્તે મારી પણ એવી તીવ્ર ઉત્કંઠા હતી કે વિદ્યાપીઠના કોશ મુજબનીજ જોડણી સારાયે ગ્રંથમાં આવવી જોઇએ, પરંતુ ઉપર વર્ણવેલા મારા વ્યક્તિગત કમનસીબ સંજોગોને લીધે મુંબઇમાં મારી ગેરહાજરીને લીધે, જો કે મૂળ અનુવાદની જોડણી કોશને અનુસરી કરેલી હોવા છતાં, મુદ્રકોની કંઇક ગફલતીને લીધે તથા આખરી પ્રુફ હું જોઈ શકયો ન હોવાથી, જોડણીમાં કેટલેક સ્થળે સ્વેચ્છાચાર થયો લાગે તો તે માટે હું સુજ્ઞ વાંચકોની ક્ષમાયાચના કરૂં છું.

જેવી રીતે જોડણીનું તેવીજ રીતે સમગ્ર પુસ્તકની પ્રુફ જાતે ન જોઈ શકવાને લીધે, જો કે તે જોવાની વ્યવસ્થા કરી હોવા છતાં અનેક ત્રુટીઓ રહી જવા સંભવ છે, તો તેને માટે પણ આ સ્થળે ક્ષમા યાચું છું.

મૂળ ગ્રંથમાં મારવાડમાં પ્રચલિત ચૈત્રી સંવત્સર મુજબ દરેક સંવત લખવામાં આવી છે, પરંતુ તે ગુજરાતના પ્રચલિત સંવત્સર કરતાં એક વર્ષ આગળ હોવાથી, ગુજરાતી જનતાને અનુકુળ આવે તથા તેમાં ચાતુર્માસનો મુખ્યત્વે ઉલ્લેખ હોવાથી એક વર્ષ પાછળ હઠાવીને દરેક સંવત લખી છે. માત્ર પરિશિષ્ટ પ્રકરણ બીજામાંની સનંદોની સંવતમાં ફેરફાર કર્યો નથી.

માનસિક વિહ્વળતા, અપૂર્ણ મનન, તથા ટાળી ન ટળે એવી મુશ્કેલીઓમાં કરેલું કાર્ય કદાપિ સર્વાંગ સુંદર થતું નથી એ એક ચોક્કસ સિદ્ધાન્ત છે. અત્યારના આર્થિક સંકડામણના સમયમાં ચાલુ નિર્વાહનાં સાધનો સાચવી રાખવા પ્રવૃત્ત રહેવા ઉપરાંત મુંબઇ જેવા પારાવાર વ્યવસાયી નગરમાં બીજી અનેક પ્રવૃત્તિઓ તરફ પણ લક્ષ આપવાનું હોવાથી સમયના અત્યંત અભાવને લીધે આ અનુવાદને માટે જોઈએ તેટલો સમય હું કાઢી શકયો નથી. તેમાંય દીપાવલિ ઉપર ગ્રંથ પ્રગટ કરવાની આતુરતાને લીધે ઉતાવળ; અને એ તો સિદ્ધ છે કે ઉતાવળે આંબા ન પાકે, આવી પરિસ્થિતિને લીધે મારી આ ક્ષુદ્ર કૃતિ અનેક ત્રુટિઓથી ભરપૂર હશે એ નિર્વિવાદ છે. મને ખેદ થાય છે કે, ચરિત્રનાયક જેવા આદર્શ મહાત્માનું જીવનચરિત્ર તેટલુંજ સુંદર ન થઈ શકયું, છતાં અંદર રહેલી ત્રુટીઓ તરફ

વિદ્વાન વાંચકો મારૂં લક્ષ ખેંચશે એવી વિજ્ઞપ્તિ છે કે જેથી ફરી અવસર પ્રાપ્ત થતાં આ વખતની અપૂર્ણતા ટાળવા પ્રયત્ન કરી શકાય. આશા છે કે સુજ્ઞ વાંચકો તે સમય સુધી મને ક્ષમા કરશે.

એ તો સિદ્ધ છે કે મારી કૃતિ કંઇ વિસાતમાં નથી. છતાં મુનિ મહારાજના વિશુદ્ધ ચારિત્રની સુરમ્ય સૌરભથી આ નીરસ કૃતિમાં પણ સુવાસ ફેલાય એ બનવા યોગ્ય છે. આવી સ્થિતિમાં તેના અભ્યાસ, ધ્યાન અને ચિંતવનથી વાંચકોને જે લાભ થશે, તે મુનિશ્રી પ્યારચંદજી મહારાજને આભારી છે; માત્ર ગુરૂભક્તિથી પ્રેરાઇને તેમણે જે પ્રેમ અને ઉત્સાહથી પરિશ્રમ વેઠી આ ચરિત્ર તૈયાર કરવામાં જે સાથ આપ્યો છે, તે સર્વથા સ્તુત્ય છે. તેમની ગુરૂભક્તિને આદર્શ કહેવામાં સહેજે અતિશયોક્તિ નથી.

આ સ્થળે આ ગ્રંથના પ્રકાશન નિમિત્તે સહાયતા કરનાર શ્રીમાન મન્નાલાલજી સરદારમલજી ઇન્દોરવાળા તથા પ્રુફ જોવામાં મદદ આપનાર બાબૂ સુરેન્દ્રનાથજી જૈનનો સહૃદય આભાર માનવાની તક લઉં છું.

અંતમાં જે જે ભાઇઓએ આ ગ્રંથના અનુવાદમાં સીધી અથવા આડકતરી રીતે મદદ કરી હોય તે સઘળાનો આભાર માની મોડે મોડે પણ જનતાની સેવામાં આ ફૂલપાંખડી અર્પણ કરતાં અત્યંત હર્ષ થાય છે. અસ્તુ.

મુંબઇ,
કાર્તિક પૂર્ણિમા,
વિ. સં. ૧૯૮૮.

લી૦ સેવક,
**ચંદુલાલ મોહનલાલ મોદી,**
અનુવાદક.

# સોનેરી નામાવળી.

જે જે મહાનુભાવોએ આ ગ્રન્થના પ્રકાશન નિમિત્તે આર્થિક સહાયતા આપી છે, તેમને અનેકાનેક ધન્યવાદ આપીએ છીએ, અને તેમનાં શુભ નામ આભાર સહિત નીચે પ્રકાશિત કરીએ છીએ:—

રૂપીઆ શુભ નામ.

૪૦૦) શ્રીમાન શેઠ ચુનીલાલ ભાયચંદ મહેતા—મુંબઈ.

૧૨૫) શ્રીમાન શેઠ રતનજી વીરપાલ વેરાવળ નિવાસી-મુંબઇ

૧૦૦) શ્રીમાન શેઠ ચંદ્રકાન્ત હીરાલાલ છોટાલાલ ઝવેરી પાટણનિવાસી મુંબઇ.

૫૧) સ્વર્ગસ્થ શેઠ વાઘજી મુળજી ડોસાણી ધારીવાલાના સ્મરણાર્થે.

૫૧) શ્રીમાન શેઠ હેમાજી તુલસાજી—ખંડપ (મારવાડ.)

૫૦) સ્વર્ગસ્થ શેઠ મોતીભાઇ હાથીભાઇ મહેતા પાલણપુર-નિવાસીના સ્મરણાર્થે હા. તેમનાં પુત્રી શશીબાઇ.

# વિનંતિ.

સુજ્ઞ વાંચકોને વિદિત થાય કે સમયના અભાવને લીધે શ્રીમાન સંગ્રહકર્તા મહોદયને સમગ્ર ગ્રંથ શ્રવણ કરવાનો તથા શ્રીમાન અનુવાદક મહાશયને વાંચી સંભળાવવાનો તથા પ્રુફ જોવાનો અનુકુળ સમય ન મળવાથી કેટલેક સ્થળે અક્ષમ્ય ત્રુટીઓ રહી ગઇ છે. જેવી કે ૪૧ એકતાળીસની તપશ્ચર્યાની જગાએ ૪। (સવાચાર)નો આંકડો અને ચાળીસ તથા ચુંમાળીસની તપશ્ચર્યાને ઠેકાણે એંશી તથા અઠયાશીના આંકડા છપાઇ ગયા છે. વળી શકતસિંહજીને બદલે શત્રુસિંહજી, જાલમસિંહજીને બદલે જાલિમસિંહજી, અનેક ગુણોની જગાએ અસંખ્ય ગુણો ઇત્યાદિ કેટલાક શબ્દોમાં ફેરફાર થઈ ગયો છે, તેને માટે ઉદારચિત્ત વાંચકોની અમે ક્ષમા યાચીએ છીએ.

પ્રકાશક.

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| | | પૃષ્ઠ. |
| જૈનધર્મનો પ્રાચીન ઇતિહાસ તથા ગુરૂનામાવલિ ... | | ૧ |
| પ્રકરણ | ૧લું—વંશ પરિચય ... ... ... | ૫૫ |
| ,, | ૨જું—ગર્ભાવસ્થામાં માતાના વિચાર તથા તેનો ગર્ભસ્થિત બાળક ઉપર પ્રભાવ... | ૫૭ |
| ,, | ૩જું—જન્મ ... ... ... ... | ૬૩ |
| ,, | ૪થું—બાલ્યાવસ્થા અને શિક્ષણ... ... | ૬૮ |
| ,, | ૫મું—ભાઇનું ખૂન અને માતાનું ધૈર્ય ... | ૭૦ |
| ,, | ૬ઠું—લગ્ન ... ... ... ... | ૭૨ |
| ,, | ૭મું—યુવાવસ્થા (સંસાર ત્યાગ અને વૈરાગ્ય). | ૭૩ |
| ,, | ૮મું—દીક્ષા અને તેમાં વિઘ્નો—સં. ૧૯૫૧... | ૮૨ |
| ,, | ૯મું—ધાર્મિક ગ્રંથ પરિચય—સં. ૧૯૫૨—ઝાલરાપાટન ... ... ... | ૮૯ |
| ,, | ૧૦મું—જ્ઞાનોપાર્જન—સં. ૧૯૫૩-૫૪—રામપુરા તથા બડીસાદડી (મેવાડ) ... ... | ૯૦ |
| ,, | ૧૧મું—પ્રારંભિક વ્યાખ્યાન—સં. ૧૯૫૫-૫૬-૫૭ જાવરા, રામપુરા, મંદસૌર ... ... | ૯૨ |
| ,, | ૧૨મું—પ્રસિદ્ધ વકતા—સંવત ૧૯૫૮—નીમચ... | ૯૭ |
| ,, | ૧૩મું—બીમારી તથા વ્યાખ્યાન પ્રવાહ—શ્રોતાઓની અપૂર્વ મેદની—સં. ૧૯૫૯—નાથદ્વારા... ... ... ... | ૧૦૧ |

,, ૧૪મું—ઉપદેશ તથા દીક્ષા-સં. ૧૯૬૦-ખાચરોદ. ૧૦૯
,, ૧૫મું—માતુશ્રીનો સંથારો તથા સ્વર્ગવાસ-સં. ૧૯૬૧-રતલામ ... ... ૧૧૩
,, ૧૬મું—શાન્ત પ્રકૃતિ-સં. ૧૯૬૨-કાનોડ ... ૧૨૦
,, ૧૭મું—દીક્ષા તથા કોન્ફરન્સ-સં. ૧૯૬૩-જાવરા ૧૨૧
,, ૧૮મું—જાહેર વ્યાખ્યાન-સં. ૧૯૬૪-મંદસૌર ૧૨૩
,, ૧૯મું—સામાજીક સુધારણા-સં. ૧૯૬૫-ઉદયપુર ... ... ... ... ૧૨૪
,, ૨૦મું—પત્નીની દીક્ષા-સં. ૧૯૬૬-જાવરા ... ૧૨૮
,, ૨૧મું—દીક્ષા અને ધર્મવૃદ્ધિ-સં. ૧૯૬૭-ખડીસાદડી (મેવાડ) ... ... ૧૩૪
,, ૨૨મું—ધર્મોપદેશ તથા દીક્ષા-સં. ૧૯૬૮-રતલામ ... ... ... ... ૧૩૫
,, ૨૩મું—યુરોપિયનનો ભકિતભાવ-સં. ૧૯૬૯-ચિત્તૌડ ... ... ... ... ૧૪૧
,, ૨૪મું—વ્યાખ્યાન પરંપરા-સં. ૧૯૭૦-આથા. ૧૪૮
,, ૨૫મું—પાલણપુરના નવાબ સાહેબનો પ્રેમ-સં. ૧૯૭૧-પાલણપુર ... ... ૧૫૫
,, ૨૬મું—જૈનેતરો અને જૈનધર્મ-સં. ૧૯૭૨-જોધપુર ... ... ... ... ૧૬૧
,, ૨૭મું—જીવલેણ બીમારી-સં. ૧૯૭૩-અજમેર. ૧૬૫
,, ૨૮મું—અંગ્રેજની શંકાઓ-સં. ૧૯૭૪-બ્યાવર (નયાશહેર) .... ... ૧૭૧
,, ૨૯મું—પૂજ્યશ્રીનો ભેટો-સં. ૧૯૭૫-દિલ્હી... ૧૭૭
,, ૩૦મું—પૂજ્યશ્રીનો સ્વર્ગવાસ-સં. ૧૯૭૬ જોધપુર ... ... ... .. ૧૮૦

,, ૩૧મું—અપૂર્વ તપશ્ચર્યા–સં. ૧૯૭૭–રતલામ. ૧૯૧

,, ૩૨મું—પરધર્મીઓનો જૈનધર્મ પર પ્રેમ–સં. ૧૯૭૮–ઉજ્જૈન ... ... ... ૨૦૪

,, ૩૩મું—નૃપતિઓ તથા ધનિકોની શ્રદ્ધા–સં. ૧૯૭૯–ઈન્દોર ... ... ... ૨૧૭

,, ૩૪મું—અપૂર્વ તપશ્ચર્યા અને શ્રાવકોનો ઉત્સાહ સં. ૧૯૮૦–સાદડી (મારવાડ) ... ૨૨૯

,, ૩૫મું—પ્રભાવશાળી વ્યાખ્યાન અને પરિણામે રૂા. ૧૨૨૮૦૦)નું જબરૂં દાન—સં. ૧૯૮૧–બ્યાવર ... ... ... ૨૭૮

,, ૩૬મું—મુનિશ્રી સાથે મહારાણાજીની મુલાકાત સં. ૧૯૮૨–ઉદયપુર ... ... ૩૦૭

,, ૩૭મું—સમર્થ રાજધાનીમાં જીવદયા પ્રતિપાલન–સં. ૧૯૮૩–જોધપુર ... ૪૦૨

,, ૩૮મું—પૂજ્યશ્રીના સહવાસમાં ચાતુર્માસ–સં. ૧૯૮૪–રતલામ ... ... ... ૪૨૪

,, ૩૯મું—વિવાહ પ્રસંગે અપૂર્વ દાન–સં. ૧૯૮૫ જલગામ... ... ... ... ૪૩૮

,, ૪૦મું—દક્ષિણના કેન્દ્રસ્થાનમાં નિરાશ્રીત ફંડ સં. ૧૯૮૬–અહમદનગર ... ... ૪૪૫

,, ૪૧મું—મોહમયી મુંબાપુરીમાં મોટી મેદની–સં. ૧૯૮૭–મુંબઈ ... ... ૪૫૪

,, ૪૨મું—મહારાજશ્રીના જીવન ઉપર એક દૃષ્ટિપાત ... ... ... ... ૪૬૫

,, ૪૩મું—બે શબ્દ... ... ... ... ૪૯૬

,, ૪૪મું—શિષ્યગણ પરિચય... ... ... ૪૯૯

# પરિશિષ્ટ પ્રકરણોની અનુક્રમણિકા.


| | |
|---|---|
| પ્રકરણ ૧લું—પ્રશસ્તિના શ્લોકો તથા કાવ્યો ... | ૫૦૯ |
| ,, ૨જું—સનંદો તથા હુકમનામાં ... ... | ૫૧૪ |
| ,, ૩જું—પરિચય ... ... ... ... | ૫૫૨ |
| ,, ૪થું—જૈનધર્મ એ પ્રાચીન છે ... ... | ૫૫૮ |
| વેદાંત ગ્રન્થો કરતાં પણ જૈનધર્મની પ્રાચીનતા ... | ૫૬૩ |
| જૈનધર્મની અહિંસા સાંસારિક કાર્યોમાં વિઘ્નરૂપ નથી... | ૫૭૪ |
| જૈન અહિંસા ... ... ... ... ... | ૫૭૭ |
| અહિંસા પર ગાંધીજીનું મંતવ્ય ... ... ... | ૫૭૯ |

ॐ

# આદર્શ મુનિ

(મંગલાચરણ)

धम्मो मंगल मुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसन्ति, जस्स धम्मो सयामणो ॥

ભાવાર્થ—અહિંસારૂપી સંયમ તથા તપજ સંસારમાં સર્વોચ્ચ, સર્વ શ્રેષ્ઠ ધર્મ છે. અને એવા ધર્મમાં પ્રવૃત્ત થયેલા મહાપુરૂષોને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. આવા આદર્શ પુરૂષોના જીવનમાંથી આપણને અમૂલ્ય શિક્ષા-બોધ પ્રાપ્ત થાય છે.

*Lives of great men all remind us,*
*We can make our lives sublime;*
*And, departing, leave behind us,*
*Footprints on the sands of time.*
[Longfellow's *Psalm of Life.*]

नाणदंसण सम्पन्नं, संजमे य तवे रयं ।

एवं गुणसमाउत्तं, संजयं साहु मालवे ॥

[दशवैकालिक अ० ७, गाथा ४९.]

ભાવાર્થ—જ્ઞાન, દર્શન, સંયમ તથા તપ ઇત્યાદિ સદ્ગુણોથી જે વિભૂષિત છે, તેજ આદર્શ સાધુ (મુનિ) છે.



મરહૂમ હિન્દૂકુલસૂર્ય શ્રી ૧૦૮ શ્રી હિઝ હાઈનેસ મહારાજાધિરાજ
મહારાણા સાહેબ શ્રીમાન સર ફતહસિંહજી સાહેબ બહાદુર,
જી. સી. એસ. આઇ., જી. સી. આઇ. ઈ., જી. સી. વી. ઓ.
ઓફ ઉદયપુર (મેવાડ).

(પરિચય માટે જુઓ પ્રકરણ ૩૬મું.)

वन्देवीरम्

# જૈનધર્મનો પ્રાચીન ઈતિહાસ

## તથા

# ગુરૂ નામાવલિ.

જૈનધર્મ ઉપર આપણા ભારતવર્ષમાં તથા અન્ય મુલકોમાં આધુનિક સમયમાં જે ચર્ચા ચાલી રહી છે, તે સાહિત્ય–પ્રેમીઓની જાણ બહાર તો નહિજ હોય. આ વિષય ઉપર વખતોવખત પ્રગટ થતા ગ્રન્થો, લેખો તથા વ્યાખ્યાનોથી પુરતો પ્રકાશ પડેલો છે. વળી આ સામ્પ્રદાયિક પ્રશ્નને ધુરંધર સાહિત્ય વિશારદોએ ભારે શોધખોળ કરી તટસ્થ બનાવ્યો છે. આ વિષય ઉપર મહાન કૃતિઓ આલેખાયી છે અને આલેખાય છે. આવી પરિસ્થિતિમાં મારા જેવો એક મંદમતિ આવા ગૂઢ વિષયમાં ચંચુપાત કરવા જાય તે નરી ધૃષ્ટતા ગણાય. પરંતુ આ ચરિત્રમાં જૈનધર્મ ઉપર પણ કંઇ લખાવુંજ જોઇએ, એવા પ્રકાશક મહાશયના આગ્રહને વશ થઇ જ્યારે મેં આ વિષયનો ઉંડો અભ્યાસ કર્યો તો તે એટલો બધો વિશાળ લાગ્યો કે તે ઉપરથી એક સ્વતંત્ર ગ્રંથ લખી શકાય. તેથી તે બધાને બાજુએ રાખી વાંચકોની જાણ માટે આ સ્થળે થોડા ઘણા વિચારો એકત્ર રૂપે રજુ કરૂં છું, જે વાંચકોને ઉપયોગી અને આકર્ષક લાગશે એવી આશા રાખું છું.

જૈનધર્મ ભારતવર્ષમાં તો વિખ્યાત છેજ, પરંતુ હવે તો યુરોપ અને અમેરિકામાં પણ તેનો પ્રચાર થવા લાગ્યો છે. આધુનિક કાળમાં યુરોપમાં એવા સંખ્યાબંધ વિદ્વાનો છે, જેઓ વર્ષો થયાં જૈનધર્મનો અભ્યાસ કરે છે. એટલુંજ નહિ, પરંતુ ત્યાં ઠેકઠેકાણે જૈનસાહિત્ય સભાઓ (લિટરેચર સોસાયટીઓ) પણ સ્થપાય છે.

સોસાયટીઓનો ઉદ્દેશ જૈન-તત્વ-જ્ઞાનનો પ્રચાર કરવાનો છે. આપણા દેશમાં જૈનધર્મની ઉત્પત્તિ, શિક્ષણ તથા ઉદ્દેશ સંબંધી કેટલાય ભ્રાંતિકારક મતો પ્રચલિત છે, છતાં એક મહાન્ ઐતિહાસિક શોધ કર્યા પછી બંગભાષાના સુપ્રસિદ્ધ વિદ્વાન લેખક શ્રીયુત વરદાકાંત મુખોપાધ્યાય, એમ૦ એ૦, એ લખ્યું છે કે "જૈનધર્મ એ નિરામિષાહારી-અન્નાહારી ક્ષત્રિયોનો ધર્મ છે. '**अहिंसा परमो धर्मः**' એ એનો કુલ સારાંશ તથા પાયો છે. જૈનધર્મીઓના મત પ્રમાણે જીવ-હિંસા ન કરવી, જીવોને કષ્ટ ન આપવું એજ શ્રેષ્ઠ ધર્મ છે. સામાન્ય મનુષ્યો આ ધર્મને સાધારણ-મામુલી માને છે. કેટલાક કહે છે કે એ વણિક, ઓશવાલ, શ્રાવકો તથા બીજા નાસ્તિકોનો ધર્મ છે. કેટલાક માને છે કે એ માત્ર હિંદુધર્મ અથવા બૌદ્ધધર્મનો ફાંટો છે, અને શ્રીમદ્ શંકરાચાર્યના વખતમાં જ્યારે હિંદુધર્મનો પુનરભ્યુદય થયો, તે કાળમાં તેની ઉત્પત્તિ થઇ છે. કેટલાક તો એમ પણ કહે છે કે એ હિંદુ દર્શનશાસ્ત્રની શોધનું આખરી પરિણામ ફળ છે. ઘણા લોકો માને છે કે મહાવીર તથા પાર્શ્વનાથ તેના મૂળ પ્રચારક હતા. પરંતુ આ સઘળું ધાર્મિક મતભેદને લીધેજ કહેવામાં આવે છે. વાસ્તવિક વાત તો એ છે કે જૈનધર્મ એ ભારતવર્ષનો અત્યુત્તમ પૂર્ણ પવિત્ર તથા પ્રાચીન ધર્મ છે. તેનું

તત્ત્વજ્ઞાન બીજાં બધાં દર્શનશાસ્ત્રોથી નોખું છે." ઇન્ડીઆ ઑફિસ લાયબ્રેરીના ચીફ લાયબ્રેરિયન ડૉકટર થોમસ, એમ. એ., પી. એચ. ડી., કહે છે કે—ન્યાયશાસ્ત્રમાં જૈનન્યાયનું સ્થાન ઘણુંજ ઉંચું છે. એનાં કેટલાંય તત્ત્વો પાશ્ચાત્ય તર્કશાસ્ત્રના સિદ્ધાંતો સાથે એકદમ સામ્ય દાખવે છે. સ્યાદ્વાદનો સિદ્ધાંત ઘણોજ ગંભીર છે. કહેવાનો આશય એ છે કે ભિન્ન ભિન્ન સ્થિતિઓ ઉપર તે સારો પ્રકાશ પાડે છે. ડૉકટર ટેસીટોરી નામના ઇટાલિયન વિદ્વાને જણાવ્યું હતું કે જૈનદર્શનનું મુખ્ય તત્ત્વ-વિજ્ઞાન શાસ્ત્રના આધારપર અવલંબેલું છે. મારો પૂર્ણ વિશ્વાસ છે કે જ્યાં જ્યાં પદાર્થ-વિજ્ઞાનની ઉન્નતિ થશે ત્યાં ત્યાં જૈનધર્મના સિદ્ધાંતો પણ વૈજ્ઞાનિક તરીકે પ્રમાણભૂત થતા જશે. જર્મન વિદ્વાન ડૉકટર હર્ટલ તો ત્યાંસુધી કહે છે કેઃ—

Now, what would Sanskrit poetry be without this large Sanskrit literature of the Jains? The more I learn to know it, the more my admiration rises.

અર્થાત્—જો જૈનોનું સંસ્કૃત સાહિત્ય અલગ કરી નાખવામાં આવે તો સંસ્કૃત કાવ્યોની શી દશા થાય? જેમ જેમ હું તેનો ઉંડો અભ્યાસ કરતો જાઉં છું, તેમ તેમ મારો ભકિતભાવ તેના તરફ વધે છે. (અસ્તુ, હું મારી અલ્પમતિ અનુંસાર કહી શકું છું કે જૈનધર્મનાં તત્ત્વો એટલાં બધાં વ્યાપક છે કે એ વિશ્વવ્યાપી ધર્મ થઈ શકે એમ છે.)

જૈનધર્મ કેટલો પ્રાચીન છે અને તે કયારથી પ્રચલિત થયો એનો નિર્ણય કરવો મુશ્કેલ નહિ પરંતુ લગભગ અશકય છે. ઘણા વખત સુધી તો જનતામાં એવી ભાવના તથા વિશ્વાસ

હતાં કે જૈનધર્મ એ માત્ર બૌદ્ધધર્મની શાખા છે અધ્યાપક વિલસન (Wilson), લેસન (Lassen), બાર્થ (Barth), વેબર (Weber) ઇત્યાદિ યુરોપિયન પ્રખ્યાત વિદ્વાનોનો પણ એવોજ મત હતો. પરંતુ કયે વખતે કયા કારણથી એ શાખા રૂપે પલટાઈ ગયો તે બાબતમાં એ લોકો કશું જણાવતા નથી. પ્રખર વિદ્વાન બાર્થે "ભારતવર્ષના ધર્મો" (Religions of India) નામના પોતાના ગ્રંથમાં કબુલ કર્યું છે કે આ વિષયમાં મારૂં જ્ઞાન કંઇજ નથી. એજ પ્રમાણે પંડિત મહાશય વેબરે પણ "ભારતીય સાહિત્યનો ઇતિહાસ" (History of Indian Literature) નામના પુસ્તકમાં કબુલ કર્યું છે કે 'જૈનધર્મ સંબંધી મને જે કંઇ જ્ઞાન છે, તે બ્રાહ્મણ શાસ્ત્રોના આધારે મેળવેલું છે." આ ઉતારાઓ ટાંકવાથી ઉપરોક્ત વિદ્વાનો પણ જૈનધર્મના બારામાં પોતાની અજ્ઞાનતા જાહેર કરે છે એ સિદ્ધ છે. આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે જૈનધર્મની અપ્રાચીનતા સંબંધી જે કંઈ કહેવામાં આવે છે, તે તદ્દન બીનપાયાદાર છે. એટલુંજ નહિ પરંતુ એ સઘળાને પૂર્વ તથા પશ્ચિમના અનેક વિદ્વાનોએ છડેચોક ખંડિત કર્યું છે, તથા પોતાની અગાધ ઐતિહાસિક શોધદ્વારા જૈનધર્મને વાસ્તવિક રીતે તે જેવો છે તેવોજ અનાદિ તથા પ્રાચીન સિદ્ધ કરી બતાવ્યો છે. આ વિષયનું મન્થન કરનારમાં એક ડૉકટર બૂલર (બ્હૂલર) છે અને બીજા પ્રોફેસર જૈકોબી છે. બંને મહાશયો જર્મનીના સુવિખ્યાત વિદ્વાન છે. શ્રીયુત જૈકોબીએ તો જૈનધર્મ એ બૌદ્ધ ધર્મ કરતાં ઘણોજ પ્રાચીન છે. તે પોતાની શોધદ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે. આજ પ્રમાણે ઉદયગિરી, જૂનાગઢ વિગેરે સ્થાનોના શિલાલેખો ઉપરથી પણ બૌદ્ધધર્મ કરતાં

જૈનધર્મનું પ્રાચીનપણું માલમ પડે છે. આ સ્થળે અમે કેટલાક દેશી તથા વિદેશી વિદ્વાનોના મત ટાંકીએ છીએ. જે જૈનધર્મના પ્રાચીનપણા ઉપર તથા બૌદ્ધધર્મના જુદાપણા ઉપર સારો પ્રકાશ પાડે છે.

**બનારસ સંસ્કૃત કોલેજના માજી પ્રોફેસર શ્રીયુત મહામહોપાધ્યાય પં. સ્વામી રામમિશ્રજી શાસ્ત્રીએ** સં. ૧૯૬૧ના પોષ સુધ ૧ ને દિવસે કાશીમાં વ્યાખ્યાન કરેલું તેમાં જણાવેલું કે જૈનદર્શન એ વેદાન્તાદિ દર્શનોથી પણ પૂર્વનું છે. જ્યારથી સૃષ્ટિનો આરંભ થયો ત્યારથી જૈનમત પ્રચલિત થયો છે. એક કાળ એવો પણ હતો કે જ્યારે જૈનધર્મના ધુરંધર આચાર્યોના હુંકારથી દશે દિશાઓ ગાજી રહેતી હતી. જૈનધર્મ એ સ્યાદ્વાદનો અભેદ્ય કોટ છે, કે જેની અંદર વાદીપ્રતિવાદીઓના માયાવી ગોળા દાખલ થઈ શકતા નથી.

સુપ્રસિદ્ધ સાહિત્યરત્ન તથા ઇતિહાસવેત્તા શ્રીમાન લોકમાન્ય પં. બાલ ગંગાધર ટિળક મહારાજે સને ૧૯૦૪ના નવેમ્બરની ૩૦મી તારીખે વરોદરા નગરીમાં આપેલાં વ્યાખ્યાનમાં એમ કહેલું કે:—

"**अहिंसा परमो धर्मः**" આ ઉદાર સિદ્ધાન્તે બ્રાહ્મણ ધર્મ ઉપર ચિરસ્મરણીય પ્રભાવ પાડ્યો છે. પૂર્વે યજ્ઞયાગાદિ માટે અસંખ્ય પશુઓની હત્યા કરવામાં આવતી હતી, તેનું પ્રમાણ મેઘદૂત કાવ્ય વિગેરે અનેક ગ્રન્થોમાંથી મળી આવે છે. પરંતુ આ ઘોર હિંસા બ્રાહ્મણ ધર્મમાંથી વિદાય લઇ ચાલી ગઇ, તેનું ખરૂં માન જૈનધર્મનેજ ઘટે છે. ખરૂં બોલાવો તો જૈનધર્મેજ બ્રાહ્મણ ધર્મને અહિંસા ધર્મ બનાવ્યો."

તેઓએ મરાઠી "કેસરી" પત્રના તંત્રી સ્થાનેથી સને ૧૯૦૪ના ડિસેમ્બરની ૧૩મી તારીખના અંકમાં જૈનધર્મ ઉપર લખાણુ કરી પોતાની આ પ્રમાણે સંમતિ આપી હતીઃ—

"ગ્રંથો તથા સામાજીક વ્યાખ્યાનો ઉપરથી એમ માલમ પડે છે કે જૈનધર્મ અનાદિ છે; આ વાત તદ્દન નિર્વિવાદ તથા મતભેદ રહિત છે. આ ઉપરાંત આ બાબતમાં અનેક ઐતિહાસિક સુદૃઢ પ્રમાણો છે. ઈ. સ. પૂર્વે પર૬ની સાલ સુધી તો આ ધર્મ સારી રીતે સિદ્ધ થયેલો છે. મહાવીર સ્વામી તેને ફરીથી પ્રકાશમાં લાવ્યા, તેને પણ આજ કાલ કરતાં ૨૪૩૦ વર્ષ વીતી ગયાં છે. બૌદ્ધધર્મની સ્થાપના પહેલાં જૈનધર્મ પ્રચલિત હતો, એ વાત વિશ્વાસનીય છે. ચોવીસ તીર્થંકરોમાં મહાવીર સ્વામી છેલ્લા તીર્થંકર હતા, તે ઉપરથી પણ જૈન ધર્મની પ્રાચીનતા જણાઈ આવે છે. બૌદ્ધધર્મ પાછળથી થયો એ ચોક્કસ છે."

શ્રીયુત્ કન્નોમલજી* એમ. એ., ધી થીઓસોફીસ્ટ (The Theosophist)ના સને ૧૯૦૪ના ડીસેમ્બરના તથા સને ૧૯૦૫ના જાનુઆરીના અંકમાં પોતાનો મત ઉચ્ચારે છે કેઃ—

"જૈનધર્મ એ એક એવો પ્રાચીન ધર્મ છે કે જેની ઉત્પત્તિ તથા ઇતિહાસનો પત્તો મેળવવો એ એક દુષ્કર કાર્ય છે. વિગેરે."

ઇન્દોરનિવાસી શ્રીયુત્ વાસુદેવ ગોવિંદ આપ્ટે, બી. એ., નો મત એવો છે કેઃ—"પ્રાચીન સમયમાં જૈનોએ ઉત્કૃષ્ટ પરાક્રમ કર્યાં છે તથા રાજ્ય કાર્યભાર ચલાવ્યા છે. એ કાળમાં ચક્રવર્તી, મહારાજાધિરાજ અગર માંડલિક વિગેરે મોટા મોટા પદવીધરો પણ જૈનધર્મીઓ થઇ ગયા છે. જૈનધર્મના પરમ-

* ધોલપુર સ્ટેટના સેશન જજ.

પૂજ્ય ચોવીસ તીર્થંકરો પણ સૂર્યવંશી કે ચંદ્રવંશી વિગેરે ક્ષત્રિય કુલોમાં ઉત્પન્ન થયેલા મહાન રાજ્યાધિકારીઓ હતા જેનો પુરાવો જૈનગ્રંથો તથા અજૈન શાસ્ત્રો તેમજ ઐતિહાસિક ગ્રન્થોમાંથી મળી આવે છે.

આ ધર્મમાં અહિંસાનું તત્ત્વ તથા યતિધર્મ અત્યંત ઉચ્ચ-સ્થાને છે. પોતાના હાથથી હિંસા ન થાય તે માટે જૈનો જેટલા ડરે છે, તેટલા બૌદ્ધો ડરતા નથી. કોઇ કાળે આ દેશમાં જૈન-ધર્મ ઘણીજ ઉન્નત અવસ્થામાં હતો. ધર્મનીતિ, રાજનીતિ, શાસ્ત્રનીતિ તથા સમાજોન્નતિ વિગેરે બાબતોમાં તેઓ અન્ય મનુષ્યો કરતાં ઘણાજ આગળ વધ્યા હતા."

રાયબહાદુર પૂર્ણેન્દુનારાયણસિંહજી, એમ. એ., (બાંકીપુર) લખે છે કેઃ—"જૈનધર્મનો અભ્યાસ કરવાની મારી અંતરાભિ-લાષા છે, કેમ કે મારૂં માનવું છે કે વ્યાવહારિક યોગાભ્યાસને માટે તેનું સાહિત્ય સર્વથી પ્રાચીન (oldest) છે.

મહામહોપાધ્યાય પંડિત ગંગાનાથ ઝા. એમ. એ , ડી. એ. લિટ. અલ્હાબાદ લખે છે કેઃ—"જ્યારથી મેં 'શંકરાચાર્ય દ્વારા જૈન સિદ્ધાન્તોનું ખંડન' વાંચ્યું છે, ત્યારથી મને વિશ્વાસ બેઠો છે કે આ સિદ્ધાન્તમાં ઘણુંય એવું છે જેને વેદાન્તના આચાર્ય સમજ્યા નથી. અત્યારસુધી હું જે કંઈ થોડું ઘણું જૈનધર્મ વિષે જાણી શકયો છું તે ઉપરથી મારો વિશ્વાસ દૃઢ થયો છે કે જો તેમણે જૈનધર્મને તેના પ્રાચીન ગ્રન્થો મારફત નિહાળ્યો હોત તો તેમને જૈનધર્મનો વિરોધ કરવાનું કંઈ પણ કારણ મળત નહિ."

શ્રીયુત અમ્બુજાક્ષ એમ. એ., બી. એલ ના અભિપ્રાયઃ—

"એ સારી રીતે સાબિત થઇ ચુકયું છે કે જૈનધર્મ બૌદ્ધધર્મની શાખા નથી. મહાવીર સ્વામી જૈનધર્મના સ્થાપક નથી, પરંતુ તેમણે તો માત્ર પ્રાચીન ધર્મનો પ્રચારજ કર્યો છે."

રાજા શિવપ્રસાદ સિતારે હિંદ પોતાના પુસ્તક "ભૂગોલ હસ્તામલક"માં લખ્યું છે કેઃ—

"બે અઢી હજાર વર્ષ પહેલાં દુનીઆનો મોટો ભાગ જૈન-ધર્મનો અનુયાયી હતો." એક સ્થળે તેઓ લખે છે, "જૈન તથા બૌદ્ધ એ એક નથી. સનાતન કાળથી એ બંને ભિન્ન ભિન્ન છે. જર્મન દેશના એક મહાન વિદ્વાને આના અનુમોદનમાં એક ગ્રન્થ લખ્યો છે."

અનેક ધર્મવેત્તા સાહિત્યરત્ન શ્રી૦ લાલા કન્નોમલજી એમ. એ. સેશન જજ ધૌલપુર સ્ટેટના લાલા લાજપતરાયે જૈનધર્મ પર કરેલા મિથ્યા આક્ષેપોના પ્રત્યુતરમાં "લાલા લાજપતરાયનો ભારતવર્ષનો ઇતિહાસ તથા જૈનધર્મ" એ મથાળા હેઠળ સને ૧૯૨૩ના જુલાઈની ૨૨મી તારીખના "જૈનપથ પ્રદર્શક"ના અંકના લેખમાં લખે છેઃ—

"સઘળા લોકો જાણે છે કે જૈનધર્મના આદિ તીર્થંકર શ્રી ઋષભદેવજી સ્વામી છે, કે જેમનો સમય ઐતિહાસિક સીમાથી પણ અત્યંત પૂર્વેનો છે. એમનું વર્ણન સનાતન ધર્મી હિંદુઓના શ્રીમદ્ભાગવત પુરાણમાં પણ આવે છે. ઐતિહાસિક શોધખોળથી એમ માલમ પડે છે કે જૈનધર્મની ઉત્પત્તિનો કોઇ પણ સમય નિશ્ચિત નથી. અત્યંત પ્રાચીન ગ્રંથોમાં પણ જૈનધર્મના હેવાલ મળે છે."

શ્રી પાર્શ્વનાથજી જૈનોના ત્રેવીસમા તીર્થંકર છે. એમનો સમય ઈસ્વી સન પૂર્વે ૨૦૦ ની સાલનો છે. આ ઉપરથી સુજ્ઞ વાંચક વિચારી શકશે કે શ્રી ઋષભદેવજીનો સમય કેટલો પ્રાચીન હશે. એ મહાત્માના સમયથી જૈનધર્મના સિદ્ધાન્તોની એકસરખી ધારા વહ્યા કરે છે. કોઈપણ સમય એવો નથી કે જ્યારે તેમનું અસ્તિત્વ ન હોય. શ્રી મહાવીર સ્વામી જૈન-ધર્મના છેલ્લા તીર્થંકર તથા પ્રચારક હતા, નહિ કે આદિ સ્થાપક તથા પ્રવર્તક "

"બૌદ્ધધર્મી આત્મા અથવા જીવને માનતો નથી. જૈન ધર્મી આત્માના આધાર પરજ બધા ધાર્મિક સિદ્ધાન્તોની ઇમારત ચણે છે. જૈન ચોવીસ તીર્થંકરોને માને છે. પરંતુ બૌદ્ધ મહાત્મા બુદ્ધને પોતાના ધર્મના સંસ્થાપક માને છે, કે જે મહાવીર સ્વામીના સમકાલીન હતા. જૈનોના દાર્શનિક સિદ્ધાન્તો બૌદ્ધોના દાર્શનિક સિદ્ધાન્તો સાથે મળતા નથી. જૈન સાધુ તથા શ્રાવકનાં ધાર્મિક કર્મો બૌદ્ધ સાધુ અથવા ગૃહસ્થના ધાર્મિક કર્મો કરતાં તદ્દન નિરાળાં છે. બૌદ્ધ માંસાહારી છે, પરંતુ જૈનોમા એક પણ એવો નહિ નીકળે, જે માંસાહારી હશે. એના આચાર વિચાર શુદ્ધ હોય છે, અને અહિંસા ધર્મનો સાચો અનુયાયી તે છે, બૌદ્ધ નહિ."

જૈનધર્મની પ્રાચીનતા સિદ્ધ કરવાને માટે આતો માત્ર ભારતવર્ષના કેટલાક વિદ્વાનોના અભિપ્રાયોજ છે. જે ફક્ત વાંચકોની જાણ માટે અત્રે ટાંકી બતાવવામાં આવ્યા છે. પ્રાચીન ઐતિહાસિક તથા શાસ્ત્રસંમત ગ્રંથોમાં આ વિષય ઉપર એટલું બધું મન્થન કરવામાં આવ્યું છે કે આ ધર્મની પ્રાચીનતા બાબત કોઈને કોઈપણ પ્રકારનો સંદેહ રહ્યો નથી. આ સંબંધી

અનેક પાશ્ચાત્ય વિદ્વાનો કે જેમણે ભારે શોધ કરી જૈનધર્મની પ્રાચીનતા ઉપર વિશેષ પ્રકાશ પાડયો છે, તેઓ પણ ધન્યવાદને પાત્ર છે. આ સ્થળે તેમનામાંના કેટલાકના અભિપ્રાય વિગેરે ટાંકવા અયોગ્ય તો નહિજ ગણાય.

સુપ્રસિદ્ધ યૂરોપિયન ગ્રન્થકાર મેકસમિલર (Maxmiller) સાહેબે પોતાના "આર્ટિકલ ઑન આર્યન" નામના ગ્રંથના બીજા ખંડમાં (Article on Aryan Vol. II) જૈનધર્મની પ્રાચીનતા અતિશય વિસ્તારપૂર્વક સિદ્ધ કરી બતાવી છે. તેમાં તેઓ લખે છેઃ—

"It is now quite certain that the Jain community was really even older than the time of Buddha and was recognized by his contemporary the Mahavir named Wardhaman and it is also clear that the Jain Views of life were in the most important and essential respects the exact reverse of the Buddhist Views. The two orders Jain and Buddhist were not only and from the first independent, but directly opposed one to the other. In Philosophy the Jains are the most through going supporters of the old animistic position nearly everything according to them has a soul within its outward visible shape; not only men and animals but also all plants and even the particles of earth and of water (when it is cold) and fire and wind. The Buddhist theory as is well known is put

together without the hypothesis of soul at all. The word the Jains use for soul is (jiva) which means life and there is much analogy between many of the expressions they use and the view that the ultimate substances which come into direct contact with the minute souls in everything and their best known position in regard to the points most discussed in Philosophy is *syadvad* the doctrine that they may say yes and at the same time no to everything. You can affirm the certainty of the world for instance from one point of view and at the same time deny it from another or at different times and in different connections you may one day affirm it and another day deny it."

અર્થાત્ એ વાત હવે પૂર્ણપણે નિશ્ચિત થઇ ગઇ છે કે જૈન સમાજ ખરી રીતે બુદ્ધના સમયથી પણ પૂર્વેનો છે અને તેમના સમકાલીન મહાવીર સ્વામી કે જેમનું નામ વર્ધમાન હતું, તેમની મારફતે ખ્યાતિમાં આવ્યો છે. વળી એ પણ સ્પષ્ટ રીતે માલુમ પડે છે કે જૈનોના મુખ્ય અને મહત્ત્વના વિષયોમાં તેમની રહેણી કરણી તથા વિચાર બૌદ્ધોના વિચારો વિગેરેથી તદ્દન જુદાં પડે છે. આ બંને સમાજ એટલે કે જૈન તથા બૌદ્ધ શરૂઆતથી તદ્દન સ્વતંત્ર નહિ પરંતુ પરસ્પર વિરોધી છે. જૈન માત્ર મનુષ્ય અથવા પશુઓમાંજ નહિ, પરંતુ તમામ વનસ્પતિ, પૃથ્વી, પાણી (જ્યારે ઠંડું હોય ત્યારે), અગ્નિ તથા વાયુમાં

પણ જીવ છે એમ માને છે. આ વાત તો સુપ્રસિધ્ધ છે કે બૌધ્ધ મત આત્માને (Soul) બીલકુલ માનતો નથી, જૈન લોકો આત્માને બદલે જીવ શબ્દ વાપરે છે કે જેનો અર્થ પ્રાણી થાય છે. વળી તેના કેટલાય શબ્દોના પ્રયોગમાં તથા વિચારોમાં પણ ઘણું ખરૂં એવું તત્ત્વ સમાયેલું છે કે જે મુજબ દરેક પદાર્થમાં સૂક્ષ્મ જીવની સાથે અંતિમ તત્ત્વોનો સંબંધ થવાથી નિરનિરાળાં દૃષ્ટિબિંદુથી અસ્તિત્ત્વ તથા નાસ્તિત્વ એકજ વખતે કહી શકાય છે કે જેને તત્વજ્ઞાનમાં સ્યાદ્વાદ કહેવામાં આવે છે. આ સિધ્ધાન્ત અનુસાર એકજ વસ્તુને માટે તમે "હા" અગર "ના" કહી શકો છો ઉદાહરણ તરીકે એક દૃષ્ટિબિંદુથી પૃથ્વીનું અસ્તિત્વ સિધ્ધ કરી શકાય છે જ્યારે બીજાજ દૃષ્ટિબિંદુથી તેનું અસ્તિત્વ નથી એમ સિધ્ધ કરી શકાય છે. તે ઉપરાંત સમયના પરિવર્તન તથા અન્ય સંબંધોને અંગે જે વસ્તુ આજે સિધ્ધ કરી શકાય છે તેજ કાલે નિષિધ્ધ કરી શકાય છે."

આ જબરદસ્ત પ્રમાણથી આપ જાતે સમજી શકશો કે જૈન ધર્મ તથા બૌધ્ધધર્મ શું છે? આતો એકજ પ્રમાણ છે, પરંતુ એવાં તો હજારો પ્રમાણો મોજુદ છે, કે જે ઉપરથી સાબિત થાય છે કે જૈનધર્મ પ્રાચીન તેમજ બૌધ્ધધર્મથી તદન નિરાળો છે. જેમ કેઃ—

[1] સમ્રાટ અશોક (ઇસ્વી સન પૂર્વે ૨૭૫ વર્ષ) ના દિલ્હીના સ્તમ્ભ પરની આઠમી આજ્ઞા (પ્રશસ્તિ)માં નિર્ગ્રન્થો (નિગન્થ)નો ઉલ્લેખ છે. સમ્રાટે બીજા બધા પન્થોની મુજબ નિર્ગ્રન્થ ધર્મને માટે પણ ધર્મ મહામાત્ય એટલે કે ધર્માધ્યક્ષની નિમણુંક કરી

૧. ડૅા૦ જૈકોબી "સેક્રેડ બુકસ ઓવ ધી ઇસ્ટ પુસ્તક" ૨૨ તથા ૪૫.

હતી. જૈન. બૌધ્ધ તથા બ્રાહ્મણ ગ્રંથોથી એ સિધ્ધ થઇ ચુક્યું છે કે પ્રાચીન સમયમાં જૈન સાધુ સર્વથા અપરિગ્રહ રહેતા હોવાથી નિર્ગ્રન્થ કહેવડાવતા હતા. આ નામ અત્યારે પણ જૈનોમાં પ્રચલિત છે. મહારાજ અશોકે તેમને માટે ધર્માધ્યક્ષ નીમ્યો હતો. આ ઉપરથી એમ અનુમાન કરી શકાય છે કે તેના સમયમાં પણ નિર્ગ્રન્થ ધર્મ અતિશય પ્રચલિત અને પ્રબળ હતો. કંઇ નવો સવો સ્થપાયલો ધર્મ નહોતો. ડૉ૦ જૈકોબી (જર્મની) એ જૈન ધર્મ તથા બૌધ્ધ ધર્મના અતિશય પ્રાચીન ગ્રન્થોનું મન્થન કરી નિર્ગ્રન્થ ધર્મ એ અતિશય પુરાણો છે, એ સાબિત કરી બતાવ્યું છે. મહાત્મા બુધ્ધના સમકાલીન શ્રી મહાવીર સ્વામી જ્યારે તપશ્ચર્યા કરવા નીકળ્યા, ત્યારે આ ધર્મ પ્રચલિત હતો (૧) સમ્રાટ અશોકે પોતાની પ્રશસ્તિઓમાં અહિંસા, અચૌર્ય, સત્ય તથા ચારિત્ર વીગેરે ગુણો ઉપર જે ભાર મુકયો છે. એ ઉપરથી તો એમ લાગે છે કે તે જાતે જૈનધર્માવલંબી રહ્યા હોય તો આશ્ચર્ય નહિ. પ્રોફેસર કર્નલ લખે છે[1]:—

"His (Asoka's) ordinances concerning the sparing of animal-life agree much more closely with the ideas of heretical Jains than those of the Buddhists."

અર્થાત્ "અહિંસા બાબતમાં અશોકની જે આજ્ઞાઓ છે. તે બૌદ્ધસિધ્ધાંતો કરતાં જૈનસિધ્ધાંતો સાથે વધારે સામ્ય ધરાવે છે." જૈન ગ્રન્થોમાં તે જૈન હોવાનાં પ્રમાણ મળી આવે છે.[2]

---

૧. ઇન્ડીયન એન્ટીકવેરી પુસ્તક ૫ પૃષ્ઠ ૨૦૫.

૨. રાજાવલી કથા (કનાડી)

કલ્હણ કવિની રાજતરંગિણી કે જે સંસ્કૃત સાહિત્યમાં અગી-આરમાં સૈકાનો અદ્વિતીય ઐતિહાસિક ગ્રંથ છે, તેમાં અશોક મારફત કાશ્મીરમાં જૈનધર્મનો પ્રચાર થવાનું વર્ણન છે. [1] વળી આ વાત અબુલ ફેજલની "આઈને અકબરી" ઉપરથી પણ માલુમ પડે છે. જેમ આગળ ઉપર ઉલ્લેખ કરવામાં આવશે કે તેના પિતામહ મહારાજ ચન્દ્રગુપ્ત મૌર્ય જૈન હતા આ ઉપરથી અશોક પણ જૈન રહ્યો હોય એમાં આશ્ચર્ય નથી. કેટલાક વિદ્વાનોનો અભિપ્રાય એવો છે કે અશોક પહેલાં જૈન ધર્મનો ઉપાસક હતો, અને પાછળથી બૌદ્ધધર્મી થઈ ગયો [2]

૨. પુરી જીલ્લામાં ઉદયગિરિ પર્વત ઉપર હાથી ગુમ્ફા નામની ગુફામાં કલિંગના રાજા ખારબેલનો એક મહામૂલ્યવાન લેખ છે. તેનો પ-તો સ્ટારલિંગ સાહેબને ઇ સ. ૧૮૨૦ માં મળ્યો હતો અને ડૉ૦ ભગવાનલાલ ઇન્દ્રજીએ તેનો જૈનીઓ સાથેનો સંબંધ પુરવાર કર્યો હતો, પરંતુ તેનો સંપૂર્ણ અને સાચો મર્મ હાલમાંજ પ્રો૦ કાશીપ્રશાદ જાયસવાલ એમ. એ. એ સમજાવ્યો છે. અને તેનું વિસ્તૃત વર્ણન 'બિહાર અને ઓરિસ્સાની રિસર્ચ સોસાયટીના જર્નલ'ના પુસ્તક ૩ જાના પૃષ્ઠ ૪૨૫થી ૪૬૭ તથા ૪૭૩ થી ૫૦૭ માં પ્રગટ કરવામાં આવ્યું છે. તે લેખનો આરંભ આ પ્રમાણે થ ય છે:—

---

१ यः शांतिवृजिनो राजा प्रपन्नो जिनशासनम् ।
शुष्कलेऽत्र वितस्तात्रौ तस्तार स्तूप मण्डले ॥
राजतरङ्गिणी, अध्याय १।

૨ અરલી ફેઈથ ઓવ અશોક (થોમસ કૃત) "Early faith of Asoka" by Thomas.

'नमो अरहंतानं, नमोसवसिधानं' આ ઉપરથી એ સ્પષ્ટ છે કે તેનો પ્રયોજક કોઈ જૈનધર્માનુયાયી હતો. લેખમાં સં. ૧૬૫ લખવામાં આવી છે. આ ઉપરથી પ્રશ્ન એ ઉદ્ભવે છે કે આ કયી સંવત હોવી જોઈએ? પ્રો૦ જાયસવાલ મહાશયે ઘણી હોશિયારીથી તેને મૌર્ય સંવત પુરવાર કરી છે કે જે મહારાજ ચન્દ્રગુપ્તના રાજ્યારોહણ (ઇસ્વી સન પૂર્વે ૩૨૧) ના સમયથી શરૂ થઇ હોવી જોઇએ. કોઇને શંકા થાય કે એક સ્વતંત્ર નૃપતિએ બીજા નૃપતિની શરૂ કરેલી સંવતનો કેમ ઉપયોગ કર્યો હશે? તેના જવાબમાં શ્રીયુત્ જાયસવાલજી જણાવે છે કે તેનું કારણ રાજનૈતિક નહિ, પરંતુ ધાર્મિક હોવું જોઇએ મૌર્યના જૈન ગ્રન્થો ઉપરથી તથા ચન્દ્રગિરિના શિલાલેખોથી ચંદ્રગુપ્ત જૈન હોવો જોઇએ તે સિદ્ધ થાય છે. આથી એક જૈન ધર્માવલંબી રાજાની આરંભેલી સંવતનો બીજો જૈન ધર્માનુયાયી રાજા સ્વીકાર કરે તો તેમાં આશ્ચર્ય જેવું શું છે? આ સ્પષ્ટીકરણ બહુજ બંધબેસતું લાગે છે.

આ લેખ ઉપરથી સાબીત થાય છે કે ઇ. સ. પૂર્વે બીજી સદીમાં ઓરિસ્સા પ્રાન્તમાં જૈનધર્મનો સારો પ્રચાર હતો. જાયસવાલ મહાશય લખે છે:—

Jainism had already entered Orissa as early as the time of king Nanda who, as I have shown, was Nanda Vardhan of the Sesunaga dynasty. It seems that Jainism had been the National religion of Orissa for some centuries (J. B. O. R. S., Vol, 111, Page 448.)

અર્થાત "જૈનધર્મનો પ્રવેશ શિશુનાગવંશી રાજા નન્દવર્ધનના સમયમાં ઓરિસ્સામાં થઈ ગયો હતો. વળી એમ માલુમ પડે છે કે (ખારબેલના સમયમાં) કેટલીક સદીઓ સુધી જૈનધર્મ ઓરિસ્સાનો રાષ્ટ્રધર્મ રહ્યો હતો."

આ લેખની ઉપયોગિતાના બારામાં શ્રીયુત જાયસવાલજી જણાવે છે કે:—

"This inscription occupies a unique position amongst the materials of Indian History for the centuries preceding the Christian Era. In point of age it is the second inscription after Asoka, the first being the Nanaghat inscription of Vedisri. But from the point of view of the chronology of the Pre-mauryan times and the History of Jainism it is the most important inscription yet discovered in the country. It confirms the puranic record and carries the dynastic chronology to C. 450 B. C. Further, it proves that Jainism entered Orissa and probably became the state religion. within 100 years of the death of its founder Mahavira. It affords the earliest historical instance of the Unity of Behar and Orissa (450 B. C.) for the social history of this country we get the very important datum that the population of ancient Orissa was $3\frac{1}{2}$ Millions in circra 172 B. C."

અર્થાત્ "ઇસ્વી સન પૂર્વનાં સૈકાઓનાં ભારતીય ઇતિહાસનાં સાધનોમાં આ લેખનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. પ્રાચીનતામાં અશોકની પછીનો આ બીજોજ લેખ છે. પહેલો નાના ઘાટનો વેદિશ્રીનો લેખ છે. પરંતુ મૌર્યકાળની પહેલાંના ઇતિહાસ ક્રમ તથા જૈનધર્મના ઇતિહાસ માટે આજ સુધી જેટલા લેખો મળી આવ્યા છે, તે સર્વમાં આ અધિક મહત્ત્વનો છે. તે પુરાણોના લેખોનું સમર્થન કરે છે અને ઈ. સ. પૂર્વે ૪૫૦ વર્ષ સુધીની રાજવંશાવળી સુધી લઇ જાય છે. આ ઉપરથી એ પણ પુરવાર થાય છે કે ઓરિસ્સામાં જૈનધર્મ ઘણું કરીને નિર્વાણ સંવત ૧૦૦ની લગભગમાં શરૂ થયો, અને ત્યાંનો રાષ્ટ્રીય ધર્મ થઇ ગયો. એ ઇ. સ. પૂર્વે ૪૫૦ માં બિહાર અને ઓરિસ્સાની ઐક્યતાનું સૌથી પ્રાચીન પ્રમાણ છે. તેના ઉપરથી સામાજીક ઇતિહાસમાં આપણને વિશેષ અગત્યની વાત જાણવાની મળે છે તે એ છે કે ઇ. સ. પૂર્વે ૧૭૨ માં ઓરિસ્સાની જનસંખ્યા ૩૫ લાખની હતી."

(૩) મથુરા (સં. પ્રાં.)ની પાસે 'કંકાલી ટીલા' એક ઘણુંજ પુરાણું સ્થળ છે. ત્યાં કેટલીયે વાર ખોદકામ કરતાં જૈન શિલાલેખો તથા અનેક પ્રાચીન સ્તૂપો હાથ લાગ્યા છે. સર વિન્સેન્ટ સ્મિથ તે કાળ ઇસ્વી સન પૂર્વના પહેલા સૈકાથી ઇસ્વી સનના બીજા સૈકા સુધી માને છે.[1] સૌથી નવો લેખ વિ. સં. ૧૧૩૪ (ઇ. સ. ૧૦૭૭)નો છે. આ લેખથી મથુરામાંના લગભગ અગીઆર સૈકાઓના જૈનધર્મનું ઐતિહાસિક તારતમ્ય હાથ લાગે છે. આ લેખોમાંના ઘણાજ પ્રાચીન

1 Jain Stupa and other antiquities of Mathura.

લેખો કરતાં પણ અહીંના સ્તૂપ કેટલાંય સૈકાં વિશેષ પુરાણા છે. આ બાબતમાં ફુહરર સાહેબ લખે છે:—

The Stupa was so ancient that at the time when the inscription was incised, its origin had been forgotten. On the evidence of the characters, the date of the inscription may be referred with certainty to the Indo-Scythian era and is equivalent to A. D. 156. The Stupa must therefore have been built several Centuries before the beginning of the Christian era, for the name of its builders would assuredly have been known if it had been erected during the period when the Jains of Mathura carefully kept record of their donations."

( Museum Report 1890-91. )

"અર્થાત્–આ સ્તૂપ એટલો પ્રાચીન હતો કે જ્યારે આ લેખ આલેખવામાં આવ્યો ત્યારે સ્તૂપ વિગેરેનો વૃત્તાન્ત લોકો વીસરી ગયા હતા. લિપિના પ્રમાણથી આ લેખનો સમય ઇન્ડો-સિથિયન (શક) સંવત હોય એમ માલુમ પડે છે જે ઉપરથી આ લેખ ઈ. સ. ૧૫૬ની લગભગનો છે એમ સિદ્ધ થાય છે. આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે આ સ્તૂપ ઇસુની પહેલાંની કેટલીય સદીઓ પૂર્વે બંધાયો હોવો જોઇએ, કેમકે મથુરા નગરીના જૈનો જ્યારે પોતાનાં દાનની સંભાળપૂર્વક યાદી રાખતા હતા તે સમયે જો તે બંધાયો હોત તો તેના બંધાવનારનાં નામ અવશ્ય જાણી શકાત."

મથુરાના લેખ તથા અન્ય સ્મારક જૈનોના ઈતિહાસ માટે ઘણાંજ ઉપયોગી છે. આ વિષય ઉપર સર વિન્સેન્ટ સ્મિથનાં વચનો પ્રકાશ પાડે છે. તે કહે છે કે:—

The discoveries have, to a very large extent, supplied corroboration to the written Jain tradition and they offer tangible and incontrovertible proof of the antiquity of the Jain religion, and of its early existence very much in its present form. The series of twenty four pontiffs (Tirthankars) each with his distinctive emblem was evidently firmly believed in, at the beginning of the Christian era." Farther "The inscriptions are replete with information as to the organization of the Jain church in sections known as Gana, Kula and Sakha, and supply excellent illustrations of the Jain books. Both inscription and sculptures give intersting details proving the existence of Jain nuns and influential position in the Jain church occupied by women.[1]"

અર્થાત–"આ શોધખોળોથી જૈનોના ગ્રંથના હેવાલોનું ઘણી સારી રીતે સમર્થન થયું છે. તથા જૈનધર્મની પ્રાચીનતા તેમજ તેના ઘણા પ્રાચીન કાળમાં પણ તે આજનીજ માફક પ્રચલિત હોવાનું સુંદર તથા અબાધિત પ્રમાણ છે. ઇસુની સદીના પ્રારંભ કાળમાં પણ ચોવીસ તીર્થંકરોને તેમનાં ચિહ્નો

1 Jain Stupa and othea antiquities of Mathura.

સહિત સારી રીતે માનવામાં આવતા હતા. જૈન સંપ્રદાયના ગણ, કુલ અને શાખાઓમાં વિભક્ત હોવાના સમાચારથી અનેક લેખો ભરપૂર છે, અને તે જૈનગ્રંથોના ઉમદા સમર્થક છે, જૈન શ્રાવિકાઓની સત્તા તથા જૈન સંપ્રદાયમાં સ્ત્રીઓના પ્રભાવશાળી સ્થાન વિષે લેખો તથા તસ્વીરો ઉપરથી રમુજી વિગતો મળી આવે છે"

એમાંના કેટલાક લેખો તથા તસ્વીરો ડૉ. બ્હૂલરે 'એપિગ્રાફિકા ઈન્ડિકા" નામના પત્રના પહેલા પુસ્તકમાં છપાવ્યાં છે.

(૪) સને ૧૯૧૨માં શ્રીમાન પંડિત ગૌરીશંકર હીરાચંદજી ઓઝાએ અજમેર નજીકના બડલી નામના ગામમાંથી એક ઘણા પ્રાચીન જૈનલેખનો પત્તો મેળવ્યો છે. તે લેખ આ પ્રમાણે છે:–'**वीराय भगवते चतुरासिति वसे का ये जाला मालिनि‌ये रेनिविठ माझि मिके**, લેખ ઉપરથીજ પુરવાર થાય છે કે એ વીર નિર્વાણ સંવત ૮૪ (ઇ. સ. પૂર્વે ૪૪૩)માં આલેખવામાં આવ્યો હતો. '**माझिमिक**' એ સુવિખ્યાત પુરાણી નગરી 'મધ્યમિકા' છે, કે જેનો ઉલ્લેખ પાતંજલિએ પણ પોતાના 'મહાભાષ્ય'માં કર્યો છે. [1]

ભારતવર્ષમાં લેખન કલાનો પ્રચાર હતો તેના પુરાવા રૂપે આ અદ્યાપિ પર્યંત સૌથી પ્રાચીન હોવાનું માનવામાં આવે છે. ઇ. સ. પૂર્વેની પાંચમી સદીમાં રજપૂતાનામાં જૈનધર્મનો સારો પ્રચાર હતો તે આ લેખ સિદ્ધ કરે છે.

(૫) જૈનગ્રન્થોમાં મહારાજ ચન્દ્રગુપ્ત મૌર્યનું જૈનધર્માનુયાયી થવાનું તથા ભદ્રબાહુ સ્વામીની પાસે દીક્ષા લઇ તેમની

१ " **अरुणद्‌ यवनः मध्यविकाम्** "।

સાથે દક્ષિણ દિશા તરફ પ્રસ્થાન કરી ગયાનાં વર્ણન આવે છે. પરંતુ લાંબા કાળ સુધી ઇતિહાસકારો આ કથનમાં વિશ્વાસ મૂકતા નહોતા છતાં જ્યારે મહૈસુર રાજ્યમાં "શ્રવણબેલગુલ"ના ચન્દ્રગિરિ પર્વત પરના લેખોની શોધખોળ થવા માંડી, અને તેનો પત્તો મળ્યો ત્યારે ઇતિહાસવેત્તાઓને કબુલ કરવું પડ્યું કે આ વિષયમાં જૈન સમાચાર નિઃશંક સત્ય છે. ત્યાંનો સૌથી પુરાણો લેખ કે જે ભદ્રબાહુ શિલાલેખના નામથી પ્રસિદ્ધ છે, તે ઇ. સ.ની શરૂઆતમાં લખવામાં આવ્યો હતો. એમ પુરવાર કરવામાં આવ્યું છે.[1] આ લેખ ઉપરથી એ બાતમી મળે છે કે પરમર્ષિ ગૌતમ ગણધરની શિષ્ય પરંપરામાં ભદ્રબાહુ સ્વામી થયા હતા. એ શ્રુતકેવલી (માત્ર શ્રવણ કરનાર) મહાત્માએ પોતાના અષ્ટાંગ નિમિત્ત-જ્ઞાનથી જોયું કે ઉત્તરાપથ [ઉત્તર હિંદુસ્તાન]માં બાર વર્ષ લાંબો એક ભયંકર દુકાળ પડવાનો છે. તેથી તેમણે પોતાના સાધુ સંતોને સાથે લઇ દક્ષિણ ભારત તરફ પ્રયાણ કર્યું. પોતાના આયુષ્યનો અલ્પકાળ બાકી રહ્યા છે એમ રસ્તામાં ખબર પડતાં, સાધુ સંતોને આગળ પ્રયાણ કરવાનું જણાવી પોતે પોતાના એક શિષ્ય પ્રભાચન્દ્રની સાથે 'કટવપ્ર' નામના ડુંગર ઉપર રોકાઇ ગયા. અને ત્યાંજ સન્યસ્ત વિધિથી દેહત્યાગ કર્યો. ત્યાંના બીજા અનેક લેખોથી એ સિદ્ધ થાય છે કે ચંદ્રગુપ્ત મૌર્યનું દીક્ષિત તરીકેનું નામ પ્રભાચંદ્ર આચાર્ય હતું.[2] આ લેખથી થોડે અંતરે એક ગુફા છે; જે ભદ્રબાહુની ગુફા કહેવાય

---

(1) Inscriptions at Sravana Belgula by Lews Rice Ins. No. I.

તથા જૈન સિદ્ધાંત ભાસ્કર કિરણ ૧, પૃષ્ઠ ૧૫.

(2) 'Iceription at Sravana Belgula' (by Lews Rice.)

છે. એમ કહેવાય છે કે ભદ્રબાહુ સ્વામીએ પોતાની અંતિમ સમાધિ એ સ્થળે લીધી હતી.[1] મી૦ થોમસ લખે છે:—

"That Chandragupta was a member of the Jain community, is taken by their writers as a matter of course, and treated as a known fact, which needed neither argument nor demonstration. The documentry evidence to this effect is of comparatively early date and apparently absolved from suspicion......The testimony of Megasthenes would likewise seem to imply that Chandragupta submitted to the devotional-teachings of the Sramanas as opposed to the doctrines of the Brahmans" ([2])

અર્થાત્–"ચંદ્રગુપ્ત જૈનસમાજની એક વ્યક્તિ હતી, એ વસ્તુનો જૈનગ્રંથકારોએ સ્વયંસિદ્ધ અને સુપ્રસિદ્ધ બાબતની માફક એવી રીતે ઉલ્લેખ કર્યો છે કે જેમાં પ્રમાણ પુરાવાની કંઇ આવશ્યકયતા જણાઇ નથી. આ વિષયમાં લેખોનાં પ્રમાણ ઘણાંજ પ્રાચીન અને સામાન્ય રીતે સંદેહરહિત છે. મેગેસ્થીનીસના લેખોથી પણ માલુમ પડે છે કે ચંદ્રગુપ્તે બ્રાહ્મણોના સિદ્ધાંતો કરતાં શ્રમણો (જૈન મુનિઓ)ના ધર્મોપદેશનો અંગીકાર કર્યો હતો."

ચંદ્રગુપ્ત જૈન હતો તે બાબતમાં આટલા સચોટ પ્રમાણો મળતાં સુપ્રસિદ્ધ ઇતિહાસકાર સર વિન્સેન્ટ સ્મિથને પોતાના

(1) 'Mysore Inscription' by Lews Rice.

(2) 'Jainism or early faith of Asoka' Page 23.

'ભારતનો પ્રાચીન ઇતિહાસ' નામના અમૂલ્ય ગ્રંથના ત્રીજા પ્રકરણમાં આ લખવુંજ પડયું છેઃ—

"I am now disposed to believe that the tradition probably is true in its main outline and that Chandragupta realy abdicated and became a Jain ascetic." [1]

અર્થાત્—"હવે મને વિશ્વાસ બેસે છે કે મુખ્ય મુખ્ય વિષયોમાં જૈનોનું કહેવું ઘણું કરીને વ્યાજબી હોય છે, અને ચંદ્રગુપ્ત ખરેખર રાજ્યપાટ ત્યાગીને જૈન મુનિ બન્યો હતો" શ્રીયુત જાયસવાલ મહાશય મળી શકે તેટલાં વિશેષ પ્રમાણો ઉપરથી પોતાનો ચોક્કસ અભિપ્રાય રજુ કરતાં લખે છેઃ—

"The Jain books ( 5th cent. A. D. ) and later Jain inscription claim Chandragupta as a Jain imperial ascetic. My studies have compelled me to respect the historical date of the Jain writings. and I see no reason why we should not accept the Jain claim that Chandragupta at the end of his reign accepted Jainism and abdicated and died as a Jain ascetic. I am not the first to accept the view. Mr. Rice who has studied the Jain inscription of Sravana Belgula thoroughly gave verdict in favour of it and Mr. V. Smith has also leaned towards it ultimately." [2]

1 V. Smith E. H. I. Page 146.

2 J. B. O. R. S. Vol. III

અર્થાત્–"ઇસુની પાંચમી સદી સુધીના જૈનગ્રંથો તેમજ પાછળના જૈન શિલાલેખ ચંદ્રગુપ્તને જૈન–રાજમુનિ તરીકે પ્રમાણિત કરે છે. મારા આ વિષયના અભ્યાસે મને જૈન ગ્રંથોમાંના ઐતિહાસિક અહેવાલોને માન્ય કરવાની ફરજ પાડી છે. વળી ચન્દ્રગુપ્ત પોતાના અમલના અંતિમ ભાગમાં જૈનધર્માનુયાયી થયો અને પાછળથી રાજ્ય ત્યાગી દીક્ષા લઇ જૈનમુનિ તરીકે સ્વર્ગસ્થ થયો, તેવા જૈનોના દાવાને ન માનવાનું પણ કંઇ કારણ નથી. આ પ્રમાણેનું મારૂં પ્રથમજ મંતવ્ય નથી. મી૦ રાઇસ કે જેમણે શ્રવણબેલગુલના શિલાલેખોનું અધ્યયન કર્યું છે, તેમણે પોતાનો મત આની તરફેણમાં આપ્યો છે. તથા મી૦ વ્હિ. સ્મિથ પણ અંતમાં આ મત તરફ ઢળ્યા છે."

જૈનોની શોધખોળના સંબંધમાં મિસ્ટર વિન્સેન્ટ સ્મિથ સાહેબના વિચારો ધ્યાનમાં લેવાયોગ્ય છે.

"The field for exploration is vast. At the present day the adherents of the Jain religion are mostly to be found in Rajputana and Western India. But it was not always so. In olden days the creed of Mahavira was far more widely diffused than it is now. In the 7th century A. D. for instance, that creed had numerous followers in Vaisali (Basenti north of Patna) and in Eastern Bengal, localities where its adherents are now extremely few. I have myself seen abundant evidences of the former prevalence of Jainism in Bundelkhand during the mediaeval period especially in the 11th and the

12th centuries. Further south, in the Deccan, and the Tamil countries, Jainism was for centuries a great and ruling power in regions where it is now almost unknown."

અર્થાત્–"શોધખોળનું ક્ષેત્ર ઘણુંજ વિશાળ છે. આધુનિક સમયમાં જૈન ધર્માનુયાયીઓ મુખ્યત્વે રાજપૂતાના અને પશ્ચિમ હિંદમાં માલૂમ પડે છે, પરંતુ સદાકાળ એમ ન હતું. પ્રાચીન-કાળમાં મહાવીરનો આ ધર્મ અત્યારના કરતાં ઘણોજ વધારે પ્રચલિત હતો. ઉદાહરણ તરીકે ઇસુની સાતમી સદીમાં આ ધર્મના અનુયાયીઓ વૈશાલી તથા પૂર્વ બંગાળામાં સંખ્યાબંધ હતા, કે જ્યાં અત્યારે નજીવી સંખ્યામાં છે. મેં પોતે બુન્દેલ-ખંડમાં અગીઆરમી તથા બારમી સદી લગભગમાં ત્યાં જૈનધર્મનો પ્રચાર હતો, તેના પુષ્કળ પુરાવા મેળવ્યા છે. દક્ષિણ તરફ આગળ વધીએ તો જે તામિલ તથા દ્રાવિડ દેશોમાં સૈકાંઓ સુધી જૈનધર્મનું શાસન હતું, ત્યાં આજે તે મોટે ભાગે અજ્ઞાત જેવું થઈ ગયું છે."

ઉપર કેટલાક દેશી તથા પરદેશી વિદ્વાનોના અભિપ્રાયોનો તથા કેટલાક અગત્યના અતિશય પ્રાચીન લેખોનો ટુંક પરિચય કરાવ્યો છે, કે જેમણે જૈન ઇતિહાસ તથા તેની પ્રાચીનતા ઉપર વિશેષ પ્રકાશ પાડી તેના અભ્યાસ માટે એક નવયુગની શરૂઆત કરી છે. તેના સિવાય વિવિધ સ્થળોમાં જુદા જુદા સમયના સેંકડો નહિ પરંતુ હજારો એવા જૈન-લેખ તથા બીજાં જૈન-સ્મારક મળ્યાં છે કે જેની મારફતે પ્રાચીન કાળમાં જૈનધર્મના પ્રભાવ તથા પ્રચાર વિષે જાણવાનું મળે છે. તે સિદ્ધ કરે છે કે જૈનધર્મનો

ભૂતકાળ તેજસ્વી હતો અને તે લાંબાકાળ સુધી રાજધર્મ પણ હતો. ક્ષત્રિયોએ એની જ્યોતિ ઝળહળતી બનાવી હતી, અને ક્ષત્રિયોદ્વારાજ તેને પુષ્ટિ મળી પ્રસિદ્ધિ થઈ હતી. મગધના શિશુનાગવંશી તથા મૌર્યવંશી નૃપતિઓ ઓરિસ્સાના રાજાધિરાજ, ખારવેલ ઉપરાંત દક્ષિણના કદમ્બ, ચાલુકય, રાષ્ટ્રકૂટ, રટ્ટ, પલ્લવ, સન્તાર આદિ અનેક પ્રાચીન રાજવંશી દ્વારા આ ધર્મની ઉન્નતિ તથા પ્રખ્યાતિ થઇ, એવું લેખોથી સાબિત થઇ ચૂકયું છે.

જૈનધર્મની પ્રાચીનતાના વિષયમાં ઉપરોક્ત વિદ્વાનોના અભિપ્રાય ઉપરાંત પાશ્ચાત્ય વિદ્વાનોમાં વિલ્સન સાહેબ[1] પુરાણવેત્તા વેલફાઇ સાહેબ[2], તથા ડોકટર જોન્સ જાજ બ્હૂલર[3] તથા મિ૦ કોલબ્રુક[4] તથા ટોમસ વિગેરેના ભિન્ન ભિન્ન અભિપ્રાયો છે. બધાના અભિપ્રાય સપ્રમાણ છે, પરંતુ બધાથી ઉમદા અભિપ્રાય જનરલ જે આર. ફારલંગનો છે. તે કહે છે કે ઇસ્વી સન પૂર્વે ૧૫૦૦ ની સાલથી ૮૦૦ ની સાલ સુધી એટલે કે અજ્ઞાત કાળથી પશ્ચિમ તથા ઉત્તર હિંદમાં તુરાનિઓ કે જે પોતાને દ્રાવિડ પણ કહેવડાવતા હતા, તથા વૃક્ષ, સર્પ અને લિંગની પૂજા કરતા હતા તેમનું શાસન સર્વોપરી હતું. તે કાળમાં ભારતવર્ષમાં એક પ્રાચીન સંસ્કૃત દાર્શનિક તથા મુખ્યત્વે નૈતિક, સદા-

1 Wilson's—Mackenzie collection, and "Sanskrit Dictionary", 1st Ed., Page XXXIV.

2 And Atles Indian, Page 160.

3 The Jains Page 23–23.

4 Miscellanous Essays, Vol. 1 Page 380

ચાર અને ઘોર તપશ્ચર્યાવાળો ધર્મ અર્થાત જૈનધર્મ મોજુદ હતો કે જેમાંથી બ્રાહ્મણ તથા બૌદ્ધ ધર્મોની શરૂઆતની સંન્યાસની ભાવના ઉત્પન્ન થઇ. આર્યો ગંગા કે સરસ્વતી સુધી પહોંચ્યા તે સમયથી ખૂબ પહેલાં જૈનોએ પોતાના ૨૨ સન્તો અથવા તીર્થંકરો કે જેઓ ઇસ્વીસન પૂર્વે આઠમી કે છઠ્ઠી સદીના ઐતિહાસિક ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની પૂર્વે થયા હતા, તેમની મારફત ઉપદેશ મેળવ્યો હતો અને શ્રી પાર્શ્વનાથ પોતાની પહેલાંના બધા તીર્થંકરો કે જેઓ લાંબા લાંબા સમયને ગાળે થયા હતા, તેમને વિષેનું જ્ઞાન ધરાવતા હતા. તેમને અનેક એવા ગ્રન્થો યાદ હતા કે જે તે કાળમાં પણ "પૂર્વી અથવા પુરાણો" એટલે પ્રાચીન તરીકે પ્રસિદ્ધ હતા, તથા જે જુગ જુગથી પ્રખ્યાત એવા વાનપ્રસ્થો દ્વારા કંઠસ્થ થઇ ઉતરી આવ્યા હતા. આ મુખ્યત્વે એક જૈન સંપ્રદાય હતો કે જેને તેના સમસ્ત તીર્થંકરો તથા ખાસ કરીને ઇસ્વીસનની પૂર્વેની છઠ્ઠી શતાબ્દિના ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી જે ઇસ્વીસન પૂર્વે ૫૯૮ થી ૫૨૬ ની સાલમાં થયા તેમણે વ્યવસ્થિત રાખ્યો હતો. મેં મારી Study No. 1. તથા Sacred Books of the East, Vol XXII તથા XLV માં પ્રદર્શિત કર્યા મુજબ આ મત દૂરના બાક્ટ્રિઆ (Baktria) તથા ડેસિયા (Decia)માં ચાલુ રહ્યો. [1]

જેટલા પ્રમાણમાં પ્રમાણનો મને ટેકો છે, ત્યાં લગી હું જૈન ધર્મને આધુનિક કાળનો કહી શકતો નથી. વિષ્ણુ પુરાણ

---

1 Short studies in the Science of comparative religions, Page 243-244.

વિગેરે કેટલાંક પુરાણોમાં પણ જૈન ધર્મનો ઉલ્લેખ છે. જૈનોના અનેક ગ્રંથો જોતાં એમ માલૂમ પડ્યું છે કે છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ઉર્ફે વર્ધમાન શકરાજ પૂર્વે ૬૦૫ વર્ષ પહેલાં એટલે કે ઇસુની પૂર્વે ૫૨૭ વર્ષ પહેલાં મોક્ષ ગતિને પામ્યા.

મારા વિવેચનનો અર્થ એમ છે, કે જે સમયે શાક્ય બુદ્ધનો જન્મ પણ ન્હોતો થયો તેના પણ ઘણાજ કાળ પૂર્વે જૈન ધર્મ પ્રચલિત હતો, ઘણાજ પ્રાચીન જૈનશ્રુતમાં બૌદ્ધ કે બુદ્ધદેવના પ્રસંગનું વર્ણન સરખુંય આવતું નથી, જ્યારે લલિતવિસ્તર વિગેરે ઘણાજ પ્રાચીન બૌદ્ધ ગ્રંથોમાં 'નિર્ગ્રન્થ' નામથી જૈનો વિષે ઉલ્લેખ મળી આવે છે.

બૌદ્ધ તથા જૈનધર્મનું કેટલાક વિષયોમાં સામ્ય લાગતું હોવાને લીધે જૈનધર્મને પરિવર્તી કહી શકાતો નથી. સામ્ય હોવાને લીધે જો તે પરિવર્તી હોય તો એજ રીતે બૌદ્ધધર્મ પણ પરિવર્તી સિદ્ધ થાય છે. આ પ્રમાણે ઉપરનાં પ્રમાણોથી જૈનધર્મ એ બૌદ્ધધર્મથી પૂર્વનો છે તે સિદ્ધ થાય છે.

જૈનગ્રન્થોમાં એવું વર્ણન આવે છે કે જૈનધર્મ અનાદિ છે તથા ઉત્સર્પિણી, અવસર્પિણી કાળના ત્રીજા તથા ચોથા કાળમાં ચોવીસ તીર્થંકરોનાં પ્રાગટ્ય થઇને ધર્મનો પ્રકાશ થયા કરે છે. જૈનધર્મનો અભિપ્રાય છે કે સૃષ્ટિ અનાદિ છે-તેનો કોઇ સરજનહાર કે સંહારનાર નથી જે કંઇ ફેરફાર તેમાં થાય છે તે પોતાની મેળે સમયના ફરવા સાથે થયા કરે છે. જૈન મત પ્રમાણે જમ્બુદ્વીપની મધ્યમાં ભરતક્ષેત્ર તથા ઐરાવતક્ષેત્રમાં ઉન્નતિ

તથા અવનતિરૂપ સમયનું પરિવર્તન થયા કરે છે. ઐરાવત ક્ષેત્રની વાતને જતી કરીએ કેમકે તેની સાથે આપણો ખાસ સંબંધ નથી. ત્યાં ભરતક્ષેત્રની માફકજ તીર્થંકર વિગેરે પ્રગટ થયા કરે છે. બીજી બધી બાબતો પણ ભરતક્ષેત્રના જેવીજ છે. ઉન્નતિરૂપી સમયને ઉત્સર્પિણી તથા અવનતિરૂપી સમયને અવસર્પિણી કહેવામાં આવેછે. આ બંને કાળનું પ્રમાણ ૧૦–૧૦ કોડા કોડી સાગર* ગણવામાં આવે છે. ૨૦ કોડા કોડી સાગર પ્રમાણકાલ-એક ઉત્સર્પિણી તથા અવસર્પિણી મળી–એક કાલ ચક્ર થાય છે.

જેમ ઉપર જણાવવામાં આવ્યું છે તેમ જૈન લોકો સૃષ્ટિ ઉત્પાદક ઇશ્વરને નથી માનતા, પરંતુ "જિન" અથવા "અર્હંત"ને તેઓ ઇશ્વર માને છે, અને તેની સ્તુતિ કરે છે. કેટલાક લોકોના મત પ્રમાણે શ્રી મહાવીર સ્વામીજી જૈન ધર્મના સંસ્થાપક હતા. પરંતુ જૈન વિદ્વાનોના કહેવા મુજબ એમ નથી. મહાવીર સ્વામીની પહેલાં આ અવસર્પિણી કાળમાં ત્રેવીસ તીર્થંકર થઇ ગયા છે. જેમણે સંસારમાં યુગે યુગે અવતરીને સંસારની મુક્તિ તથા સાધુપુરૂષોના રક્ષણને માટે સત્યધર્મનો અથવા તો યુગ ધર્મનો પ્રચાર કર્યો છે. આગળ ઉપર અમે તે સઘળા તીર્થંકરોની

* ચાર કોસ પહોળો અને ચાર કોસ ઉંડો એક કુવો ૭ દિવસના અવતરેલા બાળકના આંખોમાં આંજતાં સહેજ પણ પીડા ન થાય એવા અંજનના જેવા વાળથી ઠાંસ ઠાંસ ભરવામાં આવે. ત્યાર પછી સો વર્ષ વીતી ગયા પછી તેમાંથી એક અણુ પરમાણુ લેવામાં આવે. આ પ્રમાણે તે આખો કુવો ખાલી થવામાં જે સમય લાગે છે તેને એક પલ્ય કહેવામાં આવે છે. એવા ૧૦ કોડા કોડી કુવા ખાલી થવામાં જે સમય લાગે છે તેને એક સાગર કહે છે.

નામાવલી આપી તેમનો થોડો ઘણો પરિચય પણ કરાવવા યત્ન કરીશું સૌથી પહેલા તીર્થંકરનું નામ ઋષભદેવ હતું. તે ક્યારે થઇ ગયા તે દર્શાવવું મુશ્કેલ છે પણ જૈનગ્રન્થો મુજબ એમ કહી શકાય કે તેઓ કરોડો વર્ષ જીવ્યા હતા. એમની કથા ભાગવત આદિ પુરાણોમાં પણ છૂટી છવાઇ આવેછે. જૈનગ્રન્થો મુજબ ઋષભદેવની પછીના તીર્થંકરોનો આયુષ્ય-કાળ ક્રમેક્રમે ઘટતો આવ્યો છે અને તે પણ એટલે સુધી કે ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથનો આયુષ્યકાળ માત્ર સો વર્ષનો ગણવામાં આવે છે. એમપણ કહેવામાં આવે છે કે મહાવીર સ્વામી પૂર્વે માત્ર અઢીસો (૨૫૦) વર્ષ પહેલાંજ પાર્શ્વનાથ સ્વામી નિર્વાણ પદને પામ્યા. મહાવીર સ્વામી ચોવીસમા તીથકર હતા. જેમનું સંક્ષિપ્ત જીવનચરિત્ર જૈન ગ્રન્થોના આધારે આ પ્રમાણે છેઃ—

ઇસ્વી સન પૂર્વેના પાંચમા સૈકામાં પ્રાચીન વિદેહ રાજવંશની રાજધાની વૈશાલી નગરી (પ્રાચીન વૈશાલી નગરી અત્યારે મુજફ્ફરપુર જીલ્લામાં "બસાઢ" અથવા 'બખીરા" નામે ગામ છે) ભારતવર્ષની એક અત્યંત સમૃદ્ધ નગરી હતી. આ નગરીમાં એકપ્રકારનું પ્રજા-સતાક રાજ્ય હતું. આ પ્રજાતન્ત્રના સંચાલકો "લિચ્છવિ" લોકો હતા, કે જેઓ પોતાને "રાજા" કહેવડાવતા હતા. વૈશાલીની બહાર પડોશમાંજ કુણ્ડગ્રામ (અર્વાચીન વસુકુણ્ડ ગામ) નામે ગામ હતું. તેમાં સિદ્ધાર્થ નામે એક શ્રીમંત તથા કુળવાન ક્ષત્રિય રહેતો હતો. તે "જ્ઞાતૃક" નામના ક્ષત્રિયોનો નાયક હતો. તેની રાણીનું નામ "ત્રિશલા" હતું. તે વૈશાલીના અધિરાજ ચેટકની ભગિની હતી. ચેટકરાજની કુંવરીનું લગ્ન મગધાધિરાજ બિમ્બિસારની સાથે થયું હતું. આ પ્રમાણે સિદ્ધાર્થને મગધના રાજકુટુંબ સાથે પણ

ગાઢો સંબંધ હતો. સિદ્ધાર્થને એક કન્યારત્ન અને બે પુત્રો હતા. નાના કુંવરનું નામ વર્ધમાન હતું. આજ વર્ધમાન ભવિષ્યમાં "મહાવીર" નામે વિખ્યાત થયા.

વર્ધમાનના જન્મપ્રસંગે રાજા સિદ્ધાર્થને ત્યાં મોટો ઉત્સવ ઉજવવામાં આવ્યો. મોટા થતાં જ્યારે તેને વિદ્યાભ્યાસને માટે શાળામાં મોકલવામાં આવ્યા અને ગુરૂજીએ અક્ષરો શરૂ કરાવતાં "ક" પાટી ઉપર લખી આપ્યો, તો તેણે "ક" ની સાથે સાથે "જ્ઞ" સુધીના બધા વ્યંજનો લખી નાખ્યા. કદાચ માતાએ ઘેર કક્કો શીખવ્યો હશે એમ માનીને ગુરૂજીએ તેને ૧થી૧૦ સુધીના આંકડા લખી આપી મુખપાઠ કરવા આપ્યા ત્યારે વર્ધમાને પોતે સો સુધીના આંક ઉપરાંત પાડા-ગડીઆ પણ લખી આપ્યા. ત્યારપછી સાક્ષાત્ ઇન્દ્રદેવ પધાર્યા અને કહેવા લાગ્યા. "એને શું શીખવો છો ? અને શું જ્ઞાન આપો છો ? એ તો જાતે જ્ઞાની છે." અસ્તુ.

યોગ્ય ઉંમરે પહોંચતાં યશોદા નામની એક રાજકુમારી સાથે તેનું લગ્ન કર્યું. આ લગ્નથી વર્ધમાનને એક કન્યારત્નની પ્રાપ્તિ થઇ. જેનું પાછળથી જમાલિની સાથે લગ્ન કરવામાં આવ્યું. જ્યારે વર્ધમાન "જિન" અથવા "અર્હત"ની પદવી મેળવી સ્વધર્મોત્તેજક થયા ત્યારે જમાલિ પોતાના સસરાનો શિષ્ય બન્યો. આને લીધે પાછળથી જૈનધર્મમાં પહેલી વખત મતભેદ પડ્યો. માતાપિતાના દેવલોક પામ્યા પછી જ્યેષ્ઠ બંધુ નન્દિવર્ધનની આજ્ઞા મેળવી ત્રીસ વરસની ઉંમરે વર્ધમાને સંસારમાંથી મુક્તિ મેળવવા માટે ભિક્ષુક જીવનનો અંગીકાર કર્યો. ભિક્ષુસંપ્રદાયનો અંગીકાર કર્યા પછી વર્ધમાને ઘોર તપશ્ચર્યા કરવી શરૂ કરી, તે એટલેસુધી કે લાગલાગટ તેર મહીના

સુધી તો તેમણે વસ્ત્ર પણ બદલ્યું નહિ. એ તપશ્ચર્યાના પ્રભાવથી વર્દ્ધમાનના જીવનમાં માત્ર આટલોજ પલટો થયો એમ નહિ પરંતુ તેમનો વિશ્વ–બંધુત્વ ભાવ પણ એટલો બધો વૃદ્ધિગત થયો કે કીડી મંકોડી વિગેરે નાના વિધ ક્ષુદ્ર જીવજંતુઓ પણ સ્વચ્છન્દતાથી તેમના શરીર ઉપર ભ્રમણ કરવા લાગ્યાં. ત્યારબાદ તે કોઈપણ જાતની સ્પૃહા વિના બેધડક વિચરવા લાગ્યા. લાગલાગટ ધ્યાન ધરી નિરંતર પવિત્ર જીવન ગાળી, તથા ખાનપાન સંબંધી કડકમાં કડક નિયમો પાળી. પોતાની ઇન્દ્રિયો ઉપર સંપૂર્ણ કાબુ મેળવી તેઓ જીતેન્દ્રિય બન્યા. તેઓ ગોસાઇ થઇ ગયા. કોઇ પણ પ્રકારના ભય સિવાય ઘોર અરણ્યોમાં વસતા અને કોઇ કોઇવાર એક સ્થળેથી બીજે સ્થળે વિચરતા હતા. સંસારના સમય સમયના મહાપુરૂષો ઉપર ગુજારવામાં આવેછે. તેવા ઘોર અત્યાચારો કેટલીક વખત તેમની ઉપર ગુજારવામાં આવ્યા, પરંતુ તેમનો પોતાની ઇન્દ્રિયો ઉપર એટલો બધો સંયમ હતો કે દરેક પ્રકારનો બદલો લેવાની ભીષણ શકિત હોવા છતાં તેમણે પોતાના હૃદયમાંથી ધૈર્ય તથા શાન્તિને સહેજ પણ ચળવા દીધાં નહોતાં. તેમજ પોતાના અત્યાચારીઓ પ્રત્યે કદી રોષ સરખો પણ બતાવ્યો નહોતો.

એક વખત જ્યારે તે રાજગૃહની પાસે નાલન્દમાં હતા. ત્યારે ગોશાલ મંખલિપુત્રની સાથે તેમનો મેળાપ થયો. ત્યાર પછી કેટલાંય વર્ષો સુધી મહાવીર સ્વામીનો તેની સાથે ઘણો ગાઢ સંબંધ રહ્યો. બંને જણે છ વર્ષ સાથે રહી ઘણી ઉગ્ર તપશ્ચર્યા કરી. પછીથી ગોશાળ ગર્વિષ્ઠ બની મહાવીર સ્વામીની સાથે અણબનાવ કરી તેમનાથી વિખુટો પડયો. વિખુટા પડયા

પછી તેણે પોતાનો અલગ સંપ્રદાય સ્થાપ્યો, અને "મેં તો તીર્થંકર અર્થાત્ અર્હંતનું પદ પ્રાપ્ત કર્યું છે" એમ કહેવા લાગ્યો. આ પ્રમાણે મહાવીર સ્વામી તીર્થંકર થયા તેનાથી બે વર્ષ પહેલાં ગોશાલાએ જગત સમક્ષ પોતાનો તીર્થંકર હોવાનો દાવો રજુ કર્યો. તેણે જે સંપ્રદાય સ્થાપ્યો તે "આજીવિક" સંપ્રદાયના નામથી પ્રસિદ્ધ છે. ગોશાલાના સિદ્ધાંતો અને વિચારો સંબંધી માત્ર બૌદ્ધ તથા જૈન ગ્રન્થોદ્વારાજ જાણી શકાય છે. ગોશાલા તથા તેના અનુયાયીઓ (આજીવિક લોકો) પોતાના સંપ્રદાયને લગતો એક પણ ગ્રન્થ પાછળ મૂકી ગયા નથી. જૈન ગ્રંથોમાં ગોશાલા સંબંધી ઘણીજ કઠોર ભાષા વાપરવામાં આવી છે, એ ઉપરથી વાંચક સમજી શકશે કે જૈનો અને આજીવિકોમાં ભારે મતભેદ હતો, અને એ મતભેદને લીધેજ મહાવીર સ્વામીના પ્રભાવને પ્રારંભકાળમાંજ સજ્જડ ધોકો પહોંચ્યો. ગોશાલાની ખાસ બેઠક શ્રાવસ્તી નગરીમાં એક પ્રજાપતિ-કુંભારની દુકાન હતી. એ દુકાન હાલહલા નામની સ્ત્રીની માલિકીની હતી. એમ માલુમ પડેછે કે શ્રાવસ્તી નગરીમાં ગોશાલાની ખ્યાતિ ઘણી સારી હતી.

બાર બાર વર્ષ ઉગ્ર તપશ્ચર્યા કર્યા બાદ તેરમા વર્ષે મહાવીર સ્વામીએ સાંસારિક સઘળાં સુખદુખનાં બંધનમાંથી મુક્તિ અપાવે તેમજ જેનાથી અવર્ણનીય અલૌકિક આનંદ તથા "वसुधैव कुटुम्बकम्"ની ભાવનાથી મન હંમેશાં તરબોળ રહે એવું સર્વશ્રેષ્ઠ જ્ઞાન તથા કૈવલ્યપદ પ્રાપ્ત કર્યું. અસ્તુ. આજ સમયથી મહાવીર સ્વામી પોતાને "જિન" અથવા "અર્હંત" કહેવડાવવા લાગ્યા. આ વખતે તેમની ઉંમર બેતાલીસ વર્ષની હતી, અને ત્યારથીજ તેમણે પોતાના ધર્મનો પ્રચાર કરવાનો

પ્રારંભ કર્યો. આધુનિક કાળમાં 'નિર્ગ્રન્થ'' (બન્ધન રહિત) શબ્દને બદલે "જૈન" (જિનનો શિષ્ય) શબ્દ વપરાશમાં આવે છે. મહાવીર સ્વામી સ્વયં "નિર્ગ્રન્થ" ભિક્ષુ તથા "જ્ઞાતૃ" વંશના હતા. તેથી તેમના પ્રતિસ્પર્ધી બૌદ્ધ લોકો તેમને 'નિર્ગ્રન્થ જ્ઞાતૃ-પુત્ર' કહેતા હતા. પોતાના ધર્મનો પ્રચાર કરવા તથા પરધર્મીઓને સ્વધર્મમાં લાવવા મહાવીર સ્વામીએ ત્રીસ વર્ષ સુધી દશે દિશાઓમાં ભ્રમણ કર્યું; ખાસ કરીને મગધ તથા અંગનાં રાજ્યોમાં (વર્તમાનકાળમાં જેને બિહાર તથા ઓરિસ્સા કહેવામાં આવે છે) પર્યટન કરીને તે મોટાં મોટાં નગરોમાં ગયા. તે વિશેષે કરીને લાંબો કાળ ચમ્પા, મિથિલા, શ્રાવસ્તી, વૈશાલી તથા રાજગૃહમાં વસવાટ કરતા. મગધના રાજા બિંબસાર તથા અજાતશત્રુ (કૂણિક) તેમના પરમભક્ત તથા શિષ્ય હતા. જૈન ગ્રન્થો ઉપરથી એમ જણાય છે કે મહાવીર સ્વામીએ મગધ રાજ્યના શિષ્ટ સમાજના સંખ્યાબંધ લોકોને સ્વધર્મના અનુયાયી બનાવ્યા હતા.

**મહાવીર સ્વામીનું નિર્વાણ:**— પટના જીલ્લાના પાવાપુર નામના એક પ્રાચીન નગરમાં રાજા હસ્તીપાલના મહેલમાં મહાવીર સ્વામીએ પોતાની ક્ષણભંગુર કાયાનો ત્યાગ કર્યો. જૈન ગ્રન્થોના આધારે મહાવીર સ્વામીનો નિર્વાણકાળ વિક્રમ સંવતની ૪૭૦ વર્ષ પૂર્વે (એટલે કે ઇસ્વી સન પૂર્વે ૫૨૭ વર્ષ) માનવામાં આવે છે. ડૉકટર હર્મન જૈકોબી મહાશયનું એમ કહેવું છે કે મહાવીર સ્વામીનો નિર્વાણ કાળ ૫૨૭ વર્ષ પૂર્વે માનવાથી બુદ્ધ તથા મહાવીર સમકાલીન થઇ શકતા નથી, તેમજ તેમનામાં પચાસ વર્ષનું અંતર પડી

જાય છે. પરંતુ અમે એ સાબિત કરી દેખાડવા માગીએ છીએ કે આટલું અંતર પડતું હોવા છતાં પણ ભગવાન મહાવીર તથા ભગવાન બુદ્ધ બંને સમકાલીન થઇ શકે છે. એટલું ચોક્કસ છે કે તેમની સમકાલીનતાનો સમય ઘણો થોડો પુરવાર થશે. અમે ભગવાન મહાવીરનો નિર્વાણ કાળ પર૭ વર્ષ પૂર્વે માનીએ છીએ, અને તે ઉપરથી એ સ્પષ્ટ છે કે તેમનો જન્મ ઇસ્વી સન પૂર્વે ૫૯૯ની સાલમાં થયો હતો. હવે જો બુદ્ધનો નિર્વાણ કાળ ઇસ્વી સન પૂર્વે ૪૮૭ની સાલ માનવામાં આવે છે તો એ દિવા જેવું સ્પષ્ટ છે કે તેમનો જન્મ ઇસ્વી સન પૂર્વે ૫૬૭માં થયો હોવો જોઇએ. આ ગણત્રીથી જોતાં બુદ્ધ લગભગ એક વર્ષ જેટલો કાળ ભગવાન મહાવીરના સમકાલીન હતા.

ઉપરોક્ત વિવેચનથી એ સ્પષ્ટ દેખાય છે કે ઘણો લાંબો વિચાર અને દલીલો કરતાં પણ મહાવીર સ્વામીનો સમય એજ નિર્ણીત થાય છે કે જે તેમની પ્રચલિત સંવત કહેવાય છે. વળી આ વિષયનો અન્ય અનેક ગ્રન્થોમાં સર્વાંશ ખુલાસો થઇ ગયો છે, તેથી અમે આ સ્થળે આ વિષય ઉપર લંબાણ વિવેચન ન કરતાં અત્રે વિરમવાનું ઉચિત ધારીએ છીએ.

**મહાવીર સ્વામીની પછી જૈનધર્મનું સંરક્ષણ**–મહાવીર સ્વામીની પછી વિક્રમ સંવત ૨૧૩ સુધી એટલે ઇ. સ. ૧૫૬ સુધી અગીઆર અંગ તથા ચૌદ પૂર્વોનું જ્ઞાન પ્રચલિત હતું. એમ કહેવાય છે કે મહાવીરની પછી ગૌતમ (ઇન્દ્રભૂતિ) સુધર્મ તથા જમ્બૂ નામના ત્રણ કેવલિયોએ જૈનધર્મને સુરક્ષિત

રાખ્યો. પછી ઇ. સ. પૂર્વે ૨૫૧ વર્ષ સુધી ભદ્રબાહુ વિગેરે પાંચ શ્રુતકેવલિયોએ આ ધર્મનાં તત્ત્વોનું સંરક્ષણ કર્યું. ત્યાર પછી ૫૨૧ વર્ષ સુધી (એટલે ઇ. સ. ૨૭૦ સુધી) દશ પૂર્વ, અગીઆર અંગ, ચાર અંગ તથા એક અંગના ધારકોએ જૈનધર્મને અબાધિત રાખ્યો.

ભગવાન મહાવીર પછી ૪૭૦ વર્ષ પછી વિક્રમાદિત્યે પોતાની સંવત ચલાવી, જેને ૧૯૮૭ વર્ષ થઇ ગયાં. આ ઉપરથી પુરવાર થાય છે કે આજથી ૪૭૦+૧૯૮૯=૨૪૫૭ વર્ષ પૂર્વે તો ભૂત-ભવિષ્ય તથા વર્તમાનનો વેત્તા તથા સઘળા સંશયો ટાળનાર પુરૂષ સંસારમાં હયાત હતો, અને કોઇને પણ કર્મ-સિદ્ધાંત, દયા ભાવ તથા જૈનધર્મ પર શંકા લાવવાનું કંઇ પ્રયોજન નહોતું.

એમ કહેવાય છે કે એકવાર શકેન્દ્ર મહાવીર સ્વામીને વંદના કરવા આવ્યા હતા, તેમણે પુછ્યું, "ભગવન્! આપના જન્મ નક્ષત્રમાં ત્રીજો ભસ્મગ્રહ ૨૦૦૦ વર્ષ સુધીનો બેઠો છે, એ શું સૂચવે છે?" ભગવાને ઉત્તર આપ્યો, "૨૦૦૦ વર્ષ સુધી શ્રમણ-નિર્ગ્રન્થ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા વિગેરેની ઉદય પૂજા થશે નહિ. આ ભસ્મગ્રહનો લોપ થયા પછી ફરીથી ધર્મ તેજસ્વીરૂપે પ્રગટી નીકળશે. અને પૂજ્ય પુરુષોનો આદરસત્કાર થશે."

શ્રી મહાવીરના પટ્ટશિષ્ય ગૌતમઋષિને કાર્તિક સુદ ૧ ના મનોરમ્ય પ્રભાત કાળે કેવલજ્ઞાન પ્રાપ્ત થયું, અને તેમણે બાર વર્ષ તપ કરીને કર્મોનો ધ્વંસ કરી મોક્ષગતિ મેળવી.

(૧) શ્રી ગૌતમને જે દિવસે કેવલજ્ઞાન પ્રાપ્ત થયું, તેજ દિવસે શ્રી મહાવીરની પાટ પર પાંચમા ગણધર સુધર્મ સ્વામીને બેસાડવામાં આવ્યા. આ સુધર્મ સ્વામી કોલક ગામના વૈશ્યાયન ગોત્રના હતા. તેમણે ૫૦ વર્ષ ગૃહસ્થાશ્રમમાં ગાળ્યાં અને ૩૦ વર્ષ ભગવાનની સેવામાં ગાળ્યાં. બાદ બાર વર્ષ સુધી ગુપ્ત રીતે આચાર્યપદ પર રહ્યા. અને પછીથી કેવલજ્ઞાની થઇ આઠ વર્ષ પછી મોક્ષ પામ્યા.

(૨) તેમની પછી શ્રી જમ્બૂસ્વામી પાટ ઉપર વિરાજ્યા. તેમનો જન્મ રાજગૃહ નગરના કાશ્યપ ગોત્રી શેઠ ઋષભદત્તની ધર્મપત્ની ધારિણીને પેટે થયો હતો. સોળ વર્ષ ગૃહસ્થજીવન ગાળ્યા પછી, આઠ સ્ત્રી તથા નવ્વાણું કરોડની માલમત્તાને તિલાંજલી આપી ૫૨૭ માણસોની સાથે દીક્ષા લીધી અને ૮૦ વર્ષની ઉંમરે મોક્ષે ગયા. શ્રી મહાવીર સ્વામીની મોક્ષગતિ થયા બાદ ૧૨ વર્ષ ગૌતમસ્વામી, ૮ વર્ષ સુધર્મસ્વામી અને ૪૪ વર્ષ સુધી જમ્બુસ્વામી કેવલીપદથી શોભાયમાન હતા. તેમના પછી કોઇ કેવલી ઉત્પન્ન થયો નથી એટલે કે કેવલજ્ઞાનનો વિચ્છેદ થયો.

જમ્બૂસ્વામીના મોક્ષ ગમન વખતે (વિક્રમ સંવત પૂર્વે ૪૦૬ વર્ષ) દશ વચનનો વિચ્છેદ થયો. (૧) મનઃપર્યવ જ્ઞાન (૨) પરમાવધિ જ્ઞાન (૩) પુલાક લબ્ધિ (૪) આહારિક શરીર (૫) કૈવલ્ય (૬) ક્ષાયક સમ્યકત્વ (૭) જિનકલ્પી સાધુ (૮) પરિહાર વિશુદ્ધ ચારિત્ર (૯) સૂક્ષ્મસંપણ્ય ચારિત્ર અને (૧૦) યથાખ્યાત ચારિત્ર–આ દશ વચનનો નાશ થયો.

(૩) જમ્બૂસ્વામીની પછી પ્રભવ સ્વામી થયા. તે વીર સંવત ૭૬માં દેવલોક પામ્યા. (૪) પછીથી સ્વયંભવ સ્વામી ૯૮ની સાલમાં (૫) યશોભદ્ર સ્વામી ૧૪૮માં અને (૬) સંભૂતિ વિજય વીર સંવત ૧૫૬માં સ્વર્ગસ્થ થયા. તેમની પછી:—

| | | | |
|---|---|---|---|
| (૭) ભદ્રબાહુ | વીર | સંવત | ૧૭૦માં. |
| (૮) સ્થૂલભદ્ર | ,, | ,, | ૨૧૫માં. |
| (૯) મહાગિરી સ્વામી | ,, | ,, | ૨૪૬માં. |
| (૧૦) સુહસ્તિ સ્વામી | ,, | ,, | ૨૬૫માં. |
| (૧૧) સુપ્રતિ બુદ્ધ | ,, | ,, | ૩૧૬માં. |
| (૧૨) ઇન્દ્ર દીન | | | |
| (૧૩) આર્ય દીન | ,, | ,, | ૩૧૩–૫૮૪ |
| (૧૪) વયર સ્વામી | | | |
| (૧૫) વજ્રસેન સ્વામી | ,, | ,, | ૬૨૦માં |

દેવલોક પામ્યા. હવે આમાંના ચૌદની સંક્ષિપ્ત જીવન રૂપરેખા અત્રે આપીશું.

(૩) **પ્રભવ સ્વામી**—વિન્ધ્યાચળ પર્વતની પાસે જયપુર નામે નગરના રાજા વિન્ધ્યના એ પુત્ર હતા. પિતાની સાથે વિરોધ થવાથી તેમણે ગૃહત્યાગ કર્યો હતો. તેમનું ગોત્ર કાત્યાયન હતું. ૩૦ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમી રહ્યા બાદ તેમણે દીક્ષા લીધી હતી. વીર સંવત ૭૫માં તેમણે પોતાનું ૧૦૫ વર્ષનું આયુષ્ય સમાપ્ત કર્યું. (વિક્રમ સંવત પૂર્વે ૩૯૫ વર્ષ.)

(૪) **સ્વયમ્ભવ સ્વામી**—રાજગ્રહના વાત્સ્યાયન ગોત્રના આ મહોદયે ૨૮ વર્ષ ગ્રહસ્થાશ્રમમાં ગાળ્યા પછી દીક્ષા લીધી અને અગીઆર વર્ષ પછી યુગ પ્રધાનની પદવી મેળવી. ૬૨

વર્ષનું આયુષ્ય ભોગવી વીર સંવત ૯૮માં તેમનો સ્વર્ગવાસ થયો. (વિ. સં. પૂ. ૩૭૨ વર્ષ.)

(૫) **યશોભદ્ર સ્વામી**—તુંગીયાયન ગોત્ર; ૨૨ વર્ષ ગૃહવાસ, ૧૪ વર્ષ વ્રત પર્યાય, ૫૦ વર્ષ યુગ-પ્રધાન પદવી. અને ૮૬ વર્ષની ઉંમરે તેમનો સ્વર્ગવાસ થયો. (વીર સંવત ૧૪૮ અને વિક્રમ સંવત પૂર્વે ૩૨૨ વર્ષ.)

(૬) **સંભૂતિ વિજય સ્વામી**—માઢર ગોત્ર, ૪૨ વર્ષ ગૃહવાસ, ૪૦ વર્ષ વ્રત પર્યાય, ૮ વર્ષ યુગ-પ્રધાન પદવી. અને ૯૦ વર્ષની ઉંમરે દેવલોક પામ્યા. (વીર સંવત ૧૫૬ અને વિ. સં. પૂ. ૩૧૪ વર્ષ.)

(૭) **ભદ્રબાહુ સ્વામી**—પ્રાચીન ગોત્રી, ૪૬ વર્ષ ગૃહવાસ, ૧૭ વર્ષ વ્રત પર્યાય, ૧૪ વર્ષ યુગ-પ્રધાન પદવી અને ૭૬ વર્ષની વયે સ્વર્ગસ્થ થયા. (વીર સંવત ૧૭૦, વિ. સં. પૂ. ૩૦૦) તેમના ભાઇનું નામ વરાહમિહિર હતું તેમણે જૈન સાધુપણાનો ત્યાગ કરી "વરાહ-સંહિતા" નામનો ગ્રન્થ રચ્યો, મને મળેલાં પુસ્તકોમાંના એકમાં લખ્યું છે કે:-આ મુનિ ચૌદ પૂર્વનું જ્ઞાન ધરાવતા હતા. તેમના સમયમાં દુકાળ પડવાથી ચારે પ્રકારના સંઘના લોકો ઉપર ભારે આપત્તિ આવી. તે વખતે પાટલીપુત્ર શહેરમાં શ્રાવકોનો સંઘ એકત્ર થયો; અને સૂત્રોનું અધ્યયન વિગેરે કરવાનો નિશ્ચય કર્યો તેથી સ્થિતિમાં સહજ ફેર પડયો. આ જોઇને તેઓએ બે સાધુઓને ભદ્રબાહુ સ્વામીને તેડાવવા નેપાળ મોકલ્યા. તેમણે સંજોગો લક્ષમાં લઈ બાર વર્ષ પછી આવવાને જણાવ્યું. બાર વર્ષનો

દુકાળ પુરો થતાં સાધુઓ એકત્ર થઇ સૂત્રોને મેળવવા લાગ્યા અને જ્ઞાનનો વિચ્છેદ થતો જોઇને સ્થૂલભદ્ર વિગેરે પાંચ સાધુઓને ફરીથી ભદ્રબાહુ સ્વામી પાસે નેપાળ મોકલ્યા. ચાર સાધુઓ તો રસ્તામાંજ હિમત હારી ગયા, પરંતુ સ્થુલભદ્રે ૧૦ પૂર્વ જ્ઞાનનો અભ્યાસ કર્યો. ૧૧મા પૂર્વનો અભ્યાસ કરતાં કરતાં તેમને વિદ્યા અજમાવવાની વૃત્તિ થઇ. આથી જ્યારે ભદ્રબાહુ સ્વામી બહાર ગયા, ત્યારે સ્થૂલભદ્ર સિંહનું રૂપ ધારણ કરીને ઉપાશ્રયમાં બેઠા. પાછા ફરતાં ગુરૂએ આ બધું જોયું, અને તેથી તેમને વિચાર આવ્યો કે વિદ્યાને કાયમ રાખી શકે–તેને પચાવી શકે એવો સમય હવે નથી રહ્યો. આથી આગળ શીખવવાનું બંધ કર્યું. પરંતુ તેમ કરવા છતાં શ્રી સંઘના અત્યંત આગ્રહને વશવર્તી બાકીના પૂર્વનાં માત્ર મૂળતત્ત્વો શિખવ્યાં, અર્થ સમજાવ્યો નહિ. સ્થૂલભદ્રના અવસાન પછી ચાર વર્ષ પછી પ્રથમ સંઘયણ તથા પ્રથમ સંસ્થાનનો નાશ થયો.

(૮) **સ્થૂલભદ્ર સ્વામી**—પાટલીપુત્રના ગૌતમ ગોત્રના સગડાલના પુત્ર ૩૦ વર્ષ ગૃહવાસ, ૨૪ વર્ષ વ્રત પર્યાય, ૪૫ વર્ષ યુગ–પ્રધાન પદવી, ૯૯ વર્ષની ઉમરે સ્વર્ગવાસ થયો (વીર સંવત ૨૨૫, વિ. સં. પૂ. ૨૫૫.)

(૯) **શ્રી આર્ય મહાગિરિ સ્વામી**—લાપત્ય ગોત્ર, ૩૦ વર્ષ ગૃહવાસ, ૪૦ વર્ષ વ્રત પર્યાય, ૩૦ વર્ષ યુગ–પ્રધાન પદવી, ૧૦૦ વર્ષની વયે (વીર સંવત ૨૪૫ અને વિ. સ. પૂ. ૨૨૫) સ્વર્ગવાસ થયો. આ સમયમાં આર્ય મહાગિરિના શિષ્ય વદીશ, તેમના શિષ્ય ઉમાસ્વામી અને તેમના શિષ્ય શ્યામાચાર્યે પ્રજ્ઞા-

# આદર્શ મુનિ



હિન્દૂકુલસૂર્ય શ્રી ૧૦૮ શ્રી હિઝ હાઈનેસ મહારાજાધિરાજ
મહારાણા સાહેબ **શ્રીમાન** સર ભૂપાલસિંહજી સાહેબ બહાદુર,
કે. સી. આઇ. ઇ. ઓફ ઉદયપુર.

(પરિચય માટે જુઓ પ્રકરણ ૩૬મું)

A 7425—Lakshmi Art. Bombay. 8.

પના (પન્નવણા) સૂત્રની રચના કરી અને વીર સંવત ૩૭૬માં દેવલોક પામ્યા.

(૧૦) બલિસિંહજી (૧૧) સોવનસ્વામી (૧૨) વીરસ્વામી (૧૩) સ્થંડિલ સ્વામી (૧૪) જીવધર સ્વામી (૧૫) આર્ય સમેદ સ્વામી (૧૬) નંદીલ સ્વામી (૧૭) નાગહસ્તિ સ્વામી (૧૮) રેવંત સ્વામી. (૧૯) સિંહગણિજી, (૨૦) ડંડિલાચાર્ય, (૨૧) હેમવંત સ્વામી. (૨૨) નાગજિત સ્વામી, (૨૩) ગોવિન્દ સ્વામી, (૨૪) ભુતદીન સ્વામી. (૨૫) છોગગણિજી, (૨૬) દુસહગણિજી અને (૨૭) દેવર્ધિગણિજી ક્ષમાશ્રમણ થયા.

વીર સંવત ૯૮૦ એટલે વિક્રમ સંવત ૫૧૦માં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે મહાવીર સ્વામી વિરચિત તત્ત્વોને વલ્લભીપુર નગરમાં પુસ્તક રૂપે પ્રગટ કર્યાં, અર્થાત તેમના વખતથી લિપિબદ્ધ સૂત્રો પ્રગટ થવાં શરૂ થયાં. આ બાબતમાં એ વાત પ્રસિદ્ધ છે કે એક વખત દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ એક સુંઠનો ગાંઠીયો વહોરીને લાવ્યા હતા, પરંતુ તેને ઉપયોગમાં લેવાનું વિસરી ગયા. થોડા સમય બાદ તેમને યાદ આવ્યું તેથી વિચાર કરવા લાગ્યા કે અત્યારથી મનુષ્યોની સ્મરણશક્તિ ઘટવા લાગી છે, તો સમયના વહેવા સાથે વિશેષ ઘટી જશે, અને શાસ્ત્રોનું સ્મરણ રહેશે નહિ. તેથી તેનું પુસ્તક તૈયાર કરવામાં આવે તો બધાં શાસ્ત્ર લિપિબદ્ધ થઈ જાય, અને તેમાંથી ઘટાડો થવાનો સંદેહ હમેશને માટે નાબૂદ થાય. બસ! આજ દુરંદેશીપણાથી પ્રેરાઈને તેમણે શાસ્ત્રોને લિપિબદ્ધ કર્યાં.

દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની પાટ ઉપર અનુક્રમે (૨૮) વીરભદ્ર (૨૯) શંકરભદ્ર (૩૦) યશોભદ્ર (૩૧) વીરસેન (૩૨) વીરસંગ્રામ (૩૩) જિનસેન (૩૪) હરિસેન (૩૫) જયસેન (૩૬) જગમાલ

(૩૭) દેવઋષિ (૩૮) ભીમઋષિ (૩૯) કર્મઋષિ (૪૦) રાજ-ઋષિ (૪૧) દેવસેન (૪૨) શંકરસેન (૪૩) લક્ષ્મીલાભ (૪૪) રામઋષિ (૪૫) પદ્મસૂરિ (૪૬) હરિસ્વામી (૪૭) કુશલદત્ત (૪૮) ઉવનીઋષિ (૪૯) જયસેન (૫૦) વિજયઋષિ (૫૧) દેવસેન (૫૨) સૂરસેન (૫૩) મહાસૂરસેન (૫૪) મહાસેન (૫૫) ગજસેન (૫૬) જયરાજ (૫૭) મિશ્રસેન (૫૮) વિજયસેન (૫૯) શિવ-રાજજી (૬૦) લાલજી ઋષિ અને (૬૧)મા જ્ઞાનજી ઋષિ થયા. તેમની પછી (૬૨) ભાણજી ઋષિ (૬૩) રૂપજી ઋષિ (૬૪) જીવ-રાજજીઋષિ (૬૫) તેજરાજજી ઋષિ (૬૬) કુંવરજીસ્વામી (૬૭) હર્ષઋષિજી (૬૮) ગોધાજી સ્વામી (૬૯) પરશુરામજી સ્વામી (૭૦) લોકપાલજી સ્વામી (૭૧) મહારાજજી સ્વામી (૭૨) દૌલતરામજી સ્વામી (૭૩) લાલચંદજી સ્વામી (૭૪) હુકમી-ચંદજી સ્વામી (૭૫) શિવલાલજી સ્વામી (૭૬) ઉદયચંદ્રજી સ્વામી (૭૭) ચૌથમલજી સ્વામી ફરીથી:—

(૭૭) ચૌથમલજી સ્વામી

| પૂજ્યશ્રી શ્રીલાલજી મહારાજ. | પૂજ્યશ્રી મન્નાલાલજી મહારાજ |
|---|---|

પૂજ્યશ્રી મન્નાલાલજી મહારાજના સંપ્રદાયમાં હીરાલાલજી મહારાજ થયા, જેમના શિષ્ય આપણા ચરિત્રનાયક છે. ઉપરોક્ત સઘળા પૂજ્ય મુનિવરોનાં જીવનવૃત્તાંત લખવામાં આવે તો અનેક મહાન ગ્રન્થો રચી શકાય, તેથી અતિ વિસ્તૃત થવાના ભયથી આ સ્થળે માત્ર તેમનાં નામ નિર્દેશ કરવાનું ઉચિત ધાર્યું છે. આગળ ઉપર ગ્રન્થારંભ થતાં પહેલાં પૂજ્ય શ્રીમન્નાલાલજી

મહારાજ તથા અમારા ચરિત્રનાયકજીના ગુરૂવર્ય હીરાલાલજી મહારાજનો સંક્ષિપ્ત પરિચય આપવો અનુચિત તો નહિજ ગણાય.

## પૂજ્યશ્રી મન્નાલાલજી મહારાજ.

તેઓનો જન્મ સંવત ૧૯૨૬માં થયો હતો. તે ઓશવાળ જૈન હતા. તેમનાં માતુશ્રીનું નામ નાદીબાઈ તથા પિતાશ્રીનું નામ અમરચંદજી હતું. જ્યારે તેમના પિતાશ્રીએ તેમની પાસે પોતે દીક્ષા લેવા બાબતમાં સંમતિ માગી ત્યારે તેમણે પણ કહ્યું કે તમારી સાથે હું પણ દીક્ષા લઇશ. ત્યારે પિતાએ કહ્યું કે તારી ઉંમર નાની છે, અને સાધુ અવસ્થા ઘણી કઠીન છે. આનો તરતજ પ્રત્યુત્તર આપતાં તેમણે કહ્યું કે કઠણાઇ કાયરોને માટે છે. આખરે તેઓએ તથા તેમના પિતાશ્રીએ સંવત ૧૯૩૭ માં પૂજ્યશ્રી ઉદયચન્દજી મહારાજના સહવાસી રતનચંદજી મહારાજની પાસે દીક્ષા લીધી. ત્યારથી ૧૮ વર્ષ સુધી તેઓએ પૂજ્યશ્રીની સેવામાં રહીને જ્ઞાનાભ્યાસ કર્યો. થોડાજ સમયમાં તેમણે અનેક શાસ્ત્રો કણ્ઠસ્થ કરી નાખ્યાં. તેઓ શરૂઆતથીજ પ્રખર બુદ્ધિશાળી છે, અને સ્વભાવે પણ સુશીલ અને મળતાવડા છે. દ્વેષને તો તેમણે દેશવટો આપ્યો છે. એકવારજ દર્શનનો લાભ મેળવનાર તેમનો ભક્ત બની જાય છે. માલવા, મેવાડ, મારવાડ વિગેરે પ્રાંતોમાં ભ્રમણ કરીને તેઓએ જૈન જનતા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. અનેકને ત્યાગી બનાવ્યા છે. મારવાડથી પર્યટણ કરતાં એક વખત તે પંજાબ પધાર્યા હતા ત્યાં તેમણે શિઆલકોટ, અમૃતસર, રાવલપિંડી તથા જમ્મુમાં ભ્રમણ કર્યું હતું. તેમની સાથે તપસ્વી બાલચન્દજી મહારાજ હતા. તે તેમને વારંવાર ધાર્મિક વિષયોમાં સહાય આપતા અને પૂજ્યશ્રી પણ

પ્રત્યેક વિષયમાં તેમની સલાહ તથા સંમતિ લેતા. તેઓશ્રીના હાલમાં નીચે પ્રમાણે શીષ્યો છે. તપસ્વી મોતીલાલજી મહારાજ, દેવીલાલજી મહારાજ, ભેરૂલાલજી મહારાજ અને ઇન્દ્રમલજી મહારાજ. તપસ્વીજી એકાન્તર કરતા હતા અને પારણું* કરવામાં પણ તેમણે સર્વપ્રકારનાં મિષ્ટાન્ન તથા ઘી તેલમાં તળેલા પદાર્થોને સદાને માટે તિલાંજલિ આપી હતી. પાંચ વસ્તુઓ (પાણી, રોટલા, રાંધેલું અનાજ વિગેરે, શાક, દૂધ) ઉપરાંતનો ત્યાગ કર્યો હતો. વચ્ચે વચ્ચે છઠ, આઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ કર્યા કરતા હતા. તપસ્વીજી દયા અને પરોપકારના સાગર હતા. જ્યારે તેઓ જમ્મૂ (કાશ્મીર)માં વિરાજમાન હતા, ત્યારે તેમણે ત્યાં ૮૦૦૦ ગાયોને અભયદાન અપાવ્યું હતું. આ પ્રસંગની તથા તપસ્વીજીની તપશ્ચર્યાની કાશ્મીરના મહારાજા સર પ્રતાપસિંહ સાહેબે પણ વારંવાર મુકતકંઠે પ્રશંસા કરી હતી. અસ્તુ. ત્યાં તપસ્વીજી ચાલવાને માટે અશકત બની ગયા, તેથી આઠ વર્ષ સુધી ત્યાંજ રહ્યા. આવા સંજોગોને લીધે સં. ૧૯૭૪ના વૈશાખ સુદ ૧૦ને શુભદિને શ્રીમન્નાલાલજી મહારાજને આચાર્યપદપર આરૂઢ કરવામાં આવ્યા. તેમજ મુનિઓ તરફથી પણ તેમણે શાસ્ત્રવિશારદની પદવી એનાયત કરવામાં આવી. તેમનું જ્ઞાન તથા ચારિત્ર પ્રશંસનીય તેમજ અનુકરણ કરવા યોગ્ય છે. જ્યારે તેઓ ઉપદેશ આપે છે (ઉદાહરણ તરીકે ભગવતીજી, પન્નવણાજી, સ્થાનાંગજી, વિગેરેનું મૂળ પ્રતિપાદન કરે છે.) ત્યારે શ્રોતાઓને એમજ ભાસ થાય છે કે તેમને સર્વશાસ્ત્ર કણ્ઠસ્થ છે, અને ખરેખર છે પણ કંઈક એમજ.

---

* તપસ્યાની પ્રતિજ્ઞા કર્યા પછી તેની પૂર્ણાહુતિ પર જ્યારે ભોજન કરવામાં આવે તેને પારણું કહેવામાં આવે છે.

પગે થોડો ઘણો આરામ થતાં જમ્મૂથી ધીમે ધીમે વિહાર કરતા, વચ્ચે વચ્ચે ઉપદેશ આપતા તથા ચાતુર્માસ કરતા કરતા, તેઓ રતલામ પધાર્યા અને તપસ્વીજી મહારાજના દેવલોક પામ્યા સુધી ત્યાંજ રહ્યા. તેમની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે. તેમની સ્તુતિમાં મુનીશ્રી પ્યારચન્દ્રજી મહારાજ તથા પંડિત બાલકૃષ્ણજીએ સંસ્કૃતમાં શ્લોકો રચ્યા છે, જે આ મુજબ છે:—

---

# अथ पट्टावलिरुच्यते

(शार्दूलविक्रीडितं वृतम्)

सज्ज्ञानं निजतत्त्वबोधिनिचयं सार्वज्ञमाप्तप्रदं
सद्भिर्वेद्यमलं स्वकीयसुधिया सद्दर्शनेनांकितम्
साधूनां चरितैरलंकृतमुखो विज्ञाय विज्ञीभवन्
पूज्यांघ्रिःश्रमणोत्तमो विजयतां हुक्मीन्दुनामा मुनिः॥१॥

સાધુઓનાં ચરિત્રો ગાઇ મુખને સુશોભિત કરનાર, તત્ત્વભૂત કલ્યાણને વધારનાર, મુક્તિદાયક, સત્યદર્શનથી અંકિત સજ્જનોને જાણવા યોગ્ય, જિનેશ્વરોના શુદ્ધ જ્ઞાનને પોતાની વિશુદ્ધ બુદ્ધિથી જાણીને વિજ્ઞ કહેવડાવનાર, પૂજ્યપાદ સાધુ-શિરોમણી શ્રીહુકમીચન્દજી મહારાજનો સદા વિજય થાવ.(૧)

तत्पट्टे परमोऽत्र कीर्तिसहितो लोकेषु विख्यापयन
मार्गं धर्ममयं दयामयममुं निर्वाणचिंतामणिम्

वन्द्यो भव्यजनैर्जिनार्यविदितः संमाननीयाग्रणीः
साधुश्रावकशंसनीयसुयशः शैवाख्यनामा जयेत् ॥ २ ॥

તેમના પટ્ટ શિષ્ય પરમ કીર્તિવંત તથા મોક્ષને માટે ચિન્તા-મણીરૂપ દયાધર્મને જગતમાં ફેલાવનાર, મહાન પુરૂષો જેને વંદન કરે છે તેવા માન્યવરોમાં અગ્રણી તથા જેનાં સાધુ શ્રાવક સર્વે યશોગાન કરે છે, તેવા જૈનાચાર્ય શિવલાલજી મહારાજનો વિજય થાવ. (૨)

विद्या-कैरविणी विकासनकरो व्याख्यानपीयूषवान्
जैनश्राद्धचकोरकान् प्रमदयन् नित्यं कलंकोज्झितः ।
काषायातितमिस्रनाशनपरस्तन्वन् वचोऽशून्निजान्
पूर्णात्मोदयचन्द्रचन्द्र इह वै संघाम्बरे राजतु ॥ ३ ॥

વિદ્યારૂપી કૌમુદિનો વિકાસ કરનાર, વ્યાખ્યાનરૂપી અમૃત વૃષ્ટિ કરી જૈન શ્રાવકરૂપી ચકોરને પ્રસન્ન કરનાર, કષાયરૂપી મહાન્ધકારનો નાશ કરનાર, વચનોરૂપી કિરણોને પ્રસારનાર, સદા નિષ્કલંકિત, સંપૂર્ણ મુનિ ઉદયચન્દ્રજી મહારાજરૂપી ચન્દ્રમા જૈનસંઘરૂપી વિયતમાં વિરાજમાન થાવ. (૩)

भव्याम्भोधिसमुन्नतौ हिमकरः शास्त्रांगसारार्थवित्
सिद्धान्तैः पुरुषार्थसाधनपरैर्जैनं पथं दर्शयन् ।
स्वाचारे निरतो जितेन्द्रियतया श्रीचौथमल्लो मुनिः
सोऽयं साधुशिरोमणिर्विजयतां सद्भारतीयक्षितौ ॥४॥

ભવ્ય અથવા કલ્યાણના મહાસાગરને પ્રફુલ્લિત કરવામાં ચન્દ્રરૂપ, શાસ્ત્રોના અંગેઅંગનો સાર તથા અર્થ જાણનાર. પુરૂષાર્થે સિદ્ધ કરી બતાવનાર, સિદ્ધાંતોથી જૈનધર્મ માર્ગને નિર્દિષ્ટ કરનાર, જીતેન્દ્રિય તથા આચાર પાળવામાં તત્પર, સાધુ શિરોમણી પૂજ્ય મુનિશ્રી ચોથમલજી મહારાજનો ભારતભૂમિમાં વિજય થાવ. (૪)

**देशे यो विदिशं दिशं परमयन्नुद्गीत विद्यायशा**
**व्याख्यानेन नरान्नतान् हिततमान् शिक्षा नयन स्तूयते ।**
**सोऽयं संततमुद्धरन् भवमहाम्भोधौ निमग्नाञ्जनान्**
**मन्नालालमुनिश्चिरं विजयतामाचार्यवर्यो गुणी ॥५॥**

દશે દિશાઓમાં ભ્રમણ કરી વ્યાખ્યાનદ્વારા પરમહિતેચ્છુ ભક્તોને જેઓ ઉપદેશ આપી રહ્યા છે, અને જેમની વિદ્યાનાં યશોગાન ગવાય છે. તથા સંસાર સમુદ્રમાં ડુબેલાઓનો નિરંતર ઉદ્ધાર કરે છે એવા ગુણવાન આચાર્ય મુનિશ્રી મન્નાલાલજી લાંબા કાળ સુધી વિજયી થાવ. (૫)

**श्रीरामगोपालसुतेन चारु-शार्दूलवृत्तेन विनिर्मितानि ।**
**श्रीबालकृष्णेन हि शास्त्रिणा वै पद्यानि सन्मोदकराणि सन्तु ॥**

શ્રી રામગોપાલજીના પુત્ર શ્રી બાલકૃષ્ણ શાસ્ત્રીએ શાર્દૂલ વિક્રીડિત છન્દમાં રચેલા આ શ્લોકો સજ્જનોને આનંદદાયક નીવડો.

———:o:———

# मुनिसद्गुणवर्णनम्

(शार्दूलविक्रीडितं वृत्तम्)

योगीशव्रतिहुक्मचन्द्र-विमलोद्यत्सम्प्रदायाम्बर-
संराजत्किरणार्करूप उदयं बिभ्रद्धि पूज्योऽनिशम्।
अर्हच्छास्त्रविशारदोऽमलमतिः सिद्धान्ततत्त्वे पटु-
[1]र्मुन्नालालमुनिः सदा विजयते सज्जैनभाग्यांकुरः ॥१॥

તેજસ્વી સૂર્યનાં ચકચકિત કિરણોથી જેમ આકાશ શોભાયમાન લાગે છે, તેમ યોગીન્દ્રવ્રતધારી હુકમીચન્દ્રજી મહારાજનો નિર્મલ સંપ્રદાય સદા તેજસ્વી રહો. જૈનશાસ્ત્ર વિશારદ, નિર્મલ બુદ્ધિ, સિદ્ધાંતનાં તત્ત્વોમાં નિપુણ, જૈનજનતાના ભાગ્યના અંકુર પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજનો સદા વિજય થાવ. (૧)

यो जैनागममार्गमार्गणमणिः संदेहिनां देहिनां,
शंकायाः सुसमाहितिं प्रकुरुते सम्यङ्मनस्तोषिणीम्।
शुद्धज्ञानसुवर्णवर्णनकषं तं शान्तचित्तं परं,
म[2]न्नालाल मुनिं मनोविषयिणं कुर्वे च कुर्वे नमः ॥ २ ॥

---

१ मुन्नालालः—मुदा हर्षेण धर्मध्यानानन्देन इत्यर्थः तेन युक्त ना पुरुषः इति मुन्ना तथा धर्मोपदेशेन लालयति प्रमोदयतीति लालः मुन्नालालः।

અર્થાત્:—ધર્મ ધ્યાનના આનન્દમાં મગ્ન થઇ જૈનાગમોપદેશદ્વારા લોકોને પ્રસન્ન કરનાર.

२ मन्नालालः—माद्यन्ति मत्ता भवन्तीति मदः कामक्रोधादयः तान् न आलालयति प्रमोदयति, परास्तीकरोतीत्यर्थः मन्नालालः।

અર્થાત્:—કામક્રોધાદિ મહારિપુઓની વૃદ્ધિ નહિ થવા દેનાર.

જે જૈનાગમોના માર્ગના યાત્રાળુ બની સંદેહમાં પડેલા લોકોનું સુંદર રીતે સંતોષકારક સમાધાન કરે છે, તથા જે શુદ્ધ જ્ઞાનરૂપી સુવર્ણની કસોટીરૂપ છે. એવા પરમશાંતચિત્ત પૂજ્ય શ્રી મન્નાલાલજી મહારાજનું હું સ્મરણ કરૂં છું, તથા તેમને નમસ્કાર કરૂં છું. (૨)

तपोराशिर्जैनागममननिर्धारण—मुखैः,
सुकार्थैर्यः कालं विलसति नयन् योगनिरतः ।
मुनिर्मुन्नालालो ललिततरभालो मृदुवचाः,
स तीर्थेशध्यानामृतरसरसी राजतुतराम् ॥ ३ ॥

જે તપોનિધિ જૈનસિદ્ધાંતોના ધ્યાન તથા મનન વિગેરે શુભકાર્યમાં તથા યોગનિષ્ઠ અવસ્થામાં પોતાનો કાળ વ્યતીત કરે છે. તથા જે તેજસ્વી લલાટવાળા, મધુરવાણી બોલનાર, તીર્થંકરોના ધ્યાનરૂપી અમૃત રસના રસીયા છે, એવા પૂજ્ય મુનિશ્રી મુન્નાલાલજી મહારાજ યશસ્વી થાવ. (૩)

सदा यो व्याख्यानामृतरससुपानाद्विनयतो,
नतानां श्राद्धानां मन उपगतानां प्रमदयन् ।
स्वभक्तानां काम्यं सलिलधरसाम्यं प्रकुरुते,
मुनिर्मुन्नालालो जयति स समालोचन परः ॥ ४ ॥

જે વિનયથી નમેલા છે, અને પોતાના ભકત શ્રાવકોનાં મન હંમેશાં વ્યાખ્યાનરૂપી અમૃત પાઈને પ્રસન્ન કરી મનોવાંછિત મેઘરાજની બરાબરી કરે છે, તેવા તત્ત્વોની પરીક્ષા કરનાર પૂજ્ય શ્રી મુન્નાલાલજી મહારાજનો સર્વદા વિજય થાવ (૪)

૪

देष्णोर्ज्ञानधनं सदाजलदवल्लोके गुणोद्द्योतकं,
वीचीराशिविशोभितेन रविणा नो तुल्यता ते मुने ? ।
लाभो नोऽधिकमीक्ष्यतेऽत्र विबुधैर्दैनान्धकारापहं,
लक्ष्मज्ञानकरैरहर्निशमहो नाशान्धकारापह ॥ ५ ॥

હે પૂજ્ય મુનિ મહારાજ! ગુણકારી મેઘની માફક જ્ઞાનરૂપી ધાન્યને આપનાર આપની સરખામણી તેજોરાશિ સૂર્યની સાથે નથી થઇ શકતી, કેમકે વિદ્વાન પુરૂષો સૂર્યથી દૈનિક અન્ધકારના નાશ ઉપરાંત અધિક લાભ થતો જોતા નથી. પરંતુ આપ તો જ્ઞાનરૂપી કિરણોથી મનુષ્યના હૃદયમાં ઘર કરી બેઠેલા અંધકારનો નાશ કરી રાતદિવસ પ્રકાશ કરનારા છો. (૫)

मुग्धानां जगतीह मोहदलने ते वाक् सदाऽसीयते[1],
निस्तेऽस्मात् समुदो पदाम्बुजनखाभा त्वां गुरोर्वंदने ।
वन्द्यं लोकजनैः सुरैश्च दिवि तैः कीर्तिर्मुदा गीयते,
देयं मोक्षसुखं जरादिरहितं भूयोऽपि वन्दे स्वयम् ॥ ६ ॥

હે પૂજ્ય મુનિ મહારાજ! આપની વાણી આ જગતમાં મોહાન્ધોના મોહનો વિધ્વંસ કરનાર સમશેર જેવી છે. એનાથી પ્રસન્ન થઇ ગુરૂ મહારાજને વંદન કરતી વખતે તેમના ચરણ કમલના નખોની કાન્તિ આપના ઉપર પડે છે. આ કારણને લીધે જગતજનો તથા સ્વર્ગના સુરલોકો સહર્ષ આપનાં યશોગાન કરે છે. અને હું પણ આપને વારંવાર વંદન કરી આપની પાસે એટલું યાચું છું કે જન્મ મરણ આદિ દુઃખ રહિત મોક્ષ સુખને અર્પો. (૬)

१ असीयते—असिः खड्ग इवाचरतीति असीयते ।

**प्रसिद्धवक्तृ पण्डित मुनिश्रीचतुर्थमल्लजिन्महाशयः—**
**शिष्येन साहित्यप्रेमि पण्डित मुनिना प्रियचन्द्रेण निर्मितानि पद्यानि**

પ્રસિદ્ધ વકતા મુનિશ્રી ચૌથમલજી મહારાજના શિષ્ય સાહિત્યપ્રેમી પંડિત મુનિશ્રી પ્યારચન્દ્રજી મહારાજે ઉપરોકત પદો રચ્યાં છે.

## મુનીશ્રી હીરાલાલજી મહારાજ.

તેઓશ્રી આપણા ચરિત્રનાયકના ગુરૂ છે. તેઓનો જન્મ સંવત ૧૯૦૮માં ઇન્દોર સ્ટેટના રામપુર જીલ્લાના કંઝેડા ગામમાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ રતનચંદજી હતું. તે ઓસવાળ વંશના જૈન હતા. તમની માતાનું નામ રાજાબાઇ તથા વડિલ બંધુનું નામ જવાહિરલાલજી હતું. તેમનો (જવાહિર લાલજીનો) જન્મ સંવત ૧૯૦૨માં થયો હતો. અને એક નાનાભાઇ હતા, તેમનો જન્મ સંવત ૧૯૧૧માં થયો હતો. કેટલાક સમય બાદ પ્રાતઃસ્મરણીય પૂજ્ય મુનિશ્રી હુકમીચંદજી મહારાજના સંપ્રદાયના રાજમલજી મહારાજ કંઝેડા ગામમાં પધાર્યા. તેમના વૈરાગ્યોત્તેજક ઉપદેશો સાંભળીને વિ. સં. ૧૯૧૩માં રતનચંદજીએ પોતાની પત્નિ તથા ત્રણ પુત્રોનો ત્યાગ કરી દીક્ષા લીધી. ત્યાર પછી કેટલાક સમય બાદ પોતાના સાંસારિક કુટુંબને ઉપદેશ આપવાને સંવત ૧૯૧૯ માં કંઝેડામાં પધાર્યા. ઉપદેશની અત્યંત મધુરવાણી સાંભળીને માતા તથા ત્રણે પુત્રોને વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થયો. અને આ સંસારને અસાર જાણી માતા પોતાના ત્રણ પુત્રોને સાથે લઇ શ્રી શિવલાલજી મહારાજ તથા શ્રી રતનચંદજી મહારાજ પાસે જઇ

કહેવા લાગી કે હે પૂજ્ય મુનિ મહારાજો! મારા આ ત્રણે પુત્રો મને પરમ પ્રિય છે. પરંતુ આપનો ઉપદેશ સાંભળીને પરમ સુખની પ્રાપ્તિ માટે સંયમ ધર્મ ગ્રહણ કરવાની ઇચ્છા થઈ છે. તેથી આપ કૃપા કરી મને અને સાથે આ ત્રણે પુત્રોને દીક્ષા આપો, તેમાં મારી સંમતિ છે. આ પ્રમાણે સંમતિ મળતાં પૂજ્ય શ્રીએ ત્રણેને દીક્ષા આપી. જો કે બાળકોની ઉંમર નાની હતી, છતાં તેમણે પ્રસન્નવદને આનંદપૂર્વક દીક્ષા ગ્રહણ કરી. પૂજ્યશ્રીએ જ્યેષ્ઠ પુત્ર જવાહિરલાલજીને તેના પિતા રતનચંદજી મહારાજનો શિષ્ય બનાવ્યો. ત્રણે શિષ્યોએ સમય મેળવીને પોતાના ગુરૂ શ્રી રતનચંદજી મહારાજ પાસે વિનયપૂર્વક જ્ઞાનાભ્યાસ કર્યો, અને થોડાજ સમયમાં સ્વશાસ્ત્રો તથા પરશાસ્ત્રોમાં પારંગત થઇ ગયા. જો કોઇ પણ પ્રશ્ન કરતું, તો તેનો જવાબ સંતોષકારક આપતા. અમારા ચરિત્રનાયકજીના દાદા ગુરૂનું એટલું શ્રેષ્ઠ જ્ઞાન હતું કે (વૃહકલ્પ ઉત્તરાધ્યયન,) દશ વૈકાલિક વિગેરે સૂત્રોનો અર્થ જ્યારે પુછવામાં આવતો ત્યારે તે પોતાની જબાનથી સમજાવી દેતા. પ્રાચીન ઇતિહાસના કેટલાય પ્રસંગો તેમને આબેહુબ યાદ હતા. તેમનો આત્મા રાગદ્વેષ, દુરાગ્રહ, મત્સર, ઇર્ષા-ભાવ વિગેરેથી વિમુક્ત હતો. તે વૈરાગ્ય, ધૈર્ય, વિનય વિગેરે સદ્‌ગુણોની સાક્ષાત મૂર્તિરૂપ હતા. તેમની સેવામાં રાજા, મહારાજા, દિવાન તથા ધનિકો વિગેરે કોઇ પણ આવે તેમને "દયા પાળો" એટલુંજ કહેતા અને તેમના હાથમાં ઇશ્વર સ્મરણમાળા હરહંમેશ રહેતી. તેઓ મહાન આત્મજ્ઞાની તથા શાંત મુદ્રાવાળા હતા. તેમના શિષ્ય સરળ સ્વભાવવાળા, કવિવર હીરાલાલજી મહારાજ જે અમારા ચરિત્રનાયકના ગુરૂ હતા. તેમના શિષ્ય સમુદાયમાં ચરિત્રનાયક

સિવાય નીચે જણાવેલા બીજા પણ શિષ્યો હતા. મુનિશ્રી સાકરચન્દજી મહારાજ, પંડિત મુનિશ્રી હજારીમલજી મહારાજ, મુનિશ્રી ગુલાબચંદજી મહારાજ, તપસ્વી મુનિશ્રી હજારીમલજી મહારાજ, મુનિશ્રી શોભાલાલજી મહારાજ, મુનિશ્રી મયાચંદજી મહારાજ, મુનિશ્રી મુલચંદજી મહારાજ. આ શિષ્ય સમુદાયમાં પંડિત મુનિશ્રી હજારીમલજી મહારાજના સુશિષ્ય તથા ચરિત્રનાયકના ગુરૂવરના પૌત્ર શિષ્ય વૈયાવૃત્તિવાળા મુનિશ્રી નાથૂલાલજી મહારાજ છે. અસ્તુ. ચરિત્રનાયકના ગુરૂવર્ય ઘણા સરળ સ્વભાવના તથા શીઘ્રકવિ હતા. તેમનાં કાવ્યો આજપર્યંત જનતાને ઉપદેશ આપી રહ્યાં છે. તેમનો ઉપદેશ ખૂબ મનોહર, મધુર તથા પ્રભાવશાળી હતો. સમયની ગતિ ન્યારી છે. તેઓ સંવત ૧૯૭૪માં દેવલોક પામ્યા.

તેમના નાનાભાઇ મુનિશ્રી નંદલાલજી મહારાજ હયાત છે. તે પણ મોટા વિદ્વાન છે. તેમની ઉપદેશ આપવાની પદ્ધતિ અતિશય પ્રશંસનીય છે તેમના શિષ્ય મુનિશ્રી ખૂબચંદજી મહારાજ ઘણાજ શાંત સ્વભાવવાળા છે, અને પોતાનો સમય સ્વાધ્યાયમાં ગાળે છે. તેમનાં રચેલાં સેંકડો સ્તવન તથા લાવણીઓ છે, તેમાંનાં કેટલાંક તો પ્રકાશિત પણ થયાં છે.

એ ઉપરાંત શિષ્યગણમાં અત્યારે તપસ્વી છોટુલાલજી મહારાજ, તપસ્વી છબ્બાલાલજી મહારાજ, પ્રતાપમલજી મહારાજ અને હીરાલાલજી મહારાજ પણ છે.

મુનિશ્રી ખૂબચંદજીના શિષ્યો નીચે મુજબ છેઃ—
પં. કસ્તુરચંદજી મહારાજ, કેસરીમલજી મહારાજ, હરખચંદજી

મહારાજ, પં. હજારીમલજી મહારાજ, કવિ સુખલાલજી મહારાજ, કિસનલાલજી મહારાજ.

અમારા ચરિત્રનાયકજીના દાદા ગુરૂ શ્રી જવાહિરલાલજી મહારાજના શિષ્ય તપસ્વી માણિકચંદજી મહારાજ હતા. તેમના શિષ્ય મુનિશ્રી દેવીલાલજી મહારાજ મહાવિદ્વાન તથા શાસ્ત્રવેત્તા હતા. તેમનો ઉપદેશ પ્રભાવશાળી તથા પ્રેરણાત્મક હતો. તેમણે કેટલાક જૈનોપયોગી ગ્રન્થો રચ્યા છે, જેમાંના કેટલાક પ્રકાશિત થયા છે. અને કેટલાક હવે પછી થશે. તેમનાં રચેલાં કેટલાંક મધુર ઇશ્વર સ્તવન વિગેરે છે. તેમનું જીવનચરિત્ર (માસ્ટર વિશ્વમ્ભરનાથજીની મારફતે) દિલ્હીમાંથી પ્રકાશિત થયું છે. એમના શિષ્યોના નામો નીચે મુજબ છેઃ—

પંડિત સેસમલજી મહારાજ, સોભાલાલજી મહારાજ, જુવારલાલજી મહારાજ.

॥ वन्दे श्री जिनवरम् ॥

## પ્રકરણ પહેલું.

# વંશપરિચય

આપણા ચરિત્રનાયકના સ્વર્ગસ્થ દાદાજી શ્રીયુત ઓંકારજી ઓસવાળ વંશના ચોરડિઆ જૈન હતા. તે દારૂ (ગ્વાલીઅર સ્ટેટ)ના ઠાકોર સાહેબને ત્યાં કારભારી હતા. ભાગ્યવશાત્ એક વખત ઠાકોર સાહેબ અને તેમની વચ્ચે મતભેદ પડયો, અને મન ઉંચાં થયાં. તેથી મધ્યભારતની બી. બી. ઍન્ડ સી. આઈ. રેલ્વેની નજીકના નીમચ ગામમાં જઈ વસ્યા. ત્યાં તેમના પુત્ર રત્ન ગંગારામજીનો જન્મ થયો. તેમનું લગ્ન શ્રીમતી કેસરબાઈની સાથે કરવામાં આવ્યું. તેમની ગૃહ પરિસ્થિતિ તે વખતે તદ્દન સાધારણ હતી. શ્રીયુત ગંગારામજી મુખ્યત્વે કરીને ઘીનો વેપાર કરતા હતા. અને તે ઉપર તેમનું સમસ્ત સાંસારિક જીવન અવલંબેલું હતું. પોતાનું ગૃહસ્થ જીવન સુખશાન્તિથી વીતાડવા માટે ઉપરોકત સાધન સિવાય તેમને વારસામાં થોડી જમીન, કેટલાંક આમ્રવૃક્ષો તથા એક કુવો પણ મળ્યાં હતાં. તે હતા તો સાધારણ ગૃહસ્થ, છતાં નગરમાં તેમનો માન મરતબો

સારો હતો. જેમ ગંગારામજી એક ભલા માણસ હતા, તેમ શ્રીમતી કેસરબાઇ પણ પરમવિદુષી હતાં. શ્રી ચોથમલજી મહારાજ આ ગંગારામજી તથા શ્રીમતી કેસરબાઇના સુપુત્ર હતા. તેમને બે ભાઇ તથા ત્રણ બહેનો હતી. તેમના વડિલ બંધુનું નામ કાલૂરામજી તથા કનિષ્ઠ બંધુનું નામ ફતેહચંદજી અને બહેનોનાં નામ નવલબાઇ તથા સુંદરબાઇ હતાં. નવલબાઇ મોટી હતી, જે આજે હયાત નથી. નાની સુંદરબાઇ હયાત છે. તથા સૌથી મોટી એક બીજી હતી. જે અકાલે દેવલોક પામી હતી.



## પ્રકરણ બીજું.

# ગર્ભાવસ્થામાં માતાના વિચાર

## તથા તેનો

## ગર્ભસ્થિત બાલક ઉપર પ્રભાવ.

गतामर्षो मर्षेण च जनित हर्षेण सहितः ।
समायो निर्मायो विधदसमायोग रचनाः
स्वमुक्त्यै यस्तृष्णां दधदपिच तृष्णां परिजह—
श्चतुर्थ सन्मानो मुनिरयमानो विजयते ॥

એક રાત્રે બ્રાહ્મમુહૂર્તમાં આપણા ચરિત્રનાયકની માતા (સૌભાગ્યવતી કેસરબાઇ ધર્મપત્ની—શ્રીયુત ગંગારામજી) અર્ધ નિદ્રાવસ્થામાં તથા અર્ધ જાગૃતાવસ્થામાં સૂતાં હતાં, તે વખતે તેમને આમ્રવૃક્ષનું શુભ સ્વપ્ન આવ્યું. સ્વપ્નદર્શન થતાંજ, માતા જાગી. જઇને ધર્મ-સ્મરણ કરવા લાગ્યાં. પ્રિય વાચકો! ગર્ભાવસ્થામાં સ્વપ્નદર્શન લગભગ બધી માતાઓને થાય છે, પરંતુ તેમાં ફેર એટલો છે કે જો ગર્ભમાંનું બાળક સદાચારી

ધર્મનિષ્ઠ, સત્યવ્રત તથા જિજ્ઞાસુ થવાનું હોય છે, તો શુભ સ્વપ્ન દર્શન થાય છે. અને તેથી ઉલટું ગર્ભસ્થિત બાળક જો—

अत्यन्त कोपा च कुटिला च वाणी दरिद्रता बन्धुजनश्च वैरम् ।
नीचः प्रसंग परदारसेवा नरकस्य चिन्हम् वसन्ति देहे ॥

(चाणक्यनीति.)

આ ઉક્તિને અનુરૂપ થવાનું હોય તો અવશ્ય અશુભ-સ્વપ્ન દર્શન થાય છે. આવા પ્રસંગે જ્યારે શુભ સ્વપ્નનું દર્શન થાય ત્યારે પ્રત્યેક માતાએ યાદ રાખવું જોઇએ કે શુભ સ્વપ્નના દર્શન પછી રાત્રિનો બાકીનો ભાગ ઉંઘવામાં ન ગાળવો, કેમ કે તેમ નહિ કરવાથી શુભ સ્વપ્નનું ફળ નષ્ટ થાય છે. સ્વપ્નોનાં શુભાશુભ ફળો જાણનારા વિદ્વાનોનું એવું માનવું છે કે અશુભ સ્વપ્નદર્શન પછી નિદ્રા લેવાથી તેનું અશુભ ફળ કંઇક ઓછું થાય છે. આપણા ચરિત્ર નાયકજીની માતાને આમ્રવૃક્ષનું સ્વપ્નદર્શન થયું હતું. આ વાતનો તેમણે સ્વમુખે સ્વીકાર કરતાં કહ્યું હતું કે, "જે દિવસે ચોથમલ મારા ગર્ભમાં આવ્યો તે દિવસે બ્રાહ્મમુહૂર્તમાં મને આમ્રનું સ્વપ્નદર્શન થયું હતું" અસ્તુ. અમે ઉપર જણાવી ગયા છીએ કે આમ્રનું સ્વપ્નદર્શન થતાંજ માતા કેસરબાઈ જાગી ઉઠીને પરમાત્માનું ચિંતવન કરવા લાગી. ત્યારપછી શૌચસ્નાનાદિ નિત્ય કર્મોથી પરવારી ઘર કામમાં લાગી, આ પ્રમાણે કેટલાક દિવસો વહી ગયા. પછી માસ પુરો થતાં રજોદર્શન ન થયું. ત્યારે પોતે ગર્ભવતી છે, એમ ચોક્કસ માલુમ પડયું. તે દિવસથી પ્રત્યેક સ્ત્રીએ જે જાણવું જોઇએ અને જેનું પાલન કરવું જોઇએ, તેવી વાતો તરફ ખાસ લક્ષ આપવાને પોતાનું ધ્યેય માનવા લાગી.

માતાનું ગર્ભાશય પ્રકૃતિ દેવીની એક અદ્દભુત અને અલૌકિક પ્રયોગશાળા છે. આ પ્રયોગશાળામાં માતાપિતાના જે પ્રકારના આચાર, રહેણીકરણી આહાર વિહાર, ચિત્ત તથા ચરિત્ર, સૌજન્યતા અથવા દુષ્ટતા, વિદ્યા તથા બુદ્ધિ, વીરતા અથવા કાયરતા, દાનશીલતા અથવા કંજુસાઇ, પરોપકાર તત્પરતા અથવા સ્વાર્થપરાયણુતા વિગેરેનો રસાયનિક પ્રયોગ થાય છે. બસ આનેજ અનુરૂપ સંતાનરૂપી રસાયણુ ઉત્પન્ન થાયછે. અથવા એમ કહો કે જે પ્રમાણે રસાયણુશાળામાં ભિન્ન ભિન્ન પ્રકારના રસોના મિશ્રણુ તથા પ્રયોગથી ભિન્ન ભિન્ન રસાયણો ઉત્પન્ન થાય છે, તેજ પ્રમાણે માતાના ગર્ભાશયરૂપી આ પ્રયોગશાળામાં અમૂલ્ય તથા મોંઘા મૂલ્યનાં સસ્તાં તથા નકામાં હરેક પ્રકારનાં મનુષ્યરત્નો ઠીક ઠીક પ્રમાણુમાં પેદા થાય છે. જે પ્રમાણે રસાયણુશાળામાં વિજ્ઞાનશાસ્ત્રીની બુદ્ધિ, યંત્રોની ઉત્તમતા, અને વસ્તુઓના યોગ્ય પ્રમાણુમાં મિશ્રણુ ઉપર ઔષધિની વધુ ઓછી ઉપયોગિતા અવલંબેલી છે, જેવી રીતે કાચના કારખાનામાં કાચના માવાની જાત પ્રમાણે ઓછીવત્તી ઉજ્જવળ, ચોકખી તથા પારદર્શક કાચની વસ્તુઓ બને છે, જેવી રીતે કારીગરની આવડત તથા યંત્રની સુઘડતા પ્રમાણે સુંદર અને ટકાઉ અથવા કામચલાઉ અને કમજોર કપડાં તૈયાર થાય છે, જેવી રીતે કુંભકાર માટીનો ઉપયોગ કરતાં પિંડાને ચાક ઉપર ચઢાવી જે પ્રકારના આકાર બનાવે છે, તથા જે સાવધાની તથા ચતુરાઇથી તેને પકવે છે તે મુજબ ઉત્તમ અથવા નકામાં વાસણો બને છે, અને ભઠ્ઠીમાંથી કાઢી લીધા બાદ મરજી મુજબનો રંગ લગાડી, ચાહે એટલી ઝમક આપવામાં આવે, ગમે એટલી ચિત્રકળા તથા કોતરણી કરવામાં આવે, છતાં એટલું અવશ્ય યાદ રાખવું

જોઇએ કે તેમ કરવાથી પાત્રોની સુંદરતામાં અવશ્ય વધઘટ થાય છે. પરંતુ પાત્રોનું વાસ્તવિક મૂલ્ય શરૂઆતમાં માટીને ચાક ઉપર ચઢાવી તેના ઘડેલા ઘાટ ઉપર તથા ભઠ્ઠીમાં પકવવામાં દર્શાવેલી ચતુરાઈ ઉપરથી આંકવામાં આવે છે, તેવીજ રીતે બાળકરૂપી પૂતળું માતાના ગર્ભરૂપી સંચામાં તૈયાર થાય છે. અને જેવા જેવા ઉત્તમ તથા કનિષ્ઠ, મધ્યમ તથા હલકા, સાત્વિક, રાજસી તથા તામસી પદાર્થોનો રાસાયણિક પ્રયોગ ગર્ભાધાનના સમયથીજ આ મહાન્ રસશાળામાં કરવામાં આવે છે, તેવાજ ઉત્તમ અથવા મધ્યમ અથવા અધમ સન્તાનરૂપી પુતળાની ઉત્પત્તિ થાય છે. જોડો હોશિયાર, પારેખ, અને જાણકાર માતા–પિતા હીરો બનાવવાની સામગ્રી એકઠી કરી. તેને યોગ્ય સમયમાં, ચોક્કસ રીતથી, સાવધાનીપૂર્વક મિશ્રણ કરે તો તેનો અમૂલ્ય અગર તો મોંઘામૂલનો હીરો બને છે. જો કંઇ ઉતરતા પ્રકારની સામગ્રી આવી જાય તો તેવુંજ ઉતરતું રત્ન પેદા થાય છે. અને જો સસ્તા મૂલના કાચ બનાવવાની સામગ્રી એકત્ર કરવામાં આવે તો કાચજ ઉત્પન્ન થાય છે. રામ અને રાવણ, કૃષ્ણ અને કંસ, યુધિષ્ઠિર અને દુર્યોધન, પૃથ્વીરાજ અને જયચંદ, વિગેરે ઉત્તમ અને અધમ મનુષ્યોની ઉત્પત્તિ માતાના ગર્ભાશયરૂપી અદ્ભુત પ્રયોગશાળામાંથી થએલી, થાય છે અને થશે. તેમાં તફાવત માત્ર રસાયણોની ઉત્તમતા અથવા અધમતાનોજ ચાલ્યો આવે છે. બસ, જે પ્રકારનું પદાર્થોનું સંમિશ્રણ થયું તેજ મુજબનું પ્રાકૃતિક પ્રયોગશાળામાં રસાયણ થઇને બહાર પડે છે. મહાવીર જેવા મહાપુરૂષો અને રાવણ, કંસ તથા દુર્યોધન જેવા અધમ પુરૂષો પેદા કરવા તે હજુ પણ આપણા હાથની વાત છે. જેવા મસાલાનો પ્રયોગ કરવામાં આવશે તેવાજ દયાળુ કે દુષ્ટ,

દાનેશ્વરી કે કંજુસ, ભડવીર કે કાયર, પરોપકારી કે સ્વાર્થી સંતાનો માતાની પ્રયોગશાળામાં તૈયાર થઇ બહાર પડશે. પ્રકૃતિ દેવીનો આ અચળ અને નિર્વિવાદ નિયમ છે. અસ્તુ. હરેક ઉત્તમ માતાનું પરમ કર્તવ્ય તથા એક ખાસ ફરજ છે કે પોતાની ઇચ્છાનુસાર ઉત્તમ સંતતિ ઉત્પન્ન કરવાને માટે આ વાતો ધ્યાનમાં રાખે.

૧. પ્રાકૃતિક પ્રયોગશાળા ગર્ભાશયનું રહસ્ય.

૨. વંશપરંપરાથી ઉતરી આવતા ગુણો.

૩. સ્ત્રી તથા પુરૂષોની માનસિક શકિત અને પ્રેમનો પ્રભાવ.

૪. સંતાનના પાલન પોષણ તથા શિક્ષણની યોગ્ય વ્યવસ્થા.

આવા અનેક સદ્વિચાર આપણા ચરિત્રનાયકની માતા પણ હંમેશાં વારંવાર સેવતી કે જેથી ગર્ભસ્થ બાળક ઉપર સ્વર્ગીય ગુણોનો પુરેપુરો પ્રભાવ પડે, જેનાથી ગર્ભસ્થ બાળક મનુષ્યરૂપે સાચી માણસાઈ દાખવી આ જગતમાં પ્રગટે અને જેની મારફતે સદાચાર, સત્યનિષ્ઠા, દૃઢનિશ્ચય. બુદ્ધિ-વિલક્ષણતા. વ્યવહાર–કુશળતા, ઉદારતા, કર્તવ્યપરાયણતા, નીડરતા, ઉદ્યોગીપણું, વિનય, ધૈર્ય, સંતોષ, પરોપકાર કૃતજ્ઞતા, નિષ્કપટીપણું, સાહિત્ય-પ્રેમ, સ્વદેશ-પ્રેમ, પ્રકૃતિ-પ્રેમ, ધાર્મિક ભાવના આદિ દેવોપમ ગુણોનો તેના સોબતીઓમાં, કુટુંબમાં, સમાજમાં ન્યાતજાતમાં તથા પડોશના કોઇ પણ સંપ્રદાયના અનુયાયીઓમાં વિકાશ તથા વૃદ્ધિ થાય

હવે એ કહેવાની આવશ્યકતા નથી, કે માતાએ પોતાના ઉપરોકત પવિત્ર વિચારોથી પોતાના ગર્ભ (ચોથમલ) ઉપર કેવો

અકલ્પ્ય તથા આદર્શ પ્રભાવ પાડ્યો, અને તેની મારફતે મધ્ય ભારતવર્ષના વર્તમાન જૈન શ્વેતામ્બરોમાં, શ્વેતામ્બર સમાજમાં તથા અન્ય નિરીક્ષકોમાં જાગૃતિની કેવી પ્રબળ વિદ્યુત જ્યોત પ્રગટી; આ વાત વાંચકોને પ્રત્યક્ષ તથા સારી રીતે વિદિત છે, અને આ પુસ્તકમાં પણ યોગ્યસ્થાને અને પ્રસંગે તેનું વિવેચન કરવામાં આવશે.

આ પ્રમાણે માતુશ્રી કેસરબાઈએ આનંદમગ્ન બની ગર્ભસ્થ બાળકનું યોગ્ય પાલન કરી બે માસ, ત્રણ માસ અને પાંચ માસ વીતાવ્યા. પાછળથી ઉમદા ભાવના એટલે દિવ્ય ઇચ્છાઓ થવા લાગી તે મુજબ પતિદેવે પોતાની શકિત અનુસાર તથા ધર્મપત્નિની અભિરૂચી અનુસાર તે પાર પાડી. એમ કરતાં કરતાં અવધ પુરી થઈ અને આપણા ચરિત્રનાયકે આ જગતમાં પહેલો શ્વાસ લીધો.

સમય જતાં તેમનામાં પણ તેજ સદ્દગુણો અને શ્રેષ્ઠ ભાવનાઓ પ્રત્યક્ષ રીતે સારા પ્રમાણમાં પ્રગટી નીકળી, કે જે સદ્દભાવનાઓ તથા સ્વર્ગીય ગુણોનો પ્રભાવ, માતાએ ગર્ભાધાનના સમયથી પ્રસવકાળ સુધી પોતાનાં સત્કર્મોથી તેમના ઉપર પાડ્યો હતો.

## પ્રકરણ ત્રીજું.

### જન્મ.

શ્રી મુનિ મહારાજનો શુભ જન્મ વિક્રમ સંવત ૧૯૩૩ના કાર્તિક સુદ ૧૩ને રવીવારે ૫૦ ઘડી ૧૩ પલ સમય વીત્યા બાદ, અશ્વિની નક્ષત્રના ત્રીજા ચરણમાં ૬૦ ઘડી પછી વ્યતીત યોગમાં સૂર્ય ૭-૩ ઇષ્ટ ઘડી ૩૫-૯ના શુભ યોગમાં દૈવી ગુણ તથા સિંહ રાશીમાં મધ્ય ભારતવર્ષના 'નીમચ' નગરમાં થયો હતો. ભગવાન શ્રીકૃષ્ણના કથાનુસાર દૈવી સંપત્તિસહિત જન્મ ધારણ કરનારમાં નીચે લખેલા છવ્વીસ ગુણો હોય છે.

"अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥ १ ॥
अहिंसा सत्यम् क्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥ २ ॥
तेजः क्षमा धृतिः शौचम द्रोहो नातिमानिता ।
भवन्ति सम्पदं दैवीमभिजातस्य भारत ॥ ३ ॥

श्रीमद्भगवद्गीता अ० १६ श्लोक १, २, ३

અર્થાત ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, "હે ભારત! (૧) અભય (૨) અંતઃકરણની શુદ્ધિ (૩) જ્ઞાન અને યોગને વિષે નિષ્ઠા, (૪) દાન (૫) ઇંદ્રિય નિગ્રહ (૬) યજ્ઞ (૭) સ્વાધ્યાય (૮) તપ (૯) સરળતા, (૧૦) અહિંસા (૧૧) સત્ય, (૧૨) અક્રોધ (૧૩) ત્યાગ, (૧૪) શાન્તિ, (૧૫) કોઇની ચાડી ન ખાવી (અપૈશુન) (૧૬) પ્રાણી માત્ર પ્રત્યે દયા (૧૭) અલોલુપતા—(લાલસી ન થવું) (૧૮) નમ્રતા (૧૯) લજ્જા (૨૦) સ્થિરતા (૨૧) તેજસ્વીપણું (૨૨) ક્ષમા (૨૩) ધૈર્ય (૨૪) પવિત્રતા (૨૫) અદ્રોહ (કોઇનું બુરૂં ન ઇચ્છવું અથવા કરવું) અને (૨૬) નિરભિમાન આટલા ગુણો જે દૈવી સંપત લઇને જન્મ્યો હોય છે, તેનામાં હોય છે.

નીમચ નગર લગભગ ૨૫° ઉત્તર અક્ષાંસ તથા ૭૫° પૂર્વ રેખાંશ ઉપર, મહારાજા સિંધિયાના રાજ્યમાં રાજપુતાના-માળવા રેલ્વે સડકની નજીક આવેલું છે. અહીંઆં શ્વેતાંમ્બર સ્થાનકવાસી સમાજના વીતરાગ મુનિઓના ચાલુ વસવાટને લીધે તેમના સત્સંગનો લાભ મળે છે. એનું મુખ્ય કારણ એ છે કે અહીંની વસ્તીનો મોટો ભાગ સ્થાનકવાસી જૈન ભાઇઓનો છે. આ સિવાય અહીં રેલ્વે સ્ટેશન તથા આજુબાજુના ગામોનું વ્યાપારી બજાર હોવાને લીધે, કેટલાક સાધુ-સન્તો, વિહાર કરતા કરતા અહીં આવી ચઢે છે. અને પોતાનાં પુનિત પગલાંથી તથા અમૃતમયી વાણીથી અહીંની ભૂમિ તથા નાગરિકોના હૃદય પાવન કરે છે. સમય જતાં આપણા ચરિત્રનાયક ઉપર આ સ્થાનમાં વખતોવખત પધારતા સાધુ પુરૂષોનો પ્રભાવ પડવા લાગ્યો. પ્રભાવજ પડ્યો એમ નહિ પરંતુ તેમના હંમેશના સત્સંગ તથા વાણીના પ્રભાવથી તેમનું સંસારી જીવન એકદમ

સંન્યસ્થ જીવનમાં પલટાઈ ગયું. આ પલટો થતાં પોતાનો સંકુચિત કૌટુંબિક પ્રેમ વિશ્વબન્ધુત્વના વિશાળ પ્રેમ-સાગરમાં એકરૂપ થઈ ગયો. આથી પોતાનું સ્વ-સુખ પ્રાણીમાત્રના સુખમાં માનવા લાગ્યા. પોતાનું જીવન પોતાને માટે જીવવા ન લાગ્યા, પરંતુ પ્રાણીમાત્રના જીવનને પોતાનું જીવન માનવા લાગ્યા. શારીરિક ક્રિયાઓ તથા હલન ચલન પોતાનાજ ઉદર નિર્વાહ માટે નહિ કરતાં, વિશ્વરૂપી વિરાટ શરીરના ભરણ-પોષણાર્થે કરવા લાગ્યા. વ્યક્તિગત માયા મમતા હતી, તે વિશ્વની માયા મમતામાં ફેરવાઇ ગઈ. ત્યારથી તેમનાં સંપૂર્ણ સ્વાર્થમય કામ-કાજ અનન્ત અને આનન્દમય વિરાટ વિશ્વાત્માનાં કામકાજ થઇ પડયાં, કે જેમાં પોતાનું સાચું અને પરમસુખ સમાએલું હતું.

## ચરિત્રનાયકજીની જન્મ કુંડલી.

જન્મ-કુંડલી




ચલિત-ચક્રમ.



તેમનો શુભ જન્મ થતાં કુટુંબીજનોને અત્યન્ત આનંદ થયો. તથા સમસ્ત કુટુંબીજનોએ મહાન ઉત્સવ ઉજવ્યો, અને શ્રદ્ધા તથા પ્રેમથી ગરીબગરબાંને અનેક પ્રકારનાં દાન કર્યાં, તેમના પિતાના સઘળા મિત્રમંડળે તથા સ્નેહીઓએ પણ આ આનંદમાં ભાગ લીધો. સઘળાઓએ આશિષ આપ્યા કે પરમ કૃપાળુની કૃપાથી બાળક દીર્ઘાયુષી બની ભવિષ્યમાં ખૂબ યશ તથા માન પ્રાપ્ત કરો. જો કે આ આશીર્વાદ પ્રચલિત રૂઢી મુજબ વર્તમાન સમયના વિચારોને વશવર્તી ઉચ્ચારવામાં આવ્યા હતા, છતાં સમય જતાં તે ફળીભૂત થયા. પહેલે દિવસે "જાત–કર્મ" કરવામાં આવ્યું, બીજે દિવસે જાગ્રણ કરવામાં આવ્યું. ત્રીજે દિવસે બાળકને ચન્દ્ર સૂર્યનાં દર્શન કરાવવામાં આવ્યા. આ પ્રમાણે એક પછી એક ક્રિયાઓ કરતાં કરતાં દશ દિવસ પુરા થયા. અગીઆરમા દિવસે સૂતક કાઢી શુદ્ધિ ક્રિયા કરવામાં આવી અને બારમે દિવસે સંબંધીઓને તથા બ્રાહ્મણોને યથાશકિત જમાડવામાં આવ્યા. તેજ દિવસે તેમના પિતાશ્રીએ વિદ્વાન બ્રાહ્મણોને આમંત્રી તેમની પૂજા–અર્ચના કરી અને તેમની પાસે નામ પાડવાની વિધિ કરાવી. તે મુજબ બાળકનાં શારીરિક લક્ષણો અને અન્ય ચિહ્નો તપાસી તેનું નામ 'ચતુર્થમલ' પાડયું. અહા, જ્યોતિષ પણ કેવી ગહન વિદ્યા છે કે જેનું યોગ્ય જ્ઞાન મળ્યા પછી, ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળોને જ્યોતિર્વિદ પોતાની ગોદમાં ગેલ કરાવે છે! બસ, જ્યોતિષવેત્તાઓએ પણ આપણા ચરિત્રનાયકનું જ્યોતિષને અનુરૂપ એજ નામ રાખ્યું કે જેથી ભવિષ્યમાં બાળકમાં એ સઘળા ગુણો ઉતરી આવે અને "यथानाम स्तथागुणाः" વાળું વચન સંપૂર્ણપણે સાચું ઠરે. આ પ્રમાણે અવતરેલ બાળક દિનપ્રતિદિન ચન્દ્રની કળાની

માફક વધતો ચાલ્યો, અને પાડોશીઓને આનંદનું ધામ થઇ પડયો. જોધપુરના પંડિત શીઘ્રકવિ શ્રી નિત્યાનંદજીએ તેમની બાબતમાં કહ્યું છે કે—

युगत्रये पूर्वमतीतपूर्वे जातास्तु जाता खलु धर्ममल्लाः ।
अयं चतुर्थो भवताच्चतुर्थे धातेति सृष्टोऽस्ति चतुर्थमल्लः ॥

અર્થાત પહેલાંના ત્રણે યુગમાં ધર્મોપદેશક તથા ધર્મ પ્રવર્તક થઇ ગયા છે, પરંતુ ચોથા યુગમાં પણ કોઈ એવી પ્રભાવશાળી વ્યકિત જોઇએ. તેથી વિધાતાએ ચતુર્થમલ્લને ઘડી કાઢયા.

પ્રકરણ ચોથું.

## બાલ્યાવસ્થા અને શિક્ષણ.

એક માસ, બે માસ કરતાં તે છ માસના થયા, અને ઘુંટણીએ દોડવા લાગ્યા અને નવ માસના થતાં તો મધુર તોતલી બોલીથી પોતાના ચહાનારાઓને આનંદ પમાડવા લાગ્યા.

પિતાજીએ તેમને ચકલાંનું એઠું પાણી પાયું, જેને માટે તેમની એવી માન્યતા હતી કે બાળક મોટો થતાં સ્પષ્ટ અને ચતુર વકતા થશે. ગર્ભાવસ્થામાં માતાનું સંયમીપણું અને હવે સૈશવ કાળ (બાલ્યાવસ્થા)માં સદાચારી માતા તથા પિતા બંનેની યોગ્યતાને લીધે મુખ્ય ઉપદેશોનાં મૂળતત્ત્વોનો આરંભ થયો. સુયોગ્ય માતા પિતાની સીધી દેખરેખ નીચેનાં સંતાન સમય આવતાં કેવાં ચારિત્રશાળી તથા આદર્શ બને છે તેના આપણા ચરિત્રનાયક એક જવલંત ઉદાહરણરૂપ છે.

માતા પિતાની શીતળ છાંય નીચે કલ્લોલ કરતાં સાત વર્ષ વીત્યા પછી નિયમાનુસાર તેમનો વિદ્યાભ્યાસ ચાલુ થયો. શુભ મુહૂર્ત જોઇને તેમને ગામની પાઠશાળામાં બેસાડવામાં આવ્યા. જ્યાં તેમણે ગણિત વિગેરે સાથે હિંદી ભાષાનું સાધારણ જ્ઞાન

સંપાદન કર્યું. અને થોડું ઘણું અંગ્રેજી તથા પાંચમા પુસ્તક પર્યંત ઉર્દુનો અભ્યાસ કર્યો. અવસ્થા પ્રમાણે તેમને સંગીતનો પણ શોખ લાગ્યો. તેમનો સ્વર ઘણો મધુર તથા કર્ણપ્રિય હતો. સમય જતાં તેમણે કેટલાક કાવ્યગ્રન્થો તથા છુટક કાવ્યો પણ રચ્યાં, જેનો ઉલ્લેખ આગળ ઉપર કરવામાં આવશે. પંદર વર્ષ સુધી તેમણે પ્રાથમિક કેળવણી લીધી. બાલ્યાવસ્થાથીજ તેમને પુસ્તકો પ્રત્યે ઝાઝો પ્રેમ હતો. તે વખતે નંદરામજી પસારી (પુસ્તક વેચનાર)ની દુકાન ઉપર બેસી તે પુસ્તકો વાંચ્યા કરતા હતા.

આ પ્રમાણે તેમની બાલ્યાવસ્થા ખેલવા-કુદવામાં, અને તરૂણાવસ્થાનો આરંભકાળ વિદ્યાભ્યાસમાં વ્યતીત થયો. મનુષ્ય-જીવનનો આ સમય ખરેખર અદ્વિતીય અને આનંદદાયી છે. ઘરની સ્થિતિ ગમે તેવી હોય છતાં, મનુષ્ય સાંસારિક ચિંતાઓથી વિમુકત હોવાને સબબે જીવનના આ સમયને અત્યંત સુખશાન્તિથી વીતાડે છે. માતાપિતાના સુખદ શિરછત્રની મીઠી છાંયડી, પીઠ થાબડનાર વડીલ બંધુ અને સ્વતંત્ર જીવન; આ બધા સુખ સાધનસંપન્ન આપણા ચરિત્રનાયક પોતાનું જીવન આનંદમાં વ્યતીત કરતા હતા. પરંતુ તેમના જીવનનું લક્ષ્ય-બિંદુ જો સાંસારિક સુખ પ્રાપ્તિજ હોત તો આ વિષય ઉપર આ પુસ્તક રચવાનો અવસર ન આવત, અને ન તો તેમનું ચારિત્ર આદર્શ ગણાત. વળી લોકોપકારી થવાને બદલે તે અપકારી પણ થયા હોત. પરંતુ જે દિવ્ય પ્રેરણાથી તેમનું લક્ષ્યબિંદુ પલટાઇ ગયું, તે પ્રેરણાદાતા વિધાતાને લાખો ધન્યવાદ હો.

## પ્રકરણ પાંચમું.

# ભાઈનું ખૂન અને માતાનું ધૈર્ય.

તેમના વડીલ બંધુ કાલૂરામ એ વખતે તલાટી હતા. કુસંગતિમાં પડીને તે જુગાર રમવા લાગ્યા હતા. આ કેવી દુષ્ટ આદત છે, અને જતે દિવસે તેનાં કેવાં માઠાં ફળ ચાખવાં પડે છે, તે તો વાંચકને વિદિત હશેજ. તેથી આ વિષય ઉપર વિસ્તૃત લખવું એ ચુંથણાં ચુંથ્યા જેવું છે. કાલૂરામ પોતાના જુગારી મિત્રો સાથે હંમેશાં જુગાર રમતા હતા. એક દિવસ કંઇ બહાનું કાઢીને તે લોકો તેમને જંગલમાં જુગાર ખેલવા લઈ ગયા, અને ત્યાં તેમનું દ્રવ્ય દાગીના લુંટી લઇ તેમને યમદ્વાર પહોંચાડી દીધા. આ બનાવ વિક્રમ સંવત ૧૯૪૭માં બન્યો. ખૂન થયું તેજ રાત્રે માતાને અઘોર સ્વપ્ન આવ્યું, અને તેમાં પોતાના પુત્રને કોઈએ મારી નાખ્યો એવું દ્રશ્ય જોયું. બીજે દિવસે જ્યારે ખૂન થયાની વાત બહાર આવી ત્યારે માતા પિતા તથા કુટુંબીજનોને અતિશય દુઃખ થયું. કેટલાક વખત પછી સંજોગવશાત્ ખૂનીઓનો પત્તો મળ્યો. પરંતુ જ્યારે કુટુંબીઓએ તેમને અદાલતમાં ઘસડી યોગ્ય શિક્ષા કરાવવાનો વિચાર કર્યો, ત્યારે ચૌથમલની માતા જે પરમધર્મિષ્ઠા અને પરદુઃખભંજક હતી તેણે તેમને વાર્યા અને કહ્યું કે જે કંઇ બન્યું તે આપણા નસીબની વાત

છે. ગુમાવેલી વસ્તુ પાછી મેળવી શકાતી નથી. નકામું અંદરો અંદર વૈમનસ્ય-વેર વધારવું. અથવા આપણા આ નુકશાનનો બદલો લેવો, કે જેની ભરપાઇ કદી થઇ શકતી નથી અગર બદલો લેવાતો નથી. તે સર્વથા અજુગતું છે. એમાં કોઇનો ઉપાય ચાલતો નથી. ખૂનીઓએ કાં તો કર્મોનો બદલો લીધો અગર અન્ય કંઇ પણ થયું. પરંતુ વાતને અહીંજ સમાપ્ત કરો. પ્રિય વાંચક! જોયો પૂર્ણતાનો પ્રભાવ! અહો! કેવી દિવ્ય ભાવના છે! ત્યાગનું કેવું અદ્દભુત ઉદાહરણ છે! ખરેખર, આ કલિકાળમાં તો આવાં ઉદાહરણો વિરલજ ગણાય! વળી આપણા ચરિત્રનાયકની માતાના આ ત્યાગમાં સતયુગની ઝાંખી થાય છે. ધન્ય છે એ માતૃહૃદયને! કે જે પરોપકાર, ત્યાગ, અને "आत्मवत सर्वभूतेषु"ની અલૌકિક ભાવનાથી ભરપૂર છે.

આવા અનુપમ ગુણોનું ગાન કરવાનું મારા જેવા અલ્પમતિનું ગજુ શું? સાચી વાત તો એમ છે કે આવા ત્યાગ અને ધર્મની સાક્ષાત મૂર્તિરૂપી માતાઓ જે દેશમાં ઉદ્દભવે છે, તે દેશ ખરેખર ગૌરવશાળી બને છે. આવી માતાઓના ચરિત્ર સુવર્ણ અક્ષરે લખાય એવાં હોય છે. કેસરબાઇ! તને ધન્યવાદ છે!

## પ્રકરણ છઠ્ઠું.

# લગ્ન

આગળ ઉપર અમે દર્શાવી ગયા છીએ કે આપણા ચરિત્રનાયકને ત્રણ ભગિનીઓ પણ હતી. એમાંની બે જે મોટી હતી, તેમને લગ્ન બંધનથી જોડી દેવામાં આવી હતી. પરંતુ એક નાની હતી તેને માટે માતાની એવી ઉમેદ હતી કે જો તે હોશિયાર નીવડે તો તેની સાથે પોતે પણ દીક્ષા લઇ બંનેએ સાધ્વી થઇ જવું. પરન્તુઃ—

"ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે?"

તે મુજબ માતાની ઇચ્છા પૂર્ણ ન થઇ. થોડા સમય બાદ તેનો દેહાન્ત થયો. ત્યાર પછી આપણા ચરિત્રનાયકના લગ્ન વિષે વિચાર કરતાં, એમ નક્કી કરવામાં આવ્યું કે પ્રતાપગઢ (રાજપૂતાના)વાળા જે સગાઇ કરવા માટેનું અતિશય દબાણ કરી રહ્યા છે, તેનો સ્વીકાર કરવો. આ પ્રમાણે વિચાર થતાંજ તેમની સગાઇ પ્રતાપગઢમાં કરવામાં આવી અને લગ્નનું શુભ મુહુર્ત પણ તાત્કાલિક નક્કી કરવામાં આવ્યું. આર્થિક સ્થિતિ જોઇએ તેવી સદ્ધર ન હોવાને કારણે તેમના પિતાએ ખેતીની જમીન તથા ગામની અંદરનાં આમ્બાનાં ઝાડો વેચી નાખ્યાં.

વિક્રમ સંવત ૧૯૫૦માં પ્રતાપગઢ જઇ ચતુર્થમલજીનું શુભલગ્ન કરવામાં આવ્યું, અને પોતાની શકિત અનુસાર લગ્નસમારંભ આનંદમગ્ન બની ઉજવ્યો. ત્યાર પછી નવવધૂને પોતાની સાથે લઈ તેઓ નીમચ નગર પાછા આવ્યા.

## પ્રકરણ સાતમું.

# યુવાવસ્થા.

## (સંસાર ત્યાગ અને વૈરાગ્ય.)

આપણા ચરિત્રનાયક પૈમાયશ શીખવાની વૃત્તિથી ગામના પટવારી પાસે ગયા. પરંતુ તે તેમની પાસે રસોઈ કરાવતો અને તેમને રસોઈ કરતાં આવડતી નહોતી. તેથી કંટાળીને તથા ગભરાઇ જઇને પોતાને વતન પાછા ગયા, અને ત્યાં આવી સાધુ સંતોની સેવા કરવી અને તેમનો ઉપદેશ ગ્રહણ કરવો એજ એમનું ધ્યેય બન્યું. આથી ધીરે ધીરે સંસારમાંથી વિરક્તિ થવા લાગી. આજ સમયે એટલે કે સંવત ૧૯૪૮માં તેમના ઉપર પિતૃવિયોગનો કારી ઘા પડયો. કહેવાની આવશ્યકતા નથી કે તેમના પિતા સ્ત્રી પુત્રાદિને ત્યાગી સ્વર્ગસ્થ થયા. પિતાની ઓસરક્રિયા વિગેરેથી પરવાર્યા પછી તેમની માતાએ દીક્ષા લેવાનો પોતાનો વિચાર પ્રગટ કર્યો, અને તેમને પૂછયું, "બેટા, તારો શો વિચાર છે?" આના પ્રત્યુત્તરમાં ચૌથમલજીએ પણ પોતાનો દીક્ષા લેવાનો વિચાર જણાવ્યો તથા કહ્યું, "માતાજી, તમારાથી પહેલાં મેં દીક્ષા લેવાનો નિશ્ચય કરી રાખ્યો છે, તેથી તમે ખુશીથી દીક્ષા લો, અને સાથે સાથે હું પણ દીક્ષા લઈશ." પરંતુ માતાએ કહ્યું, બેટા, તારી આ ઉંમર

અત્યારે સંસાર સુખો ભોગવવા લાયકની છે, નહિ કે વૈરાગ્ય લેવાની! વળી જો તારી એવીજ મરજી હોય તો યોગ્ય સમયે તું પણ તેનો અંગીકાર કરજે. પરંતુ હમણાં તો ગ્રહસ્થાશ્રમીજ રહે. વળી તારૂં લગ્ન પણ હમણાંજ કરવામાં આવ્યું છે. એવી સ્થિતિમાં તું દીક્ષા કેવી રીતે લઇ શકે?

આ પ્રમાણે માતા તથા કુટુંબીઓના સમજાવવા છતાં તેમને જે રંગ લાગ્યો હતો, તે કોઈ પણ રીતે ઓછો ન થયો. પરંતુ બધાનું કહ્યું સાંભળ્યા પછી તો તેમને વધારે રંગ લાગ્યો. જ્યારે માતાને લાગ્યું કે આ હવે માનશે નહિ, ત્યારે તેમણે કહ્યું, "ઠીક, જા. તારી વહુને તેના પીઅરથી તેડી આવ. જો તને તે અનુમતિ આપે અને તારી સાથે તે પણ સાધ્વી થાય તો તું દીક્ષા લેજે." આ ઉપરથી ચૌથમલજી પત્નીને તેડી લાવ્યા, અને તેની પાસે પોતાનો વિચાર પ્રગટ કરી સંમતિ માગી, તો તેણીએ સાફ ના પાડી. માતા તથા પુત્ર બંનેએ વહુને ખુબ ઉપદેશ આપ્યો, પરંતુ તે તો એકની બે ના થઇ, અને ઉલટો ઘરમાં કંકાસ પેઠો. તેમની પત્નીએ તેમને કહ્યું અને વ્યાજબીજ સંભળાવ્યું કે, "જો તમારે દીક્ષાજ લેવી હતી તો પછી લગ્ન શા માટે કર્યું? હવે જ્યારે લગ્ન થઇજ ગયું છે, તો સાંસારિક તથા ગ્રહસ્થ ધર્મનું પાલન કરો. આગળ ઉપર યોગ્ય સમયે તેનો વિચાર કરજો." આ પ્રમાણે પત્નીએ પોતાની સચોટ દલીલો ભારે ચાલાકીથી રજુ કરી. પરંતુ જેમ સ્ત્રી તેમની સાથે સહમત ન થઇ તેમ તે પણ પોતાના દૃઢનિશ્ચયથી સહેજ પણ ચલિત ન થયા. મતભેદને લીધે જ્યારે કુટુંબમાં કંકાસ ચાલુ થયો, ત્યારે પોતાની પત્નીને પોતાના મામાસસરાને ત્યાં મૂકી આવ્યા. આ પ્રમાણે એક રીતે તેમનો માર્ગ નિષ્કંટક

થયો. અને હવે તેમને વૈરાગ્ય ચિંતવન માટે ખૂબ વખત મળવા લાગ્યો. આ બાજુ જ્યારે તેમણે પોતાનો વેપાર રોજગાર પણ સંકેલવા માંડ્યો ત્યારે આ વાત ધીમે ધીમે તેમના શ્વસુર ગ્રહે પહોંચી ગઈ. તેથી તેમના સસરા નીમચ આવ્યા, અને ભારે જહેમત ઉઠાવી ખટપટ કરી અમલદારો પાસે તેમને કારાગારમાં પૂરાવ્યા. અને કહેવા લાગ્યા, "જોઉં છું. હવે તમને કોણ છોડાવે છે?" છ દિવસ અને રાત તે કારાગારમાં રહ્યા. છઠ્ઠે દિવસે તેમના સસરા કારાગૃહમાં આવી કહેવા લાગ્યા. 'જમાઈજી, કેમ આનંદમાં તો છો ને? આ જગ્યા તો બરાબર અનુકુળ છે ને? જો અનુકુળ ન હોય અને પસંદ ન પડતી હોય તથા સુખચેનથી રહેવા ઈચ્છતા હો તો તમારે એકરાર કરવો પડશે કે હું દીક્ષા નહિ લઉં." આ ઉપરથી તેમણે વિચાર કર્યો કે કારાગારમાં બેઠા બેઠા કશું જ થઈ શકશે નહિ અને તેની સમક્ષ હું દીક્ષા નહિ લઉં, એવો એકરાર કરવામાં નુકશાન પણ શું છે?

આ પ્રમાણે વિચાર કરીને તેમણે તેને કહ્યું, "હું દીક્ષા નહિ લઉં." આથી નિયમાનુસાર તેમની પાસેથી રૂા. ૨૦૦) (બસો)ના જામીન તથા એકરારનામું લખાવી લેવામાં આવ્યું. આ મુજબ તેમણે પણ રાજકારભારીઓને કહી પોતાના સસરાના રૂા. ૨૦૦) (બસો)ના જામીન લખાવી લીધા અને એવી શરત કરાવી કે તે અને કોઈ પણ જાતનું કષ્ટ આપે નહિ. આ થઈ ગયા પછી સસરા એમણે તથા એમની માતાને પણ ધર્મોતર (પ્રતાપગઢ) લઈ ગયા. અહીંથી કોઈ પણ ઠેકાણે ચાલ્યા ન જાય, એ દૃષ્ટિથી તેમના ઉપર ખૂબ જાપ્તો રાખવામાં આવતો. એક દિવસે કોઈ કારણવશાત આપણા ચરિત્રનાયક પોતાનાં માતુશ્રી

સાથે ગામમાં જતા હતા. તે વખતે માર્ગમાં એક મકાન આવ્યું, જે જોતાં તેમણે માતાને પૂછ્યું કે, "આ કોનું ઘર છે?" આના પ્રત્યુત્તરમાં માતાએ કહ્યું. "બેટા આ મકાન રંગૂજી સતીનું છે. અહીંઆ તેનું સાસરૂં છે. તે બાલ્યાવસ્થામાં વિધવા થઇ હતી. ત્યારથી પોતાના શીલ તથા ધર્મનું રક્ષણ કરીને અહીંઆ રહેતી હતી. તે રૂપનો ભંડાર હતી. બાલ્યાવસ્થામાં વૈધવ્યનો કારી ઘા પડયો, ત્યારથીજ પોતાનું દુ:ખમય જીવન જ્ઞાન સંપાદન કરવામાં તથા ધર્મધ્યાન કરવામાં વ્યતીત કરતી હતી. દરરોજ પ્રાત:કાળે ચાર વાગે ઉઠી પ્રભુ-સ્મરણ કરવું, પછી સ્વાધ્યાય કરી સૂર્યોદય પછી સાધુ મુનિઓનો સદુપદેશ સાંભળવો. ત્યાર પછી દાન કરવું. બપોરે પણ કોઇ ધાર્મિક ગ્રંથનો અભ્યાસ કરવો અને સાયંકાળે પણ પ્રતિક્રમણ વિગેરે કરી, ધર્મ સાધના કરવી એજ તેનું ધ્યેય હતું. આ પ્રમાણે સાંસારિક સુખોથી વિમુખ થઇને તે પોતાનું જીવન વૈરાગ્યવૃત્તિમાં વીતાડતી હતી. જેણે તે સૌભાગ્યવતીના સૌભાગ્યસૂર્ય (પતિદેવ)ને અકાળે છીનવી લઇ તેના જીવનને દુ:ખમય અને અશાન્તિમય બનાવી દીધું, તે દુર્ભાગ્યની દુ:ખદાયક લહરીઓ તો કયારનીયે વાઇ ચૂકી હતી. પરંતુ આવી કરૂણાવસ્થામાં તેની સમક્ષ એક ઘણોજ હૃદયદ્રાવક પ્રસંગ ઉપસ્થિત થયો. એજ ગામમાં એજ સમયે એક શ્રીમંત સત્તાધારી ક્ષત્રિય રહેતો હતો, જે પોતાની જુવાનીના જોમમાં ભારે કામાન્ધ બની માતેલા આખલાની જેમ ફરતો હતો. તેની આના ઉપર બદદાનત થઇ, અને તેથી એ દુષ્ટ પ્રસંગોપાત તેનું સૌંદર્ય કામાતુર આંખોથી નિહાળ્યા કરતો. રંગૂજીનું અનુપમ સૌંદર્ય તથા તેનાં ઘાટીલાં અંગોપાંગની નાજુકતા જોઇ એ દુષ્ટના મનમાં પાપવાસના પ્રગટી ઉઠી. પછી તો પોતાનું કાળું

કરવાને એ પાપી રાતદિવસ યુકિત પ્રયુકિતમાં મંડયો રહેતો. તેનાં આવાં આચરણ જોઈ ધર્મપરાયણ રંગૂજીની ક્રોધ-જ્વાલા ભભૂકી ઉઠી. તેની નીચતા જોઈ તેને પોતાના શિયળરક્ષણની ભારે ચિંતા થવા લાગી. એક દિવસ તેણે વિનયપૂર્વક તે ક્ષત્રિયને કહેવડાવ્યું કે, "તમે તો ક્ષત્રિય છો, અને મારા પિતાતુલ્ય છો. આવી પરિસ્થિતિમાં આપની રહેણીકરણી અત્યાચારના રૂપમાં પલટાતી જાય છે, તે આપને શોભાસ્પદ નથી, માટે કૃપા કરી આપની કુવાસનાને તિલાંજલી આપશો."

પરંતુ દુષ્ટમતિ ક્ષત્રિયના મન ઉપર આની કંઈપણ અસર થઈ નહિ. એતો એના એ ભગવાન–એ મુજબ પોતાના પ્રયત્નોમાં રચ્યોપચ્યો રહેવા લાગ્યો. તેણે રંગૂજીને મેળવવા માટે નાનાવિધ પ્રયત્નો કર્યા. તેને ફસાવવા માટે જાતજાતની લાલચો આપી. પરંતુ સતીએ પોતાના ધર્મમાંથી ચ્યુત થવાની કલ્પના સરખી કરી નહિ. પોતાના સઘળા પ્રયત્નો નિષ્ફળ જતા જોઈ તેણે એક વખત બે ચાર માણસોને ત્યાં મોકલ્યા, અને એને કોઈ પણ રીતે ઉંચકી લાવવા ફરમાવ્યું. જ્યારે સતીને સંદેહ પડયો કે મારા શીયળ અને ધર્મને ભ્રષ્ટ કરવાની પેરવી ચાલી રહી છે, ત્યારે તેણે વિચાર કર્યો કે હવે શું કરવું? આ દુષ્ટ પોતાની દુષ્ટતા ત્યજવાનો નથી, અને જ્યાંસુધી આ દેહમાં પ્રાણ છે ત્યાંસુધી હું શીયળભ્રષ્ટ થઉં, તે તદ્દન અસંભવિત છે. આખરે આ નરપિશાચથી છુટવાનો કોઇ પણ રસ્તો નથી એમ જાણી રંગૂજીએ પોતાના મકાનની પછીતથી નીચે પડી પ્રાણાર્પણ કરવાનો વિચાર કર્યો. આ વિચારને અમલમાં મૂકવા પોતાના મકાનને બીજે માળેથી કૂદી પડવાની તૈયારી કરતી હતી, તેજ વખતે ઉંટ ઉપર બેઠેલો એક માણસ બારીની લગોલગ દેખાયો,

અને કહેવા લાગ્યો, "સતી. આ ઉંટ ઉપર બેસીજા, અને હું તને જ્યાં તારી મરજી હશે ત્યાં મૂકી આવીશ." આ શબ્દો સાંભળતાં રંગૂજીને એકાએક વિશ્વાસ બેઠો કે આ ચોક્કસ મારો કોઇ રક્ષક છે, અને તરતજ ઉંટ ઉપર આરૂઢ થઇ ગઇ. નિમિષ માત્રમાં તેને લાગ્યું કે, "હું મારા પીયરમાં આવી પહોંચી છું."

તદ્દન બનવાજોગ છે કે લોકોને આ ઘટના શંકાભરી લાગે. પરંતુ વાસ્તવિક રીતે વિચારીએ તો સાચી પતિવ્રતાઓ માટે કોઇ પણ વાત અસંભવિત જેવી નથી. જે રમણીએ પોતાના પતિ સિવાય સ્વપ્ને પણ પર-પુરૂષનું ચિન્તવન ન કર્યું હોય, જેણે મન વચન અને કર્મથી જીવનપર્યંત પતિ-સેવામાં પોતાનું જીવન વ્યતીત કર્યું હોય અને જે પોતાનાં સમસ્ત ધર્મ અને કર્મ પતિ ચરણે અર્પણ કરી પોતાને કૃતકૃત્ય સમજતી હોય તેવી દિવ્યાંગનાને માટે આ કંઇ ભારે બાબત નથી. કેમકે સતીત્વમાં અસાધ્યને પણ સાધ્ય કરવાની શકિત રહેલી છે. સતીત્વ એક કઠોર વ્રત, કઠિન તપશ્ચર્યા અને વિકટ સાધના છે. આ સાધનાથી સાધિકાને સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે જબરદસ્ત સંયમ જાળવવો પડે છે. સતી પોતાના પતિની હયાતીમાં, તેમનામાંજ ઈશ્વરની સત્તાનો સાક્ષાત્કાર કરી તેની સેવાનેજ સઘળા ધર્મોનું તારતમ્ય માને છે; અને તેના મૃત્યુ પછી પોતાના શીલવ્રતનું પાલન કરી પરમાત્મ ચિન્તવનને પોતાનું ધ્યેય માને છે. એતો દિવા જેવું સ્પષ્ટ છે કે સતીત્વ એ કંઇ નજીવી અથવા સાધારણ બાબત નથી. એ તો ઘોર તપશ્ચર્યા છે. એ તપશ્ચર્યાના બળથી સતીના અંતરમાં જે અલૌકિક આત્મશકિતની સૃષ્ટિ ઉદ્ભવેછે, તેજ એક ઈશ્વરી શકિત છે, કે જેનાથી સંસારનાં તદ્દન અસંભવિત કાર્યો

પણ આંખના પલકારામાં સંભવિત બને છે. અસ્તુ. હવે પેલો માણસ તેને ગામની ભાગોળે મૂકીને ચાલ્યો ગયો. ત્યારપછી સતી ગામમાં ગઇ અને ત્યાં જઇ દીક્ષા લીધી.

આ પ્રમાણે માતુશ્રીના મુખેથી સતી રંગૂજીનું જીવન-વૃત્તાંત સાંભળી આપણા ચરિત્રનાયકના હૃદયમાં પણ વૈરાગ્ય-વૃત્તિનું સંચાર થયું. જ્યારે તેમની વૃત્તિ વૈરાગ્ય તરફ વિશેષ ઢળેલી માલુમ પડી, ત્યારે એક દિવસ પૂનમચંદ (ચરિત્રનાયકના સસરા) તેમની માતાને કહેવા લાગ્યા કે. "હે વૃદ્ધ વેવાણ, તું મારા જમાઇને દીક્ષા અપાવે છે! હું કોણ છું તે તું નથી જાણતી? મારૂં નામ પૂનમચંદ છે. જોઉં છું કે મારી હયાતીમાં તેની પાસે કોણ દીક્ષા લેવડાવે છે?" આના પ્રત્યુત્તરમાં માતાએ કહ્યું, "મારા પુત્રને દીક્ષા અપાવનાર હું આ રહી! વળી મારા પુત્રને દીક્ષા લેવડાવ્યા બાદ તને પણ પુનમનો અમાવાસ્યા ના બનાઉં તો મારૂં નામ કેસર નહિ." આવી ઘણી ટપાટપી થઇ.

આ પ્રમાણે કેટલાક દિવસો વહી ગયા. સસરાને પણ 'તે ભાગી જશે' એવી ઝાઝી શંકા નહોતી, કેમકે તે અહીં કેટલાક વખતથી રહેતા હતા, અને વળી કોઇ કોઇવાર ગામમાં તથા ગામબાહર જઈ પાછા આવતા હતા. એક દિવસ વાહન ભાડે કરી તેઓ ગુપચુપ નીમચ નગર પહોંચી ગયા. ત્યાં આવી એક દિવસ કોઈ ગુજરેલાને અગ્નિદાહ દેવા શ્મશાનમાં ગયા. તેમને માટે મૃતદેહને અગ્નિદાહ દેવાતો જોવાનો આ પહેલોજ પ્રસંગ હતો. આ ઉપરથી તેમને વિચાર આવ્યો કે એક દિવસ આપણે પણ આ માર્ગના મુસાફર થવું પડશે. આવા અનેક વિચારોને લીધે તેમને સંસાર તરફ વિશેષ વિરકિત થઇ, અને ધીમે ધીમે

પોતાની પ્રવૃત્તિ ઈશ્વર-ભક્તિમાં પલટાઈ ગઇ. ત્યાર પછી આપણા ચરિત્રનાયક પ્રતાપગઢ ગયા. તે દિવસોમાં ત્યાં શ્રી અમોલક ઋષિજી મહારાજ વિરાજતા હતા. તેમણે તેમનાં દર્શન કર્યાં અને વ્યાખ્યાન સાંભળ્યું, જેને લીધે વૈરાગ્યવૃત્તિ વિશેષ દૃઢ થઇ. ત્યાંથી તેઓ એક પુંજણીની (નાના જીવોનું રક્ષણ કરવા વપરાતી) દાંડી તૈયાર કરાવી લાવ્યા. ત્યાંથી તેઓ 'છોટી સાદડી' (મેવાડ) ગયા. ત્યાં મુનિ શ્રીલાલજી મહારાજ તથા શંકરલાલજી મહારાજ વિરાજતા હતાં. તે વખતે શ્રીલાલજી મહારાજને પૂજ્ય પદવી નહોતી મળી. તેમનાં દર્શન કર્યાં, અને તેમના આદેશ મુજબ ચાર રાત્રિનો આગાર રાખી, "તેવિહાર" (રાત્રિભોજન)નો જીવનપર્યંત માટે ત્યાગ કર્યો ચાર રાત્રિનો જે આગાર[1] રાખ્યો હતો, તે બીના માતુશ્રી પાસે પ્રગટ કરી નહોતી. એક દિવસ રાત્રે તેમણે દહીંવડાં ખાધાં. રાત્રિભોજનનો ત્યાગ કર્યો હોવાથી અને રાત્રે ખાવાથી તેમને તેમાં બીલકુલ સ્વાદ લાગ્યો નહિ. ઉલટું પોતાની પ્રતિજ્ઞા તરફ ધ્યાન ખેંચાવાને લીધે તેમને દુઃખ અને પશ્ચાત્તાપ થયા. ઘેર આવી ચૂપકીથી પોતાના હાથ ધોતા હતા, તે વખતે માતાજીએ કહ્યું, "બેટા આજે તેં કંઇક ખાધું હોય એમ લાગે છે! કોઇ પણ બાબતની પ્રતિજ્ઞા લીધા પછી તેનો ભંગ કરવો જોઇએ નહિ. અત્યારે તારી ઉંમર નાની છે, તે વખતે જો તું મન અને ઇંદ્રિયોને વશ નહિ રાખે, તો તેઓ વખત જતાં સ્વચ્છન્દી થઈ જશે, અને તારા જીવનને કલુષિત બનાવશે."

(૧) આગાર-વ્રત લેતી વખતે વ્રત લેનાર પોતની અસમર્થતાને લીધે તે વ્રત ન પાલવા માટે કેટલાક દિવસની છુટ લે છે તેને કહે છે. ચાર રાત્રિનો આગાર રાખ્યો તેની મતલબ એ કે મહીનામાં ચાર વખત રાત્રિભોજન કરવામાં આવે તો તે ક્ષન્તવ્ય ગણાય.



મુનિશ્રી ચૌથમલજીમહારાજના ઉપદેશથી મરહુમ મહારાણાજી સાહેબ
તથા વર્તમાન મહારાણાજી સાહેબ તરફથી પાખી
પાળવા માટેના થયેલા હુકમનામાઓની નકલો.

(પરિચય માટે જુઓ પ્રકરણ ૩૬મું)

આ ઉપર માતા તથા પુત્રને પરસ્પર ચર્ચા થવાથી સંસાર ત્યાગની પ્રતિજ્ઞા દ્રઢ બની ગઈ. ગામમાંનાં બાકી રહેલાં આંબાનાં ઝાડ, જમીન તથા કુવો વેચી નાંખ્યા. કોઈનું મકાન ગિરો લીધું હતું તેની પાસેથી રૂપીયા પાછા લઇ મકાન તેને પાછું સોંપી દીધું. માતાએ કહ્યું. "ચૌથમલ, તારી મોટી બેનનું લગ્ન કર્યું ત્યારે રૂા. ૧૫૦) દોઢસો પહેરામણીમાં લીધા હતા, તે રૂપીઆ કોઇપણ પ્રકારે પાછા વાળવાજ જોઇએ. આના ઉપર યોગ્ય વિચાર કરી રૂપીઆ પાછા આપવામાં આવ્યા. એક દિવસ ઘરનો હજામ વાળ કાપવા આવ્યો, અને કહેવા લાગ્યો, "યજમાન, હવે આપ અહીં નહિ રહો, તેથી મારો એક ઘરાક ઓછું થશે. આપને ઘેરથી મને જે કંઇ મળતું હતું, તે હવે મળશે નહિ." આ સાંભળી માતાએ કહ્યું, "બેટા, આપણા ઘરના હજામને પણ કંઇક આપવું જોઇએ. આ સાંભળીને ચરિત્રનાયકે પોતાના કાનમાંથી સોનાની વાળીઓ કાઢી હજામને આપી દીધી."

## પ્રકરણ ૮મું.

# દીક્ષા અને તેમાં વિઘ્નો.

### સંવત ૧૯૫૧.

એ દિવસોમાં નિમ્બાહેડા નિવાસી ખૂબચંદજી વૈરાગી નીમચ નગરમાં પધાર્યા હતા. તેમણે આપણા ચરિત્રનાયકને ત્યાંજ ભોજન લીધું અને ત્યાંજ ઉતારો કર્યો. જ્યારે તે જવાને માટે તૈયાર થયા ત્યારે કહેતા ગયા કે "ભાઇ, તું પણ જલ્દીથી આવજે." આ બાજુ મા તથા દીકરો બન્ને નીમચ નગરથી ચાલીને ઉદયપુર પહોંચ્યાં. તે વખતે ત્યાં નંદલાલજી મહારાજ ચાતુર્માસ કરતા હતા. મા–દીકરો બંને ત્યાં રહીને પ્રતિક્રમણ આદિ શીખવા લાગ્યા. કોઈ ભોજનને માટે કહેતું, તો તેને ત્યાં જઈ ભોજન કરી આવતાં હતાં, અને જો કોઈના તરફથી નિમંત્રણ ન મળતું તો બજારમાંથી લાવી ખાઇ લેતાં. આ પ્રમાણે કેટલોક સમય ત્યાં રહી પ્રતિક્રમણ તથા દશવૈકાલિકના ત્રણ અધ્યાય શીખી ગયાં.

પછીથી ત્યાંથી નયા શહેર (બ્યાવર)માં ગયાં. ત્યાં ચોથમલજીની સગી માસી સાધ્વી રત્નાજી હતાં. તેમનાં દર્શન કરી ત્યાંથી બીકાનેર ગયાં; ત્યાં બત્રીસ શાસ્ત્રવેત્તા ગટ્ટૂબાઈને ત્યાં ઉતર્યાં. મહાસતી નંદકુંવરજીની સાધ્વીઓ પણ ત્યાં હતી. તેમણે ચોથ-

મલજીને કહ્યું કે કાચું-ઠંડું પાણી પીવાનો ત્યાગ કરો. આના ઉત્તરમાં તેમણે એમ કહ્યું કે વાત તો સારી છે, પરંતુ રેલ્વેમાં તે નિભાવવું કઠણ છે. આથી થોડા સમય બાદ જ્યારે મને એમ લાગશે કે હવે નભવામાં વાંધો નહિ આવે ત્યારે હું તેનો ત્યાગ કરીશ. ત્યાંથી નીકળી ભીનાસર આવ્યાં. ત્યાં હજારીમલજી બાંઠિયાએ કેટલાંક શાસ્ત્રો આપ્યાં, તે લઈ ત્યાંથી તેઓ દેશનૂક આવ્યાં. ત્યાં પૂજ્ય હુકમીચંદજી મહારાજના સંપ્રદાયવાળા રઘુનાથજી મહારાજ તથા હજારીમલજી મહારાજનાં દર્શન કર્યાં. પછી જ્યારે તેમની સેવામાં ઉપસ્થિત થયાં, ત્યારે રઘુનાથજી મહારાજે પૂછયું કે તમે કોણ છો? કયાં રહો છો? અને અહીં કેવી રીતે આવ્યાં છો? ઉત્તરમાં ચૌથમલજીએ કહ્યું કે વૈરાગી છીએ. નીમચ નગરમાં રહીએ છીએ અને દર્શનાર્થે આવ્યાં છીએ. ત્યારે રઘુનાથજી મહારાજે કહ્યું કે ઠીક છે, ત્યારે તો દીક્ષા લો. શું પહેલાં કંઈ શીખ્યા કર્યા છે? તેના જવાબમાં તેમણે કહ્યું કે પ્રતિક્રમણ અને દશવૈકાલિક શીખ્યો છું. સ્વામીજીએ કહ્યું. "વારૂં, ત્યારે સજ્ઝા (સ્વાધ્યાય) કરો." આ ઉપરથી ચૌથમલજીએ સજ્ઝા કરી જે સ્વામીજીને ઘણી પ્રિય લાગી. તેથી તેમણે કહ્યું કે તમે મારી પાસેજ દીક્ષા લો. એકાન્તર* કરવું પડશે; અને જો આ અનુકુળ ના આવે તો એકટાણું રહેજો. આના પ્રત્યુત્તરમાં ચૌથમલજીએ કહ્યું કે દીક્ષા તો નંદલાલજી અને હીરાલાલજી મહારાજ પાસે લઈશ. આ ઉપરથી સ્વામીજીએ કહ્યું કે તેઓ તો બાર વાગે આહારાદિથી નિવૃત્ત થાય છે, પછી કયારે જ્ઞાન ધ્યાન કરશો?

*એકાન્તર-એક દિવસે ખાવું, બીજે દિવસે નિરાહાર રહેવું અને ત્રીજે દિવસે ખાવું તે પ્રમાણે એક એક દિવસે છોડી ભોજન લેવું તે.

પ્રત્યુત્તરમાં ચોથમલજીએ કહ્યું કે હાલમાં તો હું સંતોની સેવા કરીશ. આમ કહી ત્યાંથી વિદાય થયા, અને જયપુર ગયા. ત્યાં ઝવેરી કાશીનાથજીને ત્યાં મુકામ કર્યો. ત્યાંથી નિમ્બાહેડા (ટોંક) ગયા. જ્યાં હીરાલાલજી મહારાજ વિરાજમાન હતા. તેમનાં દર્શન કરી શાસ્ત્ર, પાત્ર, ઓઘો પુંજણી, વસ્ત્ર વિગેરે લઇ જાવદ (ગ્વાલિયર) ગયા. ત્યાં પૂજ્ય ચોથમલજી મહારાજ તથા શ્રીલાલજી મહારાજ વિરાજતા હતા. પૂજ્ય ચોથમલજી મહારાજે તેમને કહ્યું. "તું મારી પાસે દીક્ષા લઇ લે." આ પ્રમાણે શ્રીલાલજી મહારાજે પણ કહ્યું. ત્યારે તેમણે વિચાર કર્યો કે ચોથમલજી મહારાજ તો વયોવૃદ્ધ છે અને શ્રીલાલજી મહારાજ બરોબરીયા છે, તેથી દીક્ષા તો તેમની પાસે લેવી જોઇએ. આપણા ચરિત્રનાયકમાં બાળપણથીજ એક ગુણ વિશેષરૂપે તરી આવતો હતો, તે આ સ્થાને લખવું અપ્રસ્તુત તો નહિજ ગણાય. તે ગુણ એ કે તેમના તરફ એક વાર જોતાં કોઇ પણ માણસનું સહેજે તેમના તરફ આકર્ષણ થતું, આનું કારણ તેમની વિદ્વત્તા, ચતુરાઇ, શાન્તવૃત્તિ તથા ધાર્મિક ભાવના હતી. જે કોઇ તેમને મળતું, તે તેમને ખૂબ પ્રેમભાવથી ચાહતું. તેમનામાં જે ગુણોનો સમાવેશ થયો હતો, તે બચપણથીજ ઉતરી આવ્યા હતા. તેને લીધે તો ઉપર જણાવ્યા મુજબ પ્રત્યેક વ્યક્તિ તેમને સહૃદય ચાહતી હતી. ઉત્તમ વસ્તુ કોને અપ્રિય લાગે છે? દરેક જણ ઇચ્છે છે કે તે પોતાની પાસે આવે, વારૂ. ઓઘા પાત્ર વિગેરે જાવદમાં મૂકીને તેઓ ફરીથી નિમ્બાહેડે આવ્યા; ત્યાંથી હીરાલાલજી મહારાજની સાથે ડેરી (ટોંક) આવ્યા અને નિમ્બાહેડેથી ફુલચંદજી તથા ભોગીદાસજી, ચોથમલજીને દીક્ષા આપવાની આજ્ઞા લેવા પ્રતાપગઢ ગયા. ત્યાં

શેઠ ગુમાનમલજીને ત્યાં ઉતર્યા, અને ચૌથમલજીના સસરા પુનમચંદને તેડાવી દીક્ષાની આજ્ઞા માગી, તો તે લાલચોળ ડોળા કરી ગુસ્સામાં બોલ્યા, "ખબરદાર! યાદ રાખો મારી પાસે આ બે નાળની બંદુક છે. તેમાંની એક નાળથી ગુરૂને અને બીજી નાળથી ચેલાને સ્વધામ પહોંચાડી દઇશ." થયું. આટલું સાંભળીને તે લોકો ત્યાંથી નીકળી પડયા, અને ફરી આવી સઘળી બીના કહી સંભળાવી. આ સાંભળી સાધુઓ ચમકયા, અને પૂજ્ય ચોથમલજી મહારાજે દીક્ષા આપવાનો સાફ ઇન્કાર કર્યો. આ વખતે હીરાલાલજી મહારાજ ત્યાંથી મન્દસોર વિહાર કરી ગયા, અને આપણા ચરિત્રનાયકને કહ્યું કે તમે ત્યાં દયા પાળજો. (એટલે કે ત્યાં આવજો) હું તમને દીક્ષા આપીશ. પછી ચૌથમલજી મહારાજ પોતાની માતા સાથે મન્દસોર ગયા અને ત્યાં રહેવા લાગ્યા. તે દિવસોમાં તેઓ ગૃહસ્થની માફક રહેતા હતા. મન્દસોરમાં એ વખતે ગૌતમજી બાગિયા નામે એક શાસ્ત્રજ્ઞ શ્રાવક રહેતો હતો. તે ચોથમલજીની રહેણી કરણી જોઇ કહેવા લાગ્યો. "તમારાથી સાધુપણું કેવી રીતે નિભાવાશે?" મારા વિચાર મુજબ તો તમારી આ સઘળી હીલચાલ વ્યર્થ છે. સારી વાત તો એ છે કે તમે બુગલી (મન્દસોરનું એક બજાર)માં દુકાન માંડી તમારો નિર્વાહ ચલાવ્યા કરો" બીજા પણ કેટલાક લોકો એવા હતા જે હસી મશ્કરીમાં તેમને કહેતા કે 'ચોથમલજી જાવ, સાધુ થઇને તમારે સાસરેથી ભીક્ષા લઇ આવો." એક દિવસ તેમની માતાએ તેમને કહ્યું. "બેટા, આપણી પાસે જે દરદાગીના છે, તે તું કહેતો હોઉં તો તારા સસરાને આપી આવું; અને તેની પાસે દીક્ષા માટે આજ્ઞાપત્ર લખાવી લાવું. કેમકે પછી તને દીક્ષા આપવામાં કોઇને કોઇ પ્રકારની આપત્તિ

વેડવી પડે નહિ." ચોથમલજી આ વિચાર સાથે સહમત થયા. માતા આ વખતે તેમનો સસરો જે ધર્મોત્તર હતો ત્યાં તેની પાસે ગઇ

ત્યાં જઇને તેને કહ્યું કે આ અમારૂં સઘળું ઝરજવાહીર હું તમને આપું છું, અને અમને દીક્ષા મળે એવી તમે આજ્ઞા લખી આપો.

આ વાતનો પુનમચંદજીએ સ્વીકાર કર્યો. પરંતુ જવેરાત લઇ લીધા પછી આ પ્રમાણેનો દગો દીધોઃ–તેણે જે આજ્ઞાપત્ર લખ્યો તેમાં એમ લખ્યું કે મારાં વેવાણ દીક્ષા લે તેમાં મને કોઈ જાતનો વાંધો નથી. પરંતુ મારા જમાઇને માટે હું આજ્ઞા આપતો નથી. એ પત્રમાં બે જણની સાક્ષી સહીઓ પણ લેવામાં આવી. જ્યારે માતુશ્રીએ આ પત્ર કોઇ બીજે ઠેકાણે જઇ વંચાવ્યો ત્યારે પુનમચંદની નીચતા માટે તેને ભારે અફસોસ થયો. પણ થાય શું? ત્યાંથી ઠાકોર સાહેબ પાસે જઇ બધો વૃત્તાન્ત કહી સંભળાવ્યો અને ત્યાંથી મન્દસૌર પાછી આવી. આવ્યા પછી પોતાના પુત્રને કહ્યું. "બેટા, હવે કંઈ ધારતી જેવું નથી. હું વહુના નિર્વાહ માટે બધા દાગીના તારા સસરાને સોંપી આવી છું. હવે તે એમ નહિ કહી શકે કે મારો કંઇ પ્રબન્ધ કર્યો નહિ. ત્યાર પછી હીરાલાલજી મહારાજ જાવરા પધાર્યા. ત્યારે માતા તથા પુત્ર બંને ત્યાં ગયાં. પરંતુ ત્યાં પણ શ્વસુરની આજ્ઞા ન હોવાથી શ્રીસંઘે દીક્ષા આપવામાં વાંધો ઉઠાવ્યો. પછીથી હીરાલાલજી મહારાજ બડલિયા થઈ તાલ પધાર્યા. તે વખતે રસ્તામાં ચંબલ નદી ઉપર આશરો લીધો. ત્યારે સાથે ચૌથમલજી, તથા તેમની માતા અને હજારીમલજી વૈરાગી પણ હતા. સંયમનો સઘળો સામાન પણ સાથે હતો. પાત્ર પણ જે

મન્દસૌરમાં રંગાયાં હતાં તે સાથે હતાં. તે પાત્રોમાંથી એક પાત્ર લઇ તેમણે નદીમાં તરાવી જોયું તેથી ભારે કુતૂહલ ઉત્પન્ન થયું, હીરાલાલજી મહારાજ ત્યાંથી તાલ તથા ઉણેલ થઇને ઓલિયા (ઇન્દોર સ્ટેટ)માં ગયા, ત્યાં ચોથમલજી અને તેમનાં માતુશ્રીએ વિચાર કર્યો કે હવે તો સંસારનો ત્યાગ કરવો જોઇએ. આ પ્રમાણે કયાં સુધી ભટકયા કરીશું ? ચોથમ-લજીને પણ આ વાત ગળે ઉતરી, અને માતાને કહ્યું કે આપણે ઉત્સવ સાથે શું સંબંધ છે ? આપણે તો સાધુપણાની ગરજ છે. ઉત્સવથી ખાલી લોક દેખાડો કરવાનો છે, વળી જ્યારે આપણે સંસારથી વિરકતજ થવાનું છે. તો પછી લોક દેખાડો કરવાનો ઢોંગ વ્યર્થ છે, વિગેરે. ત્યાર પછી તેમણે માત્ર પોતાને હાથે મેંદી* લગાડી પછી તેમના ભાવિ ગુરૂ હીરાલાલજી મહારાજ જ્યારે છાવણી (ઝાલરાપાટન, રાજપૂતાના) તરફ વિહાર કરી ગયા ત્યારે તેમને પણ માતાની સાથે સાથે લેવામાં આવ્યા. માર્ગમાં ઓલિ-યાથી થોડે દૂર એક સરિતા આવે છે. જેના એક કિનારાની એક બાજુએ વિશાળ વટવૃક્ષ છે. તેની નીચે જઇને સંવત ૧૯૫૧ના ફાલ્ગુન સુદ ૫ને રવિવારે પુષ્ય (પુષ્યક) નક્ષત્રમાં તેમની માતા કેસરબાઇએ તમને સાધુવેષ ધારણ કરાવ્યો. ત્યાર પછી તેમને હીરાલાલજી મહારાજની સન્મુખ રજુ કરી માતાએ વિનંતિ કરી કહ્યું "આપને આ શિષ્યરૂપ ભિક્ષા આપું છું, તેનો કૃપા કરીને સ્વીકાર કરો." મુનિ હીરાલાલજીએ તો શિષ્યની પરીક્ષા કરીજ લીધી હતી. તેથી ભિક્ષાનો સ્વીકાર કરી દીક્ષા

---

*દીક્ષા લેતા પહેલાં જેને દીક્ષા આપવામાં આવે છે, તેને મેંદી લગાડવામાં આવે છે. અને જેવી રીતે લગ્ન પ્રસંગે ઉત્સવ કરવામાં આવે છે તેવા બીજા ઉત્સવો પણ ઉજવવામાં આવે છે.

આપી. ત્યાર પછી વિહાર કરતા જ્યારે તેઓ પંચપહાડ પધાર્યા, ત્યારે કેસરબાઇ પણ ત્યાં આવી ગઇ. અને આ પ્રમાણે ચરિત્રનાયકને સાતમે દિવસે (એટલે સંવત ૧૯૫૧ના ફાલ્ગુન સુદ ૧૨) ખૂબ ધામધૂમથી મોટી દીક્ષા આપવામાં આવી.

## પ્રકરણ ૯મું.

સંવત ૧૯૫૨

# ઝાલરાપાટન.

## ધાર્મિક ગ્રંથ પરિચય.

આ પછી નવા શિષ્ય અને ગુરૂ (હીરાલાલજી મહારાજ) છાવણીમાં (ઝાલરાપાટન) પધાર્યા. પેલી બાજુ કેસરબાઇ પંચપહાડથી વિદાય થઇ જાવરે ગઇ, ત્યાં તેણે પણ પુંદાજી આર્યાજી મહારાજ પાસે દીક્ષા લીધી. તે વખતે હીરાલાલજી મહારાજ છાવણીમાં ચાતુર્માસ કરવાનો સ્વીકાર કરી પાછા જાવરે પધાર્યા, અને ફરીથી નવા શિષ્ય ચોથમલજી મહારાજ તથા હજારીમલજી મહારાજ (જેમણે ચોથમલજી મહારાજની પછી દીક્ષા લીધી હતી)ની સાથે સંવત ૧૯૫૨નો ચાતુર્માસ છાવણીમાં કર્યો. આ ચાતુર્માસમાં ચોથમલજી મહારાજે દશવૈકાલિકના શબ્દાર્થનો અભ્યાસ કર્યો. અણુત્તરો વવાઇ વાંચી અને થોડા થોકડા* પણ શીખ્યા. પોતાના ગુરૂની સેવામાં તે સહજ પણ કચાશ ખામી આવવા દેતા નહિ. જ્ઞાન પણ વિનયપૂર્વક સંપાદન કરતા, અને પોતાનું અધ્યયન પણ નિયમીતપણે કરતા હતા.

* તત્ત્વોનો સમૂહ.

## પ્રકરણ ૧૦મું.

સંવત ૧૯૫૩-૫૪.

### રામપુરા તથા બડી સાદડી (મેવાડ).

# જ્ઞાનોપાર્જન.

છાવણી (ઝાલાવાડ)માંનો ચાતુર્માસ શાન્તિ અને આનંદપૂર્વક પુરો થયા બાદ હીરાલાલજી મહારાજ ત્યાંથી વિહાર કરી ગયા. તે વખતે તેમની સાથે શ્રીચેનરામજી મહારાજ તથા શ્રીકાલૂરામજી મહારાજ પણ હતા. તેથી તેમના બે વિભાગ પાડયા. શ્રીચેનરામજી મહારાજ તથા ચૌથમલજી મહારાજ નાનાં નાનાં ગામોમાં વિહાર કરતા કોટા પધાર્યા. તે વખતે ચેનરામજી મહારાજ પૂછવા લાગ્યા કે ચૌથમલજી, વ્યાખ્યાન કોણ વાંચશે? આનો મને ભારે વસવસો થાય છે. ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે હું વાંચીશ. ત્યાં તેમણે બે વ્યાખ્યાન કર્યાં. પછી તો હીરાલાલજી મહારાજ પણ ત્યાં આવી પહોંચ્યા. કેટલાક દિવસો વહી ગયા પછી જ્યારે હીરાલાલજી મહારાજ વિહાર કરી જવા તૈયાર થયા, ત્યારે શ્રાવકો કહેવા લાગ્યા કે નવા મહારાજ (ચૌથમલજી મહારાજ)ના મુખેથી એક વધુ વ્યાખ્યાન સાંભળવાની અમારી અભિલાષા છે. તેમની વ્યાખ્યાન પદ્ધતિ

તે વખતથીજ તીવ્ર અને હૃદયંગમ હતી. તેથી તો શ્રાવકોને ફરીથી વ્યાખ્યાન સાંભળવાની વૃત્તિ થઇ. પરંતુ ગુરૂદેવની સેવામાંથી વિમુખ ન રહેવાને સબબે તેઓ ભાનપુરા, રામપુરા, મણાસા તથા નીમચ થઇ જાવરે પધાર્યા. ત્યાં કેટલાક દિવસો ગાળી તેમને સં. ૧૯૫૩નો ચાતુર્માસ ફરીથી પોતાના ગુરૂજી પાસે રામપુરામાં આવી કર્યો. આ ચાતુર્માસ દરમ્યાન તેઓ તેમની બુદ્ધિ અનુસાર જ્ઞાન ધ્યાન શીખ્યા; પછીથી ચાતુર્માસ સમાપ્ત થતાં ફરીથી ગુરૂની સાથે જાવરા ગયા. જાવરે વારંવાર આવવા જવાનું પ્રયોજન તો એ હતું કે ત્યાં આપણા ચરિત્રનાયકના પરદાદા ગુરૂ (રતનચંદજી મહારાજ) વિરાજતા હતા. તેમનાં દર્શન તથા સેવા કરી તેમને સંવત્ ૧૯૫૪ નો ચાતુર્માસ ગુરૂદેવની સાથે બડી સાદડી (મેવાડ)માં કર્યો; ત્યાં પણ તેમને જ્ઞાન–ધ્યાનમાં ખુબ વધારો કર્યો.

## પ્રકરણ ૧૧મું.

સંવત ૧૯૫૫-૫૬-૫૭.

### જાવરા, રામપુરા, મંદસૌર.

# પ્રારંભિક વ્યાખ્યાન.

બડી સાદડીનો ચાતુર્માસ સમાપ્ત થતાં ત્યાંથી નિમ્બાહેડા તથા ચિત્તોડ થઇ પારસોલી (મેવાડ) પધાર્યા. ત્યાં રાવ રત્નસિંહજી, શ્રીમાન મેવાડાધીશના સોળ જાગીરદારોમાં એક હતા. તે જૈનધર્મથી પરિચિત હતા, અને તેમાં તેમને શ્રદ્ધા હતી. તે જૈનમુનિઓ તરફ માન અને પૂજ્યભાવથી જોતા, અને તેમનો આદર સત્કાર કરતા. તે ઘણી વખત કહેતા કે જૈનસાધુઓ જેવા ત્યાગ અને ભાવના બીજે ક્યાંઇ દ્રષ્ટિગોચર થતાં નથી.

રાવ સાહેબના અંતરમાં તપસ્વી મહાભાગી રતનચંદજી મહારાજ, ગુરૂ જવાહરલાલજી મહારાજ, પંડિત મુનિશ્રી નંદલાલજી મહારાજ તથા સરળસ્વભાવી કવિવર હીરાલાલજી મહારાજની સત્સંગતિથી જૈનધર્મ તરફ આટલી શ્રદ્ધા તથા ભક્તિભાવ ઉત્પન્ન થયાં હતાં.

ઉપરોક્ત મુનિઓનો રાવ ઉપર એટલો બધો પ્રભાવ પડયો હતો કે તે જાતે કહેતા કે મને જો કોઇ લાકડી અગર

પત્થરથી મારે તોપણ હું તેનો બદલો લેવાનો વિચાર યા યત્ન સરખો કરૂં નહિ, અગર તો તેને શિક્ષા પણ કરૂં નહિ. શિકાર ખેલવાનો વિચાર તો તેમના અંતરમાંથી બીલકુલ નાબૂદ થઇ ગયો હતો. તેથી જો તેમને જૈન-શ્રાવક કહેવામાં આવે તો તે પણ અનુચિત લેખાય નહિ. કેમકે એક શ્રાવકના જેવાજ તેમના આચાર વિચાર હતા. એક દિવસ રાવ સાહેબે ચૌથમલજી મહારાજને શિક્ષણની બાબતમાં કંઇક વાત કરતાં કહ્યું, કે હજુ આપની અવસ્થા નાની છે, તેથી જેટલું જ્ઞાનોપાર્જન થઇ શકે એટલું કરો. વળી સાથે સાથે ગુરૂની સેવામાં તત્પર રહેવાનું પણ તમારૂં ખાસ લક્ષ્યબિંદુ હોવું જોઇએ. તમે જે બપોરે અને સાયંકાળે વ્યાખ્યાન આપ્યાં તે ઘણાં ઉત્તમ હતાં. તે સાંભળીને હું ઘણો પ્રસન્ન થયો છું અને ભવિષ્યને માટે પણ એટલો વિશ્વાસ બેસી ગયો છે કે જો તમારી આવીજ ઢબ અને શૈલી રહેશે તો ગુરૂદેવના આશીર્વાદથી સમય આવતા જૈનસિદ્ધાંતોના ધાર્મિક ક્ષેત્રમાં તમારૂં પણ ખાસ અને આદરણીય સ્થાન હશે. વિગેરે. ત્યાંથી વિહાર કરીને તેઓ નારાયણગઢ પધાર્યા. ત્યાં નૃસિંહજી મહારાજની તંદુરસ્તી બરાબર નહતી, તેથી ગુરૂદેવ (હીરાલાલજી મહારાજ) તેમને તેમની સેવામાં મૂકતા ગયા. જ્યારે નૃસિંહજી મહારાજનું સ્વાસ્થ્ય સારૂં થઇ ગયું, ત્યારે તે ત્યાંથી વિહાર કરી મંદસોર ગયા, એક દિવસ ભરા મગનીરામજી મહારાજે તેમને કહ્યું કે, ચૌથમલજી, આજ તમે વ્યાખ્યાન વાંચો. તેજ સમયે આગળ દર્શાવેલા શાસ્ત્રવેત્તા ગૌતમજી બાગિયા કે જે પહેલાં ચૌથમલજી મહારાજને વારંવાર કહેતા કે તમારામાં સાધુ થવાના લક્ષણ નથી. તે સાધુઓના ઉપાશ્રયમાં આવી પૂછવા લાગ્યા કે આજે કોણ વ્યાખ્યાન વાંચશે ! પ્રત્યુત્તરમાં

જણાવવામાં આવ્યું કે ચોથમલજી વાંચશે આ સાંભળી "ઠીક" કહીને વ્યાખ્યાન મંડપમાં જઇને બેઠા. ગૌતમજી બાગિયા ભગવતી પન્નવણાદિના સૂક્ષ્મ તત્ત્વોના જાણકાર હતા. તેમની હાજરીમાં હ્રસ્વ દીર્ઘની ભૂલ કરવાની પણ કોઇની મગદૂર શું! ઘણા ખરા સાધુઓ તો તેમની સમક્ષ સૂત્ર વાંચવાની પણ આનાકાની કરતા હતા. પરંતુ, ચોથમલજી મહારાજે તો પ્રવાહની માફક વ્યાખ્યાન આપ્યું તથા એકાએક આચારંગ સૂત્રનો* ભાવાર્થ સમજાવ્યો. આખરે ઉપરોક્ત શ્રાવકને કહેવું પડયું કે "ચોથમલજી મહારાજ, આપે થોડાજ વખતમાં સારો પરિશ્રમ લઇ ખૂબ યોગ્યતા સંપાદન કરી છે. મને તો એવી કલ્પના પણ નહોતી કે આપની વ્યાખ્યાનની શૈલી આટલી બધી હૃદયગ્રાહી તથા પ્રભાવશાળી બનશે. વૈરાગ્યાવસ્થામાં મેં આપને જે કંઇ વચનો કહ્યાં હતાં, તેને માટે હું આપની ક્ષમા યાચું છું."

કેટલાક દિવસો ત્યાં રોકાયા પછી તેઓ પાછા જાવરા પધાર્યા અને ગુરૂવર જવાહરલાલજી મહારાજ વિગેરેની સેવામાં લાગી ગયા. જ્યારે ચાતુર્માસ નજીક આવ્યો ત્યારે ગુરૂવર જવાહરલાલજી મહારાજ, નંદલાલજી મહારાજ આદિ સધળાઓએ આપણા ચરિત્રનાયકની હાજરી ત્યાંજ આવશ્યક ગણી ત્યાંજ રાખ્યા. આ પ્રમાણે સંવત ૧૯૫૬નો ચાતુર્માસ તેમણે જાવરામાં કર્યો. ચાતુર્માસમાં તેમણે શ્રાવક–બાલકોને સામાયિક પ્રતિક્રમણ, થોકડા સ્તવન વિગેરે શીખવ્યાં. આજ સમયના ગાળામાં પંડિત નંદલાલજી મહારાજ ત્રિસ્તુતિક× રાજેન્દ્રસૂરિ

* આ સૂત્રનો અન્વય તથા ભાવાર્થ કરવો અને સન્ધિ તથા સમાસની વ્યાખ્યા કરવી અતિશય કઠિન છે.

× ત્રણ થુઇ મંદિરમાર્ગિયોના અગ્રણી.

સાથે ધાર્મિક ચર્ચામાં ઉતર્યા. આ ચર્ચા પ્રગટ થઇ ગઇ છે. આ મુનિશ્રી વ્યાખ્યાન કરતા તથા પર્યુષણમાં ચોથમલજી મહારાજ પહેલા અન્તગઢ સૂત્રનો ભાવાર્થ સમજાવતા અને પાછળથી નંદલાલજી મહારાજ પ્રવચન કરતા. આ પ્રમાણે જવાહરલાલજી મહારાજ પાસેથી ચોથમલજી મહારાજે તત્ત્વ-શિક્ષણ મેળવ્યું.

જાવરાના ચાતુર્માસ પુરા થતાં ચોથમલજી મહારાજ ત્યાંથી વિહાર કરીને નિમ્બાહેડા પધાર્યા, કેમ કે ત્યાં તેમનાં માજી રત્નાજી આર્યાજીની નાદુરસ્ત તબીઅત હતી અને તે તેમને મળવાને અતિશય આતુર હતાં. ત્યાં કેટલાક દિવસ રહી વિહાર કરતા તેઓ કુકડેશ્વર (હોલકર સ્ટેટ) પધાર્યા, બીજી બાજુ ગુરૂ-દેવ હીરાલાલજી મહારાજ પણ અત્રે આવી પહોંચ્યા હતા. ત્યાં જડાવચંદજી છગનલાલજીની પાસે પૃથ્વીરાજ નામનો એક આઠ વર્ષનો બાળક હતો. જડાવચંદજી તથા અન્ય શ્રાવકોએ આ બાળકની બાબતમાં હીરાલાલજી મહારાજને વિજ્ઞપ્તિ કરી કે તેને દીક્ષા આપવાની કૃપા કરો. આ ઉપરથી સઘળા સંતોની સમક્ષ હીરાલાલજી મહારાજે કહ્યું કે દીક્ષા તો હમણાં આપીએ. પણ તે હજુ બાળક છે, તેથી તેની સારવાર કોણ કરશે? આ સાંભળતાં ચોથમલજી મહારાજ બોલી ઉઠ્યા કે સાર સંભાળ તો હું રાખીશ જો આપની તેને શિષ્ય બનાવવાની ઇચ્છા હોય તો આપ નિઃસંકોચ બનાવો. પછી પૃથ્વીરાજને પૂછ્યું કે "દીક્ષા લેશો કે?" તો તેણે જવાબ આપ્યો કે, "હા, હા." આ ઉપરથી શુભ મુહુર્ત જોઈ પૃથ્વીરાજને દીક્ષા આપવામાં આવી; અને તેને ગુરૂદેવે ચોથમલજી મહારાજનોજ શિષ્ય બનાવ્યો. આ બધું પતી ગયા પછી ત્યાંથી વિહાર કરી રામપુર ગયા. ગુરૂવરની

સાથે રહી સંવત ૧૯૫૬ને ચાતુર્માસ રામપુરમાં કર્યો. આ પ્રસંગે જ્ઞાન–ધ્યાનમાં પણ અજબ વૃદ્ધિ થઇ. કેટલાંક બાલકોને તત્ત્વજ્ઞાન શીખવી હોશિયાર બનાવી દીધાં, અને પ્રસંગોપાત વ્યાખ્યાનો પણ આપતા.

રામપુરના ચાતુર્માસ પૂર્ણ થતાં, ત્યાંથી વિહાર કરી આપણા ચરિત્રનાયક મન્દસૌર પધાર્યા. માર્ગમાં વ્યાખ્યાન મારફતે અનેક લોકોએ ત્યાગ કર્યા તથા પચખાણ લીધાં. સંવત ૧૯૫૭ના તેમનો ચાતુર્માસ સ્વતન્ત્ર રીતે મન્દસૌરમાં થયો, તથા ગુરૂ જવાહીરલાલજી મહારાજ તથા હીરાલાલજીનો ઝનકુપુરી–મન્દસૌરમાં થયો. ચૌથમલજી મહારાજનાં વ્યાખ્યાન ચાર માસ સુધી પુરજોસમાં શહેરમાં થતાં હતાં. જનતા પણ સાંભળીને આશ્ચર્ય ગરક થતી. અને કહેતી કે જુઓ. પૂર્વજન્મના પુણ્ય પ્રભાવથી વ્યાખ્યાન કરવાની કેવી અનુપમ શક્તિ આવી છે!

## પ્રકરણ ૧૨મું.

સંવત ૧૯૫૮: નીમચ.

# પ્રસિદ્ધ વક્તા

મન્દસોરના ચાતુર્માસ સમાપ્ત થતાં ગુરૂદેવ તથા ચોથમલજી મહારાજ ત્યાંથી વિહાર કરી ખાચરોદ પધાર્યા. ત્યાં ચોથમલજી મહારાજ ગુરૂ જવાહરલાલજી મહારાજની સેવામાં રોકાયા. નંદલાલજી મહારાજ, હીરાલાલજી મહારાજ વિગેરે મુનિ મહારાજો ત્યાંથી ધાર—ઇન્દોર તરફ વિહાર કરી ગયા. અને ત્યાંથી વિચરતાં વિચરતાં સઘળા સન્તો ખાચરોદમાં એકત્ર થયા. વર્ષાઋતુ નજીક આવી પહોંચી હતી, તેથી ઇન્દોરથી શ્રીસંઘની વિનંતિ, ધારથી મોતીલાલજી શેઠ વિગેરે શ્રીસંઘ, તથા ઉજ્જૈનથી શ્રીયુત હજારીમલજી આદિ શ્રીસંઘ ચાતુર્માસને માટે પોતાની અરજ ગુજારવા ખાચરોદમાં આવી પહોંચ્યા. આમાંય ઉજ્જૈન સંઘે તો ખાસ ભાર મૂકીને ચોથમલજી મહારાજને માટે વિનંતિ કરી. પરંતુ તેમની અમૃતમયી વાણીનો લાભ ઉઠાવવાનું તેમના ભાગ્યમાં નહોતું. ગુરૂદેવ તાલ (જાવરા સ્ટેટ)ને માટે આજ્ઞા આપવાના હતા. એવામાંજ બડી સાદડી (મેવાડ)નો શ્રીસંઘ ખાચરોદ આવી પહોંચ્યો. તે વખતે ચોથમલજી મહારાજે વિચાર કર્યો કે તાલમાં શ્રાવકોની ગૃહસંખ્યા

ઓછી છે, અને સાદડીમાં અધિક છે. તેથી ત્યાં વ્યાંખ્યાનનો સારી જનસંખ્યા લાભ લેશે, અને તેથી જ્ઞાનપ્રચારનો સુંદર યોગ પ્રાપ્ત થશે. આમ વિચારી તેમણે ગુરૂવર પાસે સાદડીમાં ચાતુર્માસ કરવાની આજ્ઞા માગી, અને ગુરૂદેવે તેનો સ્વીકાર કર્યો. વળી તેમની સાથે નવદીક્ષિત હજારીમલજી મહારાજને પણ મોકલ્યા. ત્યાંથી તેઓ બંનેએ સાદડી (મેવાડ) તરફ વિહાર કરવાનો વિચાર કર્યો, તેવામાં હજારીમલજી મહારાજને પગમાં વાળો નીકળ્યો. તેથી ચૌથમલજીએ ગુરૂદેવને કહ્યું કે તેમના પગમાંથી વાળો નીકળતો હોય એમ લાગે છે, તેથી માર્ગમાં ચાલવાથી વિશેષ સોજો આવી જશે તો ભારે કષ્ટ થશે. આ સાંભળી ગુરૂજીએ કહ્યું કે એમ છે તો કોઈ પણ ઠેકાણે ચાતુર્માસ કરી લેવો. કેમકે રસ્તામાં ઘણાં મોટાં મોટાં શહેરો આવે છે. આ પ્રમાણે વિહાર કરતા કરતા તેઓ મન્દસોર પધાર્યા. મન્દસોર શહેરમાં કલ્પ હોવાથી બે રાત્રિથી વિશેષ રોકાઇ શકાય એમ નહોતું. તેથી ખાનપુરામાં નિવાસ કર્યો. જ્યારે શહેરમાં આ સમાચાર પહોંચ્યા ત્યારે ત્યાંના નિવાસીઓ દર્શનાર્થે આવ્યા. અને પ્રસિદ્ધ શ્રાવક શ્રીયુત પન્નાલાલજી કીમતીએ મહારાજશ્રીને શહેરમાં પધારવાની વિનંતિ કરી. ત્યારે તેમણે જણાવ્યું કે બેરાત્રિથી વિશેષ શહેરમાં રોકાઇ શકતો નથી. આ સાંભળી પન્નાલાલજીએ કહ્યું કે કંઇ નહિ. બે રાત્રિ તો બે, પણ આપ શહેરમાં પધારો. આખરે તેમનો અત્યાગ્રહ જોઇને તેઓ શહેરમાં પધાર્યા અને ત્યાં બે વ્યાખ્યાન કર્યાં. આ વ્યાખ્યાનોનો એવો પ્રભાવ પડયો કે સુપ્રસિદ્ધ શ્રાવક શ્રીયુત પન્નાલાલજી કીમતી તથા તેમનાં ધર્મપત્નિ બંનેએ વ્યાખ્યાન મંડપમાં ઉભા થઇ હંમેશને માટે શીલ–વ્રતનો અંગીકાર કર્યો. આ શિવાય બીજા પણ અનેક લોકો ઉપર સારો પ્રભાવ પડયો. ત્યાંથી

વિહાર કરી તેઓ નીમચ પધાર્યા, અને ત્યાં જૈન તથા જૈનેતર જનતાને ઉપદેશ કર્યો. આ ઉપદેશનો ત્યાં ખૂબ પ્રભાવ પડયો, અને એક અઢાર વર્ષના ઓશવાલ યુવકે આગળ આવી દીક્ષા લેવાની વૃત્તિ જાહેર કરી. તેથી મહારાજશ્રીએ તેને ફરમાવ્યું કે અમે અહીંઆ તો રોકાય શકીએ એમ નથી, પરંતુ અમે બડી સાદડીમાં ચાતુર્માસ કરવાના છીએ. તેથી તમે પણ સાથે દયા પાળો (સાથે ચાલો). આમ કહી ત્યાંથી વિહાર કર્યો તો માર્ગમાં એક કાળા નાગે આડા આવી માર્ગને રોકી નાખ્યો. તે વખતે તેમણે વિચાર્યું કે સાદડી જવામાં કંઈ લાભ થાય એમ લાગતું નથી. તેથી ત્યાંથી નીકળી બગાણા (નીમચ)માં રાતવાસો કર્યો. ત્યાં મૂશળધાર વરસાદ વરસ્યો, તથા હજારીમલજી મહારાજના પગમાં પણ વારાએ જોર કરી વિશેષ કષ્ટ આપવા માંડયું. તેથી તેમને ચાલવામાં અતિશય મુશ્કેલી પડવા લાગી. આવા સંજોગોમાં નીમચ જવાનો વિચાર કરી રહ્યા હતા. એટલામાંજ નીમચથી શ્રીયુત પન્નાલાલજી ચૌધરી તથા મન્નાલાલજી રાઠોડ આદિ શ્રાવકો ત્યાં આવી કહેવા લાગ્યા કે આપ નીમચ પધારો. આના જવાબમાં મહારાજશ્રીએ કહ્યું કે તમે લોકોએ શા માટે આ તકલીફ ઉઠાવી? અમે તો ત્યાંજ આવતા હતા. પછી બધાને સાથે લઈ નીમચ પધાર્યા, ત્યાં ચાતુર્માસ કર્યો, અને ખૂબ આનંદ થયો. કેટલાય શ્રાવકોને તેઓશ્રીએ જ્ઞાન-ધ્યાનનો બોધ આપ્યો. જનસમુદાય વ્યાખ્યાનો સાંભળી ચકિત તથા આશ્ચર્ય ગરક થઈ ગયો. સારાયે શહેરમાં લોકો એજ ચર્ચા કરતા હતા કે ચૌથમલજી દીક્ષા લઈને આવા હોશિયાર તથા સુપ્રસિદ્ધ વ્યાખ્યાનકાર થશે, તેનો અમને તો સ્વપ્નેય ખ્યાલ નહોતો. અમે તો વૈરાગ્યાવસ્થામાં તેમની ઠેકડી કરી બનાવતા હતા. એટલુંજ

નહિ પણ એમ પણ કહેતા કે લોકોને ઠગવાનો ઉપાય રચી રહ્યા છે. ઈત્યાદિ, પરંતુ આ તો ધાર્યા કરતાં ઉલટુંજ બન્યું. આ પ્રમાણે સંવત ૧૯૫૮નો ચાતુર્માસ નીમચ શહેરમાં ભારે શાન્તિ તથા આનંદમાં પસાર થયો. આજ સમય દરમ્યાન વૈરાગી હુકમીચંદજીને પણ પ્રતિક્રમણાદિ શીખવી દીધા. ત્યાર પછી તેમને દીક્ષા આપવા માટે નીમચ શ્રીસંઘે મહારજશ્રીને પ્રાર્થના કરી, જેનો તેમણે સ્વીકાર કર્યો. વૈરાગી હકમીચંદજીને દીક્ષા આપતા પહેલાં ઠાઠમાઠથી વરઘોડો કાઢયો. અને પછી દીક્ષા આપવાની વિધિ શરૂ કરી, પરંતુ જગતના સામાન્ય ધારા મુજબ શુભ-કાર્યમાં કંઇક અણધાર્યું વિઘ્ન આવી પડે છે, તેવીજ રીતે આ શુભ-કાર્ય પણ નિર્વિઘ્ને કેમ સમાપ્ત થાય ? કવિએ ઠીકજ ગાયું છે કે "**श्रेयांसि बहुविघ्नानि**" તેમની દીક્ષામાં અટકાયત કરનાર કોઇ કુટુંબી ના આવ્યું, તો સૂબા સાહેબે રાજ્ય તરફથી ફરમાન કાઢી દીક્ષાની મનાઇ કરી. આથી શ્રીસંઘમાં ભારે ખળભળાટ થયો. શ્રીમાન પન્નાલાલજીએ કહ્યું કે સૂબા સાહેબ રજા નહિ આપે તો લશ્કર (ગ્વાલીયર) જઇને આજ્ઞા મેળવી આવીશ. આવો નિશ્ચય કરી સ્ટેશન ઉપર ગયા. સૂબા સાહેબ પણ કંઇક કાર્યવશાત્ જતા હતા. તેથી તેમનો પન્નાલાલજી સાથે મેળાપ થયો. સૂબા સાહેબે પન્નાલાલજીને પૂછ્યું કે આપ કયાં પધારો છો ? તેના પ્રત્યુત્તરમાં કહ્યું કે "લશ્કર, દીક્ષાની પરવાનગી મેળવવાને." આ સાંભળીને સૂબા સાહેબે જાતેજ કહી દીધું કે જાવ, મારો હુકમ છે કે ખુશીની સાથે એ વૈરાગીને દીક્ષા આપો. આ પ્રમાણે પરવાનગી મેળવી પન્નાલાલજી શહેરમાં પાછા ફર્યા. અને સંવત ૧૯૫૮ના માર્ગશીર્ષ વદ ૧ ને શુભ મુહૂર્તે હાથી ઉપર આરૂઢ થયેલા હુકમચંદજીને ભારે ધામધુમથી દીક્ષા આપવામાં આવી.

## પ્રકરણ ૧૩મું.

સંવત ૧૯૫૯: નાથદ્વારા.

# બિમારી તથા વ્યાખ્યાન પ્રવાહ.

## શ્રોતાઓની અપુર્વ–મેદની.

નીમચથી વિહાર કરી તેઓ છાવની તથા જાવદ થઇને કણેરે પધાર્યા. માર્ગમાંનાં સઘળાં સ્થાનોએ વ્યાખ્યાન સાંભળવાને જૈન તથા જૈનેતરોની ઘણી મોટી સંખ્યા આવતી. અનેક જણે વિવિધ પ્રકારના ત્યાગનાં પચખાણ લીધાં. ત્યાંથી વિહાર કરીને મહારાજશ્રી ત્રણ સાધુઓની સાથે અઢાણે પધાર્યા. ત્યાં પણ અન્ય સ્થાનોની માફક જૈન અજૈન, મજુર તથા ખેડુતો એકત્ર થયા. ત્યાંના રાવ સાહેબે પણ કેટલીક વખત વ્યાખ્યાનમાં હાજર રહી લાભ મેળવ્યો, અને મહારાજશ્રીની મુકતકંઠે પ્રસંશા કરવા લાગ્યા. ત્યાંથી વિહાર કરીને તેઓ કેરી, નિમ્બાહેડા, નકુમ, ભદેસર અને સાવે થઇને ચિત્તોડ પધાર્યા. ત્યાં પણ વ્યાખ્યાન કરવામાં બહુ રસ પડયો. એ દિવસોમાં મહારાજશ્રી કંઇક નિર્બલ થઈ ગયા હતા, અને વિશેષ થતા જતાં હતા, કેમકે તેમને સંવત ૧૯૫૬ થી પેટમાં કંઇક રોગને લીધે તકલીફ પડતી. અને તેથી તબીઅત નાદુરસ્ત રહ્યા કરતી હતી. એ દિવસોમાં

કોઇપણ રોગનો ઉપચાર કરવાને ઘાસ'દેથી એક હજામ આવતો હતો. તેને તેમણે પોતાનું પેટ દેખાડી દવા લીધી, અને તેનું ત્રણ દિવસ સેવન કર્યું. આનાથી તેમને સારો ફાયદો જણાયો. આ ઉપરથી હજામે કહ્યું કે બે દિવસ વધુ ચાલુ રાખો તો આપનો સઘળો રોગ મૂળમાંથી જશે. પરંતુ તેઓશ્રી અતિશય અશક્ત થઇ ગએલા હોવાથી જવાબ આપ્યો કે હવે મારાથી આ દવા નથી લઇ શકાતી. આ સાંભળી હજામે કહ્યું કે, "ખેર, ઔષધ ના લેવા વિચાર હોય તો ના લેશો. પરંતુ આટલું તો અવશ્ય કરજો કે જમ્યા પછી ડાબી બાજુ ઉપર માલીશ કરજો અને તેજ પડખે સૂઇ જજો. આમ કરવાથી પણ આપનો આ રોગ નિર્મૂલ થશે." હજામના કહેવા મુજબ તેમણે કેટલાક દિવસ સુધી કર્યું, અને તેથી તેમનો ઉદરરોગ તદ્દન નષ્ટ થયો. ત્યાંથી તેઓ કપાસણ થઇ સારોલ પધાર્યા. ત્યાં રૂપચન્દજી સિયાલના ધર્મ-પત્નિ પ્રતાપબાઇને અન્નજળ ગ્રહણ કર્યે વીસ વર્ષ વીતી ગયાં હતાં. ન તો તેને ભૂખ લાગતી કે ન તો તરસ લાગતી છતાં સઘળાં ગૃહકાર્યો સારી રીતે કરતી હતી. અસ્તુ. અહીંથી હવે ક્યાં વિહાર કરવો તેનો તે વિચાર કરવા લાગ્યા. નાથદ્વારા અહીંથી બહુ નજીક છે. અને ત્યાં દૂર દૂરના લોકો પણ આવે છે. વળી જો ત્યાં શ્વેતામ્બર સ્થાનકવાસીનાં ઘર હોય તો ત્યાં જવું ઠીક છે. એમ વિચાર કર્યો. કોઇ શ્રાવકને પૂછતાં માલુમ પડયું કે ત્યાં શ્રાવકોનાં ઘરો છે. તેથી મહારાજશ્રી વિહાર કરી નાથ-દ્વારા આવ્યા. જ્યારે બજારમાં પહોંચ્યા ત્યારે સઘળા શ્રાવકોએ પોતપોતાની દુકાનો ઉપર ઉભા થઇ તેમને વન્દન કર્યાં. પછી મહારાજશ્રીએ પૂછયું કે ઉતારો ક્યાં આગળ છે? ત્યારે જવાબ મળ્યો કે દ્વારકાધીશના ખડગ ઉપર. તેથી મહારાજશ્રી ત્યાં જઇ

ઉતર્યા અને બીજે દિવસે પ્રાતઃકાલથીજ વ્યાખ્યાન શરૂ કર્યાં. શરૂઆતમાં તો માત્ર જૈન સંપ્રદાયવાળાજ આવતા. વ્યાખ્યાન સ્થળ પણ મધ્યસ્થ બજારમાં નહતું, તેથી શ્રોતાઓની સંખ્યામાં વધારો થયો નહિ. છતાં એટલું તો ચોક્કસ હતું કે સામ્પ્રદાયિક લોકો વ્યાખ્યાન સાંભળી સાંભળીને લટ્ટુ બની ગયા હતા. વ્યાખ્યાન સ્થળ શહેરના એક ખૂણામાં હતું, તે તેમને રૂચતું નહોતું. તેથી તેમણે એક દિવસ શ્રોતાઓને કહ્યું કે વ્યાખ્યાન બજારમાં થવું જોઇએ, કે જેથી બીજા લોકોને લાભ મળે. આ સાંભળી લોકોએ કહ્યું કે "મહાત્મન્! બજારનું નામ લેશો મા! આ તો વિષ્ણુપુરી છે. પહેલાં તો ત્યાં જૈનેતરો આવશેજ નહિ, અને કદાપિ કોઇ કંઇ પ્રશ્ન પૂછશે તો આપ શું ઉત્તર આપશો? આપને દીક્ષા લીધે થોડોજ સમય થયો છે, તેથી આ સ્થળેજ વ્યાખ્યાન કરવું સારૂં છે, આ સાંભળી મહારાજશ્રીએ તેઓને બેધડક જવાબ આપ્યો કે "શ્રાવકો! અમે અલગ વિહાર કરવા આવ્યા છીએ, તે ગુરૂદેવની કૃપા ઉપર નહિ કે કોઇના ભરોસા ઉપર! તમારે આ વાતોનું શું પ્રયોજન? અમે બધો વિચાર કરીને વ્યાખ્યાન આપીશું, અને જો કોઇ વ્યકિત પ્રશ્ન અથવા શંકા કરશે. તો તેને અનુરૂપ ઉત્તર આપીશું અને સમાધાન કરીશું" પરંતુ આની શ્રાવકો પર કંઇ અસર ન થઇ. ઉદયપુર નિવાસી રાજમલજી તાકરિયાએ મહારાજશ્રીને વિનંતિ કરી કે હું સરસ વ્યાખ્યાન સ્થળ બતાવીશ. મહારાજશ્રીએ ફરમાન કર્યું કે ચાલો બતાવો, અને ત્યાં બેસીને વ્યાખ્યાન સાંભળો. આથી રાજમલજીએ લિલિયાકુંડની જગ્યા બતલાવી. મહારાજશ્રી પણ પોતાનાં શાસ્ત્રો વિગેરે વ્યાખ્યાનની સામગ્રી લઇ લિલિયાકુંડના ઝાડના થડ આગળ વિરાજ્યા અને રાજ-

મલજી વ્યાખ્યાન સાંભળવાને સન્મુખ બેઠા. વ્યાખ્યાન શરૂ થયાનું જ્યારે શ્રાવકોએ જાણ્યું ત્યારે તેમને આ રૂચતું ન આવ્યું. તેમને ડર લાગવા માંડયો કે કોણ જાણે હવે શું થશે? આખરે ૧૦-૧૨ શ્રાવક અને ૩-૪ શ્રાવિકાઓ વ્યાખ્યાનમાં આવ્યાં. લગભગ ૨૦-૨૫ જૈનેતર પણ આવ્યા. તે દિવસનું વ્યાખ્યાન જૈનેતરોએ બહુ ધ્યાનપૂર્વક સાંભળ્યું, અને તેમને તે ઘણું મધુરૂ લાગ્યું. બીજે દિવસે ૧૦૦-૧૫૦ અજૈન આવ્યા. આ જોઇ શ્રાવકોનો ડર દુર થયો. અને તેઓ હવે ખુશીની સાથે સારી સંખ્યામાં જમા થઇ સાથ આપવા લાગ્યા. કેવળ પાંચજ વ્યાખ્યાનો થયાં ન થયાં, એટલામાં તો જૈનાજૈન શ્રોતાઓની સંખ્યા ૮૦૦ જેટલી થઈ ગઇ; અને તેરમા વ્યાખ્યાનમાં તો વધી વધીને ૧૩૦૦ જેટલી થઇ. હવે વ્યાખ્યાન પણ શહેરમાં થતું હતું. જૈન શ્રાવકોની સંખ્યા ૧૨૫ થી વધારે નહોતી. બાકીના બીજા જૈનેતર હતા, જે હંમેશાં મહારાજશ્રીના વ્યાખ્યાનનો લાભ ઉઠાવતા હતા. શહેરના કોટવાલ, રાજ્ય કારભારીઓ વિગેરે વ્યાખ્યાન સાંભળવા આવતા હતા તથા શ્રીનાથજીનો ભક્ત-સમુદાય પણ હાજર રહેતો હતો, એટલુંજ નહિ પણ પોતાને ઘેરથી ગોચરી સુદ્ધાં કરાવતા હતા. આ પ્રમાણે સારાયે નગરના સઘળા ધર્મના લોકો તેમના તરફ પ્રેમ અને શ્રદ્ધાની દૃષ્ટિથી જોતા હતા. એક દિવસ કોઇ વ્યક્તિએ કંઇક પ્રશ્ન પૂછયો તેનો મહારાજશ્રીએ યોગ્ય જવાબ આપ્યો. બીજે દિવસે તે ફરીથી કંઇક લાંબે ઉભા રહી ચાલુ વ્યાખ્યાનમાં બોલ્યા કે "હે શ્રોતાઓ, ગીતામાં કહ્યું છે કે આત્મા છેદી શકાતો નથી, તો પછી દયા દયાની બૂમો પાડી લોકોના કાન ફોડવા જોઇએ નહિ." આના ઉપર મહારાશ્રીએ ગીતામાંથીજ '**अहिंसा परमोधर्मः**'નો સિદ્ધાંત

રજુ કરી પુરવાર કર્યું કે, "દયા કરવી એ મનુષ્યમાત્રનો પરમ ધર્મ છે." વાયુવેગે આ વાત ચારે દિશાએ ફેલાઈ ગઈ. રાજ્ય-કાર્યભારીઓ કહેવા લાગ્યા કે પેલી વ્યક્તિએ આત્મા સાથે મરતો નથી એમ કહ્યું, તેનો ઉત્તર તો સાધારણ છે. તેને બે ચાર ફાંસા લગાવવામાં આવે, એટલે તેની પરીક્ષા હમણાંજ થઈ જશે કે આત્મા હણવાથી હણાય છે. વળી સાથે સાથે તેને કષ્ટ પડે છે કે નહી તે પણ જણાઈ જશે.

અહીં વ્યાખ્યાનોને લીધે સારા શહેરમાં મહારાજની ભારે પ્રસંશા થવા લાગી તથા જય પોકારાવા લાગી. આ બન્યા પછી થોડા દિવસ ત્યાં રોકાઈને બીજું વ્યાખ્યાન આપ્યા પછી, જ્યારે તેઓએ વિહાર કર્યો ત્યારે સારાયે નગરના જૈન અજૈન, તથા હિન્દુ-મુસલમાન વિગેરે તેમને વિદાય આપવા આવ્યા, અને તે વખતે ચાતુર્માસ કરવાનું નિમંત્રણ પણ ખૂબ પ્રેમ અને આગ્રહપૂર્વક શ્રીચરણોમાં રજુ કર્યું. ત્યાંથી વિહાર કરી કોટા-રિયે ગયા, અને ત્યાંની જનતા ઉપર મોટો ઉપકાર કર્યો. ગંગા-પુર શ્રીસંઘનો સંદેશો આવ્યો કે ત્યાં બે પ્રતિસ્પર્ધી પૂજ્ય પધાર્યા છે. તેથી મહારાજશ્રીની પધરામણીની અત્યન્ત આવ-શ્યકતા છે. વળી ત્યાંની અજૈન પ્રજા પણ એમ ઇચ્છતી હતી કે નાથદ્વારાવાળા મહારાજની અહીં પધરામણી થાય તો અમને ઘણો આનંદ તથા લાભ થશે. આ કારણને લીધે તેઓ ત્યાંથી વિહાર કરી ગંગાપુર પધાર્યા કે જ્યાં કર્મચંદજી મહારાજ આદિ વિરાજતા હતા. તેમની પાસેજ મહારાજશ્રીએ પણ ત્રણ સાધુઓ સાથે પડાવ નાખ્યો. તેમનું આગમન થતાં વેંતજ ગામમાં વિજળી વેગે વાત ફેલાઈ ગઈ કે નાથદ્વારાવાળા ચોથ-મલજી મહારાજ અહીં પધાર્યા છે. તે દિવસે કર્મચંદજી મહા-

રાજનું વ્યાખ્યાન સમાપ્ત થતાં અજૈનોએ કેટલાક પ્રશ્નો પૂછ્યા તો તેના મહારાજશ્રીએ જવાબ આપ્યા તથા શ્રીગીતા તથા શ્રીમદ્ભાગવતમાંનાં પ્રમાણો સાથે તેમની શંકાનું સમાધાન કર્યું. હાજર રહેલા સઘળાઓને એમ ખાત્રી થઇ કે આ સાધુ ભારે ચમત્કારી છે. તેથી જો તેમનું વ્યાખ્યાન હોય તો બહુ સારૂં. આમ વિચારી સઘળાએ એકત્ર થઈ તેઓશ્રીને વિનંતિ કરી, અને તેનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો. વ્યાખ્યાનો ચાલુ થયાં. દિવસે દિવસે શ્રોતાઓની સંખ્યા વધવા લાગી, રાત્રે પણ વ્યાખ્યાન આપવાનું ચાલુ કર્યું. શ્રોતાઓથી આખું બજાર ચિકાર ભરાઈ જતું, અને શ્રોતાઓ ખૂબ ધ્યાનપૂર્વક તેમના ઉપદેશામૃતનું પાન કરતા હતા. તેજ રસ્તેથી ઠાકોરજીનો રથ જતો હતો. એક દિવસ જ્યારે રથ આવ્યો, ત્યારે શ્રોતાઓની ભીડને લીધે રથ નીકળી જાય એટલી પણ જગ્યા નહોતી. આખો રસ્તો રોકાઈ ગયો હતો. તેથી લોકો રથ બીજે રસ્તે ફેરવીને લઈ ગયા. ધાર્મિક ઐક્યતા તથા મળતાપણાનું આ પણ એક પ્રમાણ છે, અને તેનો ધન્યવાદ આપણા ચરિત્રનાયકને ઘટે છે. ત્યારબાદ મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી ચિત્તોડ થઈ સંજીત (જાવરા) પધાર્યા, અને ત્યાં ગુરૂશ્રી હીરાલાલજી મહારાજના દર્શનનો લાભ મેળવ્યો. ત્યાં તપસ્વી હજારીમલજી મહારાજ છાશ ઉપર રહી ગુરૂદેવની સેવા તથા તપશ્ચર્યા કરી રહ્યા હતા. તેમનું પારણું પણ ત્યાં થયું અને ગુરૂશ્રીએ સંવત ૧૯૫૯ના વૈશાખ સુદ ૮ ને શુભ દિને કસ્તુરબાઇને દીક્ષા આપી. ત્યારબાદ ચોથમલજી મહારાજ ત્યાંથી ગુરૂદેવની સાથે વિહાર કરી જાવરા પધાર્યા. ત્યાં નાથદ્વારાનો શ્રીસંઘ મહારાજશ્રીના ચાતુર્માસ માટે ફરીથી અરજ લઈ આવ્યો. આ જોઈ જાવરાના

શ્રીસંઘને ભારે આશ્ચર્ય થયું, તથા રતલામ નિવાસી તત્ત્વજ્ઞ શ્રીમાન શેઠ અમરચંદજી પીતલિયાએ પૂછ્યું કે મહારાજશ્રી શું નાથદ્વારામાં પણ જૈનોના ઘરો છે? આના પ્રત્યુત્તરમાં નાથદ્વારાના સંઘે જણાવ્યું કે હાંજી, છે તો ખરાં પણ થોડાં.

મહારાજ ચોથમલજીને માટે તો અમે આગ્રહ કરીએ છીએ, તેનું કારણ એ છે કે ત્યાંના જૈન, અજૈન, હિંદુ, મુસલમાન સઘળા મહારાજશ્રીના પધારવાની ઉત્સુક નયને વાટ જોઇ રહ્યા છે, તે એટલે સુધી કે શ્રીનાથજીના ભક્તજનો પણ મહારાજશ્રીને અંતઃકરણપૂર્વક ચાહે છે. આ સાંભળી અમરચંદજીએ કહ્યું કે "જો આમજ હોય તો મહારાજશ્રીના ચાતુર્માસ જરૂર ત્યાંજ થવા જોઇએ." આથી તેમણે નાથદ્વારા શ્રીસંઘના આમંત્રણનો સ્વીકાર કર્યો, અને ત્યાંથી સાધુઓ સહિત વિહાર કરી રતલામ ગયા. તે વખતે ત્યાં કેટલાક સાંપ્રદાયિક મુનિઓ વિરાજમાન હતા. તેઓએ તેમને વ્યાખ્યાન કરવા જણાવ્યું. તેથી તેમણે વ્યાખ્યાન કર્યું. એક કલાક શાસ્ત્રો પણ વાંચ્યાં. ત્યાર પછી અમરચંદજી શ્રાવકે વિનંતિ કરી કે, "મહારાજશ્રી, હવે કંઈ ઉપદેશાત્મક મઝા કરાવો, કે જેથી મનોરંજન થાય." આ ઉપરથી તેમણે તદન સામાન્ય મનુષ્ય પણ સમજી શકે એવો રોચક ઉપદેશ આપ્યો. પછી ત્યાંથી વિહાર કરી જાવરા ગયા. ત્યાંથી સંવત ૧૯૫૯ના ચાતુર્માસ નાથદ્વારામાં કરવા માટે ત્રણ સાધુઓ સહિત વિહાર કરી ગયા. માર્ગમાં નાના પ્રકારના ઉપકાર કરતા યોગ્ય સમયે નાથદ્વારા પહોંચ્યા.

સેંકડો સ્ત્રીપુરૂષો નગર બહાર તેમનું સ્વાગત કરવાને આવી પહોંચ્યાં. અને તેમના શુભાગમનના સમચાર જાણી

સઘળાંને ઘણો હર્ષ થયો. આ પ્રમાણે "વીર"ના જયધ્વનિઓ સાથે તેમણે નગરમાં પ્રવેશ કર્યો, અને પેલા દ્વારિકાધીશના ખડ્ગ ઉપર નિવાસ કર્યો. આ ચતુર્માસમાં લોકોએ વ્યાખ્યાનનો ખૂબ લાભ લીધો. જૈન શ્રાવકોએ જીવદયાનો ઉપકાર કર્યો તે તો ઠીક, પરંતુ અજૈનોએ પણ જૈન રીતિ મુજબ ૩૦૦ વ્રત ઉપવાસાદિ કર્યાં. ચાતુર્માસ પૂરા થતાં મહારાજશ્રીએ ત્યાંથી વિહાર કર્યો, તે દિવસનું દૃશ્ય અદ્‌ભુત અને ચિરસ્મરણીય હતું. વિયોગથી વ્યાકુળ થએલા સઘળા સંપ્રદાયના લોકોની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી.

## પ્રકરણ ૧૪ મું.

સંવત ૧૯૬૧
ખાચરોદ.

# ઉપદેશ તથા દીક્ષા.

નાથદ્વારાથી તેઓ હારોલ, દેલવાડા (મેવાડ) થઇને ડબ્બક (મેવાડ) પધાર્યા. ત્યાં તેમણે પૂજ્ય શ્રીલાલજી મહારાજનાં દર્શન કર્યાં અને તે રાત્રે ત્યાં નિવાસ કર્યો. રાત્રિના વ્યાખ્યાન માટે પૂજ્યશ્રીએ મહારાજશ્રીને કહ્યું કે વ્યાખ્યાન આપો. એટલે મહારાજશ્રીએ વ્યાખ્યાન કર્યું. બીજે દિવસે ત્યાંથી વિહાર કરી પૂજ્યશ્રી ઉઠાડે (મેવાડ) પધાર્યા, અને ફરીથી દર્શન લાભ લીધો. ત્યાંથી તેઓશ્રી દેલવાડા પધાર્યા ત્યાં નાથદ્વારાના શ્રાવકો મહારાજશ્રીને તેડવાને ટાંગામાં બેસીને આવ્યા. અહીં તો ચાતુર્માસ એક વખત કર્યાંજ હતા, પરંતુ તપસ્વી હજારીમલજી મહારાજે શ્રાવકોને કહ્યું કે મારે ચૌથમલજી મહારાજને મળવું છે, માટે તેમને અહીં લઇ આવો; તેથી શ્રાવકગણ તેમને વિહાર કરાવી નાથદ્વારા લઇ ગયા. મહારાજશ્રીએ હજારીમલજી મહારાજનાં દર્શન કર્યાં, અને હજારીમલજી મહારાજ પાસે જે સાધુ હતા, તેમણે તેમને વંદના વિગેરે કરી આદર સત્કાર કર્યો, તથા ખૂબ પ્રેમ વ્યક્ત કર્યો. તપસ્વીજીએ મહારાજશ્રીને કહ્યું કે તમે મારી સાથે બિકાનેર ચાલો. તમારાં વ્યાખ્યાન ઘણાં આકર્ષક થાય છે, તેથી

આનંદ થશે. આના જવાબમાં મહારાજશ્રીએ જણાવ્યું કે ગુરૂદેવની આજ્ઞા લેવી આવશ્યક છે. આથી તપસ્વીજીએ કહ્યું કે હું નયાશહેર (બ્યાવર)માં તમારી માર્ગ પ્રતીક્ષા કરીશ, માટે તમે આજ્ઞા મેળવી ત્યાં આવી પહોંચજો. આ ગોઠવણ મુજબ તેઓ વિહાર કરી ઉદયપુર પધાર્યા. ત્યાં પણ વ્યાખ્યાન થવા લાગ્યાં, અને ત્યાં પણ હંમેશના રિવાજ મુજબ સર્વ સંપ્રદાયના લોકો મોટી સંખ્યામાં એકત્ર થવા લાગ્યા. રાજ્યકાર્યભારીઓ પણ આવતા હતા. સુપ્રસિદ્ધ જાગીરદાર તથા ઉદયપુર સ્ટેટના માજી દિવાન કોઠારી બલવન્તસિંહજી પણ વ્યાખ્યાનમાં પ્રેમપૂર્વક ભાગ લેતા. ત્યાં ખૂબ ધર્મવૃદ્ધિ થઇ. રતનલાલજી મહેતા આદિ ચાર શ્રાવકોએ જીવનપર્યંત હંમેશાં ચાર સામાયિક* કરવાની મહારાજશ્રી પાસે પ્રતિજ્ઞા કરી, અને આમ કરવાથી પણ ધર્મવૃદ્ધિ થઇ. ત્યારબાદ મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી બડેગાંવ પધાર્યા. ત્યાંના ખેડુતોએ તેમના ઉપદેશથી જીવ હિંસાનો ત્યાગ કર્યો. ત્યાંથી પાછા ફરી ઉદયપુર, ભિણ્ડર થઇ કાનોડ પધાર્યા. કાનોડથી ડુંગરે પધાર્યા. ત્યાં પણ કેટલાકોએ ત્યાગ કર્યો. એક દિવસ મહારાજ વિરાજ્યા હતા, તે વખતે પ્રતાપમલજી ડગની દુકાને બેઠેલા એક છોકરા તરફ તેમની નજર પડી. તેમણે અનુમાન કર્યું કે તે બાળક સ્વતન્ત્ર અને નિરાશ્રીત હોવો જોઇએ, અને દીક્ષા માટે લાગ શોધે છે. આમ વિચારી તેમણે તે છોકરાને બોલાવ્યો અને પૂછ્યું કે તું કોણ છે? આના જવાબમાં તેણે જણાવ્યું કે મારૂં નામ શંકર છે. રજપૂત જાતિનો છું. પહેલાં ધરિયાવદ રહેતો હતો. માતા પિતા ન હોવાથી અને રાજદ્વારી અણબનાવને

* ૪૮ મિનિટ સુધી સાંસારિક વિચારોને ત્યાગી એકાગ્ર ચિત્તે ઇશ્વરને વંદના કરવી એને સામાયિક કહે છે.

લીધે અહીં પ્રતાપમલજીને ત્યાં આવી રહ્યો છું. આ સાંભળી મહારાજશ્રીએ સૂચવ્યું કે તું પણ અમારા જેવો સાધુ બની જા. માત્ર અન્ન તથા વસ્ત્ર માટે આ અમૂલ્ય મનુષ્ય જીવન શા માટે એળે ગુમાવે છે? આ સાંભળી શંકરલાલે કહ્યું, "વારૂ. મહારાજ, આપના જેવો સાધુ થઈશ." આ વાતચિત ચાલતી હતી, તેટલામાંજ ત્યાંના શ્રાવકો આવી પહોંચ્યા અને શંકરલાલને દીક્ષા આપવા માટે વિનંતિ કરી. ત્યારે મહારાજશ્રીએ જવાબ આપ્યો કે મારે ગળે તો આ વાત ઉતરી ગઈ છે. તેથી જો શ્રીસંઘ દીક્ષા અપાવે તો મારે કોઈ જાતની મુશ્કેલી નહિ. દીક્ષા આપવાનું લગભગ નક્કી થઈ ગયું. શંકરલાલે પોતાના ન્યાતવાલા પાસે આજ્ઞા મેળવવા પોતાના કાનની સોનાની વાળીઓ આપી દીધી, અને તેઓએ તેને દીક્ષા આપવામાં પોતાની સહાનુમતિ દર્શાવી. તેજ દિવસે વરઘોડો કાઢવામાં આવ્યો અને બીજે દિવસે એટલે સંવત ૧૯૬૧ના વૈશાખ વદ ૮ને રોજ દીક્ષા આપવામાં આવી. ત્યાંથી મહારાજશ્રી ચાર સાધુઓ સાથે વિહાર કરી કાનોડ પધાર્યા. ત્યાં અન્નજળ લીધાં પછીથી વિચાર આવ્યો કે નવીન શિષ્ય શંકરલાલને કદિ આવું તીક્ષ્ણ પીણું પીવાનો પ્રસંગ નહિ આવ્યો હોય અને અહીંઆ તો દીક્ષા લેતાં વેંતજ પીવું પડ્યું, અને તે પણ આનંદિત થઈ પી ગયો, તેથી એમ લાગે છે કે તે ઉચ્ચભાવનાશાળી થવો જોઈએ. પછી પાછું પરીક્ષા કરવા તેમણે શંકરલાલ મહારાજને પૂછ્યું કે, "કહો, ધોવણ× કેવું લાગે છે?" આના પ્રત્યુત્તરમાં તેમણે જણાવ્યું

×દ્રાક્ષ, બદામ, પિસ્તાં, ચોખા વિગેરેના ધોવડાંમણને ધોવણ કહેવામાં આવે છે.

કે. 'બહુ સરસ છે. સાધુઓને સ્વાદ કેવા?'' પછીથી ત્યાંથી વિહાર કરી તેઓ બડી સાદડી, તથા નીમચ, મન્દસૌર થઇ જાવરા પધાર્યા. આ સઘળાં સ્થાનોમાં ભારે ઉપકાર થયો. જાવરામાં તેમણે પોતાનાં માતુશ્રી આર્યાજી કેસરજીના આશ્રયમાં રહેતી ડુંગરાવાળી બાઇને દીક્ષા આપી. ત્યાંથી ગુરૂદેવે તેમને ખાચરોદ જવાની આજ્ઞા કરી, કેમકે દેવજી મહારાજની તબીઅત નાદુરસ્ત હતી. તેથી મહારાજશ્રી ત્રણ સાધુઓને સાથે લઇ ખાચરોદ પધાર્યા. સંવત ૧૯૬૦ના ચાતુર્માસ ખાચરોદમાંજ થયા. અને એ ચાતુર્માસમાં પ્રસંસનીય ધર્મ-ધ્યાન થયું.

# પ્રકરણ ૧૫મું.

સંવત ૧૯૬૧

રતલામ.

## માતુશ્રીનો સંથારો તથા સ્વર્ગવાસ.

આ ચરોદના ચાતુર્માસ શાન્તિપૂર્વક પુરા થયા, એવામાંજ રતલામથી પ્રતાપમલજી મહારાજની તબીઅત બગડવાના સમાચાર મળ્યા. તેથી તેમણે લક્ષ્મીચંદજી મહારાજને બે સાધુઓ સાથે રતલામ મોકલ્યા. પરંતુ તેઓ નવ (નવિન) દીક્ષિત હતા. આથી પાછળથી તેઓ પોતે પણ ત્યાં પધાર્યા. અનેક પ્રયત્નો કર્યા છતાં પ્રતાપમલજી મહારાજના સ્વાસ્થ્યમાં સુધારો ન થયો, અને અંતે તે દેવલોક પામ્યા. પછીથી ત્યાંથી તેમણે વિહાર કરી જવાનો વિચાર કર્યો. પરંતુ તે વખતે તેમની માતાની તબીઅત પણ બરાબર નહોતી. માતાએ મહારાજશ્રીને કહ્યું કે મારૂં જીવન થોડાજ દિવસોમાં સમાપ્ત થશે. તેથી તમે અહીં આજુબાજુમાંજ વિહાર કરજો, કે જેથી અંતકાળે મને તમારી મારફતે એવો ઉપદેશ મળે કે જેથી પરલોકમાં મારૂં હિત થાય. આ સાંભળી તેમણે જવાબ આપ્યો કે, "જેવી આજ્ઞા" આમ કહી રતલામની નિકટના ધામણોદ થઈ સૈલાને પધાર્યા, પાછળથી માતાની તબીઅતમાં કંઈક સુધારો થવા લાગ્યો, અને એ વર્તમાન તેમને સૈલાનામાંજ

મળ્યા. તેથી તેઓ કંઈક નિશ્ચિત જીવે નીમચ પધાર્યા, કે જ્યાં નંદલાલજી મહારાજ વિગેરે વિરાજતા હતા. ત્યાં રતલામ શ્રીસંઘ તરફથી શ્રીમાન તેજાજી સાહેબ ઇત્યાદિ ચાતુર્માસ માટે વિનંતિ કરવા આવ્યા, તેમને ઉત્તર મળ્યો કે સઘળા સંતો રામપુરમાં એકત્ર થશે, અને ચાતુર્માસનો પણ નિર્ણય ત્યાંજ થશે. પછીથી મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી રામપુર પધાર્યા. ત્યાં સઘળા મુનિઓ એકત્ર થયા હતા. રતલામ શ્રીસંઘ ચાતુર્માસની વિનંતિ કરવા માટે રામપુર આવ્યો. તેમણે ખૂબ આગ્રહ પૂર્વક તથા અતિશય વિનયપૂર્વક વિજ્ઞપ્તિ કરી, અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો. કેટલાક દિવસ બાદ અમાવાસ્યાને દિવસે મહારાજશ્રીને રાત્રિના પાછલા પહોરે એક સ્વપ્ન આવ્યું. તેમાં તેમણે એવું જોયું કે જાણે માતા પાસે ઉભી છે, અને કહે છે કે મને ખૂબ દરદ થતું હતું, તેથી મેં સંથારો કર્યો, અને હવે દેવલોક પામી છું. વાત પણ એમજ બની હતી કે માતુશ્રીનો સ્વર્ગવાસ ચૌદશને રોજ થયો હતો. મહારાજશ્રી સ્વપ્નાવસ્થામાં તેમને કંઇ પૂછી શકયા નહિ, અને એટલામાં તો ઉંઘ ઉડી ગઈ, અને પ્રાતઃકાળ થઇ ગયો. પ્રાતઃકાળે ગુરૂદેવને સ્વપ્નાની વિગત કહી. ગુરૂ જવાહરલાલજી મહારાજ વિગેરે આનો વિચાર કરી રહ્યા હતા. એવામાં રતલામથી માતુશ્રીના સંથારાનો પત્ર આવ્યો. વૃદ્ધ જવાહરલાલજી મહારાજ બોલ્યા કે જો પાસે હોત તો હું પણ આવત, પરંતુ બહુ દુર છે. અને મારાથી ઝડપથી ચાલી શકાતું નથી. તેથી મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી જાવરાની પાસે કલારા પધાર્યા.

ત્યાં તેમને માતુશ્રી–દેવલોક પામ્યાના સમાચાર મળ્યા, અને તે સાંભળી તેમને પશ્ચાત્તાપ થયો. કેમકે માતાજીએ નજી-

ક્રમાંજ વિહાર કરવાનું ફરમાવ્યું હતું અને પોતે ઘણે દૂર નીકળી ગયા હતા. "વળી જો હું ત્યાં હોત તો તેમના અંતકાળે કંઇ જ્ઞાન-ચર્ચા પણ શ્રવણ કરાવત, પણ ખેર, જે થયું તે સારૂં થયું. મોહથી કર્મ-બંધન થાય છે," એમ વિચારી ત્યાંથી પાછા ફરતા હતા. એવામાં જાવરા શ્રીસંઘ ત્યાં આવી તેમને જાવરા લઈ ગયો. અહો! માતૃપ્રેમ! સંસારમાં એ કેવી અલૌકિક ચીજ છે ! તેનું યથાર્થરૂપે વર્ણન કરવું એ મનુષ્યશક્તિની બહાર છે. સંસારમાં મનુષ્યમાત્રને જેટલા સદ્‌ગુણો છે, તેમાં માતૃસેવા એક અલૌકિક તથા અસાધારણ ગુણ છે. નહિ તો સાંસારિક માયા-મમતાથી વૈરાગ્યવૃત્તિ સેવનાર નિર્ગુણ બ્રહ્મના જાણનાર, અહંકારાદિ દુર્ગુણોથી વિમુખ તથા કામ, ક્રોધ, લોભ અને મોહના ત્યાગી ખરા સાધુ મુનિ મહારાજ મૃત્યુ પછી પંચતત્ત્વોમાં મળી જનાર તથા માટીના રૂપમાં પલટાઇ જનાર માનુષિક દેહ માટે શોક કરે તે શું સંભવિત છે? પરંતુ આ જગતમાં જન્મ ધારણ કરવાથી જીવના કુદરતી માતૃ-પ્રેમનું આ એક પ્રમાણ છે, તેથીજ જગતની તુચ્છમાં તુચ્છ જાતો તથા પશુ પક્ષીઓ પણ તે વિહોણાં નથી હોતાં. અસ્તુ. જાવરા જઇ પોતાના માતુશ્રીના અંતિમ કાળના હેવાલ સાંભળ્યા કે એક બે દિવસ તો તેમણે (માતાએ) તેમનું સ્મરણ કર્યા કર્યું. પરંતુ પછી બોલવા માંડ્યું કે "પુત્ર કોનો? આ શરીર પણ આપણું નથી, તો પછી મોહ મમતા શા માટે?" આ પ્રમાણે રતલામ શ્રીસંઘે તેમની ચેષ્ટા જોઈ કહ્યું કે તેમની તબીઅત તો સારી છે, તો પછી સંથારો કરાવવાની શું જરૂર છે? એક સાધ્વીએ કહ્યું કે મેં તેમને તેવિહાર કરાવ્યા છે, તે સાંભળી માતા બોલ્યા કે "નહિ. મેં તો ચૌવિહાર કર્યા છે. જો રાજ્ય

તરફથી તમને કંઇ ડર-ધાસ્તી જેવું લાગતું હોય તો હું બીજે ચાલી જઉં,...ઇત્યાદિ.” આ પ્રમાણે ખૂબ દૃઢતાપૂર્વક પોતાના ક્ષણભંગુર શરીરનો ત્યાગ કર્યો. આ સાંભળી મહારાજશ્રીએ કહ્યું કે મારી એટલીજ ભાવના છે કે સ્વર્ગસ્થના આત્માને જલદી મોક્ષ મળે.

ત્યારબાદ ૧૯૬૨ના ચાતુર્માસ માટે તેઓ રતલામ પધાર્યા. તેમનુ સ્વાગત કરવાને નગર બહાર સેંકડો નગરજનો એકત્ર થયાં હતાં. એ દૃશ્ય જોવા જેવું હતું. તે વખતે શ્રાવકોમાં સંપ સારો હતો. તેથી ધર્મ, ધ્યાન, ત્યાગ તથા પચખાણ સારી રીતે થયાં, તે ક્ષમાપનામાં યોગ્ય સમયે પ્રગટ થઇ ગયાં છે. આજ ચાતુર્માસ દરમ્યાન મુંબઇ નિવાસી શ્રીવાડીલાલ મોતીલાલ શાહ તેમનાં દર્શનાર્થે રતલામ આવ્યા. કદીએ ઉપવાસ નહિ કરેલા પરંતુ મહારાજશ્રીના ઉપદેશથી તેમણે વ્રત કર્યાં, અને મુંબઈ જઇ પોષધ* કર્યો. આ ચાતુર્માસ દરમ્યાન રતલામ શ્રીસંઘે તેમની ભારે ભક્તિભાવથી તથા ઉત્સાહથી સેવા કરી. પરંતુ જ્યારે ત્યાં પ્લેગ ચાલુ થયો, અને દિનપ્રતિદિન તેનો ઉપદ્રવ વધવા લાગ્યો, ત્યારે શ્રીસંઘે મહારાશ્રીને વિનંતિ કરી કે બધા શ્રાવકો અહીંથી ચાલ્યા જાય છે. માટે આપ પણ અત્રેથી વિહાર કરી જાવ. આ બાબતમાં સ્વામી ભૈરવ ઋષિજીએ પણ મહારાજશ્રીને કહ્યું કે પહેલા આપ અહીંથી વિહાર કરી જાવ, ત્યાર પછી અમે જઇશું, કેમકે જો અમે પહેલા વિહાર કરી જઇએ તો લોકો વિરોધ કરે. અને એમ કહે કે નાની ઉંમરના ચૌથમલજી મહારાજ તો હજુ અહીં વિરાજે છે, ત્યારે વૃદ્ધાવસ્થા-વાળા અહીંથી વિહાર કરી ગયા. તેથી મહારાજશ્રી રતલામથી

* રાત્રે ઉપાશ્રયાદિ કોઇ એકાન્ત ધર્મસ્થાનમાં વિશ્રામ લેવો.

વિહાર કરી પંચેડ ગયા. ત્યાં મહારાશ્રી બે વખત વ્યાખ્યાન કરતા તથા શાસ્ત્રો વાંચતા. પંચેડ નિવાસીઓને તેમના સુભાગ્યે તથા પુણ્યોદયથી આવો અણમૂલ અવસર પ્રાપ્ત થયો હતો. વ્યાખ્યાનમાં પુષ્કળ લોકો આવતા. ત્યાંના ઠાકોર સાહેબ રઘુનાથ-સિંહજી તથા તેમના સુયોગ્યબંધુ ચૈનસિંહજી જૈનધર્મ વિષે આ વખતે પહેલીજ વાર મહારાજશ્રી દ્વારા પરિચિત થયા. તેમના ઉપર મુનિમહારાજનાં વ્યાખ્યાનો તથા સદુપદેશનો એવો સુંદર પ્રભાવ પડયો કે તેમણે કેટલાંક જાનવરોની હિંસા ન કરવાની પ્રતિજ્ઞા લીધી. પંચેડના ઠાકોર સાહેબનો જૈન સાધુ સાથે પ્રથમ પરિચય મહારાજશ્રીની સાથે થયો હતો, અને તેમના ઉપદેશામૃતનો તેમના ઉપર આવો આબેહુબ પ્રભાવ પડયો. ત્યારથી તેમની જૈનધર્મ તથા જૈન સાધુઓમાં ખૂબ શ્રદ્ધા બેઠી.

આ પ્રમાણે આ વર્ષે પણ રતલામના ચાતુર્માસ દરમ્યાન અગણિત ત્યાગ–પચખાણ થયાં. ત્યાંથી નીમચ, જાવદ, તથા કણેરે થઇ બેગમ પધાર્યા. આ સઘળાં સ્થાનો ઉપર પણ ખુબ ધર્મ–પ્રચાર તથા ત્યાગ પચખાણ થયાં. અનેક માંસાહારીઓએ માંસનો ત્યાગ કર્યો, મદ્યપાન છોડયું, તથા ધર્મપ્રેમી બન્યા. પછી ત્યાંથી વિહાર કરી કેટલાક શ્રાવકોની સાથે માંડલગઢ જતા હતા. તે વખતે રસ્તામાં ત્યાંથી આવનારા લોકોએ તેમને કહ્યું

---

નોંધઃ–પૂજ્ય શ્રીલાલજી મહારાજના જીવન ચરિત્રમાં એવો ઉલ્લેખ છે કે "તેમણે સંવત ૧૯૬૧ના ચાતુર્માસ રતલામમાં કર્યો હતો." પણ એમ નથી. તે વર્ષે તેમનો ચાતુર્માસ જોધપુરમાં થયો હતો. સં. ૧૯૬૧માં તો આપણા ચરિત્રનાયકનોજ ચાતુર્માસ રતલામમાં થયો હતો.

કે આગળની ઘોર ઝાડીમાં કેટલાક મનુષ્યો બંદુકથી સજ્જ થઇ બેઠા છે. આ સાંભળી શ્રાવકોએ કહ્યું કે વાત સાચી છે. એ ઝાડી એવી છે, કે ધોળે દહાડે લોકોને છડેચોક લુટવામાં આવે છે. ત્યારે મહાજશ્રીએ કહ્યું કે ભય તમને છે, અને ભય ઉત્પન્ન થાય એવી વસ્તુઓ પણ તમારી પાસે છે. મેં તો જ્યારથી દીક્ષા લીધી ત્યારથી ચોકીદાર (બ્રહ્મચર્ય) મારી સાથેજ છે, આટલું કહ્યા છતાં પણ શ્રાવકો તો ગામમાં ચોકીદાર લેવા ગયા. પરંતુ આ બાજુ મહારાજશ્રી નિડર રીતે તેજ રસ્તેથી માંડલગઢ પહોંચી ગયા. પાછળથી શ્રાવકો પણ આવ્યા, પરંતુ ત્યાં બહુજ થોડો નિવાસ થઇ શકયો. છતાં એ અલ્પ સમયમાં પણ ઘણો સારો ધર્મ–પ્રચાર થયો. પછીથી ત્યાંથી વિહાર કરી ફરીથી બેગમ આવ્યા. ત્યાં એવા સમાચાર મળ્યા કે તેમની સાંસારિક સમયની માસી તથા ત્યાગ સમયની સાધ્વી પ્રવર્તિની રત્નાજીએ સંથારો કર્યો છે. તેથી તેઓ અહીંથી વિહાર કરી શીઘ્રગતિથી સરવાણિયા, નીમચ, મલ્હારગઢ તથા મન્દસૌર થઇ જાવરા પધાર્યા. ત્યાં તેમનાં માસી આર્યાજી દેવલોક પામ્યાના સમાચાર મળ્યા તેથી તેઓ રતલામ ન જતાં મન્દસૌર થઇ મલ્હારગઢ પધાર્યા. ત્યાં સાધુઓ થોડો વખતજ રોકાતા તેથી ત્યાંની જનતાએ તેઓશ્રીને ત્યાં વધુ રોકાવાનો ખાસ આગ્રહ કર્યો. તેથી મહારાજશ્રી ત્યાં કેટલાક દિવસ રોકાયા અને ઉપદેશ કર્યો. ત્યારબાદ નારાયણગઢ પધાર્યા, અને ત્યાંના બજારમાં કેટલાંક વ્યાખ્યાન કર્યાં. એ દિવસોમાં ત્યાં મંદિરમાર્ગી શ્વેતામ્બર સંપ્રદાયના અમીવિજયજી સાધુ હતાં તેમની સાથે વાર્તાલાપ થયો. ત્યાંથી મહારાજશ્રી જાવદ પધાર્યા કે જ્યાં પૂજ્ય શ્રીલાલજી મહારાજ વિરાજતા હતા, અને સાથે મુનિવર હતા. ત્યાં તેમને સમાચાર

મળ્યા કે કંઝેડામાં એક ભાઈ દીક્ષા લેવાના છે. આ જાણી સઘળા વિચાર કરવા લાગ્યા કે તેની ભાવોત્તેજના માટે કોને ત્યાં મોકલવો ? પૂજ્યશ્રીએ મહારાજશ્રીને આજ્ઞા કરી કે તમે જાવ, અને કાર્ય પાર પાડો. ત્યારે તેમણે પૂજ્યશ્રીને વિનંતી કરી કે મારાથી કેવી રીતે થશે ? અને શું થશે ? આ સાંભળી પૂજ્યશ્રીએ સ્વમુખે ફરમાવ્યું કે "જાવ, તમારે પગલે તો જંગલમાં પણ મંગળ થઈ જાય છે, અને બીજી વાત એ છે કે તમારા ચાતુર્માસ કાનોડમાં કરવાને હું ત્યાંથી સ્વીકાર કરતો આવ્યો છું. ત્યાંના રહેવાસીઓએ મારે તથા તમારે માટે ખૂબ આગ્રહ કર્યો છે; તેથી આપણા બેમાંના એકે તો ત્યાં અવશ્ય ચાતુર્માસ કરવાજ જોઈએ. આજ્ઞા મેળવી મહારાજશ્રી કંઝેડા પધાર્યા. ત્યાં ઉપદેશ આપી પેલા વૈરાગીને ઉત્તજીત કરી, તેઓ ભાટખેડી પધાર્યા, અને તેથી મણાસે પધાર્યા. એ દિવસોમાં તેમની તબીઅત નાદુરસ્ત રહેતી હતી, છતાં પોતાની મધુર વાણીથી સઘળાને પ્રફુલ્લિત કર્યા. આવા મહાત્મા કે જે બિમાર તથા પરવશ અવસ્થામાં પણ પરોપકાર તથા સમાજોન્નતિનાં લક્ષ્યબિંદુ હૃદયમાં જડી રાખે છે, તેમના પ્રભાવ કોના ઉપર ન પડે ? તેમના ઉપદેશથી ત્યાંના વતની કજોડીમલ બોથરાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. સ્ત્રી, પુત્ર તથા માલમિલ્કત ત્યાગી તેમણે દીક્ષા લેવાની પ્રતિજ્ઞા જાહેર કરી, અને તેને માટે વિનંતિ કરી તો મહારાજશ્રીએ કહ્યું કે જો તમારો આ નિશ્ચયજ હોય તો ક્ષણમાત્રનો પણ વિલંબ કર્યા શિવાય તમારી અભિલાષા જલદીથી ફળીભૂત કરો. આટલું કહી તેઓ ત્યાંથી વિહાર કરી નીમચ પધાર્યા. અને નીમચથી છોટી–બડી સાદડી થઈ સંવત ૧૯૬૨ના ચાતુર્માસ માટે કાનોડ પધાર્યા.

## પ્રકરણ ૧૬મું.

સંવત ૧૯૬૨

કાનોડ.

# શાન્ત પ્રકૃતિ.

આ ચાતુર્માસમાં ત્યાં દયા, પૌષધ તથા સ્કંધ* આદિ પુષ્કળ થયાં. રાત્રે અન્ય ઉપદેશો સાથે મહારાજશ્રીએ રૂકિમણીઆખ્યાન કહી સંભળાવ્યું. એક દિવસ ઠાકોરજીનો રથ એ રસ્તે થઈને નીકળ્યો, ત્યારે લોકો તેને અટકાવવા લાગ્યા. ત્યારે મહારાજશ્રીએ કહ્યું "ભાઈઓ, ઝગડો ના કરો, આ જાહેર રસ્તો છે." પરંતુ લોકોને ખોટું ઝનુન આવી ગયું અને ફરીથી પણ રથને રોકયો. આથી મહારાજશ્રીએ ઉપદેશ આપવો બંધ કર્યો. આ ઉપરથી પ્રત્યક્ષ પ્રમાણ મળે છે કે તેમની પ્રકૃતિ કેટલી શાન્ત હોવી જોઈએ. તેમની શાન્ત પ્રકૃતિને પ્રમાણભૂત અનેક ઉદાહરણો તેમના જીવનમાંથી મળી આવે છે. કાનોડના ચાતુર્માસ પછી વિહાર કરી ધર્મ પ્રચાર કરતાં કરતાં તેઓ જાવરા પધાર્યા. ત્યાં જતાં રસ્તામાં આવતાં સઘળાં સ્થાનો ઉપર ખુબ ઉપકાર થયો.

* સ્કન્ધ ચાર પ્રકારના થાય છે જેમકે (૧) પહેલો સ્કન્ધ રાત્રિભોજન ન કરવું. (૨) બીજો સ્કન્ધ–શાકભાજી વિગેરે લીલોતરીનો ત્યાગ; (૩) ત્રીજો સ્કન્ધ-કાચા જળનો ત્યાગ;(૪) ચોથો સ્કન્ધ-બ્રહ્મચર્યવ્રત પાળવું.



મુનિશ્રી ચૌથમલજીમહારાજના ઉપદેશથી મરહુમ મહારાણાજી સાહેબ
તથા વર્તમાન મહારાણાજી સાહેબ તરફથી પાખી
પાળવા માટેના થયેલા હુકમનામાઓની નકલો.
(પરિચય માટે જુઓ પ્રકરણ ૩૬મું)

## પ્રકરણ ૧૭ મું.

સંવત ૧૯૬૩.

જાવરા.

# દીક્ષા તથા કૉન્ફરન્સ.

મહારાજશ્રીએ સંવત ૧૯૬૩નો ચાતુર્માસ જાવરામાં કર્યા, અને ત્યાં પણ ખૂબ ઉપકાર કર્યો. ચાતુર્માસમાં જમણાંસેથી વૈરાગી કજોડીમલજી ત્યાં આવી ગયા હતા. તેમના કુટુંબમાં તેમનાં જ્યેષ્ઠ ભાઈ, પુત્ર, તથા પત્નિી હયાત હતાં. જ્યારે તેમણે સઘળાં કુટુંબીઓ પાસે દીક્ષા માટે આજ્ઞા માગી અને તે ન મળી ત્યારે તે જાવરા આવ્યા, અને સાધુ–વેષ ધારણ કર્યો. ચાતુર્માસ સમાપ્ત થયા પછી મહારાજશ્રી તેમને સાથે લઈ તેમના સાસરે નિમ્બાહેડે ગયા, અને ત્યાંવાળાઓને સમજાવ્યા. સાથે સાથે તેમની પત્નિીને પણ ઉપદેશ આપી ખૂશ કરી, અને આજ્ઞાપત્ર લખાવી આપ્યો. ત્યાર બાદ ત્યાંથી વિહાર કરી તેઓ રામપુર પધાર્યા. ત્યાં ગુરૂદેવના દર્શનનો લાભ મેળવી તેમની સાથે ડગ, વૈડાદ, સારંગપુર, સીહોરની છાવણી, ભૂપાલ તથા આષ્ટા કાષ્ટા થઈ દેવાસ પધાર્યા. આ સઘળાં સ્થાનોમાં પણ ખુબ ધર્મ–પ્રચાર તથા ઉપકાર થયો. દેવાસમાં રતલામનિવાસી શ્રીમાન અમરચંદજી પીતલિયા

તરફથી આમંત્રણ મળ્યું કે ત્યાં (રતલામમાં) કોન્ફરન્સ મળવાની છે માટે કૃપા કરી આપ અવશ્ય પધારશો. તેથી મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી ઉજ્જૈન ગયા અને બજારમાં જાહેર વ્યાખ્યાન આપ્યું. મહારાજશ્રીને પ્રથમથીજ બંધ મકાનમાં વ્યાખ્યાન આપવું પસંદ નથી, તેથી તો મોટે ભાગે બજારમાંજ વ્યાખ્યાન આપ્યા કરે છે, અને તેથી સામાન્ય રીતે સઘળા લોકોને લાભ મળે છે. અસ્તુ. ત્યારબાદ યોગ્ય સમયે તેઓશ્રી રતલામ પધાર્યા. તે વખતે અન્ય સંતપુરૂષો પણ પધાર્યા હતા, અને બહારગામથી પણ હજારો માણસો આવ્યા હતા. સરકારી સ્કુલમાં વ્યાખ્યાન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ચૈત્ર શુદ એકાદશી તથા દ્વાદશીને રોજ મહારાજશ્રીનાં વ્યાખ્યાન થયાં. લોકોની ભીડ બેસુમાર હતી. આ વ્યાખ્યાન વખતે મોરબી (ગુજરાત) નરેશ પણ હાજર હતા. ત્યાં હાજર રહેલા સઘળાઓએ તો ખૂબ તારીફ કરી પરંતુ કોન્ફરન્સના જન્મદાતા શ્રીમાન અંબાવીદાસજી ડોસાણીએ વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ ઉભા થઇ પોતે ટુંકામાં બે શબ્દો કહ્યાં, જેમાં એમ જણાવ્યું કે કોન્ફરન્સના ઉદ્દેશ તથા સારાંશ સઘળાનો મહારાજશ્રીના વ્યાખ્યાનમાં સમાવેશ થઇ ગયો છે. અને આપણે સર્વેએ તેઓશ્રીના ઉપદેશ અનુસાર કાર્ય કરવું જોઇએ ઈત્યાદિ.

## પ્રકરણ ૧૮ મું.

સંવત ૧૯૬૪: મન્દસૌર.

# જાહેર વ્યાખ્યાન.

આપણા ચરિત્રનાયક રતલામથી વિહાર કરી સૈલાના પધાર્યા. ત્યાં તેમને લોકોએ વિનંતિ કરી કે આપ જો રાત્રે વ્યાખ્યાન કરશો તો અમને સઘળાને સહજમાંજ આપને સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે. આ વિનંતિનો સ્વીકાર કરી તેમણે તેજ રાત્રે વ્યાખ્યાન આપ્યું, અને પ્રાતઃકાળે ત્યાંથી વિહાર કરી જાવરા થઇ મન્દસૌર પધાર્યા. સંવત ૧૯૬૪ના ચાતુર્માસ પણ ત્યાંજ કર્યો અને ખુબ ધર્મ વૃદ્ધિ થઇ. આ ચાતુર્માસમાં વીશા ઓશવાલ નંદલાલજીને દીક્ષા આપવામાં આવી. અત્રેના ચાતુર્માસ શાન્તિપૂર્વક સમાપ્ત થયો.

## પ્રકરણ ૧૯મું.

સંવત ૧૯૬૫: ઉદયપુર.

# સામાજીક સુધારણા.

ત્યારબાદ તેઓશ્રી ત્યાંથી વિહાર કરી ગયા, અને નીમચ તથા નિમ્બાહેડા થઇ ઉદયપુર પધાર્યા. આ સઘળા ગામોમાં ખૂબ ઉપકાર થયો અને ઉદયપુરમાં પણ તેમનાં વ્યાખ્યાન ચાલુ થયાં. તેમની અમૃતમયી વાણીથી આકર્ષાઇ શ્રોતાઓની સંખ્યા દિન પ્રતિદિન જોસભેર વધવા લાગી. તે એટલે સુધી કે કેટલાક જાગીરદાર તથા રાજ્યકારભારીઓ પણ ઉપદેશ સાંભળવા આવવા લાગ્યા. વળી સૂર્યવંશી મહારાણાશ્રી ફતેહસિંહજી સાહેબ બહાદુરના દિવાન તથા ખાસ સલાહકાર શ્રીમાન કોઠારી બલવન્તસિંહજી સાહેબે પણ મહારાજશ્રીની સારી રીતે સેવા સુશ્રુષા કરી. પછીથી ત્યાંથી વિહાર કરી નંદલાલજી મહારાજની સાથે નાઇ પધાર્યા. ત્યાં ત્રણ ચાર હજાર ભીલોના આગેવાન ભીલોએ તેમનું વ્યાખ્યાન સાંભળ્યું. અને તેથી તે લોકો ઉપર ખૂબ સચોટ અસર થઈ અને કંઈક દયાનો પણ સંચાર થયો. એ લોકોએ મહારાજશ્રીને વિનંતિ કરી કે આપ જો અમારી પાસે હિંસા ન કરવાની પ્રતિજ્ઞા લેવડાવતા હો તો અહીંના મહાજનો પાસે પણ ઓછું વધારે ન તોલવાના સોગંદ લેવડાવો. આ

મુજબ મહાજનોને એકત્ર કરી તેમને સઘળાને સોગંદ લેવડાવ્યા, અને ભીલોએ પોતાના વચન મુજબ હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરી. આ ભીલ જાતિના હૃદયમાં અહિંસક રહેવાનો જે ભાવ ઉત્પન્ન થયો, તે મહારાજશ્રીના વ્યાખ્યાનનોજ પ્રભાવ હતો. ભીલોએ નીચેની બીજી પ્રતિજ્ઞાઓ પણ લીધીઃ—

૧. જંગલમાં દાવાગ્નિ સળગાવીશું નહિ.
૨. મનુષ્યોને કોઇ પણ રીતે ત્રાસ આપીશું નહિ.
૩. લગ્ન પ્રસંગે મામા તરફથી જે ભેંસો, બકરાં ઇત્યાદિ આવે છે, તેનો વધ કરવામાં આવે છે, પરંતુ આજથી અમે એ પ્રમાણે કદી પણ થવા દઇશું નહિ, અને જે પશુઓ આવે છે, તેને અમે અમર કરીને આપીશું.

આ પ્રતિજ્ઞાઓ જે અમે લોકોએ આપની સન્મુખ લીધી છે, તેને અમે હંમેશાં નિભાવીશું. આ પ્રમાણે ભીલોએ પ્રતિજ્ઞા લેવાથી ત્યાં જૈન તથા જૈનેતરોને ખુબ સંતોષ થયો, અને તે લોકો મહારાજશ્રીની અત્યંત પ્રસંશા કરવા લાગ્યા. અને મહારાજશ્રીની સમક્ષ આવી જણાવ્યું કે "આજે જે કંઇ ઉપકાર થયો છે તે આપની અમૃતમયી વાણી તથા કૃપાને આભારી છે, અને તેથી અમો લોકોને અતિશય સંતોષ થયો છે. અને આવો અનહદ ઉપકાર તો અન્યત્ર નહિ થયો હોય, એમ કહેવામાં અમને અતિશયોક્તિ નથી લાગતી. અમારા આત્મા આનાથી સંતુષ્ટ થયા છે, એટલુંજ નહિ પણ બલિદાન થનારાં ભાવિ પ્રાણીઓ પણ ચિરકાળ કૃતકૃત્ય થઇ તેમની મુંગી ભાષામાં આપનો ગુણગાન ગાશે." એક દિવસે જ્યારે તેઓશ્રી ત્યાંથી વિહાર કરી જતા હતા ત્યારે ઉદયપુરના માજી દિવાન

શ્રી. બલવન્તસિંહજી તેઓશ્રીનાં દર્શન કરવા આવ્યા. તેમની સાથે કેટલોક સમય ધાર્મિક ચર્ચા થઈ, ત્યાર પછી ત્યાંથી વિહાર કરી બડેગાંવ (ગોગૂંદે) ગયા. ત્યાં રાવ સાહેબ શ્રીયુત પૃથ્વીસિંહજી તથા તેમના પૌત્ર શ્રીયુત દલપતસિંહજી વ્યાખ્યાનમાં હાજર રહ્યા તથા તેમની સારી રીતે સેવા સુશ્રુષા કરી. આ વ્યાખ્યાનના પ્રભાવથી રાવ સાહેબે દર વર્ષે બલિદાનમાં અપાતા બે બકરાને જીવતદાન અપાવવાની પ્રતિજ્ઞા કરી. આ પ્રમાણે ત્યાં બીજા પણ કેટલાક કૃષિકારોએ જીવહિંસા તથા મદિરાનો ત્યાગ કર્યો.

ત્યાંથી વિહાર કરી ઘોડચ (દેલવાડા) થઇ શ્રીનાથદ્વારા પધાર્યા. ત્યાં જૈન તથા અજૈન સધળાઓએ વ્યાખ્યાનનો લાભ લીધો. મહારાજશ્રીના આગમનથી તે વખતે લોકોમાં અપૂર્વ ઉત્સાહ આવ્યો અને તેઓ પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. ત્યાંથી તેઓ વિહાર કરી સરદારગઢ, આમેટ, તથા દેવગઢ થઇ નયાશહેર (બ્યાવર) પધાર્યા અને ત્યાં કેટલાક જાહેર વ્યાખ્યાન કર્યાં, જેનો જનતા પર પ્રસંશનીય પ્રભાવ પડયો. પછીથી ત્યાંથી વિહાર કરી અજમેર ગયા.

અજમેરમાં તે વખતે જૈન કૅાન્ફરન્સનું અધિવેશન મળવાનું હતું. તેમાં હાજર રહી, કેટલાંક ગામોમાં ઉપદેશ આપતા આપતા ભીલવાડે પધાર્યા. ત્યાં બ્રાહ્મણ ઓશવાળ, માહેશ્વરી, અગ્રવાલ તથા રાજપૂત વિગેરે લોકોએજ નહિ પરંતુ ભંગી ચમાર આદિ અંત્યજવર્ગે પણ મહારાજશ્રીના વ્યાખ્યાનને પ્રેમ પૂર્વક સાંભળ્યું અને કેટલાક જીવો ન મારવાની પ્રતિજ્ઞા કરી. ત્યાંથી ચિત્તોડ તથા નિમ્બાહેડા થઇ જાવદ ગયા. ત્યાં ઉદયપુરના શ્રીસંઘ તરફથી ચાતુર્માસ માટે વિજ્ઞપ્તિ આવી હતી. મુનિશ્રી

દેવીલાલજી મહારાજ તથા મુનિશ્રી ચોથમલજી મહારાજે જન-
તાના આગ્રહને વશ થઇને ઉદયપુરનાં ચાતુર્માસની વિજ્ઞપ્તિનો
સ્વીકાર કર્યો. પછીથી ત્યાંથી નીમચ થઇ ઉદયપુર પધાર્યા, અને
સંવત ૧૯૬૫નો ચાતુર્માસ ત્યાં કર્યો. બે મુનિ મહારાજોનો
સંયુક્ત લાભ મળવાથી જનતામાં ખૂબ ઉલ્લાસ તથા સ્ફૂર્તિ
આવ્યાં. પહેલા શ્રી દેવીલાલજીમહારાજ ઉપદેશ દેતા, ત્યારબાદ
મહારાજશ્રી પ્રવચન કરતા. તે વખતે શ્રોતાઓને તેમની વકતૃત્વ
શક્તિ તથા મધુર ભાષણથી અત્યંત આનંદ થતો. આ પ્રમાણે
ત્યાંનો ચાતુર્માસ ખૂબ આનંદ સાથે પૂર્ણ થયો.

## પ્રકરણ ૨૦મું.

સંવત ૧૯૬૬—જાવરા

# પત્નીની દીક્ષા.

ચાતુર્માસની પૂર્ણાહુતિ પછી યોગ્ય સમયે ઉદયપુરથી વિહાર કરી દેલવાડા, શ્રીનાથદ્વારા, કાંકરોલી તથા કુણજકુબેર થઇ નાણુદા પધાર્યા. ત્યાંના ઠાકોર સાહેબ દર માસે બકરાનું બલિદાન આપતા હતા. તે બંધ કરાવ્યું. તથા એક વ્યાખ્યાન કર્યું. ત્યાંથી તેઓશ્રી બાગોર ગયા. ત્યાં શ્વેતામ્બર સ્થાનકવાસીનું એક પણ ઘર નથી. તેરાપંથિઓનાં ઘરો છે. તે લોકો સ્થાનકવાસી સાધુઓનો ઉપદેશ ગ્રહણ કરતા નથી. પરંતુ જ્યારે મહારાજશ્રીના આગમનની તેમને ખબર આપવામાં આવી ત્યારે તેઓ ખૂબ પ્રસન્ન થયા, અને ઉત્સાહભેર સ્વાગત કરવા આવ્યા. ત્યાં અન્યજાતિઓ સાથે માહેશ્વરી તથા શ્રાવગી બંધુઓનો સેવાભાવ પણ વાસ્તવિક રીતે પ્રસંશનીય હતો. તે લોકોને અંતઃકરણપૂર્વક કેટલો બધો આનંદ થયો, તે તો તે લોકોજ વર્ણવી શકે, પરંતુ આઠ દિવસ લાગલગાટ સેવાભક્તિ કરી પોતાના અનહદ પ્રેમનો સુંદર પરિચય કરાવ્યો. તે લોકો તથા તેમની સ્ત્રીઓ પણ

હંમેશાં વ્યાખ્યાનમાં હાજર રહેતી. આ ઉપરાંત બ્રાહ્મણ, ક્ષત્રિય, શૂદ્રાદિ સઘળી જાતિના માણસો પણ આવતા. આ સમયે તે લોકો તરફથી ભુંજેલા ચણાંનું સદાવ્રત બેસાડવામાં આવ્યું. જે આજ પર્યંત ચાલુ છે. ત્યાંથી તેઓશ્રી વિહાર કરી ભીલાડે, મંગરૂપ, પારસોલી, બીગોદ, માંદલગઢ, બેગમ, સીગોલી તથા નીમચ થઇ ગુરૂવર્યની સાથે મલ્હારગઢ ગયા. ત્યાં ગુરૂદેવે આજ્ઞા કરી કે સંજોગ જોઇ તમે તમારા સાંસારિક સાસરામાં (પ્રતાપગઢ) જઇ ઉપદેશ કરવા માંડો.

ગુરૂદેવની આજ્ઞા સાંભળી પ્રથમ તો મહારાજશ્રી મુંઝવણમાં પડી ગયા. કેમકે ત્યાં જવામાં તેઓશ્રીને અન્ય અનેક બાબતો ઉપરાંત બે બાબતોનો ખાસ ડર હતો. એક તો સસરાજી ખૂબ આવેશમાં હતા, અને વળી જે માણસો બુદ્ધિ કે સમજણથી કામ લે તે શ્રેણીના તે નહોતા. બીજો ભય એ હતો કે પત્ની એમ ઇચ્છી રહી હતી કે જો કોઇ પણ પ્રકારે એક વખતે ભેટો થઇ જાય તો વસ્ત્રાદિ ધારણ કરાવી ઘેર પાછા લઇ આવું. પરંતુ મુનિ મહારાજની અચલ પ્રતિજ્ઞા સમક્ષ બંનેનું કંઇ ચાલતું નહોતું. પરંતુ એક પ્રકારનો ઝઘડો કે ધાંધલ મચે તે પણ તેમને પસંદ નહોતું, તેથીજ મુંઝવણ થઇ; પરંતુ અંતે નિશ્ચય કરી તેઓ પ્રતાપગઢ પધાર્યા. બજારમાં વ્યાખ્યાન શરૂ કરતા કરતામાં તો તેમના સસરા તથા પત્નીને સમાચાર મળ્યા. સસરા તો આવ્યા નહોતા, તે પહેલાંજ તેમનાં સંસારી અવસ્થાના અર્ધાંગના વ્યાખ્યાન સ્થળે આવી પહોંચ્યાં અને ઉભાં થઇ બોલી ઉઠયાં કે "મારો ખુલાસો કર્યા શિવાય જાવ તો સોગંદ છે." આ વખતે મહારાજશ્રીનું ધ્યાન તો વ્યાખ્યાનમાં મગ્ન હતું. તેથી તે

એમ સમજ્યા કે કોઇ નાવણુ (નાયન) અથવા કામ કરનારી હશે, જે પોતાના દાવા અથવા હક્ક માટે કહેતી હશે. થોડા સમય બાદ જ્યારે પત્નીએ ખૂબ બૂમબરાડા પાડી બોલવાનું શરૂ કર્યું, ત્યારે ખૂબ ધાંધલ મચ્યું. લોકો વ્યાખ્યાન સાંભળતાં સાંભળતાં ઘાંટા પાડી વાતો કરવા લાગ્યા, ત્યારે મહારાજશ્રીને માલુમ પડયું કે આ તો તેજ સ્ત્રી છે કે મને સંયમ લેવામાં વિઘ્નરૂપ થઇ હતી, અને હમણા પણ તે હું ફરીથી ગૃહસ્થાશ્રમનો અંગીકાર કરૂં, એજ વૃત્તિથી આવી હોય એમ લાગે છે. આમ વિચારી તેઓને ત્યાં વિશેષ રોકાવાનું ઉચિત લાગ્યું નહિ, અને તેથી મન્દસૌર ચાલ્યા ગયા. પત્ની ત્યાં પણ પહોંચી ગઇ. અને ધાંધલ મચાવવા લાગી. પરંતુ શ્રીસંઘે તેને સમજાવી ત્યાંથી પ્રતાપગઢ પાછી મોકલી. મન્દસૌરમાં તેમણે જે હૃદયસ્પર્શી ઉપદેશ કર્યો તેથી વીસા પોરવાડ રતનલાલના સુપુત્ર છગનલાલ તથા ભિલાડે નિવાસી ચાંદમલ ઓસવાળ કે જેમની ઉંમર તે વખતે ૧૪–૧૫ વર્ષની હતી, તેમનામાં સંસાર વિરક્તિનો અતિશય આવિર્ભાવ થયો. તેમણે મહારાજશ્રી પાસે દીક્ષા લેવાનો વિચાર પણ પ્રદર્શિત કર્યો. છગનલાલની માતા તો ઘણા વખત પહેલાં સંસારથી વિરક્ત થઇ ગઈ હતી. બંને યુવાનોને ખૂબ સમજાવવામાં આવ્યા પરંતુ તે પોતાના નિશ્ચયમાંથી ચલાયમાન થયા નહિ, પરંતુ મુનિ મહારાજની સાથે જાવરા આવ્યા. કેમકે ચાતુર્માસ માટે મહારાજશ્રીએ જાવરાની વિજ્ઞપ્તિનો સ્વીકાર કર્યો હતો.

સંવત ૧૯૬૬નો ચાતુર્માસ જાવરામાં કર્યો. ચાતુર્માસનાં વ્યાખ્યાનોથી જનતાને સારી જ્ઞાન પ્રાપ્તિ થઈ. કોઇ કારણવશાત્ ત્યાં એક હાથીનો વધ કરવાનો હતો. પરંતુ મહારાજશ્રીના

સદુપદેશથી તેને અભયદાન મળ્યું. શ્રીમાન હોરમસજી ડૉક્ટર એલ. એમ. ઍન્ડ એસ. ફિઝીશીયન ઍન્ડ સર્જન પણ મહારાજશ્રીનાં વ્યાખ્યાનો સાંભળી જૈન ધર્મના તત્ત્વોથી પરિચિત થયા. પંચેડના ઠાકોર સાહેબ શ્રી રૂઘનાથસિંહજી તથા તેમના સુશીલ બંધુ શ્રી ચૈનસિંહજી સાહેબ મહારાજશ્રીનાં દર્શનાર્થે પંચેડથી જાવરા આવ્યા; દર્શન કરી તેમણે ખૂબ સંતોષ જાહેર કર્યો. અહીં આ જાવરાના ઠાકોર સાહેબે પણ ઉપદેશશ્રવણનો લાભ મેળવ્યો. આ પ્રમાણે ખૂબ ઉપકાર થયો. આ ઉપરાંત વૈરાગી છગનલાલ તથા ચાંદમલજીને જ્ઞાનાભ્યાસ પણ કરાવતા હતા.

મહારાજશ્રીનાં પત્ની ફરીથી પાછાં જાવરા આવ્યાં, પરંતુ તાલ નિવાસી શ્રીમાન હુકમીચંદજીનાં બહેન શ્રીમતી ચૈનાંબાઈની દીકરી ધૂલીબાઈએ તેમને ખૂબ સમજાવ્યાં, ત્યારે તેમણે કહ્યું કે મને મારા સંસારના આરાધ્ય દેવ (પતિ) સાથે એક વખત વાતચિત કરી લેવા દો, પછી તેઓ જેમ કહેશે તેમ હું કરીશ. આશરે ચાર પાંચ સ્ત્રી પુરૂષો તથા કેટલાક સાધુઓની સમક્ષ બેસી મહારાજશ્રીએ તેમની સાથે વાતચિત કરી. તેમણે કહ્યું કે તમે તો મને ત્યાગી વૈરાગ્ય લીધો પરંતુ હું હવે કોને આશરે રહું? અને શું કરૂં? આ સાંભળી મહારાજશ્રીએ કહ્યું કે તમારો અને મારો સાંસારિક સંબંધ તો જન્મ જન્માંતરોમાં કેટલીય વાર થયો હશે, પરંતુ ધાર્મિક સંબંધ નથી થયો. અને એ દુર્લભતાથીજ પ્રાપ્ત થાય છે, તેથી જેમ હું સાધુ બની ગયો છું તેમ તમે પણ સાધ્વી બની જાવ. ક્ષણિક સાંસારિક સુખને સર્વસ્વ માની અમુલ્ય અને દુર્લભ મનુષ્યજીવનને એળે જવા દેવું જોઈએ નહિ. સંસાર અસાર છે. તેમાં કોઈ કોઈનું સદાનું સાથી નથી, અને આત્મ-કલ્યાણ કે જે મનુષ્યજીવનનું વાસ્તવિક

રીતે સાર્થકય ગણાય તે પણ તેમાં નથી. કોઈ કવિએ યોગ્ય ગાયું છે કેઃ—

"एक एव जायते जन्तु एक एव प्रलीयते
एक एव अनुभुक्तं सुकृतमेव दुष्कृतं।"

પરલોકની વાત તો વેગળી રહી. પરંતુ આ લોકમાંજ માતા, પીતા, બંધુ, ભગિની, પતિ, પુત્ર કોઇ સહાયક થતા નથી તેથી જો યોગ્ય લાગે તો મારૂં કહેવું માની તમે પણ સાધ્વી થઈ જાવ.

મુનિમહારાજનાં આ કથનોનો પત્ની ઉપર ખૂબ પ્રભાવ પડયો. તે બોલ્યાં, "સાચી વાત છે. હું આપના કથનનો માનપૂર્વક સ્વીકાર કરૂં છું. અને એ અલૌકિક સુખની પ્રાપ્તિ માટે સાધ્વી બનવાને સહર્ષ તૈયાર છું."

અહા! મહારાજશ્રીને ધન્ય છે કે પોતાના ઉપદેશથી પત્ની ઉપર આવી સચોટ અસર થઇ. તથા જે સ્ત્રી તેમની વિરોધિની હતી, તેણે મુનિમહારાજનો થોડોજ ઉપદેશ શ્રવણ કરી સંસારમાંથી વિરક્ત થવાની તત્પરતા દેખાડી.

તાલ નિવાસિની શ્રીમતી ઐજાંબાઈ ભારે દાનેશ્વરી હતી. તેનીજ માફક તેની પુત્રી શ્રીમતી ધૂલીબાઇ પણ ખૂબ ધર્મિષ્ઠ હતી. તેમના તરફની ક્ષેત્ર-સ્પર્શના* વિનંતિ તરફ સાધુ સન્તો પણ ખાસ ધ્યાન આપતા. તેમનીજ પ્રેરણાને બળે ચરિત્રનાયકના સાંસારિક પત્ની વૈરાગ્યમાં પ્રવૃત્ત થયાં. આખરે દીક્ષા લેવાનો વિચાર મક્કમ થયો. શ્રીયુત ગુલાબચંદજી દફડિઆએ દીક્ષા અપાવવાની સઘળી તૈયારી કરી. તેમના પરિશ્રમ તથા સહાયતાથી ૪૭ દીક્ષાઓ પહેલાં અપાઇ ગયાં હતાં અને આ ૪૮ મી

* તે સ્થળે પધારવાની વિનંતિ કરવી તે.

દીક્ષા અપાઈ. તેઓ અતિશય દયાળુ તથા ધર્મજ્ઞ છે. તેમની મારફતે અનેક સુકૃત્ય થયાં છે અને થાય છે. ધર્મને માટે તેઓ સદા તન, મન, ધન ફના કરવા તત્પર રહે છે અને પ્રત્યેક સાધુ મુનિજન તેમની સંમતિ લે છે. આપણા ચરિત્રનાયકના પણ તેઓ સાચા સલાહકાર છે.

શ્રીયુત પન્નાલાલજી ખારીવર પણ હમેશાં ધર્માર્થે સારો પરિશ્રમ લે છે. તેઓ સાચા ધર્મનિષ્ઠ અને તત્ત્વવેત્તા છે. પ્રત્યેક ધાર્મિક કાર્યમાં તેઓ અત્યંત ઉત્સાહ સાથે પરિશ્રમ વેઠી સહાયતા કરે છે.

જાવરા શ્રીસંઘ, પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજના સંપ્રદાયના સાધુઓ પ્રત્યે પોતાનો અનહદ પ્રેમ પ્રદર્શિત કરે છે. સંવત ૧૯૬૬ના વિજયાદશમીના શુભ દિને જાવરા શ્રીસંઘે મહારાજશ્રીનાં પત્નીને ભારે ધામધુમથી દીક્ષા અપાવી.

શ્રીમતી સાધ્વીજી અલ્પ સમયમાંજ જૈનધર્મના સિદ્ધાન્તોથી પરિચિત થઇ ગયાં. તેમણે તેમના જીવનમાં કેટલાય ઉપવાસ, છઠ, આઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ આદિ નિરાહાર તપ કર્યાં, અને આ પ્રમાણે ધર્મપાલન કરતાં કરતાં સંવત ૧૯૭૨ના શ્રાવણ સુદ દશમે પરલોકવાસી થયાં.

જાવરાના આનંદદાયી ચાતુર્માસની પૂર્ણાહુતી થતાં આપણા ચરિત્રનાયક ત્યાંથી વિહાર કરી કરજૂ પધાર્યા. ત્યાં શ્રીમાન્ શેઠ પન્નાલાલજી કરજૂવાલા તરફથી દીક્ષા માટે અત્યાગ્રહ થતાં સંવત ૧૯૬૬ના માગશર સુદ દશમે બન્ને યુવાનોને દીક્ષા આપવામાં આવી.

## પ્રકરણ ૨૧મું.

સંવત ૧૯૬૭, બડીસાદડી

(મેવાડ)

# દીક્ષા અને ધર્મવૃદ્ધિ.

કંજૂથી વિહાર કરી વચ્ચે આવતાં કેટલાંક ગામોમાં ઉપદેશ કરતા કરતા મહારાજશ્રી યોગ્ય સમયે બડી સાદડી પહોંચી ગયા, અને સંવત ૧૯૬૭ નો ચાતુર્માસ ત્યાં કર્યો. તે પ્રસંગે ધર્મની સારી રીતે વૃદ્ધિ થઈ* ઉદયપુર નિવાસી કૃષ્ણલાલ બ્રાહ્મણ જે વૈરાગ્યભાવમાં હતા, તેમને સંવત ૧૯૬૭ના ભાદરવા સુદ ૫ ને શુભ દિને દીક્ષા આપી. ત્યારબાદ ચાતુર્માસ સમાપ્ત થતાં તેઓશ્રી ત્યાંથી વિહાર કરી ગુરૂવરનાં દર્શન કરી, ભદેસર, નિમ્બાહેડા તથા નીમચ થઇ સંજીત પધાર્યા. આ સઘળાં ગામોમાં ધર્મનો સારો પ્રચાર કર્યો. ત્યાંથી સીતામઉ ગયા, ત્યાં પણ જાહેર ઉપદેશ કર્યો, અને તેમાં જૈન તથા જૈનેતર જનતાએ ઠીક રસ લીધો. ત્યાંથી મહારાજશ્રી વિહાર કરતા લઘૂણે, માનપુર, તાલ આદિ કેટલાંક ગામોમાં થઇ પંચેડ પધાર્યા અને ત્યાંથી વિહાર કરી શિવગઢ પધાર્યા.

* મહારાજશ્રીનો એવો હૃદયંગમ તથા ઉદાર ઉપદેશ છે કે જેને લીધે બ્રાહ્મણસુદ્ધાં પણ તેમને હાથે દીક્ષિત થઇ ચુક્યા છે અને થાય છે.

## પ્રકરણ ૨૨મું.

સંવત ૧૯૬૮:

રતલામ.

# ધર્મોપદેશ તથા દીક્ષા.

જ્યારે રતલામ શ્રીસંઘને મહારાજશ્રીના શિવગઢ પધાર્યાના સમાચાર મળ્યા, ત્યારે તેમના તરફથી એક પંચ (ડેપ્યુટેશન) આવ્યું. જેણે રતલામ પધારવાનો અતિશય આગ્રહ કર્યો. તેમના આગ્રહને વશ થઇ મહારાજશ્રી રતલામ પધાર્યા. આથી રતલામ નિવાસિઓના મનોરથ સફળ થયા, અને તેઓએ પોતાની પ્રેમ–ભક્તિનો સારી રીતે પરિચય કરાવ્યો. તે વખતે શ્રીમાન શેઠ અમરચંદજી તથા અન્ય શ્રાવકોએ મળી રતલામમાં ચાતુર્માસ કરવાની વિનંતિનો સ્વીકાર કરાવ્યો. ત્યારબાદ ત્યાંથી તેઓશ્રી ધાર ગયા. ત્યાં કેટલાંક વ્યાખ્યાનો આપ્યા બાદ ઈંદોર પધાર્યા. ઇન્દોરના બમ્બઈ બજારમાં અઢાર વ્યાખ્યાનો આપ્યાં. આને લીધે જનતાને અલભ્ય ધર્મોપદેશનો લાભ મળ્યો, અને તેના પરિણામે ધર્મધ્યાનની અપાર વૃદ્ધિ થઇ. ત્યાંથી તેઓશ્રી વિહાર કરી દેવાસ થઇ ઉજ્જૈન પધાર્યા, અને ત્યાં એક જાહેર વ્યાખ્યાન આપ્યું. પછીથી ઉજ્જૈનથી ખાચરોદ થઈ રતલામ ગયા. સંવત ૧૯૬૮નો ચાતુર્માસ રતલામમાંજ કર્યો. શ્રીમાન અમરચંદજી વર્ધમાનજી, શાસ્ત્રવેત્તા રૂપચંદજી, ઇન્દ્રમલજી, આદિ શ્રાવકોએ

પ્રેમપૂર્વક સેવા કરી. વ્યાખ્યાન સાંભળતાં શ્રોતાઓને એટલો રસ પડતો કે તેઓ સઘળા ચિત્રવત બેઠા રહેતા તેમનું વકતૃત્વ મનોહર તથા ચિત્તાકર્ષક હોવાને લીધે સામાન્ય મનુષ્યોને પણ સમજવામાં મુશ્કેલી પડતી નહિ અને તેથી લોકોને વિશેષ આનંદ થતો. ત્યાંની જનતા, મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી જાય એવું ઇચ્છતી નહોતી. પરંતુ, મુનિ અપ્રતિબદ્ધ હોય છે. અને ચાતુર્માસ સંપૂર્ણ થતાં તે સ્થાનમાં વિશેષ રોકાઇ શકતા નથી. તેથી ચાતુર્માસના સમય દરમ્યાન કેટલાય શ્રાવકોને જૈન તત્ત્વોનું રહસ્ય સમજાવ્યું અને અન્ય શ્રાવક-શ્રાવિકાઓને દ્વાદશ વ્રત લેવડાવ્યું. આવા અનેક ઉલ્લેખનીય ઉપકારો મહારાજશ્રીએ કર્યા, પરંતુ, પુસ્તકનું કદ વધી જવાના ભયથી તે સઘળાનો ઉલ્લેખ અહીં કરી શકાય એમ નથી. આ ચાતુર્માસમાં ચંપાલાલ તાલવાળાએ દીક્ષા લેવાની ઇચ્છા પ્રગટ કરી આ સાંભળી મહારાજશ્રીએ તેને સમજાવ્યું કે એ જીવનમાં તો કેટલાંય કષ્ટો (પરિષહો) સહન કરવાં પડશે. સંયમ રાખવો પડશે. દશ યતિ ધર્મ તરફ વિશેષ લક્ષ આપવું પડશે, ઇત્યાદિ, આખરે સંવત ૧૯૬૯ના માગંશીર્ષ વદ ચોથને દિવસે રતલામ શ્રીસંઘ તરફથી ભારે ધામધુમ સાથે ચંપાલાલજીને દીક્ષા આપવામાં આવી, રતલામનિવાસી પુનમચંદજી બોથરાના સુપુત્ર પ્યારચંદજી પણ દીક્ષા લેવાને તૈયાર થયા. પરંતુ પોતે મનમાં વિચાર કર્યો કે પહેલાં સાધુવ્રતની સાધના કરવી જોઇએ કે જેથી ભવિષ્યમાં કોઇ પણ પ્રકારની મુશ્કેલી પડે નહિં. આવા વિચારથી પ્યારચંદજી મહારાજશ્રી સાથે રસ્તામાં અનેક વિટંબણાઓ સહન કરતા ઉદયપુર સુધી ગયા. આ જોઇ મહારાજશ્રીએ પ્યારચંદજીને કહ્યું કે ભાઇ, જો તમારી એમજ ઇચ્છા છે તો પછી

તમે તમારાં કુટુંબીજન, દાદીમા તથા ભાઈ પાસેથી આજ્ઞાપત્ર લખાવી લાવો. "જેવી આજ્ઞા" એમ કહી પ્યારચંદે પોતાના ગામ તરફનો રસ્તો પકડયો. ત્યાં જઈ પોતાની અંતરેચ્છા દાદીમા પાસે પ્રગટ કરી. તે વખતે તે ધાનાસુતે, (રતલામ) માં હતી. વૈરાગ્ય તરફ તેમની વૃત્તિ વધતી જતી જોઇ સગાંસંબંધીઓ વિચાર કરવા લાગ્યાં; અને તેમને વૈરાગ્યમાંથી ચ્યુત કરવાને અનેક યુક્તિ પ્રયુક્તિઓ રચવા લાગ્યાં. આમાં સગાંસંબંધીઓ વિજયી નીવડયાં અને પ્યારચંદની વૃત્તિ ગૃહસ્થાશ્રમ તરફ ઢળી પડી. પરંતુ બે ચાર દિવસ પછી ફરીથી તેમની વૃત્તિ વૈરાગ્ય તરફ વળી. આમ થતાં પોતાની દાદી તથા સગાંસંબંધીઓ પાસે રતલામ થોડી ખરીદી કરવા જવાનું બહાનુ કાઢી તેમણે આપણા ચરિત્રનાયક પાસે આવવાનો દૃઢ નિશ્ચય કર્યો. પરંતુ જ્યારે તે રતલામ આવ્યા ત્યારે મહારાજશ્રી પાસે પહોંચવાને માટે તેમની પાસે કંઇ પણ આર્થિક સાધન નહોતું. તેથી તમાકુવાલા શ્રીયુત ધૂલચંદજી અગ્રવાલનાં માતુશ્રીએ તેમને રેલ્વેભાડું તથા અન્ય માર્ગ ખર્ચ વિગેરે આપી મહારાજશ્રીની સેવાનો અંગીકાર કરવાનો ઉપદેશ આપી મોકલ્યા. આ પ્રમાણે હીરાબાઇની મારફતે પોતાની અભિલાષા સફળ થતી જોઇ પ્યારચંદજીને ખૂબ આનંદ તથા સંતોષ થયો, અને મહારાજશ્રીની સેવામાં ઉપસ્થિત થવાને ત્યાંથી પ્રયાણ કર્યું. આ પ્રમાણે એક રીતે તો તેમનો માર્ગ નિષ્કંટક બન્યો. "આટલો અનહદ ઉપકાર કઇ ઉદાર વિદુષીએ કર્યો છે? મારા વૈરાગ્યપથમાં કોણે મને સહાય કરી છે? મારા જીવનનું વૈરાગ્યનું ઝરણું કોણે વહેતું રાખ્યું છે?" આવા વિચાર પ્યારચંદજીના અંતરમાં ઉદ્દભવવા લાગ્યા, અને અંતરથી પેલી ઉદાર માતાને ધન્યવાદ આપવા લાગ્યા. પ્રિય વાંચકો!

કેવી ઉજ્જવળ ભાવના! કેવો ઉમદા ત્યાગ! વિરક્તિનું કેવું મૂર્તિમંત સ્વરૂપ! મહારાજશ્રીના અતિ અલ્પ સહવાસ માત્રે પ્યારચંદજીના હૃદયમાં કેવું પરિવર્તન કર્યું! તથા માર્ગમાં વિઘ્ન આવતાં કઈ માતાદ્વારા તેમને સહાય મળી! નિષ્કામ સેવાભાવનું આ કેવું તાદૃશ ઉદાહરણ છે! વાસ્તવિક રીતે એમ છે કે જેને જેવી લગની લાગે છે તેને ઇશ્વર તે માટે સઘળું અનુકુળ કરી આપે છે. આ સ્થળે જેવી રીતે અમે મુક્તકંઠે પ્યારચંદજીની પ્રસંશા કરી છે તેવીજ રીતે તે માતેશ્વરી કે જેમણે તેમનો પંથ નિષ્કંટક કર્યો તેમને પણ ધન્યવાદ દેવાનું અમે વિસરી શકતા નથી. ખરી વાત તો એમ છે કે પ્યારચંદજીનું શ્રેય તે માતાનેજ આભારી છે. હીરાબાઇ જૈન સિદ્ધાંતોથી પરિચિત તથા તત્ત્વજ્ઞ છે. તેમણે ધર્મકાર્યોમાં ખુબ આર્થિક સહાય કરી છે. વળી એ જાણવું આવશ્યક છે કે ગરીબો તથા નિરાધારોની સેવામાં એક રીતે તેમણે પોતાનું જીવન સમર્પણ કર્યું છે. તેમનું લક્ષ્યબિંદુ હમેશાં ધાર્મિક કાર્યો તરફજ હોય છે. ચંપાલાલજી તથા પ્યારચંદજીને દીક્ષા આપવામાં આ માતાએ સંપૂર્ણ સાથ આપ્યો હતો અને તેથી તે બંને સજ્જનો તેમનાં અત્યંત ઋણી છે. પોતાના મનોરથ સફળ થતા જોઇ પ્યારચંદ ત્યાંથી ચિત્તોડ ગયા, તો ત્યાં માલુમ પડયું કે મહારાજશ્રી તો હજુ ઉદયપુરમાંજ છે. પરંતુ પેલી દયાની દેવી પાસેથી તો તેમણે ચિત્તોડ સુધી પ્હોંચી શકાય એટલુંજ દ્રવ્ય લીધું હતું. હવે તેમની પાસે મહારાજશ્રીની સેવામાં હાજર થવા પ્રયાણ કરી શકે તે માટે બીલકુલ પૈસા નહોતા. વળી અહીં પોતાનું કોઇ ઓળખાણ પિછાનવાળું પણ નહોતું. તેથી વિચાર કર્યો કે હવે કેમ કરી ઉદયપુર પહોંચી જવું? આમ

વિચાર કરતાં પોતાના કાનોમાં પહેરેલી સોનાની વાળીઓ યાદ આવી અને તે વેચી નાખવાનો વિચાર કર્યો. પરંતુ પોતે નાની અવસ્થાના હોવાથી કોઈ શરાફ તે લેશે નહિ, એમ વિચાર આવતાં અનેક પ્રકારના સંકલ્પવિકલ્પ થવા લાગ્યા. આખરે કંઈ પણ સાધનની જોગવાઈ ન થતાં ભારે મુશ્કેલીથી તે ઉદયપુર પહોંચ્યા; અને ત્યાં મહારાજશ્રીને સઘળી ઘટના કહી સંભળાવી. તે સાંભળી મહારાજશ્રીએ કહ્યું કે સંસારમાં ફસાયા છતાં, તેમાંથી પાછા નીકળી આવનાર એવી તમારી ભાવના ઘણી ઉચ્ચ કોટીની છે. પછી મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી ચીત્તોડ ગયા. ચિત્તોડ આવી મહારાજશ્રીએ પ્યારચંદને ફરીથી આજ્ઞા લેવા મોકલ્યા. તે મુજબ જ્યારે તે ત્યાં ગયા ત્યારે તેમના સ્વજનોએ ફરીથી પાછા તેમને સંસારજાળમાં ફસાવવા યત્ન કરવા માંડયા. પરંતુ આ વખતે તો તે પોતાની લીધેલી પ્રતિજ્ઞાથી ચલિત થયા નહિ. ઉલટું પોતાનાં સઘળા સંબંધીઓને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે "હવે હું સંસારની માયાજાળમાં ફરીથી ફસાવાનો નથી, તેથી કૃપા કરી તમે બધાં મને વિશેષ હેરાન ન કરો." દાદીમા તથા ભાઈએ ઘણાજ કરૂણાજનક શબ્દોથી સમજાવવા માંડ્યા. પરંતુ તેમણે તે તરફ દુર્લક્ષ કર્યું, તેથી આખરે તેમને આજ્ઞાપત્ર લખી આપવું પડયું. આજ્ઞાપત્ર તથા પોતાનાં દાદીમા વીગેરેને સાથે લઈ તે ચિતોડ આવ્યાં ત્યાં શ્રીસંઘે ભારે ધામધુમ સાથે સંવત ૧૯૬૮ના ફાગણ શુદ પાંચમે દીક્ષા અપાવી. દીક્ષા તથા આજ્ઞા અપાવવામાં શ્રી સંઘે પણ પ્રશંસનીય પરિશ્રમ ઉઠાવ્યો હતો. શ્રીમાન જીવનસિંહજી હાકેમ સાહેબે રાજ્ય તરફથી પૂરેપૂરી સહાયતા કરી એક યુરોપિયન ગૃહસ્થ ટેલર સાહેબે તથા શ્રી જૈનસંઘે તથા અજૈનોએ

સંવત ૧૯૬૯ના ચાતુર્માસ ચિત્તોડમાં કરવાની આગ્રહપૂર્વક વિનંતિ કરી. આનો કંઇપણ નિશ્ચિત પ્રત્યુત્તર આપ્યા શિવાય મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી નિમ્બાહેડા પધાર્યા. તે વખતે ચિત્તોડથી શ્રીસંઘ તથા માહેશ્વરી બ્રાહ્મણ આદિ એક ડેપ્યુટેશન (પ્રતિનિધિમંડળ) લઇ ત્યાં આવ્યા અને ચાતુર્માસ માટે અત્યંત આગ્રહ કર્યો. આ પ્રમાણે મહારાજશ્રી પાસે વિજ્ઞપ્તિનો સ્વીકાર કરાવી ડેપ્યુટેશન (પ્રતિનિધિમંડળ) ના સદગૃહસ્થો પ્રસન્નવદને ચિત્તોડ પાછા ગયા.

## પ્રકરણ ૨૩મું.

સંવત ૧૯૬૯.

ચિત્તોડ.

# યૂરોપિયનનો ભક્તિભાવ.

મહારાજશ્રી નિમ્બાહેડેથી વિહાર કરી કેરી, અઠાણા થઈ તારાપુર પધાર્યા. ત્યાં અઠાણાના રાવસાહેબ તરફથી બે ચોપદાર તેમની પાસે નિમંત્રણ પત્ર લઈ આવ્યા, જેમાં વિનંતિ કરવામાં આવી હતી કે "આપશ્રીનો ઉપદેશ અત્યંત બોધદાયક અને વ્યાખ્યાન ઘણુંજ સરળ અને મધુર હોય છે. તેથી આપ અત્રે પધારી અમોને આપનું વ્યાખ્યાન સાંભળવાની તક આપશો, તો અત્યંત ઉપકાર થશે." આ વિજ્ઞપ્તિનો મહારાજશ્રીએ સ્વીકાર કર્યો અને તદનુસાર અઠાણા ગયા. ત્યાં તેઓશ્રીના ઉપદેશથી રાવ તથા લોકો ઉપર ખૂબ પ્રભાવ પડયો. ઘણાએ વિવિધ પ્રકારના ત્યાગ કર્યા અને એ રીતે સારો ધર્મ પ્રચાર થયો.

ત્યાંથી વિહાર કરી તારાપુર, જાવદ, નીમચ, નિમ્બાહેડા ચિત્તોડ તથા ગંગાર થઈ તેઓ હમીરગઢ પધાર્યા. ત્યાં ૩૬ વર્ષથી હિંદુ છીપાઓમાં આંતરિક કલહ ચાલતો હતો. કેટલાય

ધર્મોપદેશકોએ પ્રયત્ન કર્યા છતાં તે લોકોમાં સંપ થવો લગભગ અશક્ય લાગતો હતો પરંતુ મહારાજશ્રીના ઉપદેશનો એવો તો પ્રભાવ પડયો કે તેમનામાં મેળ થઇ ગયો. એજ મુજબ તેમને લીધે માહેશ્વરી મહાજનોમાં પણ તડજોડ થઇ ગઇ અને આવા કેટલાય ઉપકાર કર્યા.

ત્યાંથી વિહાર કરી તેઓ ભિલવાડે પધાર્યા. જયાં ૩૫ ખાટ-કીઓએ ઉપદેશ સાંભળી પોતાના ધંધાનો ત્યાગ કર્યો. પછી ત્યાંથી ચાતુર્માસ માટે તેઓ ચિત્તૌડ પધાર્યા. આવતા પહેલાંજ જૈન તથા અજૈન જનતા ઉત્સુકતાથી તેમની માર્ગ પ્રતીક્ષા કરી રહી હતી. ખૂબ ધામધુમથી તેમનું સ્વાગત કર્યું. પછી બજારમાં તેમનું ચિત્તાકર્ષક અને મનોરંજન વ્યાખ્યાન થવા લાગ્યું. શ્રીમાન જીવનસિંહજી સાહેબ હાકેમ તથા અન્ય પ્રતિષ્ઠિત જાગીરદાર, રાજ્ય કારભારીઓ તથા યૂરોપિયન ટેલર સાહેબ નિયમિત હાજર રહેતા. ત્યાં પણ બ્રાહ્મણોમાં પરસ્પર ઇર્ષા તથા દ્વેષને લીધે બે તડ પડવા લાગ્યાં હતાં. તેઓ પણ તેમના ઉપદેશથી એકત્ર થયા. હાકેમ સાહેબે આ તડજોડીની ખુશાલીમાં સઘળાને પ્રીતિભોજન કરાવ્યું.

મહારાજશ્રી વ્યાખ્યાનમાં ભગવતી સૂત્ર કહેતા હતા, તેથી હાકેમ સાહેબની સઘળી માનસિક શંકાઓનું સમાધાન થતું. આમ કરતાં ધીમે ધીમે જૈનધર્મ ઉપર તેમની ખુબ શ્રદ્ધા બેડી. એક દિવસ યૂરોપિયન ટેલર સાહેબે (Atomp) પરમાણુનું કથન સાંભળી મહારાજશ્રીને પૂછયું કે આ પરમાણુની ચર્ચા આપના ધર્મ ગ્રન્થોમાં કયારથી છે? અમારે ત્યાં તો તેનો પત્તો મળેય માત્ર ૨૫૦ વર્ષ થયાં છે. આના પ્રત્યુત્તરમાં મુનિશ્રીએ

જણાવ્યું કે અમારે ત્યાં તો તેનું સ્પષ્ટીકરણ થયે ૨૪૦૦ વર્ષ થઇ ગયાં. એક દિવસ સાહેબે કહ્યું કે વાસ્તવિક રીતે આપનો ધર્મ પ્રશંસનીય તથા આદરણીય છે, તો પછી શા માટે આખું જગત તે વિષે પોતાની શ્રદ્ધા પ્રગટ ન કરે? આપના જે ધાર્મિક તત્ત્વો છે તે પ્રશંસનીય છે એટલુંજ નહિ પણ ત્યાગ પણ અનુકરણીય છે, પરંતુ તેનો સ્વીકાર જગતને અઘરો લાગે છે. આપના નિયમ આચારવિચાર ઇત્યાદિનું પાલન કરવું અત્યંત કઠિન છે. તેમાં એશઆરામની ગંધ સરખી હોતી નથી. તેને લીધેજ જૈનેતર જગત તેથી વિમુખ રહે છે; અને તેથીજ તે આપના ધર્મ ૩૬*ના આંકડાની માફક એક બીજાથી વિરોધી માને છે. જો આ ધર્મમાં આટલી વિશેષ ખૂબી હોત કે એશ-આરામ પણ કરી શકાય અને ધર્મ પણ પાળી શકાય, તો મોજશોખના આધુનિક જમાનામાં વિશ્વનો મોટો ભાગ તેનો અનુયાયી થાત. મારે એટલું તો અવશ્ય કહેવું જોઇએ કે આપના ધર્મથી મુક્તિ તો ખરેખર જલદીથી મળી શકે છે.

સાહેબની ધર્મપત્ની પણ પોતાના નોકર સાથે હંમેશાં મહારાજશ્રીને પ્રણામ કહેવડાવતી. એક દિવસ તેણે મહારાજ-શ્રીને એક ભેટ મોકલી, પરંતુ જે ચાકર તે લઇને આવ્યો હતો, તેની સાથે પાછા મોકલાવતાં કહેવડાવ્યું કે અમારે માટે તો તેનો સ્વીકાર કરવાની વાત તો બાજુએ રહી, પરંતુ સ્પર્શ પણ ત્યાજ્ય છે. થોડા દિવસ બાદ ટેલર સાહેબ એક શીશામાં એક એવું યૂરોપિયન પીણું લાવ્યા કે જેને પાણીમાં નાખતાં દૂધ જેવું બની જાય, આનો પણ મહારાજશ્રીએ અંગીકાર ન કર્યો.

*૩૬ના આંકડામાં ૩ તથા ૬ એક બીજાથી પ્રતિકુળ હેય છે.

સાહેબે ઘણી વિનંતી તથા આગ્રહ કરતાં કહ્યું કે તદન વનસ્પતિજન્ય છે અને તેથી આપ તેનો સ્વીકાર કરો. પરંતુ તોપણ મહારાજશ્રીએ જ્યારે તેનો સ્વીકાર નજ કર્યો ત્યારે સાહેબે કહ્યું કે હું આપને ભેટ આપવાજ આ લાવ્યો છું અને તેથી તે પાછો લઈ જઈ શકતો નથી. આમ કહી તેને ઔષધાલયમાં મોકલાવી દીધો. એક દિવસ ટેલર સાહેબ એક અંગ્રેજ ગૃહસ્થ કે જે એક અંગ્રેજ લશ્કરી ટુકડીનો કેપ્ટેન હતો, તેને સાથે લઇ મહારાજશ્રીની પાસે આવ્યા. પેલો લશ્કરી કેપ્ટેન ત્યાં પોતાની ટુકડી સાથે આવ્યો હતો. વાર્તાલાપ કર્યા બાદ મહારાજશ્રીએ તેને ઉપદેશ આપતાં કહ્યું કે કંઇ નહિ તો તમે એટલી પ્રતિજ્ઞા તો અવશ્ય કરો કે "મોર અને કબુતરને કદાપિ મારીશ નહિ" કેપ્ટન સાહેબે તેજ વખતે તે પ્રતિજ્ઞા લીધી. આ પ્રમાણે ચાતુર્માસ સમાપ્ત થતાં સુધી ટેલર સાહેબે ખૂબ ભક્તિભાવથી મહારાજશ્રીની સેવા કરી.

તે દિવસોમાં ત્યાં શ્રીરંગૂજી મહાસતીના સંપ્રદાયની શ્રી સુંદર કુંઅરજી મહાસતીની શિષ્યા સોનાજી મહાસતીએ ૭૫ દિનની તપસ્યા માત્ર ગરમ પાણી ઉપર રહી કરી હતી વ્રત સમાપ્તિને દિવસે બહારગામના ખૂબ લોકો આવ્યા અને આનંદઉત્સવ માણવા લાગ્યા. અહીં હાકેમ સાહેબ પણ જૈનધર્મ પર ખૂબ શ્રદ્ધા રાખતા હતા. તેમણે પણ સમ્યકત્વ ધારણ કર્યું. ત્યારબાદ માર્ગશીર્ષ વદ ૧ને દિવસે મહારાજશ્રીએ ત્યાંથી પ્રયાણ કર્યું. જૈન તથા જૈનેતર જનતા તથા ટેલર સાહેબ વિગેરે નગરજનો તેમને વિદાય કરવાને આવ્યા. સઘળાની એવી ઇચ્છા હતી કે તેઓશ્રી વિહાર ન કરી જાય. ત્યાંથી મુનીશ્રી ગંગાર પધાર્યા. ત્યાં પણ પરસ્પર વૈરવૃત્તિને લીધે અનેક ન્યાતોમાં કુસંપ હતો.

તે સઘળો પોતાના ઉપદેશદ્વારા નિર્મૂળ કર્યો. ત્યાંથી વિહાર કરી હમીરગઢ વિગોદ થઇ તેઓ નંદરાય પધાર્યા. ત્યાં કેટલાક ઓસવાળ જૈનધર્મનો ત્યાગ કરતા હતા. તે સઘળાને બોધ આપી ફરીથી જૈન બનાવ્યા. નંદરાયથી વિહાર કરી જહાજપુર પધાર્યા કે જ્યાં શ્વેતામ્બર સ્થાનકવાસીઓનાં માત્ર પાંચજ ઘર હતાં. પરંતુ મહારાજશ્રીના ઉપદેશામૃતના તો જૈન તથા જૈનેતર સઘળા પ્યાસા હોય છે,તેથી શ્રાવકોનાં આટલા થોડાં ઘર હોવા છતાં શ્રોતાઓની સંખ્યા લગભગ ત્રણ હજાર જેટલી થતી. ત્યાં પણ જૈનેતરોમાં વૈમનસ્યનાં બીજ રોપાયાં હતાં, તેનો મહારાજશ્રીએ પોતાના સદુપદેશથી નાશ કર્યો. કેટલાક લોકો પાસે દુર્વ્યસનો છોડાવ્યાં, દિગમ્બર તથા માહેશ્વરી લોકોએ વેશ્યાનૃત્ય દારૂ, ફોડવાનો તથા કન્યાવિક્રય આદિ સાત પ્રચલિત દુષ્ટ રૂઢીઓનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધી. એક દિવસ મહારાજશ્રી શૌચકર્મ નિમિત્તે બહાર જતા હતા, તે વખતે વેશ્યાઓએ તેમને રસ્તામાં ઉભા રાખી વિનંતિ કરી કે "મુનિવર, આપ અમારી રોજીપર પાટું મારવાને આવ્યા છો. આપે વેશ્યાનૃત્ય બંધ કરાવી અમારો રોટલો છીનવી લીધો છે..........ઇત્યાદિ." આના પ્રત્યુત્તરમાં મહારાજશ્રીએ એટલુંજ જણાવ્યું કે દુષ્ટ રૂઢીઓનો નાશ કરવો એ અમારો ધર્મ તથા કર્તવ્ય છે.

એક દિવસ કિલ્લામાંથી શ્રીમાન જાગીરદાર સાહેબ તરફથી આમંત્રણ આવ્યું, તેથી તેઓ ત્યાં પધાર્યા અને સઘળાને ઉપદેશ દીધો. આથી જાગીરદાર સાહેબ અતિશય પ્રસન્ન થયા, અને ૩૦ બકરાને જીવતદાન દીધું. ત્યાંથી વિહાર કરી તેઓ ટોંક પધાર્યા. વિદાય દેવાને નગરવાસીઓનાં વૃંદ તેઓશ્રીની સાથે ઘણે દૂર સુધી આવ્યાં, તથા લલનાઓએ

મંગલગીતો ગાઇ વિદાય આપી. ટોંકમાં પણ એક ઓજસ્વી જાહેર વ્યાખ્યાન આપ્યું. તેની હિન્દુ-મુસલમાન સઘળાઓએ મુક્તકંઠે પ્રશંસા કરી. વ્યાખ્યાન દરમ્યાન લોકો હર્ષપૂર્વક તાળીઓના ગડગડાટ કરતા. લોકો કહેવા લાગ્યા કે "આપના કોઈ પણ ધર્માનુયાયીનું આવું ઓજસ્વી વ્યાખ્યાન અમે આજ પર્યંત સાંભળ્યું નથી, અને આપ જેવા મહાત્મા પુરૂષનાં અમારા નગરમાં પનોતાં પગલાં થયાં તે અમારૂં મહદ સૌભાગ્ય માનીએ છીએ." ત્યાંથી વિહાર કરી તેઓશ્રી સવાઇ માધુપુર પધાર્યા. ત્યાં પણ ઉપદેશ આપી ઉપકાર કર્યો. ત્રીસ ખાટકીઓએ પોતાનો હિંસક ધંધો ત્યજી દીધો, અને તેને બદલે મજુરી અગર ખેતી કરવા લાગ્યા. અત્યારે તે સઘળા સારી રીતે સુખી છે, અને કહે છે કે "આપે અમારૂં જીવન પલટાવી નાખ્યું છે. જ્યારે અમે કસાઇનો ધંધો કરતા ત્યારે અમને પેટપૂર ખાવાનું કે પહેરવાને પુરતાં વસ્ત્ર પણ મળતાં નહિ, પરંતુ હવે સુખમાં જીવન વ્યતીત કરીએ છીએ." આ સઘળું મહારાજશ્રીના શુભાશીર્વાદ તથા સદુપદેશનું પરીણામ છે.

આ સમય આગ્રા શ્રીસંઘ પણ તેમની સેવામાં ઉપસ્થિત થયો. દર્શનલાભ મેળવ્યા પછી ત્યાં પધારવાને માટે સઘળાઓએ અત્યંત આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ કરી. અને તેનો તેઓએ સ્વીકાર કર્યો. ત્યાંથી વિહાર કરી શ્યામપુર થઈ ગંગાપુર પધાર્યા. જ્યારે ગંગાપુર પહોંચ્યા ત્યારે સંધ્યા વીતી ગઇ હતી. ગામમાં ઉતારાની અગવડ તથા લોકોની અરૂચિ જોઈ તેમણે ગામ બહાર શ્મશાનની છત્રીઓમાં પડાવ નાંખ્યો. ગામમાં એકજ શ્રાવક રહેતો હતો. જ્યારે તેને ખબર પડી, ત્યારે તે આવ્યો અને ગામમાં લઇ જવા માટે અતિશય આગ્રહ કરવા

લાગ્યો, પરંતુ જ્યારે તેનો અસ્વીકાર કરવામાં આવ્યો ત્યારે તે આસપાસ ચટાઇઓ વિગેરે બાંધવા લાગ્યો, કેમકે ઠંડીના દિવસો હતા. મહારાજશ્રીએ તેમ કરતાં અટકાવી કહ્યું કે હરણ સસલાં આદિ જાનવરો પાસે તો બીલકુલ કપડાં હોતાં નથી, અને તે તો નવસ્રાં ફરે છે, તો શું તેમનામાં પ્રાણ નથી ? આખરે અતિશય કકડતી ઠંડીમાં તેઓએ આખી રાત્રિ ત્યાંજ નિવાસ કર્યો. પ્રાતઃકાળે પડિલેહણા* કરી તેઓ ગામમાં પધાર્યા અને દિગમ્બર ભાઇઓની ધર્મશાળામાં નિવાસ કર્યો. પછીથી પેલા શ્રાવકને પૂછ્યું કે વ્યાખ્યાન ક્યાં કરવાનું છે ? ત્યારે તે બિચારો ગભરાયો અને બોલ્યો કે મહારાજ આટલામાંજ કોઇ ઠેકાણે કરો, કેમકે હું તથા મારો પુત્ર બેજ વ્યક્તિ શ્રોતાઓમાં છે. આ સાંભળી તેમણે બજારમાં વ્યાખ્યાન કરવાનું જણાવ્યું અને કહ્યું કે "ગભરાવ છો શા માટે ? તમે બે–જણ છો તે બહુજ છો એમ કહેવત પણ છે કે જ્યાં 'બે ત્યાં બસો'". આમ કહી મહારાજશ્રી પેલા શ્રાવકની દુકાને જઈ બેઠા. બે ત્રણ શિષ્યો સાથે હતા, તેમણે મંગલાચરણ કર્યું. જે સાંભળી કેટલાક લોકો આવ્યા; અને વ્યાખ્યાન શરૂ થતાં તો લોકોનાં ટોળે ટોળાં આવવા લાગ્યાં. જ્યારે વ્યાખ્યાન સમાપ્ત થયું, ત્યારે લોકો કહેવા લાગ્યા કે, "મહારાજ ! અમને આ વિષે ખબર નહોતી. તેથી વ્યાખ્યાનમાં મોડા આવ્યા. કાલે વખતસર આવીશું. માટે કૃપા કરી બેએક દિવસ અત્રે રોકાઈ આપના ઉપદેશામૃતનું અમને પાન કરાવો." મહારાજશ્રીએ આનો સ્વીકાર કર્યો, તથા બીજાં બે વ્યાખ્યાન કર્યાં. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી ભરતપૂર ગયા.

* પોતાનાં કપડાંમાં કંઇ જીવજંતુ ના હોય તેનું અવલોકન કરી.

## પ્રકરણ ૨૪મું.

સંવત ૧૯૭૦: આગ્રા.

# વ્યાખ્યાન-પરંપરા.

ભરતપૂરથી મહારાજશ્રી આગ્રા પધાર્યા. ત્યાંની જૈન જનતા તેમના દર્શન માટે કેટલાંય વર્ષોથી ઉત્સુક હતી. ત્યાં જઇને તેમણે લોહામંડીમાં નિવાસ કર્યો. આજ પહેલાં જૈન-ધર્મોપદેશકોએ કરેલ કોઇ પણ વ્યાખ્યાન કરતાં તેમના વ્યાખ્યાનમાં શ્રોતાઓની સંખ્યા ઘણી મોટી થતી. કેમકે તેમનું વ્યાખ્યાન કેવળ જૈન સંપ્રદાય ઉપરજ નહિ પરંતુ સામાન્ય રીતે સઘળાને રસ પડે અને આચરણમાં ઉતારી શકાય એવું હતું. ત્યાં શ્રી મહાવીર સ્વામીનો ઉત્સવ ખૂબ ધામધુમથી ઉજવવામાં આવ્યો. ત્યારબાદ તેઓ માનપાડામાં પધાર્યા. ત્યાં એક અગ્રવાલ ભાઈ શ્રીયુત વ્રજલાલે તેમની આજ્ઞા મેળવી એક જાહેર સાર્વજનિક વ્યાખ્યાન ગોઠવ્યું. ૫૦૦૦ જાહેર ખબરો (હસ્તપત્રિકાઓ) છપાવી વહેંચાવવામાં આવી, અને તેનો સઘળો ખર્ચ પોતે ઉપાડી લીધો. નિયત સમયે બેલનગંજમાં તેઓશ્રીનું અત્યંત ઓજસ્વી તથા મનોરંજક વ્યાખ્યાન થયું. શ્રોતાઓની સંખ્યા ઘણીજ મોટી હતી. ધૌલપુર નિવાસી સુપ્રસિદ્ધ સાહિત્યરત્ન લાલા કન્નોમલજી એમ. એ. સેશન

જજ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. વ્યાખ્યાનનો પ્રારંભ કરતાં તેમણે જણાવ્યું કે, આવા મહાત્માઓનું એક વ્યાખ્યાન પણ લોકોનો ઉદ્ધાર કરી શકે છે. તેમણે ધોલપુર પધારવાને માટે મહારાજશ્રીને ખૂબ આગ્રહ કર્યો, પરંતુ તે વખતે લશ્કર શ્રીસંઘ પણ ત્યાં આવી પહોંચ્યો હતો, તેમનો અત્યંત આગ્રહ જોતાં તેમના નિમંત્રણનો અસ્વીકાર કરવો બને એમ નહોતું. આ જોઇ આગ્રાવાળાઓએ વિચાર કર્યો કે જો અમે હમણાં આગ્રાના ચાતુર્માસ માટે સ્વીકાર નહિ કરાવી લઇએ તો આ લાભ લશ્કરવાળાઓ લઈ જશે. આમ વિચાર કરી ત્યાંવાળાઓએ ખૂબ પ્રયત્ન કરી આખરે સ્વીકાર કરાવ્યો. મહારાજશ્રીએ સ્વીકાર તો કર્યો પરંતુ એક શરત કરી કે જો કોઈ ઠેકાણે કોઇ મહાન ઉપકાર અગર તો દીક્ષા થવાની હશે, તો તેને હું ટાળી શકીશ નહિ.

આ પ્રમાણે કેટલાક વધૂ દિવસો આગ્રામાં ઉપદેશ કરી ત્યાંથી વિહાર કરી ધોલપુરને પંથે પડયા. ત્યાં કેટલાંક વ્યાખ્યાનો આપી મોરેના પધાર્યા. ત્યાં સ્યાદ્વાદ વારિધિ (સાગરરૂપ) ગોપાલદાસજી બરૈયા તથા દિગમ્બર જૈન ઋષભ બ્રહ્મચર્યાશ્રમના અધ્યાપકો તરફથી ત્યાં જઈ ધર્મોપદેશ કરવાનું નિમંત્રણ આવ્યું. આના જવાબમાં તેમણે કહેવડાવ્યું કે રાત્રિને સમયે અમારા નિવાસસ્થાનથી વિશેષ દૂર જવું નહિ એવો અમારો નિયમ છે. આ સાંભળી તે લોકો નિરૂત્તર બન્યા, પરંતુ ઉપદેશની લાલસા તો રહીજ ગઈ. વિશેષ રોકાવાનો અવકાશ નહતો, તેથી પ્રાતઃકાળે નિત્યકર્મથી પરવારી મહારાજશ્રીએ લશ્કર તરફ પ્રયાણ કર્યું, અને યથાસમયે લશ્કર પહોંચ્યા. ત્યાં શરાફ-બજારમાં તેઓશ્રીનું વ્યાખ્યાન થયું. શ્વેતામ્બરોનાં લગભગ

ચાળીસેક ઘર હોવા છતાં ૭૦૦–૮૦૦ શ્રોતાઓ ઉપસ્થિત થતા, અને તેમાં સઘળા ધર્માનુયાયીઓ આવતા. રાજ્યકારભારીઓમાં સભ્ય (મેમ્બર) શ્યામસુંદરલાલજી તથા સર સૂબા બાલમુકુન્દ ભૈયા સાહેબનાં નામોનો ઉલ્લેખ કરવો આવશ્યક છે. તેઓએ મહારાજશ્રીને ચાતુર્માસ માટે આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ કરી. તેના ઉત્તરમાં મહારાજશ્રીએ જણાવ્યું કે વાત તો વ્યાજબી છે. પરંતુ અમારા બે સાધુ આગ્રા છે, તેમને પૂછયા વિના હું કંઇ કહી શકું નહિ. જો કે અત્રે વિશેષ ઉપકાર થવાનો અવશ્ય સંભવ છે. આમ કહી તેઓ આગ્રા પધાર્યા. અને ત્યાં પેલા સાધુઓની સંમતિ મેળવી લશ્કર તરફ વિહાર કરવા ઉપાશ્રયની સીડી ઉતરતા હતા, તે વખતે શ્રીમાન દુર્ગાપ્રસાદજીના ભાઇ શ્રીમાન કસ્તુરચંદજી આવી પહોંચ્યા અને વિહાર કરી જવાના રંગઢંગ જોઇ આશ્ચર્યચકિત થઇ વિનંતિ કરી કે આપ અહીંથી વિહાર કરી જાવ, એ તો સ્વપ્ને પણ બનવું અશક્ય છે. આ અને આવું બીજું કેટલુંક કહેતાં તે ગદગદિત થઇ ગયા, અને મહારાજશ્રીનાં ચરણ પકડી લઇ બોલ્યા કે અમે આપને કદાપિ વિહાર કરવા દઇશું નહિ. આ જોઇ મહારાજશ્રીએ વિચાર કર્યો કે લશ્કરમાં અતિશય ઉપકાર થશે, એમાં તો સન્દેહજ નથી, પરંતુ અહીંથી વિહાર કરી જવામાં આ શ્રાવકોનાં દિલ દુભાય છે. એ પણ ઠીક નથી. આમ વિચાર કરી ત્યાંજ રોકાવાનું ઠીક લાગ્યું. આ જાણી સઘળાઓનાં મન પ્રફુલ્લિત થયાં. તેજ વખતે જાહેર કરવામાં આવ્યું કે માનપાડાના ઉપાશ્રયમાં પ્રતિદિન પ્રાતઃકાલે પ્રસિદ્ધ વ્યાખ્યાનકારનું વ્યાખ્યાન થશે. તે મુજબ વ્યાખ્યાન શરૂ થયાં. થોડાજ દિવસોમાં શ્રોતાઓની સંખ્યા એટલી બધી વધી પડી કે વ્યાખ્યાન સ્થળની વૃદ્ધિ કરવી પડી.

જેનાં ચિહ્ન આજે પણ મોજુદ છે. એ ચાતુર્માસમાં ખૂબ ઉપકાર થયો. તેનો વિસ્તૃત ઉલ્લેખ યોગ્ય સમયે ક્ષમાપત્રિકામાં થઇ ગયો છે. વળી સ્થાનને અભાવે અત્રે તેનો ઉલ્લેખ કરવો અશકય છે.

આ પ્રમાણે તેઓનો બે માસ સુધી માનપાડામાં નિવાસ રહ્યો. એજ મુજબ બે માસ લોહામંડીમાં રહેતાં જ્યારે ચાતુર્માસની લગભગ સમાપ્તિ થવા આવી તે વખતે તેઓને ગુરૂ જવાહરલાલજી મહારાજની અસ્વસ્થ તંદુરસ્તીના સમાચાર મળ્યા, જેમાં જણાવવામાં આવ્યું હતું કે આગ્રાથી મન્દસૌર તરફ વિહાર કરજો. તેથી ચાતુર્માસની પૂર્ણાહુતિ થતાંજ મહારાજશ્રી આગ્રાથી વિહાર કરી જલદીથી કોટા ગયા. ત્યાં બે રાત્રિ વિસામો લીધો. ત્યાંથી વિહાર કરતાં રસ્તામાં એક સૂતેલા ખાટકીને જોયો. જેની પાસે બે બકરા બાંધેલા હતા. મહારાજશ્રીએ અનુમાન કર્યું કે આ કોઇ કસાઇ હોવો જોઇએ. તે વખતે તેમની સાથે કનૈયાલાલજી તથા જુહારમલજી શ્રાવક હતા. તેમણે તેને જગાડયો તો અનુમાન સત્ય ઠર્યું. તેને મહારાજશ્રીએ ઉપદેશ કર્યો કે, "આ પાપ તું કોને માટે કરે છે? જે કર્મ કરશે, તેનું ફળ તેનેજ મળશે. બીજું કોઈ ઓછુંજ ભોગવવા આવવાનું છે! તારા આ શરીર ઉપર સોય ભોંકવામાં આવે તો તને કેટલું કષ્ટ થાય? તો શું આ જાનવરોને કષ્ટ નહિ થતું હોય? મનુષ્ય કે જેનો મુખ્યધર્મ દયા કરવાનો છે, એવો મનુષ્ય થઇને તું દયાને બદલે હિંસા કરે છે! હિંસા કરનારને તેં કદિ સુખી થએલા જોયા છે? જો, તારા શરીરપરજ પુરતા વસ્ત્રો કયાં છે? અને હું માનું છું કે તારે ત્યાં ખાવાને અન્નના પણ સાંસા હશે. માધુપુરમાં મારા ઉપદેશથી ૩૦-૩૫

ખાટકીઓએ પોતાનો હિંસક ધંધો ત્યજી દીધો, અને તેને બદલે વ્યાપાર તથા ખેતી કરવા લાગ્યા, ત્યારથી સુખી જીંદગી ગુજારે છે. શું દુનિયામાં તમારે માટે બીજો કોઇ ધંધો કે નિર્વાહનું સાધનજ નથી? જો તમારૂં ભલું ચાહતા હો તો મારૂં માની આ ધંધાને છોડી પરભવને માટે પ્રભુ ભજન કરો. દયા કરવી એ મનુષ્ય માત્રનો ધર્મ છે. જુઓ, તુલસીદાસે કેવું સરસ ગાયું છેઃ–

"દયા ધર્મ કો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન.
તુલસી દયા ન છાંડિયે, જબલગ ઘટમેં પ્રાણ."

આ ઉપદેશ સાંભળી પેલો ખાટકી કહેવા લાગ્યો. હા બાપજી, આપ કહો છો, તે બધું બરાબર છે. હું પરમાત્માને સર્વવ્યાપી માની સૂર્ય–ચન્દ્રની સાક્ષી રાખી પ્રતિજ્ઞા કરૂં છું કે જ્યાં લગી આ ખોળીયામાં પ્રાણ હશે, ત્યાં લગી આ ધંધો કદાપિ નહિ કરૂં. પરંતુ આપની સાથે જે આ ભક્તજનો છે, તેમને મારી વિનંતિ છે કે મારી પાસે આજે બે બકરા છે તે. તથા મારે ઘેર બીજા ત્રીસ બકરા છે, તેમને ખરીદી લઇ, મને રૂપીઆ આપી દે; કેમકે તે વડે હું બીજો ધંધો કરી શકું." આ સાંભળી દયાળુ શ્રાવકોએ રૂપીઆ આપવાનું કબુલ કર્યું, અને તેનું કામ કરી આપ્યું.

ત્યાંથી વિહાર કરી સીંગોલી થઈ તેઓશ્રી સરવાણિયા પધાર્યા અને ત્યાંથી નિમચ, મલ્હારગઢ થઇ મન્દસૌર પહોંચ્યા. આ વખતે શ્રી જવાહરલાલજી મહારાજનું સ્વાસ્થ્ય સારૂં થઇ ગયું હતું. તેથી તેમણે ચાતુર્માસ માટે પાલણપુર શ્રીસંઘની વિજ્ઞપ્તિનો સ્વીકાર કર્યો. પૂજ્ય શ્રીલાલજી મહારાજ પણ ત્યાંજ વિરાજતા હતા. તે સમય ગંગાપુર શ્રીસંઘે આવી પ્રાર્થના કરી કે થોડા દિવસો બાદ તેમને ત્યાં તેરપંથિયોનો

પાટ મહોત્સવ થવાનો છે, ત્યારે બાવીસ સંપ્રદાયના વિદ્વાન સંતો ત્યાં વિરાજમાન થશે, વળી તે વખતે ખૂબ ઉપકાર થવાનો સંભવ છે. પૂજ્ય શ્રીલાલજી મહારાજને ગળે આ વાત ઉતરી ગઇ, અને તેમણે કહ્યું કે એમજ થવું જોઇએ. તે મુજબ પૂજ્યશ્રીએ મહારાજશ્રીને આજ્ઞા કરી કે તમે ત્યાં જાઓ. ત્યારે મહારાજશ્રીએ ઉત્તર આપ્યો કે આ અવસરને તો આપની ત્યાં આવશ્યકતા છે. આના પ્રત્યુત્તરમાં મહારાજશ્રીએ જણાવ્યું કે તમારૂં વ્યાખ્યાન અત્યંત પ્રભાવશાળી હોય છે. વળી જ્યાં એકપણ સ્થાનકવાસીનું નામ નિશાન પણ હોતું નથી, એવે સ્થળે પણ તમારા વ્યાખ્યાનમાં સેંકડો જૈનેતરો આવે છે, એટલુંજ નહિ, પરંતુ તમારા કહેવાની અસર પણ તેમના ઉપર થાય છે, માટે તમે ગંગાપુર જાઓ. આ પ્રમાણેની આજ્ઞા થતાં મહારાજશ્રી ૭-૮ કોસનો વિહાર કરી નિમચ તથા નિમ્બાહેડા થઇ ગંગાપુર પધાર્યા. ત્યાં બીચ બજારમાં ઉતર્યા અને પ્રાતઃકાલે તથા સાયંકાળે ત્યાંજ વ્યાખ્યાન આપવા લાગ્યા. શ્રોતાઓથી ચોતરફના રસ્તા એટલા ચિકાર ભરાઇ જતા કે લોકો એક ઠેકાણેથી બીજે ઠેકાણે જઈ શકતા નહી. એજ દિવસોમાં ઉજ્જૈનથી સરસુબા બાલમુકુન્દજી ભૈયા સાહેબ રાજ્યકારણ નિમિત્તે મુસાફરીમાં ત્યાં આવ્યા હતા. તે એક દિવસ મહારાજશ્રીને દર્શને આવ્યા. દર્શન કરી ખૂબ આનંદ દર્શાવ્યો. મહારાજશ્રીએ તેમને કહ્યું, "તમે તો અધિકારી છો. એટલે વાણીદ્વારા પણ ખૂબ ઉપકાર કરી પુણ્ય ઉપાર્જન કરી શકો છો. ઉજ્જૈનના પરગણામાં જેટલાં દેવ દેવીઓના ધામ છે, તેમાં જે હિંસા થાય, તે જો બંધ કરાવી દો તો બહુ સારૂં થાય." આ સાંભળી તેમણે વચન આપ્યું

કે ઉજ્જૈન જઇ હું જરૂર આને માટે પ્રયાસ કરીશ. આ ઉપરાંત બીજા પણ ઘણા ઉપકાર થયા. ત્યાં ૧૦–૧૨ મોચીઓનાં ઘર છે, તેમણે મહારાજશ્રીનો ઉપદેશ સાંભળી માંસ–મદિરાનું સેવન ત્યજી દીધું. ઘણા જણ જૈનધર્મના તત્ત્વોથી પરિચિત થયા. કેટલાય જણ નવકાર મંત્ર, સામાયિક, પ્રતિક્રમણ વિગેરે શીખ્યા, અને ધર્મ-ધ્યાન કરવાને માટે તે લોકોએ પોતાનું એક ઉપાશ્રય પણ નક્કી કર્યું. સાયંકાળે તે લોકો તેજ સ્થળે મુહપત્તિ બાંધી સામાયિક પ્રતિક્રમણ વિગેરે કરવા લાગ્યા કે જે હજુ પણ ચાલે છે. દર વર્ષે સંવત્સરીના પૌષધ પણ ત્યાંજ થાય છે. આ પ્રમાણે બીજી જાતના લોકોએ પણ અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કર્યો, જે હજુ પણ નિભાવી રહ્યા છે.

ત્યાંથી વિહાર કરી મહારાજશ્રી સાખોરા થઇ રાસમી પધાર્યા. ત્યાં પણ તેમના ઉપદેશથી કેટલીય જાતિના લોકોએ અભક્ષ્ય આહારનો ત્યાગ કર્યો. એક દેવી સન્મુખ જ્યાં દર વર્ષે પાડાનો વધ થતો હતો તે બંધ કરાવ્યો. ત્યાર પછી ત્યાંથી વિહાર કરી ગરૂણ્ડ થઇ મહારાજશ્રી પોટલા પધાર્યા. ત્યાં પણ તેમના ઉપદેશથી માહેશ્વરીઓમાં કેટલાંક વર્ષોથી થએલો કુસંપ નાબુદ થયો. ત્યાંથી વિહાર કરી જતી વખતે ત્યાંના જૈન તથા અજૈન તેમનાં વ્યાખ્યાનથી તૃપ્ત થયા નહિ. ત્યારબાદ મહારાજશ્રી વરિયા, કોસીથલ, રાયપુર અને મોખણદા થઇ આમેટ પધાર્યા. આ સ્થાનોમાં સારો ઉપકાર થયો. અરણોદાના ઠાકોર સાહેબ હિંમતસિંહજીએ જીવન પર્યંત શિકાર કરવાનો ત્યાગ કર્યો. અને કોસીથલના ઠાકોર સાહેબ શ્રીમાન પદ્મસિંહજીએ વૈશાખ, શ્રાવણ તથા ભાદરવાના ત્રણ માસમાં શિકાર ન કરવાની પ્રતિજ્ઞા કરી. સાથે સાથે તેમના જ્યેષ્ઠ પુત્ર જવાનસિંહજીએ વૈશાખ તથા ભાદરવામાં શિકાર કરવાનો ત્યાગ કર્યો.

## પ્રકરણ ૨૫મું.

સંવત ૧૯૭૨

પાલણપુર.

# પાલણપુરના નવાબસાહેબનો પ્રેમ.

વિવિધ સ્થળોએ ઉપકાર કરાવતા મહારાજશ્રી આમેટ પધાર્યા. ત્યાંના રાવ શ્રીમાન શિવનાથસિંહજી મહારાજશ્રીનાં દર્શન કરવા આવ્યા. વ્યાખ્યાન મંડપ રાવસાહેબના મહેલોની સામે યોજવામાં આવ્યો હતો. શ્રી મહાવીર સ્વામીનો મહોત્સવ અત્યંત ધામધુમથી ઉજવવામાં આવ્યો. ત્યાંથી વિહાર કરી ચાર ભુજાજી, ઘાણેરાવ થઇ સાદડી (મારવાડ) પધાર્યા; અને પછીથી સોજત, પાલી, સાન્ડેરાવ થઇ પાલણપુર તરફ એક ગામમાં લગભગ અગીઆર વાગે પહોંચ્યા, ત્યાં એક ભકતે તઓશ્રીને જોતાં વેંતજ ઓસવાળોના મોહોલ્લામાં જઈ તેઓશ્રીના આગમનના સમાચાર પહોંચાડયા. અને સાથે સાથે તેમને માટે ગરમ પાણી કરવાનું જણાવ્યું. બે ચાર બીજા

સાધુઓ કે જે ગોચરી માટે ત્યાં આવ્યા હતા, તેમણે આ બીના સાંભળી અને તે મહારાજશ્રીને સંભળાવી. આ સાંભળતાજ મધ્યાહ્નના ધીકતા અંગારા જેવા તાપમાં અન્નજળ લીધા શિવાય તેઓ ત્યાંથી વિહાર કરી ગયા. જતાં જતાં લોકોના પ્રેમ પૂર્ણ વિરોધને વશ થઇ તેમણે થોડીક છાશ પીધી, અને આગળ જતાં પ્રત્યેક ગામમાં પણ માત્ર છાશજ લેવાની રાખી. આ પ્રમાણે ધન્નેરી જતા હતા. તે વખતે માર્ગની એક સરિતામાં ત્યાંના શ્રીપૂજ્યજીની સાથે મહારાજશ્રીનો ભેટો થયો. તે રથમાં વિરાજી ત્યાંથી આ બાજુ આવી રહ્યા હતા, અને મહરાજશ્રી ત્યાં જઇ રહ્યાં હતાં. મહારાજશ્રીને દેખતાં વેંતજ શ્રીપૂજ્યજીએ રથમાંથી ઉતરી વિધિપૂર્વક તેમને પ્રણામ કર્યાં. વાર્તાલાપ કર્યા બાદ તેમણે મહારાજશ્રીને જળ લેવાનો આગ્રહ કરતાં કહ્યું કે હું હંમેશાં ગરમ પાણી પીઉં છું, અને તેનો કુંજો મારી પાસે ભરેલો છે, આ સાંભળી મહારાજશ્રીએ તેનો સ્વીકાર કર્યો. શ્રીપૂજ્યજીએ જણાવ્યું કે કેટલાક અગત્યના કામકાજ નિમિત્તે મારે જવું પડે છે, નહિ તો આપની સાથે જરૂર ધન્નેરી પાછો ફરત. કૃપા કરી આપ મારી હવેલીમાં ઉતરજો, ત્યાં નોકર ચાકર સઘળા હાજર છે. ત્યાંથી બંનેએ એક બીજાની વિદાય લીધી, અને ધન્નેરીમાં એક રાત નિવાસ કરી આબુરોડ પધાર્યાં. પાલણપુર શ્રીસંઘને સમાચાર મળતાંજ તે લોકો આવી પહોંચ્યા, અને ખૂબ પ્રેમપૂર્વક સ્વાગત કરી ચાતુર્માસ માટે નગરમાં લઇ ગયા. આ પ્રમાણે સંવત ૧૯૭૧ના ચાતુર્માસ પાલણપુરમાં કર્યાં. પીતામ્બરભાઇની ધર્મશાળામાં તેઓશ્રીએ નિવાસ કર્યો. વ્યાખ્યાનમાં સઘળી કોમના માણસો આવતા. નવાબસાહેબને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે તેઓ

એક મૌલવી તથા એક પંડિતને સાથે લઇ વ્યાખ્યાન વખતે દર્શનાર્થે આવ્યા. મહારાજશ્રીનું સારગર્ભિત વ્યાખ્યાન સાંભળી તેમને બહુ આનંદ થયો, અને પોતાને આવો સુયોગ પ્રાપ્ત થવા માટે પોતાનું ધનભાગ્ય માનવા લાગ્યા. વ્યાખ્યાન સમાપ્ત થયા પછી તેમણે મહારાજશ્રી સાથે તાત્ત્વિક-રહસ્ય ઉપર ખૂબ વાર્તાલાપ કર્યો, અને તેથી તેમને વધારે આનંદ થયો. નવાબ સાહેબ મહારાજશ્રીની સેવામાં બે અઢી કલાક સુધી રોકાયા. પછીથી જતાં જતાં મુનિશ્રી શંકરલાલજી મહારાજ તથા મુનિશ્રી છગનલાલજી મહારાજ તથા મુનિશ્રી પ્યારચંદજી મહારાજ જ્યાં સિદ્ધાન્ત કૌમુદીનું અધ્યયન કરતા હતા, તે તરફ ગયા. ત્યાંથી દરવાજા તરફ આગળ ધપતાં જ્ઞાન ખાતાની એક પેટી ઉપર તેમની દૃષ્ટિ પડી. તે જોઇ તેમણે પૂછયું કે આ શું છે? તેના જવાબમાં તેમને જણાવવામાં આવ્યું કે જે લોકો ત્યાં આવે છે, તેઓ કંઇ નહિ ને કંઇ દ્રવ્ય જ્ઞાનવૃદ્ધિ માટે તેમાં નાખે છે. આ સાંભળી તેમણે તેમાં ૪૦) ચાળીસ રૂપીઆ નાખ્યા. આ પછી તેમના તરફથી વારંવાર મહારાજશ્રી પાસે સમાચાર આવ્યા કરતા, અને તે પણ વ્યાખ્યાન બાબત લોકોમાં પૂછપરછ કરતા. તેમની અભિલાષા તો એવી હતી કે પોતે હંમેશાં વ્યાખ્યાન સાંભળે, પરંતુ વૃદ્ધાવસ્થા તથા અશક્તિને લીધે તેમ કરી શકતા નહિ. છતાં એક દિવસ ફરીથી આવ્યા. તે દિવસના વ્યાખ્યાનમાં ખૂબ ઉપકાર થયો. ત્યારબાદ મન્દસૌરથી તાર મારફતે સમાચાર મળ્યા કે મોટા મહારાજનું સ્વાસ્થ્ય ઠીક નથી, તેથી મહારાજશ્રીને પાલણપુરથી એકદમ વિહાર કરવો પડયો. આબુરોડથી લગભગ ત્રણેક ગાઉ પહોંચતા ખબર મળી કે મોટા મહારાજ દેવલોક પામ્યા, તેથી ચાતુર્માસના બાકી

રહેલા દિવસો સમાપ્ત કરવાને પાછા પાલણપુર પધાર્યા. ઠંડી પડવી શરૂ થઈ ગઇ હતી, તો પણ વિશેષ નહોતી પડતી. છતાં નવાબસાહેબે બે બહુ કિંમતી શાલો મંગાવી અને પોતાના કારભારી મઘાભાઇને કહ્યું કે, "કેમ, મઘાભાઇ, આ શાલ જોટો મહારાજશ્રીને આપીએ તો કેમ !" એના જવાબમાં મઘાભાઇએ જણાવ્યું કે "મહારાજશ્રી શાલ જોટાનો સ્વીકાર કરતા નથી, કેમકે તેઓ અપરિગ્રહી છે. જો તે લેતા હોત તો અમે શા માટે ના આપત?" આ સાંભળી દરબારે કહ્યું કે "તો પછી આપણે મહારાજશ્રીની શું સેવા ભક્તિ કરી?" ત્યારે મઘાભાઇએ કહ્યું કે "દયા તથા પરોપકારમાં વિશેષ લક્ષ આપવું એજ મહારાજશ્રીની ખરેખરી સેવા છે." અહીંના ચાતુર્માસ પૂર્ણ કરી મહારાજશ્રી ડીસા કેમ્પ થઈ ધાનેરે પધાર્યા. માર્ગમાં પાલણપુર નવાબ સાહેબના જમાઇ શ્રી જબરદસ્તખાનનો મેળાપ થયો. મહારાજશ્રીના ઉપદેશથી તેમણે કેટલાક જીવો ઉપર ગોળી ન છોડવાની પ્રતિજ્ઞા કરી. પાલણપુરના નવાબ સાહેબે શરૂઆતથીજ પોતાના સઘળા રાજકારભારીઓને ફરમાવ્યું હતું કે મહારાજશ્રીની સેવા સુશ્રુષામાં કોઇપણ પ્રકારની ખામી આવવી જોઇએ નહિ. તે મુજબ રાજ્ય કારભારીઓએ સર્વ પ્રકારે સુંદર પ્રબન્ધ કર્યો. ધાનેરાના હાકેમ સાહેબે મહારાજશ્રી ત્યાં પહોંચ્યા કે તરતજ ત્યાં વ્યાખ્યાન થવુંજ જોઇએ, એવી ઇચ્છા પ્રગટ કરી. તેનો સ્વીકાર કરી તેઓશ્રીએ ત્યાં એક વ્યાખ્યાન આપ્યું, જેના પરિણામે ત્યાં સરસ ત્યાગ તથા ઉપકાર થયા. એક રજપૂત સરદારે સજોડે (પત્ની સાથે) બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા કરી. ત્યાંથી વિહાર કરી જતાં રસ્તામાંના એક નગરમાંના લોકો

મહારાજશ્રીના વ્યાખ્યાન માટે એકત્ર થયા, અને વાજાં તાસાં વગડાવી મહારાજશ્રીનું સ્વાગત કર્યું. પરંતુ મહારાજશ્રીએ વાદ્યો વાગતાં બંધ કરાવી શાન્તિપૂર્વક નગરમાં પ્રવેશ કર્યો. ત્યાં વ્યાખ્યાન સ્થળ પણ સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું, તે પણ તદ્દન સાદુ કરાવી નાખ્યું. આ પ્રમાણે શુદ્ધ સંયમનું પાલન કરતા કરતા તેઓ ઝાલોરગઢ પધાર્યા. ત્યાં પણ સભા ભરી લોકોને ઉપદેશ કર્યો. તે વખતે બાલોત્તરાના શ્રીસંઘે આવી પોતાને ત્યાં પધારવા આગ્રહપૂર્વક વિનંતિ કરી તેનો સ્વીકાર કરી બાલોત્તરા ગયાં. આજ પૂર્વે તેઓનાં પૂનિત પગલાં ત્યાં કદાપિ થયાં નહોતાં. જો કે જનતામાં તેમની સારી ખ્યાતિ હતી, તેથીજ તેમનાં દર્શન કરી વ્યાખ્યાન સાંભળવા માટે સેંકડો સ્ત્રીપુરૂષો એકત્ર થયાં. નિયત સમયે વ્યાખ્યાન કર્યું અને ત્યાંની જનતાને એક જૈનમંડળ સ્થાપવાની સૂચના કરી. સભા શું હોય છે તે લોકો જાણતા નહોતા. તેથી મહારાજશ્રીએ વિવેચન કરી તેમને તે સમજાવ્યું. જે સાંભળી સઘળાઓએ એક જૈનમંડળ સ્થાપવાની યોજના ઘડી. મહારાજશ્રી ત્યાં થોડા દિવસ વિશેષ નિવાસ કરે એવી લોકોની ઈચ્છા હતી, પરંતુ સાથે સાથે તે જાણતા હતા કે મુનિવર અપ્રતિબદ્ધ વિહારી (સ્વતંત્ર વિહાર કરનાર) છે, તેથી તેટલાથી સંતોષ માન્યો. આ પ્રમાણે મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી નગર નજીકના એક સ્થાનમાં રોકાયાં. સૂર્યોદય થતા પહેલાં તો પંચભદ્રના શ્રાવકો આવી પહોંચ્યા અને જવાના બંને રસ્તા રોકી બેસી ગયા. તેઓને મહારાજશ્રીએ જણાવ્યું કે હમણાં સમય નથી, પરંતુ તે લોકોએ માન્યું નહિ, તેથી તેમને પંચભદ્ર પધારવું પડ્યું. પરંતુ તેમણે શંકરલાલજી તથા પ્યારચંદજી મહારાજને

પાલી જવાની આજ્ઞા કરી. પંચભદ્રમાં બે વ્યાખ્યાન થયા બાદ પ્યારચંદજી મહારાજની તબીયત નાદુરસ્ત હોવાના પાલીથી સમાચાર આવ્યા. તેથી ત્યાંથી વિહાર કરી મહારાજશ્રી પાલી ગયા. ત્યાં જઈ તેમણે જાતે ઔષધ ઉપચાર કર્યા. પછીથી પ્યારચંદજી મહારાજની તબીયત સુધરી જતાં ત્યાંથી વિહાર કરી સમદડી થઈ જોધપુર પધાર્યા.



હિઝ હાઇનેસ મહારાજા સર મલ્હારરાવ બાવાસાહેબ પંવાર,
કે. સી. એસ. આઇ., દેવાસ (નં. ૨) (માલવા)

(પરિચય માટે જુઓ પ્રકરણ ૨૫મું.)

A 7425—Lakshmi Art. Bombay 8.

પ્રકરણ ૨૬મું.

સંવત ૧૯૭૨—જોધપુર

## જૈનેતરો અને જૈનધર્મ

જોધપુરમાં કોઇપણ શ્રાવક સાથે પરિચય નહોતો, તેથી નગરમાં પ્રવેશ કરતાંજ મહારાજશ્રીએ વિચાર્યું કે જે પહેલો વંદન કરે તેને નિવાસ સ્થાન માટે પૂછવું. બજારમાં પહોંચતાં લોકો ઉભા થઇ વંદન કરવા લાગ્યા, ત્યારે તેમણે પૂછ્યું કે ભાઇઓ, નિવાસસ્થાન કયાં છે? ત્યારે સઘળાએ જણાવ્યું કે ખુંટાની પોળમાં છે, ત્યાં પધારો. આ સ્થળ બજારના નાકાપરજ હતું. ત્યાં મહારાજશ્રીએ ઉતારો કર્યો. પછી ધીમે ધીમે લોકોને તેમની પધરામણીની જાણ થવા લાગી. પરંતુ મોટું શહેર, ઓશવાળોની અધિક વસ્તી અને મહારાજશ્રીથી લોકો અપરિચિત, આ ત્રણ કારણોને લીધે બધાને તો ખબર નજ પડી. બીજે દિવસે શ્રીયુત શુભલાલજી કાયથના મકાનમાં વ્યાખ્યાન શરૂ થયું. તે દિવસે સારાયે નગરમાં આગમનની ખબર પહોંચી ગઇ અને લોકો ઉલટભેર દર્શન કરવા તથા ઉપદેશ ગ્રહણ કરવા વ્યાખ્યાનમાં

આવવા લાગ્યા. હવે તો લોકોની મેદની એટલી જામવા લાગી કે વ્યાખ્યાન સ્થળ નાનું પડવા લાગ્યું. તેથી શ્રીયુત પંચોલી શુભલાલજીએ બીજા મકાન (પોતાની હવેલી)ની ગોઠવણ કરી, પરંતુ બેએક દિવસ બાદ તે સ્થળ પણ નાનું પડવા લાગ્યું. મહાવીર સ્વામીનો જન્મોત્સવ નજીકમાં આવતો હતો, તેથી ચૈત્ર સુદ. ૧૩ ને દિવસે તે ખૂબ આનંદપૂર્વક ઉજવવામાં આવ્યો. હવે તો લોકો ચાતુર્માસને માટે વિનંતિ કરવા લાગ્યા. તેથી તેમણે કહ્યું કે અમારા ગુરૂદેવ પાલીમાં વિરાજે છે, તેમની આજ્ઞા મેળવવી જોઇએ. તેથી શ્રીસંઘ તથા અન્ય જ્ઞાતિના લોકો પાલી ગયા અને ગુરૂવર પાસે જોધપુરના ચાતુર્માસ માટે આજ્ઞા મેળવી લીધી. સઘળા સંતોના નિવાસસ્થાન તરીકે આઉવાની હવેલી નક્કી કરવામાં આવી. મહારાજશ્રી પણ ત્યાં પધાર્યા. આ પ્રમાણે સઘળા સંતો એક સ્થાને એકત્ર થયાં. આઉવાની હવેલીના ચોકમાં વ્યાખ્યાન થવા લાગ્યાં. ત્યાં સઘળી જાતિના માણસો ઉપસ્થિત થતા. સરકારી કારભારીઓમાં સરસામાન ખાતાના દારોગા શ્રીયુત નાનુરામજી માલીએ વિચાર કર્યો કે કુચામણની હવેલીમાં વ્યાખ્યાન યોજવું અને રાજ્યમંડળીને પણ નિમંત્રિત કરવી. એજ મુજબ કરવામાં આવ્યું. અસંખ્ય માણસો એકત્ર થયાં. મહારાજાશ્રી વિજયસિંહજી સાહેબ, રાયબહાદુર પં. શ્યામબિહારી મિશ્ર, બી, એ., રેવન્યુ મેમ્બર. રિજન્સી કાઉન્સીલ, રાવસાહેબ લક્ષ્મણદાસજી બાર–એટ–લૉ, ચીફ જજ ઇત્યાદિ કેટલાક મહાનુભાવોએ વ્યાખ્યાનનો લાભ લીધો. કેટલાક દિવસો બાદ ચાતુર્માસ માટે ભૈંસવાડાની હવેલીમાં નિવાસ કર્યો અને આવરની હવેલીમાં વ્યાખ્યાન થવા

લાગ્યાં. હવે તો જૈન, અજૈન, વૈષ્ણવ, મુસલમાન સઘળા લોકો ખૂબ મોટી સંખ્યામાં આવવા લાગ્યા. સંવત્સરીને દિવસે તો જૈન શ્રાવકો શિવાય અનેક અન્ય લોકોએ પણ નિરાહાર ઉપવાસ વ્રત વિગેરે કર્યાં. કેટલાક અજૈનોએ તો લાગલાગટ આઠ આઠ ઉપવાસ કર્યા. આ ઉપરાંત વિશેષ ધર્મ–પ્રચાર તથા ત્યાગ પણ થયા. આ પ્રમાણે સફળતાપૂર્વક ચાતુર્માસ પૂર્ણ કરી પાલી તરફ પ્રયાણ કર્યું, કેમકે ગુરૂદેવે ત્યાં ચાતુર્માસ કર્યા હતા. અને તેમની તબીઅત અસ્વસ્થ હતી. કેટલાક દિવસ બાદ ગુરૂજીની તબીઅત સારી થઇ જતાં મહારાજશ્રીને આજ્ઞા મળી કે હું વિહાર કરૂં છું, અને તમે પણ ગામોમાં વિહાર કરતા કરતા નયા શહેર (બ્યાવર)માં આવી પહોંચજો. તે મુજબ મહારાજશ્રી બગડી બિલાડા આદિ સ્થાનોએ ત્યાગ. ધર્મ–પ્રચાર તથા ઉપકાર કરાવતા બ્યાવર (નયા નહેર) પધાર્યા. ત્યાં કાંકરિયાજીના મકાનમાં ઉતારો કર્યો. વયોવૃદ્ધ મુનીશ્રી નંદલાલજી મહારાજ તથા હીરાલાલજી મહારાજ અન્ય મુનિયો સાથે ત્યાં વિરાજતા હતા. ત્યાંજ મહારાજશ્રીના વ્યાખ્યાનનો આરંભ થયો. અજૈન લોકોએ જાહેર જનતાના લાભાર્થે બજારમાં વ્યાખ્યાન કરવાની ઇચ્છા દર્શાવી. દેશભક્ત શેઠ દામોદરદાસ રાઠીએ પોતાના તરફથી જાહેર વિનંતિપત્રો છપાવી વહેંચાવી દીધાં. તે મુજબ સનાતનધર્મ સ્કુલમાં "પ્રેમ તથા ઐક્યતા" ઉપર મહારાજશ્રીએ વ્યાખ્યાન આપ્યું. વ્યાખ્યાન પુરૂં થયા બાદ રાઠીજીએ મહારાજશ્રીનાં ગુણગાન કરી પ્રેમ શબ્દની વ્યાખ્યા ઉપર થોડું વિવેચન કર્યું. હેડમાસ્તર સાહેબના આગ્રહને વશ થઇ બીજું વ્યાખ્યાન ત્યાંજ કરવામાં આવ્યું.

અજમેર શ્રીસંઘ તરફથી વિજ્ઞપ્તિઓ આવતી હતી, અને શ્રીમાન ઘનશ્યામદાસજીએ પણ ત્યાં આવી અજમેર પધારવાની મહારાજશ્રીને વિનંતિ કરી. તેથી ત્યાંથી વિહાર કરી તેઓ અજમેર પધાર્યા. ત્યાંનો શ્રીસંઘ વ્યાખ્યાન સાંભળી પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યો. શ્રીમાન રાવબહાદુર છગનમલજી સાહેબ, દીવાન બહાદુર શ્રીમાન ઉમ્મેદમલજી સાહેબ લોઢા, શ્રીમાન મગનલાલજી સાહેબ, શ્રીમાન ગાઢમલજી લોઢા ઇત્યાદિએ સમસ્તસંઘ તરફથી આગામી સંવત ૧૯૭૩ના ચાતુર્માસ માટે વિનંતિ કરી. તેનો સ્વીકાર કરી મહારાજશ્રી કિસનગઢ તરફ વિહાર કરી ગયા.

## પ્રકરણ ૨૭મું.

સંવત ૧૯૭૩.

અજમેર.

# જીવલેણ બિમારી.

કિશનગઢના પુરવાસીઓને મહારાજશ્રીનાં દર્શનનો આ પ્રથમ લાભ મળવાનો હતો. તેમનું વ્યાખ્યાન સાંભળી સઘળા કહેવા લાગ્યા કે મુનિવર સઘળા ધર્મ તથા શાસ્ત્રોના જાણકાર હોય એમ જણાય છે. જે મકાનમાં તેમનું વ્યાખ્યાન થતું, તેમાં સ્થળ સંકોચને લીધે અન્ય સ્થળ માટે જોગવાઇ કરવી પડી. મહાવીર સ્વામીનો જન્મોત્સવ પણ સમીપ હતો અને તેમને માટે આ પહેલો અવસર હતો. તેથી મુનિ મહારાજ દ્વારા સૂચનાઓ મેળવી, તેમણે તે માટે તૈયારીઓ કરવા માંડી. રાજ્ય તરફથી છાયા આદિનો પ્રબંધ કરવામાં આવ્યો. ચૈત્ર સુદ ૧૩ ને દિવસે અતિ આનંદપૂર્વક ઉત્સવ ઉજવવામાં આવ્યો. બની શકે તેટલાં હિંસાનાં કાર્યો અટકાવવામાં આવ્યાં, અને ગરીબોને વસ્ત્રાદિનાં દાન આપવામાં આવ્યાં. તે દિવસે વ્યાખ્યાનમાં પણ હજારો મનુષ્યો હાજર હતાં. જૈન જનતાએ

આંબિલનાં* વ્રત કર્યાં. ત્યારબાદ કેટલાક દિવસો ધર્મોપદેશ કર્યા પછી ત્યાંથી તેઓએ વિહાર કર્યો; અને ટોંકડે થઇ હરમાડે પધાર્યા. ત્યાં ખૂબ ત્યાગ અને પચખાણ થયાં. ઘાંચીઓએ અમુક નિયત કરેલા દિવસોએ ઘાણી ચલાવવી બંધ રાખવાની તથા જૈન ભાઇઓએ પોતાની કમાણીના સેંકડે પચ્ચીસ ટકા ધાર્મિક કાર્યોમાં વાપરવાની પ્રતિજ્ઞા કરી. ત્યાંથી વિહાર કરી તેઓ રૂપનગઢ પધાર્યા; ત્યાં પણ સારો ધર્મ પ્રચાર થયો. રૂપનગઢમાં એક પ્રાચીન શાસ્ત્રોનો ભંડાર હતો. તેનું તેઓશ્રીએ નિરીક્ષણ કર્યું. શ્રાવકોએ તેમાંનાં કેટલાંક પુસ્તકોનો સ્વીકાર કરવાની આગ્રહપૂર્વક વિનંતિ કરતાં કહ્યું કે આપની પાસે તેનો સદુપયોગ થશે. તેથી મહારાજશ્રીએ તદનુસાર તેમાંથી થોડા શાસ્ત્રગ્રન્થો લીધા. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી તેઓ અજમેર પધાર્યા. ત્યાં લાખનકોઠરીમાં શ્રીમાન રાયબહાદુર શેઠ ઉમ્મેદમલજીના મકાનમાં ઉતર્યા. ચાતુર્માસ પણ ત્યાંજ કર્યો. કિશનગઢમાં તે વખતે મહારાજશ્રીના ગુરૂદેવ મુનિશ્રી હીરાલાલજી મહારાજનો ચાતુર્માસ હતો, પરંતુ ત્યાં પ્લેગ ચાલ્યો, તેથી શ્રાવકોની વિનંતીને વશવર્તી ગુરૂવર હીરાલાલજી મહારાજ તથા શ્રી પં. નંદલાલજી મહારાજ અજમેર પધાર્યા. તેથી ત્યાંની જનતાના આનંદમાં ઓર વધારો થયો. ત્યાં તેમના ગુરૂદેવે સેંકડો સ્તવનો રચ્યાં, અને તેને સાધુ સાધ્વીઓમાં વહેંચ્યાં. જ્ઞાનધ્યાનની દૃષ્ટિથી તેઓ ભારે સંયમશીલ હતા. અગીયાર વર્ષની કુમળી વયે તેમને દીક્ષા આપવામાં આવી ત્યારથી તેમણે જ્ઞાન ધ્યાન તરફ

*સઘળા રસોનો ત્યાગ કરી નિર્જીવ અન્ન ને શાક વિના એક વખતે એકજ સ્થળે બેસી પાણીમાં ભીંજાવી ખાઇ લેવું તેને આંબિલનું વ્રત કહેવામાં આવે છે.

ખૂબ લક્ષ આપેલું, અને તેના પ્રભાવથી આ અવસ્થાએ તેમનો આત્મા દિવ્યદર્શી થઇ ગયો હતો. આ ચાતુર્માસમાં એટલે સંવત ૧૯૭૩ના આશ્વિન સુદ દ્વિતીયાના સાયંકાળે તેઓશ્રી કંઇક કાવ્ય રચના કરતા હતા, તે વખતે શૌચ જવાની ઇચ્છા થઇ. શૌચથી પરવારતાં વેંતજ એકાએક તેઓ એવા નિર્બલ થઇ ગયા કે રાત્રિ પુરી થતાં તો તેમની અવસ્થા ગંભીર થઇ પડી. આ સ્થિતિમાં પણ તેમણે તેમના ગુરૂ ભાઇની સામે વિધિ અનુસાર આલોચનાદિ* ક્રિયા કરી. સૂર્યોદય થતાં તો ફરીથી તેમણે આલોચના, ત્યાગ, પચખાણ કર્યાં. ત્યારબાદ તેમનો સ્વર્ગવાસ થયો. નગરમાં આ સમાચાર વાયુવેગે ફેલાઇ ગયા, અને લોકોનાં ટોળેટોળાં ત્યાં ઉલટી પડયાં. શ્રીસંઘે તેઓશ્રીની યથાવિધિ દહન ક્રિયા કરી. પ્લેગનો ઉપદ્રવ વધતો જતો હતો, તેથી શ્રીસંઘની વિનંતીથી સઘળા મુનિવર નગરની બહાર લોઢાજીની કોઠી ઉપર પધાર્યા. ત્યાં આપણા ચરિત્ર-નાયકને ન્યુમોનિયા થઇ ગયો. ઔષધોપચાર ચાલતો હતો. રોગનું જોર વધતું હતું. છતાં પણ એ દશામાં તેઓશ્રીએ આંબિલ વ્રત કર્યું. કહ્યું છે કે "**तपसा क्षीयते व्याधि**" પરંતુ ભીંજવેલા ચણાનું સેવન કુપથ્ય નીવડયું, અને તેથી રોગનું જોર એકાએક વધી પડયું. શારીરિક અવસ્થા એટલી બધી બગડી, કે જીવનની આશા પણ છુટી પડી.

પુણ્યોદયથી ધીમે ધીમે આરામ થઇ ગયો, તોપણ અશક્તિ ખૂબ આવી ગઇ. વ્યાખ્યાન દેવાની શક્તિ પણ નહોતી. તેથી ચાતુર્માસ પુરા થયા પછી પણ કેટલાક દિવસો સુધી તેઓશ્રી

---

* આલોચના:—પ્રમાદ વશ થતાં લાગેલાં પાપને ગુરૂ સમક્ષ પ્રગટ કરવાં તેને આલોચના કહેવામાં આવે છે.

ત્યાંજ રહ્યા પહેલાં લોઢાજીના મકાનમાંજ નિવાસ કરેલો, પરંતુ પાછળથી રૂઘનાથમલજી વકીલ કે જે તેઓશ્રીના ભક્ત હતા, તેમને ત્યાં રહ્યા. ત્યારબાદ કંઇક ઠીક થતાં વિહાર કરી કિશનગઢ પધાર્યા. ત્યાં કેટલાક દિવસ રહ્યા બાદ જ્યારે શરીરમાં થોડી ઘણી શક્તિ આવી ત્યારે, ધર્મોપદેશ કરી નયા શહેર પધાર્યા. ત્યાં જાહેર વ્યાખ્યાન કર્યું. ચાતુર્માસ માટે પણ તે લોકોએ અત્યંત આગ્રહ કર્યો પણ હજુ ઘણો વખત છે, એમ કહી તેઓશ્રીએ મેવાડ તરફ પ્રયાણ કર્યું. માર્ગમાંની જનતાને નાના પ્રકારનો ઉપદેશ આપતા તેઓ તાલ પધાર્યા. ત્યાં ઘણો ત્યાગ થયો. ઠાકોર સાહેબ શ્રીમાન ઉમ્મેદસિંહજીએ પણ મહારાજશ્રીના દર્શનનો લાભ લીધો. તેમના ઉપદેશથી આઠમ તથા ચૌદશના દિવસોએ બિલકુલ શિકાર ન કરવાની તેમણે પ્રતિજ્ઞા કરી. સાથે સાથે તેમના બંધુઓ તથા પુત્રોએ પણ થોડો ઘણો ત્યાગ કર્યો. ત્યાંથી તેઓ લસાણી પધાર્યા. ત્યાં જઇ વ્યાખ્યાન આપવાં શરૂ કર્યાં. ત્યાંના ઠાકોર સાહેબ શ્રીખુમાણસિંહજી સાહેબ પ્રતિદિન વ્યાખ્યાન શ્રવણ કરવા આવતા. તેમણે પક્ષીઓને ન મારવાની પ્રતિજ્ઞા કરી.

આ શિવાય કેટલાક માંસાહારીઓએ માંસનો પરિત્યાગ કર્યો. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી તેઓશ્રી દેવગઢ પધાર્યા. ત્યાં સરકારી મકાનમાં ઉતારો કર્યો. ત્યાંના રાવતજી સાહેબ વિજયસિંહજી મહારાણા ઉદયપુરાધીશના સોળ ઉમરાવોમાં ત્રણ લાખના જાગીરદાર છે. ત્યાં મહારાજશ્રીના વ્યાખ્યાનની ખ્યાતિ લોકો દ્વારા રાવતજીસાહેબ સુધી પહોંચી. તે જૈનધર્મથી તદ્દન અપરિચિત હતા. પહેલાં એક વખત કોઇ એક જૈન મુનિની પાસે પોતાના કેટલાક પંડિતોને ચર્ચા કરવાને મોકલ્યા હતા. આ થયા પછી

એક દિવસ તે જાતે પેલા જૈન મુનિનું જ્યાં વ્યાખ્યાન થતું હતું, ત્યાં આગળથી નીકળ્યા. વ્યાખ્યાન મંડપની સમીપ આવી કહેવા લાગ્યા કે હું આ મંડપની છાયા નીચેથી પસાર થઇશ નહિ, માટે પડદાને ખસેડી લો. રાજાની આજ્ઞા આગળ શ્રાવકો બીચારા શું કરે? તેથી લાચાર થઈ ઉપરનો પડદો ખસેડી નાખ્યો. એક દિવસ આવું દશ્ય હતું. જ્યારે થોડા સમય બાદ લોકોએ જોયું કે તેજ ઠાકોર સાહેબ વ્યાખ્યાન સ્થળમાં જનતાની સાથે બેસી અત્યંત પ્રેમપૂર્વક તથા ભક્તિભાવથી વ્યાખ્યાન સાંભળતા હતા, અને હંમેશાં ત્યાં આવતા હતા. આટલુંજ નહિ, પરંતુ વ્યાખ્યાન શિવાયના સમયે પણ આવી મહારાજશ્રી પાસેથી ઉપદેશ લાભ મેળવતા, અને શંકા સમાધાન કરી જતા. કેટલાક દિવસ બાદ તેમના રાણીવાસમાંથી મહારાજશ્રી પાસે વિનંતી આવી કે અમે પણ આપના ઉપદેશામૃતનાં પ્યાસી છીએ. મહારાજશ્રીએ આનો સ્વીકાર કર્યો. રાવતજી સાહેબે સઘળી જનતાને વ્યાખ્યાન સાંભળવા પોતાના મહેલમાં આવવાની પરવાનગી આપી. સુંદર પાથરણાં પાથરવામાં આવ્યાં. મૂલ્યવાન ગાલીચા બિછાવવામાં આવ્યા અને મહારાજશ્રીને ખૂબ માનપૂર્વક ત્યાં લઈ જવામાં આવ્યા. ત્યાંની શોભા તથા શણગાર જોઇ મહારાજશ્રીએ પોતાના આસનપરનાં સઘળાં બિછાનાં દૂર કરાવ્યાં, અને પોતાની પાસેના વસ્ત્રને બિછાવી તેના ઉપર વિરાજ્યા. આ જોઇ રાવતજી સાહેબે પણ પોતાની નીચેના ગાલીચા, બિછાનાં આદિ કઢાવી નાખ્યાં, અને સાધારણ જનતાની માફક બેઠા. ત્યારપછી સુમધુર મંગલાચરણ ગાયા બાદ તેઓશ્રીએ વ્યાખ્યાનનો પ્રારંભ કર્યો. જેમાં ૐકાર શબ્દની વ્યાખ્યા કરી, તેના ઉપરજ વ્યાખ્યાન સમાપ્ત કર્યું. આ સાંભળી રાવતજી સાહેબના

અંતરમાં ઉંડી છાપ પડી, તેથી તેમણે અધિક-પુરૂષોત્તમ-માસમાં બિલકુલ શિકાર ન કરવાની અને હંમેશાં અમુક જાનવરોની હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરી. આ ઉપરાંત ગામમાં પણ મહારાજશ્રીએ કેટલાંક વ્યાખ્યાન આપ્યાં. ત્યારબાદ ત્યાંથી તેઓશ્રી એકાએક વિહાર કરી ગયા. જ્યારે આ સમાચાર રાવતજી સાહેબને મળ્યા, ત્યારે તેઓ તરતજ ૫૦–૬૦ માણસો સાથે મહારાજશ્રીની સેવામાં મોટા ભાગમાં ઉપસ્થિત થયા. રાવતજી સાહેબ ભારે પ્રતિષ્ઠિત છે. અને જ્યારે જ્યારે કોઇપણ ઠેકાણે જાય છે, ત્યારે ત્યારે ૫૦–૬૦ માણસો તો તેમની સાથે હોય છે, પરંતુ વિલંબ થતા મહારાજશ્રી કેટલાય દૂર નીકળી જાય, એમ વિચારી સાથેના માણસોને છોડી દઇ તેઓ એકલા ઘણી ઝડપથી મહારાજશ્રીની પાછળ ગયા, અને ખૂબ વિનયથી વિનવી ફરીથી પાછા નગરમાં લઈ આવ્યા. નગરમાં આવતી વખતે રાવતજી સાહેબની સાથેના માણસો તથા બીજા પણ કેટલાક માણસો આવી પહોંચ્યા હતા. થોડા દિવસ વધુ ત્યાં રોકાયા બાદ તેઓશ્રી ત્યાંથી વિહાર કરી રાયપુર થઇ કોસીથલ પધાર્યા. ત્યાં ઠાકોર સાહેબ પદ્મસિંહજીના પુત્ર જવાનસિંહજી તથા તેમના નાનાભાઈ મહારાજશ્રીનાં દર્શનાર્થે આવ્યા હતા. પછીથી ત્યાંથી વિહાર કરી તેઓ ચિત્તોડ પધાર્યા.

## પ્રકરણ ૨૮મું.

સંવત ૧૯૭૪.

ભ્યાવર (નયા શહેર.)

# અંગ્રેજની શંકાઓ.

સંવત ૧૯૭૪ના ચૈત્ર સુદ ૧ને દિવસે મહારાજશ્રી ચિત્તોડ પધાર્યા. ત્યાં મુનિશ્રી નંદલાલજી મહારાજ તથા ચંપાલાલજી મહારાજ વિરાજતા હતા. યોગ્ય સમયે વ્યાખ્યાન માટે વ્યવસ્થા કરવામાં આવી. પહેલાં ચંપાલાલજી મહારાજે વ્યાખ્યાન આપ્યું. ત્યાર પછી મહારાજશ્રીએ આપ્યું. ચિત્તોડ તળમાં તથા તેની સમીપનાં ગામોમાં પ્લેગનો ઉપદ્રવ હતો; તેથી લોકો અહીં તહીં વિખરાઇ ગયા હતા, તોપણ વ્યાખ્યાનમાં સારી સંખ્યા હાજર રહેતી. રાજ્ય કાર્યભારીઓ, તથા યૂરોપિયન ટેલર સાહેબ, ચીફ ઓપિયમ ઑફિસર (અફિણ ખાતાના મુખ્ય અમલદાર) પણ હાજર રહેતા. એક દિવસે ટેલર સાહેબે મહારાજશ્રીને પૂછ્યું કે આપનામાં ભિન્ન ભિન્ન સંપ્રદાય હોવાનાં તથા સાધુઓમાં મતમતાંતર હોવાનાં શાં કારણ છે? આ સાંભળી મહારાજશ્રીએ તેમને સવિસ્તર કારણ સમજાવ્યાં, જે સાંભળી ટેલર સાહેબની શંકા

ટળી ગઇ. ત્યાં બીજાં પણ વ્યાખ્યાનો આપ્યાં. પછીથી ત્યાંથી વિહાર કરી હથખંદે તથા નિમ્બાહેડા થઇ નિમચ પધાર્યા. ત્યાં તેમણે બે વ્યાખ્યાન કર્યા. ત્યારબાદ ત્યાંથી મન્દસૌર પધાર્યા. તે વખતે તેમની સાથે ભૈરવલાલજી વૈરાગી હતા જે પ્રતિક્રમણ શીખતા હતા. મન્દસૌરમાં તેમનાં કેટલાંક વ્યાખ્યાન થયાં. ચૈત્ર સુદ ૧૩ને દિવસે મહાવીર જયન્તિ ઉજવવામાં આવી. ત્યાંથી વિહાર કરી જાવરા પધાર્યા. ત્યાં કેટલાંક વ્યાખ્યાન આપ્યાં. જેથી ખૂબ ધર્મવૃદ્ધિ થઇ. તે વખતે રતલામ શ્રીસંઘે ત્યાં આવી મહારાજશ્રીને પોતાને ત્યાં પધરામણી કરવાની વિનંતિ કરી. આના પ્રત્યુત્તરમાં તેઓશ્રીએ જણાવ્યું કે વર્ષાઋતુ સમીપમાં છે અને મારે નયા શહેર પહોંચવું છે. જ્યારે રતલામ શ્રીસંઘે અત્યંત આગ્રહ કર્યો ત્યારે મહારાજશ્રીએ તેને વશવર્તી રતલામ તરફ વિહાર કર્યો; પરંતુ શ્રાવકોએ વિચાર કર્યો કે આમ તો મહારાજશ્રી ઝાઝો વખત રોકાશે નહિં, ત્યારે તેમણે એક યુક્તિ રચી. તેઓએ જણાવ્યું કે આપની સાથે જે વૈરાગી છે, તેને દીક્ષા આપો. આ બાબતનો શ્રાવકોનો આગ્રહ જોઇ તેઓ ત્યાં રોકાઇ ગયા. વૈરાગી તથા ખેમચંદ બંને કોસીથલ જઈ પોતાનાં કુટુંબીઓની આજ્ઞા લઈ આવ્યા. આ પ્રમાણે રતલામ શ્રીસંઘે જેઠ વદ ૧૦ ને દિવસે વરઘોડો કાઢયો અને જેઠ વદ ૧૧ને દિવસે ભૈરવલાલજીને ભારે સમારોહથી દીક્ષા આપવામાં આવી. પછીથી ચૌદશનું વ્યાખ્યાન વાંચી ત્યાંથી વિહાર કરી જાવરા, મન્દસૌર તથા નીમચ થઈ ચિત્તૌડ પધાર્યા. ત્યાં પહોંચી નગર બહાર થોભી ગયા. ટેલર સાહેબને ખબર પહોંચતાં તે ઉતાવળા તેમની સેવામાં ઉપસ્થિત થયા, અને ત્યાં રોકાવા માટે પ્રાર્થના કરી,

 

પરંતુ સમયના અભાવે તેઓ ત્યાંથી વિહાર કરી ગયા. ટેલર સાહેબ એક દોઢ માઇલ સુધી તેમને વિદાય આપવા આવ્યા. પછીથી તેઓશ્રી પુઠોલી પધાર્યા. ત્યાંના ઠાકોર સાહેબે તેમની સારી સેવા કરી, અને કેટલાક પ્રશ્નો પૂછ્યા. જેના શાસ્ત્રાનુકૂલ ઉત્તરો સાંભળી તે બહુ પ્રસન્ન થયા. પછીથી ત્યાંથી વિહાર કરી ગંગાર તથા હમીરગઢ પધાર્યા. ત્યાંની જનતાએ રોકાઈ જવા માટે ખૂબ આગ્રહપૂર્વક વિનંતિ કરી. પરંતુ વર્ષાઋતુ માથે આવી હોવાને લીધે તેઓ રોકાઇ શકયા નહિ. ત્યાંથી વિહાર કરી ભિલવાડા સમીપના મંડપીઆ ગામમાં પધાર્યા. ત્યાં ઠાકોર સાહેબના મકાનમાં ઉતર્યા. ઠાકોર સાહેબે સારો ભક્તિભાવ દર્શાવ્યો. ત્યાંથી વિહાર કરી ભિલવાડા, માંડલ, મસૂદા થઈ અષાડ સુદ ૧૦ને દિવસે ચાતુર્માસને માટે નયા શહેર પધાર્યા. દીવાન બહાદુર શેઠ ઉમ્મેદમલજી સાહેબની હવેલીમાં ચાતુર્માસ કર્યો. અહીં પણ ખૂબ ધર્મધ્યાન થયાં, જે ક્ષમાપત્રિકામાં છપાઇ ચૂકયાં છે. દૂરદૂરના લોકો ત્યાં દર્શનાર્થે આવતા હતા. ચુનીલાલજી સોની નામે એક અત્યંત ધર્મનિષ્ઠ માણસ ત્યાં રહે છે. પોતે સાધારણ સ્થિતિના ગૃહસ્થ હોવા છતાં દર્શનાર્થે આવતા સઘળા સજ્જનોનો તે સત્કાર કરતા. આ પ્રમાણેનો સત્કાર કરવામાં આખા ચાતુર્માસ દરમ્યાન જે કાંઇ દ્રવ્ય વ્યય થયો તે તેમણે પોતાને શિર ઉઠાવી લીધો. ત્યાં ડાક્ટર મિલાપચંદજીને બોધ આપી સમ્યકત્વ ધારણ કરાવ્યું. અજમેરથી વકીલ રઘુનાથસિંહજી મહારાજશ્રીના દર્શનાર્થે નયા શહેર આવેલા. ત્યાં રાત્રે રૂકિમણી આખ્યાન થતું. ચાતુર્માસ પુરા થતાં ભીમ થઈ બરાર પધાર્યા. ત્યાં દેવગઢના રાવતજી સાહેબે પોતાના કાર્યભારીને મહારાજશ્રી પાસે મોકલી કહેવડાવ્યું કે મારે જરૂરી કામ માટે

ઉદયપુર જવાનું છે માટે કૃપા કરી ઉતાવળે પધારી દર્શનલાભ આપશે. આ સંદેશો મળતાં ત્યાંથી વિહાર કરી દેવગઢ પધાર્યા, અને સરકારી મકાનમાં ઉતર્યા. સઘળાં સ્થળોની મા:ક અહીં પણ વ્યાખ્યાન સમયે મોટી જનમેદની હાજર રહેતી. રાવતજીસાહેબ દિવસમાં બે ત્રણ વાર મહારાજશ્રીની સેવામાં ઉપસ્થિત થતા. તેમની ઇચ્છા મહારાજશ્રી ત્યાં થોડા વધુ દિવસ રોકાય એવી હતી. પરંતુ સમયના અભાવે તેઓ ત્યાં વિશેષ રોકાઈ શકયા નહિ, તેથી યોગ્ય સમયે નાથદ્વારા તરફ વિહાર કરી ગયા; ત્યાં પેલા લીલીયાકુંડની પેડી (પરિક્રમા) સમીપ વ્યાખ્યાન આપ્યું. ત્યાંથી દેલવાડા થઈ ઉદયપુર પધાર્યા. માર્ગમાં ઉદયપુરના શ્રાવકજનો ટાંગામાં બેસીને આવતા મળ્યા. તેઓએ વિધિપૂર્વક વન્દના કરી ઉદયપુર પધારવાની પ્રાર્થના કરી. ત્યારે મહારાજશ્રીએ જણાવ્યું કે તમારે ત્યાં અતિશય પક્ષપાત છે. આ સાંભળી શ્રાવકોએ જણાવ્યું કે જે હોય તે ખરૂં; પરંતુ ત્યાં આપના અનેક અનુયાયી છે, તેથી આપ નિ:સંકોચ પધારો. તેથી મહારાજશ્રી ત્યાંથી એકલિંગજી પધાર્યા. શ્રાવકો ત્યાં સુધી તેમની સાથે સાથે ગયાં. ત્યાંથી બીજે દિવસે તેઓ ઉદયપુર પધાર્યા. વીરની જય ઘોષણાઓથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું, અને દિલ્હી દરવાજાની નિકટ આવેલી લાધૂવાસની હવેલીમાં ઉતારો આપવામાં આવ્યો. પ્રતિપક્ષીઓ એમ માનતા હતા કે વ્યાખ્યાનમાં કોણ જવાનું છે? પરંતુ વ્યાખ્યાનમા ૧૦૦૦ મનુષ્યો આવતાં હતાં, તે જોઇ તેમને આશ્ચર્ય થયું. હિંદુ કુળ-સૂર્ય મહારાણાશ્રી ફતેહસિંહજી સાહેબના વડીલ બંધુ હિંમતસિંહજીએ મહારાજશ્રીની અત્યંત પ્રેમપૂર્વક સેવા કરી, તેમજ હાકેમ માનસિંહજી ગિરાહી હાકેમે પણ સેવાનો લાભ

લીધો. દીવાન બહાદુર શેઠ ઉમ્મેદમલજી સાહેબ અજમેરથી ત્યાં આવ્યા હતા. તેમણે તથા કુંવર શ્રી ફતહલાલજી તથા મહન્ત ગંગાદાસે પણ વ્યાખ્યાનનો લાભ મેળવ્યો. મહન્ત ગંગાદાસજી સાથે તેઓશ્રીને એવો સ્નેહ સંબંધ બંધાઇ ગયો કે જ્યાં સુધી તેઓ ભોજન લેવા ન જતા ત્યાં સુધી તે જમતા નહિં. ત્યાં મહારાજશ્રી એક માસ અને બે દિવસ રોકાયા. શ્રી ફોજેડીમલજી મહારાજની નાદુરસ્ત તબીઅતને અંગે બે દિવસ વિશેષ રોકાયા. ત્યાંથી જ્યારે વિહાર કર્યો ત્યારે સેંકડો મનુષ્યો વિદાય આપવાને આવ્યાં. જયઘોષણાઓ સાથે બીચ બજારમાં થઇ બ્રહ્મપુરી પધાર્યા. તે દિવસે ત્યાંજ રહ્યા. દેવગઢના રાવતજી સાહેબ પણ ત્યાં આવ્યા. તે મહારાજશ્રીનાં દર્શન કરવાને તેમને ઉતારે આવ્યા. પછીથી મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી નાઇ પધાર્યા. ત્યાં તેમના ઉપદેશથી અનેક લોકોએ માંસ મદિરાનો ત્યાગ કર્યો. ત્યારબાદ મહારાજશ્રી ત્યાંથી ઉદયપુર માવલી થઇ સનવાડ પધાર્યા. ત્યાં એક સભા ભરવામાં આવી. તેમાં સેંકડો મનુષ્યોએ હાજરી આપી; અનેક બહાર ગામથી આવ્યાં હતા. અનેક રાજ્યકારભારીઓ પણ આવ્યા હતા. ત્યાં વ્યાખ્યાન આપ્યા પછી કપાસણ તથા હમીરગઢ થઇ માંડલગઢ પધાર્યા. તે સ્થળોએ પણ સારો ત્યાગ તથા પચખાણ થયાં. ત્યાંથી તેઓએ બૂંદી તરફ વિહાર કર્યો. રસ્તામાં જતાં એક સ્ત્રી મળી, તે કહેવા લાગી કે આપ ભયંકર વનમાં શા માટે જાઓ છો? જાનવરોનો તો ભય છેજ, પરંતુ તેથીએ વિશેષ ભય ચોરોનો છે. આ સાંભળી તેને જણાવ્યું કે ભય જેને હોય તેને હોય. અમારી પાસે શું દલ્લો ભરી મૂકયો છે? ઇત્યાદિ. આ પ્રમાણે તેઓશ્રી બૂંદિ પધાર્યા. પહેલાં કદી તેઓ

બૂંદિ ગયા નહોતા. પરંતુ ત્યાં પણ તેમની અત્યંત ખ્યાતિ હતી. જ્યારે બજારમાંથી નીકળ્યા ત્યારે તેમની શાન્ત મુખમુદ્રા જોઇ લોકો પ્રફુલ્લિત વદને દર્શન કરતા હતા. ત્યાંથી યોગ્ય સ્થળે રોકાયા. ત્યાં એક વ્યક્તિએ આવી પૂછ્યું કે મુનિવર! વ્યાખ્યાન ક્યાં થશે? ત્યારે તેમણે જણાવ્યું કે અહીંયાં. તે મુજબ તે દિવસે ત્યાંજ વ્યાખ્યાન થયું. બીજે દિવસે માહેશ્વરીઓના નોહરા (વાડી)માં થવા લાગ્યું, પરંતુ ત્યાં પણ સ્થળસંકોચને લીધે એક અલગ મંડપ ઉભો કરવામાં આવ્યો, અને ત્યાં વ્યાખ્યાન થવા લાગ્યું. દિગમ્બર લોકો ખૂબ રસ લેતા, અને અન્ય જ્ઞાતિજનો પણ તેમનાં સુમધુર વચનામૃતનું પાન કરવાને આવતાં. હમેશાં વ્યાખ્યાન સમાપ્ત થતાં શ્રીયુત કુંવર ગોપાળલાલજી કેટિયા (સુપ્રસિદ્ધ શેઠ કેસરીલાલજી કેટિયાના સુપુત્ર) ઉભા થઇ મહારાજશ્રીની વંદના કરી કંઇને કંઇક બોલતા. ત્યાં ખૂબ ધર્મવૃદ્ધિ, વ્રત, ઉપાવાસાદિ થયાં. પછીથી ત્યાંથી વિહાર કરી તેઓશ્રી માધુપુર પધાર્યા.

## પ્રકરણ ૨૯મું.

### સંવત ૧૯૭૫
### દિલ્હી.
# પૂજ્યશ્રીના ભેટા.

માધુપુર પહોંચ્યા પછી ત્યાંના બજારમાં એક વ્યાખ્યાન આપ્યું. ત્યાં એક સ્ત્રી દીક્ષા લેવાની હતી. તેને દીક્ષા આપી મહારાજશ્રીએ તેને પુલાંજી આર્યાને આશરે મૂકી. મહાવીર જયન્તિનો ઉત્સવ ઉજવવામાં આવ્યો, તેમાં સઘળા સંપ્રદાયના લોકોએ સાથ આપ્યો. મહારાજશ્રીના પ્રભાવશાળી ઉપદેશની સારી અસર પડી અને તેથી ધર્મપ્રચાર, ત્યાગ તથા પચખાણ થયાં. ઉપદેશની અસર તો એટલે સુધી થઈ કે આલિમ હાફિઝ નામનો એક માણસ જે ઇસ્લામનો અનુયાયી હતો તેણે જૈનધર્મના સિદ્ધાંતોનો અંગીકાર કર્યો. સામાયિક શીખીને અત્યારે પણ તે ત્યાં મુહપત્તિ બાંધી નિયમિત સામાયિક કરે છે, અને દયા તથા પૌષધ રાખે છે. અન્ય લોકોને પણ એજ મુજબ ઉપદેશ આપે છે, અને જૈન બાલકોને સામાયિકપ્રતિક્રમણ શીખવે છે. ત્યાંથી મહારાજશ્રીએ વિહાર કરી શ્યામપુર, વેતેડ તથા ગિઝગડ થઇ અલવર તરફ પ્રયાણ કર્યું. ત્યાં કેટલાક વ્યાખ્યાનો આપી દિલ્હી તરફ પ્રસ્થાન કર્યું. યોગ્ય સમયે

રાજ્યધાની દિલ્હી તળમાં પહોંચ્યા. ત્યાં આહાર પાણી લઈ ચાંદની ચોકમાં પુજશ્રી મુન્નાલાલજી મહારાજની પાસે ગયા. પૂજ્યશ્રીનાં દર્શન કરવાનો મહારાજશ્રીને માટે આ પ્રથમ અવસર હતો, જનતાના આગ્રહને વશ થઇ તેમણે ચાતુર્માસ ત્યાં કર્યો. જેથી ખૂબ આનંદ પ્રવર્ત્યો. જે ધર્મધ્યાન થયું તે તો ક્ષમાપત્રિકામાં પ્રકાશિત થઇ ચૂકયું છે. દૂર દૂરના લોકો ત્યાં દર્શનાર્થે આવતા. જમ્બુ નરેશના દિવાન પણ આવ્યા હતા. ચાતુર્માસ દરમ્યાન ત્યાં વ્યાખ્યાનોની પરંપરા ચાલી. મહારાજશ્રીના ઉપદેશથી યજ્ઞોપવિતધારી બ્રાહ્મણ દ્વારકાપ્રસાદે જૈનધર્મનો સ્વીકાર કર્યો. ત્યાં મહારાજશ્રીની પાચનશક્તિ એકાએક બગડી આવી. ઔષધોપચાર કર્યા પછી, તબીઅતમાં સુધારો થતાં તેમણે આગ્રા તરફ વિહાર કર્યો. માર્ગમાં વૃન્દાવનમા રોકાયા, ત્યાંથી બીજે દિવસે પડિલેહણું કરી મથુરા પધાર્યા. ત્યાં દિગમ્બર જૈન ભાઈઓના મંદિરમાં એક વ્યાખ્યાન આપ્યું અને બીજું સાર્વજનીક આપ્યું. લોકોએ વધુ વ્યાખ્યાન આપવાનો આગ્રહ કર્યો, પરંતુ શારીરિક નિર્બળતાને લીધે તેમ કરી શકયા નહિ. ત્યાંથી યોગ્ય સમયે વિહાર કરી આગ્રા પધાર્યા. પાછળથી માધવ મુનિજી પણ પધાર્યા. બંને મુનિવરોને એક બીજાનાં દર્શન કરવાની ઉત્કૃષ્ટ અભિલાષા હતી, તે પાર પડી. નિયમિત વખતે વ્યાખ્યાનનો આરંભ થયો. તેમાં પ્રથમ માધવ મુનિજી મહારાજ વ્યાખ્યાન આપતા, અને પછીથી મહારાજશ્રી આપતા. માધવ મુનિજી મહારાજ પ્રખર વિદ્વાન તથા સાહિત્ય મર્મજ્ઞ સુકવિ હતા. તેમની શાસ્ત્રાર્થ શક્તિ અત્યંત પ્રબળ હતી. તેઓ આગળ જતાં પૂજ્ય પદ્વીથી અલંકૃત થયા. સંવત ૧૯૭૨ના જોધપૂરના ચાતુર્માસ વખતે જ્યારે રતલામ

શ્રીસંઘ ધર્મદાસજી મહારાજના સંપ્રદાયમાં યુવરાજ પદથી કોને વિભૂષિત કરવા એ બાબતનો અભિપ્રાય લેવા પૂજ્ય શ્રીમુન્નાલાલજી મહારાજ તથા મહારાજશ્રીની સેવામાં ઉપસ્થિત થયો, ત્યારે તે બંને મુનિવરોએ માધવ મુનિજી માટે પોતાની અનુમતિ આપી. માનપાડા તથા લોહામંડીમાં મહારાજશ્રીનું "મનુષ્યનું કર્તવ્ય" એ વિષય ઉપર ઘણું ઓજસ્વી વ્યાખ્યાન થયું. ત્યારબાદ તેઓશ્રી ત્યાંથી વિહાર કરી જયપુર પધાર્યા. જ્યાં પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજ, તથા મુનિશ્રી દેવીલાલજી મહારાજ તથા તપસ્વી બાલચંદજી મહારાજ તથા ખૂબચંદજી મહારાજ વિરાજતા હતા. ત્યાં કેટલાંક વ્યાખ્યાન આપ્યાં. ત્યારબાદ ચૈત્ર સુદ એકાદશીને રોજ કિશનગઢ પધાર્યા.

## પ્રકરણ ૩૦મું.

સંવત ૧૯૭૬

જોધપુર.

# પૂજ્યશ્રીનો સ્વર્ગવાસ.

કિશનગઢના શરાફ બજારમાં વ્યાખ્યાન માટે વ્યવસ્થા કરવામાં આવી. મહાવીર જયંતિના ઉત્સવ વખતે છાંયા માટે રાજ્ય તરફથી તંબૂનો પ્રબંધ કરવામાં આવ્યો. તેઓશ્રીનાં વ્યાખ્યાન પહેલેથીજ પંકાતાં હતાં, તેથી કોઇપણ જાતની જાહેરાત શિવાય જોતજોતામાં ત્રણ હજાર શ્રોતાઓ એકત્ર થઇ ગયા. કેટલાક લોકો બહારગામથી દર્શનાર્થે આવ્યા હતા. વ્યાખ્યાનના આરંભમાંજ શાસ્ત્ર-વિશારદ પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજે મહાવીર સ્વામીના જન્મ ઉપર પ્રવચન કર્યું. તેમના પછી શ્રી દેવીલાલજી મહારાજે મહાવીર સ્વામીની વીરતાનું દિગ્દર્શન કરાવ્યું. ત્યારબાદ આપણા ચરિત્ર-નાયકે મહાવીર સ્વામીના આચરણ ઉપર એક મનોરમ્ય વ્યાખ્યાન આપ્યું, જેની શ્રોતાઓ ઉપર ખૂબ અસર થઈ. આ થઇ રહ્યા પછી અહીંથી તેઓ અજમેર પધાર્યા, કેમકે ત્યાં

આંતરિક કલહે ગંભીર રૂપ પકડ્યું હતું. મહારાજશ્રી, તથા પૂજ્યશ્રી તથા દેવીલાલજી મહારાજ તથા ખૂબચંદજી મહારાજ આદિ સહિત પધાર્યા હતા, અને મુમઈચ્યોની વાડીમાં ઉતર્યા હતા. પૂજ્ય શ્રીલાલજી મહારાજ ચોક્કસ દિવસે ત્યાં પધારવાના છે, એવા સમાચાર મળતાં તેઓશ્રીના સ્વાગતાર્થે શ્રીસંઘે પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજને તે દિવસે પધારવાની આગ્રહપૂર્વક વિનંતિ કરતાં જણાવ્યું કે આપની પધરામણીથી જનતા ઉપર સુંદર પ્રભાવ પડશે, અને આપની હાજરી તડજોડીમાં મદદરૂપ નીવડશે. પૂજ્યશ્રીએ તેનો સ્વીકાર કરી, ચરિત્રનાયકજીને સ્વાગત સમારંભમાં જવાની આજ્ઞા કરી. તદનુસાર આપણા ચરિત્રનાયક પાંચ સાધુઓને સાથે લઇ નયાશહેરની સડક ઉપર પહોંચી ગયા. ત્યાં સઘળાઓનું સંમેલન થયું અને કેટલીક વાતચીત થઇ. ત્યાંથી પૂજ્ય શ્રીલાલજી મહારાજે ઢઢ્ઢાની હવેલીમાં નિવાસ કર્યો અને ચરિત્રનાયકને પણ પોતાની સાથે ઉતરવાની વિનંતિ કરી, પરંતુ એમ ન બની શક્યું. પછીથી સંધ્યા સમયે ખૂબચંદજી મહારાજ અને ચોથમલજી મહારાજ નવ સાધુઓને સાથે લઇ પૂજ્ય શ્રીલાલજી મહારાજ પાસે આવ્યા અને વિજ્ઞપ્તિ કરી કે આપનું તથા અમારૂં વ્યાખ્યાન એકજ સ્થળે થાય તે ઇચ્છનીય અને આવશ્યક છે; કેમકે લોકોમાંના પારસ્પરિક વૈમનસ્યને નિર્મૂળ કરવું છે અને એકત્ર ઉપદેશની જનતા ઉપર સારી અસર થશે. પરંતુ પૂજ્યશ્રીએ તેનો અસ્વીકાર કર્યો, તેથી આખરે અલગ અલગ સ્થળે ઉપદેશ થવા લાગ્યો. પૂજ્ય શ્રીલાલજી મહારાજે ત્યાંથી નયાશહેર તરફ વિહાર કર્યો. માર્ગમાં તખીજી નામના ગામમાં તેઓએ ઉતારો કર્યો. ત્યાં આપણા ચરિત્રનાયક પણ આવી પહોંચ્યા, અને બંનેનો મેળાપ

થયો. પૂજ્યશ્રીએ મહારાજશ્રી પ્રત્યે અત્યંત પ્રેમ પ્રદર્શિત કર્યો. ત્યાં તે વખતે એક ગામનો મુખી બેઠો હતો, તેને પૂજ્ય શ્રીલાલજી મહારાજે કહ્યું કે અમારા આ ચોથમલજી મહારાજ પ્રખર વ્યાખ્યાનકાર છે, અને તમે પણ તેમનો ઉપદેશ શ્રવણ કરજો.

ત્યારબાદ ચારિત્રનાયકજી ત્યાંથી વિહાર કરી નયાશહેર પધાર્યા, અને ત્યાં બજારમાં વ્યાખ્યાન આપ્યું. જે રસ્તેથી પૂજ્ય શ્રીલાલજી મહારાજ નીકળવાના હતા. તેજ રસ્તામાં તખ્ત ઉપર વિરાજમાન થઇ આપણા ચરિત્રનાયક વ્યાખ્યાન આપવાના હતા. પરંતુ પૂજશ્રીના દેખતાં તખ્તારૂઢ થઇ વ્યાખ્યાન આપવું અનુચિત લાગવાથી થોડા સમય માટે તખ્તનો ત્યાગ કર્યો. પ્રિય પાઠક! જોયું, સાંપ્રદાયિક મતભેદ હોવા છતાં મહારાજશ્રી કેવા શ્રેષ્ઠ વિચાર ધરાવતા હતા! કેટલાક દિવસો નયાશહેરમાં વ્યાખ્યાન આપી પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજ તથા મહારાજશ્રી ચાતુર્માસ માટે જોધપૂર પધાર્યા, કેમકે અજમેરમાં જોધપૂર શ્રીસંઘની વિજ્ઞપ્તિનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. નયાશહેરનો શ્રીસંઘ પણ એજ વિચારથી અજમેર આવ્યો હતો, પરંતુ તેમની વિજ્ઞપ્તિનો પૂજ્ય શ્રીલાલજી મહારાજે આગળથી સ્વીકાર કર્યો હતો, તેથી પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજ તથા મહારાજશ્રી બર થઇ નિમાજ પધાર્યા. ત્યાં વ્યાખ્યાન આપી વિહાર કરી બિલાડે પધાર્યા. આ સ્થળે દાસફા પરગણા (મારવાડ)ના કુંવર ચમનસિંહ તથા ડૉક્ટર જવેરીમલજી આવ્યા હતા. પછીથી ત્યાંથી ભાવી થઈ પીપાડ તથા રિયાં પધાર્યા. થોડાં ઘણાં વ્યાખ્યાનો આપી ત્યાંથી જેઠ વદ ૦))ને દિવસે મહામન્દિર પધાર્યા. ત્યાં બે વ્યાખ્યાન કરી

આષાડ સુદ ત્રીજને દિવસે મહારાજશ્રી જોધપૂર પધાર્યા. રાવ રાજા રામસિંહજીની હવેલીમાં તેમની પરવાનગીથી ઉતારો આપવામાં આવ્યો. તે વખતે પૂજ્યશ્રી તથા ચરિત્રનાયકજીની સાથે બીજા છ સાધુ હતા. જનતા વ્યાખ્યાન સાંભળવાને તલપાપડ થઈ રહી હતી, પરંતુ દુર્ભાગ્યે એમ ન બની શક્યું. જોધપુર શ્રીસંઘને તારદ્વારા જૈતારણથી સમાચાર મળ્યા કે પૂજ્ય શ્રીલાલજી મહારાજ ચાતુર્માસ માટે નયાશહેર જતાં રસ્તામાં અત્રે ઉતર્યા હતા અને અકસ્માત ત્રીજને દિવસે દેવલોક પામ્યા છે. આ સમાચારથી જોધપુર શ્રીસંઘમાં ગ્લાનિ પ્રસરી ગઈ. આપણા ચરિત્રનાયકે પણ પોતાનો ખેદ દર્શાવતાં કહ્યું કે કેવા પરોપકારી આત્માને જનતાની સેવામાંથી ઉઠાવી લીધા. તેમની ખોટ પૂરાવી ખરેખર અશક્ય નહિ તોપણ મુશ્કેલ તો છેજ. સાંપ્રદાયિક મતભેદ હતો તેમાં શું? અને તે પણ પિતા–પુત્રના જેવો હતો. ત્યાર પછી મહારાજશ્રીના શિષ્ય પ્યારચંદજી મહારાજે પૂજ્યશ્રીનો શ્લોકબદ્ધ પરિચય, સંક્ષિપ્ત ગુણાનુવાદ ચરિત્ર સાથે પ્રગટ કરવાની ઇચ્છા દર્શાવી. આના પ્રત્યુત્તરમાં મહારાજશ્રીએ જણાવ્યું કે તમારી સૂચના મુજબ થાય તે અત્યંત આવશ્યક તથા પ્રશંસનીય છે, વળી તે આપણું કર્તવ્ય પણ છે, પરંતુ સમાજને તે રૂચશે નહિ. તે તો કહેશે કે કાલે તો એક બીજામાં અણબનાવ હતો અને આજે પ્રેમ પ્રદર્શિત કરવા લાગ્યા છે!

"जिवित बापसे दंगमदंगा, मुवे बाद पहुंचावे गंगा,
यद्यपि शुद्धंलोकविरुद्धं ना करणीयं ना चरणीयं"

વળી તેથી હે શિષ્ય! શુદ્ધ ભાવના છે એજ બસ છે કેમકે શુદ્ધ હોવા છતાં લોકવિરૂદ્ધ પડતા પરીણામ વિપરીત આવે છે.

અસ્તુ. ચરિત્રનાયકજીએ વ્યાખ્યાન બંધ રાખ્યું. લોકોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં કેમકે તેમને આ વિષે માહિતી નહોતી, પરંતુ જાણ થતાં પાછાં ફર્યા. પાંચમથી મહારાજશ્રીએ વ્યાખ્યાનનો આરંભ કર્યો. પહેલાં પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજ ભગવતી સૂત્ર કહેતા, અને તેમની પછી મહારાજશ્રી પોતાનું ઓજસ્વી વ્યાખ્યાન આપતા. સારાયે નગરની ગલીએ ગલીએવ્યાખ્યાનની પ્રશંસા થવા લાગી. રાજ્યકાર્યભારીઓ તથા જાગીરદારો પણ આવતા. આ વખતે પૂજ્યશ્રીની સેવામાં રહેતા તપસ્વી ફોજમલજી મહારાજે ૬૭ દિવસની તપશ્ચર્યા કરી. આવી કઠિન તપશ્ચર્યાના હેવાલ સાંભળી લોકો બોલી ઉઠતાં કે અહા! કેવા ઇશ્વરી અંશધારી છે? આ તપશ્ચર્યા તથા મહારાજ-શ્રીનાં વ્યાખ્યાનોની જૈનેતર જનતા ઉપર પણ એવી ઉંડી છાપ પડી, કે તેઓ સામાયિક તથા પ્રતિક્રમણ શીખવા લાગ્યા. કદિ ઉપવાસ નહિ કરેલા એવા એક અગ્રવાલ ભાઇએ આઠ ઉપવાસ કર્યા, અને આજીવન લીલોતરીનો ત્યાગ કર્યો. સોનીઓએ એકત્ર થઇ, દયા પ્રભાવના કરી. તેમની મહિલા-ઓએ એકાન્તર તથા છઠ અને આઠમ વિગેરે ઘણાં વ્રત કર્યાં, અને સઘળાં મહારાજશ્રીનાં અનન્ય ભક્ત બન્યાં. પર્યૂષણ પર્વ આવતાં તો શ્રોતાઓની સંખ્યામાં ઓર વધારો થયો, તેથી તે દિવસોમાં વ્યાખ્યાન પંચાયતી વાડીમાં થવા લાગ્યું. છતાં તેમાં પણ લોકોની ખૂબ ભીડ થવા લાગી. ત્યારબાદ ૬૭ની તપશ્ચર્યાની પૂર્ણાહુતિ નજીક આવવા લાગી. તે દિવસે બીલકુલ જીવહિંસા ન થાય તેવા પ્રયત્નો આદરવામાં આવ્યા. ઓશવાળો એકત્ર થઇ રાજસભા (કાઉન્સીલ) સમક્ષ ગયા. ત્યાં પૂછવામાં આવતાં તપશ્ચર્યાનો વૃતાન્ત સંભળાવી જીવહિંસા ટાળવા માટે

વિજ્ઞપ્તિ કરી તેનો સ્વીકાર કરવામાં આવ્યો. His Highness Lieutenant General Maharaja Sir Pratap Sinhji, પ્રતાપસિંહજી સાહેબ બહાદુર G.C.S.I., G.C.V.O., G.C.B., L.D.D., C.L., A.D.C. Knight of Saint John of Jerusalem Regent of Mewar State) રિજન્ટ સાહેબ શહેરના કોટવાલ મારફતે ડાંડી પીટાવી જાહેર કર્યું કે અમુક દિવસે જીવહિંસા કરવાની મનાઇ કરવામાં આવે છે. એક બે કસાઇઓએ કહ્યું કે તેમનો માલ હાકેમો તથા સરકારી રસોડામાં જાય છે ત્યારે શ્રી. મંગલચંદ સંઘવીએ ટેલીફોન કરી પ્રતાપસિંહજી સાહેબને પૂછાવ્યું તથા જાલિમસિંહજી સાહેબને આ બાબત જણાવી એટલે જવાબ મળ્યો કે કંઈ પણ લેવામાં આવશે નહિ. તે એટલે સુધી કે વાઘ સિંહ જેવાં માંસાહારી પશુઓને પણ માંસને બદલે દુધ આપવામાં આવશે. આ પ્રમાણે તે દિવસે કસાઇઓએ હિંસા, તથા હલવાઇ, ભાડભુંજા, તેલી, તંબોળી તથા લુહાર વિગેરે સઘળાઓએ પોતાનો રોજગાર બંધ રાખ્યો. પૂર્ણાહુતિને દિવસે વ્યાખ્યાન તેજ હવેલીમાં થયું. રાવ રાજા રામસિંહજીએ પોતાના દીવાને-ખાસમાં પણ લોકોને બેસવાની પરવાનગી આપી, તો પણ સ્થળ સંકોચ માલુમ પડયો. તે દિવસે લુલાં લંગડાં તથા અપંગ પાંગળાંને અને નિરાધારોને ભોજન તથા વસ્ત્રનાં દાન આપવામાં આવ્યાં. કસાઇઓ પાસેના બસો બકરાંઓને જીવત-દાન અપાવવામાં આવ્યું. રાવ રાજા રામસિંહજીએ પોતાની તરફથી ત્રીસ બકરાઓને અભયદાન અપાવ્યું, તથા પચાસ અપંગોને લાડુનું ધરાઇને ભોજન કરાવ્યું. સાદડી (મેવાડ) નિવાસી ભેરવલાલજી ઓસવાળ જેમની ઉંમર ત્રેવીસ વર્ષની

હતી તેઓ વૈરાગ્યભાવથી કાર્તિક સુદ ૧૨ને રોજ ચરિત્રનાયકજી પાસે દીક્ષા લેવાને આવ્યા હતા. તેમને સોળ વર્ષની કુમળી વયમાંજ વૈરાગ્ય આવ્યો હતો અને તે વખતે મહારાજશ્રીની સાથે ચાલીને કાનોડ સુધી આવ્યા હતા. પરંતુ વૈરાગીના કાકા હજારીમલજી ત્યાં આવી જબરદસ્તીથી તેમને પાછા તેડી ગયા હતા. પરંતુ તેમને તો ખરેખરી લગની લાગી હતી. તે તો સાચા વૈરાગી (વિરાગી) થઈ ગયા હતા. તેથી ઘેરથી નીકળી ચરિત્રનાયકજીની સેવામાં ઉપસ્થિત થયા. શરૂઆતમાં તો તેમને ઘેર લઇ જઇ મારપીટ કરવાનો તથા મરચાંની ધૂણી આપવાનો ત્રાસદાયક વર્તાવ શરૂ કરવામાં આવ્યો, પરંતુ એ વૈરાગીનો ભાવ તેવોજ અચળ રહ્યો. કેટલાંક કારણોને અંગે તેમને સાત વર્ષ ફરીથી ઘેર રેહવું પડયું અને આ વખતે જોધપુર શ્રીસંઘ તો દીક્ષા અપાવવાને ઉત્સુક હતો. તેથી મહા વદ ૨ ને દિવસે વરઘોડો કાઢવામાં આવ્યો તથા મહા વદ ૮ ના મનોહર પ્રાતઃકાલે ૧૦ વાગે નિયમાનુસાર તેમને દીક્ષા આપવામાં આવી. તેમનું જન્મનું નામ ભૈરવલાલજી બદલીને વૃદ્ધિચંદજી રાખવામાં આવ્યું, કેમકે મહારાજશ્રીની સેવામાં ઘણા વખતથી ભૈરવલાલજી નામના એક શિષ્ય હતા. ત્યાંથી વિહાર કરી તેઓશ્રી જ્યારે નીકળ્યા ત્યારે સોજતિયા દરવાજે માળીઓએ તેમને રોકયા અને ખૂબ ભકિતભાવ પ્રદર્શિત કર્યો. ઉપકાર સમજી મહારાજશ્રી ત્યાં થોભી ગયા અને વ્યાખ્યાન આપવાનો આરંભ કર્યો. લક્ષાધિપતિ માળીઓની એવી ઈચ્છા હતી કે નવદીક્ષિત ભૈરવલાલજીની મોટી દીક્ષાનો ઉત્સવ ભારે ધામધુમથી તેઓ ત્યાંજ કરે. પરંતુ શ્રીસંઘે તેનો અસ્વીકાર કર્યો. મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી પાલી પધાર્યા.

ત્યાં કેટલાંક વ્યાખ્યાન આપ્યાં. તેનો એવો તો પ્રભાવ પડયો કે કેટલાક વખત પહેલાં માધવ મુનિજી મહારાજ ત્યાં એક પાઠશાળા સ્થાપવાની યોજના ઘડી આપી ગયા હતા, તે કાર્યરૂપમાં પલટાઇ ગઇ અને આજે પણ તે પાઠશાળા કામ કરી રહી છે. ત્યાંથી વિહાર કરી તેઓશ્રી સોજત પધાર્યા. ત્યાં પણ વ્યાખ્યાન સાંભળી કેટલાકોએ દુર્વ્યસનોનો ત્યાગ કર્યો. પછી ત્યાંથી નયાશહેર પધારી સટ્ટા બજારમાં વ્યાખ્યાન આપ્યું. ત્યાં પૂજ્ય શોભાચંદજી મહારાજે અજમેરથી સંદેશો મોકલ્યો કે અહીં દીક્ષા મુમુક્ષુ બે વૈરાગી તથા બે વૈરાગણો છે, અને તેમને દીક્ષા આપવાની છે માટે આપ પૂજયશ્રી મુન્નાલાલજી મહારાજ સહિત અત્રે પધારશો. અજમેર શ્રીસંઘ આ સંદેશો લઇ બ્યાવર આવ્યો, અને પૂજ્યશ્રી તથા મહારાજશ્રીને વિજ્ઞપ્તિ કરી. પૂજ્યશ્રી શોભાચંદજી મહારાજ તરફ અત્યંત પ્રેમ ભાવ હોવાને લીધે તેઓએ વિજ્ઞપ્તિનો સ્વીકાર કર્યો. પછીથી બ્યાવરથી પૂજ્યશ્રીની સાથે વિહાર કરી યોગ્ય સમયે તેઓ અજમેર પહોંચ્યા. તેમનું સ્વાગત કરવાને હજારો લોકો તથા સાધુ-સંતો સામા ગયા. પૂજ્યશ્રીની સમીપ મોતીકટરામાં મહારાજશ્રીએ પણ પોતાનો નિવાસ રાખ્યો. બહારગામથી ઘણા લોકો આવ્યા હતા, જેમની આગતા-સ્વાગતાનો પ્રબંધ, રિયાંવાળા શેઠ મગનમલજી તથા શેઠ પ્યારેલાલજી તરફથી કરવામાં આવ્યો હતો. યથાસમયે દીક્ષા આપવામાં આવી. તે સમયનું દૃશ્ય અલૌકિક અને અનુપમ હતું. વૈરાગીઓમાં એકની ઉંમર ૯ વર્ષ અને બીજાની ૧૧ વર્ષની હતી. સફેદ પળિયાં આવી ગએલા વૃદ્ધ પુરૂષો આટલી નાની વયમાં આ બાળકોને

સાંસારિક સુખોને ઠોકરે મારતા જોઇ આશ્ચર્યગરક થતા હતા. તથા પોતાની આખરી અવસ્થા હોવા છતાં વિષય વાસનામાંથી મોહ છૂટતો નહોતો તેથી શરમાતા હતા. આ બધું સમાપ્ત થયા પછી પૂજ્યશ્રીની સાથે મહારાજશ્રી અજમેરથી વિહાર કરી નસીરાબાદ પધાર્યા. ત્યાં તેઓશ્રીના ઉપદેશથી કેટલાક ખાટકીઓએ જીવહિંસાનો ત્યાગ કર્યો, અને બીજા ધંધે લાગી ગયા. ત્યાંથી કંવરિયાસ થઇ ભીલવાડે પધાર્યા. નસીરાબાદથી નીકળ્યા પછી રસ્તામાં આવતાં સઘળાં સ્થાનોએ ખૂબ ઉપકાર થયો. શ્રાવકોએ ૪૦ બકરાઓને જીવતદાન અપાવ્યું તથા વ્રત ઉપવાસાદિ કર્યાં. ભીલવાડે ઉપદેશ આપ્યા બાદ ત્યાંથી વિહાર કરી ફાગણ વદ ૧૦ ને રોજ તેઓ ચિત્તોડ પધાર્યા. આ વખતે તેઓશ્રીના વ્યાખ્યાન તથા ઉપદેશથી ખૂબ સુધારા થયા. ઓશવાળ માહેશ્વરીઓ પોતાની જ્ઞાતીમાં પ્રચલિત, પહેરામણી લેવાની રૂઢીનો તે હંમેશને માટે ન લેવાની પ્રતિજ્ઞા કરી અંત આણ્યો. વળી જે કન્યા-વિક્રય કરે તેને માટે દંડની શિક્ષા યોજવામાં આવી. વળી કોઇ નબળી હાલતમાં હોવાને લીધે પોતાની કન્યાનું લગ્ન કરવાને અસમર્થ હોય તો તેવાને પંચના ફંડમાંથી રૂ. ૪૦૦) ચારસો વગર વ્યાજે આપવા, અને તે પોતાની સગવડ પ્રમાણે તે ઋણને અદા કરે એમ ઠરાવ્યું. સોનીઓએ પ્રતિજ્ઞા કરી કે એકાદશી તથા અમાવાસ્યાના દિવસોએ તેઓ અગ્નિને ઉપયોગમાં લેવો પડે તેવા કામકાજ બંધ રાખશે. મોચીઓએ દરેક પૂર્ણિમા તથા અમાવાસ્યાને રોજ માંસ મદિરાનું સેવન ન કરવાની પ્રતિજ્ઞા કરી. સાથે સાથે તે દિવસોએ પગરખાં ન સીવવાં પરંતુ ઇશ્વરભજન કરવાનો નિશ્ચય કર્યો. એજ મુજબ કુંભકારોએ નીંભાડા ન

ભરવાની તથા ગાડીવાળાઓએ હદ ઉપરાંત બોજો ન લાદવાની પ્રતિજ્ઞા કરી. ત્યાં એકવીસ વ્યાખ્યાન કરી તેઓશ્રી કિલે પધાર્યા. ત્યાં ચાર ભુજાજીના મંદિરમાં વ્યાખ્યાન આપ્યું. મહંત લાલદાસજી તથા તેમના શિષ્ય હંમેશ વ્યાખ્યાન સાંભળતા. એજ દિવસોમાં ટેલર સાહેબ ત્યાં થઇ બેલગામ (દક્ષિણ) જતા હતા. માર્ગમાં એમને સમાચાર મળ્યા કે મહારાજશ્રી કિલામાં વિરાજે છે, તેથી દર્શન કરવાની ઉત્કંઠા થઇ, પરંતુ અગત્યનું કામ હોવાને સબબે રોકાઈ શકયા નહિ. તેથી એક પત્ર લખી મોકલ્યો. જેનો સારાંશ આ મુજબ હતો:—

"મહારાજશ્રી, અત્યંત નમ્રતાપૂર્વક પ્રણામ સાથે જણાવવાનું કે આપનાં દર્શનનો લાભ ન લઇ શકયો તેથી દીલગીર છું. જો બેલગામમાં કોઇ શ્રાવક હોય તો તેની મારફતે આપ આપની કુશળતાના સમાચાર મોકલવાની કૃપા કરશો."

લી૦ દાસાનુદાસ:—
એફ. જી. ટેલર.

ત્યાંથી જ્યારે વિહાર કરી જવાનો વિચાર કર્યો ત્યારે મહંત લાલદાસજીએ રોકાઈ જવાને માટે અત્યંત આગ્રહ કર્યો. તેમનો શિષ્ય તો મહારાજશ્રીના ચરણારવિંદમાં આડા પડી જઇ કરૂણ સ્વરથી વિનંતિ કરવા લાગ્યો, તેથી મહારાજશ્રી તેને સમજાવી પોતાને સ્થાને વિહાર કરી ગયા. પાછળથી મહન્ત લાલદાસજીએ પોતાના શિષ્ય સાથે આ મુજબનો એક પત્ર પાઠવ્યો:—

શ્રીમાન્ સ્વામી મહારાજ શ્રીચૌથમલજી મહારાજની સેવામાં.—

વિજ્ઞપ્તિ સાથે નિવેદન કરવાનું કે આપ સજ્જન પુરૂષ સર્વગુણ સંપન્ન છો. આપ જેવા દયાળુ આત્માઓને પરમાત્મા દીર્ઘાયુ બક્ષે. આ નગરમાં નરનારીઓના સૌભાગ્યે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવાને સૂર્યરૂપે આપ પ્રગટ્યા છો. આપના રસપૂર્ણ ઉપદેશોમાંના જ્ઞાનામૃતનું પાન કરી લોકો પોતાને મહદ્ભાગ્યશાળી માને છે. આજકાલ સંસારની ગતિ કંઈક વિચિત્ર માલુમ પડે છે. આપના સદુપદેશથી તેઓ સુમાર્ગે આવી જવાનો પૂરો સંભવ છે. તે લોકોના અત્યંત આગ્રહને વશવર્તી આપને તેરસ સુધી તો રોકાવુંજ પડશે, અને જો આપ તેનો અસ્વીકાર કરશો તો નિરૂપાયે અમારે ભગવાન મહાવીરના સોગન દેવા પડશે. આશા છે કે આનો પુખ્ત વિચાર કરી આપ અમારી વિજ્ઞપ્તિનો સ્વીકાર કરશો.

## પ્રકરણ ૩૧મું.

સંવત ૧૯૭૭.

રતલામ.

# અપૂર્વ તપશ્ચર્યા.

ચિત્તોડગઢથી વિહાર કરી ઘટિયાવલી પધાર્યા. ત્યાં મહારાજશ્રીએ કેટલાંક વ્યાખ્યાન આપ્યાં. મહાજનો તથા ખેડુતો અત્યંત ભાવપૂર્વક તેમના ઉપદેશનો અંગીકાર કરતા હતા. તેઓએ વિવિધ પ્રકારના ત્યાગ કર્યા. ત્યાંના ઠાકોર સાહેબ જસવંતસિંહજી તથા તેમના કાકા જાલિમસિંહજી નિયમિત તેઓશ્રીનાં વ્યાખ્યાન શ્રવણ કરતા હતા. ઠાકોર સાહેબે પક્ષીઓને ન મારવાની પ્રતિજ્ઞા લીધી. વળી છગનલાલજી મહારાજના ઉપદેશથી તળાવમાંનાં માછલાં આદિ જળચર જીવોને મારવાની મનાઇ કરતા પત્થરો કોતરાવી ઉભા કર્યા. જાલિમસિંહે વાઘ, સૂવર તથા પક્ષીઓને ન મારવાની પ્રતિજ્ઞા લીધા, અને કાલુસિંહજીએ ચાર પ્રાણીઓ સિવાય કોઇપણ પ્રાણીની હિંસા ન કરવાની પ્રતિજ્ઞા લીધી. કિશન ખાટકીએ એકમ, દ્વિતીયા, પંચમી, અષ્ટમી, નવમી, એકાદશી, ચતુર્દશી, પૂર્ણિમા તથા અમાવાસ્યાને રોજ પોતાનો હિંસાપૂર્ણ રોજગાર બંધ રાખવાની પ્રતિજ્ઞા લીધી. ત્યાંથી

વિહાર કરી તેઓશ્રી ગરૂણ્ડ પધાર્યા. ત્યાં એક વ્યાખ્યાન આપી હતખન્દે તરફ વિહાર કરી ગયા. માર્ગમાં આવતાં ગામોની જનતાની વિજ્ઞપ્તિથી કૃષિકારોને વ્યાખ્યાન આપ્યાં આને લીધે ઘણા કૃષિકારો-ખેડુતોએ ત્યાગ કર્યા. દર વર્ષે ત્યાં કેટલાક બકરાઓનો વધ કરવામાં આવતો તે ન કરવાની સઘળાઓએ પ્રતિજ્ઞા કરી. આ પ્રમાણે હતખન્દામાં એક વ્યાખ્યાન થયું.

ત્યાંથી વિહાર કરી નિમ્બાહેડા પધાર્યા. ત્યાંના બજારમાં તેઓશ્રીએ એક અત્યંત ઓજસ્વી અને મનોરમ્ય વ્યાખ્યાન આપ્યું. તેમા હિંદુ, મુસલમાન, દિગમ્બર જૈન, તથા દહેરાવાસી જૈનો આવ્યા હતા. તે સઘળા ઉપર ખૂબ પ્રભાવ પડયો અને તેથી ત્યાગ સારા પ્રમાણમાં થયા. ચૈત્ર સુદ ત્રયોદશી સમીપ આવતી હતી, તેથી "ઐક્યતા" ઉપર એક વ્યાખ્યાન આપી સૂચના કરી કે શ્રી મહાવીર જયંતિ સઘળા પંથાનુયાયીઓએ એકત્ર થઇ આનંદપૂર્વક ઉજવવી જોઇએ. બસ, આ સાંભળ્યા પછી તડામાર તૈયારીઓ ચાલવા માંડી. દિગમ્બર ભાઇઓએ મંડપ રચાવ્યો. આ ઉપરાંત બીજાં કાર્યો પણ એવી રીતે ઉકેલવામાં આવતાં હતાં, કે જે ઉપરથી એમ સ્પષ્ટ માલૂમ પડતું હતું કે સઘળા પંથના જૈનો એકત્ર થઇ ઉત્સવ ઉજવે છે. વાસ્તવિક રીતે તેમજ હતું. ત્યારબાદ ત્યાંથી તેઓશ્રી સાદડી (મેવાડ) તરફ વિહાર કરી ગયા, કેમકે સાદડી શ્રીસંઘ ચિત્તૌડ આવી તેમને ત્યાં પધારવાનું નિમંત્રણ આપી ગયો હતો. તેથી વિનોતે થઇ બડી સાદડી પધાર્યા. ત્યાં બાવીસ વ્યાખ્યાન આપ્યાં. તે સાંભળી જૈન તથા જૈનેતરોએ ખૂબ ત્યાગ કર્યો.

આદર્શ મુનિ



મરહુમ નવાબ સાહેબ શ્રીમાન સર શેર મહમ્મદખાં બહાદુર,
કે. જી. સી. આઇ. ઇ. પાલનપુર (ગુજરાત).
(પરિચય માટે જુઓ પ્રકરણ ૨૫મું.)

A 7425—Lakshmi Art. Bombay, 8

ત્યાંથી વિહાર કરી ડુંગરે પધાર્યા અને ત્યાથી પાછા ફરીથી સાદડી ગયા. ત્યાં તેઓશ્રીએ બીજાં બે વ્યાખ્યાન આપ્યાં. તેનું પરિણામ એ આવ્યું કે ત્યાંની સ્રીઓમાં વિખવાદ ઉત્પન્ન થયો હતો, એટલે કે પાંચ સાત સ્રીઓ ઉપર અસ્પૃશ્ય હોવાનો દોષ મૂકવામાં આવ્યો હતો, અને તેઓને બીજી સ્રીઓ સ્પર્શ સરખો પણ કરતી નહોતી. આ વિખવાદ મીટાવવાને કેટલાક સાધુ મહાત્માઓએ પ્રયત્ન આદર્યા હતા, પણ તે સઘળા નિષ્ફળ નીવડયા હતા. પરંતુ મહારાજશ્રીના ઉપદેશથી એ નિર્મૂળ થયો અને બધાંમાં પરસ્પર ઐકયતા થઇ ગઈ. આ પ્રમાણે શાંતી સ્થાપન કરી તેઓશ્રી ત્યાંથી છોટી સાદડી પધાર્યા, કે જ્યાં પૂજ્ય શ્રીલાલજી મહારાજના સંપ્રદાયના અનુયાયી મુનિમહારાજો વિરાજતા હતા, તેથી તેઓશ્રીએ ત્યાં વ્યાખ્યાન ન કર્યું. નાગરિકોએ તથા ખાસ કરીને રાજ્યકાર્યભારીઓએ અત્યાગ્રહ કર્યો ત્યારે તેઓશ્રીએ જણાવ્યું કે વ્યાખ્યાન તો દરરોજ થઇ રહ્યાં છે. આના પ્રત્યુત્તરમાં લોકોએ જણાવ્યું કે તેમનાં વ્યાખ્યાન પંચાયતીની હવેલીમાં થાય છે, અને આપનું તો બજારમાં થશે. વળી જાહેર જનતા તેને માટે અત્યંત ઉત્સુક છે, તેથી વધુ નહિ તો આખરે એકાદ વ્યાખ્યાન તો જરૂર કરો. પરંતુ મહારાજશ્રીને અવકાશનો અભાવ હતો, તેથી રોકાઇ શકયા નહિ. ત્યાંથી પ્રાતઃકાળે વિહાર કરી તેઓશ્રી નીમચ પધાર્યા. ત્યાં કેટલાંક વ્યાખ્યાન આપ્યાં. ત્યારબાદ ત્યાંથી મલ્હારગઢ થઇ મન્દસોર પધાર્યા, કે જ્યાં શ્રીનંદલાલજી મહારાજ તથા શ્રીખૂબચંદજી મહારાજ આદિ વિરાજતા હતા. તેમના દર્શન કરી, બે વ્યાખ્યાન કર્યા પછી ત્યાંથી જાવરા તરફ વિહાર કર્યો, યોગ્ય સમયે ખલચીપુર, ઢોઢર થઇ જાવરા

પધાર્યા. ત્યાં ચાર વ્યાખ્યાન આપ્યાં. તે સમયે ત્યાં રતલામ શ્રીસંઘે આવી પોતાને ત્યાં પધારવાના નિમંત્રણનો સ્વીકાર કરાવ્યો. બાદ ત્યાંથી વિહાર કરી મહારાજશ્રી નામલી તરફ વિચર્યા. ત્યાંના ઠાકોર સાહેબ શ્રીમહિપાલસિંહજીએ તથા તેમના બંધુ શ્રીરાજેન્દ્રસિંહજીએ વ્યાખ્યાનમાં ઉપસ્થિત થઇ ખૂબ ભક્તિભાવ દર્શાવ્યો. પછીથી ત્યાંથી સેજાવત પધાર્યા; કે જ્યાં રતલામના શ્રાવકો સ્વાગત કરવાને માટે આગળથીજ હાજર થઇ ગયા હતા. રાત્રે ત્યાં નિવાસ કરી મહારાજશ્રી પ્રાતઃકાળે રતલામ પધાર્યા. વીરની જયઘોષણાઓ સાથે રાજમહેલને દરવાજે, માણેક ચોક, ચૌમુખી પુલ અને શરાફ બજારમાં થઇ ચાંદની ચોકમાં આવેલા શ્રીમાન શેઠ ઉદયચંદજીના મકાનમાં વિરાજ્યા, અને તેજ સ્થળે બજારમાં વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું. જેઠ સુદ ૧૪ ને રોજ ચાતુર્માસ માટે જનતાએ અત્યંતાગ્રહ કર્યો. સઘળા તરફથી એકસરખો આગ્રહ જોઇ તેઓશ્રીએ જણાવ્યું કે પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજ આજ્ઞા આપે તો મને કોઈ જાતનો વાંધો નથી. આ સાંભળી રતલામ શ્રીસંઘે પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજને નયાશહેર તાર કરી ચાતુર્માસ માટે પ્રાર્થના કરી, અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો. જેઠ વદ ૧ ને રોજ તેઓશ્રીના રતલામના ચાતુર્માસ માટે આખરી નિર્ણય થયો. આમ ચોક્કસ થયા બાદ તેઓશ્રી ત્યાંથી વિહાર કરી ધાનાસુતે પધાર્યા. ત્યાં છ વ્યાખ્યાન કરી ત્યાંથી ખાચરોદ પધાર્યા, કેમકે ત્યાંનો શ્રીસંઘ આગળથી વિજ્ઞપ્તિ કરી ગયો હતો. કેટલાક વ્યાખ્યાન આપી આષાડ સુદ ૨ને દિવસે તેઓશ્રીએ ખાચરોદથી રતલામ જવા માટે પ્રયાણ કર્યું, તેઓના સ્વાગત માટે

પુષ્કળ નરનારીઓ આવ્યાં હતાં. નગરમાં પ્રવેશ કર્યા બાદ ઉપરોક્ત શ્રીમાન શેઠ ઉદયચંદજીના મકાનમાં ઉતર્યા. નિયત સમયે વ્યાખ્યાનનો પ્રારંભ થયો. પહેલા મહારાજશ્રીના સુયોગ્ય શિષ્ય પ્યારચંદજી મહારાજ જ્ઞાતાસૂત્ર કહેતા. ત્યારબાદ મહારાજશ્રી પોતાનું આકર્ષક વ્યાખ્યાન કરતા. તેઓશ્રીનું વકતૃત્વ એટલું સુંદર ખીલી નીકળ્યું છે કે રસ્તે જતો માણસ પણ તેમનું વ્યાખ્યાન સાંભળ્યા સિવાય જાય નહિ. સારાયે નગરમાં તેઓશ્રીના વ્યાખ્યાનની પ્રશંસા થવા લાગી. મોટા મોટા રાજ્યકાર્યભારીઓ તથા રતલામના કાઉન્સીલના માજી સભ્ય પંડિત ત્રિભુવનનાથજી જુત્સીએ પણ વ્યાખ્યાનનો લાભ મેળવ્યો. તે વખતે મહારાજશ્રીના સુયોગ્ય શિષ્ય પ્યારચંદજી મહારાજના નાના બંધુ ચાંદમલજી મહારાજ વૈરાગ્ય લઈ પ્રતિક્રમણ શીખતા હતા. વળી જોધપુર નિવાસી વીસા ઓશવાળ નાથુલાલજી તથા રામલાલજી પણ વૈરાગ્ય લઈ પ્રતિક્રમણ શીખતા હતા. આ પ્રમાણે પુષ્કળ આનંદ લુંટાતો હતો. દૂર દૂરના લોકો દર્શનાર્થે આવતા હતા. તેમજ ધર્મધ્યાન પણ સારા પ્રમાણમાં થતું હતું. આ સઘળો વૃત્તાંત ક્ષમાપત્રિકામાં ઉચિત સમયે પ્રગટ થઈ ગયો છે. ત્યાં ચરિત્રનાયકજીની સેવામાં રહેતાં તપસ્વી શ્રી મયાચંદજી મહારાજે તપશ્ચર્યા કરી. સારાયે નગરમાંથી મકાન ચિકાર થતાં પણ ન માય એટલી મેદની દર્શનાર્થે એકત્ર થતી. મહારાજશ્રીના ઉપદેશને જે વ્યક્તિ સાંભળે છે, તેના ઉપર આ જન્મમાં તેની અસર નિર્મૂળ ન થાય એવો પ્રભાવ પડે છે. એમ નહિ કે વ્યાખ્યાન સાંભળતી વખતે ખૂબ તલ્લિન, અને પછીથી એનોએ! મહન્ત લાલદાસજી કે જેમણે પહેલાં મહારાજશ્રીનાં વ્યાખ્યાન સાંભળ્યાં છે, તેમના

નીચેના પત્ર ઉપરથી આ બાબતને અનુમોદન મળશે. જૈનેતર હોવાને લીધે તેમણે ચરિત્રનાયકજીના નામથીજ પત્ર પાઠવ્યો છે.

"સ્વસ્તિ શ્રી રતલામ નગર મહાશુભસ્થાને.......... સકલગુણસંપન્ન, ગંગાજળસમ નિર્મળ, ચરિત્રનાયકજી શ્રી ચૌથમલજી જોગ કિલા ચિત્તોડગઢથી લી૦ મહન્ત લાલદાસના પ્રણામ સ્વીકારશો. અત્રે સઘળાં કુશળ છે. તે મુજબ ત્યાં હશો. અહીંને માટે તો આપની કૃપા પૂર્ણ છે, સ્વામીજી! આપનાં અમૃતમય વચનો યાદ આવતાં મારૂં હૃદય ગદ્‌ગદિત થાય છે.

पांच साधुके बीचमें, राजत मानो चन्द ।
अमृत सम तुम बोलते, मिटत सकल भ्रम फंद ॥
दृष्टि सुहृद मुनि चौथकी; सब को करे निहाल ।
गति बिधि हू पलटे तबै, कागा होत मराल ।

सदगुरु शब्द सु तीर हैं, तन मन कीन्हों छेद ।
बेदर्दी समझे नहीं, विरही पावे भेद ॥

हरिभक्ता अल गुरुमुखी; तप करने की आस ।
सत्सगी सांचा यती, वहि देखूं मैं दास ॥

આપે પાંચ વ્યાખ્યાન આપવા માટે વચન આપેલું,* તે ક્યારે પરિપૂર્ણ કરશો? પત્રના પ્રત્યુત્તરની અભિલાષા રાખું છું.

*મુનિ મહારાજ એક વખત મહન્તને વચન આપી આવ્યા હતા કે ફરીથી અવસર પ્રાપ્ત થતાં એક તો શું પણ પાંચ વ્યાખ્યાન આપીશું, તો તેમાં શું હાનિ છે?

આશા છે કે પત્ર વાંચીને વિના વિલંબે આપની કુશળતાનો પત્ર પાઠવવા કૃપા કરશો.

સં. ૧૯૭૭ શ્રાવણ વદ ૧૦ }
તા૦ ૨૮–૮–૧૯૨૧ }
લી૦ આપનો શુભેચ્છક:—
મહન્ત લાલદાસજી
ચતુર ભુજાજીનું મંદિર કિલ્લા (ચિત્તૌડગઢ)

ભાદરવા સુદ ૫ ને દિવસે તપસ્યાની પૂર્ણાહુતિ હતી. તે દિવસે લુલાં, લંગડાં તથા અપંગ પાંગળાં નિરાધારોને ભોજન તથા વસ્ત્રનાં દાન આપવામાં આવ્યાં. પાંચમને દિવસે પાખી પાળવામાં આવે છે, પણ આ વખતે તો વાઘ ઇત્યાદિ જંગલી પશુઓને પણ દૂધ ઉપર રાખવામાં આવ્યાં; નહિ તો અન્ય દિવસોએ તો આ પશુઓને માટે હિંસા થતી હતી. મહારાજશ્રીનું વ્યાખ્યાન શ્રવણ કરવાની રતલામ નરેશને પણ અભિલાષા થઈ. તેથી ભાદ્રપદ વદ ૧૨ (તા૦ ૨૮ સપ્ટેમ્બર સને ૧૯૨૧) ને રોજ હિઝ હાયનેસ કર્નલ મહારાજા સર સજ્જનસિંહજી કે.સી.એસ.આઇ., કે.સી.વી.ઓ., એ.ડી. સી., ટુ હિઝ રોયલ હાયનેસ ધી પ્રિન્સ ઑફ વેલ્સ, રતલામ કાઉન્સિલના સભ્યો, તથા અન્ય સરદારો અને અમલદારો સહિત વ્યાખ્યાન સાંભળવા પધાર્યા. મહારાજાની તંદુરસ્તી બરાબર નહોતી, ઔષધનું સેવન ચાલતું હતું, છતાં દોઢ કલાક સુધી નિરાંતે બેસી ખૂબ ધ્યાનપૂર્વક વ્યાખ્યાન શ્રવણ કર્યું. વચ્ચે ત્રણ ચાર વખત મહારાજશ્રીએ વ્યાખ્યાન સમાપ્ત કરવાની ઇચ્છા દર્શાવી, પરંતુ મહારાજા સાહેબે તેમ ન કરવા દીધું. આખરે વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ તેઓએ મહારાજશ્રીને જણાવ્યું કે હાલમાં તો આપ અત્રેજ વિરાજશો.

હું ફરીથી દર્શન લાભ મેળવવા આવીશ. તે દિવસોમાં જોધપુર સ્ટેટના માજી દીવાન સાહેબના સુપુત્ર કાન્હમલજી સાહેબ મહારાજશ્રીના દર્શનાર્થે આવ્યા હતા. તેજ વખતે રતલામ શ્રીસંઘની વિજ્ઞપ્તિને વશવર્તી મહારાજશ્રીની સેવામાં વૈરાગ્યવસ્થામાં રહેતા વીસા ઓશવાળ ચાંદમલજી બહોતેરાને આસો વદ ૭ ને રોજ દીક્ષા આપી.

એ વખતે રતલામ શ્રીસંઘે નિમંત્રણ પત્રિકાઓ ઉપરાંત ૩૭ તાર કર્યા હતા. જેને લીધે અન્ય નગરોમાંથી લગભગ એક હજાર શ્રાવકો આવ્યા હતા. ખૂબ ધામધુમથી દીક્ષા આપવામાં આવી. ત્યારબાદ બીજાં નવ વ્યાખ્યાન આપી તેઓશ્રીએ નામલી તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં સ્ટેશનના રસ્તા ઉપર શ્વેતામ્બર દહેરાવાસી શેઠ મિશ્રીમલજી મથુરાલાલજીનો બંગલો આવે છે, ત્યાં તેમના આગ્રહને લીધે રોકાયા અને વ્યાખ્યાન આપ્યું.

શહેરથી આ સ્થળ દૂરં હોવા છતાં શ્રોતાઓ સારા પ્રમાણમાં એકત્ર થયા થતા. આ પછી ત્યાંથી સેજાવત તથા ધુંવાસ થઇ નામલી પધાર્યા. નામલીમાં શ્રી દેવીલાલજી મહારાજનો મેળાપ થયો. જેઓ જાવરાથી વીહાર કરી રતલામ તરફ જતા હતા. તેમના આગ્રહથી મહારાજશ્રી ફરીથી રતલામ પધાર્યા અને બીજાં કેટલાંક વ્યાખ્યાનો આપી ડુંગર તરફ વિહાર કરી ગયા. રસ્તામાં કિશનગઢ આદિ ગામોમાં થઇને તેઓશ્રી પેટલાવદ પધાર્યા. તે વખતે તેમની પાસે સોળ વર્ષની વયના જોધપુર નિવાસી દીક્ષા મુમુક્ષુ નાથુલાલજી હતા. તે જોઈ પેટલાવદ શ્રીસંઘે વિજ્ઞપ્તિ કરી કે તેમનો દીક્ષા સમારંભ અમારે ત્યાં થવો જોઈએ. તેથી માગશર શુદ ૧૫ ને રોજ

દીક્ષા આપવામાં આવી. ત્યાંથી વિહાર કરી દેવીલાલજી મહારાજ તથા આપણા ચરિત્રનાયક સાહુરંગી પધાર્યા. ત્યાંના ઠાકોર સાહેબે પુષ્કળ ભક્તિભાવ પ્રદર્શિત કર્યો. એક દિવસ "પરસ્ત્રી ગમન નિષેધ" એ વિષય ઉપર મહારાજશ્રીએ ઘણું ઓજસ્વી વ્યાખ્યાન આપ્યું. જે સાંભળી ઘણા લોકોએ પરસ્ત્રી ગમનના ત્યાગની પ્રતિજ્ઞા કરી. વ્યાખ્યાન બાદ તે દિવસે ઠાકોર સાહેબ તરફથી પત્ર મળ્યો, જેમાં લખ્યું હતું:—

શ્રીમાન મહારાજ ચૌથમલજી–જૈન શ્વેતામ્બર સ્થાનકવાસીની સેવામાં.

આપે મારા ગામમાં પધારવાની કૃપા કરી વ્યાખ્યાન આપ્યાં, તે સઘળાં પક્ષપાત રહિત તથા ઉપદેશથી નિતરતાં હતાં. સમયના અભાવે ફરીને આપ વિશેષ રોકાઇ શકતા નથી, તેથી મને અસંતોષ થાય છે. આજ આપે "પરસ્ત્રી ગમન" વિષય ઉપર જે વ્યાખ્યાન આપ્યું તે અત્યંત મહત્વપૂર્ણ હતું. મને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપ વિષયને એવી ઉત્તમ રીતે સમજાવો છો કે શ્રોતાઓના હૃદયમાં તેની અસર સોંસરી પેસી જાય છે. અહીંની જનતાને આપે ધાર્મિક તથા શારીરિક પતનમાંથી બચાવી, તેને માટે આપને કરોડો ધન્યવાદ ઘટે છે. વ્યાખ્યાન સમયે મેં પ્રતિજ્ઞા નહી લીધેલી તેથી આપને શંકા ઉત્પન્ન થવાનો સંભવ છે, પરંતુ તેમ નહિ કરવાનું કારણ હતું, અને તે એ કે હું ક્ષત્રિય છું અને ક્ષત્રિય ધર્મમાં પરસ્ત્રી ગમનનો નિષેધ કરવામાં આવ્યોછે. આ બાબતમાં એક કવિનું કાવ્ય મને યાદ છે, તેનું હમેશાં સ્મરણ કરૂંછું અને તે મુજબ પાલન કરૂં છું.

( छप्पा )

यह विरद रजपूत प्रथम मुख झूंठ न बोले।
यह विरद रजपूत काछ परत्रिय नहिं खोले॥
यह विरद रजपूत दान देकर कर जोरे।
यह विरद रजपूत मार अरियां दल मोरे॥
जमराज पांव पाछा धरे, देखि मतो अवधूत रो।
करतार हाथ दीधी करद, यह विरद रजपूत रो॥

મારા આ પત્રમાં કંઇ અઘટિત લખાણ લખાઇ ગયું હોય તો તેને માટે ક્ષમાયાચના કરૂં છું.

માગશર વદ ૯ }
સંવત ૧૯૭૭. }

લી૦ શુભેચ્છક:-
જોરાવરસિંહ સાહરંગી.

એક દિવસ "अहिंसा परमो धर्म" એ વિષય ઉપર મહારાજશ્રીએ વ્યખ્યાન આપ્યું, જેનો ઠાકોર સાહેબના મન ઉપર ખૂબ પ્રભાવ પડયો. તેથી તે મુજબ પોતાની રિયાસતમાં તે વિગતનાં બે સૂચનાપત્રો ફેરવ્યાં.*

રાજમહિલાઓ તથા અન્ય વનિતાઓએ પણ કેટલીક પ્રતિજ્ઞાઓ લીધી. ત્યારબાદ મહારાજશ્રીએ નાગદા તરફ વિહાર કરવાનો વિચાર કર્યો. પરંતુ તે અરસામાં તો થાંદલાનો શ્રીસંઘ સાહરંગી આવી પહોંચ્યો, અને પોતાને ત્યાં આવવા માટે આગ્રહપૂર્વક વિનંતિ કરી. તેનો સ્વીકાર કરી મહારાજશ્રીએ થાંદલા તરફ વિહાર કર્યો, અને બડવેટ તથા પેટલાવદ થઇ યોગ્ય સમયે થાંદલા પધાર્યા. માર્ગમાંનાં આ બંને

*જુઓ પરિશિષ્ડ (૨)

સ્થાનોએ વ્યાખ્યાન આપ્યાં. થાંદલે વ્યાખ્યાન આપી ઝાબુવા પધાર્યા. ત્યાં બોરીના ઠાકોર સાહેબ તથા તેમના કાકા તથા કારભારી સાહેબ વ્યાખ્યાનમાં હાજર રહ્યા. ત્યાંથી મહારાજશ્રી પારે પધાર્યા. ત્યાંના આંતરકલહનો અંત આણી રાજગઢ પધાર્યા. ત્યાં હિંદુઓ ઉપરાંત મુસલમાન તથા વોરાઓ પણ વ્યાખ્યાનમાં આવતા હતા. તેઓ કહેવા લાગ્યા કે આ ઉપદેશક ખુદાએ મોકલેલા હોય એવા લાગે છે. ત્યાં ત્રીસ સિખી લોકો (વણકરો)એ માંસમદિરાનો ત્યાગ કર્યો. જ્યારે મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી જવા તયાર થયા ત્યારે વિદાય આપવાને મુસ્લીમ બિરાદરો હાજર હતા. ત્યાંથી મહારાજશ્રી કિલાધાર પધાર્યા. ત્યાં દેવીલાલજી મહારાજની નાદુરસ્ત તબિયતને લીધે તેઓશ્રી કેટલાક દિવસ રોકાયા. અને વ્યાખ્યાન કર્યાં. શરૂઆતમાં ઇસ્લામ ધર્મના ધર્માધ્યક્ષ તથા ખ્રિસ્તિ ધર્મના પાદરી આવતા હતા, તથા ત્યાંના દીવાન સાહેબ પણ વ્યાખ્યાનમાં બે વાર આવ્યા હતા. ત્યાંથી કેસૂર પધાર્યા. ત્યાં આસપાસના ગામોના ચમાર લોકો પણ વ્યાખ્યાન સાંભળવાને આવતા હતા. તેઓએ માંસમદિરાનો ત્યાગ કરી આ પ્રતિજ્ઞા લીધી.

## પંચ ચમાર મેવાડા કેસુર.

આ એકરારનામું લખનાર ચમાર પંચલુનીવાળા દુર્ગાજી ચૌધરી સકળ પંચ માળવા, તથા ખાચરોદવાળા ઘાંસીજી તથા સકળપંચ બડલાવદાવાળા બાલાજી તથા બડનગરના સરપંચ મોતીજી, આ ચાર ગામના પંચ કેસૂરમાં (ધાર પરગણું) એકત્ર થયા હતા. ચંપાબાઇને ત્યાં ગંગાજળ લેવામાં આવ્યું હતું, જે વખતે પૂજ્યશ્રી ૧૦૦૮ શ્રી મુન્નાલાલજી

મહારાજના સંપ્રદાયના સુપ્રસિદ્ધ વકતા શ્રી ૧૦૦૮ શ્રી ચૌથમલજી મહારાજના સદુપદેશથી સઘળાઓએ આ ઠરાવ કર્યો છે કે જે દારૂ પીશે અગર માંસ ખાશે તેનો વ્યવહાર પંચ તોડી નાંખશે—ન્યાતથી છ મહીના અલગ રહેવું પડશે તથા રૂ. ૧૧) અગીઆર દંડના આપવા પડશે. આ એકરારનામા મુજબ મહદપુર, ઉજ્જૈન, ખાચરોદ, સુખેડા, પિપલોદા, જાવરા, મન્દસૌર, ચિત્તોડ, રામપુરા, ભાનપુરા, કુકડેશ્વર, મનાસા આદિ ૬૦ ગામોમાં વર્તવામાં આવશે.

તિથિ મહા વદ ત્રીજ સંવત ૧૯૭૭. તા૦ ૧૩–૨–૨૨.

અંગુઠાનાં નિશાન પંચલુનીવાળા દુર્ગાજી.
ખાચરોદવાળા ઘાસીજી.
બડલાવદા—બાલાજી પટેલ.
બડનગર—મોતીજી પટેલ.
પટેલ ભેરૂ કેસૂર—રૂપા પન્ના કેસૂર

(દ.) બ્રાહ્મણ હરિશંકર ગોર રતલામના કે જેમની સમક્ષ પંચોએ ઉપરનું એકરારનામું લખ્યું છે.

આ પ્રમાણેનું એકરારનામું થવાથી ચમારોએ દારૂનો ત્યાગ કર્યો, તેથી દારૂનો ઈજારદાર ક્રોધિત થઈ કહેવા લાગ્યો કે મારી રૂા. ૫૦૦) પાંચસોની આવકને ધોકો પહોંચ્યો છે અને એ પ્રમાણેની સરકારને અરજી કરી. સરકારે ચમારોને બોલાવી ધમકાવ્યા તથા સખ્તાઈ કરવા માંડી. ત્યારે તે લોકોએ સ્પષ્ટ રીતે સંભળાવી દીધું કે ગરદન ઉપર તલવાર ફરી જાય તો ખેર! પરંતુ લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ કરીશું નહી. છતાં જબરજસ્તીથી એક ચમારનું મોં ઉઘાડી તેમાં દારૂ રેડયો,

પણ તેણે પીધો નહિ. પરંતુ દારૂના સ્પર્શ માત્રને કારણે પંચોએ તેનો સવા રૂપીઓ દંડ કરી તેની મીઠાઇ લાવી વહેંચી નાખી, જેથી સઘળાઓને ખ્યાલ આવે કે દારૂના સ્પર્શ માત્રને માટે જ્યારે આટલો દંડ કરવામાં આવ્યો હતો તે પીવામાં આવે તો પછી શુંયે થાય? પછીથી ત્યાં ઉપદેશ આપી મહારાજશ્રી ઇન્દોર પધાર્યા. ત્યાં પીપળી બજારમાં ઉતર્યા અને શ્રીયુત નંદલાલજી ભંડારીની પાઠશાળામાં કેટલાંક વ્યાખ્યાન આપ્યાં. ત્યારબાદ તેઓશ્રીએ ત્યાંથી વિહાર કરી દેવાસ તરફ પ્રયાણ કર્યું.

પ્રકરણ ૩૨મું.

સંવત ૧૯૭૮.

ઉજ્જૈન.

## પરધર્મીઓનો જૈનધર્મ પર પ્રેમ.

દેવાસમાં મહારાજશ્રીએ દરબાર હાઈસ્કુલમાં એક વ્યાખ્યાન કર્યું, અને બીજું એક વ્યાખ્યાન કન્યા પાઠશાળામાં પણ કર્યું. એક દિવસ દેવાસ નરેશ (જુનીયર) સર મલ્હારરાવ બાબા સાહેબ કે. સી. એસ. આઈ. પધાર્યા. તેઓએ કેટલાક પ્રશ્નો પુછયા, તેના મહારાજશ્રીએ યોગ્ય ઉત્તર આપ્યા. ત્યાર બાદ જ્યારે વિહાર કરી જવાનો વિચાર કર્યો ત્યારે, શ્રીસંઘે વિજ્ઞપ્તિ કરી કે આપની સેવામાં દીક્ષા મુમુક્ષુ રામલાલજી વૈરાગી છે, તેને અત્રે દીક્ષા આપવી જોઇએ. આ વાતનો મહારાજશ્રીએ સ્વીકાર કર્યો, અને તે મુજબ ચૈત્ર સુદ ૧ ને દિવસે દીક્ષા આપવામાં આવી. તે સમયે રામલાલજીનું વય ચૌદ વર્ષનું હતું. દીક્ષાનું કામ આટોપી લીધા પછી નવદીક્ષિતને લઇ મહારાજશ્રીએ ઉજ્જૈન શ્રીસંઘના આગ્રહને

વશવર્તી તે તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં લૂણમંડીના ઉપાશ્રયમાં ઉતર્યા. તે દિવસોમાં ત્યાં જ્યાજીગંજમાં દેવીલાલજી મહારાજ વિરાજતા હતા. તેથી આહારાદિથી પરવારી તેમનાં દર્શનાર્થે ત્યાં ગયા. તેજ દિવસે દેવીલાલજી મહારાજ રતલામ તરફ વિહાર કરી ગયા. ત્યાં મુનિ સંમેલન થવાનું હતું. તેથી મહારાજશ્રીને પણ તેમાં જવાનું હતું. છતાં, દિગંબર જૈનોના અગ્રણી ઘાસીલાલજીના સુપુત્ર કલ્યાણમલજી તથા અન્યના આગ્રહને લીધે તેઓશ્રી ઉપકાર સમજી થોડા વધારે દિવસ રોકાયા. મહાવીર સ્વામીનો જન્મોત્સવ સુંદર રીતે ઉજવાય તેથી તેઓશ્રીએ ઉપદેશ આપ્યો કે ભાઇઓ હોય, તે જુદા રહે. છતાં પિતાની સેવા વખતે સઘળાએ એકત્ર થઇ જવું જોઇએ. કોણ જાણે શું થયું ? કે આપણી ત્રણ શાખાઓ (દિગંબર, શ્વેતામ્બર સ્થાનકવાસી તથા દહેરાવાસી) થઇ ગઇ, પરંતુ મુળનાયકતો એકજ હતા. આ ઉપદેશની અસર એ થઇ કે દિગંબર, શ્વેતામ્બર સ્થાનકવાસી તથા દહેરાવાસીઓએ એકત્ર થઇ ઉત્સવ ઉજવ્યો. તે દિવસે ત્રણ હજાર માણસો એકત્ર થયાં હતાં. તેમની સમક્ષ સૌથી પહેલા પ્યારચંદજી મહારાજે મહાવીર સ્વામીના જન્મ ઉપર થોડું વિવેચન કર્યું. ત્યારપછી મહારાજશ્રીએ મહાવીર સ્વામીના જીવનચરિત્ર ઉપર મનોહર વ્યાખ્યાન આપ્યું, તેની લોકો ઉપર ઉંડી છાપ પડી. આ થઇ રહ્યા બાદ પણ વ્યાખ્યાનો નિયમિત થતાં હતાં. શરૂઆતમાં પ્યારચંદજી મહારાજ અર્ધો કલાક વ્યાખ્યાન આપતા. તેમની પછી મહારાજશ્રીનું પ્રવચન થતું. જૈનો ઉપરાંત વૈષ્ણવો, મુસલમાનો તથા વોરાઓ તરફથી પણ ચાતુર્માસને માટે આગ્રહ કરવામાં આવ્યો; ત્યારે

મહારાજશ્રીએ જણાવ્યું કે અમારાં ગુરૂદેવ રતલામ વિરાજે છે, એટલે ત્યાં ગયા પછી ચોક્કસ નિર્ણય પર આવી શકાય. તે મુજબ ઉન્હેલ, તથા ખાચરોદ થઇ વૈશાખ સુદ ૫ ને દિવસે તેઓશ્રી રતલામ પધાર્યા. ત્યાં ચાંદની ચોકમાં વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું. આ વખતે મુનિ સંમેલન નિમિત્તે ત્યાં પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજ, નંદલાલજી મહારાજ, દેવીલાલજી મહારાજ તથા ખૂબચંદજી મહારાજ આદિ ૨૯ સંતો હતા. તેજ સમયે ઉજ્જૈન શ્રીસંઘ તથા દિગંબર જૈન કલ્યાણમલજીના બંધુ રાજમલજી તથા પંચાયત બોર્ડના અમલદાર બાબૂ બંશીધરજી ભાર્ગવ, વૈષ્ણવ વિગેરેએ રતલામ આવી પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજને આગ્રહપૂર્વક વિનંતિ કરી. તે ઉપરથી પૂજ્યશ્રીએ મહારાજશ્રીને ચાતુર્માસ ઉજ્જૈન કરવાની આજ્ઞા કરી. કલ્પકાળ (મહીનો) પૂર્ણ થતાં મહારાજશ્રીએ ઉજ્જૈન માટે પ્રસ્થાન કર્યું. ઘાંચી વિગેરે ભાઇઓએ બીજાં ત્રણ વ્યાખ્યાન કરવાનો આગ્રહ કર્યો. તે મુજબ તેમના આગ્રહને માન આપી ત્રણ સુલલિત વ્યાખ્યાન આપ્યાં, તે સાંભળી વ્યાખ્યાન સ્થળેજ ઘાંચીઓએ અમુક પ્રતિજ્ઞાઓ લીધી. ત્યાંથી નામલી તથા પંચેડ થઇ જાવરા પધાર્યા, અને ત્યાંથી તાલ થઇ મહદપુર પધાર્યા. મહદપુરમાં ત્રિસ્તુતિક મંદિરમાર્ગી ભાઇઓની પાઠશાળાના વિદ્યાર્થીઓની ધાર્મિક વિષયની પરીક્ષા લીધી. ત્યાંની જનતાએ ચાતુર્માસ માટે પુષ્કળ આગ્રહ કર્યો, પણ ઉજ્જૈનના નિમંત્રણનો સ્વીકાર થઈ ગયો હતો, તેથી મહારાજશ્રીએ જણાવ્યું કે આગામી ચાતુર્માસ વખતે જો અવસર પ્રાપ્ત થશે તો અહીંને માટે વિચાર કરીશું. ત્યાંથી યોગ્ય સમયે ઉજ્જૈન પહોંચ્યા. ત્યાં

સ્થાનાંગ સૂત્ર સહિત વ્યાખ્યાન આપવામાં આવતું હતું. તે વખતે ત્યાની જનતા તો એકત્ર થતીજ હતી, પરંતુ દૂરદૂરનાં સ્થળોએથી પણ અગણિત શ્રોતાઓ આવતા હતા. આ વખતે મહારાજશ્રીની સેવામાં રહેતા તપસ્વી મયાચંદજી મહારાજે તેંત્રીસ ઉપવાસની તપશ્ચર્યા કરી. આ તપશ્ચર્યા શ્રાવણ સુદ ૫ તા૦ ૨૯–૭–૨૨ ને શનિવારને રોજ આરંભવામાં આવી હતી, જેની પૂર્ણાહુતિ ભાદરવા સુદ ૮ તા૦ ૩૦–૮–૨૨ ને બુધવારે થની હતી. પૂર્ણાહુતિના ઉત્સવની જાહેરાત ત્યાંના શ્રીસંઘે "જૈન જગત" તથા "જૈન પથ પ્રદર્શક" આદિ વર્તમાનપત્રો દ્વારા તથા નિમંત્રણો મોકલી સઘળે ઠેકાણે કરી હતી. રતલામ, જાવરા, મન્દસૌર, પ્રતાપગઢ, મલ્હારગઢ, રામપુરા, નીમચ, ખાચરોદ, નાગદા, બાંગરોદ, ઉન્હેલ, ખરવા, બિછરોદ, બાધલી, ધામણગાંવ, શાજાપુર, સુજાલપુર, આગ્રા, તરાના, ભોપાલ તથા દિલ્હી વિગેરે ભિન્ન ભિન્ન સ્થળોએથી શ્રાવક-શ્રાવિકાઓનું આગમન થયું હતું. તપશ્ચર્યાની પૂર્ણાહુતિને દિવસે કાપડની મિલ, પ્રેસ, જીન, કસાઇખાનાં આદિ બંધ રહેવાં જોઇએ, એમ વિચારી શ્રીસંઘનું (ડેપ્યુટેશન) પ્રતિનિધિમંડળ વિનોદ મિલના એજન્ટ બાબૂ મદનમોહનજીની પાસે ગયું, અને આ અવસર નિમિત્તે મિલ બંધ રાખવાની વિનંતિ કરી. મિલ બંધ રાખવાનું કઠિન હતું, કેમકે એક દિવસ બંધ રાખતાં રૂા. ૭૦૦૦ (સાત હજાર રૂપીઆ)ની નુકશાની વેઠવી પડે એમ હતું. પરંતુ દિગંબર જૈન ધર્માવલંબી બાબુ મદનમોહનજીએ તેની પરવા ન કરતાં મિલ બંધ રાખી. તેજ મુજબ શ્રીસંઘની વિજ્ઞપ્તિને માન્ય રાખી ખાન-સાહેબ શેઠ નંજરઅલી અલાબક્ષની મિલના માલિક શેઠ

લુકમાનભાઈએ પણ મિલ બંધ રાખવાનો નિશ્ચય કર્યો, અને આ પ્રમાણે રૂા. ૫૦૦૦ (પાંચ હજાર)ની નુકસાની વેઠી. મહોરમના દિવસોમાં ત્રણ દિવસ જ્ઞાતિ ભોજન થતું, તેમાં બે દિવસ તો થઇ પણ ગયું હતું. પરંતુ ત્રીજે દિવસે કે જ્યારે પૂર્ણાહુતિ હતી, તે દિવસે પોતે અહલે ઇસ્લામ હોવા છતાં પણ આ ધર્મમાં નિષ્ઠા હોવાને લીધે મીઠો ભાત બનાવ્યો અને એ રીતે લગભગ સો બકરાઓને જીવતદાન મળ્યું. તેમણે એમ પણ કહેવડાવ્યું કે જો મને આગળથી માલૂમ હોત તો આગળના બે દિવસોમાં પણ હું બીજું કંઈ બનાવી લેવડાવત. આને માટે શ્રીસંઘ, દિગંબર જૈન અગ્રણી સેવારામજીના સુપુત્ર રખબદાસજી પાટની તથા બાબૂ બંસીધરજી ભાર્ગવ વિગેરેએ એકત્ર થઇ શહેરના કાજી સાહેબ જનાબવાલા તથા ઇસ્લામી ભાઈઓને અરજ કરી આ કાર્યમાં શહેરના કાજી સાહેબ જનાબઆલા વજરૂદ્દીન સાહેબ, ઉસ્તાદ હસનમિયાં, મૌલાના ફૈજમુહમ્મદ, તથા ઇબ્રાહીમ કસ્સાવે પુષ્કળ સાથ આપી બનતા બધા પ્રયત્નો કર્યા. પૂર્ણાહુતિને દિવસે "**अहिंसा परमो धर्मः**" એ વિષય ઉપર મહારાજશ્રીએ એક સુમધુર મનોરમ્ય વ્યાખ્યાન આપ્યું. જજ સાહેબ મૌલવી ફાજિલ સાદુદ્દીન હૈદર, તથા સબ જજ સાહેબ મી૦ ચૌબે, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ તથા અન્ય અનેક પ્રતિષ્ઠિત સજ્જનો પધાર્યા હતા. વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ જજ સાહેબે વ્યાખ્યાનની તથા મહારાજશ્રીની સારગર્ભિત શબ્દોથી પ્રશંસા કરી, જેનો સારાંશ નીચે પ્રમાણે છે:-

"મેં ઘણા ભાષણ કર્તાઓને તથા ભાષણોને સાંભળ્યાં છે. પરંતુ મુનિ ચૌથમલજીએ આજે આપણી સમક્ષ જે

ભાષણ કર્યું તે સાંભળી મને અત્યંત આનંદ થયો છે. તે સન્માનનીય છે. જે જે બાબતો આપણને મહારાજશ્રીએ જણાવી છે, તે યાદ રાખી તેને અમલમાં મૂકવાની આપણી ફરજ છે. હું અત્રેના તથા બહારના ગૃહસ્થોનો હાર્દિક આભાર માનું છું. આપણી સામે જે સ્વામીજી મહારાજ બેઠા છે, તેઓશ્રીએ તેત્રીસ ઉપવાસ કર્યા છે. તેત્રીસ ઉપવાસ! બોલવું કેટલું સહેલું છે પણ તે કરવાનું કઠિન કેટલું છે, તેનો ખ્યાલ કરો. અમારામાં ત્રીસ રોજા કરવામાં આવે છે તેમાં તો સવારે તથા સાંજે એમ બે વખત ખાવાનું મળે છે, છતાં પણ રોજા પાળવા ભારે મુશ્કેલ લાગે છે. સ્વામીજી મહારાજે માત્ર ગરમ પાણી ઉપર નિર્વાહ ચલાવ્યો, અને તે પણ માત્ર દિવસેજ પીવાનું, રાત્રે તો તે પણ નહિ, કેમકે તેમના ધર્મમાં તેની મનાઇ છે. હું સ્વામીજીને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું. મેં અહીં આવીને સાંભળ્યું કે કસાઇઓએ પોતાની રાજીખુશીથી પરસ્પર મળીને આજનો દિવસ પશુવધ કરવાનું તથા માંસ વેચવાનું બંધ રાખ્યું છે. જેમાં સરકાર તરફથી બિલકુલ દબાણ કરવામાં આવ્યું નથી. આ સાંભળી મને આનંદ થયો. સરકાર તો ચોર, પાપી, અન્યાયી, દુરાચારી વિગેરેને ચોરી, પાપ, અન્યાય તથા દુરાચાર કરવા માટે પકડીને શિક્ષા કરે છે. પરંતુ સ્વામીજીના વ્યાખ્યાનથી જેટલો સુધારો થાય છે, તેટલો તે શિક્ષાથી થતો નથી. તેઓશ્રીના ઉપદેશથી ચોર ચોરીનો, પાપી પાપનો, અન્યાયી અન્યાયનો, અને દુરાચારી દુરાચારનો ત્યાગ કરે છે. આમ હોવાને લીધે પ્રજાવત્સલ ગ્વાલિયર નરેશને બહુ ફાયદો થાય છે. તેથી હું અમારા મહારાજાધિરાજ સિંધીઆ તરફથી આભાર પ્રદર્શિત કરૂં છું.”

આ પ્રમાણે વિવેચન કરી તેઓ બેસી ગયા, તે વખતે તાળીઓના ગગડાટથી તેમને વધાવી લેવામાં આવ્યા. પૂર્ણાહુતિના ઉત્સવમાં જાવરાના નગરશેઠ શ્રીયુત સોભાગમલજી મહેતા પણ જાવરાથી આવ્યા હતા. તેમણે પણ વ્યાખ્યાન મંડપમાં ઉભા થઈ હાજર રહેલા સદ્ગૃહસ્થોને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપી, મહારાજશ્રીની પ્રશંસા કરતું એક ઓજસ્વી વ્યાખ્યાન આપ્યું. શેઠજી અગ્રગણ્ય સમાજ હિતેચ્છુ, શાસ્ત્રવેત્તા તથા સ્વભાવે ગંભીર છે. સમાજોન્નતિ તથા વિદ્યા પ્રચાર સંબંધમાં તેમના વિચાર ઘણા ઉમદા છે અને તે વિચારો વખતોવખત કાર્ય રૂપમાં પરિણમે છે.

તેમની પછી મૌલાના ચાદઅલી સાહેબે ભાષણ કરતાં જણાવ્યું કે સ્વામીજી મહારાજના ભાષણની તારીફ કરવા માટે મને શબ્દો જડતા નથી. આવા ગુણી જનોનો જ્યાં નિવાસ થતો હોય તે સ્થળને ઘણું ભાગ્યશાળી માનવું જોઈએ. આવા મહાત્માઓ જે પોતાની અમૂલ્ય જીંદગી આત્મિક બળ મેળવવામાં તથા ધર્મ પ્રચારમાં ગાળે છે, તેમને અનેક ધન્યવાદ હો. તેમની જીંદગી સફળ થઈ ગઇ એમ માનવું જોઈએ. એવા તો જગતમાં અસંખ્ય જીવો જન્મે છે અને મરણ શરણ થાય છે. આવશ્યક છે કે આપણે પણ આવા પાક દિલ અને પાક વિચારવાળા મહાત્માઓના ઉપદેશાનુસાર વર્તન કરીએ અને આપણા સાંપ્રદાયિક મતભેદોને વિસરી જઇ આપણી કોમ તથા વહાલા વતનની ઉન્નતિ સાધીએ.

એક દેશમાં રહેવાથી અને બીજા અનેક કારણોથી જૈન અમારા ભાઇ છે અને અમારે તમામ કારોબાર અતિશય

ઐકયતા તથા મોહબતથી ચલાવવો જોઈએ.” બીજે દિવસે પણ ત્યાં એક વ્યાખ્યાન આપ્યું. ત્રણસો લૂલાંલંગડા અપંગોને ભોજન કરાવવામાં આવ્યું. ત્યારબાદ મહારાજશ્રીના વ્યાખ્યાનની અત્યંત પ્રશંસા થવા લાગી. સર સૂબા હયાત મહમદખાં સાહેબ, સૂબા સાહેબ વાસુદેવ નિગુડકર, પ્રાંત જજ મૌલવી ફાજિલ સાદુદ્દીન હૈદરસાહેબ, સબ જજ સાહેબ, નાયબ સાહેબ, સૂબા સાહેબ, મેજરસાહેબ, લશ્કરી અમલદાર, પોલીસ ઈન્સ્પેકટર સાહેબ, તથા ઠેકેદાર ( કંટ્રાકટર) નિજામુદ્દીન સાહેબ વિગેરેએ વ્યાખ્યાન શ્રવણ કર્યું. વ્યાખ્યાનની પ્રશંસા કરતાં કરતાં સૂબા સાહેબે બે વખત આવી વ્યાખ્યાન સાંભળવાની ઈચ્છા પ્રગટ કરી તથા એમ પણ જણાવ્યું કે જો મને પહેલેથી આવી ખબર હોત તો વ્યાખ્યાન શ્રવણનો લાભ મેં શરૂઆતથીજ મેળવ્યો હોત. કેમકે મહારાજશ્રીનું વ્યાખ્યાન ખૂબ આકર્ષક થાય છે. ત્યારબાદ જયાજીગંજમાં નિવાસ કરતા શ્રાવકોએ પોતાને ત્યાં વ્યાખ્યાન કરવા માટે તથા મહારાજશ્રી પાસે જે બે ભાઈ મુમુક્ષુ હતા તેમને દીક્ષા આપવાની આગ્રહપૂર્વક વિનંતિ કરી. તેનો સ્વીકાર કરી તેઓશ્રી ભાદરવા વદ ૨ને દિવસે જયાજીગંજ પધાર્યા. ત્યાં આસો વદ ૭ને દિવસે દીક્ષા આપવાનું નક્કી કરવામાં આવ્યું. વદી ૩ ને દિવસે વરઘોડો કાઢવામાં આવ્યો તથા નિશ્ચિત સમયે કલરબધના બાગમાં દીક્ષા આપવામાં આવી. મુમુક્ષુઓમાંના એક રતલામ નિવાસી બત્રીસ વર્ષના વીસા ઓશવાળ હતા. બીજા ભાઈ ઈન્દોરના વતની ચૌદ વર્ષની ઉંમરના હતા. તેમની સાથે તેમની માતા પણ હતી. દીક્ષા બાદ એકનું નામ સંતોષમુનિ રાખવામાં આવ્યું, તે આપણા ચરિત્રનાયકની પાસે રહ્યા, બીજા ઈન્દોર નિવાસીનું નામ મગન

મુનિ રાખવામાં આવ્યું, અને તેમને છગનલાલજી મહારાજના આશરા હેઠળ મૂકવામાં આવ્યા. તેમનાં માતુશ્રીને ધાપૂજી આર્યાજીની પાસે રાખવામાં આવ્યાં તે દિવસે મહારાજશ્રીએ સેવારામજીના બાગમાં રાત ગાળી. મહારાજશ્રી ફરીથી જયાજીગંજ પધાર્યા, અને કેટલાંક વ્યાખ્યાન આપી પાછા શહેરમાં પધાર્યા. ત્યાં મુનિશ્રી પ્યારચંદ્રજી વિરચિત "ગુરૂ ગુણ મહિમા" નામનું પુસ્તક વહેંચવામાં આવ્યું. વળી મહારાજશ્રીએ ત્યાં વ્યાખ્યાન સાથે "રૂકમિણી આખ્યાન" વાંચ્યું. આ પ્રમાણે ત્યાં ચાતુર્માસમાં પુષ્કળ ધર્મધ્યાન થયાં. અજૈનોએ પણ વ્રત ઉપવાસાદિ કર્યા, જેનો ઉલ્લેખ ક્ષમાપત્રિકામાં થઇ ગયો છે. કારતક વદ ૧ ને દિવસે વિહાર કરવાના વિચારથી એક વ્યાખ્યાન આપ્યા પછી સઘળાને ખમાવ્યાં. મહારાજશ્રી વિહાર કરી જશે, એ ખબર મળતાં લોકોને દુઃખ થયું. તેઓશ્રી ત્યાં થોડો વધુ વખત વિરાજે એવી સઘળાની અભિલાષા હતી. પરંતુ કલ્પ હોવાથી દેવાસ તરફ વિહાર કર્યો. શહેરની બહાર માર્ગમાં સેવારામજીનો બગીચો આવ્યો. ત્યાં લોકોએ આગ્રહપૂર્વક મહારાજશ્રીને રોકયા. ત્યાં તેઓશ્રીએ સ્તવનની સાથે સાથે બે માંગલિક કહ્યાં. બીજે દિવસે ઇસ્લામી અગ્રણી ફૈજ મહમદખાંએ મહારાજશ્રી પાસે વ્યાખ્યાન કરાવવાનું નક્કી કરી લીધું. તે મુજબ નિયત સમયે તેજ બાગમાં વ્યાખ્યાન થયું. ત્યારપછી વિહાર કરવાનો વિચાર કર્યો તો જનતાના પુણ્ય પ્રતાપથી આકાશ વાદળમાંથી ઘનઘોર છવાઈ ગયું, અને મેઘવૃષ્ટિ થશે, એમ સ્પષ્ટ ભાસ થવા લાગ્યો. તેથી જનતાએ આગ્રહ કર્યો કે આવા વાતાવરણમાં આપ વિહાર કરવાનો વિચાર માંડી વાળો. આ સાંભળી તેઓ દોલતગંજમાં પધાર્યા.

ફરીથી કેટલાંક વ્યાખ્યાન આપ્યા બાદ દેવાસ તરફ પ્રયાણ કર્યું. તે વખતે ઉજ્જૈન શ્રીસંઘ ઘણે દૂર સુધી વિદાય આપવાને આવ્યો. ત્યારપછી તેઓશ્રી નરવલ પધાર્યા. ત્યાં પણ વ્યાખ્યાન આપી, આહારાદિથી નિવૃત્ત થઈ દેવાસ તરફ ગયા. દેવાસ પધારવાનું મુખ્ય કારણ એ હતું કે જ્યારથી દેવીલાલજી મહારાજ ચાતુર્માસ પૂર્ણ કરી ઇંદોરથી અત્રે આવ્યા હતા, ત્યારથી તેમની તબિઅત સારી રહેતી નહોતી. બીજું, દેવાસ શ્રીસંઘની વિજ્ઞપ્તિ પણ હતી. તેથી તેઓશ્રી દેવાસ પધાર્યા. ધર્મધુરંધર મહારાજ સર મલ્હારરાવ પંવાર કે. સી. એસ. આઇ. પણ વ્યાખ્યાનમાં પધાર્યા. તેઓ વારંવાર ચરિત્રનાયકજીના ઉતારે પણ આવતા, અને કેટલાક ઉપયોગી વિષયો ઉપર ચર્ચા કરતા. એક દિવસ મહારાજાએ આપણા ચરિત્રનાયકને વિજ્ઞપ્તિ કરી કે કૃપા કરીને આપ થોડા વધુ દિવસ અત્રે રોકાઇ જનતાના અજ્ઞાનરૂપી અંધકારનો વિચ્છેદ કરો. આને ઉપકાર સમજી મહારાજશ્રીએ સ્વીકાર કર્યો. પહેલાં વ્યાખ્યાન કન્યાશાળામાં થતાં હતાં, પરંતુ જ્યારે શ્રોતાઓની સંખ્યા વધી પડી, ત્યારે તુકોજીગંજના મેદાનમાં વ્યાખ્યાન થવા લાગ્યું. મહારાજા સર તુકોજીરાવ બાપુસાહેબ મહારાજા પંવાર કે. સી. એસ. આઇ. તથા તેમના લઘુ બંધુ તથા દીવાન રાયબહાદુર નારાયણ પ્રસાદજી, શ્રીયુત બી. એન. ભાજેકર બી. એ. એલ. એલ. બી., શ્રીયુત જી. એ. શાસ્રી એમ. એ., શ્રીયુત ડી. આર. લહરી એમ. એ., તથા અન્ય અનેક વિદ્વાનો પણ વ્યાખ્યાન શ્રવણ કરવા આવ્યા હતા; તે વખતે મુસલમાન ભાઇઓએ પ્રભાવના વેંહચી. ત્યારબાદ મહારાજશ્રીએ દેવાસના ઘંટાઘર (Tower)માં તથા રાજવાડામાં વ્યાખ્યાન આપ્યાં. જ્યાં મહારાજાએ

બધી જનતાને દાખલ થવાની પરવાનગી આપી. જે દિવસે રજવાડામાં વ્યાખ્યાન હતું, તે દિવસે મહારાજા સાહેબ તરફથી મોટા પેંડાની પ્રભાવના વહેંચવામાં આવી, વળી દરબારશ્રીએ ગોચરી માટે મહારાજશ્રીને વિજ્ઞપ્તિ કરી, જેનો સ્વીકાર કરવામાં આવ્યો. મહારાજા સાહેબે જૈનધર્મના રીતરિવાજ મુજબ ચરિત્રનાયકજીને ભોજન વહોરાવ્યું; અને પછીથી ઉઘાડે પગે રજવાડાના દરવાજા સુધી વળાવવા આવ્યા. ત્યારબાદ શહેરના કાજી તથા મુસલમાન ભાઈઓના આગ્રહથી ઇદગાહમાં વ્યાખ્યાન આપ્યું. વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ શહેરના કાજી તાજુદીન સાહેબે ડાકટર ગણપતરાવ સીતોલેને જાહેર કરવા જણાવ્યું કે "મેં આજીવન માંસ, મદિરા તથા પરસ્ત્રીગમન આદિ અનેક દુષ્ટ ટેવોનો આજથી ત્યાગ કર્યો છે." ઇસ્લામી ભાઈઓ તરફથી પતાસાંની પ્રભાવના વહેંચવામાં આવી. દેવાસ રાજ્ય તરફથી પણ એક વ્યાખ્યાન માટે વિજ્ઞપ્તિ થઇ ગઈ હતી. ત્યાં પણ રાજવાડામાં બે વ્યાખ્યાન થયાં. તે વખતે નરેશ સર તુકોજીરાવ બાપૂસાહેબ મહારાજ પંવાર કે. સી. એસ. આઇ. ખુદ પધાર્યા અને તેમના તરફથી મોટા પેંડાની પ્રભાવના વહેંચવામાં આવી.

ત્યાંથી વિહાર કરી ઇન્દોર પધાર્યા. ત્યાં પીપલી બજારમાં ઉતારો કર્યો. ખૂબ ધામધુમથી તેઓનું સ્વાગત કરવામાં આવ્યું. શ્રીમાન શેઠ નંદલાલજીની પાઠશાળામાં ત્રણ વ્યાખ્યાન થયાં. પછીથી દક્ષિણ દિશા તરફ પ્રયાણ કરવાનો મહારાજશ્રીનો ઇરાદો હતો. પરંતુ જનતાના પ્રેમને વશવર્તી છવ્વીસ દિવસ રોકાઇ બમ્બઈ બજારમાં વ્યાખ્યાન કર્યા. માહેશ્વરી, અગ્રવાલ, નીમા, ખંડેલવાલ, દિગંબર, શ્વેતામ્બર,

સ્થાનકવાસી તથા મુસલમાન સઘળાઓએ ખૂબ પ્રેમભાવ પ્રકટ કર્યો, તે દિવસોમાં ઇન્દોરની આસપાસ રિવાજ મુજબ સેંકડો જીવોની કત્લ થવાની હતી, તેથી લોકોએ ડિસ્ટ્રિકટ સૂબા સાહેબને તેને માટે વિનંતિ કરી. તેમણે તેજ વખતે તેને માટે યોગ્ય બંદોબસ્ત કર્યો. શેઠ જડાવચંદજી તાતેડ, બાબૂ રાજમલજી નાયઠા, હસ્તીમલજી ભટેવરા, મગનલાલજી પોરવાડ, ભૈરવલાલજી ઓસવાળ, મથુરાલાલજી જાવરાવાળા વિગેરેએ પોતાના ધંધારોજગાર છોડીને પંદર દિવસ સુધી ગામોમાં અહર્નિશ ફરી બંદોબસ્ત માટે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો. કુંવરજી નેમાએ આ કાર્ય માટે રૂા. ૫૦૦) પાંચસો સહાયતાર્થ આપ્યા. આ પ્રમાણે લગભગ પંદરસો જીવોને જીવતદાન મળ્યું. ત્યારબાદ ઇન્દોરથી રતલામ તરફ વિહાર કર્યો. માર્ગમાં ખેડુતોના આગ્રહને વશ થઇ ૧૦–૧૨ દિવસ હાતોદ નામના ગામમાં રોકાયા. આસપાસનાં લગભગ દોઢ હજાર માણસો વ્યાખ્યાન શ્રવણ કરવાને એકત્ર થતાં. ત્યાં પ્રત્યેક માસની એકાદશી તથા અમાવસ્યાને દિવસે નીચે દર્શાવેલાં નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી:—

(૧) ભાડભૂંજા ભટ્ટી તથા ઘાંચી ઘાણી બંધ રાખશે.

(૨) કુંભકાર પોતાનું ચાક બંધ રાખશે.

(૩) ખેડુતો બળદોને જોતરશે નહિ.

(૪) કંદોઇ ભઠ્ઠી બંધ રાખશે.

(૫) સોની અગ્નિની જરૂરીયાતવાળું કામ બંધ રાખશે.

આ પ્રમાણે સં. ૧૯૭૯ના પોષ વદ ૧૪ ને રોજ પ્રતિજ્ઞા થયા બાદ તેવું એકરારનામું લખવામાં આવ્યું. ઇન્દોરથી લોકો મોટરોમાં બેસી બેસીને

હાતોદ ગામ સુધી દર્શનાર્થે દોડી આવતા હતા. ત્યારબાદ વિજાગામના લોકોના આગ્રહથી તેમને ગામ (વિજયે) પધાર્યા. ત્યાં વ્યાખ્યાન આપ્યું; અને સોની કિશનલાલજી (હાતોદ નિવાસી)એ પતાસાંની પ્રભાવના વહેંચી. પછીથી આગરા (હોલ્કર સ્ટેટ)માં પધાર્યા. ત્યાં બક્ષ પટેલે સઘળા ખેડુતોને એકત્ર કરી વ્યાખ્યાન કરાવ્યું, અને સાકરની પ્રભાવના વહેંચી. ત્યાંથી વિહાર કરી દેપાલપુર પધાર્યા. ત્યાં શ્વેતામ્બર સ્થાનકવાસીનું એકપણ ઘર નહોતું. પરંતુ દહેરાવાસી ભાઈઓના આગ્રહથી બજારમાં વ્યાખ્યાન આપ્યું. લોકોએ ખૂબ પ્રેમ પ્રદર્શિત કર્યો. ત્યાં હૈદરાબાદ નિવાસી રાયબહાદુર શેઠ જવાલાપ્રસાદજી ઇન્દોરથી આવ્યા હતા, તેમને સમાચાર મળ્યા કે મહારાજશ્રી દેપાલપુરમાં વિરાજે છે, તેથી તે તથા રામલાલજી તથા સુખલાલજી કીમતી ત્યાં આવ્યા. વ્યાખ્યાન સાંભળી, થોડી ઘણી વાતચીત કરી પાછા ઇન્દોર ચાલ્યા ગયા. અહીં મહારાજશ્રીએ બીજું એક વ્યાખ્યાન કરી, ગૌતમપુર તરફ પ્રયાણ કર્યું. ત્યાં કેટલાંક વ્યાખ્યાન આપી બડનગર તરફ વિહાર કર્યો. ત્યાં પણ સ્થાનકવાસીઓનાં માત્ર ૧-૨ ઘર હોવા છતાં દહેરાવાસી બંધુઓએ મહારાજશ્રીને આગ્રહપૂર્વક વિનંતિ કરી રોકી ૭ વ્યાખ્યાન કરાવ્યાં. ત્યાંથી વિહાર કરી તેઓશ્રી રતલામ પધાર્યા, કેમકે શાસ્ત્ર વિશારદ પૂજ્ય મુનિ મુન્નાલાલજી મહારાજ ત્યાં વિરાજતા હતા. તેઓનાં દર્શન કરી, ચાંદની ચોક તથા નીમચ ચોકમાં ૭ વ્યાખ્યાન આપી ધામણોદ થઈ ફાગણ વદી ૧૪ ને રોજ સેલાને પધાર્યા. ત્યાં જાહેર વ્યાખ્યાન આપ્યું, તેનો સારો પ્રભાવ પડયો.

## પ્રકરણ ૩૩મું.

સંવત ૧૯૭૯.

ઇન્દોર.

# નૃપતિઓ તથા ધનિકોની શ્રદ્ધા

સેલાના જઇ ચૈત્ર સુદ ૧ ને દિવસે મહેલની સામે વ્યાખ્યાન આપ્યું. ત્યાંના નરેશ પહેલેથી વ્યાખ્યાન સાંભળવા અત્યંત આતુર હતા. પરંતુ પોતાની અસ્વસ્થ તબિઅતને લીધે ન આવી શકયા, તેથી પોતાના દીવાનને મોકલ્યા. ત્યાંથી મહારાજશ્રી પિપલોદે પધાર્યા. ત્યાં દર વર્ષે માતાજીના મંદિરમાં બકરાનું બલિદાન આપવામાં આવતું હતું તે મહારાજશ્રીના ઉપદેશથી ઠાકોર સાહેબે બંધ કરાવ્યું; અને તેમણે પોતે સૂવર તથા શેર (વાઘ) સિવાય તીતર, કબુતર આદિ પક્ષીઓને ન મારવાના સોગંદ લીધા. ઠાકોર સાહેબે વિશેષ રોકાવા માટે આગ્રહ કર્યો, પરંતુ સમયાભાવને લીધે તેમ ન કરી શકયા. ત્યાંથી વિહાર કરી જાવરા પધાર્યા, અને ત્યાં શ્રી મહાવીર જયંતિ ઉજવવામાં આવી, તથા કેટલાંક વ્યાખ્યાન પણ આપ્યાં. કજોડીમલજી મહારાજની નાદુરસ્ત

તબિઅતને લીધે તેઓશ્રી ત્યાં વિરાજમાન થયા. બે ત્રણ દાકતરો પાસે ઔષધોપચાર કરાવ્યા, પણ નિરર્થક. આખરે આલોયણા, સંથારો કરીને તેઓ દેવલોક પામ્યા. ત્યાર બાદ મહારાજશ્રીએ ત્યાંથી રિંગનોદ તરફ પ્રયાણ કર્યું. કેમકે ત્યાંના કુમાસદાર સાહેબે ત્યાં પધારવા માટે જાવરા આવી વિજ્ઞપ્તિ કરી હતી, ત્યાં બે વ્યાખ્યાન કર્યાં. વિશેષ રોકાઈ શકાય એમ ન હોવા છતાં, ત્યાંના ઠાકોર સાહેબ રણજીતસિંહજી તથા તેમના લઘુબંધુના આગ્રહથી બીજાં છ વ્યાખ્યાન આપ્યાં. ત્યાંથી વિહાર કરી મન્દસૌર પધાર્યા. બે વ્યાખ્યાન ખલચિપુરમાં આપ્યાં. વળી ત્યાંના દિગંબર જૈન અગ્રણી ભોપજી શંભૂરામજીના ભાઇ સાહેબે આગ્રહ કર્યો કે વ્યાખ્યાન મારી હવેલી ઉપર આપો, જેથી ગૃહ મહિલાઓ પણ શ્રવણનો લાભ મેળવી શકે. આ પ્રમાણેનો આગ્રહ થવાથી મહારાજશ્રીએ ચાર વ્યાખ્યાન આપ્યાં. ત્યારબાદ ઝનકૂપુરા, બજાજખાનામાં વ્યાખ્યાન થયાં. પોરવાડ ભાઇઓએ કન્યાવિક્રય ન કરવાની પ્રતિજ્ઞા કરી એવું ઠરાવ્યું કે જે પ્રતિજ્ઞાનો ભંગ કરશે, તેનો જ્ઞાતિ દંડ કરશે. એક ભાઈ કે જેમણે પોતાની દિકરીની પહેરામણી તરીકે બે હજાર રૂપીઆ લેવાનું ઠરાવ્યું હતું, તેમણે વ્યાખ્યાનમાંજ ઉભા થઈ પહેરામણી ન લેવાની પ્રતિજ્ઞા કરતાં કહ્યું કે ત્રણસો તો મેં લીધેલા છે, પરંતુ બાકીના રૂ. ૧૭૦૦)માંથી એક પાઇ પણ લઇશ નહિ. અને ત્રણસો કે જે મેં લીધા છે તે પણ અત્યારે હું ભીડમાં હોવાથી મારી સગવડ પ્રમાણે પાછા વાળીશ. આજ પ્રમાણે ઓસવાળોમાં પણ સુધારા થયા, અને વૃદ્ધ લગ્નની દુષ્ટ પ્રથાનો અંત આવ્યો. સરાફોએ ચાંદીમાં અધિક પ્રમાણમાં ભેળસેળ ન કરવાની

પ્રતિજ્ઞા કરી. બીજે દિવસે વિહાર કરી જવાનો વિચાર હતો. પરંતુ શહેરના કોટવાલ હેતસિંહજીના આગ્રહને વશવર્તી એક વધુ વ્યાખ્યાન આપ્યું, જેને લીધે ખૂબ જીવહિંસા બંધ થઇ.

ત્યારબાદ તેઓશ્રી પાલ્યે પધાર્યા. ત્યાંપણ ભોપજી શંભુરામજીના ભાઇ સાહેબ મોટરમાં બેસી દર્શનાર્થે આવ્યા. પછીથી મહારાજશ્રી મલ્હારગઢ તથા નારાયણગઢ પધાર્યા. બંને સ્થળોએ વ્યાખ્યાન થયાં અને તેથી સારા પ્રમાણમાં ઉપકાર થયો. નારાયણગઢમાં ઇસ્લામધર્મના અગ્રણી તથા જાગીરદાર હફીજુલ્લાખાં સાહેબના આગ્રહને લીધે વ્યાખ્યાન આપ્યું. શહેરના કાજી, મેજિસ્ટ્રેટ સાહેબ, ડાકટર સાહેબ આદિ સંભાવિત સદ્‌ગૃહસ્થોએ વ્યાખ્યાન શ્રવણનો લાભ મેળવ્યો. ઠાકોર રણજીતસિંહજી સાહેબ, તથા ઠાકોર રઘુનાથસિંહજી સાહેબ તથા ઠાકોર ચૈનસિંહજી સાહેબે મદિરા સેવન તથા પરસ્રીગમનનો ત્યાગ કર્યો. ત્યારપછી ત્યાંથી ઝારડા થઈ મહાગઢ પધાર્યા. ત્યાં એકજ વ્યાખ્યાન સાંભળી ખેડૂતોએ અમાવાસ્યાને દિવસે હળ ન ચલાવવાની, તથા વૈશ્યોએ દુકાનો ન ઉઘાડવાની તથા કન્યાવિક્રય ન કરવાની પ્રતિજ્ઞાઓ લીધી. ઠાકોર ભવાનીસિંહજી, ઠાકોર રણછોડસિંહજી, ઠાકોર કાલૂસિંહજી વિગેરેએ જીવહિંસા કરવાનો ત્યાગ કર્યો. ત્યાંથી મણાંસેની જનતાનો પુષ્કળ આગ્રહ જોઈ મહારાજશ્રી ત્યાં પધાર્યા, અને વ્યાખ્યાન આપ્યાં. ત્યાં અલ્હેડના કામદારનો પત્ર આવ્યો.

તા૦ ૫-૬-૨૩, વૈશાખ વદ ૭ સં. ૧૯૮૦.

રાજમાન રાજેશ્રી મુની શ્રી ચૌથમલજી મહારાજને હજારો દંડવત સાથે નિવેદન કરવાનું કે આપનો આજ્ઞાંકિત

સેવક ત્રણ વર્ષથી આપના દર્શનાભિલાષી છે. આશા રાખું છું કે આ શુભ અવસરે અત્રે પધારવાની કૃપા કરી સેવકના મનોરથ પૂર્ણ કરશો. એજ.

કામદાર ઠે. અલ્હડ | આપનો સેવક— શેખ મહમૂદ બખ્શ, રાયપૂર, (મારવાડ)

મણાંસે વ્યાખ્યાન આપી કુકડેશ્વર પધાર્યા. ત્યાં ત્રણ વ્યાખ્યાન આપ્યાં. તેના પ્રભાવથી ઘાંચી લોકોએ માંસ મદિરાના ત્યાગના સોગંદ લીધા અને જ્ઞાતિએ ઠરાવ કર્યો કે જે તેનું સેવન કરશે તેનો દંડ કરવામાં આવશે. ત્યાંથી વિહાર કરી રામપુર પધાર્યા. એ જણાવવાની આવશ્યકતા નથી કે મહારાજશ્રીનાં વ્યાખ્યાન શ્રવણ કરવાને દૂર દૂરથી લોકો આવે છે. તે વખતે રામપુરમાં દેવીલાલજી મહારાજ વિરાજતા હતા. તેમનાં દર્શન કરી કેટલાંક સાર્વજનિક વ્યાખ્યાન આપ્યાં. ત્યારબાદ ત્યાંથી ગરોઠ પધાર્યા, અને ગરોઠથી ગંગધાર પ્રસ્થાન કર્યું. ત્યાં બે વ્યાખ્યાન આપ્યા. લોકોએ વિશેષ રોકાવા માટે આગ્રહ કર્યો, પરંતુ વર્ષાઋતુ સમીપ હોવાથી રોકાઈ શકયા નહિ, અને તેથી આલોટ ગયા. ત્યાં બે વ્યાખ્યાન આપ્યાં અને પછી તાલ પધાર્યા. ત્યાં તેઓશ્રીના શિષ્ય છગનલાલજી મહારાજ છ શિષ્ય સાથે વિરાજતા હતા, ત્યાં જઈ મહારાજશ્રીએ પોતાના શિષ્ય પૃથ્વીરાજજી મહારાજને ત્રણ સાધુઓ સહિત ચાતુર્માસ માટે જાવરા જવાની આજ્ઞા કરી, અને શંકરલાલજી મહારાજને ત્રણ સાધુઓ સહિત ચાતુર્માસ માટે મન્દસૌર જવાની આજ્ઞા કરી. મહારાજશ્રી જાતે બીજાં બે વ્યાખ્યાન આપી લોદ થઈ બડાવદે પધાર્યા. ત્યાં પણ

વ્યાખ્યાન આપ્યું, અને તેનો ઠાકોર રઘુનાથસિંહજી તથા ડાકટર સાહેબે લાભ લીધો. ત્યાર પછી મહારાજશ્રી ખાચરોદ પધાર્યા. ત્યાં બજાજખાનામાં વ્યાખ્યાન આપ્યું. મુનશી જમીર હુસેન સાહેબ બી. એ. મેજિસ્ટ્રેટ તથા લાલા મનોહરસિંહજી વકીલ હાયકોર્ટ વિગેરેએ વ્યાખ્યાન સમાપ્ત થતાં ચરિત્રનાયકજીના ગુણોની પ્રશંસા કરી ધન્યવાદ આપ્યો, અને વિશેષ વ્યાખ્યાન આપવાની આગ્રહપૂર્વક વિનંતિ કરી. તે મુજબ મહારાજશ્રીનાં બીજાં પણ કેટલાંક વ્યાખ્યાન થયાં. પછીથી ધાનેસુતેમાં ત્રણ વ્યાખ્યાન આપી બારોદે થઇ તેઓ બડનગર પધાર્યા. સ્ટેશન ઉપર સ્ટેશન માસ્તર ગોવર્દ્ધનલાલજીએ મહારાજશ્રીને સ્ટેશન ઉપરજ રોકયા. રૂનીજાના બાબૂ બલદેવપ્રસાદજીએ ટેલીફોનદ્વારા મહારાજશ્રીને પ્રણામ કહેવડાવ્યા અને કહ્યું કે મને પંચેડમાં દર્શન લાભ મળી ચૂકયો છે. સાયંકાળે શહેરમાંથી લોકો આવ્યા અને શહેરમાં વ્યાખ્યાન આપવાની અરજ કરી. આ અરજનો મહારાજશ્રીએ સહર્ષ સ્વીકાર કર્યો. પરંતુ મેઘરાજાની પધરામણી થતાં તેઓ શહેરમાં જઇ શકયા નહિ. તેથી ત્યારબાદ ત્યાંથી ગૌતમપુર પધાર્યા. ત્યાં એક વ્યાખ્યાન આપી દેપાલપુર ચંબલ થઈ આગરા (હોલ્કર સ્ટેટ) વાળા બદ્દા પટેલની વિજ્ઞપ્તિથી આગરા પધાર્યા. ત્યાં એક રાત્રિ નિવાસ કરી હાતોદ પધાર્યા. ત્યાં બે વ્યાખ્યાન આપ્યાં. ત્યારબાદ ત્યાંથી વિહાર કરી ઇન્દોર પધાર્યા, અને ત્યાં પીપલી બજારમાં ઉતર્યા. પરંતુ વ્યાખ્યાન માટે ત્યાં જગ્યાની પુરતી સગવડ નહોતી. તેથી તેઓશ્રીને રાય બહાદુર સર શેઠ હુકમીચંદજીની ધર્મશાળામાં ઉતારો આપવામાં આવ્યો, અને ત્યાં પ્રવચન થવા લાગ્યાં. જનાબ

મુનશી અજીજાુર રહેમાન ખાન સાહેબ બેરિસ્ટર, ઇન્સ્પેકટર જનરલ ઑફ પોલીસ તથા જનરલ ભવાનીસિંહજી સાહેબ આદિ મુખ્ય રાજ્ય કાર્યભારીઓ વ્યાખ્યાનમાં ઉપસ્થિત થતા. તે વખતે મુનિશ્રી મયાચંદજી મહારાજે ૩૫ દિવસની તપશ્ચર્યા કરી. પૂર્ણાહુતિનાં નિમંત્રણોને માન આપી દૂર દૂરથી હજારો લોકો આવ્યા હતા. પૂર્ણાહુતિને દિવસે વ્યાખ્યાન આદિ માટે પ્રબંધ કરવામાં આવ્યો હતો. શ્રીયુત લાલા જાુગમંદિર લાલજી જૈની, એમ. એ., બેરિસ્ટર, ચીફ જજ તથા લૉ મેમ્બર હોલ્કર સ્ટેટ, શ્રીમાન શંકરલાલજી ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ વિગેરે એકત્રિત થયા હતા. શ્રીયુત બાબૂ બંશીધરજી ભાર્ગવે (ઉજ્જૈન) સભામંડપમાં ઉભા થઈ ઉજ્જૈન તથા ઇન્દોરમાં ચાતુર્માસ કરવાથી થયેલા ઉપકારનું દિગ્દર્શન કરાવ્યું. જૈન તથા જૈનેતર બાળકોએ સુમધુર સ્વરથી વિવિધ વિષયો ઉપર સુબોધક ગીતો ગાયાં, અને તેમને યોગ્ય પુરસ્કાર આપવામાં આવ્યો. ઉજ્જૈનથી દિગંબર સંપ્રદાયના અગ્રણી શ્રીયુત શેઠ સેવારામજીના સુપુત્ર શ્રીયુત રખબદાસજી પણ ઉત્સવમાં ભાગ લેવા આવ્યા હતા. તે દિવસે શહેરમાં કસાઇઓની દુકાનો બંધ રાખવામાં આવી. સ્ટેટ મિલના કન્ટ્રાકટર શેઠ નંદલાલજી ભંડારીએ મિલ બંધ રખાવી દયાભાવ પ્રદર્શિત કર્યો. લગભગ ૨૦૦૦ ભિક્ષુક તથા નિરાધારોને દૂધ, મિઠાઇ, ભોજન ઇત્યાદિ ખવડાવવા પીવડાવવામાં આવ્યાં, તથા સિવનીવાળા શેઠ નેમીચંદજી, ગણેશલાલજી તથા સાગરમલજી નથમલજીના ફર્મના મુનીમશ્રી હસ્તીમલજી તરફથી વસ્ત્રદાન પણ કરવામાં આવ્યું.

એક દિવસ "જીવ-દયા" વિષય ઉપર વ્યાખ્યાન સાંભળી નજર મહમૂદ કસાઇએ ઉભા થઇ જાહેર કર્યું કે આ ભરી

સભામાં કુરાનેશરીફને સાક્ષી રાખી હું પ્રતિજ્ઞા કરૂં છું કે, જન્મભર માટે હું મારા જીવહિંસા કરવાના ધંધાનો ત્યાગ કરૂં છું. બીજા પણ કેટલાક લોકોએ ત્યાગ કર્યા, જેનો ઉલ્લેખ યોગ્ય સમયે ક્ષમાપત્રિકામાં કરવામાં આવ્યો છે.

શ્રીયુત નંદલાલ ભટેવરાને તેઓશ્રીના ઉપદેશ સાંભળી એટલી બધી વિરક્તિ થઇ કે તે એક દિવસ દીક્ષા લેવાને તૈયાર થઈ મહારાજશ્રીની સેવામાં હાજર થયા. કુટુંબીઓની આજ્ઞા મેળવી આસો વદ ૭ને રોજ તેમને દીક્ષા આપવામાં આવી. તે દિવસે દીક્ષાના સમયે ખાનદેશ જીલ્લાના પીપલ ગામવાળા શ્રીયુત સૂરજમલજી હંસરાજજી ઝામડ ત્યાં આવ્યા હતા. તેમણે દીક્ષામાં કુલ કેટલો ખર્ચ થયો છે તે વિષે પુછપરછ કરી. પ્રત્યુત્તરમાં જણાવવામાં આવ્યું કે રૂા. ૫૦૦) થી ૧૦૦૦૦) સુધી. જેવી શ્રદ્ધા તથા જેવી ઈચ્છા. આ સાંભળી તેમણે જણાવ્યું કે આ દીક્ષામાં રૂા. ૨૦૦૦) મારા તરફથી ગણજો. આમ કહી તેમણે રૂા. ૨૪૦૦)ની હુંડી તારદ્વારા મંગાવી. તેમાંના રૂા. ૪૦૦) દયા ખાતે તથા રૂા. ૨૦૦૦) ઉપર જણાવ્યા મુજબ દીક્ષા માટે આપ્યા.

આ બધું પતી ગયા પછી બીજાં કેટલાંક વ્યાખ્યાન આપી મહારાજશ્રીએ ત્યાંથી વિહાર કર્યો. તેઓશ્રીના સ્મરણાર્થે કોઈ કૃતિ પ્રકાશિત કરવામાં આવે, એવો લોકોનો વિચાર હતો. વૈષ્ણવ ધર્માનુયાયી શ્રીયુત કુંવરજી રણછોડદાસે તેનો ખર્ચ પોતાને શિર ઉપાડી લીધો. ત્યારબાદ એવો નિર્ણય કરવામાં આવ્યો કે મહારાજશ્રીએ "સીતા વનવાસ" ઉપર જે વ્યાખ્યાન આપ્યું હતું, તે હિંદી ભાષામાં પુસ્તકાકારે

છપાવવું, કે જેથી મહિલા–સમાજમાં તે વિશેષ ઉપયોગી નીવડે. સઘળાઓએ એકત્ર થઇ મહારાજશ્રીના સુયોગ્ય શિષ્ય શ્રી પ્યારચંદજી મહારાજને આ બાબતમાં વિનંતિ કરી, અને તેનો તેઓશ્રીએ સહર્ષ સ્વીકાર કર્યો. માત્ર પંદર દિવસની ટુંક મુદતમાં તે સરળ હિંદી ભાષામાં તેમણે તૈયાર કર્યું. આ પ્રમાણે પુસ્તક ખૂબ ઝડપથી તૈયાર કરી છપાવીને બહાર પાડયું. તે સિવાય મહારાજશ્રી દ્વારા લખેલ અનેક પુસ્તકો ઘાસીલાલજી ચાંદમલજી તરફથી પણ છપાઇ પ્રકાશિત થયાં.

પછીથી ત્યાંથી વિહાર કરી મહારાજશ્રી જતા હતા, તે વખતે હજારો લોકો તેઓશ્રીને વિદાય કરવાને આવ્યા. નીકળતી વખતે પોલીસ કમિશ્નર ગુલામ મહમદખાન સાહેબ રસ્તામાં આવતા હતા. મહારાજશ્રીને દેખતાં વેંતજ તેઓ મોટરમાંથી નીચે ઉતરી પડયા, અને નમસ્કાર કર્યા. આથી મહારાજશ્રીએ તેમને કહ્યું કે દયા કરવામાં વિશેષ ધ્યાન આપજો. ત્યારબાદ ટાઉનહોલ તરફ થઇને તેઓશ્રી તુકોગંજ પધાર્યા. ત્યાં ખબર મળી કે મહારાજશ્રીનાં દર્શનાભિલાષી શ્રીયુત હીરાચંદજી કોઠારી (રેવન્યુ મેમ્બર, હોલ્કર, સ્ટેટ) ઇસ્પીતાલમાં દર્શન કરવા ચાહે છે, તેથી તેઓશ્રી તેમને દર્શન આપી, તુકોગંજમાં ઉતર્યા. એટલામાંજ શેઠ બીનોદીરામ બાલચંદના સુપુત્ર શ્રીયુત નેમીચંદ તથા ભંવરલાલજી મહારાજ શ્રીની પાસે આવ્યા અને પોતાના નિવાસસ્થાન માણિકભવનમાં ઉતરવાને આગ્રહ કર્યો. તેમનો આગ્રહ જોઇ મહારાજશ્રીએ માણિકભવનમાં પોતાનાં પુનિત પગલાં પાડયાં. પ્રાતઃકાળે રાયબહાદુર શેઠ કલ્યાણમલજી સાહેબની હવેલીમાં વ્યાખ્યાન

થયું. એ સ્થળ શહેરથી બે માઈલ દૂર હોવા છતાં પુષ્કળ લોકો આવ્યા હતા. વ્યાખ્યાન સાંભળી રાયબહાદુર શેઠ કલ્યાણમલજીએ પોતાનો સંતોષ તથા પ્રસન્નતા પ્રગટ કર્યા. તેમનાજ આગ્રહને લીધે બીજાં બે વ્યાખ્યાન આપ્યાં. શ્રીયુત લાલા જુગમંદરલાલજી જૈની, દાનવીર સર શેઠ હુકુમચંદજી રાયબહાદુર શેઠ કસ્તુરચંદજી, શ્રી નેમીચંદજી, શ્રી ભંવર-લાલજી તથા શ્રી શંકરલાલજી ઇત્યાદિ વ્યાખ્યાન સમયે હાજર રહ્યા હતા. તેઓ સઘળા કહેવા લાગ્યા કે જો આપના જેવા બે ચાર ઉપદેશકો ભારતવર્ષમાં પ્રગટ થાય તો જૈન જાતિનો શીઘ્રતાથી ઉદય થાય. ત્રીજા વ્યાખ્યાનમાં શ્રીમાન કલ્યાણ-મલજી સાહેબ તથા નાનાં મોટાં બંને શેઠાણીઓ આવ્યાં હતાં. તેઓએ બે વિશેષ વ્યાખ્યાનને માટે આગ્રહ કર્યો. તેને વશવર્તી બે વધુ વ્યાખ્યાન આપ્યાં. ત્યાર પછી નેમીચંદજી ભંવરલાલજી શેઠીએ વિહાર નહિ કરવા દેતાં એક વ્યાખ્યાન કરવાનો સ્વીકાર કરાવ્યો. બીજે દિવસે વ્યાખ્યાન આપ્યા બાદ ભોજનાદિથી નવૃત્ત થઇ તેઓશ્રી નીકળતા હતા, તે વખતે શ્રીમાન કલ્યાણ-મલજી તથા બંને શેઠાણીઓ આવી પહોંચ્યાં, અને અત્યંત આગ્રહ કરી તે દિવસે પણ વિહાર કરવા ના દીધો. અસ્તુ. એક બીજું વ્યાખ્યાન આપ્યું તે વખતે ત્યાં કુશલગઢના શ્રીમાન રાવ રણજીતસિંહ રાજા સાહેબ પણ ઉપદેશ શ્રવણ કરવા આવ્યા હતા. તેમણે વ્યાખ્યાન સાંભળી અત્યંત પ્રસન્નવદને આવો સુઅવસર પ્રાપ્ત થવા માટે પોતાને ધન્યભાગી મનાવ્યા. વ્યાખ્યાન બાદ મધ્યાહ્ન કાળે તેઓ ફરીથી પધાર્યા અને ધાર્મિક ચર્ચા કરવા લાગ્યા. સાથે સાથે મહારાજશ્રીને પોતાને વતન પધારવાની કૃપા કરવા પણ વિજ્ઞપ્તિ કરી, અને

વિનયપૂર્વક જણાવ્યું કે આપ જો પધારવાની કૃપા કરશો તો મારી પ્રજાને પણ આ સૌભાગ્ય સાંપડશે. આ સાંભળી મહારાજશ્રીએ જણાવ્યું કે જેવો અવસર હશે તેમ થશે. ત્યારબાદ તેઓશ્રીએ ત્યાંથી હાતોદ તરફ પ્રયાણ કર્યું. સ્ટેટ મિલ્સની સમીપ થઇ પસાર થતા હતા, તે વખતે માર્ગમાં કમાન્ડર ઇન ચીફ જનરલ શ્રીભવાનીસિંહજી બગીમાં બેસીને જતા હતા. તેઓ બગીમાંથી ઉતરી પડયા, અને નમસ્કાર કરી ઘણે દૂર સુધી પગે ચાલતા વળાવવા આવ્યા. કિલ્લાની પાસેના બગીચામાં રાત્રિ નિવાસ કર્યો. ત્યાં શેઠ રા. બ. કલ્યાણમલજી દર્શનાર્થે આવ્યા. બીજે દિવસે હાતોદ તરફ વિચરતા હતા, તે વખતે દેવાસ શ્રીસંઘ ત્યાં આવી મળ્યો, અને દેવાસ પધારવાને અત્યાગ્રહ કર્યો. આનો સ્વીકાર કરી મહારાજશ્રીએ દેવાસ તરફ પ્રયાણ કર્યું. શ્રીમાન સરકાર સર મલ્હારરાવ બાબા સાહેબ* કે. સી. એસ. આઇ. દેવાસ રાજ્ય (૨) તે વખતે મુંબઇમાં હતા, અને એકાદ બે દિવસમાં આવી પહોંચવાના સમાચાર મળ્યા હતા. યથા સમયે તેઓ આવી પહોંચ્યા અને મહારાજશ્રીનાં દર્શન કર્યાં. પછીથી તેઓ એક બે વખત વ્યાખ્યાનમાં પણ પધાર્યા હતા. બી. એન. ભાજેકર બી. એ. એલ. એલ. બી. (કારભારી સાહેબ) પણ વ્યાખ્યાનમાં પધાર્યા હતા, તેમણે "ગૌરક્ષા" તથા "વિદ્યા"એ વિષય ઉપર વ્યાખ્યાન આપવા વિનંતિ કરી. લોકોએ ગૌરક્ષા તથા વિદ્યાપ્રચાર માટે દ્રવ્ય એકત્રિત કર્યું, અને સન્નારીઓએ ઘરેણાં ગાંઠાં ઉતારી સહાયતા માટે અર્પણ કર્યાં.

* દેવાસ દરબારના વિશેષ પરિચય માટે જુઓ પરિશિષ્ટ પ્રકરણ ત્રીજું.

દરબારે પણ વ્યાખ્યાનનો લાભ લીધો, તથા ગોચરી માટે પોતાના મહેલમાં લઇ ગયા. ત્યારબાદ એકાદ બે બીજાં વ્યાખ્યાન આપી ઉજ્જૈન તરફ વિહાર કર્યો. લૂણમંડી, જિયાજીગંજમાં વ્યાખ્યાન થયું. તે વખતે રાજમાન્ય ખાન-સાહેબ લુકમાનભાઈ તથા ફૈજ મહમદ પેશ ઇમામ સાહેબે ઉભા થઇ મહારાજશ્રીની વકતૃત્વશક્તિ આદિની ભારે પ્રશંસા કરી.

ત્યાંથી ઉન્હેલ પધાર્યા. ત્યાંના જાગીરદાર જેઓ મુસલમાન છે, તેમણે ઉપદેશ શ્રવણ કરી જીનપ્રેસ બંધ રાખ્યું. તે ઉપરાંત પોતાની હદમાં કોઇને પણ જીવહિંસા ન કરવા દેવાની પ્રતિજ્ઞા કરી. ત્યારબાદ મહારાજશ્રી ત્યાંથી નાગદે પધાર્યા. ત્યાં ભૂરસિંહજીનાં પત્ની રૂકિમણી દીક્ષા માટે ઉત્સુક હતાં. તેમણે માત્ર એકજ વાર મહારાજશ્રીનું વ્યાખ્યાન શ્રવણ કર્યું હતું. ભૂરસિંહજી તો શરૂઆતથીજ મહારાજશ્રીના ઉપદેશા-મૃતનું પાન કરવાથી સંસારને અસાર માનતા હતા. પરંતુ પોતાની સ્ત્રી પણ દીક્ષા લે તો સારૂં એવી તેમની ઇચ્છા હતી. એટલામાં તો તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો. ભૂરસિંહજીનો આજ્ઞાપત્ર મળતાં શ્રીસંઘના આગ્રહથી તેમને દીક્ષા આપી, રંગૂજી સતીના સંપ્રદાયનાં સતી ધાપૂજી મહારાજને સુપરત કર્યા. ત્યારબાદ મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી ખાચરોદ થઇ રતલામ પધાર્યા, અને પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજનાં દર્શન કર્યાં. ત્યાંથી જાવરા, પ્રતાપગઢ, જીરણ, નીમચ તથા જાવદ થઇ ગંગાર પધાર્યા. ત્યાંની જ્ઞાતિઓમાં બે તડ પડયાં હતાં, તેમાં ઐકયતા કરાવી અને કન્યાવિક્રય બંધ કરાવ્યો. પછીથી હમીરગઢ પધાર્યા. તે વખતે મહારાજશ્રીની સાથે

અજમેર પ્રાંતના જૂનિયાં ગામ નિવાસી વીસા ઓશવાળ રાજમલજી દીક્ષા મુમુક્ષુ હતા. વળી ત્યાંના રિખબચંદજી ભંડારી પણ દીક્ષા મુમુક્ષુ હતા. તેમની દીક્ષા માટે ભીલવાડા શ્રીસંઘે હમીરગઢ આવી વિનંતિ કરી. તેથી ત્યાંથી ભીલવાડા પધાર્યા. ત્યાં તેઓશ્રીનાં કેટલાંક વ્યાખ્યાન થયાં તથા ઉપરોક્ત બંને વૈરાગીઓની દીક્ષાના કાર્યનો આરંભ થયો.



મરહુમ ધર્મપ્રેમી દાનવીર રાયબહાદુર શ્રીમાન
શેઠ કુન્દનમલજી કોઠારી સાહેબ, ઓનરેરી મેજીસ્ટ્રેટ, બ્યાવર.
(પરિચય માટે જુઓ પ્રકરણ ૩જું)

A 7425—Lakshmi Art. Bombay, 8.

## પ્રકરણ ૩૪મું.

સંવત ૧૯૮૦.

સાદડી ( મારવાડ ).

# અપૂર્વ તપશ્ચર્યા અને શ્રાવકોનો ઉત્સાહ.

તે વખતે ભીલવાડામાં મન્દસૌર નિવાસી શ્રીમાન રત્નલાલ વીસા પોરવાડ આવી ગયા હતા. ત્રણે વૈરાગીઓનો વરઘોડો કાઢવામાં આવ્યો. મુનિશ્રી નંદલાલજી મહારાજ, મુનીશ્રી દેવીલાલજી મહારાજ તથા મુનિશ્રી ખૂબચંદજી મહારાજ પોત પોતાના શિષ્યો સહિત પધાર્યા હતા. વળી પૂજ્યશ્રી એકલિંગદાસજી મહારાજના સંપ્રદાયના ચોથમલજી મહારાજ પણ પધાર્યા હતા, આ પ્રમાણે ભીલવાડમાં સાધુઓ એકત્ર થયા. આ વખતે મહાવીર સ્વામીના જન્મોત્સવ સાથે ત્રણ વૈરાગીઓની દીક્ષા છે, એમ જાણી આજુબાજુનાં લગભગ ૧૨૫ ગામોનાં લગભગ ૫૦૦૦ માણસો આવ્યાં હતાં, તે વખતનું દૃશ્ય રમણીય હતું. યોગ્ય સમયે સાંસારિક વસ્ત્રાભૂષણોનો ત્યાગ કરી ત્રણે વૈરાગીઓ સાધુ વેશ ધારણ કરી

મુનિ મંડળ સમીપ આવ્યા. તેમના પરિવારની આજ્ઞા મેળવી મુનિશ્રી નંદલાલજી મહારાજે ત્રણેને દીક્ષા આપી. કેશલોચન કરાવી (મુંડન કરાવી) જયની ગગનભેદી ઘોષણાઓ વચ્ચે દીક્ષવિધિ સંપન્ન કરી. ત્યારબાદ મહાવીર સ્વામીના જીવનચરિત્ર ઉપર આપણા ચરિત્રનાયકે મનોહર પ્રવચન કર્યું, અને તેમના સમર્થનમાં મુનિશ્રી દેવીલાલજી મહારાજે પણ ટુંકું પ્રવચન કર્યું. તે વખતે સાદડી (મારવાડ) શ્રીસંઘે ચાતુર્માસ માટે વિજ્ઞપ્તિ કરી. જેનો મહારાજે સ્વીકાર કર્યો અને કહ્યું કે બેશક, ત્યાં સારા પ્રમાણમાં ઉપકાર થશે. અન્ય મુનિવરોએ પણ આ કથનનું સમર્થન કર્યું, તેથી ચાતુર્માસની વિજ્ઞપ્તિનો સ્વીકાર કરવામાં આવ્યો. ત્યાં કેટલાંક વ્યાખ્યાન થયાં, જેમાં ટેલર સાહેબ પણ આવતા હતા. એક દિવસ તેમના પત્નીએ મહારાજશ્રીને પોતાને બંગલે પધારી દર્શન આપવા વિનંતિ કરી. તદનુસાર તેઓશ્રી ત્યાં પધાર્યાં, તે વખતે લેડી ટેલરે તેમની સાથે કેટલીક ધાર્મીક ચર્ચા કરી.

ત્યારબાદ મુનિશ્રી દેવીલાલજી મહારાજે તથા આપણા ચારિત્રનાયકે સાઁગાનેર તરફ વિહાર કર્યો. તેમના આગમનથી સાઁગાનેરમાં માહેશ્વરીઓના આંતરીક વૈમનસ્યનો અંત આવ્યો. બનેડાના ભાઇઓ પણ ત્યાં આવી પહોંચ્યા. તેમના આગ્રહને વશવર્તી તેઓશ્રી બનેડા પધાર્યા. આ રાજ્ય ઉદયપુરમાં શાહપુરાથી ઉત્તર-પૂર્વે આવેલું છે. ત્યાં કેશરિયાજીના મંદિરમાં ઉતારો કર્યો. બનેડાના શ્રીમાન રાજા અમરસિંહે જ્યારે મહારાજશ્રીનાં વ્યાખ્યાનોની પ્રશંસા સાંભળી, ત્યારે તેઓ પણ વ્યાખ્યાનમાં પધાર્યા. વ્યાખ્યાન સાંભળી મહારાજશ્રીના

શુભાગમનને પોતાનું સૌભાગ્ય માની ઉપદેશની પ્રશંસા કરી તથા બીજે દિવસે પોતે હાજર રહેશે એવી ઇચ્છા પ્રદર્શિત કરી. બીજે દિવસે તેઓ ફરીથી પધાર્યા, અને ત્રીજા દિવસનું વ્યાખ્યાન નજર બાગમાં થાય એવી વિજ્ઞપ્તિ કરી, કે જેથી રાજમહિલાઓ પણ તેનો લાભ ઉઠાવી શકે. વિજ્ઞપ્તિ મુજબ કરવામાં આવ્યું. સામાન્ય જનતા પણ ત્યાં આવી. રાજા સાહેબ તરફથી દ્રાક્ષ તથા બદામની પ્રભાવના વહેંચવામાં આવી. મધ્યાહ્નકાળે રાજાજી પોતે મહારાજશ્રીને ઉતારે આવ્યા, અને ધાર્મિક વિષયો ઉપર વાર્તાલાપ કરવા લાગ્યાઃ—

નરેશઃ—મહારાજશ્રી ! શું જૈનધર્મ એ બૌદ્ધધર્મની શાખા છે?

મુનિઃ—ના, જૈનનર્ધ સ્વતંત્ર છે, નહિ કે બુદ્ધધર્મની શાખા. બૌદ્ધધર્મમાં બુદ્ધનેજ પહેલા અવતારી પુરૂષ માનવામાં આવ્યા છે, પરંતુ તે તો અમારા ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીના સમકાલીન હતા. આ પ્રમાણે જૈનધર્મ તો અનાદિ છે. પરંતુ આ અવસર્પિણી કાલમાં જૈનધર્મના મુખ્ય પ્રથમ અવતારી પુરૂષ શ્રી ઋષભદેવ થયા છે. તેમને થઈ ગયે કરોડો વર્ષ વીતી ગયાં. તેમને વિશે શ્રીમદ્ ભાગવતમાં પણ ઉલ્લેખ છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જૈનધર્મ પ્રાચીન તેમજ સ્વતંત્ર છે. કેટલાક પાશ્ચિમાત્ય વિદ્વાનોએ શોધખોળ કર્યા સિવાય લખી નાખ્યું છે, તે પ્રમાણે તે બુદ્ધધર્મની શાખા નથી, પરંતુ તેનાથી ઘણોજ પ્રાચીન છે.

આ પ્રમાણે કેટલાંક પ્રમાણો રજુ કરી જૈનનધર્મની પ્રાચીનતા સિદ્ધ કરી.

નરેશ:—મહારાજ, જીવને મારવાથી તે મરતો નથી:—

"नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः

न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुतः ॥"

(શ્રીમદ્ ભગવદ્ ગીતા, અ. ૨., શ્લોક ૨૩)

તો પછી આપ હિંસા કરતાં શા માટે અટકાવો છો?

મુનિ:—આપ કહો છો તે તો ઠીક છે. ખરેખર, જીવ માર્યો મરતો નથી. તે તો અજર અમર અને અરૂપ છે. પરંતુ સ્થૂલ શરીરના સંયોગથી આત્મા દુઃખી થાય છે. કેમકે સ્થૂલ શરીરને પોતાનું માની તે તેમાં નિવાસ કરે છે. તેથી જ્યારે તેના શરીરને કષ્ટ પડે છે, ત્યારે સાથે સાથે આત્માને પણ કષ્ટ થાય છે. બસ, આ પ્રમાણે આત્માને દુઃખ દેવું, તેનું નામ હિંસા. ધારો કે એક મકાનમાં બેઠેલા એક મનુષ્યને આપ ધક્કા મારીને બહાર કાઢવાનો ઈરાદો રાખો છો. હવે એમ બને કે એક તો તે પોતે પોતાની મરજીથી ચાલ્યો જાય અગર તમે તેને બલાત્કારથી બહાર કાઢો. હવે વિચાર કરો કે તેને કઈ અવસ્થામાં શાન્તિ રહેશે? આ પ્રમાણે એકેન્દ્રિયથી પંચેંદ્રિય સુધીનાં સઘળાં પ્રાણીઓ આયુષ્ય-રૂપી અવધિ પહેલાં તેમનાં શરીરોનો બળાત્કારે ત્યાગ કરાવનારથી શું દુઃખ નહિ પામે? તેથીજ દયા કરવી એ મનુષ્ય માત્રનો ધર્મ છે. મહાત્મા તુલસીદાસજીએ તો ગાયું છે કે:—

દયા ધર્મકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટમેં પ્રાન.

**નરેશ**:–મહારાજ! પૃથ્વી, વનસ્પતિ, વાયુ ઈત્યાદિમાં પણ જીવ છે, તો પછી સાંસારિક અવસ્થામાં રહેતાં છતાં તેમની રક્ષા કેવી રીતે કરી શકાય?

**મુનિ**:–હા, સાંસારિક અવસ્થામાં સંપૂર્ણ અહિંસક રહેવું અત્યંત કઠીન છે. પરંતુ પોતાનાથી થઇ શકાય એટલા અહિંસક મનુષ્યે થવુંજ જાઇએ. વિના પ્રયોજન એકેંદ્રિય જીવોને સતાવવું એ પાપ છે.

**નરેશ**:–તો મહારાજ, આપતો બિલકુલ અહિંસકજ રહો છો?

**મુનિ**:–અમારાથી બિલકુલ જીવહિંસા ન થાય, તેને માટે પૂરતું ધ્યાન રાખીએ છીએ. તેથીજ આપે જોયું હશે તેમ અમારા લોકોને બોલવા, ચાલવા તથા ફરવા હરવા આદિ પ્રત્યેક અવસ્થામાં સંપૂર્ણ સાવચેતી રાખવી પડે છે. કોઇ વ્યક્તિ અમારી પાસે આવવા જવાની આજ્ઞા અગર સંમતિ માગે તો અમે ઉત્તરમાં "દયા પાળો" એમ કહીએ છીએ. એનો સારાંશ એ છે કે અમારા નિમિત્તે કોઇ પણ એવું કાર્ય ન થવું જોઇએ, જેમાં હિંસાની ગંધ સરખી હોય. અમે કાચું (ઠંડું) પાણી પણ પીતા નથી; કેમકે પાણીના એકજ ટીપામાં અસંખ્ય સૂક્ષ્મ જીવો હોય છે. બનવાજોગ છે કે અમારી આ માન્યતામાં શરૂઆતમાં લોકોને વિશ્વાસ ન પણ બેસે. પરંતુ આધુનિક કાળમાં એ સઘળી બાબતોને વિજ્ઞાને

સ્પષ્ટ શબ્દોમાં સાચી પુરવાર કરી છે. હાલમાંજ અલ્લાહાબાદ પ્રેસ તરફથી "સિદ્ધપદાર્થ–વિજ્ઞાન" નામનો ગ્રંથ પ્રકાશિત થયો છે, જેમાં તેના લેખક કેપ્ટન સ્કાર્સ બી. એ. સાબિત કરી બતાવ્યું છે કે પાણીના એકજ બુંદમાં સૂક્ષ્મ યંત્રદ્વારા ૩૬૪૫૨ સૂક્ષ્મજીવો હરતા ફરતા દેખાય છે. તે યંત્રનું ચિત્ર જુઓ.

અમે લોકો છાશ બનાવવામાં અથવા સ્નાન કરવામાં જે ગરમ પાણી બાકી રહે છે તેને, અથવા તો દ્રાક્ષ, પિસ્તાં, ચોખા ઇત્યાદિના ધોવણને પીએ છીએ. ચાહે એટલી ઠંડી પડે, છતાં જે ત્રણ વસ્ત્રો અમે ઓઢી રાખીએ છીએ. તેનાથી વિશેષ રાખી અથવા ઓઢી શકતા નથી. સાંસારિકો પાસે માગી શકતા નથી, તેમજ અગ્નિદ્વારા તાપીને પણ ઠંડીનું નિવારણ કરી શકતા નથી. અમે હજામ પાસે હજામત કરાવી શકતા નથી, પરંતુ અમારા હાથથીજ તેને ઘાસની માફક ઉખાડી નાખીએ છીએ. રેલ્વે, મોટર, ઘોડાગાડી, હાથી, ઘોડા ઈત્યાદિ કોઇ પણ પ્રકારની સ્વારી કરી શકતા નથી. પરંતુ એક શહેરથી બીજે શહેર, અને એક ગામથી બીજે ગામ પગપાળા ઘૂમી ઘૂમીને ઉપદેશ આપીએ છીએ. અમારો સરસામાન ઉઠાવવાને સાથે મજુર અગર કોઇ પણ માણસને રાખતા નથી. સંસારીઓ પાસે હાથ પગની ચંપી કરાવતા નથી. નોટ, હુંડી, સોનામહોર, રૂપીઆ, પૈસા, કાર્ડ (પત્તુ), કવર (લિફાફો)) વિગેરે એટલે સર્વ ધાતુઓની બનેલી કોઇ પણ વસ્તુ અમારી

પાસે રાખતા નથી; અથવા તો અમારે માટે બીજા પાસે રખાવતા નથી, તે એટલે સુધી કે જો કદાચ કપડાં શીવવા માટે સોય સરખી જોઇએ તો તે પણ ગૃહસ્થાશ્રમી પાસે લઇએ છીએ. અને જો તે ભૂલેચૂકે પણ એકાદ રાત પાસે રહી જાય તો તેના દંડ તરીકે એક ઉપવાસ કરવો પડે છે. અમારાં પાત્રો સઘળાં કાષ્ટનાં બનેલાં હોય છે. કેમકે ત્રાંબા, પિત્તળ કે કાંસાના વાસણમાં અમે જમતા નથી, તેમજ પાસે પણ રાખતા નથી. અમે રાત્રે અન્નજળ પણ ગ્રહણ કરતા નથી. દિવસમાં એકજ સ્થળેથી ભોજન ન લાવતાં થોડું થોડું અનેક ઘરેથી લાવીએ છીએ. તેટલા માટેજ તે ગૌચરી કહેવાય છે. અમારા ખાતર ચાહે એટલું સ્વાદિષ્ટ, મિષ્ટ ભોજન બનાવ્યું હોય છતાં અમે તેનો સ્વીકાર કરતા નથી.

**નરેશ**:—મહારાજ, ત્યારે આપ કેવા પ્રકારનું ભોજન કરો છો?

**મુનિ**:—સંસારીઓ માટે જે કંઈ તૈયાર કરવામાં (રાંધવામાં) આવ્યું હોય, તેમાંથી અમે થોડું થોડું લઇએ છીએ. અમારે માટે ખરીદ અગર વેચાણ કરી ભોજન આપે તેનો અમે અંગીકાર કરતા નથી. ૪–૫ મહીના પછીની ગર્ભવતી સ્ત્રીના હાથનું ભોજન લેતા નથી, કેમકે તેના ઉઠવા બેસવામાં તથા હરવા ફરવામાં પણ તેને કષ્ટ પડે છે. બારણું ખોલીને ભોજન આપે અથવા કાચુ પાણી, અગ્નિ, વનસ્પતિ, મીઠું, બીયાં, ફૂલ ઇત્યાદિને એકત્રીત કરીને ભોજન આપે તો તેનો પણ અમે સ્વીકાર કરતા નથી. કાકડી, મકાઇ, ખડબૂચ, જામફળ, સીતાફળ, નારંગી તથા દાડમ

વિગેરે ફળોને અમે ખાતા નથી, કેમકે તેમાં જીવ છે. જગવિખ્યાત બંગાલી વિજ્ઞાનવેત્તા ડાકટર જગદીશચંદ્ર બોઝે વનસ્પતિ આદિમાં પ્રત્યક્ષ જીવ છે એ પુરવાર કર્યું છે.

અમે ગાંજો, ભાંગ, ચણ્ડૂ, ચરસ. (સિગારેટ) બીડી, તંબાકુ તથા અફીણ વીગેરે નશાવાળી વસ્તુઓનું કદાપિ સેવન કરતા નથી. કોઇ પણ પુષ્પની સુરમ્ય સૌરભ લેતા નથી. હાર, પુષ્પમાળા કદી પહેરતા નથી. સુવાસિક તેલ અત્તરોનો કદાપિ લેપ કરતા નથી. હાથમાં મોજાં અને પગમાં મોજાં, જોડા ઇત્યાદિ કશું કદાપિ પહેરતા નથી. તાપ તડકાથી બચવા માટે કદી છત્રી વાપરતા નથી. જાજમ, ખુરસી, ગાદી વિગેરે ઉપર બેસતા નથી.

આ પ્રમાણે આપણા ચરિત્રનાયક મહોદયના મુખારવિંદમાંથી સ્થાનકવાસી સાધુઓનો આચાર વિષે સાંભળી રાજા સાહેબ ચકિત થઇ બોલ્યા કે આપની તપસ્યા ભારે કઠિન છે. આ પ્રમાણે વાર્તાલાપ કરતાં ભોજન સમય થઈ જવાથી બીજે દિવસે આવવાનું વચન આપી પોતાને મુકામે પધાર્યા. બીજે દિવસે પ્રાતઃકાળે વ્યાખ્યાન થયું. રાજા સાહેબનાં માતુશ્રી (રાજમાતા) તરફથી બદામ તથા ખારેકોની પ્રભાવના વહેંચવામાં આવી.

## (બીજે દિવસે)

**નરેશઃ**—મહારાજ! આપનાં જૈનાગમ પ્રાચીન સમયમાં લખાયાં હશે.

મુનિઃ—હાજી, લગભગ ૧૦૦૦ વર્ષ પહેલાં. તે સમયના ગ્રંથો જવલ્લેજ કોઇ કોઇ ઠેકાણે મળી આવે છે. અમારી પાસે એક અન્તકૃતજી નામનું શાસ્ત્ર છે, જે મૂળ સંવત ૧૫૦૦ના દ્વિતીય શ્રાવણમાં લખાયું છે (તે શાસ્ત્રને મહારાજશ્રીએ રાજા સાહેબને બતાવ્યું.)

નરેશઃ—મહારાજ! આપનાં માનનીય આગમોમાં કયા આગમ શ્રેષ્ઠ છે?

મુનિઃ—ભગવતીજી તથા પન્નવણાદિ સૂત્ર. (જુઓ)

નરેશઃ—શ્રી મહાવીર સ્વામીની જન્મભૂમિ કયાં હતી, તથા તેમણે કયારે દીક્ષા લીધી અને કેવી તપશ્ચર્યા કરી?

મુનિઃ—આ પ્રશ્નના ઉત્તરમાં મહારાજશ્રીએ મહાવીર સ્વામીની જન્મભૂમિ તથા સંક્ષિપ્ત જીવનકથા કહી સંભળાવી અને કહ્યું કે મહાવીર સ્વામીએ સર્વ તપોમાં ઉત્કૃષ્ટ એવી પાંચ માસ અને પચીસ દિવસની તપશ્ચર્યા કરી, જેનું પારણું ધનાવહ શેઠને ઘેર રાજકન્યા ચંદનબાલાએ કરાવ્યું.

નરેશઃ—મહારાજ! ચંદનબાલા રાજકન્યા છતાં શેઠને ઘેર કયાંથી?

મુનિઃ—હે નૃપતિ! સાંભળો, હું આપને તેનું વૃતાન્ત સંક્ષેપમાં સંભળાવું છું. મહારાજા દધિવાહન ચંપાપુરીના અધિરાજ હતા. તેમની પતિવ્રતા પત્ની શ્રીમતી ધારિણીને પેટે એક કન્યારત્નનો જન્મ થયો. તેનું નામ વસુમતી પાડવામાં આવ્યું.

ધર્મિષ્ઠ માતાપિતાનાં સંતાન મોટે ભાગે ધરર્માત્મા નીવડે છે. કેમકે આવા ધર્માત્માઓને ત્યાંજ યોગભ્રષ્ટ આત્માઓ પોતાના અપૂર્ણ યોગને સંપૂર્ણ કરવાને જન્મ ધારણ કરે છે. વસુમતિનો આત્મા પૂર્વજન્મમાં એક પદચ્યુત જીવ હતો. આ જન્મમાં તે પોતાનાં નાશકારક કર્મોનો નાશ કરી મોક્ષ પ્રાપ્તિ માટે અવતર્યો હતો.

વસુમતીની બાલ્યાવસ્થા શાસ્ત્રાધ્યયનમાં વીતી હતી. ધર્મ શાસ્ત્રના જ્ઞાન ઉપરાંત તે જપ, તપ, વ્રતાદિ ધાર્મિક ક્રિયામાં પણ પૂર્ણ હતી. પોતાની યુવાવસ્થામાંજ તે સંસારમાં વિખ્યાત થઇ. કારણ કે એક તો તે અતિ રૂપવતી હતી, બીજું યુવાવસ્થા અને ત્રીજું જ્ઞાનની આંતરજ્યોતિએ તેના સૌંદર્યમાં ઓર રંગ પૂર્યો હતો.

સંસારની ગતિ કેવી ન્યારી છે! સૃષ્ટિના પદાર્થોની ઉન્નતિ અને વિકાસમાં અનેક આપત્તિઓ આવી પડે છે. તેમને તેમનાં ઇચ્છિત સાધનોની પ્રાપ્તિ માટે વિવિધ પ્રકારની વિપત્તિઓની સામે થવું પડે છે. છતાં ધીરપુરૂષો ધૈર્યને ન ત્યજતાં દુઃખસાગર તરી જાય છે–"**धीरास्तरन्ति विपदं न तु दीनचित्तः।**"

વસુમતી જેટલી લોકપ્રિય હતી તેવડોજ આપત્તિઓનો પહાડ તેના પર તૂટી પડ્યો. પરંતુ ધન્ય છે એ સતીને કે જેણે પોતાનું ધૈર્ય છોડ્યું નહિ અને તેમ કરી આપણે માટે એક જ્વલંત દૃષ્ટાંત મુકતી ગઇ.

રાજા દધિવાહનને કોઇ કારણવશાત કોશાંવી નગરીના

રાજા શતાનિક સાથે વેર બંધાયું. તેથી રાજા શતાનિકે તેની સાથે યુદ્ધ કરવાનો નિશ્ચય કરી એક ઘણું જબરદસ્ત સૈન્ય એકત્ર કર્યું. ત્યાર પછી એક દિવસ મોકો જોઇ ચુપકીથી ચંપાનગરી ઉપર ચઢાઈ કરી આખા નગરને ચોતરફથી ઘેરો ઘાલ્યો. પોતાની પ્યારી પ્રજાના સંરક્ષણ માટે પ્રજાવત્સલ દધિવાહને અનેક ઉપાય યોજ્યા, પરંતુ સૂતેલા સિંહને કોણ નથી મારી શકતું? રાજા શતાનિક વિજયી થયો, અને રાજા દધિવાહનને નગર છોડી નાસી જવું પડ્યું. આ પ્રમાણે રાજા શતાનિકે તેના નગરમાં પ્રવેશ કર્યો, રાજ્યની લગામ હાથમાં લીધી અને પ્રજા પાસે પોતાની આજ્ઞાઓનું પાલન કરાવવા લાગ્યો. આ પ્રસંગે રાજા શતાનિકે દધિવાહનની રાણી તથા કન્યા વસુમતીને એક સુભટને સોંપ્યાં કે જે તે બંનેને પોતાની સાથે લઈ ચાલ્યો. મહારાણીના અનુપમ સૌંદર્યને જોઇ પેલો સુભટ મોહાંધ બન્યો અને તેની પાસે દુષ્ટ માગણી કરી. પરંતુ પ્રતિવ્રતા ધારિણીએ તેનો તિરસ્કાર કર્યો કેમકેઃ—

वरं श्रृङ्गोत्सङ्गाद्गुरुशिरवरिणः क्वापि विषमे ।
पतित्वायं कायः कठिनदृषदन्ते विगलितः ॥
वरं न्यस्तो हस्तः फणिपतिमुखे तीक्ष्णदशने ।
वरं वह्नौ पातस्तदपि न कृतः शीलविलयः ॥

"અતિશય ઉંચા પર્વતના શિખરપરથી પડેલા પાષાણથી શરીરના ભલે ચુરેચુરા થઈ જાય, તીક્ષ્ણ દાંતવાળા ફણિધરના મુખમાં ભલે હાથ મૂકવામાં આવે, અગ્નિની ભભૂકતી જ્વાળાઓમાં ભલે હાથ ભસ્મ થઇ જાય, પરંતુ પોતાના શિયળનો

ભંગ કદાપિ થવા દેવો નહિ, એવો પતિવ્રતાનો અચળ નિશ્ચય હોય છે.”

પોતાના શિયળની રક્ષા કરવા માટે ધારિણીએ સુભટને બહુ બહુ સમજાવ્યો. ક્રોધવશ થઇ કેટલાંક કટુ વેણ પણ કહ્યાં, છતાં કામાંધ સુભટ પીગળ્યો નહિ; અને અયોગ્ય વ્યવહાર કરવા માટે પોતાનો હાથ રાણી તરફ લંબાવ્યો. કોઇપણ રીતે પોતાના શીલનો બચાવ થઇ શકે એમ નથી, એ જોઇ રાણી ધારિણીએ મૃત્યુદેવ-યમરાજાને-પોતાની સહાયે બોલાવ્યા અને આત્મહત્યા કરી પોતાના અનુપમ શીલનું સંરક્ષણ કર્યું. પોતાના શિયળના સંરક્ષણ માટે પોતાના પ્રાણની પણ પરવા ન કરવી, એ તો સતીઓને માટે રાજમાર્ગ થઇ પડયો છે. આ ઘટનાથી કામાંધ સુભટ હાથ ઘસતો રહ્યો અને માતા વિહોણી કન્યા વસુમતી પારાવાર દુ:ખી થઈ. માતૃસ્નેહ તથા વાત્સલ્યને લીધે આ સ્થળે વસુમતી હૃદયભેદક સ્વરે વિલાપ કરવા લાગી. આવા કરૂણ આક્રંદ તથા આ શોકજનક ઘટનાથી સુભટનું પાષાણ હૃદય પણ મીણની માફક પીગળવા લાગ્યું. અને તેથી વસુમતીને હિંમત આપી કહેવા લાગ્યો—“વસુમતી! વ્યાકુળ શા માટે થાય છે? આ રૂદન અને શોકને છોડી દે. હું તારી સાથે મારી પુત્રી અગર સગી બહેનની માફક વર્તીશ.” સુભટનાં આ વાકયો સાંભળી તથા જ્ઞાનદૃષ્ટિથી શોકને ત્યાગી વસુમતીએ સુભટ સાથે પ્રયાણ કર્યું. સુભટે રાણી ધારિણીના મૃતદેહ ઉપરથી આભૂષણો ઉતારી લીધાં, અને તેના શબને રથમાંથી નીચે ફેંકી દીધું. પછીથી રથ હાંકી વસુમતીને પોતાને ઘેર લઇ આવ્યો.

એક સુંદર કન્યાને સાથે લઇ પોતાના પતિને આવતો

જોઈ સુભટ પત્ની અત્યંત ક્રોધાયમાન થઇ પોતાના મોંમાંથી જેમ આવે તેમ બેફાટ બોલવા લાગી. આ સાંભળી "વસુમતીને બજારમાં જઇ વેચી નાખવી જોઈએ" એવા દુષ્ટ વિચારે સુભટના અંતરમાં પ્રવેશ કર્યો. તેથી તે તેને બજારમાં લઇ ગયો અને પોકારી પોકારીને બોલવા લાગ્યો કે, "હે પુરવાસીઓ! આ એક સુંદરી, દાસી તરીકે વેચાય છે. જેને ખરીદવી હોય તે આવી જાય." આ પોકારો સાંભળી ત્યાં ખૂબ લોકો જમા થયા. આ પચરંગી ટોળામાં એક વારાંગના (વેશ્યા) પણ હતી. તેણે સુભટને ૫૦૦ સોના મોહોરો આપી વસુમતીને ખરીદી લીધી અને તેને પોતાને ઘેર લઇ ગઈ.

હવે વસુમતીનાં દુઃખોનો પાર ન રહ્યો. મનુષ્યમાત્ર ઉપર દુઃખ તો પડે છે પરંતુ તેમાં જે હિંમત હારતો નથી, તે દુઃખોના દુસ્તર સમુદ્રને સહેલાઇથી તરી જાય છે. વસુમતીએ પણ ધૈર્ય ન છોડયું, પિતાનું રાજ્ય ગયું. માતા દુઃખ પામતી તેની સમક્ષ આત્મહત્યા કરીને પરલોક સંચરી, તોપણ આ અસહ્ય વિયોગને તેણે સહન કર્યો. દુષ્ટમતી દુર્જન સુભટની સાથે તેને ચૌટામાં આવવું પડયું, તે પણ તેણે જેમ તેમ કરીને સહન કર્યું. પરંતુ એક નીચ કોટીની દુરાચારી સ્ત્રીનું કે જે તેને માટે કારાગારથી કમી ન હતું, તેમાં શીલ અને ધર્મની રક્ષા કેવી રીતે થશે અને આ મહાનર્કાગારમાં જીવન કેવી રીતે વીતાવાશે, એવા વિચારોથી તેના ધૈર્યનો અંત આવ્યો. વારાંગના તેને દાસીની માફક હાથ પકડીને પોતાને ઘેર લઇ જતી હતી, તે વખતે વસુમતી મૂર્છાવશ થઇ ધરણી પર પટકાઇ પડી. અહા! રાજસુખો ભોગવનાર

અને મહાન યોગીઓ માફક શાસ્ત્રોમાં રમણ કરનાર દેહ જમીન ઉપર પડયો, છતાં વારાંગનાએ તેની તલભાર પરવાર ન કરી.

કર્મની ગતિ ગહન છે. આ સંસારમાં એવી અદૃશ્ય સત્તાઓ વિચરે છે જે નિરાશ્રિતો અને નિસ્સહાયોને સહાય કરે છે. વારાંગનાના ઘરની નરક યાતનાના ખ્યાલથી વસુમતી ઢળી પડી હતી. તેજ વખતે પેલી વેશ્યાના મુખારવિંદના ભૂષણ રૂપી નમણું નાક કોઈ અદૃશ્ય સત્તાએ કાપી લીધું. આમ નાસિકા છેદન થતાં તે ઉપહાસને યોગ્ય થઇ. આથી વેશ્યા પોતાનું દ્રવ્ય પાછું લઇ વસુમતીને ખરીદ્યા સિવાય પોતાને રસ્તે પડી. શિયળરક્ષક દેવતાએ વાંદરા જેવું રૂપ બનાવી વેશ્યાને ખોંચી નાખી કદ્રૂપ બનાવી. વેશ્યાએ વિચાર કર્યો કે આમ ખરીદતાં વેંતજ **प्रथम ग्रासे मक्षिका** ની માફક આમ બેહાલ થવું પડયું તો આગળ ઉપર શુંયે થાય? તેથી વસુમતીને છોડીને તે ચાલી ગઈ.

ત્યાર પછી પેલો સુભટ તેને વેચવાને બીજા બજારમાં લઇ ગયો, ત્યાં ધનાવહ નામનો એક અત્યંત ધનાઢય વણિક આવી પહોંચ્યો. તેણે પૂરા પૈસા આપીને વસુમતીને ખરીદી લીધી. જળથી ભરપૂર વાદળાંમાં પૂર્ણિમાનો ચંદ્ર છુપાઇ ગયો હતો, પરંતુ તેને બદલે ચંદ્રમુખી વસુમતીનો મુખચંદ્ર ધર્મ તથા શીલના પ્રભાવથી ઝળહળીત થઇ રહ્યો, તેની શાન્ત મુખમુદ્રા જોઇ ધનાવહને બહુજ આનંદ થયો. વસુમતીને દુઃખી જોઈ ધનાવહે કહ્યું, "પુત્રી! તું ડર નહિ. અમારા ઘરમાં ધર્મનું પાલન થાય છે, અને સાધુ સાધ્વીઓની યથાશક્તિ સેવા સુશ્રુષા પણ થાય છે. તારી મરજીમાં આવે

તે મુજબ તું ધર્મ પાળજે. મારાથી બીલકુલ ભયભીત થા મા. હું તને મારી પુત્રી માફક પાળીશ.” શ્રીમંતના આવાં અમૃતતુલ્ય વચનો સાંભળી વસુમતીના અંતરમાં સંતોષ થયો, અને તે તેની સાથે ગઇ. ધનાવહ શેઠે ઘેર આવી પોતાની ધર્મદારાને કહ્યું, “આ કોઇ ઉચ્ચકુળની કન્યા છે. હું તેને પુત્રી સમજી લાવ્યો છું. તેને તું સારી રીતે રાખજે. આજથી હું તેને ચંદનબાળા નામથી બોલાવીશ.” શેઠનાં આ વચનો સાંભળી, તેની પત્ની કે જેનું નામ મૂલા હતું, તે તેની પાસે લુંડીનું કામ કરાવવા લાગી. સ્ત્રીજાતિ અજ્ઞાનતાને લીધે સહેજ સહેજમાં મોહવશ બને છે, ત્યારે બીજી બાજુ પોતાના પતિના વસુમતી તરફના નિર્દોષ પ્યારને તે જોઇ શકતી નહોતી અને તેથી ચંદનબાલાના અનુપમ સૌંદર્યને નિરખી તેના મનમાં શંકા થઇ કે આ સ્ત્રીના સૌંદર્યમાં લુબ્ધ બની કદાચ મારો પતિ તેને ખરીદી લાવ્યો હશે. મૂલા આ વખતે તો કંઇ ન બોલી, પરંતુ તેનો ઘાટ ઘડવાની પેરવી કરવા લાગી.

ધનાવહ શેઠ ધાર્મિક સંસ્કારવાળા તથા ધર્મશાસ્ત્રવેત્તા હતા, અને ચંદનબાલા એક ઉત્તમ શ્રાવિકા હતી. તેથી તેઓ પરસ્પર પ્રેમ રાખતાં હતાં, તથા એક બીજાને માનની દૃષ્ટિથી જોતાં હતાં. ચન્દ્રમા સમ શીતળ સુશ્રાવિકા ચંદનબાલા ધનાવહને પિતા તુલ્ય માનતી અને ધનાવહ પણ તેના તરફ પિતાતુલ્ય વાત્સલ્ય ભાવ રાખતો. ચંદનબાલાને ધર્મારાધના કરવા માટે પુષ્કળ સમય મળતો, અને તેનો તે પૂરેપૂરો સદુપયોગ કરતી. તે સર્વ પ્રકારના રંગરાગોને ત્યજી શાંત

તથા પવિત્ર જીવન ગાળવા તથા કર્મોનો ક્ષય કરી કેવળ જ્ઞાનપ્રાપ્તિના શુભ મુહૂર્તની રાહ જોવા લાગી. પરંતુ જેનાં કર્મ ફળનો ક્ષય થયો હોતો નથી, તેને પોતાનાં કર્મોને અનુરૂપ ભોગ ભોગવવા પડે છે.

એક દિવસ શેઠ બહારથી ઘેર આવ્યા, તે વખતે કંઇ કાર્ય પ્રસંગે મૂલા બહાર ગઇ હતી, અને ચંદનબાલા ધર્મધ્યાનમાં રોકાઇ હતી તેણે પોતાના ધર્મના પિતાને ઘેર આવેલા જાણી, ઉઠીને યોગ્ય સત્કાર કર્યો અને બેસવાને આસન આપ્યું. ધનાવહ શેઠ પોતાની પુત્રી માફક તેના ઉપર પ્યાર કરવા લાગ્યો, એટલામાંજ મૂલા બહારથી ઘેર આવી. તેણે પિતા પુત્રીના આ પવિત્ર પ્રેમને નિરખી લીધો, અને તેથી તેના મનમાં ઘર કરી બેઠેલી શંકા દૃઢીભૂત થઇ. તે વિચારવા લાગી કે, "શેઠ આ યુવતી ઉપર આસક્ત થયા છે. વળી હું વૃદ્ધા થઈ ગઈ છું, તેથી મને મારી નાખી તેની સાથે લગ્ન કરવા ઇચ્છે છે. પણ હું કોટી ઉપાયે તેમ ન થવા દઉં." આમ વિચાર કરી ચંદનબાલાનો નાશ કરવાનો તેણે નિરધાર કર્યો. એક દિવસ ધનાવહ શેઠ પોતાની દુકાનના કામમાં અતિશય રોકાયા હોવાથી ઘેર ન આવ્યા. પોતાનું ઇચ્છિત કાર્ય પાર પાડવાને મૂલાને આ યોગ્ય અવસર લાગ્યો. તેથી એક હજામને બોલાવી ચંદનબાલાનો કેશકલાપ જે તેના સૌંદર્યમાં વૃદ્ધિ કરતો હતો, તે કપાવી, મુંડન કરાવી નાખ્યું, અને તેને બાંધીને ઘરની અંદર એક ઓરડીમાં નાખી. આ મહાયાતનાથી પણ ચંદનબાલાના ધીર હૃદયને કંઈ દુઃખ ન થયું કેમકે આ શ્લોક તેને હરેક વખત આશ્વાસન આપતો હતો:—

**विपत्तौ किं विषादेन, सम्पत्तौ वा हर्षेण किम् ।**
**भवितव्यं भवत्येव, कर्मणा मीदृशी गतिः ॥**

"સંકટ આવી પડે ત્યારે ખેદ કેવો? અને સંપત્તિ મળતાં આનંદ કેવો? કેમકે કર્મોની તો એવી ગતિ છે કે જે થવાનું હશે તે થશેજ ત્યારે અટકશે."

આ પ્રમાણે વિચાર કરતી, પોતાના એકાંત સમયનો સદુપયોગ કરવા જિનેશ્વર પ્રભુની ભક્તિમાં મગ્ન બની નવકાર મંત્ર જપવા લાગી.

કામકાજથી નિવૃત્ત થઇ ધનાવહ શેઠ પોતાને ઘેર આવ્યા, અને ચંદનબાલાને ન દેખતાં પોતાની સ્ત્રીને પુછવા લાગ્યો. પરંતુ "આટલામાં કંઇ હશે" એમ કહી ઉપાધિ અળગી કરી. બીજે દિવસે પણ એમજ થયું. પરંતુ ત્રીજે દિવસે તેના આ ઉત્તરથી તેને શાન્તિ ન વળી અને તે આકુળવ્યાકુળ થવા લાગ્યો. પોતાની પત્નીને ખૂબ ધમકાવી ત્યારે તે કહેવા લાગી કે તેનો કોઇ સોબતી આવ્યો હશે તે તેને લઇ ગયો હશે. મને તો કંઇજ ખબર નથી. આટલું દ્રવ્ય ખરચી મેં છોકરી ખરીદી હતી, તે દ્રવ્ય પણ ગયું અને છોકરી પણ ગઇ. જેના શોકથી વ્યથિત થઇ હું તો મરવા પડી છું. વિશેષ દુઃખની વાત તો એ છે કે તમે પણ મારા ઉપર નકામો ક્રોધ કરો છો. આમ કહીને મૂલા ચૂપ રહી.

ધનાવહ શેઠે તે વખતે ભોજન ન કર્યું; અને જ્યાં સુધી ચંદનબાલાનું મોં દેખીશ નહિ ત્યાંસુધી અન્નજળ લઇશ નહિ. એવી પ્રતિજ્ઞા કરી અનશન વ્રત ધારણ કરી શોકાતુર વદને

બેઠો. એટલામાં એક વૃદ્ધ પાડોશણે આવી શેઠને કહ્યું, “તમે ઘરમાં શું શોધો છો? તમારી સ્ત્રીએ જેના ઉપર પહેલેથી દ્વેષ હતો, તેને બાંધીને છુપાવી રાખી છે.” પાડોશણનાં વચન સાંભળી ધનાવહ વ્યાકુળ થયો. તેથી તેણે ઘરમાંના મોટા મોટા ખંડોનાં તાળાં ખોલી તપાસ કરવી શરૂ કરી. એમ કરતાં પેલી કોટડી કે જેમાં ચંદનબાલા નીચું મુખ રાખીને વિચાર મગ્નાવસ્થામાં બેઠી હતી, ત્યાં આવી પહોંચ્યો. પોતાની પ્રાણપ્રિય પુત્રીની આવી દુર્દશા તે જોઇ શકયો નહિ, તેથી તેજ ક્ષણે તેને બહાર લાવ્યો. ચંદનબાલા પંચ પરમેષ્ઠી નમસ્કાર રૂપ નવકાર મંત્રનો જાપ જપતાં સમાધિસ્થ થઈ હતી. ધનાવહે તેને સચેત કરી, તેની આ દુર્દશાનું કારણ પૂછયું. ચંદનબાલાને ત્રણ દિવસના ઉપવાસ હતા, અને શરીર ક્ષીણ થઇ ગયું હતું, તેથી તે સ્પષ્ટ બોલી શકી નહિ. પરંતુ મસ્તક ઉપર હાથ મૂકી સંકેતથી જણાવ્યું કે “ભાગ્યની માયા.” દુઃખ અને ગ્લાનિના સમુદ્રમાં ડુબેલો ધનાવહ તેને બહાર લાવ્યો, પરંતુ દુષ્ટ મૂલા બધાં બારણાં બંધ કરી. બહાર ચાલી ગઇ હતી. ધનાવહ સીડીઓથી નીચે ઉતરી આંગણામાં આવ્યો અને એક વૃદ્ધ દાસીને ખાવાનું લાવવાની આજ્ઞા કરી. આ સાંભળી દાસીએ કહ્યું. “અત્યારે કંઇ ખાવાનું હશે નહિ, પરંતુ થોડુંક અડદનું કઠોર છે, તે જો આજ્ઞા હોય તો લઇ આવું.” ધનાવહે કહ્યું, “લઇ આવ.” તેથી તે એક વાસણમાં થોડા રાંધેલા અડદ લાવી. ધનાવહે તે ચંદનબાલાને ખાવાને આપ્યા. આજે અષ્ટમીનું પારણું હતું, તેથી પારણું કરવા તેણે આ ભોજનનો સ્વીકાર કર્યો. પરંતુ તે ભોજનને ઉપયોગમાં લેતા પહેલાં તેણે એવી ભાવના પ્રદર્શિત કરી કે “જો આ

સમયે કોઇ મુનિ મહારાજ આવે તો તેમનો સત્કાર કરી, મારા વ્રતનું પાલન કરૂં."

**न वै स्वयं तदश्नीयादतिथि यन्न भोजयेत् ।**

**धन्यं यशस्यमायुष्यं स्वर्ग्यम् चातिथि भोजनम् ॥**

ધર્મશાસ્ત્રનો આ આદેશ ચંદનબાલાના હૃદયમાં ઘર કરી બેઠો હતો, તેથી તેના હૃદયમાં આવી ઉચ્ચ ભાવનાઓનો ઉદય થતો હતો.

આજ સમયે એક વિચિત્ર ઘટના બની. શ્રીમાન મહાવીર સ્વામી અહીં ભિક્ષાર્થે આવી પહોંચ્યા. તેમણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે "આજે હું તે સ્ત્રી પાસે ભિક્ષા ગ્રહણ કરીશ કે જે રાજપુત્રી હોવા છતાં દાસીપદે આરૂઢ હશે, માથાનું મુંડન કરાવ્યું હશે, પગમાં બંધન પડયાં હશે, અને આંખોમાં અશ્રુધારા વહેતી હશે, વળી ભિક્ષાનો સમય વહી જતાં અડદનું કઠોર મળશે તો તે ભિક્ષા પણ ગ્રહણ કરીશ." આવી ભાવનાથી વીર પ્રભુ કૌશામ્બી નગરીના મંત્રીની સુશ્રાવિકા ધર્મશાલિની પત્ની નંદાને આવાસ ભિક્ષાર્થે આવ્યા. પરંતુ અહીં પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થવાનો સંભવ નહતો. આથી આહારનો સ્વીકાર ન કર્યો, તેથી નંદા ઉદાસ થઇ, અને કૌશામ્બીના રાજાની મહારાણી મૃગાવતીની પાસે જઇ પ્રભુના આગમનને તથા આહારનો અસ્વીકાર કર્યાનો વૃત્તાન્ત કહ્યો. તેથી મૃગાવતીએ પ્રભુને ભિક્ષા માટે નિમંત્ર્યા, છતાં ત્યાં પણ પોતાની ભાવના સફળ થવાનાં ચિહ્નો ન જોતાં આહારનો સ્વીકાર ન કર્યો. મહારાણી મૃગાવતી તથા સુશ્રાવિકા નંદાએ પ્રભુને આહાર ન સ્વીકારવાનું કારણ પૂછયું, તો પ્રભુએ તેમની ચિંતાનુ નિવારણ કર્યું.

ત્યારબાદ પ્રભુ ફરતા ફરતા ધનાવહ શેઠને ત્યાં આવી પહોંચ્યા. સાક્ષાત ભગવાનને અતિથિરૂપે આવ્યા જોઈ ચંદનબાલા અતિશય પ્રસન્ન થઇ અને ભિક્ષા માટે વિજ્ઞપ્તિ કરવા લાગી. અહીં પ્રતિજ્ઞા મુજબની બીજી સઘળી બાબતો હતી, પરંતુ તેમાંની એક શરતની કમી હતી. તે એ કે ચંદનબાલાના નેત્રોમાંથી અશ્રુધારા વહેતી નહતી. તેથી પ્રભુએ ભોજનનો સ્વીકાર ન કરતાં પાછા જવા માંડયું, પોતાને ઘેર આવેલા અતિથિને, અરે નહિ, નહિ, ભગવાન ભિક્ષા લીધા સિવાય પાછા ફરતા જોઈ ચંદનબાલાને અસહ્ય લાગ્યું. તેની આંખોમાં અશ્રુ ભરાઇ આવ્યાં, અને તે રડવા લાગી. પછી શું જોઇએ? કમી તો આ શરત એકલીજ હતી. બીજી બધી તો પહેલેથી અનુકુળ હતી. ભગવાન પોતાની ભાવના સર્વાંગ પાર પડતી જોઇ, પાછા ફર્યા, અને ભિક્ષાનો સ્વીકાર કર્યો. આ જોઈ ચંદનબાલાના આનંદની અવધિ ન રહી. આ સમયે આકાશ મંડળમાં દેવતાઓએ દુંદુભી નાદ કર્યા અને સુવર્ણ વૃષ્ટિ થઇ. ધનાવહ શેઠના ઘરમાં આનંદોત્સવ થવા લાગ્યો. રાજા શતાનિક પોતાના મંત્રી તથા પરિવાર સહિત ત્યાં આવ્યો. સઘળાંએ ભગવાનને વંદના કરી. ત્યારબાદ પાંચ માસ અને પચીસ દિવસ પછી પારણું કરી ભગવાને ત્યાંથી વિહાર કર્યો. રાજા શતાનિકે દેવતાઓએ વૃષ્ટિ કરેલું સુવર્ણ ચંદનબાલાને સોંપી દીધું, અને પછી પોતાને રહેઠાણ ગયો. ત્યારબાદ મહાવીર સ્વામીને જ્યારે કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે ચંદનબાલાએ તેમની પાસે દીક્ષા લીધી અને સાધ્વી બની પોતાના જીવનને સાર્થક કર્યું.

હે રાજન! આપનામાં પણ પહેલાં જ્યારે રજપૂત

રાજાઓ જ્ઞાની થતા ત્યારે આ અસાર સંસારને દુઃખમય તથા અશાન્તિનું કેન્દ્ર માની તેનો ત્યાગ કરતા અને વૈરાગ્ય ધારણ કરતા. અમારા ધર્મમાં આવા કેટલાય નરેશોનાં વર્ણન આવે છે. તેમાંથી આપને અનાથી મુનિનું વર્ણન સંભળાવું છું.

રાજગૃહી નગરીના શ્રેણિક રાજાનો મણ્ડિતકુક્ષિ નામનો એક બાગ હતો. નવીન પ્રકારનાં વૃક્ષો તથા લતા-મંડપોની સુવ્યવસ્થાને લીધે તેની શોભા અનુપમ લાગતી હતી. એક વખતે શ્રેણિક રાજા પોતાનાં સૈન્ય સાથે મણ્ડિતકુક્ષિ બગીચા તરફ ગયો. તેમાં પ્રવેશ કરતાં વેંતજ રાજાની દૃષ્ટિ થોડે દૂર આવેલાં એક વૃક્ષ ઉપર પડી. તેની નીચે તેણે એક તેજસ્વી આકૃતિ જોઇ. એ કોણ હશે? તે જાણવાને માટે તે તે તરફ ગયો. જેમ જેમ આગળ વધતો ગયો. તેમ તેમ રાજાનાં મનમાં સંદેહ વધતો ગયો, પહેલાં તેનાં મનમાં કલ્પના થઇ કે આ દિવ્ય આકૃતિ કોઇ વસ્તુની છે, પરંતુ સમીપ જતાં માલૂમ પડયું કે એ તો અલૌકિક સૌંદર્યધારી સજીવ મનુષ્ય હતું. અહો! તેનું મુખમંડળ કેવું આકર્ષક છે! શરીરનું તેજ કેવું ઝળહળીત છે! અને નેત્રો કેવાં મનોહર છે! તેનાં અર્ધચંદ્રાકાર કપોલ જોનારને વિસ્મય પમાડે એવાં છે. તેનો ઘાટ પણ સુંદર છે એટલુંજ નહિ, પરંતુ, "**आकृति गुणान् कथयति**" મુજબ તેમાં ગુણ પણ એવાજ દૃષ્ટિગોચર થાય છે. તેનું શાન્ત સ્વરૂપ જોતાંજ શ્રેષ્ઠતાનો ભાસ થાય છે. પરંતુ આ વ્યક્તિ છે કોણ? શરીર પર ફાટ ફાટ થતું યૌવન ઝળકી રહ્યું છે, છતાં તેની પાસે સાંસારિક સુખોપભોગની કોઇ પણ પ્રકારની સામગ્રી કેમ નથી? તેની પાસે વસ્ત્રાભૂષણ, નોકર, ચાકર, વાહન ઇત્યાદિ કંઈ પણ નજરે પડતું નથી. શું ત્યારે તેની સ્થિતિ

આવી હશે? પરંતુ એ સંભવિત નથી લાગતું. તેનાં મસ્તક ઉપરનાં તેજ ઉપરથી તો તે કોઇ ભાગ્યશાળી પુરૂષ હોય એમ લાગે છે. અને તેથી આ અવસ્થામાં તે સંપત્તિશાળી હોય તે નિર્વિવાદ છે. તો શું એ સંપત્તિનો તેણે ત્યાગ કર્યો હશે? જો તેમ કર્યું હોય તો શા માટે? આ પ્રમાણે એક પછી એક એવા અનેક પ્રશ્નો રાજાના મનમાં ઉપસ્થિત થયા. તેનું સ્પષ્ટીકરણ કરનાર તેની પાસે અત્યારે કોઇ માનવી ન હતું. તેથી તે જાતે પોતાનાં વાહનથી નીચે ઉતરી પેલા દિવ્ય સ્વરૂપધારી પુરુષ પાસે ગયો. ત્યાગી પુરૂષોનું સન્માન શી રીતે કરવું જોઇએ. તેનાથી રાજા વાકેફ હોવાથી તેણે બે હાથ જોડી મસ્તક નમાવ્યું, અને ઘટતો શિષ્ટાચાર કરી, પેલા ત્યાગી યુવાનનું ધ્યાન પોતાની તરફ ખેંચવા માટે તેની સાથે વાર્તાલાપ શરૂ કર્યો. પેલી ભવ્યાકૃતિધારી વ્યક્તિ બીજી કોઇ નહતી પરંતુ એક પંચવ્રતધારી મુનિ હતા. તે વૃક્ષની નીચે આસન જમાવી, શાન્તિપૂર્વક, સમાધિ દશામાં લીન થઇ ગયા હતા. રાજાએ પ્રશ્નારંભ કરતાંજ મુનિએ પણ પોતાનું ધ્યાન તે તરફ ખેંચીને વાતચિત કરવી શરૂ કરી. રાજાએ પૂછયું, "આપની આ તરૂણાવસ્થામાં ગૃહસ્થાશ્રમનો આપે કેમ ત્યાગ કર્યો? શું આપના ઉપર કંઇ વિશેષ દુઃખ કે વિપત્તિ પડયાં કે કોઇની સાથે ટંટોફિસાદ થયાં?" મુનિએ પ્રત્યુત્તર આપ્યો, "હે રાજન! નથી મારે માથે દુઃખ કે આપત્તિ આવી પડયાં, કે નથી ટંટોફિસાદ થયાં. ગૃહસ્થાશ્રમ ત્યજવાનું એકજ કારણ છે અને તે મારૂં નિરાધારપણું. એટલે કે મારૂં કોઈ સહાયક, શિરછત્ર કે સંરક્ષક નહતું. તેથી મને ગૃહસ્થાશ્રમમાં રહેવાનું ઉચિત લાગ્યું નહિ."

શ્રેણિક:— શું તમે અનાથ હતા? તમારૂં સંરક્ષણ કરનાર તમને કોઇ પણ મનુષ્ય મળ્યું નહિ?

મુનિ:—હા, હું અનાથ હતો.

શ્રેણિક;—આ વાત મને સન્દેહ પડતી લાગે છે. તમારૂં આવું સૌંદર્ય અને આવું તેજ હોવા છતાં પણ તમને કોઈ આશ્રય આપનાર ન મળે, એ હું માની શકતો નથી. તોપણ સંભવ છે કે કદાચિત્ તમારૂં કથન સત્ય હોય; છતાં શું તમારે કોઇ આશ્રયદાતા કે રક્ષકની આવશ્યકતા છે? એવી જો કોઇ વ્યક્તિ તમને મળી આવે તો તમે શું તેનો સ્વીકાર કરશો?

મુનિ:—શા માટે નહિ? જરૂર.

શ્રેણિક:—ત્યારે તો બહુ સારૂં. ચાલો મારી સાથે. મને તમારા ઉપર અત્યંત દયા આવે છે, અને મારા અંતરમાં તમારા તરફ પ્રેમની ઉર્મિઓ ઉછળેછે. હું તમને મારી સાથેજ રાખીશ. તમારી રક્ષા કરવામાં અને તમારી અભિલાષાઓ પૂર્ણ કરવામાં હું કોઈ પણ પ્રકારની ત્રુટિ રાખીશ નહિ. તમારે નિવાસ કરવાને એક ભવ્ય મહેલ આપીશ, અને ધન, ધાન્ય આદિ જે વસ્તુઓની તમારે આવશ્યકતા હશે, તે પૂરી પાડીશ. પછી શું જોઇએ! ચાલો સંસારના સુખોપભોગ ભોગવો.

મુનિ:—રાજન્! મને તો તું હવે પછી આમંત્રણ આપજે. પરંતુ તું પહેલાં તારો તો વિચાર કર.

શ્રેણિક:—એમાં શો વિચાર કરવા જેવો છે? હું સંપૂર્ણ સામર્થ્યવાન્ અને સમૃદ્ધિશાળી છું. ચાહે તેવા દુશ્મ-

નની સામે થવાને મારી પાસે પૂરતું સૈન્ય છે અને હું જાતે પરાક્રમી છું. જો કોઇ તમારો, શત્રુ હશે તો તેનાથી તમારૂં રક્ષણ કરવાને હું સંપૂર્ણ શક્તિમાન્ છું.

મુનિઃ—રાજન! જરા થોભ. બોલવામાં તું બહુ આગળ ધપી રહ્યો છે, વિચારોની સીમાનું તું ઉલ્લઘંન કરી રહ્યો છે. અભિમાનને વશવર્તી મનુષ્ય પોતાના સાન તથા ભાન ભૂલે છે. મને મારા શત્રુથી બચાવવાની તારામાં શક્તિ નથી, તે તો નિર્વિવાદ છે. પરંતુ તારા દુશ્મનથી તારી જાતને બચાવવાની શક્તિનો પણ તારામાં અભાવ છે. મારા તથા તારા બંનેના દુશ્મનો સામે તું દીન છું-રાંક છું. તેથીજ હું ભારપૂર્વક જણાવું છું કે જે પ્રકારે હું અનાથ હતો. તેજ પ્રકારે તું પણ અનાથ છે. અને જ્યારે તું જાતેજ અનાથ છે, તો પછી બીજાનો નાથ તું કેવી રીતે થઈ શકીશ?

શ્રેણિકઃ—મારી પાસે કેટલું સૈન્ય છે? હું કેટલો તાકાતવાન છું? અને મારી કેવી ખ્યાતિ છે? તેની તમને ખબર નથી. તેથીજ મારા ઉપર નિરાધારપણાનો અસત્ય આરોપ મૂકો છો. મહારાજ! સાંભળો. મારી પાસે તેત્રીસ હજાર હાથી, તેત્રીસ હજાર ઘોડા, તેટલાજ રથ અને પાયદળ છે. આ ઉપરાંત મારા ખજાનામાં અનંત સંપત્તિછે. હું ચાહું એ વસ્તુ મેળવી શકું છું. સુખોપભોગની કોઇ પણ વસ્તુ મારે માટે અલભ્ય નથી. ચાહે એવો દુશ્મન હશે, છતાં મારી સાથે યુદ્ધ કરવાનું કોઈ સાહસ ખેડી શકે એમ નથી.

તેથી તમે જરા વિચાર કરીને બોલો. વગર વિચાર્યે કોઇને અનાથ કહેવું એ નરી અજ્ઞાનતા અને અવિવેક છે.

મુનિઃ—રાજન્! હું મારી અજ્ઞાનતા પ્રગટ કરૂં છું, કે તું તારી મૂર્ખતાનું પ્રદર્શન કરે છે, તેનો નિર્ણય તો કોઇ ત્રીજી તટસ્થ વ્યક્તિજ કરી શકે. પરંતુ હું તારી સાથે થોડી ઘણી વાત કરૂં, તેને સાંભળીને તું જાતેજ સ્વીકાર કરશે કે "વાસ્તવિક રીતે હું પોતે મૂર્ખ છું." પહેલાં તો અનાથ શબ્દ કયે સ્થળે, કેવી દ્રષ્ટિથી વાપરવામાં આવ્યો છે, તે તું સમજી શકતો નથી. મારાં ઘરમાં સમૃદ્ધિ ન હતી, અગર કોઈ કુટુંબી ન હતું, તેથી હું અનાથ છું કે બીજા કોઇ કારણથી તે પણ તું સમજી શકયો નથી.

શ્રેણિકઃ—તો "અનાથ" શબ્દનો શું આશય છે? અને તમે કેવી રીતે અનાથ થયા તે મને કહેવાની કૃપા કરશો?

મુનિઃ—બેશક, જો તું ક્ષોભને અળગો કરી શાંતિપૂર્વક મને સાંભળશે, તો હું ખુશીની સાથે તને કહીશ.

શ્રેણિકઃ—મને કોઇ પ્રકારનો ક્ષોભ નથી. હું એ વાતને સાંભળવાને તો અત્યંત ઉત્સુક છું. તેથી આપ સુખેથી સંભાળાવો.

મુનિઃ—રાજન્! જો હું મારૂં ચરિત્ર સ્વમુખે સંભળાવીશ, તો તેની ગણના આત્મશ્લાઘામાં થશે, પરંતુ અનાથતા તથા સનાથતાનો વાસ્તવિક અર્થ સમજાવવાને માટે તે સિવાય બીજું કોઇ સાધન પણ નથી. હું કૌશામ્બી નગરીનો નિવાસી છું. મારા પિતાનું નામ ધનસંચય છે. તેઓ કૌશામ્બી નગરીમાં એક આબરૂદાર ગૃહસ્થ

છે. રાજા તથા પ્રજાના તે સન્માનને પાત્ર છે, તેમના ખજાનામાં એટલું બધું દ્રવ્ય છે, કે તેની ગણત્રી કરવી મુશ્કેલ છે. વિશેષ શું કહું? પરંતુ તેમના ખજાના આગળ મહાન્-રાજાધિરાજનો ખજાનો પણ કંઇ વિસાતમાં નથી. મારૂં પહેલાંનું નામ ગુણસુંદર હતું. એક ધનપતિના પુત્રનું જે રીતે લાલનપાલન થવું જોઇએ, તે રીતે વૈભવશાળી પિતાને ત્યાં બાલ્યાવસ્થામાં મારૂં થયું છે. વિદ્યાગ્રહણ કરીને પાવરધા થયા બાદ એક ઉચ્ચ કુળની ખુબસુરત કન્યા સાથે મારૂં લગ્ન કરવામાં આવ્યું. તે સમયનો મારો સારોયે જીવન-કાળ ખેલવા કૂદવામાં અને ભોગ વિલાસ ભોગવવામાં વ્યતીત થતો. દુ:ખ અને સંકટ શું ચીજ છે, તે કદાપિ મારા લક્ષમાં પણ આવ્યું નહતું. મારાં બીજાં પણ ભાઇ બહેન હતાં. તે સઘળાંનો મારા ઉપર અત્યંત સ્નેહ હતો. કોઇ પણ વાતમાં તે મને સહેજે ઓછું આવવા દેતાં નહિ. મારી યુવાવસ્થામાં મારે એક યુવાન સાથે મિત્રાચારી થઇ. અમારા બંને વચ્ચે સાચો સ્નેહ હતો, અને અવકાશ મળતાં વિનોદજનક વાતો કરી મનોરંજન કરતા. મારો મિત્ર મારી સાથે મોટે ભાગે વૈરાગ્યની વાતો કરતો, અને કહ્યા કરતો કે સારાયે સંસારના સંબંધીઓ સ્વાર્થવૃત્તિવાળા હોય છે. તે સાંભળી હું તેનું ખંડન કરતો, અને મારૂં પોતાનું ઉદાહરણ આપી તેને સમજાવતો કે મારાં માતા પિતા તથા પત્ની વિગેરે મારા ઉપર એટલો બધો પ્રેમ રાખે છે કે તેઓ મને પોતાની આંખ આગળથી એક પળવાર પણ દૂર થવા

હેતાં નથી. જો કોઇ દિવસ થોડા સમય માટે પણ તેમની દૃષ્ટિ બહાર ગયો હોઉં તો તેમનો ચહેરો ઉદાસ થઇ જાય, અને મારી શોધખોળ કરી મૂકે. અમારાં કુટુંબમાં કોઇનો સ્વાર્થમય પ્રેમજ નથી, પરંતુ સઘળાં મને શુદ્ધ અંતઃકરણથી ચહાય છે. મારો મિત્ર મારી આ વાતને ન માનતાં કહે તો, "ભાઇ! જગતનાં પશુ પક્ષી તથા મનુષ્ય સઘળાં મતલબીયાં છે. પોતાનો સ્વાર્થ સધાતાં કોઇ કોઇનાં કામમાં આવતું નથી. એક વખત હું કોઇ એક તળાવ ઉપર ગયો હતો. તે સમયે અનેક રમણીય પક્ષીઓ ત્યાં ક્રીડા કરી રહ્યાં હતાં, અને ભ્રમરો કમળ પુષ્પોની આસપાસ ગુંજારવ કરી રહ્યા હતા. ત્યાર બાદ બીજી વખતે જ્યારે ગયો ત્યારે તળાવ સૂકાઇ ગયું હતું અને પેલા રમણીય પક્ષીઓમાંનું કોઈ દ્રષ્ટિગોચર થતું નહોતું. જોઇ આ સ્વાર્થાન્ધતા!"

સ્વારથ કે સબ હી સગે, બિન સ્વારથ કોઇ નાંહિ;
સેવે પંછી સરસ તરૂ, નિરસ ભયે ઉડી જાંહિં.

બાગ બગીચાઓ અને વૃક્ષો, મનુષ્યો અને પશુ પંખીઓ ઈત્યાદિ અનેક દ્રષ્ટાંતો આપી તેણે મને સમજાવવાની કોશીશ કરી; પરંતુ મેં તેની વાત તરફ લવલેશ પણ લક્ષ આપ્યું નહિ. મને તો મારો નિર્ણયાત્મક વિચારજ યોગ્ય લાગતો, મારો મિત્ર આ બાબત મારી ઉપર આટલા બધા ભારપૂર્વક કેમ ઠસાવવા માગે છે. તે હું તે વખતે સમજી શકયો નહતો આખરે તે મને સમજાવી સમજાવીને થાકી ગયો, એટલે કહેવા લાગ્યો કે, હમણાં હું બહાર ગામ જવાનો છું એટલે થોડા દિવસ સુધી

તારી પાસે આવી શકીશ નહિ. હે રાજન્! મારો પેલો મિત્ર મારી પાસેથી ગયો કે તરતજ મારા પ્રત્યેક અંગમાં અચાનક વેદના થવા લાગી; હાડકાં અને શરીરના સાંધાઓમાં એવી કારમી પીડા થવા લાગી કે હું જળવિનાની માછલીની માફક તરફડવા લાગ્યો, ઘડીભર પલંગ ઉપર પડું તો બીજી ઘડીએ જમીન ઉપર આળોટું, પરંતુ મને બીલકુલ ચેન પડયું નહિ, જાણેકે અંદરથી કોઈ સોયો ભોંકી રહ્યું હોય એવું અસહ્ય કષ્ટ થતું હતું. મારાં સઘળાં આપ્તજનો એકઠાં થઈ ગયાં, અને ઉપચાર કરવા લાગ્યાં. કોઇ વૈદ્યને લાવ્યું તો કોઈ હકીમને. કોઇ જોતીષીને લાવ્યું તો કોઇ શાસ્ત્રીને. આ પ્રમાણે એક પછી એકે આવી ચિકિત્સા અજમાવી, પરંતુ મને બિલકુલ આરામ ન થયો. સમય ઘણો વીતી ગયો હતો અને અતિશય વેદનાથી હું કંટાળી ગયો હતો, તેથી હું વિચારવા લાગ્યો કે આના કરતાં તો મોત આવે તો સારૂં. સઘળાં કુટુંબીઓને ઘણું દુઃખ થતું. આ પ્રમાણે કેટલાક દિવસો વીતી ગયા. એ અરસામાં એક પરદેશી વૈદ્ય આવ્યા. નજરે નિહાળતાં તે જેવા પુટડા લાગતા, તેવાજ અનુભવી હોય એમ લાગતું હતું. મારા પિતાએ તેમને બોલાવીને કહ્યું કે, મારા પુત્રને જો સાજો તાજો કરશો તો આપ માગશો તેટલું દ્રવ્ય આપીશ. ત્યારે વૈદ્યે જણાવ્યું કે દ્રવ્યની શી વાત કરો છો? હું તો પરમાર્થ સાધવા દવા કરૂં છું. મારી પાસે એવાં અકસીર ઔષધો છે કે જે દરદીને મેં હાથમાં લીધા છે, તે સઘળા

સાજા તાજા થયા છે, છતાં પણ મેં કોઇની પાસે એક ફુટી બદામ પણ લીધી નથી. ચાલો, તમારા ચિરંજીવીની તબિઅત જોઉં. આમ કરી તેમણે મારે ત્યાં આવી, મારી નાડી પરીક્ષા કરી. કેટલોક સમય ગંભીર વિચાર કર્યા બાદ તેમણે કહ્યું. શેઠજી, આ છોકરાને કોઇ પણ પ્રકારનો રોગ નથી, તે તો કંઈ ભૂત પલિતથી ભડકયો છે.

આ સાંભળી મારા પિતાએ કહ્યું કે વૈદ્યરાજ, તેનો ઉપાય પણ તમારી પાસે તો હશેજ. ત્યારે વૈદ્યરાજે પ્રત્યુત્તર આપ્યો, કે હા, હા. જરૂર! પરંતુ તેને માટે મારી પાસે ખાસ અલગ ઉપાય નથી. આ ઉપરથી મારા પિતાએ કહ્યું કે ખેર! અધિક ઉપાયની શું જરૂર છે? એક ઉપાય તો છે ના? જો એજ ઉપાયથી તે તંદુરસ્ત થઈ જાય તો બીજા ઉપાયની આપણે આવશ્યકતા પણ કયાં છે? વૈદ્યરાજે કહ્યું "એક ઉપાય છે તો અકસીર પરંતુ.................." મારા પિતાએ કહ્યું કે વળી પાછું "પરંતુ" શું? આપ કહેતા કેમ નથી? અટકો છો શા માટે? આથી વૈદ્યરાજે કહ્યું કે એ ઉપાય જરા કઠિન છે, કષ્ટ સાધ્ય છે. પરંતુ એટલું તો ચોક્કસ કહી શકું છું, કે એ ઉપાયથી એનાં શરીર તથા મનમાંનાં સઘળા ભય તથા શંકાને હું નિર્મળ કરીશ, પરંતુ, એ રોગને પોતાને શિર વહોરી લેવા માટે તમારા-માંના એક જણે તત્પરતા બતાવવી જોઈએ. એ પિશાચ એવું દુષ્ટ હોય છે કે જીવને બદલે જીવ લે છે. તેથી જો હું એકને બચાવું તો બીજી એક વ્યક્તિએ સાક્ષાત્ યમરાજનો ભેટો કરવા તૈયાર થવું પડશે.

આ સાંભળી કેટલોક વખત ત્યાં સ્મશાશાન્તિ પથરાઇ ગઈ. સઘળા ગંભીર વદને વિચારમાં પડી ગયાં. કેટલાક એમ કહેવા લાગ્યા કે આ વૈદ્ય તો ગપ્પીદાસ હોય એમ લાગે છે. આવું તો કંઇ થતું હશે? છતાં ખેર. જોઇએ તો ખરા. આમ વિચારી કહ્યું કે વૈદ્યરાજ, ગુણસુંદરનાં શરીરમાંથી આપ એક વખત રોગ કાઢી લો ત્યાર પછી આપ કહેશો તે વ્યક્તિ તેને લઇ લેશે. અમે સઘળાં આપની સન્મુખ હાજર છીએ. આ સાંભળી વૈદ્યે કહ્યું કે પાછળથી ફરી જઇ શકશો નહિ. માટે જે બોલો તે વિચાર કરીને બોલજો. સઘળાંએ આ સાંભળી કહ્યુ હા, હા, અમે બધાં વિચાર કરીનેજ બોલ્યાં છીએ. આ પ્રમાણે પાકે પાયે વાતચિત કરીને વૈદ્યરાજે તે ઓરડામાંથી સઘળાંને બહાર મોકલ્યાં, અને તેનાં દ્વાર બંધ કર્યાં. ત્યારબાદ તેમણે મારાં શરીર ઉપર એક બારીક વસ્ત્ર ઓઢાડયું, અને પછી કંઇક મંત્રો બોલવા લાગ્યા. થોડાજ વખતમાં હું તો પરસેવાથી રેબઝેબ થઇ ગયો, અને વસ્ત્ર ભીંજાઇ ગયું. પછીથી તેમણે તે વસ્ત્રને એક પ્યાલામાં નીચોવી નાખ્યું અને ફરીથી મને ઓઢાડી દીધું. આ પ્રમાણે તે વસ્ત્રને ત્રણ વખત નીચોવ્યું, તેથી આખોય પ્યાલો પસીનાથી–રોગથી ભરપૂર થઇ ગયો. ત્યારબાદ મને એકદમ શાન્તિ લાગવા માંડી, પછીથી વૈદ્યરાજે દરવાજા ઉઘાડી સઘળાંને અંદર બોલાવ્યાં, અને રોગથી ભરપૂર પ્યાલો હાથમાં રાખી કહ્યું કે જુઓ, આ છોકરા હવે તદ્દન આરામ થઈ ગયો છે. તેનો બધો રોગ મેં આ પ્યાલામાં એકઠો કર્યો છે. બોલો, તમારામાંથી કોણ હવે તેને પીવા તૈયાર છે? અને પછી મારાં માતા, પિતા, બંધુઓ, બહેનો

ભોજાઇઓ વિગેરેને અલગ [illegible] બોલાવીને વૈદ્યરાજે કહ્યું, પરંતુ પ્યાલાની અંદરનું પ્રવાહી જે તેજાબની માફક ખદખદતું હતું, તથા જેમાંથી ધુમાડો અને અગ્નિની જવાળા જેવી જવાળાઓ નીકળતી હતી, તે પીવાનું સાહસ કોઈ પણ ન કરી શકયું. પિતાએ કહ્યું કે હમણાં પી જાઉં પરંતુ દુકાનનો સઘળો કારોબાર મારે શિર છે. વળી આ પ્યાલો પીતાં વેંતજ આજ રોગ મને વ્યાપી જશે, અને એ દશામાં હું મારા વ્યાપાર રોજગારની બીલકુલ સંભાળ રાખી શકીશ નહિ. માતાએ કહ્યું કે, ગુણસુંદરના પિતાનો સ્વભાવ એવો જલદ છે, કે તેમની મરજી મારા સિવાય કોઇ સાચવી શકે એમ નથી- આજ પ્રમાણે ભાઇઓ તથા ભાભીઓએ ઇન્કાર કર્યો, અને બહેનોને તેમના પતિઓએ રોકી. મારી પત્નીએ પણ એજ મુજબ બહાનાનો આશરો લીધો. હવે રહ્યાં બીજાં કુટુંબીઓ. તેઓ બધાં પણ એક પછી એક પેશાબ પાણીનું બહાનું કાઢી અગીઆરા ગણી ગયાં. તેથી આખરે વૈદ્યરાજે પેલો દર્દનો ભરેલો પ્યાલો મારા ઉપર છાંટી દીધો. આને લીધે મને આગળની માફક ભારે પીડા થવા લાગી. પછી વૈદ્યરાજ ત્યાંથી વિદાય થયા. તે વખતે મને મારા મિત્રની વાતનું સ્મરણ થયું. સાંસારિક સ્વાર્થ ઉપર મને અત્યંત તિરસ્કાર છૂટયો વળી વિચાર આવ્યો કે આજ સુધી હું કાચને હીરો ને પીત્તળને સુવર્ણ માની મોહજાળમાં ફસાયો હતો. આ પ્રમાણે મેં જે મારો અમૂલ્ય સમય એળે ગુમાવ્યો હતો, તેનું મને ભાન થયું. અને તેજ વખતે મેં નિશ્ચય કર્યો કે જો મારો આ રોગ નષ્ટ થશે તો આ સ્વાર્થી સંસારનો ત્યાગ કરી હું સંયમ માર્ગનો અંગીકાર કરીશ.

આમ વિચાર કરતાં હું નિદ્રાવશ થયો. એટલામાંજ મને એક સ્વપ્ન આવ્યું. તેમાં મને મારા મિત્રનો મેળાપ થયો. તેણે કહ્યું, મિત્ર.

તું અને હું બંને દેવ હતા. પૂર્વજન્મમાં જ્યારે તારાં આયુષ્યનો અંત આવવા લાગ્યો ત્યારે તેં મને કહ્યું, "તારૂં આયુષ્ય હજુ બાકી છે, તેથી હું અહીંઆ મૃત્યુશરણ થઇ મનુષ્ય બનું છું. ત્યાં તું મને શિક્ષા આપવા આવજે. અને તને જેવો વાજબી લાગે તેવો બોધ આપજે." આ માટે તેં મારી પાસે વચન લઈ લીધુ. મેં વચન આપ્યું કે હું જરૂર તને બોધ આપવા આવીશ. શું એ બધી વાતને તું વિસરી ગયો? તે વખતનાં તારાં વૈરાગ્ય અને સમજણ ક્યાં અદ્રશ્ય થઇ ગયાં? મિત્ર! આજ હું (વચન આપનાર દેવ) તારી પાસે ત્રીજી વાર આવ્યો છું. એક વખત મિત્ર તરીકે તારી સાથે સંબંધ બાંધ્યો. તારી સમક્ષ બધી રીતે સંસારનું ચિત્ર આલેખવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તું ન સમજ્યો. ત્યારે મેં આ કષ્ટ દાયક છતાં અનુભવનો ઘુંટડો પીવડાવે એવો બીજો અખતરો કર્યો. બીજી વખતે વૈદ્ય તરીકે આવનાર બીજું કોઇ નહિ પણ તુંજ હતો. મેં તને વચન આપ્યું હતું તેથીજ આજ ત્રીજી વખત સ્વપ્નાવસ્થામાં તારી પાસે આવ્યો છું. હવે મને બતાવ, કે સંસારના સ્વાર્થમય સંબંધનો તને પૂરો ખ્યાલ આવ્યો કે નહિ? જો ખ્યાલ આવ્યોજ હોય તો તેનો ત્યાગ કરી આત્મસાધન કરવાને કટિબદ્ધ થા. આથી તારી વેદના એકાએક શાન્ત થશે." એટલામાંજ મારી આંખ ઉઘડી ગઇ અને જોયું તો પેલો દેવ અદ્રષ્ય થઈ ગયો હતો સંસાર પરિત્યાગનો વિચાર તો મેં પહેલેથીજ કરી રાખ્યો

હતો, તેમાંય નિદ્રાવસ્થાના સ્વપ્ને તો તેને ખૂબ મજબુત બનાવ્યો. મેં સંકલ્પ કર્યો કે વેદના શાંત પડતાં વેંતજ હું સંસારથી વિરક્ત થઈશ. આમ વિચાર કરતો હતો, તેમ મારી વેદના ક્ષીણ થતી જતી હતી. થોડાજ વખતમાં અત્યંત શાન્તિપૂર્વક હું ગાઢનિદ્રામાં પડ્યો. બીજે દિવસે પ્રાતઃકાલે જ્યારે હું જાગી ઉઠ્યો, તે વખતે સગાં સંબંધીઓથી મારો આખો ઓરડો ચિકાર ભરાઇ ગયો હતો ગડબડ થતાં હું જાગી ના ઉઠું તેથી સઘળાં મારા ઉઠવાની રાહ જોઇ શાન્તિપૂર્વક બેઠાં હતાં. હું જાગ્યો કે તરતજ સઘળાં મારી તબિઅતના સમાચાર પુછવા લાગ્યાં. જ્યારે મેં કહ્યું કે મારી તબિઅત પહેલાં કરતાં ઠીક છે ત્યારે સઘળાંને આનંદ થયો, અને કહેવા લાગ્યાં કે પરમકૃપાળુએ અમારી અભિલાષા પૂર્ણ કરી. કોઈ કહેવા લાગ્યું કે મેં ફલાણા યજ્ઞની માનતા રાખી હતી. અને કોઇ કહેવા લાગ્યું કે મેં ઢીંકણાં માતાજીને પ્રસાદ ચઢાવવાની બાધા રાખી હતી, વિગેરે. આ સાંભળી મેં તે સઘળાંને કહ્યું કે તમારામાંનાં કોઈનાં બાધા આખડી સફળ થયાં નથી. ફકત મારી માનતાજ ફળીભૂત થઇ છે. મારાં માતા પિતાએ પૂછ્યું કે તારી શી માનતા છે તે કહ, એટલે સહુથી પહેલાં અમે તેને પૂર્ણ કરીશું. મેં કહ્યું. "**खंतो दंतो निरारंभो पवइए अणगारियं**" અર્થાત મેં એવી માનતા રાખી છે કે જો આ રોગ નાબૂદ થશે તો ક્ષમાનો પાઠ શીખીશ અને ઇન્દ્રિય દમન કરી આરંભિક પરિગ્રહોને પરિત્યાગ કરી સંન્યસ્ત જીવનનો અંગીકાર કરીશ. આવી માનતા રાખી કે તરતજ મારી વેદના શમવા લાગી, તેથી હું હવે આત્મસાધના કરીશ. મારા આ નિર્ણયમાં કોઇ વિઘ્ન ન નાખે

એટલુંજ હું પ્રાર્થું છું. બસ, મારા ઉપર આપ સર્વે એટલી કૃપાદૃષ્ટિ કરશો.

ત્યારબાદ મારો માતા પિતા તથા કુટુંબીઓ સાથે ખૂબ વાદવિવાદ થયો. પરંતુ આખરે મેં સઘળાંને સમજાવી દીક્ષા લીધી. તે દિવસથી અનાથ મટીને હું સનાથ થયો છું હવે હું માત્ર મારા આત્માનીજ નહિ પરંતુ બીજાં પ્રાણીઓની પણ રક્ષા કરૂં છું. તેથી મારો પોતાનો તથા બીજાઓનો પણ નાથ બન્યો છું. આ દૃષ્ટાંત ઉપરથીજ હે રાજન! તું વિચાર કર કે તું અનાથ છે કે સનાથ? જે ભોગવિલાસ અને સ્મૃદ્ધિસૂચક સાધનો મને તું આપવાને કહે છે તેના કરતાં સવાયાં સાધનો મારી પાસે હતાં. સગાંસંબંધીઓ તથા યથોચિત મિત્રમંડળ પણ હતું, છતાં આ સઘળાંમાંથી કોઇ પણ મને મારા દુ:ખમાંથી બચાવી શકયું નહિ. આ ઉપરથી એ તો સ્વયંસિદ્ધ છે કે હું અનાથ હતો.

શું તારામાં કોઇને દુ:ખ અગર મૃત્યુના મુખમાંથી બચાવવાની શક્તિ છે? મનુષ્યના મહાનમાં મહાન રિપુઓ મૃત્યુ અને કર્મ છે. તેમનાથી બચાવવાની તારામાં શક્તિ નથી, તેથીજ મેં તને અનાથ કહ્યો હતો. હવે જો તને પેલા મારા શબ્દો અનુચિત લાગતા હોય તો હું તે પાછા ખેંચી લઉં.

શ્રેણિક:—મહારાજ! આપનાં વચન તદન સત્ય છે. માત્ર મારીજ ભૂલ છે. હવે મને ખાત્રી થાય છે કે હું જાતે પણ અનાથ છું. મેં મારી સંપત્તિ માટે વૃથા અભિમાન કર્યું. મૃત્યુરૂપી શત્રુ સામે ચાહે એટલી સંપત્તિ અથવા સત્તા હોય છતાં તે સઘળું તુચ્છ છે,

આપ એક દૃઢવૈરાગી અને સાચા ત્યાગી પુરૂષ છો. આવી અવસ્થામાં આપને સાંસારિક ભોગવિલાસ માટે પ્રેરણા કરીને મેં જે અપરાધ કર્યો છે, તેને માટે ક્ષમા યાચું છું, અને આપને, ધર્મ વિષે ઉપદેશ સાંભળવાને અત્યંત ઉત્સુક છું,

ત્યારબાદ મુનિએ ધાર્મિક બોધ આપ્યો. જે શ્રવણ કરીને શ્રેણિક રાજાએ પ્રસન્નવદને પોતાની અનાથતાનો સ્વીકાર કર્યો. પછીથી મુનિશ્રીની સ્તુતિ સન્માન તથા વંદના નમઃ-સ્કારાદિ કરી શ્રેણિક રાજા ત્યાંથી વિદાય થયો. મુનિવર પણ ભૂમંડળના અનેક ભવ્યજીવોને પ્રતિબોધિત કરી, આંતરિક શત્રુઓને જીતી અંતે અનન્ત પદને પામ્યા. તેઓ સનાથ થઇ ગયા હોવા છતાં અન્ય જનોના ઉપદેશાર્થે પોતાને 'અનાથ' કહેવડાવતા. તેથીજ તેઓ 'અનાથી'ના નામથી પ્રસિદ્ધ છે.

જેની પાસે આવડું મોટું રાજ્ય હતું, જે આટલા સમૃદ્ધિ-વાન હતા, એવા શ્રેણિક તથા ગુણસુંદર જેવાઓ પણ જ્યારે અનાથ હતા, તો પછી સામાન્ય મનુષ્ય સનાથ હોવાનો કયે મુખે દાવો કરી શકે ?

આ પ્રમાણે આપણા ચરિત્રનાયક તથા બનેડાના રાજા-સાહેબ વચ્ચે વાર્તાલાપ થયો. રાજાસાહેબે આ વાર્તાલાપ માટે પોતાની પારાવાર પ્રસન્નતા દર્શાવી જણાવ્યું કે "આપ જેવા મહાત્મા પુરૂષના દર્શનનો લાભ મળ્યો એને હું મારૂં પરમ સૌભાગ્ય માનું છું. આપનાં વ્યાખ્યાન કોઇ પણ સંપ્ર-દાય કે ધર્મના અનુયાયીઓને દુઃખકર નીવડતાં નથી, અને તેમાં પ્રત્યેકને સમજણ પડે છે. તેથી કૃપા કરીને એક

વ્યાખ્યાન મારા મહેલમાં પણ આપશો.” તે મુજબ મહેલમાં એક વ્યાખ્યાન આપ્યું, જે શ્રવણ કરવાને રાણીવાસમાંથી રાજમાતા, રાણીસાહેબ, તથા રાજકુંવરી આવ્યાં હતાં. ત્યાર બાદ રાજાસાહેબે મલમલનાં થાન પોતાના મહેલમાં વોરાવવાનો આગ્રહ કર્યો, ત્યારે મુનિ મહારાજે કહ્યું કે અમારે માટેની સર્વોત્તમ ભેટ એ છે કે આપ તરફથી દયા તથા ઉપકારનાં કાર્યો થાય. છતાં જ્યારે રાજાસાહેબે અત્યંત આગ્રહ કર્યો ત્યારે તેમાંથી ત્રણ ત્રણ હાથ વસ્ત્ર લીધું. ત્યાર પછી રાજાસાહેબે આવતા ચાતુર્માસ પોતાને ત્યાં કરવાની વિજ્ઞપ્તિ કરી. આ ચાતુર્માસને માટે સાદડીના નિમંત્રણનો સ્વીકાર કરી ચૂકયા હતા, તેથી જેવો અવસર, એમ કહી તેઓશ્રી માંડલ પધાર્યા. માર્ગમાં બનેડા દરબારનો દયાને લગતો ખરડો લઈને કારભારી આવ્યા. માંડલમાં મહારાજશ્રીના વ્યાખ્યાનથી પુષ્કળ ઉપકાર થયો. લોકોએ માંસ, મદિરા, તંબાકુ તથા ખોટી સાક્ષી પૂરવાનો ત્યાગ કર્યો. આ ઉપરાંત બીજા પણ વિધવિધ ત્યાગ થયા. સૂર્યોદય થતાં તેઓએ ત્યાંથી વિહાર કર્યો.

ત્યાંથી બાગોર પધાર્યા અને પછી બાબરાસ ગયા, ત્યાં રાજમહેલમાં વ્યાખ્યાન આપ્યું. પછીથી કોસિથલ પધાર્યા. ત્યાંના ઠાકોર સાહેબ શ્રીમાન પદ્મસિંહજીના સુપુત્ર શ્રીમાન જવાનસિંહજીએ વ્યાખ્યાન શ્રવણ કર્યું અને કેટલોક ત્યાગ કર્યો તથા એક પટો* (ખરડો) પણ આપ્યો. ત્યાર પછી મહારાજશ્રી રાયપુર પધાર્યા. ત્યાં પૂજ્યશ્રી એકલિંગ-

*ખરડાની નકલ માટે જુઓ પરિશિષ્ટ પ્રકરણ. ૨

દાસજી મહારાજ વિરાજતા હતા. જાણે કે બંને એકજ સંપ્રદાયના અનુયાયી હોય તેમ તેમણે તેઓશ્રી તરફ અત્યંત પ્રેમ પ્રદર્શિત કર્યો. બીચ બજારમાં તેઓશ્રીએ વ્યાખ્યાન આપ્યું, જેની પ્રેરણાથી ત્યાં એક જૈન પાઠશાળાની સ્થાપના કરવામાં આવી. વૈશાખ વદ ૫ ના પ્રાતઃકાલે મહારાજશ્રીએ તરતનાજ જન્મેલા એક બાળકને કોઇ મૂકી ગએલું પડેલું જોયું. બાળક ગામ બહાર ભૈરવજીના ચબૂતરા ઉપર પડયું પડયું ડચકાં ખાતું હતું. હાકેમ સાહેબે તેની તપાસ કરી. ત્યારબાદ વાળંદણ (ત્રાંયજણ) મારફતે પેલા બાળકને મહારાજશ્રી જ્યાં વ્યાખ્યાન આપતા હતા ત્યાં લાવવામાં આવ્યું. તેને જોતાંજ વ્યાખ્યાનમાં તે બાબતનું અનુસંધાન કરવાનો આરંભ કર્યો. જ્યારે એમ ખાત્રી થઇ કે એ બાળક કોઇ વિધવાને પેટે અવતરેલું છે, ત્યારે લોકોને સંબોધીને કહેવા લાગ્યા કે લો, જુઓ. આ દેશમાં કેવો અત્યાચાર ચાલી રહ્યો છે. ત્યારબાદ તેઓશ્રીએ "વિધવાનાં કર્તવ્ય" એ વિષય ઉપર કેટલાંક વ્યાખ્યાન આપ્યાં, જેમાં સ્પષ્ટ રીતે સમજાવ્યું કે પતિના અવસાન બાદ વિધવાનું કર્તવ્ય ધર્મથી પતિત થઈ પાપની વૃદ્ધિ કરવાનું નથી. પરંતુ પોતાના શીલ તથા ધર્મનું સંરક્ષણ કરી, જીવનનો શેષકાળ પરમાત્મ-ચિંતવનમાં વ્યતિત કરી, સદાચારપૂર્વક રહેવામાં છે.

ત્યારબાદ યોગ્ય સમયે ત્યાંથી વિહાર કરી તેઓશ્રી કરેડા પધાર્યા. ત્યાંના રાજાસાહેબે વ્યાખ્યાન શ્રવણ કરી અત્યંત આનંદ પ્રગટ કર્યો. વળી ત્યાં રોકાવાને માટે પણ આગ્રહ કર્યો, છતાં સમયાભાવ હતો, તેથી માત્ર પાંચ દિવસ રોકાઈ ત્યાંથી વિહાર કરી તાલ પધાર્યા. ત્યાંના ઠાકોર સાહેબની

વિજ્ઞપ્તિથી તેઓશ્રીએ રાજમહેલમાં એક વ્યાખ્યાન આપ્યું. રાજમાતાએ જૈન રીતિ અનુસાર વંદના કરી પોતાની પુત્ર-વધુને (રાણી) સમ્યકત્વ અપાવ્યું, તથા તેમણે પોતે પણ રાત્રિ-ભોજનનો ત્યાગ કર્યો, અને તેનું યાવજ્જીવન પાલન કરવાની પ્રતિજ્ઞા કરી. રાણી સાહેબે તથા કેટલાંક દાસ દાસીઓએ માંસ ભક્ષણ, મદિરાપાન આદિ અનેક પ્રકારનો ત્યાગ કર્યો. ઠાકોર સાહેબ ઉમ્મેદસિંહજીએ મહિનામાં બાવીસ દિવસ શિકાર ન કરવાની તથા પાંચ જાતનાં જાનવર સિવાય બીજાં કોઈ જાનવરનો શિકાર ન કરવાની પ્રતિજ્ઞા કરી. વળી એવો હુકમ પણ બહાર પાડયો કે પોતાના રાજ્યનાં સઘળા તળાવોમાં કોઇ પણ વ્યકિતએ મત્સ્ય સંહાર ન કરવો. અન્યાન્ય લોકોએ પણ વિવિધ પ્રકારના ત્યાગ કર્યા. તાલના ઠાકોર સાહેબ બે કોસ દૂર આવેલા થાણા સુધી પગે ચાલતા મહારાજશ્રીને વળાવવા આવ્યા. થાણાના ઠાકોર સાહેબે પક્ષીઓનો શિકાર કરવાનો ત્યાગ કર્યો. અને લોકોએ કેટલાય જીવોને અભયદાન આપ્યું. ત્યારબાદ તેઓશ્રી ચીવડા તથા ભીમ થઇ ગોદાજીને ગામ પધાર્યા. ત્યાં પણ સારો ઉપકાર થયો. રાવત લોકોએ મદિરા માંસનો ત્યાગ કર્યો. બીજી પણ કેટલીક નાતોના લોકોએ ત્યાગ ઉપવાસાદિ કર્યાં. ત્યારબાદ કોકરખેડા, બરાર, ટાટગઢ, તથા ઠેકરવાસ થઇ લસાણી પધાર્યા. ત્યાં તાલના ઠાકોર સાહેબ શ્રી ઉમ્મેદસિંહજી પ્રતિદિન વ્યાખ્યાન શ્રવણ કરવાને આવતા હતા. એક દિવસ તેમણે વ્યાખ્યાનમાં એવી પ્રતિજ્ઞા કરી કે આખાં વર્ષ દરમ્યાન મારે ત્યાં જેટલાં બકરાં રાજ્યનાં આવે છે, તેને હું અભયદાન આપીશ. તેમજ લસાણી ઠાકોરસાહેબ શ્રીમાન્ ખુમાણસિંહજી

સાહેબ પણ દરરોજ ઉપદેશ સાંભળવા આવતા હતા. તેમણે એવી પ્રતિજ્ઞા કરી કે હું ભાદરવા મહીનામાં બીલકુલ શિકાર નહિં કરૂં.' ચૈત્ર શુદ ૧૩ ને રોજ પણ જીવહિંસા કરીશ નહિ એટલુંજ નહિં પણ કોઇ નિરપરાધી જીવને જીવનપર્યંત નહિ મારવાની પ્રતિજ્ઞા લીધી હતી. ત્યારપછી મહારાજશ્રીએ દેવગઢ તરફ વિહાર કર્યો. લસાણી ઠાકોર સાહેબ પોતાના યુવરાજ કુમાર સાથે પોતાના હદ સુધી વળાવવા ગયા હતા. મહારાજશ્રીએ દેવગઢમાં એક પછી એક ચાલુ સાત વ્યાખ્યાનો આપ્યાં હતાં. જનસમુદાયે મહારાજશ્રીને વધારે રોકાવા માટે આગ્રહ કર્યો પરંતુ ચાતુર્માસ નજદીક આવતું હોવાના સબબે તેઓ વધુ વખત રોકાયા નહિ ત્યાંથી મહારાજશ્રી 'ચારભુજાજી' પધાર્યા, ત્યાં તેમણે બે વ્યાખ્યાનો આપ્યાં હતાં. ત્યાંના હાકેમ સાહેબ જતનસિંહજીએ સારી સેવાભક્તિ કરી હતી જનતાએ ત્યાં પણ મહારાજશ્રીને રોકવાનો ભારે આગ્રહ કર્યો હતો, પરંતુ વખત નહિ હોવાથી સવારે પ્રતિલેખણનો વિધિ પૂરો કરતાંજ ત્યાંથી રવાના થઇને 'દેસુરી' પધાર્યા. અહિં જો કે એક પણ ઘર સ્થાનકવાસી ભાઇનું નહિ હોવા છતાં લોકોએ ઘણા ભક્તિભાવથી મહારાજશ્રીને રોકીને બે વ્યાખ્યાન અપાવ્યાં હતાં. જેનો લાભ, હાકેમ સાહેબ શ્રી માનમલજી બી. એ. એલ. એલ. બી., ડૉકટરસાહેબ સુરેન્દ્રનાથ સરકાર, પોલીસ અમલદાર ગણેશમલજી, પં. આત્મપ્રસાદજી હેડમાસ્તર અને શ્રી. પારસમલજી ખજાનચી વગેરેએ ઘણા ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. ત્યાંથી મહારાજશ્રી ઘાણેરાવ પધાર્યા. ત્યાં કોટવાલીની સમક્ષ બે ભાષણો આપ્યાં કે જેમાં ભારે ગીરદી જામી હતી.

આષાઢ શુદ ૭ ને રોજ મહારાજશ્રી માદાગામ થઇને સાદડી ખાતે પધાર્યા. મહારાજશ્રીનો સત્કાર કરવા માટે શહેરની બહાર લગભગ ૫૦૦ જેટલી સંખ્યામાં સ્ત્રી-પુરૂષો ઘણી આતુરતા પૂર્વક તૈયાર થઇને ઉભા હતા. સમયે સમયે પ્રભુ મહાવીરનો જયઘોષ ઉચ્ચારવામાં આવતો હતો. એ રીતે ઘણી ધામધૂમથી મહારાજશ્રીનો સાદડી શહેરમાં પ્રવેશ થયો હતો. ત્યાંના લોકો પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યા હતા. જે દિવસે મહારાજશ્રી સાદડી ખાતે પધાર્યા, તે દિવસથી નિયત સમયે મહારાજશ્રીનું વ્યાખ્યાન થયા કરતું હતું. તેમાં શ્રોતાજનોની સંખ્યા હરહમેશ વધતીજ ચાલી. વ્યાખ્યાનમાં જૈન, જૈનેતર તમામવર્ગ આવવા ઉપરાંત રાજ્યનો અમલદાર વર્ગ, પોસ્ટમાસ્તર પં. હરલાલજી શર્મા, ડૉ૦ અબદુલ લતીફખાં P. E. H. (અલહાબાદ) વગેરે મહાશયોનું વખતોવખત આવવું થયા કરતું હતું. મહારાજશ્રીના ઉપદેશની જનતા ઉપર ભારે અસર થઇ હતી. પરિણામે અનેક વ્રતો, પચ્ચખાણો, દયાપાલન અને પૌષધ થયા હતા.

એક દિવસે શ્રી. આણંદજી કલ્યાણજી (મંદિરમાર્ગી) ની પેઢીના સુયોગ્ય મુનીમજી શ્રી ભગવાનલાલ ધારસી વગેરે એકત્ર થઇને મહારાજશ્રી પાસે આવ્યા અને વિનતિ કરી કે, મહારાજશ્રી, આ ગામની બહારના ભાગમાં માતાજી પાસે દર વર્ષે પાડાનો વધ કરવામાં આવે છે, માટે તે જો અટકાવવામાં આવે તો બહુ સારૂં. મહારાજશ્રીને આવી રીતે વિનંતિ કરવા સાથે શ્રાવકવર્ગો તરફથી પણ આ કાર્યમાં મદદ મળતાં બન્ને ગચ્છના લોકોના પ્રયત્નના પરિણામે દર વર્ષે થયા કરતી આ હિંસા સદંતર બંધ થઇ ગઇ.

આ ચાતુર્માસમાં ખાસ નોંધવા યોગ્ય જે બાબત છે તે મુનિશ્રી મયાચંદજી મહારાજે કરેલી ૩૬ દિવસની તપસ્યાને લગતી છે. આ તપ તેમણે માત્ર ગરમ પાણી ઉપર નિર્ભર રહીને પૂરૂં કર્યું હતું. તપસ્યા શ્રાવણ શુદ ૮ થી શરૂ થઇ હતી. વર્તમાનપત્રોદ્વારા તેમજ ખાસ આમંત્રણપત્રિકાઓ દ્વારા સાદડી શ્રીસંઘે તપસ્યાને લગતા સમાચાર મોકલવાનો પ્રબંધ કર્યો હતો. બરાબર તપની પૂર્ણાહુતિના બે દિવસ અગાઉ છેક દૂર દૂરથી મનુષ્યો દર્શનાર્થે આવતા હતા. ઉપાશ્રયની બહારના ભાગમાં એક મોટો મંડપ વ્યાખ્યાન માટે બાંધવામાં આવ્યો હતો. તપસ્યાની પૂર્ણાહુતિના દિવસે સૌથી પહેલાં મહારાજશ્રીના સાહિત્ય પ્રેમી શિષ્ય પં. મુનિશ્રી પ્યારચંદજી મહારાજે 'પ્રેમ' ના વિષય ઉપર એક વ્યાખ્યાન આપ્યું હતું. ત્યાર પછી ચરિત્રનાયકનું વ્યાખ્યાન થયું હતું. તેથી શ્રોતૃવર્ગ ઘણો ખુશી થયા હતો. લોકો પરસ્પર કહેવા લાગ્યા કે જીવનમાં આવો આનંદ કદિ પણ અનુભવ્યો નહોતો

આ ઉત્સવ પ્રસંગે રતલામ, જાવરા, મંદસોર, જોધપુર અને બ્યાવર વગેરે અનેક શહેરોના લગભગ ૬૦૦ ઉપરાંત માણસો એકત્ર થયા હતા. પૂરના દિવસે આણંદજી કલ્યાણજીની પેઢીના મુનીમજી શ્રી ભગવાનલાલ ધારસી વગેરે લોકો પણ આવ્યા હતા. તે દિવસે સ્થાનકવાસી ભાઈઓની દુકાનો તો જો કે બંધ હતી, પરંતુ મંદિરમાર્ગી ભાઇઓએ પણ પોતાનાં કામકાજ બંધ રાખ્યાં હતાં. તે દિવસે લગભગ રૂા. ૧૨૦૦ બારસો રૂપીયાના જીવો છોડવવામાં આવ્યા હતા. ગરીબોને મીઠાઈ તથા કપડાં વહેંચવામાં આવ્યાં હતાં.

સાદડીના શ્રીસંઘે મહારાજશ્રીની અતિ સુંદર ભકતી કરી હતી આવેલા સજ્જનોનું પણ તન, મન અને ધનથી ઉચિત આતિથ્ય કર્યું હતું. અહિંનો શ્રીસંઘ ઘણો ધર્મપ્રીય અને ભકિતભાવપૂર્ણ છે. શ્રીસંઘે આપણા ચરિત્રનાયકનું જીવન-ચરિત્ર હિંદી ભાષામાં તૈયાર કરાવવામાં ઘણા ઉત્સાહ-પૂર્વક સહાયતા દીધી હતી.

પર્યુષણ પર્વના દિવસે ફતહપુરાના ઠાકોર સાહેબે પણ ઉપદેશ સાંભળવાનો લાભ લીધો હતો. આ પ્રસંગે કેટલાય જૈનેત્તર લોકોએ ઉપવાસ વગેરે તપસ્યા કરી હતી. ઉપરાંત તમાકૂ, પાન, મદિરા પાન અને માંસ ભક્ષણનો પણ ત્યાગ કર્યો હતો.

તા. ૧૫-૧૦-૨૪ ને રોજ શ્રીમાન બૂસી (મારવાડ) ના ઠાકોરસાહેબ વ્યાખ્યાન સાંભળવા માટે પધાર્યા હતા, તેમણે મહારાજશ્રીના ઉપદેશથી નીચે મુજબ પ્રતિજ્ઞાઓ કરી હતીઃ—

(૧) હરણ અને પક્ષીનો શિકાર કરવો નહિ.

(૨) એક મહીનામાં ૧૦ દિવસ બીલકુલ શિકાર કરવો નહિ. તેમની સાથે એક બીજા ગૃહસ્થ હતા, તેમણે પણ હરણનો શિકાર નહિ કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

લગભગ ચાતુર્માસ પૂરૂં થયા પછી ચરિત્રનાયકજીએ સાદડીના લોકોને વ્યાખ્યાનરૂપ અમૃત રસપાનનાં તરસ્યાં રાખી-નેજ 'વાલી' તરફ વિહાર કર્યો. ત્યાં શ્વેતાંબર સ્થાનકવાસી જૈન ઘણાં થોડાં ઘરો છે; મહારાજશ્રીનાં જાહેર વ્યાખ્યાનમાં તો મોટો સમૂહ એકત્ર થતો હતો. શ્રીમાન પન્નાલાલજી બી. એ. હાકિમસાહેબ, શ્રીમાન રામસરૂપજી બી. એ. એલ. એલ. બી.

અને નાયબ હાકિમ વગેરે પણ ઉપદેશ સાંભળવા માટે હાજર રહેતા હતા. ત્યાંથી વિહાર કરીને મહારાજશ્રી 'ખીવેલ' પધાર્યા. ત્યાં ખાતે મુનિશ્રી વકતાવરમલજી વિરાજતા હતા, તેમની સાથે પ્રેમપૂર્વક વાર્તાલાપ કર્યો હતો, ત્યાં ખાતે મહારાજશ્રીનાં બે વ્યાખ્યાનો થયાં હતાં. ત્યાંથી મહારાજશ્રી રાણી સ્ટેશન પધાર્યા. જો કે ત્યાં સ્થિરતા કરવાની નહોતી. છતાં જ્યારે જનતાએ રાત્રે ઉપદેશ સાંભળવાની દૃઢ ઇચ્છા જણાવી ત્યારે તે કબુલ કરીને મહારાજશ્રીએ વ્યાખ્યાન કર્યું હતું. ત્યાંથી વિહાર કરીને મહારાજશ્રી બુસી ખાતે પધાર્યા હતા. ત્યાં શ્રીમાન ઠાકોરસાહેબે ઉપદેશ સાંભળ્યો. ત્યાંથી મહારાજશ્રીએ વિહાર કર્યો અને 'પાલી' મુકામે પધાર્યા. અહિં સામૈયામાં સેંકડો સ્ત્રી—પુરૂષો ઉપસ્થીત થયા હતા. જયઘોષપૂર્વક મહારાજશ્રીનો નગરપ્રવેશ થયો. મહારાજશ્રીના પ્રભાવથી લોકોમાં એ વાતની પ્રતીતિ થઇ ચુકી કે આપણાં જે બે તડ પડયાં છે તે મહારાજશ્રીનાં સદુપદેશના પરિણામે જરૂર દૂર થઈ જશે અને શાંતિ સ્થપાશે. મહારાજશ્રીની પધરામણીના સમાચાર આખા શહેરમાં વિજળીના વેગે પ્રસરી વળ્યા. વ્યાખ્યાનમાં કેટલા મનુષ્યો આવતા હતા તેની ગણત્રી કરવી મુશ્કેલ કાર્ય હતું; છતાં લોકો કહેતા હતા કે અહિં પર્યુષણ જેવાં મોટાં પર્વમાં પણ એકત્ર ન થાય તેટલી મોટી માનવ–મેદની આ વ્યાખ્યાન પ્રસંગે એકત્ર થતી હતી, જૈન અને અજૈન વર્ગ વ્યાખ્યાન સાંભળવા માટે હરહમેશ હાજરજ રહેતો હતો. વ્યાખ્યાનમાં વિવિધ વિષયોની વાતો મૂકવામાં આવતી હોવાથી દરેક વ્યક્તિનાં દિલમાં સંપના અંકુરાઓ પ્રકટવા લાગ્યા હતા.

ત્યાં જોધપુરથી કેપ્ટન ઠાકોર કેસરીસિંહજી સાહેબ, દેવડા, જાગીરદાર ગલથની (મારવાડ) અને બ્રહ્મચારી શ્રીલાલજી, ઠાકોર લાલસિંહજી, તુંવર કુચામણ અને જગદીશ સિંહ ગહલોત H. L. M. S. વગેરે મહારાજશ્રીનાં દર્શન અર્થે આવ્યા હતા. દર્શન કરીને ઉપદેશ સાંભળ્યો, અને ઘણા પ્રસન્ન થયા. કેપ્ટન સાહેબે કહ્યું કે મેં સં. ૧૯૭૩ માં જોધપુર કુચામણની હવેલીમાં આપશ્રીનો ઉપદેશ સાંભળ્યો હતો. આપના વ્યાખ્યાનરૂપ સાગરમાંના અહિંસારૂપ મોજાંઓ લઈને–મેળવીને, ઠેકાણે ઠેકાણે ભટકતા કેટલાય જાગીરદારોમાં તેમજ બીજા લોકોમાં દારૂ તેમજ માંસ ત્યાગનો પ્રચાર કરી રહ્યો છું. તેમાં મને ઘણી સફળતા મળી છે, પરિણામે આજે અનેક જગ્યાએ દારૂ અને માંસની વપરાશ ઘટી ગઈ છે, છતાં હજી પ્રયત્ન તો ચાલુજ છે. સાહેબ, આ ફળ આપનાં વ્યાખ્યાનનું છે. બ્રહ્મચારી પણ આ કાર્યમાંજ મસ્ત છે. પૂરતો પ્રયત્ન છતાં એકતા કરાવવાનાં કાર્યમાં પૂરતી સફળતા નહિ મળેલી લાગવાથી માગશર વદ ૪ ને રોજ મહારાજશ્રીએ અહિંથી વિહાર કર્યો અને રાત્રિના સમયે શહેરની બહાર રામસ્નેહી આશ્રમમાં નિવાસ કર્યો. રાત્રે શ્રીમાન્ હાકેમ સાહેબ પણ દર્શનાર્થે આવ્યા, તેમણે કેટલાક તાત્ત્વિક મુદ્દાઓ ઉપર ચર્ચા ચલાવી હતી. ત્યાંના લોકોએ સવારે એક બીજું વ્યાખ્યાન આપવાનું પણ મહારાજશ્રી પાસે કબૂલાવ્યું હતું.

જો કે આ સ્થાન શહેરથી કેટલેક છેટે હતું તોપણ ઉપદેશ સાંભળવા માટે જનતાએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. અહિં મહારાજશ્રીએ એકતા સંબંધી ઉપદેશ દેવામાં સહજ

સંકોચ ધારણુ કર્યો કારણુ કે જ્યારે આટલા આટલા વ્યાખ્યાનોની અસર થઇ નહિ ત્યારે આજના વ્યાખ્યાનથી શી અસર થનાર છે? કશી નહિ. એકતા માટે બોધ કરવા છતાં જો એકતા ન થાય તે માટે સંકોચ થાય એ સ્વભાવિક છે; છતાં મહારાજશ્રીએ થોડો ઉપદેશ આપ્યો. હવે મહારાજશ્રીના આ થોડા ઉપદેશે કેવું જાદુનું કાર્ય કર્યું તે બતાવવા મારી કલમ ચાલતી નથી. વધુ શું? બસ, મહારાજશ્રીના આ ઉપદેશથી પાલીના સંઘમાં એકતા દાખલ થઇ ચૂકી. આ પ્રસંગે પાલીના શ્રીસંઘને તેમજ આ કાર્યમાં જેમણે યથાશક્તિ સહાયતા આપી છે તેમને ધન્યવાદ આપ્યા વગર રહી શકાતું નથી. શ્રીમાન મીશ્રીલાલજી મુણોતનાં નામનો આ પ્રસંગે ખાસ ઉલ્લેખ કરવો જોઇએ છે; તેમણે આ એકતા માટે ભારે પરિશ્રમ ઉઠાવ્યો હતો. પરિણામે આ એકતા થતાં લોકોનાં મન રાજી થયાં હતાં. આથી પાલીના શ્રીસંઘે મહારાજશ્રીને બે વ્યાખ્યાનો વધુ અપાવવા માટે પુનઃ વિનંતિ કરી, એટલુંજ નહિ પણ ફરીથી પાલી ખાતે પધરામણી કરાવી. પ્રાતઃકાલનું વ્યાખ્યાન પૂરૂં થઈ ગયા પછી શ્રીમાન્ શેઠ મુકુનલાલજી બાલીઆ તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી તેમજ મોતીલાલજી મોથા તરફથી આ એકતાની ખુશાલીમાં લગભગ ૩૫૦ બકરાંને છોડવવામાં આવ્યા હતા, ઉપરાંત ગાયોને ઘાસ નીરવામાં આવ્યું હતું. મહારાજશ્રીનો ઉપદેશ દરેક વ્યક્તિ માટે ઉપયોગી થઇ પડવાનું ખાસ કારણુ એ છે કે, તેમનાં વ્યાખ્યાનોમાં હિંદુ–મુસલમાન કોમ એકસરખી રીતે ભાગ લઇ રહી છે. મહારાજશ્રીનો ઉપદેશ સાંભળવા માટે વેશ્યાએ। પણુ આવતી હતી. 'મગની' અને 'બની' વેશ્યાઓએ મહારાજ-

શ્રીનો ઉપદેશ સાંભળીને સેંકડો મનુષ્યો વચ્ચે જીવન પર્યંત શીલવ્રત ધારણ કર્યું હતું, અને 'શ્રૃણગારી' નામની વેશ્યાએ એક ચોક્કસ વ્યક્તિ સિવાય બીજા બધાંનો ત્યાગ કર્યો હતો. આ ઉપરથી વાંચક વર્ગ સારી રીતે સમજી શકશે કે જનસમાજમાં મહારાજશ્રીના ઉપદેશની કેવી પ્રબળ અસર થાય છે! મહારાજશ્રી ત્યાંથી વિહાર કરીને પુનાવતે થઈને ચોટિલે પધાર્યા. ત્યાં પાલીના લગભગ ૭૦-૭૫ માણસો દર્શન માટે આવ્યા હતા. અહિં એક વ્યાખ્યાન આપીને મહારાજશ્રીએ વિહાર કર્યો હતો. આ પ્રસંગે ઠાકોર અભયસિંહજી મહારાજશ્રીને વળાવવા માટે આવ્યા હતા તેમણે કહ્યું કે, મહારાજશ્રી, આપશ્રી સં. ૧૯૭૩ માં અહિં પધાર્યા હતા તે વખતે મેં શ્રાવણ અને ભાદરવા મહીનામાં શિકાર નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી, હવે આપની આ ફરીથી થએલી પધરામણી પ્રસંગે એવી પ્રતિજ્ઞા કરૂં છું કે "આષાઢ શુદ ૧૫ થી કારતક શુદ ૧૫ તેમજ વૈશાખ મહીનામાં શિકાર કરવો નહિ." શ્રીમાન્ ઠાકોર સાહેબના ભાઈ મગસિંહજીએ પણ પોતે શિકાર નહિ કરવાનો તેમજ બીજા પાસે નહિ કરાવવાનો ત્યાગ કર્યો હતો. ઠાકોર સાહેબની સાથે આવેલા એક ગૃહસ્થે હરણ ઉપર બંદૂક નહિ મારવાની પ્રતિજ્ઞા કરી હતી. ત્યાંથી ચરિત્રનાયક વિહાર કરીને રોહિટ થઇને 'લૂણિ' જંકશન પધાર્યા. ત્યાંથી સેલાવાસ તરફ વિહાર કર્યો. માર્ગમાંજ શિકારપુર (મારવાડ)ના ઠાકોર શ્રીમાન્ નારસિંહજી તરફથી સંદેશો મળ્યો કે ઠાકોર સાહેબને આપશ્રીનો ઉપદેશ સાંભળવાની અભિલાષા છે. મહારાજશ્રીએ તેમની આ વિનતિનો સ્વીકાર કરી પાછા શિકારપુર ગયા, ત્યાં એક વ્યાખ્યાન

આપીને મહારાજશ્રીએ વિહાર કર્યો. શ્રીમાન્ ઠાકોર સાહેબ ઘણે લાંબે સુધી મહારાજશ્રીને વળાવવા આવ્યા હતા. મહારાજશ્રી મોગડે ઝાલામંડ થઈને જોધપુર ખાતે પધાર્યા. ત્યાંનો જનસમૂહ મહારાજશ્રીથી સારી રીતે પરિચિત હતો. જેથી શહેરમાં પધારવાના સમાચાર મળતાંવેંતજ જનસમૂહમાં ખુશાલી પ્રકટી નીકળી. ત્યાં સૌથી પહેલાં સાહિત્યપ્રેમી પંડિત મુનિશ્રી પ્યારચંદજી મહારાજે કેટલાક વખત સુધી ઉપદેશ આપ્યો, ત્યાર પછી જ્યારે મહારાજશ્રીએ પોતાની મધુર પણ ઓજસ્વી ભાષામાં વ્યાખ્યાન શરૂ કર્યું, ત્યારે તો મનુષ્ય સંખ્યામાં વૃદ્ધિજ થતી ચાલી હતી. તા૦ ૪–૧–૧૯૨૫ ને રોજ આહોરની હવેલીમાં જાહેર વ્યાખ્યાન 'મનુષ્ય કર્તવ્ય' વિષય ઉપર થયું હતું. તે વખતે લગભગ ૫૦૦૦ પાંચ હજાર જેટલા મનુષ્યો હાજર હતા. શ્રીમાન ઠાકોરસાહેબ શ્રીઉગરસિંહજી સાહેબ સુપરિન્ટેન્ડેન્ટ કૅાર્ટ ઑાફ વૉર્ડઝ, હોમ મેંબર શ્રીમાન્ કીસનલાલજી સાહેબ અને કૌઉન્સીલ ઑાફ સ્ટેટના ટ્રેઝરર શ્રીમાન હંસરાજજી કોટવાલ જોધપુર સીટી, શ્રીમાન્ ઉદયરાજજી સાહેબ, નાયબ કોટવાલ, શ્રીમાન્ મોતીલાલજી સાહેબ ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ દીવાની અને ફોજદારી કોર્ટ, શ્રીમાન્ રણજીતસિહજી સાહેબ બી. એ. એલ. એલ. બી. સેકંડ કલાસ મેજીસ્ટ્રેટ, દીવાની અને ફોજદારી કોર્ટ, શ્રીમાન નવ રત્નમલજી સાહેબ, ભૂતપૂર્વ મેજીસ્ટ્રેટ ઑાફ વાર્ડઝ, શ્રીમાન કેવલચંદજી સાહેબ, ભૂતપૂર્વ દીવાની કોર્ટ મેજીસ્ટ્રેટ, શ્રીમાન જસવંતશેઠજીસાહેબ બી. એ. એલ. એલ. બી. ભૂતપૂર્વ સંપાદક 'ઓસવાલ' રજીસ્ટ્રાર, રાવસાહેબ શ્રીમાન કિસનલાલજી સાહેબ બી. એ. ભૂતપૂર્વ મેજીસ્ટ્રેટ, શ્રીમાન અમૃતલાલજી

ડાકટર એસીસ્ટન્ટ સર્જન, શ્રીમાન સોની નારાયણપ્રતાપજી બી. એ. એલ. એલ. બી. બાર-એટ-લૉ, શ્રીમાન્ કાઝી સૈયદ અલી H. L. M. S. (લંડન), શ્રીમાન્ ભભુતસિંહજી રાજવકીલ વગેરે સંખ્યાબંધ રાજ્ય અમલદારોએ મહારાજશ્રીનું વ્યાખ્યાન સાંભળવાનો લાભ લીધો હતો. મહારાજશ્રીનો ઉપદેશ સાંભળીને જનતા ઘણી પ્રસન્ન થઇ હતી તા. ૧૮-૧-૧૯૨૫ ને રોજ ઓસવાલ યંગમેન્સ સોસાયટીની કાર્યકારિણી સભાના સભાસદોના આગ્રહથી 'એકતા' વિષય ઉપર મહારાજશ્રીએ ભાષણ આપ્યું હતું, જનતા ઉપર તેનો સુંદર પ્રભાવ પડયો હતો. કેટલાય સજ્જનોએ ત્યાગ અને પ્રતિજ્ઞાઓ કરી હતી. સભાના સેક્રેટરી રાયસાહેબ કિસનલાલજી બાફણા બી. એ. એ નીચે મુજબ ત્યાગ કર્યો હતોઃ—

(૧) હું મારા સ્વાર્થ તેમજ કોઇ પણ પ્રકારની મરજીથી કયારે પણ જુઠું બોલીશ નહિ.

(૨) હું પોતાના તેમજ પારકાનાં મૃત્યુ પ્રસંગે ૧૨ દિવસથી વધારે દિવસ સુધી શોક રાખીશ નહિ.

(૩) હું બાર મહીનામાં ચોવીશ દિવસ સિવાય બધા દિવસોમાં શીલવ્રત પાળીશ.

(૪) હું પોતાનાં રક્ષણ સિવાય બીજા ઉપર ઇર્ષ્યા દ્વેષ અને ક્રોધ કરીશ નહિ.

અને તેમનાજ સુપુત્ર શ્રી અમૃતલાલ આસિ. સર્જન, એલ. એમ. એસ. એમણે પણ પ્રતિજ્ઞા કરી કે આજથી જોધપુર શહેરના ઓશવાલ ભાઈઓના ઉપચાર કંઇ પણ ફી લીધા વગરજ કરીશ. ચોપાટ, શેતરંજ વગેરે રમતોમાં મારો સમય

ગુમાવીશ નહિ, વૃદ્ધવિવાહમાં સમ્મત થઈશ નહિ. દરેક મહીનામાં ૨૦ દિવસ શીલવ્રત પાળીશ. સ્વદેશી ચામડાંના જોડા સિવાય ચાડમાની બીજી કોઈ પણ વસ્તુ વાપરીશ નહિ. તે મુજબ તા૦ ૨૫મીએ સરદાર મારકીટમાં બીજું ભાષણ કરાવવા માટે, બ્રહ્મચારી લાલજી મહારાજ વૈદિકે મહારાજશ્રીને અતિ આગ્રહ કરીને કબૂલાત લીધી હતી, ત્યાર પછી નિયત સમયે મહારાજશ્રી સરદાર માર્કેટમાં પધાર્યા. ત્યાં જનતા આતુર નયને તેમની રાહ જોતી હતી. મહારાજશ્રીએ પોતાના પ્રખર વ્યાખ્યાનમાં અહિંસાના સિદ્ધાંતોની જનતા સન્મુખ ઘોષણા કરી. અહિંસાનું આટલું બધું મહત્ત્વ સાંભળી શ્રોતાઓ દિગ્મૂઢ થયા. હિંસાને અટકાવવા માટે અનેક જણે અનેક પ્રકારના ત્યાગ કર્યા. ખાસ કરીને સ્વદેશી જોડા સિવાય ચામડાની બીજી કોઈ પણ વસ્તુ ઉપયોગમાં ન લેવાની ઘણાખરાએ પ્રતિજ્ઞાઓ કરી. ભાષણ સમાપ્ત થતાં ચોતરફથી ધન્યવાદ રૂપી ભેટ મહારાજશ્રી તરફ આવવા લાગી. વળી આગામી ચાતુર્માસ માટે લોકોએ ખૂબ દબાણ કર્યું. તેજ વખતે બ્યાવરવાળા શ્રીમાન વ્યાસ તનસુખજી વૈદ્યે બ્યાવરમાં ચાતુર્માસ કરવા માટે વિનંતિ કરી. આર્યસમાજના નેતા શ્રીમાન લછમનદાસજીએ સભામાં ઉભા થઈ મુક્તકંઠે મહારાજશ્રીની પ્રશંસા કરી. આ ભાષણમાં દાદૂપંથ, કબીરપંથ, રામસ્નેહી આદિ અનેક સંપ્રદાયના સંતો આવ્યા હતા, આ વાતને વાંચતાંજ વાચકોના અંતરમાં એ અલૌકિક દૃશ્ય નિહાળવાની ઉર્મિઓ ઉછળશે, અને એમ થશે કે અહા! એ અદ્‌ભૂત દૃશ્ય જોવા અમે ભાગ્યશાળી થયા હોત તો કેવું સારૂં!

પ્રકરણ ૩૫મું.

સંવત ૧૯૮૧:

બ્યાવર.

# પ્રભાવશાળી વ્યાખ્યાન

અને

# પરિણામે ૧૨૨૮૦૦)નું જબરૂં દાન

મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી ઝાલામંડ થઇ કાંકેરા પધાર્યા, ત્યાં ઇટાવા તરફથી કેટલાક બ્રાહ્મણો જાનમાં આવ્યા હતા. તેજ લગ્નસમારંભ ઉપર આસપાસનાં ગામડાંના બ્રાહ્મણો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. જેટલા બ્રાહ્મણો આવ્યા હતા, તે સઘળા મોટે ભાગે મહારાજશ્રીથી અપરિચિત હતા. માત્ર એક બે વ્યકિતઓજ મહારાજશ્રીના નામથી પરિચિત હતી. મહારાજશ્રીના મુખમંડળ ઉપર અદ્ભુત વ્યાખ્યાનકાર તરીકેની તેજસ્વિતા કોનાથી છુપાઇ રહે છે? તે મુજબ કેટલાક બ્રાહ્મણો તથા અલીગઢ સીટીવાળા ઉપદેશક કવિવર લાલચંદજી શર્મા આદિ એકઠા થઇ મહારાજશ્રીની પાસે આવ્યા, અને ઉપદેશ શ્રવણ કરવાની ઇચ્છા દર્શાવી. મહારાજશ્રીએ તેમની વિજ્ઞપ્તિનો સ્વીકાર કરી એક વ્યાખ્યાન આપ્યું, તેનો પેલા બ્રાહ્મણો ઉપર પુષ્કળ પ્રભાવ પડયો, અને

સઘળા મુકતકંઠે મહારાજશ્રીની પ્રશંસા કરવા લાગ્યા. ત્યાર-પછી ત્યાંથી વિહાર કરી વિશલપુર, ખિલાડે થઇ બ્યાવર પધાર્યા. ત્યાં-કોસિથલ નિવાસી સ્વર્ગસ્થ શ્રીમાન શેઠ જવાર-મલજી કોઠારીના પુત્ર પ્યારચંદજી તથા તેમના લઘુબંધુ વકતાવરમલજી તથા તેમનાં માતા કંકૂબાઇ—એ ત્રણે માતા પુત્ર દીક્ષા મુમુક્ષુ હતાં. તેથી બ્યાવર શ્રીસંઘે ફાલ્ગુન સુદ ૩ નું મુહૂર્ત નક્કી કરી ગામેગામ આમંત્રણ પત્રિકાઓ મોકલી દીધી. શ્રીસંઘે ખૂબ ધામધુમથી ત્રણે જણની દીક્ષાનો ઉત્સવ ઉજવ્યો. બંને શિષ્ય ચરિત્રનાયકજી પાસે રહ્યા અને કંકૂબાઇ શ્રીમતી મહાસતિ ધાપૂજી મહારાજના આશરામાં રહ્યાં. દીક્ષા મહોત્સવમાં ખૂબ આનંદ લુંટાયો. એ દિવસોમાં ત્યાં ખંડેલવાલ જૈન મહાસભાનું અધિવેશન તથા ભારતવર્ષીય દિ. જૈન મહાસભાનું વાર્ષિક અધિવેશન હતું. તે વખતે બહારગામથી દિગમ્બર જૈનો મોટી સંખ્યામાં આવ્યા હતા. ઇન્દોર નિવાસી દાનવીર રાયબહાદુર શ્રીમાન શેઠ કલ્યાણમલજી ખંડેલવાલ જૈન મહાસભાના અધિવેશનના પ્રમુખ હતા. ઉજ્જૈનવાળા શ્રીમાન શેઠ કલ્યાણમલજી તથા શેઠ રિખબદાસજી અને મન્દસૌરવાળા શ્રીમાન શેઠ ભૈયા સાહેબ પણ એ અધિવેશ-નમાં આવ્યા હતા. ઉપરોક્ત સભાપતિ મહાશય તથા મહાનુભા-વોને મહારાજશ્રી ત્યાંજ બિરાજે છે, એવા સમાચાર મળતાં તેઓ સઘળા તેમનાં દર્શનાર્થે રાયલીના કંપાઉન્ડમાં આવ્યા, પરંતુ તે વખતે મહારાજશ્રી ત્યાં ન હતા. તેઓ તો નવ દીક્ષિત શિષ્યોની દીક્ષાને લીધે દાનવીર રાયબહાદુર શ્રીમાન શેઠ કુંદનમલજી કોઠારી (જૈસલમેરી)ના બંગલામાં વિરાજતા હતા, તેથી તેમને દર્શન લાભ ન મળ્યો. માત્ર શિષ્યગણના દર્શન

કરી પાછા ફર્યા. મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી આનંદપુર (કાલૂ) પુષ્કર થઇ અજમેર પધાર્યા. ત્યાં એક જાહેર વ્યાખ્યાન આપ્યું, તેમાં શ્રોતાઓની જબરદસ્ત મેદની જામી હતી. સાહેબજાદા અબ્દુલવાહીદખાં સાહેબ ડિસ્ટ્રીક્ટ સેશન જજ અજમેર, રાયસાહેબ મુનશી હરવિલાસજી શારદા, રિટાયર્ડ જજ અજમેર અને મેમ્બર લેજીસ્લેટિવ એસેમ્બલી, મુનશી શિવચરણદાસજી જજ ખફીફા કોર્ટ અજમેર, ઇત્યાદિ રાજ્ય કર્મચારીઓ પણ સારી સંખ્યામાં વ્યાખ્યાનનો લાભ લેતા હતા. ભાષણ સમાપ્ત થતાં સાહેબજાદા અબદુલવાહિદખાં સાહેબે વ્યાખ્યાનની પારાવાર પ્રશંસા કરતાં જણાવ્યું કે જો મને આગળથી ખબર હોત તો વારંવાર જરૂર આવતો હોત વિગેરે.

ચાતુર્માસના દિવસો સમીપ આવતા હતા. તેથી જોધપુરથી ચાતુર્માસની સ્વીકૃતિ માટે તાર તથા પત્રો આવતા હતા. જયપુરના શ્રાવકો આવીને તેને માટે વિનવી રહ્યા હતા. તથા બ્યાવર શ્રીસંઘ તો પહેલાંજ આવી ગયો હતો. જયપુર તથા જોધપુરને નકારાત્મક ઉત્તર વાળ્યો, અને બ્યાવર શ્રીસંઘની વિજ્ઞપ્તિનો સ્વીકાર કરવામાં આવ્યો.

આ સ્થળે એ જણાવવું અનુચિત નહિ ગણાય કે કોટાના સંપ્રદાયના શ્રીમાન પંડિત મુનિશ્રી રામકુંવારજી મહારાજ તથા તેમના શિષ્યસમુદાયના હૃદયમાં ઘણા લાંબા કાળથી એ ભાવના હતી કે શ્રીમાન પ્રસિદ્ધવક્તા પંડિત મુનિશ્રી ચૌથમલજી મહારાજ સાહેબની સેવામાં ચાતુર્માસ કરી જ્ઞાન ધ્યાનનો અધિક લાભ મેળવવો. જ્યારે ઇન્દોરમાં તેમને મહારાજશ્રી અજમેર પધાર્યાના સમાચાર મળ્યા ત્યારે, તેઓ પોતાના શિષ્યસમૂહ સહિત શીઘ્રગતિથી વિહાર કરી

અજમેર પધાર્યા. ઈચ્છાનુકુલ અવસર જોઈ મહારાજશ્રીએ તેમને જણાવ્યું કે અમે ચાતુર્માસ માટે બ્યાવરના આમંત્રણનો સ્વીકાર કર્યો છે. તેથી આપ પણ આપના ચાતુર્માસ ત્યાં કરવાનો સ્વીકાર કરો તો જ્ઞાન ધ્યાનની વિશેષ વૃદ્ધિ થવાનો સંભવ છે. આ સાંભળી મુનિશ્રી રામકુંવારજી મહારાજે સહર્ષ પ્રત્યુત્તર આપ્યો કે અમારા હૃદયમાં ઘણાજ સમયથી આજ અભિલાષા છે. અને જ્યારે આવો શુભ અવસર પ્રાપ્ત થયો છે ત્યારે અમારી વૃત્તિ પણ આપની સેવામાં રહી બ્યાવર ચાતુર્માસ કરવાની છે. અહીંથી મુનિશ્રી રામકુંવારજી મહારાજ આપણા ચરિત્રનાયકજીની સાથેજ વિહાર કરવા લાગ્યા. ત્યાંથી વિહાર કરી મહારાજશ્રીએ શહેરની બહાર શ્રીમાન રઘુનાથપ્રસાદજી વકીલ બી. એ. એલ. એલ. બી.ના બંગલામાં ઉતારો કર્યો, અને ત્યાં બે વ્યાખ્યાન આપ્યાં. નસીરાબાદથી દિગમ્બર સંપ્રદાયવાળા શ્રીમાન ઘીસૂલાલજી, મહારાજશ્રી અજમેરમાં વિરાજે છે, એવા સમાચાર જાણી એકાએક દર્શનાર્થે આવ્યા, અને મહારાજશ્રીને નસીરાબાદ પધારવાની અત્યંત આગ્રહપૂર્વક આજીજી કરી. ઉત્તરમાં "અવસર" કહી મહારાજશ્રી કિશનગઢ પધાર્યા. ત્યાં પણ લોકોએ સારી સંખ્યામાં વ્યાખ્યાન શ્રવણનો લાભ લીધો. શ્રીમાન હિઝ હાયનેસ, ઉમદરાજાફી બલન્દમકાં લેફ્ટેનેન્ટ કર્નલ મહારાજાધિરાજ સર મદનસિંહજી બહાદુર કે. સી. એસ., આઈ. કે. સી. આઈ. ઈ., કિશનગઢ નરેશે પોતાના રાજ્ય કાર્યભારીઓ સહ વ્યાખ્યાનનો લાભ મેળવવા મહારાજશ્રીની સેવામાં સંદેશો મોકલ્યો. પરંતુ અણચિંતવ્યા કાર્યવશાત મહારાજા સાહેબને એકાએક મુંબઇ

જવું પડયું, જેથી તેમને મહારાજશ્રીનું વ્યાખ્યાન શ્રવણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત ન થયું. કિશનગઢ શ્રીસંઘના અત્યાગ્રહને વશવર્તી મહારાજશ્રીએ મુનિશ્રી વૃદ્ધિચંદજી તથા ચાંદમલજીને ચાતુર્માસ ત્યાં કરવાની અનુમતિ આપી. વળી સાદડી શ્રીસંઘ તરફથી પણ ચાતુર્માસ માટે અત્યંત આગ્રહ ભરી વિજ્ઞપ્તિ કરવામાં આવી, તેથી, શ્રીમાન મુનિશ્રી છગનલાલજી, મગનલાલજી તથા સંતોષ મુનિજી એ ત્રણ સાધુઓને સાદડીમાં ચાતુર્માસ કરવાની આજ્ઞા આપી. ત્યાંથી મહારાજશ્રી નસીરાબાદ થઇ મસૂદે પધાર્યા. માર્ગમાંના સઘળાં ગામોમાં કેટલાક રજપૂતોએ શિકાર ખેલવાનો, મદિરા પીવાનો ઇત્યાદિ, કેટલાક પ્રકારના ત્યાગ કર્યા. મસૂદેમાં મહારાજશ્રીએ સાત આઠ વ્યાખ્યાન કર્યા. ત્યાંના શ્રીસંઘના અત્યાગ્રહને વશવર્તી મહારાજશ્રીએ મુનિશ્રી ભેંરૂલાલજી તથા ચંપાલાલજી મહારાજને ત્યાં ચાતુર્માસ કરવાની આજ્ઞા આપી. ત્યાંથી મુનિશ્રી આગળથી કરેલી સ્વીકૃતિ અનુસાર સંવત ૧૯૮૧ના ચાતુર્માસ કરવાને બ્યાવર પધાર્યા. વીરની જય, મુનિરાજની જય આદિ ગગનભેદી જયનાદોથી ઘણા ઠાઠમાઠપૂર્વક આપણા ચરિત્રનાયકનો મુખ્ય મુખ્ય માર્ગે થઇને શહેરમાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. મહારાજશ્રી સાથે આવેલા પુરૂષોદ્વારા તેમની પધરામણીનો સંદેશ શહેરના દરેક સ્ત્રી–પુરૂષોના હૃદયમાં વિજળીના વેગે ફેલાઇ ગયો હતો. બીજા દિવસથી વ્યાખ્યાનોની ધોધમાર વૃષ્ટિ શરૂ થઇ. જેમાં 'વિરતી અને વિનય', 'સત્ય અને સંસારનું સ્વરૂપ' 'આત્મતત્ત્વનું અનુસન્ધાન અને દર્શનિક તત્ત્વ' 'મદ અને મત્સરભાવ' વગેરે વિષયોપરનાં વ્યાખ્યાનો ચાતુર્માસ માટે નિર્ણીત કરવામાં આવ્યાં હતાં.

મહારાજશ્રીની ધારાપ્રવાહી અને ઓજસ્વી વાણીદ્વારા થતાં ભાષણો સાંભળવા માટે મનુષ્યસંખ્યા ઉત્તરોત્તર વધતી ચાલી, પરિણામે શ્રાવક અને શ્રાવિકાઓની ધર્મભાવનાની વૃદ્ધિ થતી આવી.

આપણા ચરિત્રનાયકની પાસે રહેતા તપસ્વી મયાચંદજી મહારાજે ૩૭ દિવસના ઉપવાસ માત્ર ગરમ પાણીના આધારેજ પૂરા કર્યા હતા, તેની પૂર્ણાહુતિ ભાદરવા શુદ ૧૦ ને રોજ થનાર હતી. સ્થાનિક શ્રીસંઘ તરફથી આ બાબતની સૂચના વર્તમાનપત્રો તેમજ ખાસ આમંત્રણ પત્રિકાઓ દ્વારા દરેક ગામ તથા શહેરમાં પહોંચાડવાનો પૂરતો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. તપસ્યાની પૂર્ણાહુતિના બે દિવસ પૂર્વે આસપાસના અનેક ગામોના તથા શહેરોના લગભગ ૧૫૦૦ થી ૧૭૦૦ જેટલી સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ એ ઉત્સવમાં સામેલ થવા માટે આવી પહોંચ્યા હતા. તપસ્યાની પૂર્ણાહુતિના દિવસે 'શ્રી જૈન વીર મંડળે' સભામંડપના દરેક ભાગને સુભાષિતોનાં વાકયો વડે સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. તે દિવસે સવારના સાત વાગ્યાથી માણસોનાં ટોળે ટોળાં મહારાજશ્રીનું વ્યાખ્યાન તેમજ તપસ્વીજીનાં દર્શન માટે આવવા લાગ્યાં. કદાચિત્ જનસમૂહ સભામંડપમાં દાખલ થતાંની સાથેજ જો એમને એમજ—અવ્યવસ્થિતપણે બેસી ગયો હોત તો, સભામંડપ માટે નિરધારેલી જગ્યા કરતાં ચારગણી મોટી જગ્યા તેનેમાટે પૂરતી ન થઈ પડત, પરંતુ તે દિવસે શ્રી જૈન વીરમંડળના સ્વયંસેવક દળે શાન્તિપૂર્વક પણ બહુ સુન્દર પ્રબંધ અગાઉથીજ કર્યો હતો. તે દિવસે આપણા ચરિત્રનાયકનું 'તપસ્યાનું મહત્વ' વિષયપર સુલલિત અને ઓજસ્વી ભાષામાં ભાષણ થયું હતું. જેને સાંભળતો

શ્રોતૃવર્ગ વારંવાર જાણે આનંદનાં સરોવરમાં ડુબકી મારતો હોય તેવો અનુભવ થતો હતો. તે પ્રસંગે અનેક ભાઇઓ તેમજ વ્હેનોએ કેટલાય સ્કંધ કરવાની બાધાઓ લીધી હતી. ઉપરાંત ત્યાગ અને તપસ્યાઓ પણ તે દિવસ ઘણી થઇ હતી. સેંકડો બકરાંઓ તેમજ બીજાં મૂગાં તથા નિરપરાધી પ્રાણીઓને અભયદાન આપવાનાં વચનો મળ્યાં. મહારાજશ્રીનું ભાષણ પૂરૂં થઇ ગયા પછી જોધપુરની શ્રમણોપાસક મંડળીના સભાસદ શ્રીયુત કુશલરાજજી છાજેડે ઘણા ચિત્તાકર્ષક સ્વરે બે ભજનો સંભળાવ્યાં હતાં. ત્યારપછી જાવરા નિવાસી શ્રીમાન્ શેઠ સૌભાગ્યમલજીએ એક પ્રભાવશાળી વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ આગ્રાના જૈન અનાથાલયને આર્થિક સહાયતા આપવાવિષે શ્રી મસ્તરામજીએ નમ્ર પણ સચોટ અપીલ કરી હતી. જેના પરિણામે હાજર રહેલા મનુષ્યો તરફથી રૂ. ૫૦૦)ની મદદ મળી હતી. ઉપરાંત બ્યાવર નિવાસી ઑનરરી મેજીસ્ટ્રેટ દાનવીર શ્રીમાન્ શેઠ કુંદનમલજીએ અનાથ બાલકોનાં પાલન–પોષણ માટે ચાર મહીના સુધી બધો ખર્ચ પોતાની તરફથી આપવાનું વચન આપ્યું. શ્રીમાન્ શેઠની આ ઉદારતા અને દાનશીલતાની હાજર રહેલા વર્ગે ભારે તારીફ કરી હતી.

તપસ્વીનાં પારણાના દિવસે દાનવીર શેઠ કુંદનમલજી સાહેબે ૧૦૧ બકરાંઓને અભયદાન અપાવવાનું વચન આપ્યું હતું. ઉપરાંત શ્રીસંઘતરફથી લૂલાં, લંગડાં, અનાથ–નિરાધારોને તેમજ દીન, દુઃખીઓને ભોજન પણ કરાવવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં જો કે મહારાજશ્રીનાં કેટલાંક વ્યાખ્યાનો થઈ ચૂકયાં હતાં, અને થનાર પણ હતાં; પરંતુ જયારથી

તેઓ કમ્મર કસીને વૈરાગ્યના મેદાનમાં ઉતર્યા છે ત્યારથી પ્રવચનો કરવાં એ તેમનું એક જબરદસ્ત કાર્ય થઇ પડયું છે. ભૂલા પડેલા અને સંસારની ભયંકર ગલી-ગુંચીઓમાં ભટકતા મુસાફરોને કોઇ પણ પ્રકારનો ત્રાસ ભોગવ્યા વગર પોતાના સીધા અને સાચા માર્ગ ઉપર પહોંચવા માટે મહારાજશ્રીના પ્રભાવશાલી ભાષણો માર્ગદર્શક થઈ પડયા છે અને જેઓ તે માર્ગે ગયા છે તેઓને આત્મશાન્તિની ખરેખરી પ્રાપ્તિ થઇ છે.

આવા પ્રકારનાં વ્યાખ્યાનો સાંભળવાથી શેઠશ્રીનાં મન ઉપર ભારે અસર થઈ અને પોતાની મિલકતમાંથી રૂ. ૧૨૨૮૦૦, (એક લાખ, બાવીશ હજાર અને આઠસો રૂપીયા)ની જબરદસ્ત દાનની રકમ કાઢી આપવાની પ્રતિજ્ઞા કરી. તેજ વખતે શેઠ સાહેબના સ્વનામ ધન્ય પુત્રરત્ન શ્રીમાન્ લાલચંદજી સાહેબે તેમજ તેમના મુનીમજી સાહેબ શ્રીમાન્ હીરાલાલજીએ ઉભા થઇને તેમની પ્રતિજ્ઞાનું અનુમોદન અને સમર્થન સુંદર રીતે કર્યું હતું. બસ, હવે શું બાકી હતું? ચોમેરથી મહારાજશ્રીના જયજયારવ સાથે દાનવીર શેઠશ્રીનો પણ સર્વત્ર જય જયકાર થવા લાગ્યો. શેઠસાહેબની આ પ્રતિજ્ઞાએ બ્યાવર શહેરના દરેકેદરેક ભાગમાં આ અપૂર્વ દાનવીરતા અને ત્યાગ ભાવનાનો સુંદર દાખલો બેસાડી દીધો, એટલુંજ નહિ પણ શેઠ સાહેબના આ સુંદર કાર્યની ભારોભાર પ્રશંસા પણ કરવામાં આવી હતી. આ બધું મહારાજશ્રીના પ્રભાવશાળી વ્યાખ્યાનનું પરિણામ છે. અને બ્યાવર શહેરનું પણ સદ્‌ભાગ્ય છે કે તે પણ પોતાનાં પ્રતિસ્પર્ધી શહેરોની સામે ઉદારતા અને દાનવીરતાનાં મેદાનમાં ઉભા રહેવાનું સાત્ત્વિક ગૌરવ અને સાહસ ધરાવે

છે. અને સૌથી વધુ ગૌરવની વાત તો એ છે કે, તેણે દાની અને પરોપકારી શેઠજી જેવા ચારિત્ર્યવાન્ અને લોક કલ્યાણકારક મહાપુરૂષોને ધારણ કર્યા છે.

એવી રીતે મહારાજશ્રીએ દયા તેમજ પરોપકારનો પૂરો પ્રચાર કરતાં કરતાં શાન્તિપૂર્વક ચાતુર્માસની પૂર્ણાહુતિ કરી. તેમના આ સહવાસના પરિણામે હજારો મૂંગા અને નિરપરાધી પ્રાણીઓને અભયદાન મળ્યું હતું. ઉપરાંત કેટલાય ત્યાગ તેમજ પ્રત્યાખ્યાનો પણ થયાં હતાં, જેનો ઉલ્લેખ ક્ષમાપનામાં થઇ ગયો છે. ચાતુર્માસ પૂરૂં થતાં મહારાજશ્રીએ ત્યાંથી વિહાર કર્યો. આબાલવૃદ્ધ સેંકડો સ્ત્રી–પુરૂષો તેમને વળાવવા ગયા. શ્રીમાન્ શેઠ કુંદનમલજીની તબિયત બરાબર નહિ હોવા છતાં તે વળાવવા આવ્યા હતા. સ્થાનકવાસી મુનિને વળાવવામાં સહકાર આપવો એ તેમનો આ પહેલો પ્રસંગજ હતો.

શેઠશ્રીનાજ બગીચામાં મહારાજશ્રીએ રાત રહીને ત્યાંથી પ્રાતઃકાળે વિહાર કર્યો અને રાજાવાસ ગયા. ત્યાં પણ શેઠશ્રી પરિવાર સહિત ફરીવાર દર્શન માટે આવ્યા હતા. એ અરસામાં મારવાડથી સેંકડો ગાયો ચારા પાણીની તંગીથી માલવા તરફ લઇ જવામાં આવતી હતી. તે ભૂખી તરસી ગાયો માટે ઉપર્યુક્ત દાનવીર શેઠશ્રીએ મોટા પાયા ઉપર ચારા–પાણીનો સુન્દર પ્રબન્ધ થોડા વખત માટે કરાવી આપ્યો હતો. મહારાજશ્રી ત્યાંથી વિહાર કરીને જવાજે થઇને ભીમની તરફ જતા હતા તેવામાં તો બંદનોરનો શ્રાવકસમૂહ આવી પહોંચ્યો, અને પોતાનાં ગામ તરફ પધારવા માટે વિનંતિ કરી. પરંતુ મહારાજશ્રીએ અનેક કારણો રજુ કરીને બદનોર તરફ આવવાનું નાકબૂલીને આગલા ગામ તરફ વિહાર કર્યો; તેમ છતાં બદનોરના

શ્રદ્ધાળુ શ્રાવક ગણે આગલા ગામ સુધી મહારાજશ્રીનો છેડો મૂક્યો નહિ એટલે આખરે મહારાજશ્રીને બદનોર પધારવું પડ્યું. ત્યાં સરકારી સ્કૂલમાં ઉતારો કર્યો. વ્યાખ્યાન સાંભળવા માટે જૈન-જૈનેતર બધો વર્ગ આવતો હતો.

મહારાજશ્રીના ઉપદેશથી જીવનખાં મુસલમાને અને જોધા ખાટકીએ જીવનપર્યંત જીવહિંસા તથા માંસભક્ષણ નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી. ત્યાંથી મહારાજશ્રી વિહાર કરીને આસીંદ પધાર્યા. ત્યાં પણ મહારાજશ્રીના ઉપદેશથી કેટલાય મુસલમાનોએ જીવહિંસા નહિ કરવાની તથા માંસ ભક્ષણ તજવાની પ્રતિજ્ઞાઓ કરી હતી.

ત્યાંથી વિહાર કરીને મહારાજશ્રી કોસીથલ પધાર્યા. ત્યાં નાથદ્વારાનો શ્રાવકવર્ગ અને ગંગાપુરથી જૈન મોચીઓ આવ્યા. તેઓએ મહારાજશ્રીને વિનયપૂર્વક કહ્યું કે, "ધર્મ માર્ગથી ભૂલા ભટકતા એવા અમને જ્યારથી આપે જૈન ધર્મની દીક્ષા આપી ત્યારથી આપે બતાવેલા સિદ્ધાંતોનું અમે બરાબર પાલન કરતા રહ્યા છીએ, પરંતુ અમને દીક્ષા આપ્યા પછી એક વખત પણ આપ સાહેબે અમારાં ગંગાપુર ગામને પાવન કર્યું નથી. માટે અજ્ઞાની એવા અમારી પ્રાર્થનાનો આ વખતે તો આપશ્રી જરૂર સ્વીકાર કરો." એવા પ્રકારનો તેમનો દૃઢ આગ્રહ જોઇને મહારાજશ્રી ગંગાપુર પધાર્યા. ત્યાં જૈન તેમજ માહેશ્વરી ભાઇઓએ વ્યાખ્યાનમાં હાજર રહીને પોતાનો સદ્ભાવ પ્રદર્શિત કર્યો. માહેશ્વરી ભાઇઓની ભક્તિ તો એટલી હદ સુધીની હતી કે જ્યાં સુધી મહારાજશ્રીને પૂરેપૂરી ગોચરી મળતી નહિ ત્યાં સુધી બરાબર મહારાજશ્રીની સાથેજ રહેતા અને પોતે પણ ભોજન કરતા નહિ!

ત્યાંથી આગળ વધીને મહારાજશ્રી સહાડા, પરાસોલી, પોટલા તથા રેલમગરા વગેરેના તદ્દન ભદ્રિક જીવોને પોતાના ઉપદેશ દ્વારા લાભ દેતા નાથદ્વારા પહોંચ્યા. પરાસોલીમાં એક ક્ષત્રિયે મદિરા ને માંસ હમેશને માટે છોડયું. પોટલાના રેગરો અને મોચીઓએ મદિરા તથા માંસથી હમેશને માટે મોઢું મરડયું હતું. એવી રીતે રેલમગરાના ખેમજી, કિસનજી, તિલોકજી, ઘીસાજી, બરદાજી વગેરે સાઠેક ઘરવાળાઓએ મદિરાપાનનો ત્યાગ કરીને જૈનધર્મના સિદ્ધાંતો તરફ પોતાનો પૂજ્યભાવ પ્રદર્શિત કર્યો હતો.

નાથદ્વારામાં મહારાજશ્રીના સાર્વજનિક ઉપદેશથી રહિમ બખ્શ ચૂડીગર કે જે લોટની ઘંટી લાવવાનો વિચાર કરતો હતો તેણે મહારાજશ્રીના ઉપદેશથી પોતાના મનનો વિચાર પડતો મૂકી ઘંટી ન લાવવાની પ્રતિજ્ઞા કરી. આજ ઠેકાણે ઉદેપુરના શ્રાવકો આવ્યા, અને તેમણે ઉદેપુર પધારવાની વિનંતિ કરી. મહારાજશ્રી ત્યાંથી વિહાર કરીને દેલવાડા પધાર્યા ત્યાં પણ ઉદેપુરનો શ્રાવકગણ આવી પહોંચ્યો, અને ઉદેપુર લઇ જવાનો ભારે આગ્રહ કર્યો. ઉદેપુર નિવાસી શ્રાવક વર્ગની વિનંતિને સ્વીકાર કરીને મહારાજશ્રીએ પોતાની અસીમ તેમજ અવિરત પરોપકારની નદી વહેવરાવતા તા. ૩૧-૧૨-૨૫ને રોજ પોતાના શિષ્ય પરિવાર સહિત ઉદયપુર નગરમાં પ્રવેશ કર્યો. ત્યાંનો સમગ્ર જનસમૂહ (શું જૈન કે જૈનેતર) લાંબા વખતથી મહારાજશ્રીના ઉપદેશો સાંભળવાને આતુર થઇ રહ્યા હતા.

મહારાજશ્રીના ઉપદેશ સાંભળવાને જનસમૂહ જે પ્રબળ આતુરતા ધરાવે છે તેનું કારણ એ છે કે હરહમેશ તેઓશ્રીનો

ઉપદેશ લોકપ્રિયતાપૂર્ણ હોવા સાથે તેમાં સાર્વજનિક્તાનો સંદેશ ખાસ કરીને હોય છે. જ્યારે મહારાજશ્રી પોતાનું વ્યાખ્યાન શરૂ કરવાને ઉપસ્થિત થાય છે, ત્યારે જનસમૂહ પોતાના હર્ષાતિરેકપૂર્વક જયઘોષણાઓ કરી ગગનમંડળને ગજાવી મૂકે છે. મહારાજશ્રી પોતાનું ભાવપૂર્ણ અને અર્થગંભીર ભાષણની શરૂઆત કરે છે ત્યાં તો જનસમૂહમાં એકદમ શાંતિ પથરાઇ જાય છે. મહારાજશ્રી ધર્મરૂપી રંગભૂમિના મહારથી છે. તેઓશ્રીની ગંભીર ગર્જનાથી પાપીઓનાં દીલ કંપી ઉઠે છે. તેમની વાણીમાં સત્યતાનો પ્રકાશ ઝળકી રહ્યો છે. મહારાજશ્રી જ્યાં બિરાજે છે ત્યાં ધર્મની પવિત્ર ધારા જોરથી વહ્યા કરે છે. અને દયાનો અગાધ મહાસાગર કલ્લોલ કરતો ઉછાળા મારી રહ્યો હોય છે. મહારાજશ્રીના સમતા ભાવમાં અખંડ શાન્તિનું સામ્રાજ્ય પ્રવર્તતું હોય છે. જૈન, વૈષ્ણવ, મુંસ્લીમ, કે ક્રિશ્ચિયન બધો વર્ગ મહારાજશ્રીનાં ભાષણો અતિ આદર પૂર્વક શ્રવણ કરે છે. પછી ભલેને તે વખતે ગમે તેવું જરૂરનું કામ કરવા માટે મનુષ્ય તૈયાર થઇ ગયેલ હોય છતાં એક વખત તો મહારાજશ્રીનું વ્યાખ્યાન કાને પડતાં તે કેવળ સ્થિર થઈ જાય છે, તે એટલે સુધી કે, સ્થિર થઈ ગયા પછી પોતાનાં હૃદયમાં રમી રહેલાં કાર્યનું મહત્ત્વ વિસરી જઇને વ્યાખ્યાનના સમય સુધી તો ત્યાંથી ખસ્યા વગર બીજાં કામે વળગવાનું માંડીજ વાળે છે. મહારાજશ્રીનાં મહત્ત્વપૂર્ણ ભાષણો સાંભળીને જનસમૂહે શો શો લાભ ઉઠાવ્યો તેમજ કઇ ખરાબ રૂઢિઓને તિલાંજલિ આપી એ હકીકત ઉદયપૂરનો જનસમૂહ સારી રીતે જાણતો હોવાથી આ પ્રસંગે તેનું વર્ણન કરવું અસ્થાને છે. જે દિવસો દરમ્યાન મહારાજશ્રી જનસમૂહને પોતાની

રસિક વાણીનો રસાસ્વાદ કરાવી રહ્યા હતા તે દિવસોમાં તેમની પ્રશંસા બધા સ્ત્રી-પુરૂષોની હૃદયરૂપ મંદિરમાં રમી રહી હતી.

મહારાજશ્રી સંબંધી આવી અદ્ભુત પ્રસિદ્ધિ ધીરે ધીરે હિંદુકુલાવતંસ હિઝ હાયનેસ મહારાજાધિરાજ મહારાણા સાહેબ શ્રીમાન્ સર ફતેહસિંહજી સાહેબ બહાદૂર જી. સી. એસ. આઇ., જી. સી. આઇ. ઇ., જી. સી. વી ઓ. મહારાણા ઑફ ઉદેપુર તેમજ તેમનાજ સુપુત્ર સ્વનામ ધન્ય શ્રીમંત યુવરાજમહારાજ કુમારસાહેબ સર ભૂપાલસિંહજી સાહેબ બહાદૂર, કે. સી આઇ. ઇ. ના કાન સુધી પણ પહોંચી ગઈ. ત્યારે મહારાજ કુમારસાહેબે ઠોડીવાલા મહેતાજીસાહેબ સ્વનામધન્ય શ્રીમાન્ મદનસિંહજી મહોદય અને કોઠારીજી સાહેબ શ્રીમાન્ રંગલાલજી અને તેમના પુત્ર સ્વનામધન્ય શ્રીમાન્ કારૂલાલજી મહોદય વગેરે ઉચ્ચ પદાધિકારીઓ દ્વારા મહારાજશ્રી પાસે સંદેશો મોકલ્યો કે, "મહારાજશ્રી સમોરમાં પધારીને દર્શન આપે" એ સંદેશો મળતાં મહારાજશ્રી તા૦ ૧૬-૧-૨૬ ને રોજ સજ્જન નિવાસ ઉદ્યાનના 'સમોર' નામના મહેલમાં પધાર્યા. પ્રાચીન ઋષિ-મુનિઓની માફક યુવરાજ મહારાજ કુમારસાહેબે શ્રદ્ધા અને ભક્તિપૂર્વક મહારાજશ્રીનું સ્વાગત કર્યું. આસન લીધા પછી મહારાજશ્રીને કુમારસાહેબે પ્રશ્ન કર્યો કે "મહારાજશ્રી, આપ! અહિં ક્યારે પધાર્યા?" તેના જવાબમાં મહારાજશ્રીએ કહ્યું કે, "આપના શહેરમાં તા૦ ૩૧-૧૨-૧૯૨૫ને રોજ આગમન થયું છે. ત્યાર પછી મહારાજશ્રીએ ઉપદેશ દેવો શરૂ કર્યો.

આદર્શ મુનિ



શ્રીમાન શેઠ ચુનીલાલ ભાઇચંદ મહેતા, તારવાલા.
કોટન મર્ચન્ટ એન્ડ કમિશન એજન્ટ—મુંબઇ.

A 7450—Lakshmi Art, Bombay, 8.

## ઉપદેશ.

હે રાજન, આ જગત્‌માં રાજા, પ્રજા, શેઠ, શાહુકાર, ધનાઢય અને ગરીબ એ બધા પોતાના કર્મના વશવર્તી છે. તે બધાં પોતપોતાનાં પૂર્વકૃત કર્માનુસારજ ઉંચી કે નીચી દશા પામીને સુખ અગર દુઃખનો અનુભવ કરે છે. જો કે હાથ પગ, નાક અને કાન વગેરે ઇંદ્રિયો તો બધાને સરખી મળેલી હોય છે. પરંતુ બધાએ રાજા બનીને જગત્‌માં જન્મ લેતા નથી તેથી જાણી શકાય છે કે, તેમનું પૂર્વકૃત પુણ્ય જરૂર ઉતરતી પંક્તિનું હોવું જોઇએ તેથી તમોએ પણ તમારા પૂર્વ જન્મમાં રાજા બનવાયોગ્ય—કેવળ રાજાજ નહિ પણ એક ઉચ્ચ ક્ષત્રિય વંશોત્પન્ન રાજા બનવાને લાયક પુણ્યોનો સંચય કર્યો હતો. એવી રીતે જેણે પૂર્વ જન્મમાં જેવાં જેવાં કર્મ કર્યાં હોય તે મુજબજ તેઓ આ જન્મમાં ફળ ભોગવી રહ્યા છે. અને આ જન્મમાં જેવાં કર્મો કરાય છે તદનુસારજ પરલોક પણ બને છે અગર તો બગડે છે; કારણ કે પરભવમાં સાથે રહેનારી વસ્તુ માત્ર કર્મજ છે, અને બીજી બધી સાંસારિક વિભુતિઓ તો શરીરની સાથે અહિં ને અહિંજ પડી રહે છે. મનુષ્યનો ઉત્તમ જન્મ મેળવીને હમેશ, ધર્મજ માત્ર પરભવનો સાથી છે એમ સમજીને મનુષ્યમાત્રે સારાં કાર્યોમાં પ્રવૃત્ત થવું જોઇએ સંસારની સંપત્તિ તો જમીનમાં ને જમીનમાંજ પડી રહે છે.

હાથી અને ઘોડાઓ એમને એમ બાંધ્યા રહે છે; સ્ત્રીઓ કે જે હમેશાં સાથે ને સાથેજ રહેવાની વાતો કરતી હોય છે અરે, પ્રાણ પણ પાથરવાને તૈયાર હોય છે તે આખરે તો ઘરમાં ને ઘરમાંજ રડીને બેસી રહે છે. સજ્જન અને સંબંધી અગર નોકર અને ચાકર સ્મશાનસુધીનાંજ સાથી હોય છે. અર્થાત્ મોટા મોટા પ્રયત્નોથી લાલન–પાલન થએલું માનવશરીર ચિતામાં ભસ્મીભૂત થઇને પોતાની હયાતી ખોઇને અહિંને અહિં પડયું રહે છે. એ હકીકત તદ્દન બરાબર છે કે કરાલ કાલની પાસે કોઇનો અધિકાર ચાલતો નથી, પછી ભલે ને તે રાજા હોય કે રંક હોય; ચક્રવર્તી હોય કે ખંડિઓ હોય; પણ એક દિવસ પરલોક તરફ પ્રયાણ કરવાનો પાસપોર્ટ કાપવોજ પડે છે. અંતર માત્ર એટલુંજ રહે છે કે કોઇ બે દિવસ વહેલું જાય છે તો કોઈ બે દીવસ મોડું જાય છે.

જેમ જૈન આગમમાં કહ્યું છે તેમ:—

जहेह सीहो व मियं गहाय
मच्चूनरं नेइ हु अन्तकाले
नं तस्स माया व पिया व माया
कालम्मि तम्मंसहरा भवन्ति ॥

—ઉત્તરાધ્યયન અ. ૧૩ મો શ્લો. ૨૩ મો.

જેમ સિંહ મૃગને પોતાના તાબામાં રાખે છે અને મૃગનું કશું જોર ચાલતું નથી એ પ્રમાણેજ જ્યારે મૃત્યુ આવીને હાજર થાય છે ત્યારે માતા, પિતા, ભાઇ, બંધુ, મુસદ્દી કે ગુલામ કોઇ પણ મૃત્યુથી બચી શકતું નથી. જગતની આ દશા જોઇનેજ મુનિજનો અને મહાત્માઓ આ દુનીયાના વૈભવને નશ્વર ગણે

છે. જે વખતે આ શરીરનો જન્મ થાય છે તે વખતે તેની પાસે ઓઢવાને નથી હોતી શાલ કે નથી હોતો ખેસ; નથી હોતાં વસ્ત્રો કે નથી હોતાં ઘરેણાં. તે મુજબ, જ્યારે તે અહિંથી જાય છે ત્યારે પણ તે નગ્નદશામાંજ હોય છે. હિંદુ હશે તો તેને બાળી નાંખવામાં આવશે અને જો તે મુસલમાન હશે તો તેને માટે કબર ખોદી દાટવામાં આવશે. તેની સાથે ખરેખર આવનાર વસ્તુઓ જો કોઇ હોય તો તે પુણ્ય અને પાપજ છે. આ ભવમાં પુણ્ય જેમ સુખ આપે છે તેમ પરભવમાં પણ તે સુખજ આપે છે એટલા માટે જગત્ સમક્ષ અમારો તો એ ઉપદેશ છે કે કોઇએ કોઇને કયારે પણ પીડા કરવી નહિ. જો આ જન્મમાં ગુન્હા વગરજ કોઇ કોઇને કાંટો ભોંકે તો તે પરલોકમાં ચક્રવૃદ્ધિ વ્યાજના હીસાબે કુશળ વ્યાપારીઓની માફક એ કાંટાનું તીર બનીને બદલો લેવરાવે છે; પણ કર્મનો બદલો કોઇને છોડતો નથી. ચાહે તો તે ભલેને એક મંડલાધીશ હોય અગર તો કંગાળ હાલતનો મનુષ્ય કેમ નહોય; પરંતુ કર્મનો બદલો બધાંએ અવશ્ય ભોગવવોજ પડે છે. એટલાજ માટે કોઇએ કોઇને કદિપણ સતાવવું જોઇએ નહિ. જે શક્તિ પોતાની પાસે છે તે તેને **शक्तिः परेषां परपीडनाय** નાં સમર્થન માટે નથી; પરંતુ તેનો સદુપયોગ કરીને તે દ્વારા અજ્ઞાની જીવોને સન્માર્ગગામી બનાવવા ઉદ્યમ કરવો જોઇએ. શક્તિ દુઃખી અને દર્દીઓની સેવા કરવા માટે છે. એ માટે એક ઉદાહરણ છે કેઃ—

એક હતું ચક્કર, તેની ઉપર અને નીચે મળીને ચાર (પલ્લાં) બેઠકો હતી. તે બધામાં મનુષ્યો ગોઠવાઇ ગયા હતા, એટલામાં ઉપલી બેઠકવાળાએ ખોંખારીને થૂંકવાનો વિચાર

કર્યો. એટલે તો નીચેની બેઠકવાળાએ કહ્યું કે, જોજે ભાઇ, થૂંકતો નહિ હોકે? જો તું થૂંકીશ તો મારાં કપડાં બગડશે; પણ તેણે તેની વાત ઉપર બીલકુલ ધ્યાન આપ્યું નહિ. અરે, તેણે એટલો વિચાર પણ ન કર્યો કે ફક્ત થોડીજવારમાં મારૂં પલ્લું (બેઠક) પણ નીચે ઉતરશે. છેવટે ઉંચાપણાની મહત્તાનો ગર્વ લાવીને તેણે થૂંક્યું અને નીચેની બેઠકવાળાઓનાં કપડાં ખરાબ થયાં. એટલામાં વળી ચક્કર ફરતાં નીચેની બેઠકવાળાની બેઠકને ઉંચે જવાનો વારો આવ્યો. બસ, હવે શું બાકી હતું? તે ઉપરવાળો કે જેનાં કપડાં થૂંકથી બગડયાં હતાં તેણે નીચેવાળાની ઉપર પિસાબ કરવાનો વિચાર કર્યો. એમ જાણીને નીચેવાળાએ ઉપરનાને કહ્યું કે, ભાઈ, જોજે હો, મૂતરીશ નહિ, જો તું મૂતરીશ તો મારાં કપડાં બહુ ખરાબ થઈ જશે. ત્યારે તેણે જવાબ દીધો કે, આ બીજું કશુંએ નથી, આ તો માત્ર તારાં થૂંકનો બદલોજ છે. એવી રીતે જે જેનાં હક્કમાં નુકશાન કરવાનું ધારે છે તેથી તેનો બદલો મૂળ તથા વ્યાજ સાથે પાછો વાળી આપતાં એકંદર સો ગણું સહન કરવા માટે તૈયાર રહેવું પડે છે. માટે દરેક મનુષ્યનું કર્તવ્ય છે કે તેણે પાપથી દૂર રહેવાનો હરહમેશ પ્રયત્ન કરવો જોઇએ. એક કંજુસ માણસ રાત અને દિવસ ધન એકઠું કરવા પાછળ મચ્યો રહે છે તેમ મનુષ્યે પણ પુણ્ય ઉપાર્જન કરવાનોજ પોતાનાં જીવનનો ઉદ્દેશ સમજવો જોઇએ. પુણ્યોપાર્જન એ પરભવ માટે એક ખર્ચી છે. જેમ તમે ક્યારેક બહાર જાઓ છો અને ડેરા, તંબુ વગેરેનો જેમ અગાઉથીજ પ્રબંધ કરાવી રાખો છો તેમ મનુષ્યમાત્રે પરભવની તૈયારી પણ આ ભવમાંજ કરવી—કરાવવી

એ ઘણી મહત્ત્વની બાબત છે. તે તૈયારી એ છે કે, પ્રાણીમાત્ર ઉપર હમેશ દયાભાવના રાખવી જોઇએ. દયા એ બધા ધર્મોનો સારરૂપ મશાલો છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કૃષ્ણચંદ્ર મહારાજે પણ કહ્યું છે કે:—

अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥

श्रीमद् भगवद्गीता अध्याय १६.

વળી આપશ્રીએ આપના રાજ્ય અમલ દરમ્યાન જાહેરમાં એક એવી પેટી મૂકાવી દેવી જોઇએ કે જેમાં દરેક દુ:ખી, દર્દી, ગરીબ અને અનાથ પ્રાણી પોતપોતાનાં અંતઃકરણના પોકારની અરજીઓ તેમાં નાંખી શકે. આ પેટી આપના પોતાનાંજ હાથે ઉઘાડવી જોઇએ અને તેમ થવાથી આપ આપની ભોળી અને ભદ્રક પ્રજાનાં દીલનું ખરેખરૂં દુઃખ જાણી શકો. જો ઉપર મુજબ કરવામાં ન આવે તો પ્રજાની અરજીઓને આપના કાન સુધી પહોંચતાં માર્ગમાં ઘણી ઘણી અગવડો ઉપસ્થિત થવી સંભવે છે. તેથી કરીને આપશ્રીએ એક એવા સહેલી પણ સુંદર યોજના કરવી જોઇએ કે રાજ્ય અન્તર્ગત પ્રજાનાં દીલનાં દુઃખનાં સ્વરૂપની ખરેખરી પીછાન થઈ શકે. આપને પ્રાણથી પણ પ્રિય એવી આપની વ્હાલી પ્રજા તરફ સહાનુભૂતિ બતાવવાનો આ માર્ગ એક રાજ-પુરૂષનું કાર્ય બજાવનાર તરીકે અતિ ઉત્તમ સેવા આપનાર થઇ પડે છે. તેમ આ વાતનો આપશ્રીએ ખરેખર અમલ કરવો ઘટે છે. કારણ કે રાજ્યને લગતાં સર્વ કાર્યો આપ-

શ્રીજ કરી રહ્યા છો. આપ શ્રીમાનને વધુ શું કહું? આપ પોતે આઠ દિકપાલોના અંશથી પ્રકટેલા છો—અવતરેલા છો. અમે આપને જે કંઇ કહીએ છીએ તે તદ્દન નિઃસ્વાર્થ ભાવે–કોઇપણ પ્રકારની સ્વાર્થ ભાવના વગરજ કહીએ છીએ. આપ સારી રીતે જાણો છો કે અમારે–સાધુજનોને કોઇપાસેથી ભેટ તરીકે જમીન લેવાની ઇચ્છા હોઇ શકે નહિ, તેમ અમે જાગીર મેળવવા માટે પણ આ સાધુનો વેશ ધારણ કર્યો નથી, તેથી આપને સ્પષ્ટ કરી દેવું જોઇએ કે અમારે કોઇપણ પ્રકારની આકાંક્ષા નથી. એમ છતાં કદાચિત્ કોઇપણ ઇચ્છા અગર તો માગણી હોય તો તે એજ છે કે, આપ જેવા નરકેશરીઓના આશ્રયમાં પ્રાણીમાત્રને અભયદાન આપવાનો સંદેશો મળવો જોઇએ છે. અર્થાત્ અમારા આવવાના તેમજ જવાના દિવસે આપની રાજધાનીમાં જીવહિંસા નહિ થવા દેવા માટે ફરમાન કાઢવું જોઇએ છે. બસ, એજ અમારી આપની પાસેથી મળેલી ઉત્તમ બક્ષીસ છે એજ અમારી પ્રાર્થના છે.

શ્રીમાન્ કુમાર સાહેબનું દીલ, આ અતિમનનીય ભાષણ સાંભળીને ઘણું પ્રસન્ન થઇ ગયું હતું. એથી મહારાજશ્રીને બક્ષીસ આપવાનો સ્વીકાર કરીને આખા શહેરમાં જીવદયા પળાવવા માટે સનંદ નં૦ ૨૯૭૬૭ નો હુકમ જાહેર કરવાની આજ્ઞા ફરમાવીને પોતાની દયાળુતાનો પરિચય કરાવી આપ્યો.

ત્યારપછી હિંદુકુલ સૂર્યસમાન, હિંદુ ગૌરવના આદર્શ-રૂપ છત્રપતિ રાજેશ્વર વર્તમાન મેવાડાધિપતિ શ્રીમાન્ મહારાણાજી સાહેબ તરફથી સ્વનામધન્ય શ્રીમાન્ ફતેહલાલજી મહોદયને સૂચના મળી કે, "મહારાજશ્રીની અહિં પધરામણી કરાવો." સૂચના મળ્યા પછી મહારાજશ્રીએ પોતાના

ચૌદ શિષ્યોના પરિવાર સાથે 'શિવનિવાસ' નામના દરબારી મહેલમાં પધરામણી કરી હતી. શ્રીમાન્ મહારાણાજી સાહેબે વિનય તેમ ભક્તિભાવપૂર્વક મહારાજશ્રીનું સ્વાગત કર્યું તે ઉપરાંત મહારાણાજી સાહેબે કહ્યું કે, "આપે અહિં પધારવાની મોટી મહેરબાની કરી" જવાબમાં મહારાજશ્રીએ કહ્યું કે અમારો તો એ ધર્મજ છે. કહી નીચે લખેલો શ્લોક સંભળાવ્યો:—

> ॐकारं बिन्दु सयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
> कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः ॥

ॐ એ પવિત્ર શબ્દ પરમાત્માવાચક છે, તેનાં ધ્યાન, મોટા મોટા ઋષિ–મુનિઓ તેમજ સંસારીજનો મોક્ષપ્રાપ્તિ માટે હરહમેશ કરતા રહે છે. તેનાં રટણથી એ વિશ્વબંધુને નમસ્કાર થાય છે. આ શબ્દની ઉત્પત્તિ જૈનોનાં મોટા મંત્રોના પહેલા અક્ષરોથી થાય છે. આ એક બીજાક્ષર છે. તેને વાવવાનું ક્ષેત્ર તે અધિકારી મનુષ્યનું હૃદયરૂપ ક્ષેત્ર છે એ સિવાય તેને વાવવાની બીજી કોઇ જગ્યા છેજ નહિ. બસ, આ ભૂમિ એજ તેનું ઉત્તમ સ્થાન છે.

દેવો પણ આવી લાયકાત સંપાદન કરવાના ભૂખ્યા હોય છે. તેઓ હમેશાં આ ધૂનમાં ને ધૂનમાંજ રહીને અનિમેષ દૃષ્ટિએ એકીટશે એજ સમયની રાહ જોઇ રહ્યા હોય છે કે, ક્યારે મનુષ્યાવતાર ધારણ કરીને પરમાત્માના ધ્યાનમાં મસ્ત બનીએ અને ક્યારે મોક્ષપદ મેળવવાની અનુપમ તક હાથ ધરીએ. મનુષ્યોનો દેહ એજ એક એવું સાધન છે કે જે સાધન વડે મનુષ્ય નરનો નારાયણ બની શકે છે. પહેલું તો આ અતિ

અદ્‌ભુત રચનાવાળું શરીરજ મળવું દુર્લભ છે. અને તેથી પણ વધુ દુર્લભ બાબત તે આત્મચિંતનમાં પરોવાવું તે છે. પૂર્વના સંસ્કારો અને પુણ્યવગર એવો મનુષ્ય દેહ મેળવવાનું ભાગ્યજ ક્યાંથી સંભવે ? જેમકે, શ્રીમદ્ ભગવદ્‌ના ૧૧મા સ્કન્ધમાં કહ્યું છે કેઃ—

**नृदेहमाद्यं सुलभं सुदुर्लभम्**

**प्लवं सुकल्पं गुरुकर्णधारम् ।**

**मयानुकूलेन नभस्वतेरितम्**

**पुमान् भवाब्धिं न तरेत्स आत्महा ॥**

મહારાજશ્રીને મહારાણા સાહેબે કહ્યું કે, "આ શ્લોકનો શો અર્થ થાય છે ?" ત્યારે મહારાજશ્રીએ તેનું રહસ્ય સમજાવ્યું કે હે હિન્દુ કુલસૂર્ય મેવાડાધિપતિ, ચોરાસી લાખ જીવયોનિઓમાં મનુષ્યનો જન્મ પામવો એ ઘણું કઠણ કાર્ય છે. કદાચિત્ પૂર્વ-જન્મનાં પુણ્ય કર્મોથી મનુષ્યદેહની પ્રાપ્તિ તો થઈ જાય; પરંતુ જો આર્યક્ષેત્ર મળે નહિ તો મનુષ્યજન્મ શા કામનો છે ? જો મનુષ્યજન્મ અને આર્યક્ષેત્ર એ બન્ને કદાચિત્ મળી જાય; પણ જો ઉત્તમ કુલ ન મળ્યું તો મનુષ્યજન્મ ધારણ કરવોજ ફોકટ ગણાય. જો ઘણા પુણ્ય પ્રતાપે મનુષ્યજન્મ, આર્યક્ષેત્ર અને ઉત્તમકુલ પણ ધારો કે મળ્યાં; પરંતુ દીર્ઘાયુષ્ય જો ન મળ્યું તોયે મનુષ્યજન્મ ફોકટ ગણાય. મનુષ્યજન્મ, આર્યક્ષેત્ર, ઉત્તમ કુલ અને દીર્ઘાયુષ્ય એટલાં વાનાં મળ્યાં પણ જો પૂરેપૂરી ઇન્દ્રિયો ન મળી તો આ મનુષ્યઅવતાર શા કામનો છે ? વળી આ પાંચે વાનાં કદાચિત્ મળી ગયાં;

પરંતુ શારીરિક આરોગ્યનીજ જો ખામી રહી જાય તો આ મનુષ્યજન્મ ફોકટ છે. અરે, છએ વાનાં કદાચિત્ મળી ગયાં હોય; પરંતુ જો નિસ્પૃહી ઉપદેશકનો યોગ ન થયો હોય તો સદુપદેશ નહિ મળવાથી અજ્ઞાનદશાજ રહી જાય. કહ્યું છે કે, **ज्ञानेन हीनः पशुभिः समानः** અર્થાત્ જ્ઞાનહીન મનુષ્યજન્મ પશુતુલ્યજ બની જાય. દૈવયોગે આ સાતે વસ્તુઓ પ્રાપ્ત થઇ જાય; પરન્તુ આસ્તિકતા રાખીને શ્રદ્ધા બેસાડવી એ ઘણું કઠણ કામ છે. ધારો કે, શ્રદ્ધા પણ કદાચિત્ બેસી જાય; પરંતુ તેને અનુકૂળ આચરણ કરવું એ વિશેષ કઠણ થઇ પડે. હવે સમજો કે, કદાચિત્ તે મુજબ આચરણ કરવાની શક્તિ પણ પ્રાપ્ત થઇ જાય; તો પણ દરેક મનુષ્યને ક્રમસર દરેક વસ્તુનો એકસરખો યોગ્ય થવા પામે એ અતિશય કઠણ કાર્ય છે. તેમાં વળી આ બધો સુયોગ એકાએક અને અનાયાસે થઇ જાય એ તો વળી ઘણું કઠણ કાર્ય છે.

હે રાજન્, આ બધી સામગ્રીઓ આપને તો સ્વાભાવિક રીતે મળેલી છે. માટે આપે પરભવમાં ઘણી ઘણી તીવ્ર તપસ્યાઓ કરી છે એમ નિશ્ચયે સમજવું જોઇએ.

આ તેજ તપસ્યાનું જીવતું-જાગતું ફળ છે કે, અત્યારે આપ આ બધા રાજવૈભવનો ભોગવટો કરી રહ્યા છો. આપના શરીરે જરાતરા પસીનો વળે તો આપના દાસ દાસીઓ આપના માટે પોતાના લોહીની નદીઓ વહેવરાવવા તૈયાર છે. ત્યારે તો એ કશાએ વાદવિવાદ વગરજ સિદ્ધ થઇ ચૂકયું છે કે આપ પરભવની તપસ્યાને લઇનેજ નામાંકિત થયા છો. જ્યારે એમ છે ત્યારે તો ભવિષ્યની ખર્ચી માટે આ જન્મમાં આપ જે પુણ્ય એકઠું કરી રહ્યા છો એથીએ વધુ પુણ્ય

મેળવવું જોઇએ. કદાચિત્ પુણ્ય સંપાદન કરવામાં જરાપણ ઉણપ રહે તો બીજા ભવમાં ચોરાસીનો ફેરો તો ઉભોજ છે. આપનો આ સૂર્યવંશ, ભગવાન્ ઋષભદેવના ભરત અને સૂર્યસંભવ પુત્રોથી ચાલ્યો આવે છે. આ વંશના સેંકડો રાજાઓ પોતાનાં મહાન્ તપોબળથી પરમપદના અધિકારી થયા છે. હવે આપ શ્રીમાન્ પણ આ ચોથા આશ્રમમાં આવ્યા છો. આ આશ્રમનું કામ પ્રભુભજન અને આત્મચિંતન કરવાનુંજ મુખ્યત્વે હોય છે. માટે આપ પણ પ્રભુભજન અને આત્મચિંતન કરવામાં ઉદ્યુક્ત થાઓ અને દીન–દુઃખીજનો તરફ દયાની લાગણી સુવિશેષરીતે પ્રદર્શિત કરો. આપે પૂર્વ જન્મમાં જે કર્યું છે, તેનું ફળ અહિં તો આપ ભોગવી રહ્યા છો, તપસ્યા કર્યા વગરજ રાજપદ મળવાનો સંભવ હોઇ શકે નહિ. નહિતર, દરેક મનુષ્યજ રાજા બની બેસે; પરંતુ તે વાત છેજ નહિ તેથી આ જન્મમાં જે મનુષ્ય પુણ્ય એકઠું કરશે તેને સાંસારિક સુખ–વૈભવ તો અનાયાસેજ આવી મળશે. દાખલા તરીકેઃ—

એક વખતે કોઈ ગામની બહાર કૂવા ઉપર પાણી ભરતી બે સખીઓ જોતી હતી કે રાજા પોતાની સવારી લઇને ફરવા માટે જાય છે. પહેલાં તો તે હાથી ઉપર બેઠો હતો. પછી આગળ ચાલતાં ચાલતાં હાથી ઉપરથી ઉતરી જઇને ઘોડા ઉપર બેઠો. વળી થોડે દૂર ગયો એટલે ઘોડા ઉપરથી ઉતરીને મેનામાં બેઠો અને તેથી પણ આગળ ગયા પછી મેનામાંથી ઉતરીને એક વડલાના ઝાડ નીચે બેઠો અને તેના નોકર–ચાકર પગ દબાવવા લાગ્યા તેની આવી હકીકત જોઇને તે બન્નેમાંની એક સખીએ બીજીને પૂછ્યું કે

હાથી ચઢી ઘોડે ચઢયા, ઘોડે ચઢી સુખપાલ;
થાકી બેઠા નરપતિ હવે દબાવે પાય.

હે સખી, હાથી ઉપર બેસીને વળી ઘોડા ઉપર બેઠા અને ઘોડા ઉપરથી વળી મેનામાં બેઠા, એ રીતે એક પગલું પણ ભર્યું નહિં; છતાં પગ દબાવી રહ્યા છે! તો એ શાથી થાકી ગયા છે કે જેથી પગ દબાવરાવે છે? તેના જવાબમાં બીજી સખીએ કહ્યું કે હે સખી, પૂર્વજન્મમાં એમણે ભારે તપશ્ચર્યા કરી હતી. જીવ દયાનું અતિ સુંદર પાલન કર્યું હતું. જ્યાં ત્યાં જમીન ઉપર પડયા રહેતા હતા, કોઈ વાહન ઉપર નહિ બેસતાં ટાઢ અને તડકો સહન કરવા સાથે ઉઘાડા પગે ચાલ્યા હતા. તેથી એ થાકેલા છે માટે હે સખી, તે માટે હવે તેઓ પગ દબાવરાવી રહ્યા છે. આ બધું પૂર્વભવમાં કરેલાં પુણ્યનું પ્રત્યક્ષ ફળ છે. એટલા માટે મનુષ્યમાત્રનું પરમ કર્તવ્ય એ છે કે જો તે સુખી થવા ઇચ્છતો હોય તો પ્રાણીમાત્ર સાથે દ્વેષભાવ છોડી દઈ હરહમેશ **आत्मवत सर्वभूतेषु** અને **वसुधैव कुटुम्बकम** એ મહાન્ મંત્રોનો પાઠ કરતો રહી પુણ્યજ એકઠું કરવાનું ઉચિત ધારે. એમ કરવાથી તેને આ ભવમાં તેમજ પરભવમાં સુખ મળે છે અને આખરે તે મોક્ષપદનો અધિકારી પણ થાય છે.

શ્રીકૃષ્ણચંદ્ર મહારાજે ગીતામાં કહ્યું છે કેઃ—

**अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।**
**निर्ममो निरहङ्कारः समदुःख सुखः क्षमी ॥**

શ્રીમદ ભગવદ્‌ગીતા અધ્યાય ૧૨ શ્લોક ૧૩મો.

માટે હે રાજન્, આપ મૂગા જીવો ઉપર ખાસ કરીને કરૂણા કરો અને કરાવો. ગરીબ તેમજ નિરાધારની દાદ

પહેલીજ સાંભળો. પ્રજા એ આપની સંતતિ સમાન છે. અને જેમ પુત્ર પિતાના આશ્રયે રહે છે તેમજ પ્રજાએ પોતાના પિતાની આજ્ઞા સમાન પોતાના રાજાની આજ્ઞાઓનું પણ જરૂર પાલન કરવું જોઈએ. અમે ખાસ કરીને આ બાબતનોજ હરહમેશ પ્રજાને બોધ કરીએ છીએ કે કોઇનો કોઈપણ દ્રોહ કરો નહિ. ધનનો દુર્વ્યય કરતા અટકી જાઓ, ખોટી શાક્ષી ન પૂરો. જો આ ઉપદેશ મુજબજ પ્રજા વર્તન કરવું શરૂ કરે તો પોલીસની જરૂર પણ રહેવા પામતી નથી
ત્યારે શ્રીમાન્ મહારાણા સાહેબે પોતાના મુખે કહ્યું કે:—

"હાજી, તેજ વાત ખરી છે, પછી તો કેદખાનાની પણ જરૂરજ શી છે?

ત્યારે મહારાજશ્રી બોલ્યા કે, હું આપની આ વસ્તીને લગભગ ૨૫ દિવસથી ઉપદેશ આપી રહ્યો છું. આપે પણ સુધારા માટે અમલદારો, મુસદ્દીઓ, પોલિસો અને સેનાપતિઓ વગેરેનો બંદોબસ્ત પગાર આપીને પણ કરાવી રાખ્યો છે અને અમે તો નિઃસ્વાર્થપણે પ્રજાને સુધારવા માટે આ કર્તવ્ય બજાવીએ છીએ ત્યારે:—

મહારાણાજી સાહેબ બોલ્યા કે:—

"એ કામ તો શું છે? આપનુ કામ ખરેખર મહાન્ છેજ?"

ત્યારપછી મહારાજશ્રીએ પોતાનો ઉપદેશ બંધ રાખીને પોતાનાં સ્થાનકે જવાનો વિચાર દર્શાવ્યો એટલે તુરતજ—
મહારાણા સાહેબે ફરમાવ્યું કે:—

"હવે આપ અહિં કેટલા દિવસ સુધી રોકાશો?

જવાબમાં મહારાજશ્રીએ કહ્યું કે, જો અમે અહિં પૂરો

કલ્પ કરીએ તો ચારપાંચ દિવસ રહી શકીશું? અને જો ન રહીએ તો આજકાલમાંજ વિહાર કરી જઇશું. જે દિવસે વિહાર કરીશું તે દિવસે શ્રીમાન્ યુવરાજકુમાર સાહેબે જીવદયા પાળવા માટે સનંદ નં. ૨૯૭૬૭ લખી આપી છે. એ વાત સાંભળીને શ્રીમાન્ મહારાણાજી સાહેબે જીવદયાની વાતને અંતઃકરણ પૂર્વક સહાનુભૂતિ અને સમ્મતિ આપી અને ઉપદેશ સાંભળીને ઘણા પ્રસન્ન થયા. તે ઉપરાંત મહારાણા સાહેબે કહ્યું કેઃ—

"આપ સાહેબોનું દર્શન થવાથી મને ઘણો આનંદ થયો છે. આટલા દિવસ સુધી મને આપનો કશો પરિચયજ નહોતો." વગેરે વાતચીત થઇ રહ્યા પછી મહારાજશ્રી પોતાના શિષ્ય-મંડળસાથે પોતાનાં નિવાસસ્થાને પધાર્યા.

એ મહા મહીનામાં શ્રી જૈન સંઘ તથા જનસમુદાય તરફથી ઉદયપુરમાં ચાતુર્માસ કરવા માટે વિનંતિ કરવામાં આવી. એથી મહારાજશ્રીએ કહ્યું કે;—

"ભાઇઓ, ફાગણ માસ અગાઉ વિનતિનો સ્વીકાર કરી શકાતો નથી, કારણ કે એ સાંપ્રદાયિક નિયમ છે."

તે ઉપરથી લોકોએ અનુમાન કર્યું. જો કે હજી આપણી વિનતિનો સ્વીકાર થયો નથી; તેમ સ્પષ્ટ રીતે 'નકારાત્મક' જવાબ પણ મળ્યો નથી. તેથી ચાતુર્માસને લગતો સર્વ ઉચિત પ્રબંધ કરી રાખવો ઘટે છે. ત્યાર પછી મહારાજ-શ્રીએ મહા શુદ ૧૨ ને સોમવારે ઉદયપુરથી વિહાર કરી હાથીપોળની બહાર સરકારી ઉતારામાં મુકામ કર્યો. તે દિવસનું વિહાર—દૃશ્ય ખરેખર જોવા યોગ્ય હતું. રાજમાર્ગ

ઉપર હજારો માણસોની મેદની જામી રહી હતી. દરેક જાતિના મનુષ્યો-નાના બાળકથી માંડીને મોટા મનુષ્ય સુધી સર્વ કોઈ મહારાજશ્રીનાં દર્શન માટે ઉતરી પડયા હતા. ઠેકઠેકાણે અન્યોન્ય પુછપરછ કરતા હતા કે "મહારાજશ્રીએ કયાં વિહાર કર્યો ?" વિહારના દિવસે હિંદુકુલસૂર્ય શ્રીમાન દયાળજી મહારાણા સાહેબે અને કુમાર સાહેબ બાવજીરાજે આખા શહેરમાં હુકમ નંબર ૨૯૭૯૭નો અમલ કરવાનો ઢંઢેરો જાહેર કર્યો. "આવતી કાલે મહારાજશ્રી ચોથમલજી વિહાર કરશે માટે જીવદયા પાળવી નહિતર સરકારના ગુન્હેગાર ગણાશે." એવા પ્રકારનો ઢંઢેરો બહાર પડતાંજ લોકોએ જીવદયાનું પાલન કરવા માંડયું.

સાંજના સમયે રાવતજી સાહેબ શ્રીમાન્ ઓનાડસિંહજી સાહેબ મહારાજશ્રીનાં દર્શન માટે પધાર્યા. દર્શન તેમજ વાર્તાલાપ કરવાના પ્રસંગોથી તેમનું ચિત્ત ઘણુંજ પ્રસન્ન થયું હતું અને કહ્યું કે—

"જ્યારે હું અહિં આવ્યો છું ત્યારે કંઇને કંઇ જીવદયાને લગતી બક્ષીસ મારે કરવી જોઇએ એ મારી ફરજ સમજું છું માટે 'ભિંડલ' જાનવર મારવાની મને ઘણી મરજી રહે છે. મને તો શું પણ ક્ષત્રિયમાત્રને તે રહેતી હોય છે છતાં આજથી પ્રતિજ્ઞા કરૂં છું કે હું તેને નહિ મારૂં." ત્યાં એક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેથી તે સાંભળવા માટે ઘણો મોટો જનસમુદાય એકત્ર થયો હતો. પારસોલીના રાવતજી સાહેબ શ્રીમાન્ લાલસિંહજી મહોદયે પણ વ્યાખ્યાન સાંભળ્યું હતું. ત્યાર પછી ત્યાંથી વિહાર કરીને મહારાજશ્રી આહિડ પધાર્યા

હતા. ત્યાં વળી સલુંબરના રાવતજી સાહેબ એકજ દિવસમાં બે વખત દર્શન માટે પધાર્યા હતા. ત્યાંથી વિહાર કરીને મહારાજશ્રી ડબુક પધાર્યા. ત્યાં ફરજાળી મહારાજ સાહેબ શ્રીમાન્ લક્ષ્મણસિંહજી કે જેઓ મહારાણાજી સાહેબના ભત્રીજા છે, તેઓ પણ મહારાજશ્રીનાં દર્શન માટે પધાર્યા. ત્યાંથી મહારાજશ્રી વિહાર કરીને અનેક ગામોમાં ધર્મોપદેશ કરતા રતલામ ખાતે જઇ પહોંચ્યા હતા. અને ત્યાં પૂજ્યશ્રી મન્નાલાલજી મહારાજ આદિના દર્શનનો લાભ લીધો. અહિં આવ્યા પછી ત્યાંના સાંપ્રદાયિક વૈમનસ્ય દૂર કરવા માટે ઘણો પ્રયત્ન કર્યો હતો. જો કે આ વૈમનસ્ય ટાળવા માટે અગાઉ પૂરતો પ્રયત્ન થઇ ગયો હતો, તો પણ મહારાજશ્રીની અહિંની પધરામણીથી તેને સવિશેષ ઉત્તેજન મળ્યું હતું. તેજ વખતે ઉદયપુર જૈનસંઘ તેમજ ત્યાંના જનસમૂહ તરફથી મહારાજશ્રી ચોથમલજી મહારાજને ઉદયપુરમાં ચાતુર્માસ કરવા માટે ઘણો આગ્રહ કરવામાં આવ્યો. ત્યારે પૂજ્ય મહારાજ શ્રીએ વિશેષ ઉપકાર થવાની સંભાવના લક્ષમાં લઇને તે વિનતિનો સ્વીકાર કર્યો. ત્યાર પછી મહારાજશ્રીએ ત્યાંથી ઉદયપુર તરફ પ્રસ્થાન કરી ધામણોદ પધાર્યા.

ધામણોદ થઇ સૈલાના સ્ટેટ પધાર્યા. ત્યાંના પ્રજાવત્સલ દરબાર શ્રીમાન દલીપસિંહજી સાહેબે ત્રણ વ્યાખ્યાન શ્રવણ કર્યા. તેથી પ્રસન્ન થઇ મુનિશ્રીની પ્રસંશા કરતાં કહેવા લાગ્યા કે "ખરેખર આપ જેવા સ્વાર્થત્યાગી મહોપદેશકોની વાણીમાંજ ઓજસ્વિતા અને આકર્ષણ શક્તિ હોય છે, અને તે દ્વારા અનેક ઉપકારો થાય છે. આપ આ વખતનો ચાતુર્માસ અત્રે કરો એવી મારી વિનંતિ છે. આના પ્રત્યુત્તરમાં મુનિશ્રીએ

કહ્યું કે આ ચાતુર્માસ માટે તો ઉદયપુરની વિજ્ઞપ્તિનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ સાંભળી ત્યાં એકત્ર થએલી જનતા સામે જોઈ સૈલાના દરબારે કહ્યું કે આ ચાતુર્માસની પછીના ચાતુર્માસ સં. (૧૯૮૩) અહીં કરાવવા માટે તમે સઘળા ખૂબ કોશીશ કરજો. વળી મુનિશ્રી તરફ ફરીને કહ્યું કે જ્યારે આ લોકો આપની પાસે ચાતુર્માસ માટે વિનંતિ કરવા આવે ત્યારે આપ તેનો કૃપા કરી જરૂર સ્વીકાર કરજો. આના પ્રત્યુત્તરમાં મહારાજશ્રીએ કહ્યું કે આગળની વાત આગળ જોઇ જશે. કેમકે સાધુઓના નિયમાનુસાર તે બાબત અત્યારે નિશ્ચયપૂર્વક કહી શકાય નહિ. ત્યારપછી ત્યાંથી વિહાર કરી પિપલોદ પધાર્યા.

## પ્રકરણ ૩૬મું.

### સંવત ૧૯૮૨—ઉદયપુર.

# મુનિશ્રી સાથે મહારાણાજીની મુલાકાત.

આપણા ચરિત્રનાયક જ્યારે પિપલોદે પધાર્યા ત્યારે ત્યાં પ્રખર પંડિત મુનિશ્રી દેવીલાલજી મહારાજ વિરાજતા હતા. તેઓશ્રીના દૈવી ઉપદેશોનો ત્યાંના શ્રાવકો ખૂબ શ્રદ્ધા તથા ભક્તિપૂર્વક લાભ લેતા હતા. તેમાં આપણા ચરિત્રનાયકજીનાં પનોતાં પગલાં ત્યાં થયાં. એટલે એ શ્રાવકોના આનંદમાં ઓર વૃદ્ધિ થઇ. હવે ત્યાં વિધવિધ વિષયો ઉપર મુનિઓના ઉપદેશ થવા લાગ્યા. જેના પરિણામે અનેક જણાએ નાના પ્રકારના ત્યાગ કર્યા. આ ઉપરાંત આ બંને મુનિઓના સદુપદેશના સ્મરણને સદાકાળ જીવત રાખે એવા ઉલ્લેખનીય કાર્યો ત્યાંના શ્રાવકસમાજે કર્યાં, તે આ રહ્યાં:—(૧) ત્યાં એક "શ્રી જૈન મહાવીર મંડળ" અને (૨) શ્રી જૈન પાઠશાળાની સ્થાપના થઇ. પાઠશાળા સ્થાપનનું શુભ મુહૂર્ત ત્યાંના પ્રજાહિતૈષી અને પરમ ઉદાર દીવાન સાહેબના શુભહસ્તે સંવત

૧૯૮૨ના ચૈત્ર સુદ ૮ને મંગળવારને દિવસે કરવામાં આવ્યું. વળી તેના પ્રારંભિક નિર્વાહ માટે તેજ સમયે ત્યાં થોડું ફંડ પણ જમા થયું. આ મુનિવરોનાં આવાં આવાં લોકોપયોગી કાર્યોની ચર્ચા શ્રી પીપલોદા દરબારના કાન સુધી પહોંચી. તેમણે પણ મુનિશ્રીઓનાં દર્શન કરવાની પોતાની અભિલાષા એક દીવસ પ્રગટ કરી અને તે મુજબ તેઓ જાતે મુનિશ્રી સમીપ એક દિવસ પધાર્યા. ત્યાંથી સઘળા મુનિઓ પ્રયાણ કરી જાવરા પધાર્યા. ત્યાં વયોવૃદ્ધ પંડિત મુનિશ્રી નંદલાલજી મહારાજ તથા ધૈર્યવાન પં. મુનિશ્રી ખૂબચંદજી મહારાજ આગળથી વિરાજતા હતા. ત્યાં આપણા ચરિત્રનાયકનાં બજારમાં કેટલાંક જાહેર ભાષણ થયાં, જેમાં શ્રોતાઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી ગઈ. તા૦ ૨૫મી એપ્રીલ સને ૧૯૨૬ ને દિવસે ખૂબ ધામધુમથી શ્રી મહાવીર જયંતિનો ઉત્સવ ઉજવવામાં આવ્યો. તે દિવસે મુનિશ્રી નંદલાલજી મહારાજે તથા મુનિશ્રી દેવીલાલજી મહારાજે તથા આપણા ચરિત્રનાયક મુનિશ્રી ચોથમલજી મહારાજે વીતરાગ ભગવાન મહાવીરના જીવનનું જનતા સમક્ષ સિંહાવલોકન કર્યું. ત્યાર પછી તેઓએ ભગવાનના દિવ્ય સંદેશની શ્રોતાઓ સમક્ષ ઘોષણા કરી. જે સાંભળી શું જૈન, કે શું જૈનેતર, હિંદુ, મુસલમાન, પારસી ઇત્યાદિ સઘળા ચિત્રવત્ થઇ ગયા. તે દિવસે શ્રાવકોએ પણ યથાશક્તિ ત્યાગ પચ્ચખાણ કર્યા. વ્યાખ્યાન સમાપ્ત થતાં શ્રોતાઓમાં પ્રભાવના વહેંચવામાં આવી. તેજ દિવસે સાયંકાળે વીર જન્મોત્સવના આનંદની હેલી રૂપે એક જાહેર સભા ભરવામાં આવી. આ પ્રમાણે નિત્ય નવીન ચર્ચાઓ તથા જ્ઞાનાંજન શલાકાથી સંસારી જીવોના મોહમય ચિત્તોને

ભગવાનના ચરણારવિંદોમાં આએહુબ લગાવી મુનિરાજે તેમના હાથમાં ક્ષમા અને દયાનો એક દંડ આપ્યો. અને તે દ્વારા સંસારનાં પ્રત્યેક પ્રાણીઓ તરફ અભયદાનનું પારસ્પરિક આદાન-પ્રદાન કરાવ્યું.

હવે મહારાજશ્રી જાવરાથી વિહાર કરી મન્દસૌર તથા નીમચ થઈ સાદડી (મેવાડ) પધાર્યા. અહીં પણ જનતાના આગ્રહને લીધે તેઓશ્રીનું જાહેર વ્યાખ્યાન થયું. વ્યાખ્યાનને દિવસે શ્રીમાન્ રાજરાણા દૂલહસિંહજી* મહોદય મોટરમાં બેસી વ્યાખ્યાન સ્થાન સમીપ થઇ કંઇ કાર્યવશાત બહાર જતા હતા. તે વખતે તેમની દૃષ્ટિ એકત્ર થએલા શ્રોતાઓ ઉપર પડી અને એક ધારાપ્રવાહ વકતાના બુલંદ અવાજે તેમના કર્ણસંપુટ સુધી પહોંચી જઇ તેમના હૃદયને બહેલાવી નાખ્યું. તેથી તેમણે તેજ વખતે પોતાના ડ્રાઇવરને પુછ્યું, "આ બુલંદ અવાજ અત્યારે અહીં ક્યાંથી અને કોનો સંભળાય છે? અહીં આટલી બધી લોકોની ઠઠ આજે કેમ જામી છે? અને આટલી બધી ભીડ હોવા છતાં લોકો તદન શાન્ત કેમ લાગે છે? ઈત્યાદિ." મોટર ડ્રાઇવરે તેજ વખતે પ્રત્યુત્તર આપ્યો, "હુજૂર! અહીં પ્રસિદ્ધ વકતા પંડિત મુનિશ્રી ચૌથમલજી મહારાજ પધાર્યા છે. મારા માનવા પ્રમાણે તો આ સમુદાયમાં આ અવાજ તેમનો હોવો જોઇએ." આટલું કહી ડ્રાઈવરે પોતાની દૃષ્ટિ અહીં તહીં દોડાવી ખાત્રી કરી લીધી કે એ અવાજ ચૌથમલજી મહારાજનો છે. ત્યારપછી ફરીથી એક વખત રાજરાણા સાહેબે પૂછ્યું કે

*હિન્દુ-કુલસૂર્ય શ્રીમાન મહારાણા સાહેબ મેવાડાધિપતિના સોળ ઉમરાવોમાં તેઓશ્રી પણ એક છે.

એ ખરેખર શું ચૌથમલજી મહારાજ છે? કે બીજો કોઇ વકતા છે? ત્યારે ડ્રાઇવરે ગંભીરવદને નિશ્ચયાત્મક અવાજથી કહ્યું કે હજૂર! એ તેજ મુનિરાજ છે. બીજો કોઈ વ્યાખ્યાનકાર નથી. જ્યારે આ બાબતની ચોક્કસ ખાત્રી થઇ, ત્યારે રાજરાણા સાહેબના હુકમથી ડ્રાઇવરને મોટર પાછી ફેરવીને તેજ સ્થળે લાવવી પડી. જ્યાં શ્રોતાઓની એ શાન્ત મેદનીમાં શેર સમાન નિર્ભયતાથી પોતાની ગંભીર ગર્જનાથી મહારાજશ્રી ધર્મોપદેશ દ્વારા, સંસારી જીવોની વિકટ વિટંબણાઓને સહજ ભાવે સરળ બનાવી રહ્યા હતા. ડ્રાઇવરે પોતાના માલિકની આજ્ઞાને એકદમ માથે ચઢાવી. નિયત સ્થાને પહોંચ્યા બાદ રાજરાણા સાહેબ એકદમ મોટરમાંથી ઉતરી પડયા. અને મુનિશ્રીને સવિનય પ્રણામ કરી તેમની સમક્ષ આવીને વિરાજ્યા. આ પ્રમાણે તેમનું અચાનક આગમન થવાથી સઘળા શ્રોતાઓને અત્યંત કુતુહલ થયું, અને તેઓ વિચારસાગરના રમણે ચડેલા તરંગોમાં આમ તેમ જોવા લાગ્યા. બન્યું હતું પણ ખરેખર એમજ. કેમ કે રાજરાણા સાહેબ ત્યાં પધારવાના છે એવી કોઇ પ્રકારની સૂચના તેમને મળી ન હતી. પ્રવચન સમાપ્તિ થતા સુધી રાજરાણા સાહેબ ત્યાં સ્વસ્થ ચિત્તે બેઠા રહ્યા. તે વખતે, તેમના ચહેરા ઉપરના ભાવોથી સ્પષ્ટ રીતે માલૂમ પડતું હતું કે, મુનિશ્રીના ઉપદેશ અને દર્શનથી તેમના દિલમાં આનંદની ઉર્મિઓ એક પ્રકારની વિચિત્ર ઉથલ-પાથલ મચાવી રહી હતી. જ્યારે વ્યાખ્યાન સમાપ્ત થયું ત્યારે રાજરાણા પોતાના મહેલમાં પાછા ફર્યા. પરંતુ એક બે દિવસ પછી તેમના તરફથી માનભર્યો એક સંદેશો આવ્યો. કે "આપ આપનાં પનોતા પગલાં મહેલોમાં કરી

રાણીવાસમાં આપના ઉપદેશામૃતનું પાન કરાવશો, તો મોટી મહેર થશે.” આ વિજ્ઞપ્તિનો સ્વીકાર કરી મહારાજશ્રીએ રાજમહેલમાં એક લાંબુ સારગર્ભિત વ્યાખ્યાન આપ્યું. આ અમૃતતુલ્ય ઉપદેશનું પાન કરીને રાણીવાસમાં અત્યંત આનંદ પ્રસરી ગયો. વ્યાખ્યાન ખલાસ થતાં રાજરાણાજીએ મહારાજશ્રીને કહ્યું, મુનિરાજ! અહીંઆ એક કસાઇ મને મનમાનતો કર આપી માંસ વેચવાની દુકાન ખોલવાનો ભારે પ્રયત્ન આદરી ર છે પરંતુ એક મામૂલી કર લેવા જતાં અનેક મૂંગાં નિરપરાધી પશુઓનો મારે લીધે હંમેશાં વધ થશે, તથા અન્ય અનર્થોની ઉંડી જડ રોપાશે, એમ સમજી, મેં, તેની પ્રાસ્તાવિક પ્રાર્થનાનો પૂર્ણપણે અસ્વીકાર કર્યો છે.” આ સાંભળી મુનિશ્રીએ કહ્યું કે આપ જેવા ઉદારચિત્તો પાસે અમે ભિક્ષુકો હરહંમેશ એવી આશા તો રાખીએ છીએજ. અમે આપની પાસે બીજા કશાની આશા પણ ક્યાં રાખીએ છીએ?

આ સાંભળી રાજરાણા સાહેબે મહારાજશ્રીને ભેટ રૂપે પ્રાણીમાત્રને અભયદાનનો એક પટો સમર્પણ કર્યો. (પટાની વિગત પરીશિષ્ટ પ્રકરણમાં આપવામાં આવી છે.)

ત્યાર બાદ રાજરાણાસાહેબના સતત પ્રયાસથી અન્ય સરદારોએ પણ નીચે દર્શાવેલા ભિન્ન ભિન્ન ત્યાગ કર્યા અને કરાવ્યા.

(૧) તલાવદાના શ્રીમાન ઠાકોર સાહેબ ઝાલા અમરસિંહજીએ માછલાં તથા મરઘાંને મારવાની પ્રતિજ્ઞા લીધી.

(૨) શ્રીમાન્ નાહરસિંહજી ઝાલાએ સોગંદ લીધા કે આજથી હું કોઇ પણ જાનવરને કદાપિ મારીશ નહિ, અને પક્ષીઓના માંસનું ભક્ષણ કરીશ નહિ.

(૩) શ્રી ચમનદાનજી આશિયાએ હરણ તથા પક્ષીઓનો શિકાર કદાપિ નહિ કરવાની પ્રતિજ્ઞા કરી.

(૪–૬) શ્રી ચતુરસિંહજી સગતાવત તથા પર્વતસિંહજી માજાવત તથા દલેલસિંહજી સગતાવતે પણ ઉપરના નં. ૩ મુજબ પ્રતિજ્ઞા કરી.

(૭) શ્રી કિશનસિંહજી રાઠોડે કોઈ પણ પ્રકારનો શિકાર ખેલવાનો તથા હરણનું માંસ ખાવાનો ત્યાગ કર્યો.

(૮) શ્રી મનોહરસિંહજીએ હરણના શિકારનો બિલકુલ ત્યાગ કર્યો, તથા શિકારના માંસ ભક્ષણનો સંપૂર્ણ ત્યાગ કર્યો.

(૯) શ્રી ઉમ્મેદસિંહજી સગતાવતે હરણ, માછલી, સુવર તથા પક્ષીઓ માત્રનો શિકાર કરવો નિષિદ્ધ સમજી ત્યાગ કર્યો.

(૧૦–૧૧) પ્રભુદયાલ ધાબાઈ તથા પરથાજી કાલૂએ માંસ તથા મદિરાપાનનો ત્યાગ કર્યો.

(૧૨) નથરામજી ઓરીદારે સુવર તથા હરણ તથા પક્ષીઓની પ્રાણ–રક્ષા કરવાની પ્રતિજ્ઞા કરી.

(૧૩) સૂરજમલજી છડીદારે હરણ તથા પક્ષીના શિકારનો ત્યાગ કર્યો.

(૧૪) દયારામ હજૂરીએ મદિરાપાન તથા હરણ અને પંખેરૂના શિકારનો પરિત્યાગ કર્યો.

(૧૫) લચ્છીરામ હજૂરીએ મદિરાપાન તથા માંસ ભક્ષણનો ત્યાગ કર્યો.

(૧૬) વ્રજલાલ છડીદારે હરણ તથા પક્ષીઓને મારવાનું છોડી દીધું.

(૧૭) નાથુ ચપરાસીએ માછલી, હરણ તથા પક્ષી માત્રને કદાપિ ન મારવાના શપથ લીધા.

(૧૮) પરથાજી કંપાઉન્ડરે મદિરાપાન ન કરવાની તથા પંખીઓનું માંસ ભક્ષણ ન કરવાની સઘળાઓ સન્મુખ પ્રતિજ્ઞા કરી.

(૧૯) ગોપાલ હજૂરીએ આજથી હંમેશાં પાંચ માળા ફેરવવાનો નિશ્ચય કર્યો.

(૨૦) જસરાજ છડીદારે હરણ, માછલાં તથા માસર નામના પંખેરૂના વધનો ત્યાગ કર્યો, તથા પરમાત્માના નામની પાંચ માળા હંમેશાં ફેરવવાનો ઈરાદો જાહેર કર્યો.

(૨૧) ઓંકારજી હજૂરીએ સુવર, હરણ તથા મત્સ્યના માંસનો તથા ઉમરડા ફળ ખાવાનો સદંતર ત્યાગ કર્યો. તથા આજસુધી કરેલા પાપોના નિવારણાર્થે ઇશ્વર નિમિત્તે હંમેશાં પાંચ માળા ફેરવવાનો નિશ્ચય કર્યો.

(૨૨) રામકિશન હજૂરીએ સુવર, હરણ, માછલાં તથા પંખીઓના માંસ ભક્ષણનો ત્યાગ કર્યો.

(૨૩) તાણાવાળા ભાગીરથ હજૂરીએ જણાવ્યું કે આજથી હું કદાપિ પક્ષીઓ તથા માછલાંઓ મારીશ નહિ, અને ગાયો તરફ પત્થર ફેંકીશ નહિ.

મુનિશ્રી ત્યાંથી સ્વશિષ્ય મંડળ સહિત વિહાર કરી ઓહેડા પધાર્યા. પરંતુ ત્યાં સાધારણ રીતે મુનિશ્રીના જાણવામાં આવ્યું કે અહીંના રાવતજી (તેઓ ઉદયપુરના મહારાણાના બત્રીસ ઉમરાવોમાંના એક છે.) ને સાધુઓનાં વ્યાખ્યાન શ્રવણ કરવાની ખાસ ઇચ્છા નથી. વળી તેમના તરફથી મહારાજશ્રીને ખાસ સંદેશો પણ મળ્યો નહતો. જનતાના અધિપતિ તથા

એક બુદ્ધિમાન પુરૂષની સાધુઓના ઉપદેશ પ્રત્યે આટલી બધી ઉદાસીનતા જોઇ, મુનિશ્રીએ ત્યાંથી વિહાર કરી જવાનો નિશ્ચય કર્યો.

પ્રાતઃકાલે જ્યારે મુનિશ્રી તથા અન્ય શિષ્યગણ શૌચાદિ ક્રિયાઓ માટે જતા હતા, તે વખતે માર્ગમાં રાવતજીના જ્યેષ્ઠ પુત્ર અશ્વારૂઢ થઇ બાનસી રાવતજીને પોતાને ત્યાં આમંત્રવા જતા હતા, તેમણે દેખ્યા. મુનિશ્રીને પોતાની તરફ આવતા જોઇ રાજકુમાર તાકીદથી ઘોડાની પીઠ ઉપરથી નીચે કુદી પડયા અને મુનિશ્રીને વિજ્ઞપ્તિ કરી કે આપના અમૃતમય ઉપદેશોનું પાન કરવાની અમને તીવ્ર ઉત્કંઠા છે. પરંતુ હમણાં હું બાનસી રાવતજીને (તેઓ ઉદયપુરના મહારાણાના સોળ ઉમરાવોમાં એક છે) નિમંત્રણ કરવા જાઉં છું. આ સાંભળી મુનિશ્રીએ જણાવ્યું કે વારૂ. આપની ઇચ્છાનુસાર અમે આજ મધ્યાન્હ કાળે પ્રવચન કરીશું. આ સ્વીકૃતિ અનુસાર પૂર્વ નિયોજીત સ્થાને તથા સમયે મહારાજશ્રીએ ભાષણ કર્યું. શ્રીમાન્ રાવતજી સાહેબ નાહરસિંહજી તથા તેમના પુત્રરત્ન શ્રીમાન્ નારાયણસિંહજી બંને મહારાજશ્રીની સેવામાં ઉપસ્થિત થયા. બસ, તેમને એકજ પ્રવચન સંભળાવવાની જરૂર હતી. આ સાંભળતાં તેમનામાં એકાએક જાગૃતિ આવી અને પછી તો બંને પિતા પુત્રને મહારાજશ્રીનાં માર્મિક તથા ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવાની એવી તીવ્ર ઉત્કંઠા થઇ કે તેમણે અત્યંત આગ્રહપૂર્વક આજીજી કરી બે બીજાં વ્યાખ્યાન કરાવ્યાં. મહારાજશ્રીના આ અવર્ણ્ય ઉપકારના બદલામાં રાવતજીએ અભયદાનનો એક પટો મહારાજશ્રીનાં ચરણે ધર્યો. (પટાની વિગત માટે પરિશિષ્ટ પ્રકરણ ૧ લું જુઓ.)

ખોહેડાથી વિહાર કરી મહારાજશ્રી લૂણદે પધાર્યા. અહીંના રાવત જવાનસિંહજી (તેઓ ઉદયપુરના મહારાણાના બત્રીસ ઉમરાવોમાં એક છે.) તથા તેમના કુંવરસાહેબે સદ્‌ભાવના તથા શ્રદ્ધાપૂર્વક મુનિશ્રીનાં પ્રેરણાત્મક પ્રવચનો તથા અમૂલ્ય ઉપદેશો શ્રવણ કર્યાં. ઘણો ઉંડો વિચાર કર્યા પછી રાવતજીએ વિચાર કર્યો કે મુનિશ્રીની સત્સેવાના પ્રત્યુપકાર રૂપે સાંસારિક અન્ય પદાર્થનું સમર્પણ વ્યર્થ છે. કેમકે જે પદાર્થો તેમને ઉપયોગના નથી, તેનું સમર્પણ તેમને માટે અતિશય તુચ્છ છે. તેથી અભયદાનનો એક પટો ભેટ કર્યો. (પટાની વિગત પરિશિષ્ટ પ્રકરણ ૧લામાં જુઓ.)

અત્રેથી વિહાર કરી મુનિશ્રી કાનોડ પધાર્યા. ત્યાં તેઓશ્રીનું બજારમાં વ્યાખ્યાન થયું. ત્યાંના રાવત શ્રીમાન કેશરીસિંહજીએ (તેઓ ઉદયપુરના મહારાણાના સોળ ઉમરાવોમાં એક છે.) પણ વ્યાખ્યાન શ્રવણ કર્યું. પછીથી રાવતજીએ મહારાજશ્રીનાં ચરણારવિંદોમાં અભયદાનનો પટો ભેટ કર્યો, જે પરિશિષ્ટ પ્રકરણમાં આપવામાં આવ્યો છે.

ત્યાંથી વિહાર કરી આપણા ચરિત્રનાયક ડુંગરે થઇ ભિણ્ડર પધાર્યા. ત્યાંના મહારાજા સાહેબ ભૂપાલસિંહજીએ (તેઓ પણ મેવાડના મહારાણાના સોળ ઉમરાવોમાં એક છે.) મહારાજશ્રીનાં ત્રણે વ્યાખ્યાનો પૂરેપૂરાં સાંભળવાનો લાભ લીધો. આ સાંભળી તેમણે પોતાનો સત્પ્રેમ પ્રદર્શિત કરવાની વૃત્તિથી મહારાજશ્રીનાં ચરણોમાં અભયદાનનો પટો સમર્પણ કર્યો (પટાની વિગત માટે પરિશિષ્ટ પ્રકરણ ૧લું જુઓ) સાથે સાથે તેમના અન્ય સરદારો તથા પ્રજાજનોએ નિમ્ન લિખિત આદર્શ ત્યાગ કર્યા:—

(૧) કુંવર ફતેહસિંહજી ફોજદાર તથા કોટવાલ ભૈરવસિંહજી રજપૂતે આજીવન જીવહિંસાનો પરિત્યાગ કર્યો.

(૨) ગિરિધારીજી રજપૂતે મહારાજશ્રી સન્મુખ એકત્ર થએલી મેદની સમક્ષ જાહેર કર્યું કે આજથી હું કદાપિ માંસભક્ષણ કરીશ નહિ તથા કોઈપણ જાનવરની હત્યા કરીશ નહિ.

(૩) શકતાવત મોહનસિંહજીએ માદા જાનવરોની તથા માછલીઓની હિંસાનો ત્યાગ કર્યો.

(૪) રઘુનાથ મોચીએ જીવહિંસા ન કરવાની તથા માંસમદિરાનો ત્યાગ કરવાના સોગંદ લીધા.

(૫) ફૂલહજી ચાવડા રજપૂતે જીવહિંસા ન કરવાની તથા (૬) ગોદૂ હજૂરીએ માંસ ભક્ષણ ન કરવાની પ્રતિજ્ઞા કરી.

આજ અરસામાં બોહેડાના રાવતજીસાહેબનો એક પત્ર આવ્યો હતો, જેનો આશય આ હતોઃ—

॥ શ્રી ગોપાલજી ॥ ॥ શ્રી રામજી ॥

શ્રીમાન પૂજ્ય મહારાજશ્રી ચોથમલજીની સેવામાં,

સપ્રેમ દંડવત સાથે વિજ્ઞપ્તિ કે—

અત્ર કુશલ તત્રાસ્તુ. જત—આપના દર્શન કરવા તથા ઉપદેશ શ્રવણ કરવા ચોક્કસ આવવાનો હતો, પરંતુ બે ત્રણ દિવસથી મારી તબિયત નાદુરસ્ત રહે છે. તથા પગમાં વાળો નીકળવાનો હોય એવું દર્દ થાય છે. જેથી ઘોડાપર સ્વારી કરવાને અશક્ત છું. આપનો સદુપદેશ શ્રવણ કરવાની તથા દર્શન કરવાની હરેક વખતે અભિલાષા થાય છે, પરંતુ આ વખતે આપના ઉપદેશ શ્રવણ કરવાથી હું વંચિત રહીશ. એ

મારૂં પરમ દુર્ભાગ્ય માનું છું. તોપણ જો તબિયત સારી થઇ જશે અને આપ ત્યાં થોડા વિશેષ વખત નિવાસ કરવાના છો, એવા સમાચાર મળશે, તો તબિઅતમાં જરા પણ સુધારો થશે તો બનતા સુધી જરૂર આવી જઇશ. આપ જાતે બુદ્ધિ-શાળી છો. તેથી કૃપા કરી આપનો સદુપદેશ ત્યાં પણ સઘળાંને શ્રવણ કરાવશો. આ વખતે ત્યાં આપનો સદુપદે-શથી જે કંઇ જ્ઞાનપ્રાપ્તિ થશે, તેને માટે હું અંતઃકરણપૂર્વક આપને ધન્યવાદ આપીશ. આપની કૃપાદૃષ્ટિ છે, તેથી વિશેષ રાખશો. મારા યોગ્ય કામકાજ લખશો. એજ. સંવત ૧૯૮૨ના જેઠ વદ ૫, બુધવાર, તા૦ ૩૦મી જુન ૧૯૨૬.

લી૦

આપનો દર્શનાભિલાષી—

**નારાયણસિંહ.**

ઓહેડા (મેવાડ)

અહિંથી વિહાર કરી મહારાજશ્રી "બંબોરા" પધાર્યા. ત્યાંના રાવત સાહેબ શ્રીમાન મોડસિંહજીએ મહારાજશ્રીનાં બે વ્યાખ્યાન કરાવવામાં સંપૂર્ણ સાથ આપ્યો. તેઓ પણ મેવાડના મહારાણાના બત્રીસ ઉમરાવોમાં એક છે. મહા-રાજશ્રીનાં વ્યાખ્યાન સાંભળી તેમનું મન ખૂબ પ્રફુલ્લિત થયું, અને તેથી તેમણે પણ અભયદાનનો એક પટ્ટો મુનિશ્રીના ચરણારવિંદોમાં ભેટ ધર્યો. જેની વિગત પરિશિષ્ટ પ્રકરણમાં યોગ્ય સ્થાને આપવામાં આવી છે. મુનિશ્રી તરફના તેમના વિશુદ્ધ પ્રેમનું અવલોકન કરી અન્ય સરદારો તથા પ્રજાજનોએ નિમ્ન લિખિત ત્યાગ કર્યા:—

(૧) સોનગરા ખુમાનસિંગજીએ શરાબ પીવાનો ત્યાગ કર્યો, તથા વૈશાખ માસમાં શિકાર કરવાનું તથા માંસ ભક્ષણ કરવાનું છોડી દીધું. જીવનપર્યંત જળચર પ્રાણીઓનો શિકાર કરવાનો તથા તેમનું માંસ ભક્ષણ કરવાનો ત્યાગ કર્યો. તથા ખાજરૂ અને પાડાનો વધ કરવાનો પરિત્યાગ કર્યો.

(૨) કેસરીસિંહજી ચૌહાણે વૈશાખ માસમાં શિકાર કરવાનો તથા માંસ ભક્ષણ કરવાનો જીવનપર્યંત પક્ષીઓને તથા જળજંતુઓને મારવાનો તથા તેમનું માંસ ભક્ષણ કરવાનો તથા ખાજરૂ અને પાડાનો વધ ઇત્યાદિ હિંસાત્મક કર્મોનો ત્યાગ કર્યો.

(૩) નવલસિંહજી ચૌહાણે પક્ષીઓની તથા અન્ય જીવજંતુઓની હિંસા કરવાનો તથા તેમનું માંસ ભક્ષણ કરવાનો તથા હરણનો શિકાર કરવાનો અને તેના માંસ ભક્ષણનો સર્વથા પરિત્યાગ કર્યો.

(૪) ખુમાનસિંહજી રાજાવતે પક્ષીઓના શિકાર કરવાનું, માછલાંઓને મારવાનું, હરણોની હત્યા કરવાનું, તથા ખાજરૂ અને પાડાના પ્રાણ હરણ કરવાનું છોડી દીધું. સાથે સાથે આ સઘળાં પ્રાણીઓના માંસ ભક્ષણનો પણ પરીત્યાગ કર્યો.

(૫) ચૌહાણ માધોસિંહજીએ માછલાંઓને મારવા સિવાય નં. (૪) ની માફક ત્યાગ કર્યો.

(૬) ચૌહાણ માનસિંહજીએ સર્વ પ્રકારનાં જીવજંતુઓની રક્ષા કરવાનો દૃઢ સંકલ્પ કરી સોગન ખાધા, કે આજથી હુ કદાપિ કોઇપણ જળચર પ્રાણીની હત્યા કરીશ નહિ, અગર તો તેમનું માંસ ભક્ષણ કરીશ નહિ. તથા વૈશાખ માસમાં હરણનો શિકાર તથા તેનું માંસ ભક્ષણ કરીશ નહિ.

(૭) મોઢસિંહજી વીલને હરણોની હત્યા કરવાનું, તથા તેમનું માંસ ભક્ષણ કરવાનું તથા જળચર પ્રાણીઓની હિંસા તથા ભક્ષણ કરવાનું છોડી દીધું

(૮) પૃથ્વીસિંહજી રાણાવતે હરણોનો શિકાર કરવાનો તથા તેમનું માંસ ભક્ષણ કરવાનો ત્યાગ કર્યો.

(૯) ધાભાઈ ચતુર્ભુજજીએ કોઇપણ નિરાપરાધી પ્રાણીઓને વિના વાંકે ન મારવાના તથા કોઇપણ પ્રકારના શારીરિક સુખ માટે હત્યા ન કરવાના તથા તેમનું માંસ ભક્ષણ ન કરવાના શપથ લીધા. સાથે સાથે તે દિવસથી કોઈની પણ જૂઠી સાક્ષી ન પૂરવાની પ્રતિજ્ઞા કરી.

(૧૦) બારી ખૂમજીએ મૃગોને મારવાનો તથા તેમને ખાવાનો, તથા અન્ય જીવજંતુઓ જે નિરપરાધી હોય તેમની હત્યા કરવાનો તથા સાબર મારવાનો અને તેના માંસ ભક્ષણનો પરિત્યાગ કર્યો. એજ મુજબ ખાજરૂ તથા પાડાનો વધ કરવાની પ્રતિજ્ઞા કરી.

(૧૧) સવાર દોલતસિંહજીએ પક્ષીઓનો શિકાર કરવાનું તથા તેમનું માંસ ભક્ષણ કરવાનું, માછલીઓને મારવાનું તથા તેમને ખાવાનું, મૃગોને મારવાનું તથા ખાવાનું અને ખાજરૂ તથા પાડાનો વધ કરવાનું ત્યજી દીધું.

(૧૨) બારી હરનાથે પંખેરૂ. મૃગો, તથા બકરાઓનો વધ કરવાનો તથા તેમનાં માંસ ભક્ષણનો ત્યાગ કર્યો.

(૧૩) રૂગા હજૂરીએ માદાઓને તથા હરણોને ન મારવાના તથા તેમનું માંસ ભક્ષણ ન કરવાના સોગન લીધા.

(૧૪) કિશોર હજૂરીએ કોઇ પણ પ્રાણીનો વધ ન કરવાના કસમ ખાધા.

(૧૫) કાલૂ હજૂરીએ માછલીઓને મારવાનું તથા તેમને ખાવાનું છોડી દીધું. આ ઉપરાંત બકરાનો વધ ન કરવાના સોગંદ ખાધા.

(૧૬) ચોહાણ ગુલાબસિંહજીએ વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ મહારાજશ્રી સમક્ષ જાહેર કર્યું કે આજથી હું જીવનપર્યંત ઘેટાં, બકરાં તથા હરણની હિંસા કરીશ નહિ, તથા તેમનું માંસ ભક્ષણ કરીશ નહિ.

(૧૭) શંકરલાલ હજૂરીએ મૃગવધ તથા ભક્ષણનો તથા માદા જાનવરોના પ્રાણ હરણ કરવાનો ત્યાગ કર્યો.

આ પ્રમાણે ઉપર જણાવેલા મહાશયો જેમાં સરદારો પણ છે તેમણે પોતાની રાજીખુશીથી પ્રતિજ્ઞાઓ લીધી. તથા તે સઘળાની પ્રતિજ્ઞાઓની એક લેખિત યાદી મહારાજશ્રીને ભેટ કરી. જે યાદીપત્ર ઉપર હીરાલાલે દસ્કત કર્યા હતા. તથા અંતમાં તેમાં લખવામાં આવ્યું કે ઉપર દર્શાવેલી સઘળી વિગતો સઘળાની રાજીખુશીથી તથા તેમના કહેવાથી મેં મારા હસ્તાક્ષરમાં લખી છે. મિતિ વિક્રમ સંવત ૧૯૮૨ના જેઠ વદ ૧૦.

આ પ્રમાણે મહારાજશ્રી પોતાના ત્યાગ તથા તપસ્યાની સોળે આના શક્તિથી પ્રાણીઓના હિત તથા રક્ષણ માટે માનુષિક ઉપચારો આદરી પ્રચારી તથા પ્રસારી બમ્બોરાથી વિહાર કરી કુરાવણ પધાર્યા.

અહીં કુરાવણમાં રાવતજી સાહેબ શ્રીમાન્ બલવંત-

સિંહજી સાહેબે મહારાજશ્રીનાં બે વ્યાખ્યાન શ્રવણ કરવાનો સુઅવસર પ્રાપ્ત કર્યો. એટલુંજ નહિ પરંતુ દર્શનાર્થે આવેલા ભાવિક ભકતો તથા સમસ્ત શ્રાવકોને, રાવતજી સાહેબ તરફથી શ્રદ્ધા-પૂર્વક ભોજનનો પણ યોગ્ય એટલે કે દેશ-કાળ તથા પાત્રને છાજે તે મુજબનો પ્રબંધ કરવામાં આવ્યો. મહારાજશ્રીના સત્સંગથી તથા સદુપદેશ સાંભળી પોતાને કૃતકૃત્ય માની રાવતજીએ મહારાજશ્રીના ચરણમાં અભયદાનનો એક પટો સમર્પણ કર્યો. (પટાની વિગત પરિશિષ્ટ પ્રકરણ ૧લામાં જુઓ.) શ્રીમાન રાવતજી પણ હિંદુ-કુલ સૂર્ય, આર્યવંશના મનોહર વિજયધ્વજ, શ્રીમાન્ મહારાણા મેવાડાધિપતિના સોળ ઉમરાવોમાં એક છે. "**महाजनो येन गतः स पन्थः** એ ઉક્તિ અનુસાર અન્ય ભકતો તથા સરદારોએ પણ રાવતજીનાં સત્કાર્યોનું અવલોકન કરી નિમ્નલિખિત યાદી મુજબ ત્યાગ તથા પ્રતિજ્ઞાઓ કરીઃ—

જૈન સંપ્રદાયના મુનિ મહારાજ શ્રીચોથમલજી મહારાજનું વ્યાખ્યાન કુરાવણના મહેલોમાં થયું, તે પ્રસંગે નીચે દર્શાવેલા અમલદારો તથા જાગીરદારો તથા હજૂરીઆઓ વિગેરેએ પ્રતિજ્ઞાઓ લીધી તથા ત્યાગ કર્યાઃ—

(૧) ઠાકુર જસવંતસિંહજી સાહેબે આજથી સઘળાં નિરપરાધી તથા મૂંગાં પ્રાણીઓને અભયદાન દેવાનાં સોગંદ ખાધા.

(૨) રામસિંહજી રાણાવતે પ્રતિજ્ઞા કરી કે આજથી હું શેર અને સુવર સિવાય કોઇપણ જંગલી પશુનો કદાપિ વધ કરીશ નહિ તથા સાબર હરણ અને માછલાંઓની હત્યા તથા ભક્ષણ કરીશ નહિ.

(૩) જોધસિંહજી ભીલને સાબરનો શિકાર કરવાનું તથા તેનું માંસ ભક્ષણ કરવાનું છોડી દીધું.

(૪) રૂપલાલજી પંચોલીએ (૫) તથા સૂરજમલજી ભીલને પ્રતિજ્ઞા કરી કે અમે અમારા પોતાને માટે ન તો કદાપિ હિંસા કરીશું અથવા અન્ય પાસે કરાવીશું.

(૬) ભૈરોંસિંહજી ચુડાવતે હરણોનો શિકાર કરવાનું તથા તેમનું માંસ ભક્ષણ કરવાનું છોડી દીધું.

(૭) રૂપસિંહજી ચુડાવતે મદિરાપાન કરવાનો ત્યાગ કર્યો.

(૮) મુરલીદાસજી પ્રેમીએ પ્રતિજ્ઞા કરી કે હું દરવર્ષે એક બકરાને જીવતદાન અપાવીશ.

(૯) ધાભાઇ ઓંકારજીએ પ્રતિજ્ઞા લીધી કે આજથી હું શેર તથા સુવર સિવાય અન્ય જંગલી પશુઓનો વિના-કારણ અગર ઇન્દ્રિય સુખોપભોગ માટે કદાપિ વધ કરીશ નહિ. તથા સાબર, હરણ અને માછલાંનું માંસ ભક્ષણ કરીશ નહિ.

(૧૦) ધાભાઇ ગોવિંદરામજીએ સોગંદ ખાધા કે આજથી હું કોઈપણ જીવની હિંસા કરીશ નહિ.

(૧૧) રતનસિંહજી જાનાડે મૃગ તથા માછલાંને માર-વાનો તથા તેમનું માંસ ભક્ષણ કરવાનો સંપૂર્ણ ત્યાગ કર્યો.

(૧૨–૧૩) શત્રુસિંહજી તથા વસંતસિંહજી સકરવાલે હરણ તથા સાબરને ન મારવાની તથા તેમનું માંસ ભક્ષણ ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

(૧૪) જાલિમસિંહજી રાણાવતે યાવજ્જીવન મદિરાપાન કરવાનો તથા પ્રાણિમાત્રનો વધ કરવાનો ત્યાગ કરવાના કસમ ખાધા.

(૧૫) ગુલાબસિંહજી ચુડાવતે જાહેર કર્યું કે વનવાસી હિંસક પ્રાણીઓ જેવાં કે સુવર, રીંછ, ચિત્તા વિગેરે તથા ઝેરી જંતુઓ જેવાં કે સાપ, વિંછી, ઇત્યાદિ સિવાયનાં કોઇ પણ પ્રાણીઓને કદાપિ સતાવીશ નહિ અગર હત્યા કરીશ નહિ. તથા યાવજ્જીવન મદિરાપાન અને માંસ ભક્ષણ કરીશ નહિ.

(૧૬) રાવસાહેબ હનુમંતસિંહજીએ જીવહિંસા તથા મદિરાપાન તથા માંસ ભક્ષણનો ત્યાગ કર્યો.

(૧૭) ગરવરજી ખરવડે કદાપિ કોઇ પણ નિરપરાધી પશુ ઉપર શસ્ત્ર ન ચલાવવાના શપથ લીધા.

(૧૮) તખ્તસિંહજી ચૂડાવતે, તીતર, લવા (એક જાતનું પક્ષી) તથા હરણની હત્યા ન કરવાના સોગંદ ખાધા.

(૧૯) ધાબાઈ પ્રતાપજીએ હરણ, માછલી તથા બકરાનો સંહાર ન કરવાની પ્રતિજ્ઞા કરી.

(૨૦) અર્જુનસિંહજી રાણાવતે પ્રતિજ્ઞા કરી કે આજથી હું કોઇ પણ જીવની હિંસા કરીશ નહિ, તથા માછલી અને ઇંડાંનો ખોરાક તરીકે ઉપયોગ કરીશ નહિ.

(૨૧) કિશનસિંહજી ચાવડાએ જાહેર કર્યું કે આજથી હું કદાપિ હરણ, સાબર તથા અન્ય કોઇ પણ માદા પશુનો શિકાર કરીશ નહિ.

(૨૨) કુરજી સકરવાળે હરણ, સાબર, તથા પંખેરૂઓની હત્યા ન કરવાનું પ્રણ લીધું.

(૨૩) હજૂરી હરિરામજીએ હિંસા માત્ર ન કરવાની પ્રતિજ્ઞા લીધી. તથા મરઘાં, હરણ તથા તીતરને ના માર-

વાનો તથા તેમનું માંસ ભક્ષણ ના કરવાનો પોતાનો મન-સુબો મહારાજશ્રી સમક્ષ પ્રગટ કર્યો.

(૨૪) હજૂરી મોડાએ કહ્યું કે હું સુવર, હરણ, તથા માછલાંને કદાપિ મારીશ નહિ. તેમજ તેમના માંસનું કદાપિ ભક્ષણ કરીશ નહિ.

(૨૫) છડીદાર શ્રીબખ્શે જળચર જીવો તથા ગગન વિહારી પંખેરૂના વધનો સદંતર ત્યાગ કર્યો.

(૨૬) છડીદાર ભૈરાએ કહ્યું કે શેર તથા સુવર સિવાય કોઇ પણ નિરપરાધી પ્રાણીનું કદાપિ પ્રાણ હરણ કરીશ નહિ. તથા જન્મપર્યંત મદિરાપાન તથા માંસનું સેવન કરીશ નહિ.

(૨૭) ગેમા મસાનીએ મહિનામાં માત્ર આઠ દિવસ સિવાયના કોઇ પણ બીજા દિવસે મદિરા તથા માંસનું ગ્રહણ ન કરવાના સોગન લીધા.

(૨૮) ચતુર્ભુજ બારીએ માછલા ખાવાનો ત્યાગ કર્યો. તથા અન્ય કોઈ પણ પશુપક્ષીને ન મારવાના સોગંદ ખાધા.

(૨૯) હજૂરી મહાદેવે સુવર, બકરા તથા સસલા સિવાય અન્ય સર્વે જંગલી પશુઓનો વધ ન કરવાનું નિશ્ચયાત્મક પણ લીધું.

આ પ્રમાણે ઉપરોક્ત પ્રકારના ત્યાગ તથા જીવો પ્રત્યે ઉપકારનાં અનેક કૃત્યો કરતાં કરાવતાં મુનિરાજે અહીંથી વિહાર કર્યો.

અહીંથી મુનિશ્રીએ પોતાનાં પનોતાં પગલાં “બાઠરડા”માં કર્યાં. જ્યાં રાવતજી સાહેબ શ્રીમાન દલીપસિંહજીને તેઓ-

શ્રીના બે વ્યાખ્યાન સપ્રેમ શ્રવણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. (રાવતજી મેવાડાધિપતિના બત્રીસ ઉમરાવોમાંના એક છે.) મુનિરાજનાં ઓજસ્વી વ્યાખ્યાનો સાંભળી રાવતજીના હૃદયમાં દયાનો એક અદ્ભુત પ્રવાહ વહેવા લાગ્યો. જેના પ્રત્યક્ષ પ્રમાણ રૂપે તેમણે મહારાજશ્રીના ચરણમાં અભયદાનનો એક પટો સમર્પણ કર્યો. આ પટાની વિગત પરિશિષ્ટ પ્રકરણ ૧લામાં આપવામાં આવી છે.

ત્યારબાદ ત્યાંથી વિહાર કરી મહારાજશ્રી દરોલી, ડબ્બક થઈ જેઠ વદ ૫ ને દિવસે આહિડ પધાર્યા. તેજ દિવસે ઉદયપુરમાં જાહેરનામા* નંબર ૫૪૩ અનુસાર પ્રજાવત્સલ, હિંદુ ધર્મ સંરક્ષક શ્રી મહારાણાજી સાહેબ તથા શ્રીમન્ત શ્રીકુંવરજી બાપજીરાજ તરફથી જાહેર કરવામાં આવ્યું કે "કાલે ચૌથમલજી મહારાજ પધારેગા, સો અગતો રાખજો. નહિ રાખોગા તો સરકારકા કસુરવાર હોવોગા." આ પ્રમાણે જાહેર થતાં લોકોએ પાખી પાળી, તથા તેજ જાહેરનામા દ્વારા જનતાને મુનિશ્રીના શુભાગમનના સમાચાર મળ્યા.

સમાચાર મળતાંજ લોકોના હૃદયમાં એકાએક નવીન જાગ્રતિનો સંચાર થયો, તથા તેમનાં અંતઃકરણ અવર્ણનીય અપાર આનંદ સાગરનાં ગંભીર તરંગોથી તરંગિત થવા લાગ્યાં. મુનિશ્રીના કલ્યાણકારી મહાન ઉપદેશોના ભાવિ આનંદનો અનુભવ કરવાની અભિલાષાથી અષાડ સુદ ૬ ને શુભ દિને તેમનું સ્વાગત કરવાને સહસ્રો નરનારીઓ એકત્ર થયાં હતાં. વીરજયની ચાલુ ઘોષણાઓ સાથે મુનિશ્રીને લઈ આવી, મોતી-

*૭મી જુઓ.

ચોક બજારમાં ટાવર પાસે બનેડા રાજાજી સાહેબ શ્રીમાન્ અમરસિંહજી મહોદય જેઓ શ્રીમંત મહારાણા સાહેબના ભાયાતોમાંના એક છે, તેમની હવેલીમાં બાર સાધુઓ સહિત પદાર્પણ કરાવવામાં આવ્યું.

અષાડ સુદ ૭ના પ્રાતઃકાળથી મુનિશ્રીએ વ્યાખ્યાનનો પ્રારંભ કર્યો. શરૂઆતમાં સુખ વિપાકજી સૂત્ર શ્રીમુખે કહેવામાં આવ્યું ત્યારબાદ તેમાંના એક ગહન વિષયને એક ગંભીર વ્યાખ્યાન દ્વારા શ્રોતાઓને અતિ સરળ રીતે સમજાવવામાં આવ્યો. જો તે સઘળા સંભાષણોનો સંગ્રહ કરવામાં આવે તો એક અત્યંત ઉપયોગી મહાન ગ્રન્થ તૈયાર થઇ શકે. પરંતુ એ સઘળાં ભાષણોનો સારાંશ આ પુસ્તકમાં ન આપતાં માત્ર ચાતુર્માસમાંજ જે જે મુખ્ય ઉપયોગી ઘટનાઓ બની છે, તેનુંજ પાઠકોને દિગ્દર્શન કરાવવું યથેષ્ટ લાગે છે.

શહેરમાં જાહેર ખબર દ્વારા ખબર આપવાની કંઇ આવશ્યકતા પણનહતી. કેમકે પહેલાં ડાંડી પીટાવી સમાચાર પહોંચાડવામાં આવ્યા હતા, તેથી દિન પ્રતિદિન શ્રોતાઓની સંખ્યામાં વૃદ્ધિ થતી ચાલી. વિશાળ ભવન હોવા છતાં પણ લોકોને બેસવાની જગ્યા મળતી નહિ. કેટલીક વાર તો અત્યંત ભીડ થઇ પડતાં કેટલાક શ્રોતાઓને તો ઉપદેશ શ્રવણ કર્યા સિવાય હતાશ થઇ પાછા ફરવું પડતું. વ્યાખ્યાન શ્રવણ કરવાને કેટલાક રાજ્ય કાર્યભારીઓ પણ હાજર થતા.

અષાડ સુદ ૧૨ ને દિવસે પારસોલીથી શ્રીમાન્ રાવતજી* સાહેબનો આવેલો પત્ર આ મુજબ છે.

* હિન્દુકુલસૂર્ય શ્રીમંત શ્રી મહારાણા સાહેબના સોળ ઉમરાવોમાંના તેઓ એક ઉમરાવ છે.

॥ શ્રી ॥

પત્ર નં. ૪૨ મળ્યો. તેની વિગત વાંચતાં એમ માલૂમ પડયું છે કે શ્રીમાન મુનિ મહારાજશ્રી ૧૦૦૮ શ્રી ચૌથમલજી સાહેબ અષાડ સુદ ૬ને દિવસે ચાતુર્માસ કરવા ઉદયપુરમાં પધાર્યા છે, તેથી અત્યંત આનંદ થયો છે. જેમનાં–પૂર્વ જન્મનાં પુણ્યોનો ઉદય થયો હોય એવા મનુષ્યોને આવા મુનિઓના શુભાગમન તથા તેમનાં દર્શન તથા ધર્મોપદેશોનો લાભ મળે છે. કિં બહુના? આવો અવસર પ્રાપ્ત થવા માટે શહેરનું અહોભાગ્ય માનવું જોઇએ. અત્રે પધારવાનું ન થયું, તેથી દિલગીર છીએ પણ ઉપાય શો? જ્યારે કોઈ પૂર્વ પુણ્યોનો પ્રભાવ પડે છે, ત્યારે આવા મુનિઓના દર્શન તથા સંભાષણનો લાભ મળે છે અને અમે એ લાભ નથી મેળવી શકયા, એ અમારા નગરનું દુર્ભાગ્ય છે. મુનિ મહારાજ અમને યાદ કરે છે, તે માત્ર તેમની કૃપા છે. હું ભાદ્રપદના કૃષ્ણપક્ષ સુધીમાં ઉદયપુર આવી પહોંચીશ.

શ્રીમાન શ્રી શ્રી૧૦૦૮શ્રીમુનિ મહારાજની સેવામાં વંદન હજો.

(દ.) લાલસિંહ, મુ. પારસોલી.

આષાડ સુદ ૧૪ થી "ભગવતીજી સૂત્ર" તથા સાથે સાથે સ્વરચિત "ધનચરિત્ર" નાના પ્રકારના ઉપદેશો સાથે સંકળાવીને સરળતાથી સમજાવવાનું શરૂ કર્યું. શ્રોતાઓ આ સાંભળીને ચકિત થતા અને પોતાનાં પૂર્વકૃત દુરાચરણો માટે પશ્ચાત્તાપ પ્રગટ કરી, ભવિષ્યનાં આવાં પાપચરણોથી વિમુખ થતા હતા.

મહારાજશ્રીની સેવામાં અષાડ સુદ ૧૪ થી શાસ્ત્ર વિશારદ શ્રી મજ્જૈનાચાર્ય પૂજ્યવર શ્રી મુન્નાલાલજી મહારાજના

સુશિષ્ય શ્રી મોતીલાલજી મહારાજે તેત્રીસ દિવસની તથા વયોવૃદ્ધ પંડિતરત્ન શ્રી નંદલાલજી મહારાજના સુશિષ્ય શ્રી છોટુલાલજી મહારાજે ચોપન દિવસની તપસ્યાનો* પ્રારંભ કર્યો.

શ્રાવણ સુદ ૧ ને દિને અજમેરથી યૂરોપિયન ભકતનો પત્ર મહારાજશ્રીની સેવામાં આવ્યો. તે નીચે મુજબ છે—

Durgah House, AJMER.
8th Sept. 1926.

Dear Svami Chothmal Maharajji,

We were very pleased to hear you are at dear old Udaipur and respectfully convey our Salaams and remembrances. We trust you and all your disciples are well and carrying on your noble work and preaching of love and kindness to all life. We often remember you and still hope, we may meet again.

We have had good rain since the last week in August.

May you be long spared to be a blessing to many our many many Salaams Maharajji to you and to all the Swamijis.

Yours Devotedly,
(Sd.) F. G. TAYLOR.

---

* ગરમ પાણી સિવાય કંઇ પણ ખાવું પીવું નહિ તેને તપસ્યા કહે છે.

ઉપરોકત અંગ્રેજી પત્રનો સારાંશ નીચે પ્રમાણે છેઃ—

દરગાહ ભવન, અજમેર,
તા૦ ૮ સપ્ટેમ્બર ૧૯૨૬.

પ્રિય સ્વામી ચૌથમલજી મહારાજજી,

આપ પ્યારા પુરાણા ઉદયપુરમાં બિરાજો છો એ જાણી અમને અત્યંત ખુશાલી ઉપજી છે; આપને અમારી સાદર સલામ પાઠવીએ છીએ, અને આપને યાદ કરીએ છીએ. અમને વિશ્વાસ છે કે આપ અને આપના બધા શિષ્યો કુશળ હશો અને સમગ્ર જીવનમાં પ્રેમ તથા દયાનો પ્રચાર કરવાનું આપનું ઉમદા કાર્ય સંપૂર્ણપણે આગળ ધપાવી રહ્યા હશો. અમે આપને વારંવાર યાદ કરીએ છીએ, અને આપનો પુનઃ મેળાપ કરવાની અભિલાષા સેવીએ છીએ.

ઑાગસ્ટના આખરી અઠવાડીઆથી અહીં મેઘરાજાની મહેર છે. અનેક માનવીઓના કલ્યાણાર્થે આપને પરમકૃપાળુ દીર્ઘાયુ બક્ષો. આપને તથા અન્ય મુનિમહારાજોને સલામ.

આપનો પ્રેમાળ,
(સહી) એફ. જી. ટેલર.

શ્રાવણ સુદ ૩ની સંધ્યાકાળે ચોગાનમાં યુરોપિયન સી. જી. એસ. ચેનેવિકસ ટ્રેન્ચ, આઇ. સી. એસ., સેટલમેન્ટ ઑફીસર તથા રેવન્યુ કમિશ્નર સાહેબે મુનિશ્રીને પ્રણામ કરી કહ્યું, “હે મહારાજ! શું વ્યાખ્યાન આપો છો?” પ્રત્યુત્તરમાં મુનિશ્રીએ કહ્યું, “હા, વ્યાખ્યાન હંમેશાં આપીએ છીએ.” ત્યારપછી સાહેબે કહ્યું, “મારો નોકર ભારે બદમાશ, અને કુટેવોવાળો હતો તે સુધરી ગયો અને કુટેવોને

છોડી દીધી.” આનો સ્પષ્ટ અર્થ આ છે. “મારો નોકર આપનું વ્યાખ્યાન શ્રવણ કરે છે, અને તેને પરિણામે તેની ઘણીખરી બુરી આદતો છુટી ગઈ છે.”

શ્રાવણ વદ દ્વિતીયાને દિવસે શ્રી મોતીલાલજી મહારાજની ૩૩ દિવસની તપસ્યાની પૂર્ણાહુતિ હતી. તે દિવસ દયા, પૌષધ, ત્યાગ વિગેરે પુષ્કળ થયાં. વળી સારાંયે નગરમાં હિન્દુકુલસૂર્ય પ્રજાવત્સલ દયાળુ શ્રીમન્ત શ્રી મહારાણાજી સાહેબ તથા સ્વનામ ધન્ય શ્રીમન્ત બાપજીરાજજી સાહેબ તરફથી ડાંડી પીટાવી અગતા (પાખી) પલાવવામાં આવ્યું. જે દિવસે પારણાં કર્યાં, તે દિવસે પણ કેટલાક ત્યાગ થયા. પ્રજા તરફથી લગભગ ૪૫૦ બકરાંઓને અભયદાન અપાવવાનું વચન મળ્યું, તથા લગભગ ૩૫૦ નિરાધારોને મિષ્ટાન્ન જમાડવામાં આવ્યું.

શ્રાવણ વદ ૧૨ થી પર્યુષણ પર્વનો પ્રારંભ થયો. એ પર્વાધિરાજના દિવસોમાં અનેક તપસ્યાઓ થઇ તથા દયા અને પૌષધ પાળવામાં આવ્યા. જૈનેતરોમાં પણ પુષ્કળ ત્યાગ થયો.

ભાદ્રપદ સુદ પંચમીને દિવસે સંવત્સરી ઉજવવામાં આવી. તે દિવસનું દૃશ્ય અલૌકિક હતું. જેમણે પોતાના જીવનમાં કદાપિ ઉપવાસ કર્યા ન હતા તથા ઉપવાસ કરવા જેમને માટે અત્યંત મુશ્કેલ હતા, એવા મોટા મોટા રાજ્યકાર્યભારીઓએ તે દિવસે ઉપવાસ કર્યો. ઓસવાળ તથા પોરવાડ બંધુઓના સંવત્સરીના એકત્ર ૧૮૫ પૌષા થયા હતા. લગભગ ૧૦ પૌષા કરનારા અન્ય ગામોના વતની હતા.

એક દિવસ ભગવાનપુરાના રાવતજી સાહેબ શ્રીમાન સુજાનસિંહજી મુનિશ્રીના દર્શનાર્થે પધાર્યા.

ભાદ્રપદ સુદ અષ્ટમીને દિવસે શ્રીમાન છોટુલાલજી મહારાજની ૫૪ દિવસની તપસ્યાની પૂર્ણાહુતિ હતી. તે દિવસે પણ દયા, પૌષધ તથા ત્યાગ પુષ્કળ થયાં.

અન્ય નગરો અને ગ્રામોમાં આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવી હતી. શહેરમાં પણ વિજ્ઞાપનો વહેંચવામાં આવ્યાં હતાં. મોટા મોટા જાગીરદારો તથા કારભારીઓ ઉપર ઉત્તમ આર્ટ પેપર છપાવેલી આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી હતી. આ પ્રમાણે પુષ્કળ જાહેરાત થઈ હોવાથી બહારગામના લગભગ ૧૨૦૦ મનુષ્યો આવ્યાં હતાં. વળી શહેરના પણ લગભગ સાડાત્રણ હજાર માણસો આ તપોત્સવમાં એકત્ર થયા હતા. જબરજસ્ત જનમેદની થઈ જવાથી, તેના બે વિભાગ પાડી વ્યાખ્યાન બે ઠેકાણે અલગ અલગ આપવામાં આવ્યું.

ભાદ્રપદ સુદ ૯ ને રોજ હિંદુકુલ સૂર્ય પ્રજાવત્સલ, દયાળુ, શ્રીમંત શ્રી મહારાણા સાહેબ તથા સ્વનામ ધન્ય દયાળુ શ્રીમંત બાપજીરાજ તરફથી ડાંડી પીટાવી સારાયે નગરમાં પાખી પલાવવામાં આવી. એ દિવસે આઠ વાગ્યા સુધી વ્યાખ્યાન વંચાયું. ત્યારબાદ તપસ્વીજીનાં પારણાં માટે ભિક્ષા લેવા મુનિશ્રી ચૌથમલજી મહારાજ તથા તપસ્વીજી તથા અન્ય મુનિવરો સ્વ-નિવાસ સ્થાનેથી બહાર પધારતા હતા. એટલામાંજ શ્રીમન્ત શ્રી મહારાણા સાહેબ તરફથી શાહજી રતનસિંહજી તથા યશવંતસિંહે મુનિશ્રીની પાસે આવી કહ્યું કે "આપ ગૌચરી માટે રાજમહેલમાં પધારો. ત્યાં શ્રી મહારાણા સાહેબ આપની રાહ જુએ છે. આ "સાંભળી મુનિશ્રીએ વિચાર કર્યો કે અન્તકૃતસૂત્રમાં શ્રીકૃષ્ણચંદ્ર

મહારાજના સમયમાં જેમ સાધુઓ રાજમહેલોમાં ગોચરી માટે પધારતા હતા, તેજ મુજબ તે સમયનો અભ્યાસ કરી મહારાણા સાહેબે પણ આપણા ઉપર સંદેશો મોકલ્યો છે. તેમાં કાંઇ હરકત નથી. માટે જવું જોઇએ આમ વિચારી મુનિશ્રી પોતાની સાથે તપસ્વીજી તથા અન્ય મુનિઓને લઇ રાજમહેલમાં ગોચરી માટે પધાર્યા. તેમની સાથે તે વખતે લગભગ ૪૦૦ માણસો હતાં. મુનિશ્રી અન્ય મુનિગણ સાથે "શિવ–નિવાસ" મહેલમાં પધાર્યા. ત્યાં શ્રી મહારાણા સાહેબે જાતે મુનિશ્રીનું યથોચિત સ્વાગત કર્યું, તથા તેમણે સ્વહસ્તે પ્રથમ થોડી કસ્તૂરી* વહોરાવી. ત્યાર પછી થોડું ગરમ દુધ (જે શ્રી મહારાણા સાહેબની ચામાં રેડવામાં વાપરવામાં આવે છે, તેમાંથી રાખવામાં આવ્યું હતું.). અને પછી શ્રી એકલિંગજીના મહાપ્રસાદમાંથી થોડો પ્રસાદ વહોરાવ્યો. (જે શ્રી મહારાણા સાહેબને આરોગવા માટે હંમેશાં પ્રાતઃકાળે આવે છે.) પછીથી થોડાં લવિંગ વહોરાવ્યાં. આ સઘળી વસ્તુઓ "પાણેરે" નામના સ્થાનમાં રાખવામાં આવે છે. આ સિવાય બીજા પદાર્થો પણ રાખવામાં આવે છે.

પાઠકો આ ઉપરથી એમ તો નહિજ સમજે કે મહારાણા સાહેબે મહારાજશ્રીને થોડું વહોરાવ્યું, પરંતુ મુનિશ્રીએ પોતાની મરજીથી થોડું વહોર્યું.

મહારાજશ્રીને આ પ્રમાણે ભિક્ષા વહોરાવી મહારાણા સાહેબે અત્યંત પ્રસન્નતા પ્રગટ કરી અને એક વખત

---

* રાજ્ય કારભારીઓ દ્વારા જાણવામાં આવ્યું છે કે કસ્તુરીનું પરિમાણ ૪ રતી હતું.

ફરીથી ઉપદેશ શ્રવણ કરવાની અભિલાષા રજૂ કરતાં કહ્યું, એક દિવસ ફરીથી પણ આપને તકલીફ આપવી પડશે.” એટલે કે એક દિવસ ફરીથી અહીં પધારજો.

તે દિવસે લોકો તરફથી લગભગ ૭૦૦ બકરાને અભયદાન અપાવવાનું વચન મળ્યું તથા અનેક નિરાધારોને મિષ્ટાન્ન જમાડવામાં આવ્યું. આશ્રમ અનાથાલયમાંથી અનાથ બાળકો આવ્યાં હતાં, તેમને મદદ તરીકે રૂા. ૨૭૦, આપવામાં આવ્યા. બીજી પણ કેટલીક સહાયતા થાત, પરંતુ તેઓ બીજે ઠેકાણે તપોત્સવ થવાનો હોવાથી જલદીથી ચાલ્યા ગયા.

એક દિવસ બનેડા રાજાજી સાહેબના પાટવીકુંવર શ્રીમાન પ્રતાપસિંહજી તથા કરજાલી મહારાજ શ્રીમાન લક્ષ્મણસિંહજીના કુંવર શ્રી જગતસિંહજી મહારાજશ્રીનાં દર્શનાર્થે પધાર્યા અને કેટલોક સમય ધાર્મિક બાબતો ઉપર વાર્તાલાપ કર્યો.

એક દિવસ કરજાલી મહારાજ શ્રીમાન શ્રીચતરસિંહજી જેઓ શ્રીમંત મહારાણા સાહેબના ભત્રીજા છે, તેઓ તથા શ્રી લક્ષ્મણસિંહજીના પુત્રરત્ન શ્રીમાન જગતસિંહજી તથા અભયસિંહજી મહારાજશ્રીનાં દર્શનાર્થે પધાર્યા. તેઓએ ઘણા લાંબા સમય સુધી તાત્ત્વિક વિષયો ઉપર ચર્ચા કરી. આ ચર્ચાથી તે મહાનુભાવોનાં ચિત્ત અતિશય પ્રસન્ન થયાં.

આશ્વિન સુદ ૭ને દિવસે યૂરોપિયન સી. જી. એસ. ચેન વિકસ ટ્રેન્ચ સાહેબ આઇ. સી. એસ. સેટલમેંટ ઑફીસર અને રેવન્યુ કમિશ્નર સાહેબનો આ પ્રમાણે પત્ર આવ્યો.

Udaipur, 12-10-1926

I have heard much good of Chothmalji Maharaj and believe him to be an influence for good lectures wherever he goes. His preachings seem to exercise much impression on young and old. I trust he will long be spared to carry on his beneficient work.

(Sd.) C. G. Chenwiks Trench,
I. C. S.
Settlement Officer and Revenue Commissioner,
Mewar.

આ પત્રનો ભાવાર્થ આ રહ્યો:—

ઉદયપુર
તા૦ ૧૨-૧૦-૧૯૨૬.

મેં ચોથમલજી મહારાજની અત્યંત તારીફ સાંભળી છે, અને માનું છું કે કલ્યાણકારી કાર્યો માટે તે ભારે પ્રભાવશાળી છે. વળી જ્યાં જ્યાં તે પદાર્પણ કરે છે, ત્યાં વ્યાખ્યાન કરે છે. આબાલવૃદ્ધો ઉપર તેમના ઉપદેશની ઉમદા અસર થાય છે. તેમનું પરોપકારી કાર્ય આગળ ધપાવવા તેઓ દીર્ઘાયુષી થશે, એવો મને વિશ્વાસ છે.

(સહી) સી. જી. ચેનવિક્સ ટ્રેંચ.
આઇ. સી. એસ.,
સેટલમેંટ ઓફીસર અને રેવન્યુ કમિશ્નર મેવાડ.

આશ્વિન સુદ ૭ ને દિવસે મહારાજશ્રી ગણેશઘાટી પર ગોચરીના ઉદ્દેશથી ગયા હતા. તે વખતે શ્રીમાન હરિસિંહજીએ પોતાનું ઘર પાવન કરવાની વિજ્ઞપ્તિ કરી. તેનો સ્વીકાર કરી તેમની હવેલીમાં ગયા. ત્યાં કોઈની મારફતે માલૂમ પડયું કે બીજે દિવસે ત્યાં બકરાનો વધ થવાનો હતો (જે દર વર્ષે વિજ્યાદશમી-દશેરા નિમિત્તે વધ કરવામાં આવે છે.) આ જાણી મુનિશ્રીએ શ્રી હરિસિંહજીને કહ્યું, "જ્યારે હું અત્રે આવ્યો છું, ત્યારે મને તમારાથી ભેટ રૂપે કંઈક મળવું જોઈએ. એ ભેટ રૂપે કાલે જે બકરાનો વધ થવાનો છે તે ન થાય અને ભાવિ વર્ષોમાં પણ ન થાય એટલું હું માગું છું." બસ, મુનિશ્રીએ આટલું કહ્યું કે તરતજ હરિસિંહજીએ પ્રતિજ્ઞા કરી કે હવે પછી દર વર્ષે બકરાને મારીશ નહિ, પરંતુ તેને બદલે તેના કાનોમાં અમર (અભયદાન) કડી પહેરાવ્યા કરીશ.

આશ્વિન સુદ ૯ ને દિવસે દાનવીર રાયબહાદુર શ્રીમાન શેઠ કુંદનમલજી તથા તેમના પુત્રરત્ન શ્રીમાન લાલચંદજી સાહેબ સપરિવાર તથા "શ્રી જૈન વીર મંડળ"ના સભાસદો મહારાજશ્રીનાં દર્શન કરવા આવ્યા હતા. તેઓએ મુનીશ્રીની ખૂબ સેવાભકિત કરી. શ્રીમાન શેઠ અત્યંત ઉદાર હૃદયના છે, અને તેમની ઉદારતા પ્રશંસનીય છે. તેમણે લક્ષ્મી મેળવી તેનો સદુપયોગ કર્યો છે અને કરે છે. તેઓશ્રીએ સંવત ૧૯૮૧ના કાર્તિક માસમાં મહારાજશ્રીના ઉપદેશથી ૧૨૨૮૦૦ (એક લાખ બાવીસ હજાર આઠસો રૂપીઆ) પરોપકારર્થે આપ્યા હતા. આ વખતે પણ તેમણે "શ્રી જૈન મહાવીર મંડળ, ઉદયપુર"ને ફરનીચર (મેજ,

ખુરસી વિગેરે) ઇત્યાદિ માટે રૂા. ૩૫૦, દાન કર્યા. તથા રૂા. ૫૨૦૦, નું મકાન ખરીદી "શ્રી જૈનોદય પુસ્તક પ્રકાશક સમિતિ રતલામને ભેટ કર્યું. વળી આશ્રા અનાથાલયના અનાથ બાળકોના ભોજન નિમિત્તે રૂા. ૩૦૦૦નું દાન કર્યું. આ ઉપરાંત તેઓશ્રી પરોપકારાર્થે અનેક સહાયતાઓ કરી ચૂકયા છે, અને સહાયતા કરવાને માટે તત્પર રહે છે.

આશ્વિન સુદ એકાદશીને દિવસે બનેડાના રાજાજી શ્રીમાન અમરસિંહજી સાહેબ તથા શ્રીમાન બદનોર ઠાકોર સાહેબે વ્યાખ્યાનનો લાભ લીધો.

આશ્વિન સુદ ૧૨ને દિવસે બનેડાના રાજાજી સાહેબ શ્રીમાન અમરસિંહજી * તથા બેદલાના રાયબહાદૂર શ્રીમાન નારસિંહજી સાહેબ તથા મેજા રાવતજી શ્રીમાન † જયસિંહજી સાહેબે વ્યાખ્યાન શ્રવણનો લાભ લીધો.

આશ્વિન સુદ ૧૪ ને દિવસે શ્રીમાન મહારાણા સાહેબના ભત્રીજા શ્રીમાન મહારાજજી શ્રી હિંમતસિંહજી સાહેબના પુત્રરત્ન શ્રીમાન શિવદાનસિંહજી પ્રતાપસિંહજી અને હમીરસિંહજીએ વ્યાખ્યાન શ્રવણનો લાભ લીધો.

આશ્વિન સુદી પૂર્ણિમાને દિવસે ભદેસરના રાવતજી શ્રીમાન શ્રી તખ્તસિંહજી તથા લસાણી ઠાકોર સાહેબ શ્રીમાન § ખુમાણસિંહજીએ વ્યાખ્યાન સાંભળવાનો લાભ ઉઠાવ્યો.

---

* તેઓશ્રી હિન્દુકુલસુર્ય શ્રીમાન મહારાણા સાહેબના ભાયાત છે. તેમનું વર્તન આતશય ઉચ્ચ કોટિનું છે. તેઓશ્રી વીરેન્દ્ર ભીમસિંહજીના વંશજ છે, કે જેમણે પિતાની આજ્ઞાથી પોતાના લઘુ બંધુ મહારાણા શ્રી જયસિંહજીને રાજપાટ સોંપી દઇ આદર્શ ત્યાગનો પરિચય કરાવ્યો હતો.

† હિન્દુકુલસુર્ય શ્રીમાન મહારાણા સાહેબના સોળ ઉમરાવોમાં એક છે.

§ હિંદુકુલસુર્ય શ્રીમાન મહારાણા સાહેબના બત્રીસ ઉમરાવોમાં તેઓ એક છે.



શ્રીમાન દાનવીર રાયબહાદુર સર શેઠ હુકમીચંદજી, ઇંદોર.
(પરિચય માટે જુઓ પ્રકરણ ૩૩મું.)

A 74 5—Lakshmi Art. Bombay. 8

આશ્વિન વદ ૧ને દિવસે દેલવાડાના રાજરાણા શ્રીમાન શ્રી યશવંતસિંહજી સાહેબે વ્યાખ્યાન શ્રવણનો લાભ લીધો. તેજ દિવસે સાયંકાળે પારસોલીના રાવતજી સાહેબ શ્રીમાન લાલસિંહજી* મહારાજશ્રીનાં દર્શનાર્થે પધાર્યા.

આશ્વિન વદી. ૪ ને દિવસે મધ્યાહ્નકાળે શ્રીમન્ત શ્રી મહારાણા સાહેબ તરફથી શ્રીમાન મદનસિંહજી સાથે સંદેશો મળ્યો કે "મુનિશ્રી પોતાને આવાસ પધારે." આ પ્રમાણે સંદેશો મળતાં મુનિશ્રી સ્વશિષ્ય મંડળી સહિત 'શિવ-નિવાસ' મહેલમાં પધાર્યા. શ્રીમંત શ્રી મહારાણા સાહેબે જાતે અત્યંત વિનયપૂર્વક મુનિશ્રીનું સ્વાગત કર્યું.

*હિન્દુકુલસૂર્ય શ્રીમાન મહારાણા સાહેબના સોળ ઉમરાવો-માંના એક છે.

# ઉપદેશ.

भक्तामरप्रणतमौलिमणिप्रभाणा-
मुद्योतकं दलितपापतमोवितानम् ।
सम्यक्प्रणम्य जिनपादयुगं युगादा-
वालम्बनं भवजले पततां जनानाम् ॥१॥

यः संस्तुतः सकलवाङ्मयतत्त्वबोधा-
दुद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः ।
स्तोत्रैर्जगत्त्रितयचित्तहरैरुदारैः-
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥२॥

હે હિન્દુકુલસૂર્ય મેવાડાધિપતે! આ સંસારમાં સર્વથી પહેલાં ભગવાન ઋષભદેવે સર્વાર્થસિદ્ધિ વિમાન (છવ્વીસમું સ્વર્ગ) માંથી મરૂદેવીની કુખે જન્મ લીધો. તેમનું આયુષ્ય ચોરાસી લક્ષ પૂર્વનું હતું. આ સાંભળી શ્રી મહારાણા સાહેબે પુછયું "પૂર્વ એટલે શું?" ત્યારે ઉત્તરમાં મહારાજશ્રીએ જણાવ્યું કે ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષને એક પૂર્વ કહેવામાં આવે છે. આ પ્રમાણેનું શાસ્ત્રીય પ્રમાણ આપી આગળ ચલાવ્યું. એ ભગવાન ઋષભદેવે ત્યાસી લક્ષ પૂર્વ સુધી સંસારમાં રહી રાજ્યનીતિનો પ્રચાર કર્યો હતો, તથા તેની સાથે સાથે સંસારી નીતિરીતિનું પણ દિગ્દર્શન કરાવ્યું હતું. તે કાળમાં લોકો ખાનપાન તથા શિલ્પ-

કળા આદિ અનેક કળાઓથી અપરિચિત હતા. તે સઘળાને તેમણે સઘળી કળાઓથી પરિચિત કર્યાં. ત્યાસી લક્ષ પૂર્વ પૂરાં થયા બાદ ભગવાન ઋષભદેવે એક લક્ષ પૂર્વ સુધી સંસારના સંસારીઓને ધર્મ વિષે ભાન કરાવ્યું તથા આત્મા પરમાત્માનો ભેદ બતાવ્યો. એ ઉપદેશનો કંઇક અંશ આ પ્રમાણે છે. જીવાત્મા અનેક જન્મ જન્માન્તરોમાં કરેલાં પાપોથી મુક્ત થઈ જાય તો તે આત્મા પરમાત્મા રૂપ થઇ જાય છે.

હે હિન્દુકુલસૂર્ય! આ પાપજ આ આત્માને પરિભ્રમણ કરાવવામાં કારણભૂત છે. જો એ આત્મા ભવિષ્યમાં પાપનું પોટલું બાંધે નહિ, અને ભૂતકાળમાં કરેલાં પાપોનું સત્કર્મો દ્વારા નિર્જરા (નાશ) કરે તો એ આત્માની સદ્ગતિ અથવા તો મોક્ષ થવામાં બિલકુલ સંદેહ નથી. હવે પાપ કેટલા પ્રકારનાં છે? તથા કયાં કર્મો કરવાથી તેમનો સંચય થાય છે? તે પણ સાંભળો.

હે મહારાણાજી! પાપ અઢાર પ્રકારનાં છે. વળી અઢાર પ્રકારનાં કર્મો કરવાથી એ અઢારે પ્રકારનાં પાપોનો સંચય થાય છે. એ સઘળાંમાં પ્રથમ "પ્રાણાતિપાત"નું પાપ છે. એનો અર્થ એ છે કે એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીનાં પ્રાણીઓના પ્રાણ હરણ કરવા તેને પ્રાણાતિપાતનું પ્રથમ પાપ કહે છે. બીજું પાપ "મૃષાવાદ"—જૂઠું બોલવાનું છે. ત્રીજું પાપ "અદત્તાદાન"—કોઇની વસ્તુ ગુપચુપ ચોરી લેવાનું છે. ચોથું પાપ "મૈથુન"—વ્યભિચાર સેવવાનું છે. પાંચમું પાપ "પરિગ્રહ"—ધન પર મમત્વ કરવાનું છે. છઠ્ઠું પાપ "ક્રોધ"—ગુસ્સો કરવાનું છે.

સાતમું પાપ "માન"—અભિમાન કરવાનું છે. આઠમું પાપ "માયા"—કપટ કરવાનું છે. નવમું પાપ "લોભ"—લાલચ કરવાનું છે. દશમું પાપ "રાગ"—પ્રિય વસ્તુપર સ્નેહ કરવાનું છે. અગીઆરમું પાપ "દ્વેષ"—અપ્રિય વસ્તુ તરફ અપ્રસન્નતા દર્શાવવાનું છે. બારમું પાપ 'કલહ'—પરસ્પર લડવા ઝગડવામાં છે. તેરમું પાપ 'અભ્યાખ્યાન'—કોઈના ઉપર ખોટા દોષારોપણમાં છે. ચૌદમું પાપ "પૈશુન"—કોઈની ચાડી ચુગલી કરવામાં છે. પંદરમું પાપ "પરાપવાદ"—બીજાઓના અવગુણ પ્રગટ કરવામાં છે. સોળમું પાપ 'રતિ અરતિ', એશઆરામનાં કાર્યોમાં પ્રસન્નતા બતાવવામાં અને ધાર્મિક કાર્યોમાં અપ્રસન્નતા બતાવવામાં છે. સત્તરમું પાપ "માયામૃષા"—છળકપટભરેલું જૂઠાણું કહેવામાં છે. અઢારમું પાપ "મિથ્યાત્વ દર્શન", દેવને માને નહિ, ગુરૂને માને નહિ, તથા ધર્મને માને નહિ, એટલે નાસ્તિક હોય તે અઢારમાં પાપનાં ભાગીદાર બને છે. આ સાંભળી મહારાણા સાહેબે કહ્યું કે "આ તો વીસ થયા" ત્યારે મહારાજશ્રીએ ઉત્તર આપ્યો કે એ અઢારમા પાપના વિભાગ છે.

આ સ્થળે પાઠકો સ્વયં અનુમાન કરી શકશે કે શ્રીમંત મહારાણા સાહેબ કેટલી એકતાનતાથી શ્રવણ કરતા હતા. અસ્તુ.

ત્યારબાદ મુનિશ્રીએ જણાવ્યું:—હે મેવાડાધિપતિ ! આ અઢાર પાપો જે ગણાવવામાં આવ્યાં છે, તેમનાથીજ આત્મા મલિન બને છે. તથા આત્મા અને પરમાત્મામાં ભેદ પાડનાર એજ પાપો છે. આજ પાપોને લીધે આત્મા અનેક જન્મ જન્માંતરોમાં કષ્ટ પામે છે. એજ

પ્રમાણે આ આત્માને અનેક પ્રકારનાં ઐશ્વર્ય તથા સુખસમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. તે નવ પ્રકારનાં પુણ્યોનો સંચય થતાં થાય છે. આ સાંભળી શ્રીમાન મહારાણા સાહેબે પ્રશ્ન કર્યો, "એ કયા નવ પ્રકારનાં પુણ્ય છે?" ત્યારે મુનિશ્રીએ ઉત્તર આપ્યો કે એ નવ પુણ્ય આ પ્રમાણે છે. પહેલું પુણ્ય "આણ પુણ્ણે" ભૂખ્યાંને ભોજન આપવું. બીજું પુણ્ય "પાણ પુણ્ણે" તૃષિતને પાણી પાવું, ત્રીજું પુણ્ય "લેણ પુણ્ણે", વિશ્રામ લેવા સ્થાન આપવું. ચોથું પુણ્ય, "સેણ પુણ્ણે" આસન, બીછાનાં આદિ આપવાનું છે. પાંચમું પુણ્ય "વત્થ પુણ્ણે" વસ્ત્રદાન છે. છઠ્ઠું પુણ્ય "મણ પુણ્ણે" મનથી કોઇનું ભલું તાકવામાં છે. સાતમું પુણ્ણે 'બસન પુણ્ણે' હિતકારી વચનો બોલવામાં છે. આઠમું પુણ્ય "કાય પુણ્ણે" કાયાની કોઇને મદદ કરવામાં છે. નવમું પુણ્ય "નમોકાર પુણ્ણે" નમસ્કાર કરવામાં છે. આ પ્રમાણે છે. તેથી મનુષ્યમાત્રે પાપ કર્મો કરી પાપનો સંગ્રહ કરવો જોઇએ નહિ. કેમકે જ્યારે જ્યારે પાપ થાય છે, ત્યારે ત્યારે આત્મા ભવસાગરના ઉંડા ગર્તમાં ગોથાં ખાય છે. 'જ્ઞાતાજી સૂત્ર'માં તુંબિકાનો ન્યાય વર્ણવવામાં આવ્યો છે કે જે જે સ્થળે તુંબિકાને (તુંબડું) સણને માટીના બંધ લગાવવામાં આવશે, તે તે સ્થળે તે પાણીમાં વિશેષ ડૂબશે. તથા તેજ પાણીમાં તે તુંબડાના જે જે સ્થળના બંધ તૂટી જશે તે તે સ્થળે તે પાણી ઉપર તરી આવશે. તેજ પ્રમાણે આ આત્મા પાપોના બંધનથી ભવસાગરમાં રેંટચક્રની માફક ચક્કર ચક્કર ફર્યા કરે છે. જો તે સઘળાં પાપોનાં બંધન આત્માથી વિખૂટા પડી જાય, તો આત્મા મોક્ષ પામે છે.

હવે રહી એ વાત કે પાપ બંધનથી મુકત કેવી રીતે

થઈ શકાય? તો તેનો સીધો સરળ ઉત્તર એ છે કે જેવી રીતે સુવર્ણની શ્યામતા (અશુદ્ધિ-મેલ) દૂર કરવાને ચાર વસ્તુઓની આવશ્યકતા હોય છે, તેવીજ રીતે પહેલાં જે પાપો થઈ ગયાં હોય તેમનો જ્ઞાન, શ્રદ્ધા, ત્યાગ તથા તપ એ ચારેયથી નાશ કરવો. ત્યાર પછી તે આત્મા પવિત્ર બને છે.

દોહરો

મૂસી પાવક સોહણી, ફૂંકણ તણો ઉપાય
રામ ચરણ ચારો મિલે મૈલ કનક કો જાય ॥

અર્થાત—કુલડી, અગ્નિ, ટંકણખાર તથા ભુંગળી (ફુંકણી) આ ચારે એકત્ર થતાં સોનાની અશુદ્ધિ દૂર થાય છે. તેજ પ્રમાણે પાપરૂપી મેલનો ત્યાગ કરવાને જ્ઞાન, શ્રદ્ધા, ત્યાગ અને તપની આવશ્યકતા છે. બસ આ ચારેની માણસ સાચા દિલથી આરાધના કરે, તો તેના આત્માથી પાપબંધન છૂટાં પડી જશે. એ નિસ્સંદેહ છે, અને તેને પરમાત્મા પદની પ્રાપ્તિ થવામાં બીલકુલ વિલંબ થતો નથી. મનુષ્યાવતારનો આવો દુર્લભ અવસર પ્રાપ્ત થવા છતાં પણ માનવી સત્કર્મો તરફ લક્ષ આપે નહિં, તો પછી આ ભવનો અંત આવતાં પરભવમાં પુણ્યવિના કોણ સહાયક થશે? નીતિમાં કહ્યું છે કેઃ—

धनानि भूमौ पशवश्च गोष्ठे, नारी गृहद्वारी सखा स्मशाने।
देहश्चितायां परलोकमार्गे, धर्मानुगो गच्छति जीव एकः ॥

અર્થાત—ધન તો ભૂમિમાંજ રહી જશે, તથા હાથી ઘોડા ઇત્યાદિ જેટલાં પશુઓ હશે, તે બધાં પોતપોતાના

સ્થાને (તબેલામાં) રહેશે; અગ્નિદેવની આસપાસ મંગળફેરા ફરી પરણેલી પત્નિ રડતી કકળતી ઘરના દરવાજા સુધી આવી ઘરમાંજ રહી જશે, અને મિત્રો શ્મશાન ભૂમિ સુધી વળાવવા આવશે; વળી આ દેહલતા કે જેને ખૂબ પૌષ્ટિક ખોરાક ખવડાવી પીવડાવી હૃષ્ટપુષ્ટ કરી હતી તથા જેને અનેક અલંકાર વસ્ત્ર તથા સુગંધોથી શણગારવામાં આવતી હતી તે ચિતામાં ભસ્મીભૂત થઇ જશે તે વખતે સાથે આવનાર માત્ર ધર્મ હશે. પરભવમાં ધર્મ (પુણ્ય) એકલોજ સુખદાયી નીવડે છે, જ્યારે પાપ તેટલાજ દુઃખદાયી નીવડે છે. તેથી ઉપર વર્ણવ્યા મુજબના પાપો કરવાથી મનુષ્યે વિમુખ રહેવું જોઇએ અને પુણ્ય સંચય કરવો જોઇએ. નહિ તો એ પાપોજ આત્માને નરકમાં લઇ જવાનું દ્વાર બનશે. શ્રીકૃષ્ણચંદ્રે ગીતામાં ગાયું છે કેઃ—

**त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।**
**कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥**

શ્રીભગવદ્ગીતા અધ્યાય-૧૬ શ્લોક ૨૧

પુણ્ય કહો કે નેકી કહો તેનું પરિણામ પરલોકમાં તો અતિ આનંદદાયક નીવડશેજ. પરંતુ આ લોકમાં પણ તેનું પુણ્યનામ અમર થઇ જાય છે. જેવી રીતે કોઇ ગામમાં પુણ્ય સંચય કરનાર પરોપકારી માણસ પોતાનું આયુષ્ય સમાપ્ત થતાં મરણ શરણ થાય તો લોકો કહેશે કે કેવો ભલો માણસ હતો? એ તો ગામનું નાક હતું, એની ખોટ પૂરાશે નહિ ઇત્યાદિ. તેજ પ્રમાણે તેથી વિરૂદ્ધ કોઇ દુરાચારી દુષ્ટ કર્મો

આચરવામાં રચ્યોપચ્યો રહેતો હોય તો તેના મરણ વખતે લોકો કહેશે કે સારૂં થયું એ મરી ગયો. ગામનું પાપ અળગું થયું વિગેરે. આની મતલબ એ છે કે મનુષ્યનાં સારાં નરસાં કર્મોની ભલાઈ તથા બુરાઈ આ લોકમાં પણ રહી જાય છે, જુઓ આજ સુધી રાવણની તેના દુરાચરણને અંગે બદનામી થતી આવી છે. જ્યારે શ્રી રામચંદ્ર મહારાજની પ્રશંસા થાય છે અને પૂજાય છે. તેજ મુજબ કૌરવો અને પાંડવો તથા કંસ અને કૃષ્ણનું આ બાબતની પુષ્ટિમાં યોદ્ધપુર (મારવાડ) નરેશ માનસિંહજીએ કહ્યું છે કે:—

દોહરો.

ગઢ રહે ન ગઢપતિ રહે, રહે ન સકલ જહાન!
નૃપ માન કહે દો રહે, નેકી બદી નિદાન!!

અર્થાત ગઢ કે ગઢનો માલિક રહેવાનો નથી. અને આખી દુનિઆ પણ રહેવાની નથી. રહેશે માત્ર નેકી કે બદી. અમે આગળ કહી ચૂક્યા છીએ કે નેકી (પુણ્ય) ઇષ્ટ છે અને બદી (પાપ) અનિષ્ટ છે. તેથી મનુષ્ય માત્રે પાપ કર્મ કરતાં પોતાના હાથ અને ઇંદ્રિયોને જકડી લેવાં જોઇએ અને પુણ્ય કાર્યો કરવા હંમેશાં ખડે પગે તત્પર રહેવું જોઇએ. બસ એજ મોક્ષનો સાચો માર્ગ છે. આટલાં કથનોપકથન કહ્યા બાદ મુનિશ્રીએ પોતાનો ઉપદેશ આગળ ન ચલાવતાં સમેટી લેતાં કહ્યું :—

હે હિન્દુકુલસુર્ય શ્રીમહારાણાસાહેબ! આપે બહુજ ઉપકાર કર્યા છે, તથા પાણી પલાવી અનેક જીવોને

અભયદાન આપ્યું છે. આપે ખૂબ પુણ્ય કાર્ય કર્યું છે. હવે જો આપની ઇચ્છા હોય તો ભેટરૂપે ચૈત્ર સુદ તેરસ શ્રી મહાવીર જયંતિ મહોત્સવને દિવસે શહેરમાં પાખી પાલવાનો હુકમ કરશો. આ સાંભળી શ્રીમંત મહારાણા સાહેબે કહ્યું, "એમાં શી મોટી વાત છે?" તદનુસાર શ્રીમંત મહારાણા સાહેબે શ્રીમાન ફતેહલાલને ફરમાવ્યું કે 'જે મહારાજશ્રીએ જણાવ્યું છે, તે ફરીથી યાદ દેવડાવજો. ત્યાર બાદ મુનિશ્રીને કહ્યું કે "તાપમાં આપને અત્રે આવવું પડયું, તેથી આપને તકલીફ થઈ હશે." આ સાંભળી મુનિશ્રીએ કહ્યું કે શીત કે ઉષ્ણ પરિષહોને સહન કરી પરોપકાર કરવો તથા અન્ય પાસે કરાવવો એ અમારૂં કર્તવ્ય છે. આ પ્રમાણે કહી મુનિશ્રી પોતાને નિવાસસ્થાને પાછા ફર્યા. શ્રીમંત મહારાણા સાહેબે દરેક ચૈત્ર સુદ ૧૩* ને દિવસે પાખી પાળવાનો હુકમ બહાર પાડી દીધો.

આશ્વિન વદ પંચમીના પ્રાતઃકાળે શ્રી મહારાણા સાહેબ તરફથી મુનિશ્રીને સંદેશો મળ્યો કે "કાલે જે અઢાર પાપ તથા નવ પુણ્ય વિષે શ્રવણ કરાવ્યું હતું, તે લખીને મારી પાસે મોકલાવશો." આ પ્રમાણેની શ્રી કસ્તુરચંદજી ઓરડિયા દ્વારા સૂચના મળતાં મુનિશ્રીએ જીવનસિંહજી નલવાયા પાસે લખાવ્યું અને તે લિખિત યાદી શ્રીમંત મહારાણા સાહેબની હજૂરમાં મોકલાવી, શ્રીમાન મહારાણા સાહેબે તે વાંચીને પોતાની પેટીમાં રાખી કે જેથી તેને વારંવાર વાંચી શકાય.

*૭મી જુઓ.

આશ્વિન વદ પંચમીના મધ્યાહ્નકાળે શ્રીમાન યુવરાજ કુંવર સાહેબ તરફથી શ્રીમાન મદનસિંહજી સંદેશો લાવ્યા કે કે મુનિશ્રી 'સમોર બાગ' પધારવાની કૃપા કરે." આ પ્રમાણેની સૂચના મળતાં મુનીશ્રી સ્વશિષ્ય મંડળી સહિત સમોર બાગમાં પધાર્યા. યુવરાજ મહારાજ કુંવર સાહેબે વિનય તથા ભક્તિભાવપૂર્વક મહારાજશ્રીનું સ્વાગત કર્યું. ત્યારબાદ કેટલોક સમય મહારાજશ્રી તથા યુવરાજશ્રી વચ્ચે પરસ્પર વાર્તાલાપ થયા બાદ મહારાજશ્રીએ ઉપદેશ આપવાનો આરંભ કર્યો.

# ઉપદેશ.

माणुस्सं विग्गहं लद्धुं, सुई धम्मस्स दुल्लहा ।
जं सोच्चा पडिवज्जन्ति; तवं खंति महिंसयं ॥ ८ ॥

[ઉત્તરાધ્યયન અધ્યાય ૩, ગાથા ૮.]

હે 'હિન્દુકુલસૂર્ય' યુવરાજ કુમાર સાહેબ! પ્રથમ તો આ સંસારમાં ઉચ્ચ કોટિનો મનુષ્ય જન્મ પ્રાપ્ત થવો અત્યંત કઠિન છે. જો પુણ્યોદયથી તે પ્રાપ્ત થઇ જાય તો સૂત્ર (સદ્ગ્રંથ) શ્રવણ કરવાં કઠિનમાં કઠિન છે. કેમકે શ્રવણ કર્યા સિવાય આત્માને પોતાનું સ્વરૂપ માલૂમ પડતું નથી. હા, આ સ્થળે એક સંદેહ ઉત્પન્ન થાય છે કે સૂત્ર (સદ્ગ્રંથ–શાસ્ત્રો) કયા ધર્મ (મજહબ)નાં શ્રવણ કરવાં જોઇએ. કેમકે સંસારમાં આધુનિક કાળમાં જૈન, વૈષ્ણવ, ઇસ્લામ, ક્રિશ્ચીયન, આદિ અનેક મત પ્રચલિત છે. આના ઉત્તરમાં એટલુંજ કહેવું બસ થશે કે સૂત્ર એજ છે કે જે શ્રવણ કરવાથી ત્રણ બાબતની અભિરૂચિ ઉત્પન્ન થાય. સૂત્ર અથવા સદ્ગ્રંથ એજ છે જે શ્રવણ કરવાથી પ્રથમ તપ કરવાની ઇચ્છા થાય. કેમકે તપ કરવાથી રાજ્ય પ્રાપ્ત થાય છે. કોઇએ કહ્યું છે કેઃ–"તપ બિન મિલે ન રાજ." આથી પણ અધિક તપસ્યા કરવાથી મોક્ષ પ્રાપ્તિ થાય છે અને એજ મોક્ષ મેળવવાનું પ્રથમ સાધન છે.

બીજું, જે શ્રવણ કરવાથી ક્ષમાની અભિરૂચિ થાય. ક્ષમા કરવી એ મોટાઇનું લક્ષણ છે. **क्षमा वीरस्य भूषणं।** કોઇએ કહ્યું છે કેઃ—

**क्षमा बडन को होत है, ओछन को उतपात।**
**कहा कृष्ण को घटि गयो, जो भृगुजी मारी लात॥**

અર્થાત ક્ષમા મોટાઓજ કરી શકે છે. સાધારણ માણસો ક્ષમા નથી કરી શકતા, તેથીજ ક્ષમા એ મોક્ષ મેળવવાનું બીજું સાધન છે. ત્રીજું જેના શ્રવણથી '**अहिंसया**' જીવો પર દયાદષ્ટિ રાખવાનો ભાવ ઉત્પન્ન થાય છે. જીવદયા વિના આત્માનો મોક્ષ થતો નથી. તેથી આ પણ મોક્ષ પ્રાપ્તિનું સાધન છે.

પ્રાણી માત્ર ઉપર દયાદૃષ્ટિ રાખવી એ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે, કેમકે ભગવાન મહાવીરે કહ્યું છેઃ—

**सव्वे जीवा वि इच्छन्ति जीविउ न मरीझिउ।**
**तम्हा पाणवहं घोरं, निग्गन्था वज्झयन्ति णं॥**

[દશ વૈકાલિક અધ્યાય-૬, ગાથા ૧૧.]

અર્થાત આ સૃષ્ટિમાં જેટલાં ચરાચર પ્રાણીઓ છે, તે સઘળાં જીવવાની ઇચ્છા રાખે છે. કોઇ પણ મરવાની તત્પરતા કે ખુશી બતાવતું નથી. સઘળાં મૃત્યુથી ભયભીત બની, પોતાના પ્રાણ બચાવવાના પ્રયત્નો આદરે છે. ચાહે એટલો દુઃખી અથવા પીડિત જીવ હશે તો પણ તેના દેહને બીજાના કાર્યથી અગર હીલચાલથી કષ્ટ પડે છે, તો તે તરતજ પોતાના શરીરને સંકુચિત કરી લે છે. આપ ચાહે ત્યાં નજર નાખો. કીડી જેવો ક્ષુદ્ર જીવ પણ આપણો હાથ

અડકતાં પહેલાં પોતાની પ્રાણ રક્ષા કરવા માટે દૂર ભાગી જશે. આ ઉદાહરણોથી એ સિદ્ધ થાય છે કે દરેકને પોતાનો પ્રાણ પ્યારો છે, તેથીજ પ્રાણીઓનું પ્રાણ હરણ કરવું મહાપાપ મનાયું છે. મનુષ્ય માત્રે ભયભીત પ્રાણીઓના પ્રાણ લેવાની ઈચ્છા સરખી કરવી જોઈએ નહિ. પરંતુ તેને બચાવવાની કોશીષ કરવી જોઈએ. કોઇ પણ સમયે કોઈ પણ સ્થળે, કોઇ પણ પ્રાણીને, કોઈ પણ પ્રકારનો ભય ઉત્પન્ન થાય તો તેને ભયમુક્ત કરવું એ મનુષ્યમાત્રનો પરમ ધર્મ છે. સંસારમાં અપાતાં અનેક પ્રકારનાં પ્રચલિત દાનોમાં સર્વશ્રેષ્ઠ દાન ભયમુક્ત કરવાનું એટલે કે અભયદાન દેવાનું શાસ્ત્રકારોએ કહ્યું છે :—

**दाणाण सेठं अभय पहाणं, सच्चेसु वा अणवज्जं वयंति ।**
**तवेसु वा उत्तम बंभचेरं, लोगुत्तमे समणे नायपुत्ते ॥**

અર્થાત્ દાનોમાં સર્વથી શ્રેષ્ઠ દાન પ્રાણીઓને અભયદાન આપવામાં છે. કોઇને પણ તિલમાત્ર કષ્ટ ન થાય એવી ભાષા સર્વ ભાષાઓમાં શ્રેષ્ઠ મનાય છે. તપસ્યામાં સર્વથી ચઢી જાય એવી બ્રહ્મચર્ય તપસ્યા માનવામાં આવે છે આ ઉક્તિ પ્રમાણે સંસારમાં સર્વશ્રેષ્ઠ ધર્મોપદેશક ભગવાન મહાવીર સ્વામી હતા. મારા સ્થનનું તાત્પર્ય એટલુંજ છે કે સર્વથી શ્રેષ્ઠ દાન અભયદાન છે. સાંભળો. કોઇ એક રાજાએ કોઇ એક અપરાધીને દેહાંત દંડની સજા ફરમાવી. તે મુજબની સજા કરવાને માટે રાજાના જલ્લાદો અપરાધીને રાજમહેલની અટારીઓની નીચે થઇને લઈ જતા હતા, તે વખતે અનાયાસે રાજરાણીએ પોતાની બારીએથી અપરાધીને લઇ જતાં જોયો. દાસીઓને પુછવાથી માલમ પડયું કે તેને દેહાંત દંડની

સજા કરવામાં આવી છે. આ સાંભળી રાણીએ પેલા સેવકો—જલ્લાદો—ને હુકમ કર્યો કે બીજો હુકમ ન મળે ત્યાં સુધી અપરાધીને સજા કરવી નહિ. બીજી બાજુ રાણીએ પોતાના પતિદેવને કહેવડાવ્યું કે "હું મહારાજ પાસે એક વરદાન માગું છું, તે મને કૃપા કરીને આપો. તે વરદાન એ છે કે પ્રાણદંડના અપરાધીને આજને માટે છોડી મૂકવામાં આવે." આ પ્રમાણે પેલા અપરાધીને તે દિવસને માટે મુક્ત કરવામાં આવ્યો. રાણીએ અપરાધીને તે દિવસે સારી રીતે જમાડ્યો અને તેને પાંચ હજાર રૂપીઆ આપ્યા. તેજ પ્રમાણે તેજ રાજાની બીજી રાણીએ અપરાધીનો બીજે દિવસે સત્કાર કર્યો, અને દશ હજાર રૂપીઆ આપ્યા. ત્રીજી રાણીએ ત્રીજે દિવસે ગુન્હેગારને સ્વાદિષ્ટ ભોજન જમાડી પંદર હજાર રૂપીઆ આપ્યા, તથા તે દિવસે પ્રાણ રક્ષા કરી. આટલો આદર સત્કાર થવા છતાં તથા આટલું દ્રવ્ય મળ્યા છતાં દેહાંતદંડની સજાને લીધે પેલા અપરાધીને બિલકુલ સુખ ચેન પડતું નહિ. પરંતુ વિચાર કરતો કે મુઆ પછી આ દ્રવ્ય શું કામમાં આવશે? તે તો મૃત્યુ ભયથી ભયભીત બની ગયો હતો. આખરે ચોથી રાણીએ તો પેલા અપરાધીને દ્રવ્યાદિ કંઇ આપ્યું નહિ, પરંતુ પોતાના સ્વામીનાથ પાસે વરદાન માગી તેના દેહાંત દંડની સજા માફ કરાવી. બસ, બીજું શું જોઇએ? પેલા અપરાધીનો મરણ ભય ટળી ગયો, ચિત્ત પ્રફુલ્લિત બની ગયું. પરંતુ રાણીઓમાં અંદરે અંદર વાદવિવાદ થવા લાગ્યો. કે અમે આટલું આટલું દ્રવ્ય અપરાધીને આપ્યું, છતાં ચોથી રાણીએ કંઇજ ના આપ્યું, તેથી તેને 'કંજુસ'ની પદવી એનાયત કરવી.

આ સાંભળી ચોથી રાણીએ ઉત્તર આપ્યો કે અપરાધીને મેં જે કંઈ આપ્યું છે, તેની બરાબરી તમે ત્રણ એકઠાં મળીને પણ કરી શકવાનાં નથી. જો આ વાત તમે સાચી ન માની શકો તો પતિદેવને પૂછજો. તેથી રાજાએ વિચાર કર્યો કે હું કોના પક્ષમાં બોલું? અને શા માટે કોઇને સારૂં માઠું લગાડું? માટે પેલા અપરાધી પાસેજ ઉત્તર અપાવવો ઉચિત છે. એજ પ્રમાણે કરવામાં આવ્યું. અપરાધીએ કહ્યું:—"જેટલો ઉપકાર ચોથી રાણીએ મારા ઉપર કર્યો છે, એટલો બીજી કોઇએ કર્યો નથી. હું મારા જીવનપર્યંત મારી આ ચોથી માતાનો ઋણી રહીશ. મારો મૃત્યુનો ભય ભોજન તથા રૂપીઆથી અળગો થતો નહોતો."

હે પ્રિય મહાશય, જુઓ! પેલા અપરાધીનો મૃત્યુભય દૂર થતાં, તેને કેવો આનંદ થયો. જો કે તે અપરાધી હતો છતાં તેને બચાવતાં—અભયદાન દેતાં—તેના આત્માને કેટલો સંતોષ થયો! આનેજ અભયદાન કહે છે. આ અભયદાન સર્વ દાનોમાં શ્રેષ્ઠ અને ઉત્તમોત્તમ છે.

જો કોઈ તર્કશાસ્ત્રી ઘડીભર માટે તર્ક કરે કે આત્મા તો અમર છે, કોઇનો માર્યો મરતો નથી. જુઓ ગીતાજીમાં શ્રીકૃષ્ણચંદ્રે કહ્યું છે:—

> नैनं छिंदंति शस्त्राणि, नैनं दहति पावकः ।
> न चैनं क्लेदयंत्यापो, न शोषयति मारुतः ॥
> अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
> नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥

[ભગવદ્‌ગીતા અધ્યાય ૨, શ્લોક ૨૩-૨૪]

અર્થાત્ આ આત્મા શસ્ત્રોથી છેદાય નહિ તેવો અગ્નિથી બાળી શકાય નહિ તેવો, પાણીથી ભીંજવી અથવા ડૂબાવી શકાય નહિ તેવો, અને વાયુથી સુકવી શકાય નહિ તેવો છે. તો પછી અભયદાન કોને પ્રદાન કરવામાં આવે?

હા, એ વાત બરાબર છે કે આત્મા હણ્યો હણાતો નથી, તે તો અજરઅમર છે. પરંતુ ચપ્પુ, છરો, તલવાર તથા બંદુક અગર, અન્ય કોઈ અસ્ત્રશસ્ત્રથી શરીરને આત્માથી વિખૂટું પાડવું, એ પાપને હિંસા કહેવામાં આવે છે. જો હિંસા નજ થતી હોત તો ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે ગીતાજીમાં અહિંસાનો ઉપદેશ ન આપ્યો હોત.

આપણાથી કોઇને કષ્ટ થાય તેને પાપ અથવા હિંસા કહેવામાં આવે છે. તેનાથી બચવાને માટે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે જનતાને અહિંસાનો ઉપદેશ કર્યો. આની સાથે બીજો પણ ઉપદેશ કર્યો છે, તેથી નિર્વિવાદપણે સિદ્ધ થાય. છે કે કોઇને પણ પીડા કરવી એ હિંસા છે. જેમ સામાન્ય રીતે ગામમાં હંમેશાં કેટલાંય મરે છે અને જન્મે છે. પરંતુ કોઇનું કોઇ ઝેર આપી અથવા કોઇ હથિયારથી ખૂન કરે તો તેને રાજ્ય તરફથી ધારાધોરણ મુજબ દંડ દેવામાં આવે છે. પણ જો આયુષ્ય સમાપ્ત થતાં મરણ થાય તો ન તો સરકાર કોઇને પકડે છે અગર ન તો સજા કરે છે. એજ મુજબ કોઇને પાંચ હજારનો હારકંઠી ભેટરૂપે આપવામાં આવે તો સરકાર લેનારને પકડતી નથી અગર દેનારને કષ્ટ થતું નથી. પરંતુ તેજ હાર તેની પાસે કોઈ ઝુંટવી લે અગર તો ચોરી કરી લઇ જાય તો અવશ્ય સરકાર તેને પકડશે, અને જેનો હાર ગયો હશે તેને પણ દુઃખ થશે.

આ ઉદાહરણો મુજબ જો પ્રાણી પોતાનું આયુષ્ય સમાપ્ત થતાં મરી જાય, તો હિંસાનો ભાર કોઇને શિર પડતો નથી. પરંતુ પ્રાણીઓના પ્રાણને જબરદસ્તીથી ચપ્પુ, છરો, બંદૂક, તલવાર, તોપ અગર ઝેર જેવાં પ્રાણઘાતક સાધનોથી હરી લેવામાં આવે, એટલે કે શરીરથી જીવાત્માને જુદો પાડી નાખવામાં આવે તો તેને હિંસા અથવા મહાપાપ કહેવામાં આવે છે. તેથી જે હિંસા રૂપી મહાપાપ આચરશે, તેને શિર દુઃખના ડુંગરો પડશે.

અહિંસા સર્વશાસ્ત્રો તથા ધર્મગ્રન્થોનો સાર અથવા નવનીત રૂપ છે. વેદ વ્યાસજીએ પણ કહ્યું છે કેઃ—

**अष्टादश पुराणेषु व्यासस्य वचनं द्वयम् ।**

**परोपकारः पुण्याय, पापाय पर पीडनम् ॥**

અર્થાત વ્યાસજીએ રચેલાં અઢારે પુરાણોમાં કેવલ બેજ સાર વચન છે. એક તો પરોપકાર સમાન બીજું પુણ્ય નથી, અને બીજું, અન્યને પીડા કરવા સમાન બીજું પાપ નથી.

આજ પ્રમાણે મુસલમાનોના ધર્મગ્રન્થોમાં પણ અહિંસાનો ઉલ્લેખ છેઃ—

* 'દિલ બદસ્ત આવર કે હજ્જે અકબરસ્ત,

અજ હજારા કાબા, યક દિલ બહતરસ્ત.'

અર્થાત કોઈનું પ્રાણ હરણ થતું હોય તેમાં તું આડો હાથ ધરી તેને અટકાવે તો તે હજારો અકબરી હજ (યાત્રાઓ) કરતાં પણ અધિક છે. એજ પ્રમાણે કંજુસ દકાયત અરબ નામના ગ્રંથમાં લખ્યું છે કેઃ—

*અલ મુસલિમો મનસલે મલમુસ્લ મૂના મિનલિસાનહી વયદેહીવલ મોમનો મિન અમનેહ: અન્નાસો અલ્લાહે માલ હીમ વ અમવલિહીમ.

અર્થાત્ મુસલમાન એ છે કે જેની જબાન અથવા હાથોથી બીજાનું રંજન (પીડન) થાય નહિ. તથા મોમન એટલે કે ઇમાનદાર તો તે છે કે જેનાથી સઘળાંના જાન તથા માલનું રક્ષણ થાય છે.

એજ પ્રમાણે ઇસુ ખ્રિસ્તે અંગ્રેજીમાં કહ્યું છે:—

"Thou shalt not kill."

અર્થાત "તું કોઇને મારી નાખીશ નહિ."

હવે કહો કે જેમાં જીવદયાનું પ્રમાણ ન હોય એવાં કયા ધર્મશાસ્ત્રો બાકી રહ્યાં? બધાં ગ્રન્થો પોકારી પોકારીને કહે છે કે અભયદાન જેવો બીજો કોઇ પરોપકાર નથી. આજ પરોપકાર પરલોકનો સાથી અને સહાયક થશે, તે સિવાય સઘળું પાછળ રહી જશે. સાથે પરોપકાર સિવાય બીજું કશું આવવાનું નથી. લાલફકીરે ગાયું છે કે:—

**धन छोंडे नंगे गये: अकबरशाह जलाल ।**
**कहे लाल इक पलक में, भया बीराना माल ॥**

કોઇ એક સમયે કોઇ એકજણે અકબર બાદશાહને એક બહુ-મૂલ્ય દૂશાલો ભેટ આપ્યો. જ્યારે બાદશાહનો અંતકાળ સમીપ આવ્યો ત્યારે તેણે પોતાનાં પરિવારના સઘળાં માણસોને કહ્યું

*મૂળ અરબીલિપિનો ગુજરાતી લિપિમાં ઉલ્લેખ કરતાં કોઇ ઠેકાણે અશુદ્ધિ રહી ગઇ હોય તો ઉદાર પાઠકો શુદ્ધ કરીને વાંચવા કૃપા કરે.

કે ' આ દુશાલો મારા મરણ પછી મારા જનાજા ઉપર ઓઢાડજો. જો તમને તે જોઇ લાલચ થાય તો જનાજાને કંઇપણ ઓઢાડયા સિવાય ઉઘાડો કાઢજો, પરંતુ બીજું કોઇ વસ્ત્ર તેના ઉપર ઓઢાડશો નહિ." બાદશાહનાં આ વચન સાંભળી સ્નેહી સંબંધીઓએ કહ્યું, "હજૂર. એ શું બોલ્યા? દુશાલો એ એવી કઇ ચીજ છે? જયારે આ સારીયે બાદશાહત આપની છે, તો પછી આપ જેમ કહેશો તેમ કરીશું" ત્યારપછી બાદશાહ મૃત્યુશરણ થયો. કુટુંબ કબીલાના સઘળા માણસોએ વિચાર કર્યો કે આ દુશાલો ઘણો કીમતી છે. તેથી તેને જનાજા ઉપર ન ઓઢાડતાં તેને ઉઘાડોજ કાઢવો. આ પ્રમાણેનો વિચાર આખરે અમલમાં આવ્યો અને જનાજો ઉઘાડો કાઢવામાં આવ્યો તે વખતે બજારમાં એક લાલ નામનો ફકીર ઉભો હતો, તેણે બાદશાહ જેવા મહાન પુરૂષનો જનાજો ઉઘાડો જતો જોઇ ઉપરોકત દોહો ગાયો કે અકબર બાદશાહ જેવા ઉઘાડા (નાગા) જાય છે, એ કેવી આશ્ચર્યજનક વાત છે! જુઓ પલભરમાં શું હતું ને શું થઇ ગયું?

હે યુવરાજ! મનુષ્ય જે સત્કર્મો કરશે, તેજ સાથે જશે, અને તેજ પરલોકમાં આનંદદાયક નીવડશે. આ ધન દોલત તથા પૃથ્વી કોઇ એકની માલિકીનાં સદાકાળ રહ્યાં નથી અને રહેશે પણ નહિ.

કોઈ એક કવિએ વાજબીજ કહ્યું છે કે:—

**हसन्ति पृथ्वी नृपति नराणाम् हसंति कालो यदि वैद्यराजः।**
**हसंति नारी पतिरक्षितानि, हसंति लक्ष्मी रति संचितानि॥**

અર્થાત્ જ્યારે નૃપતિ મોંમાં પાન ચાવી હાથમાં ખડગ લઇ, મુછોપર તાવ દેતો ઉભો થઇને કહે છે કે આ પૃથ્વી ઉપર મારૂં શાસન છે, ત્યારે પૃથ્વી હસે છે અને કહે છે કે તારા જેવા તો હજારો થઇ ગયા છે. જરા જોતો ખરો કે ભરત રાજા કયાં છે? બાહુબલી, પાંડવો અને કૌરવો કયાં છે? જયચંદ અને પૃથ્વીરાજ જેવા શક્તિપુત્રો કયાં છે? બીજા પણ અનેક બલિષ્ઠો કે જેમને લીધે નિમિષ માત્રમાં પ્રલય મચતો, તેઓ કયાં છે? મેં મારા ઉદરમાં સઘળાને સમાવી દીધા છે. આજ સુધી કોઇનો પણ અધિકારમાં યાવચ્ચંદ્રદિવાકરો હું રહી હોય એવો ખ્યાલ સરખો પણ છે કે? કોઇ એક કવિએ ગાયું છે કે :—

કવ્વાલી.

क्यों गफलत की नीन्द में सोता पडा,
तेरा जावेगा हंस निकल एक पलमें ।
यह दुनिया है देख मिसाले रण्डि,
कभी उसकी बगल, कभी उसकी बगल में ।।

વળી રોગપીડિત અવસ્થામાં મરણ શય્યા ઉપર પડયા પડયા આખરી ઘડીઓ ગણાતી હોય છે, ત્યારે પણ જીવનની આશાથી રોગોનું નિવારણ કરનાર વૈદ્ય, દાક્તરને બોલાવવામાં આવે છે. તે વખતે મૃત્યુદેવ હસે છે. કે હું તો આવી પહોંચ્યો છું અને આ બિચારા વૈદ્ય ડાકતર શું કરી શકશે? પછી ભલેને મારી ધાસ્તી હોવા છતાં દાકતર સાહેબ યદ્વા તદ્વા સમજાવે! મહારાણી વિકટોરીઆએ પોતાનું આયુ દીર્ઘ બનાવવા ખાતર બીજા પ્રાણીના લોહીનો પોતાના શરીરમાં સંચાર કર્યો. પરંતુ મારી સમક્ષ એ રક્તનું પણ કંઇ ચાલ્યું નહિ.

પતિદેવ જ્યારે સ્ત્રીનું રક્ષણ કરે છે, અને કહે છે કે અમુકને ઘેર જવું નહિ. અમુકની સાથે બોલવું નહિ, ત્યારે પત્નિ પણ તેના વચનો તરફ મનમાં હસે છે કે એમ કહેવાથી અગર દૃષ્ટિ કરવાથી શું કોઇ પોતાનું શીલ સાચવી શકે છે? કદાપિ નહિ. જો ધર્માચરણ કરશે તો તે પોતાના કુળની મર્યાદાને લીધે કરશે. પતિ ક્યાં બધે નજર રાખી શકવાનો હતો?

એજ પ્રમાણે લક્ષ્મીનો ખૂબ સંગ્રહ કરવાથી તે પણ હસે છે કે હું કોના અધિકારમાં રહી છું અને રહેવાની છું? મને તો અનેક જણે અનેક પ્રકારે પોતાના કાબુમાં રાખવા પ્રયત્ન આદર્યા, પરંતુ હું ચંચલા એક સ્થાન પર રહી નથી. મને મેળવીને જેઓએ આ લોકમાં મારો પરોપકારાર્થે ઉપયોગ કર્યો છે તેઓ પરલોકમાં સુખી થયા છે. પરંતુ મને મેળવીને જેઓએ મારો સદુપયોગ કર્યો નથી, તેવાના શું કામમાં આવવાની હતી? તેથી મનુષ્યે મારે લીધે જેટલો પરોપકાર થઇ શકે, એટલો કરવો જોઇએ.

આ પ્રમાણે મુનિશ્રીએ લગભગ એક કલાક સુધી ઉપદેશ કર્યો. શ્રવણ કરતાં કરતાં કેટલીયે વાર યુવરાજ સાહેબ તથા ઉમરાવ મહોદયો હર્ષોલ્લાસથી મગ્ન થઇ ડોલતા હતા. તે મહાનુભાવોનું ચિત્ત ઉપદેશ શ્રવણ કરીને પુષ્કળ પ્રફુલ્લિત થયું. યુવરાજ કુંવર સાહેબે ફરીથી એકવાર કોઇક દિવસ ઉપદેશ શ્રવણ કરવાની ઇચ્છા પ્રગટ કરી. ત્યારે મુનિશ્રીએ કહ્યું કે "કાલે શ્રીમન્ત મહારાણા સાહેબે ઉપદેશ શ્રવણ કર્યો છે. અને તેમણે સદાને માટે ચૈત્ર સુદ. ૧૩ને દિવસે પાખી પલાવવાનો સ્વીકાર કર્યો છે.

આજે આર્યાવર્તમાં મહારાણા સાહેબ પરમ દયાળુ અને ધર્મ રક્ષક છે, અને વંશ પરંપરાના ઉમદા ગુણ ધરાવનારા છે. અમે તેમની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. તેમના જેવા પિતાના આપ પુત્રરત્ન છો. આ આર્યભૂમિમાં આપ બંને નરરત્નો છો. આપે પણ જનસમૂહ ઉપર અત્યંત ઉપકાર કર્યા છે. હવે જો આપની ઈચ્છા હોય તો માર્ગશીર્ષ વદ. ૧૦ને દિવસે શ્રી પાર્શ્વનાથ મહારાજની જયંતિને દિવસે સદાને માટે શહેરમાં પાખી પલાવવામાં આવે તો આપને ખૂબ લાભ થશે. મુનિશ્રીનાં આ કથન શ્રવણ કરીને દયાળુ શ્રી બાપજીરાજે તેનો તરતજ સ્વીકાર કર્યો.* ત્યારબાદ ઉપદેશ બંધ રાખી મુનિશ્રી પોતાને નિવાસસ્થાને પધાર્યા.

આશ્વિન વદી પંચમીને દિવસે સાયંકાળે મુનિશ્રી મગરાના હાકેમ સાહેબને ત્યાં દર્શન આપવા પધાર્યા. ત્યાં એક બકરાને અભયદાન આપવામાં આવ્યું.

કાર્તિક વદ ૬ને દિવસે જાગીરદાર શ્રીમાન જગન્નાથસિંહજી જેઓ શ્રીમંત મહારાણા સાહેબના વિશ્વાસપાત્ર છે, તેમણે ઉપદેશનો લાભ લીધો. ફરીથી પણ હાકેમ સાહેબને ઉપદેશ શ્રવણ કરવાની અભિરૂચી થતાં આશ્વિન વદ ૮ને દિવસે ઉપદેશ શ્રવણનો લાભ લીધો.

બજાર તરફના લોકોનો વિશેષ આગ્રહ થતાં આશ્વિન વદ ૯ને દિવસે ધન મંડીપમાં પધાર્યા, અને લાધુવાસની હવેલીમાં નિવાસ કર્યો. ત્યાં જાહેર રસ્તામાં વ્યાખ્યાન થતું. મેજાના રાવતજી સાહેબ, ભદેસરના રાવતજી સાહેબ, બાઠરડાના

*૭મી જુઓ.

રાવતજી સાહેબ, જેઓ શ્રીમંત મહારાણા સાહેબના સોળ અગર બત્રીસ ઉમરાવોમાંના છે, તે સઘળા મહાનુભાવોએ અહીંનાં વ્યાખ્યાનો પણ શ્રવણ કરવાનો લાભ લીધો. આ સ્થળે એ જણાવવું ઉચિત છે કે શ્રીમન્ત મહારાણા સાહેબના સોળ તથા બત્રીસ ઉમરાવોમાંના કેટલાએક ઉમરાવો તથા અન્ય સરદારોએ એકજ વખત નહિ, બલ્કે અનેક વખત વ્યાખ્યાન શ્રવણ કરવાનો લાભ લીધો હતો, તથા ચાતુર્માસ સમાપ્ત થયા બાદ રાજસ્થાનમાંના પોતપોતાનાં ગામોમાં પધારવાનો મુનિશ્રીને અત્યાગ્રહ કર્યો હતો.

આશ્વિન વદ ચૌદશના સાયંકાળે જ્યારે મુનિશ્રી શૌચ-ક્રિયાથી નિવૃત્ત થઇ શહેર તરફ પાછા ફરતા હતા, તે વખતે બોહડાના રાવતજી સાહેબ શ્રીમાન નાહરસિંહજી, જેઓ શ્રીમંત મહારાણા સાહેબના બત્રીસ ઉમરાવોમાં એક ઉમરાવ છે, તેઓ મોટરમાં બેસી હવા ખાવા જતા હતા. તેમણે મુનિશ્રીને જોઈ મોટર ઉભી રખાવી. મુનિશ્રીને વિનય તથા ભાવપૂર્વક નમસ્કાર કર્યા, અને કેટલોક સમય વાર્તાલાપ કર્યો.

કાર્તિક સુદી દ્વિતીયાના પ્રાત:કાળના વ્યાખ્યાનમાં ગૌર-ક્ષાની આવશ્યકતાનું દિગ્દર્શન કરાવવામાં આવ્યું. તે વખતે "શ્રી જૈન મહાવીર મંડળ"ના સભાસદોએ સાયંકાળે સભા યોજીને મુનિશ્રીને વિજ્ઞપ્તિ કરી કે એ સભામાં આપ ઉપ-દેશ આપો, જેથી અમને શીઘ્ર સફળતા પ્રાપ્ત થાય. આ યોજનાનુસાર નિયત સમયે લગભગ ૫૦૦૦ શ્રોતાઓ એકત્ર થયા હતા. શાહપુરાના રાજાજી શ્રીમાન નાહરસિંહજી સાહેબ, મેજાના રાવતજી સાહેબ, પારસોલીના રાવતજી સાહેબ, તથા

શાહપુરાના પાટવીકુંવર શ્રીમાન ઉમ્મેદસિંહજી સભાસ્થાને પધાર્યા હતા. મુનિશ્રીએ પોતાના પ્રભાવશાળી, ઉત્તેજક અને ગંભીર વ્યાખ્યાન દ્વારા ઉદયપુરમાં ગોરક્ષાની પરમ આવશ્યક્તા દર્શાવી, જેનું રાજાધિરાજના પાટવીકુંવરે સુંદર સમર્થન કર્યું વળી આ મહત્કાર્ય પાર પાડવાને માટે જનતાને પણ પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

સભા વિસર્જન થયા બાદ રાજાજી સાહેબે અત્યંત વિનયભાવથી મહારાજશ્રીને કહ્યું કે, "આપનું વ્યાખ્યાન શ્રવણ કરી મારૂં ચિત્ત અત્યંત પ્રફુલ્લિત થયું છે. આપનું વ્યાખ્યાન શ્રવણ કરવાનો મારો કેટલાય વખતથી ઇરાદો હતો પરંતુ નાસિકાનો રોગ (સળેખમ ઇત્યાદિ) થવાને લીધે આવી શકયો ન હતો."

કાર્તિક સુદ પૂર્ણિમાને દિવસે શ્રીમન મહારાણા સાહેબ તરફથી શ્રીમાન મહેતાજી પન્નાલાલજી સાથે સંદેશો આવ્યો કે "મુનિશ્રી અહીં પધરામણી કરે." આ પ્રમાણેની સૂચના મળતાં મુનિશ્રી પોતાની શિષ્ય મંડળી સાથે 'શીવ નિવાસ'માં પધાર્યા. ત્યાં શ્રીમંત મહારાણા સાહેબે વિનય તથા ભક્તિભાવપૂર્વક મુનિશ્રીનું સ્વાગત કર્યું. ત્યાર બાદ મુનિશ્રીએ ઉપદેશ આપવાનો આરંભ કર્યો.

# ઉપદેશ.

"હે હિન્દુકુલસૂર્ય શ્રીમંત મહારાણા સાહેબ! અહીંની આપની પ્રજાએ લાગલાગટ અનેક વ્યાખ્યાન સાંભળીને કેટલીએક દૂષિત બાબતોનો ત્યાગ કર્યો છે. મેં અહીંયાં વ્યાખ્યાનના આરંભમાં હંમેશાં લોકોને "શ્રી ભગવતીજી સૂત્ર" શ્રવણ કરાવ્યું છે. જેનો બ્યાવર (નિયા શહેર)થી પ્રારંભ કર્યો હતો." શ્રીમંત મહારાણા સાહેબે પુછ્યું.—'શું તે હજી સુધી પૂરૂં થયું નથી?" ઉત્તરમાં મુનિશ્રીએ કહ્યું, "હા, હજુ સુધી પૂરૂં થયું નથી. કેમકે તેમાં ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને ૩૬૦૦૦ પ્રશ્નો પુછ્યા છે. તે સઘળા હસ્તલિખિત છે. મોટે ભાગે અમારી પાસે સૂત્રો હસ્તલિખિત છે. મુદ્રિત (છાપેલાં) સૂત્રોમાં વજન વધારે થાય છે. વળી કોઇ બીજા પાસે અમે વજન ઉપડાવી શકતા પણ નથી. અમારી પાસે વસ્ત્ર, પાત્ર આદિ જરૂરજોગાં હોય છે. અને તે જેટલાં હોય છે તે સઘળાંને જાતે ઉપાડીએ છીએ." શ્રી મહારાણા સાહેબે પૂછ્યું કે "એ ભગવતીજી સૂત્ર કેવાં છે?" ત્યારે મુનિશ્રીએ પૂઠામાંથી ભગવતીજી સૂત્ર કાઢીને દેખાડયાં. તેમને શ્રીમાન મહારાણા સાહેબે પોતાના હાથમાં લઈ તેનું અવલોકન કર્યું અને *પછી મુનિશ્રીને કહ્યું કે "જો આપને તકલીફ ન* થાય તો આમાંથી બે ચાર બાબતો સંભળાવો." તેથી મુનિશ્રીએ ભગવતીજી સૂત્રને ઉચ્ચાર્યાં.

**"तेणं कालेणं तेणं समयेणं जाव एवं वयासि के महालयणं भंते? गोयमामहति महालए लोए पणंत्ते पुरत्थिमेणं असँखेज्जा**

जोयण कोडा कोडिउ, दाहिणेणं असंखेज्जाउ एवंचेव पच्चत्थिमेणंवि एवं उत्तरेणवि एवं उड्ढंपि अहे असंखेज्जाउ जोयण कोडा कोडिउ आयाम विक्खंभेण एयंसिणं भंते महालए लोगंस्सि अत्थि कोइ परमाणु पोग्गलमेतेवि पएसे जहाणं अयं जीवे न जाएवा न मरेवा ? णो इणट्ठे समट्ठे ।

અર્થાત્ એ સમયમાં એક વખતે ભગવાન મહાવીર સ્વામીને ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો કે—"હે ભગવાન! આ સંસાર કેવડો મોટો છે?" તેના ઉત્તરમાં ભગવાને કહ્યું. આ જગત બહુ વિસ્તૃત છે. અસંખ્ય કોટિ કોટિ યોજન પૂર્વમાં વિસ્તાર પામેલું છે. તેજ પ્રમાણે તેનો વિસ્ટિર ઉત્તર, દક્ષિણ તથા પશ્ચિમ દિશાઓમાં પણ છે." ગૌતમે ફરીથી પુછયું—"હે ભગવાન! આવા વિસ્તુત જગતમાં સૂક્ષ્મતમ પરમાણુના પ્રદેશમાં પણ આ જીવને જીવન અથવા મૃત્યુ નહિ થયું હોય શું?" ભગવાને ઉત્તર આપ્યો—"હે ગૌતમ, એવું એક પણ સ્થાન બાકી નથી કે જ્યાં આ જીવનું જીવન અથવા મરણ થયું ન હોય?"

મુનિશ્રીએ કહ્યું—"મહારાણા સાહેબ! આ સઘળું જ્ઞાન શ્રવણ કરવાથી થાય છે. ભગવાન મહાવીરે કહ્યું છે:—

सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।
उभयंपि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥

દશવૈકાલિક અધ્યાય ૪, ગાથા ૧૧

અર્થાત્ શ્રવણ કરવાથી સન્માર્ગનું જ્ઞાન થાય છે, તથા શ્રવણ કરવાથી પાપમાર્ગનું પણ જ્ઞાન થાય છે. તો પછી

બંનેને જાણ્યા બાદ પરલોકમાં જે શ્રેયસ્કર અને આત્માનું કલ્યાણકારી હોય, તે કરવાનો મનુષ્ય માત્રનો ધર્મ છે. પરંતુ આવું જ્ઞાન તથા શ્રવણ લાભ ઋષિઓ તથા મુનિઓનો સત્સંગ હશે તોજ થશે. સંસારમાં સત્સંગ સર્વથી શ્રેષ્ઠ છે. ગમે તેવો પાપી જીવાત્મા હોય છતાં, સત્સંગ થતાં વેંતજ તેનો ઉદ્ધાર થાય છે. સત્સંગનો મહિમા અનુપમ છે. ગ્રન્થોનાં અનેક પ્રકરણો અને પૃષ્ઠો સત્સંગના મહિમાથી ભરેલાં પડયાં છે. એમ સાંભળવામાં આવ્યું છે કે પુરાણોમાં એક કથા આવે છે, કે સાઠ હજાર વર્ષ તપ કરનાર એક ઋષિ અને એક પળ માત્ર સત્સંગ કરનાર બીજા ઋષિ વચ્ચે વિવાદ થયો કે 'તપસ્યા વધે કે સત્સંગ? આ વાતનો નિર્ણય કરાવવા બંને ઋષિઓ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણે દેવતાઓ પાસે ગયા. આ પ્રકારનો અદ્ભુત ઝઘડો સાંભળી ત્રણે દેવતાઓ વિચારમાં પડી ગયા કે કોને સારૂં ખોટું મનાવવું? તેથી વિચાર કરતાં કરતાં એક ઉપાય શોધી કાઢયો કે બંને ઋષિઓને શેષનાગ પાસે મોકલી દેવા. તેજ મુજબ કરવામાં આવ્યું. શેષનાગ પણ આ ઋષિઓની વાત સાંભળીને મુંજવણમાં પડી ગયા, અને વિચાર કરવા લાગ્યા કે આનો નિર્ણય શી રીતે કરવો અગર તો તેમને આગળ કોની પાસે મોકલવા? આમ કરતાં કરતાં આખરે શેષનાગને એક યુક્તિ સુઝી. તેથી તેમણે ઋષિઓને કહ્યું, "જુઓ, આપ મહાશયોનો પ્રશ્ન બહુજ ગંભીર વિચારને પાત્ર છે. તેથી મારા શિર ઉપરના આ પૃથ્વીના ભારને થોડો વખત અળગો કરવો પડશે. માટે આપ મહાનુભાવો આ ભારને ઉપાડો. આમ કહી તપસ્વી ઋષિ તરફ ફરીને કહ્યું-"આપ

એમ બોલો કે, હે પૃથ્વી! મારી તપસ્યાનો પ્રભાવ અધિક હોય તો તું આધાર વિના અદ્ધર રહે." તપસ્વી ઋષિએ એમ કહ્યું. પરંતુ પૃથ્વી અદ્ધર રહી શકી નહિ. આજ પ્રમાણે સત્સંગી ઋષિને કહેવામાં આવ્યું. તેમણે પણ એમજ કહ્યું કે—"હે વસુંધરા! મેં કરેલો સત્સંગ અધિક હોય તો વિના આધાર અદ્ધર રહે." આ વચનો ઉચ્ચારાયાં કે તરતજ પૃથ્વી આધાર વિના અદ્ધર થઇ. ત્યાર પછી બંને ઋષિઓને સંબોધીને શેષનાગે કહ્યું, "આપના ઝઘડાનો નિર્ણય પૃથ્વીદ્વારા થઇ ગયો છે. જેનું જે શ્રેષ્ઠ હતું તેના પ્રભાવથી પૃથ્વી અદ્ધર થઇ." આ કથા ઉપરથી એમ સિદ્ધ થાય છે કે સત્સંગ સર્વથી અધિક શ્રેષ્ઠ છે. તે કરવાથી અનેક મનુષ્યોનો ઉદ્ધાર થયો છે. તેમાંના એકનું સંક્ષેપમાં વર્ણન કરૂં છું:—

ચોવીસ સદીઓ પહેલાંની વાત છે કે એક સિતમ્બિકા (શ્વેતામ્બિકા) નામનું શહેર હતું જે આધુનિક સમયમાં પંજાબ દેશમાં પેશાવરના નામથી પ્રસિદ્ધ છે. પૂર્વે ત્યાં પ્રદેશી નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેની પાસે સાત હજાર ગામો હતાં. તેની રાણીનું નામ સુરીકંથા (સુર્યકાન્તા) હતું, અને પુત્રનું નામ સુરીકંથ (સૂર્યકાન્ત) કુમાર હતું. તેને ચિત્તજી નામનો પ્રધાન હતો, તે રાજ્યકારભાર ચલાવતો હતો. રાજા ઇશ્વર, આત્મા, સ્વર્ગ, નરક આદિ કશામાં માનતો નહિ. તેથી તેનું હૃદય પાષાણ જેવું કઠોર બની ગયું હતું. કોઇનું પણ પ્રાણહરણ કરવું તેને માટે સહેજ વાત હતી. હિંસા કરતાં તેને તિલમાત્ર ગ્લાનિ થતી ન હતી, કેમકે તે આત્માને માનતો નહતો. આવાં તેનાં આચરણોને લીધે તેને નાસ્તિક કહેવામાં સહેજે અતિશયોક્તિ થશે નહિ.

એક દિવસ તે રાજાએ પોતાના પ્રધાનને કંઈ ભેટ આપી, શ્રાવસ્તિ નગરી (જે આધુનિક સમયમાં પંજાબ દેશના મધ્યભાગમાં શિઆલકોટના નામથી પ્રસિદ્ધ છે)માં મોકલ્યો. ત્યાં જિતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. રાજા પ્રદેશીનો જિતશત્રુ સાથે ઘણો ગાઢો સંબંધ હતો. શા માટે નહોય? રાજાઓનું તો એ કર્તવ્ય છે કે પરસ્પર મીઠો સંબંધ રાખે. રાજા પ્રદેશીએ પોતાના પ્રધાનને આજ્ઞા કરી હતી કે, "જ્યારે રાજા જિતશત્રુ તમને અત્રે આવવાની આજ્ઞા આપે, ત્યારે તમે આવજો." પ્રધાન ત્યાંથી નીકળીને શ્રાવસ્તિ આવ્યો. અને પોતાના રાજા તરફથી રાજાને કુશળતાના સમાચાર પૂછી, તેણે મોકલાવેલી ભેટ રાજા જિતશત્રુને અર્પણ કરી. રાજાએ પ્રધાનનો યથાયોગ્ય સત્કાર કરી, પોતાને ત્યાં અતિથિ તરીકે રોકયો.

એ સમયે ત્યાં કેશીશ્રમણ મુનિ મહારાજ પોતાની શિષ્ય મંડળી સહિત વિરાજતા હતા. તેઓ હંમેશાં પ્રાતઃકાળે ઉપદેશ કરતા હતા. રાજા જિતશત્રુ પણ ઉપદેશ શ્રવણ કરવાને જતો હતો. અત્રે આવેલા પ્રધાનને કોઈની મારફતે મુનિશ્રી વિષે સમાચાર મળ્યા, તેથી તેણે વિચાર કર્યો કે ઉપદેશ કેવો થાય છે? મુનિ કેવા છે? તે વિગેરેથી પરિચિત થવું જોઇએ. આ પ્રમાણેનો વિચાર કરી પ્રધાન વ્યાખ્યાન સ્થળે પહોંચી ગયો. રાજા જિતશત્રુ મુનિની સન્મુખ જઇ, નમસ્કાર કરીને નીચે બેઠો, પ્રધાન પણ તેજ મુજબ નમસ્કાર કરીને મુનીની સમીપ બેઠો. ત્યારબાદ કેશીશ્રમણ મુનિએ પોતાની ઓજસ્વી ભાષામાં, ગંભીરતાપૂર્ણ, સારગર્ભિત્ત શબ્દોમાં ઇશ્વર, આત્મા, સ્વર્ગ તથા નરકના અસ્તિત્વનું દિગ્દર્શન કરાવ્યું. આ વ્યાખ્યાને પ્રધાનના હૃદય ઉપર પુષ્કળ પ્રભાવ પાડયો. મુનિના

પ્રત્યેક શબ્દમાં ભાવના હતી, રસ હતો, અગાધ જ્ઞાન હતું. વળી સમર્થ વ્યાખ્યાન અમૃતની માફક હૃદયને પરમ સુખદાયક હતું. મુનિના શબ્દોએ પ્રધાનના હૃદયમાં ઇશ્વર, આત્મા, સ્વર્ગ, તથા નરક આદિના અસ્તિત્વ વિષે નવીન પ્રકાશ પાડ્યો. ઉપદેશ સમાપ્ત થયા બાદ પ્રધાને પોતાને ધન્યવાદ આપી મુનિશ્રીને વિનયપૂર્વક કહ્યું. "હે ભગવન્! આજપૂર્વે હું નાસ્તિક હતો. પરંતુ આજે આપના અમૃતતુલ્ય ઉપદેશનું પાન કરી હું આસ્તિક બન્યો છું. સ્વામિન્! જેવો હું નાસ્તિક હતો, તેવોજ સિતમ્બકા નગરીનો નૃપાલ પ્રદેશી પણ નાસ્તિક છે. તેથી જો આપ કૃપા કરી ત્યાં પધારશો, અને તેને ઉપદેશ કરશો, તો ઘણો ભારે ઉપકાર થશે. કૃપા કરી મારી આ વિજ્ઞપ્તિનો આપ સ્વીકાર કરો." કેશીશ્રમણે ઉત્તર આપ્યો, "જોઇશું." આ સાંભળી પોતાની વિજ્ઞપ્તિનો સ્વીકાર થશે, એવી પ્રધાનને ઝાંખી થઈ.

થોડા દિવસો વીત્યા બાદ શ્રાવસ્તિના ભૂપાલે આવેલા પ્રધાનને પ્રદેશી રાજા માટે ઉપહાર આપી પાછા ફરવાની આજ્ઞા આપી. તે મુજબ પ્રધાન પોતાને નગર પાછો ફર્યો, અને રાજા જિતશત્રુની રાજાને ક્ષેમકુશળતાના સમાચાર પુછી રાજાએ મોકલેલી ભેટ અર્પણ કરી. ત્યારબાદ પ્રધાને માળીને આજ્ઞા કરી કે 'મોં ઉપર 'મુહપત્તિ' બાંધેલા સાધુઓ અહીં આવી ચઢે તો તેમને વિશ્રાન્તિ સ્થાન આપી તેમના આવ્યાના સમાચાર આપવા આવજે.'

કેટલાક દિવસો વીત્યા બાદ પેલા કેશીશ્રમણ મુનિએ પોતાના ધર્મોપદેશનો અનેક મનુષ્યોને લાભ આપી સિતમ્બકા નગરીમાં પધરામણી કરી. મુનિશ્રીના આગમનના સમાચાર

સારાયે નગરમાં વાયુવેગે ફેલાઇ ગયા, અને તેમનો ઉપદેશ શ્રવણ કરવાને નગરનાં નરનારીઓ એકત્ર થવા લાગ્યાં. તે સમયે પ્રધાન પણ ત્યાં ઉપસ્થિત થયો. ઉપદેશ પૂર્ણ થયા બાદ પ્રધાને મુનિશ્રીને વિનયપૂર્વક કહ્યું, ભગવન્? આવો ઉપદેશ રાજાને કરશો તો અત્યુત્તમ થશે." મુનિએ કહ્યું, "પ્રધાનજી! મનુષ્યને જ્ઞાન શ્રવણનો લાભ ચાર પ્રકારે મળી શકે છે. પ્રથમ તો મુનિઓ પાસે નમ્ર બની જવાથી, બીજું મુનિઓના નિવાસસ્થાન પર જવાથી ત્રીજું મુનિઓને સ્વહસ્તે ભોજન આપવાથી, અને ચોથું કોઇ પણ સ્થાન પર મુનિ મળે તો નમ્રતાથી વર્તવાથી જ્ઞાન શ્રવણની પ્રાપ્તિ થાય છે. તમારા રાજામાં આ ચારમાંનું એક પણ લક્ષણ નથી તો પછી જ્ઞાન પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે?" પ્રધાનજીએ વિનય-ભાવથી જણાવ્યું, "ભગવન! હું રાજાને એક વખત તો જરૂર અત્રે લાવીશ."

તક સાધીને પ્રધાને રાજાને વિજ્ઞપ્તિં કરી કે અમુક દેશના ઘોડાઓ સારથીને ગતિમાં નિપુણતા લાવવા માટે સોંપવામાં આવ્યા હતા. તે સઘળા હવે નિપુણ થઇ ગયા છે. તેથી આપ રથમાં બેસીને તેમની તરફ નિગાહ કરો. રાજાએ આ વાતનો સ્વીકાર કર્યો એટલે પ્રધાને સારથીને રથ જોડીને આવવાની આજ્ઞા કરી. રાજા તથા પ્રધાન બંને એ રથમાં બેસી નગર બહાર ફરવાને ગયા. પાછા ફરતી વખતે જે બાગમાં મુનિશ્રીને નિવાસ કરાવવામાં આવ્યો હતો, તેજ બાગમાં તેઓ વિશ્રાન્તિ લેવા ઉતર્યા. રાજાની દૃષ્ટિ પેલા મુનિ ઉપર પડતાં તે ચોંકી ઉઠયો અને બોલ્યો :—

રાજા:—પ્રધાન! પેલો મૂર્ખ કોણ છે?

પ્રધાન:—મહારાજ! એ મૂર્ખ નથી, પણ પ્રખર વિદ્વાન છે. તેઓ શરીર અને આત્માને અલગ માને છે અને ઈશ્વર, સ્વર્ગ તથા નરકને પણ માને છે.

રાજા:—નહિ, નહિ, પ્રધાનજી! એને કોઈ તર્કશાસ્ત્રીનો ભેટો થયો નહિ હોય, તેથી તે આમ માનતો હશે. શરીર અને આત્મા એકજ છે, અને નરક કે સ્વર્ગ જેવું કશુંજ નથી.

પ્રધાન:—હે નરેશ! આપના મનના કાલ્પનિક વિચારોથી આપ ભલે એમ માનો. પરંતુ આ તો પ્રમાણ આપી અસ્તિત્વ સાબિત કરે છે.

રાજા:—આપણે એને પ્રશ્ન કરીશું તો તે ઉત્તર આપશે?

પ્રધાન:—જરૂર આપશે.

રાજા:—તો તો ઠીક, ચાલો, આપણે પણ જઈએ.

રાજા તથા પ્રધાન બંને ત્યાં જઈ મુનિની સન્મુખ ઉભા રહ્યા. રાજાના મનમાં અભિમાન હતું કે પહેલાં આ મુનિ મારૂં સ્વાગત કરે, અને મારી સાથે નમ્રતાથી બોલે. ઘણો સમય વીતી ગયો. મુનિ શાન્તિપૂર્વક બેઠા રહ્યા. પરંતુ રાજાનું સ્વાગત કર્યું નહિ. ત્યારે રાજામાં કંઈક સાન આવી અને તેથી વિચાર કરી મુનિને પુછવા લાગ્યો.

રાજા:—સ્વામિન્! શું આપ શરીર અને આત્માને અલગ માનો છો? જો એમ માનતા હો તો કયા પ્રમાણથી?

વળી એક બીજી વાત પણ આપને પુછું છું કે શું આપને *એવું જ્ઞાન છે કે જે દ્વારા ન સાંભળેલી તથા ન જાણેલી* વાતને આપ કહી શકો?

મુનિઃ—હે રાજન! જેમ કોઈ વેપારી દાણચોરી કરી માલ લઇ જવાની પેરવી કરતો હોય, તેવી વાત તેં તો કહી. વિનયભાવની ચોરી કરી જ્ઞાન રૂપી માલ તું લઈ જવાનો વિચાર કરે છે.

મુનિનાં આ વચનો સાંભળી રાજા સમજી ગયો, અને વિનયપૂર્વક મુનિને કહ્યું :—

રાજા:—ભગવન્! આપની આજ્ઞા હોય તો અહીં બેસું.

મુનિઃ—રાજન્! આ બાગ તમારી માલિકીનો કહેવાય છે. આ ધર્મસ્થળ ઉપર બેસવાની કોઇને મનાઇ નથી. તમે મારી પાસે આવતા પહેલાં જ્યાં વિશ્રામ લીધો ત્યાં મને મૂર્ખ કહ્યો હતો કે નહિ?

રાજા:—આપનું કહેવું સત્ય છે. મેં આપને મૂર્ખ કહ્યા હતા, આપ સાચા જ્ઞાની છો.

આ સમયે રાજાને વિશ્વાસ બેઠો કે આ મુનિ ખરેખર મને સમજાવશે.

રાજા:—ભગવન્! શરીર અને આત્મા જુદાં નથી. આ શરીર તો પાંચ તત્ત્વો (પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ)નું પૂતળું છે. અંત સમયે એ પાંચે તત્ત્વો વિખુટાં પડી પોતાના મૂળ તત્ત્વમાં ભળી જાય છે. તેથી સ્વર્ગ નથી. નરક નથી, તેમજ પુનર્જન્મ પણ નથી. મનુષ્ય

ધર્મના નામે વૃથા ધતીંગ ચલાવે છે. શું આપ સ્વર્ગ અને નરકમાં માનો છો? શું શરીર તથા આત્મા આપના સિદ્ધાંત અનુસાર પૃથક પૃથક છે? જો અલગ અલગ હોય તો પછી મારા દાદા કે જે મારા ઉપર અત્યન્ત પ્રેમ રાખતા હતા, તે ગુજર્યા બાદ આપના કથાનાનુસાર નરકમાં ગયા હશે. કેમકે તે મારા કરતાં અનેકશઃ હિંસક હતા. તેમનું હૃદય પાષાણસમ હતું. હિંસા કરતી વખતે તેમના હૃદયમાં લેશ માત્ર દયાનો સંચાર થતો નહિ. તેથી મૃત્યુ બાદ તે અવશ્ય નરકમાં ગયા હશે. તે મારી પાસે આવી મને એમ કેમ નથી કહેતા કે હે પૌત્ર! તું હિંસા આદિ અત્યાચારો કર નહિ. નહિ તો નરકમાં પડી મારી માફક તારે પણ દુઃખ ભોગવવું પડશે.”

મુનિઃ—રાજન! સાંભળો, ધ્યાનપૂર્વક સાંભળો. આનો ઉત્તર તો સીધો અને સરલ છે. તમે તમારી પત્નિઓ સાથે જો બીજા કોઇ પુરૂષને કુચેષ્ટા કરતો જુઓ તો તે પુરૂષને શું શિક્ષા કરશો?

રાજાઃ—ભગવન્! સજા શું કરૂં? તેને તો જાનથી મારી નાખું.

મુનિઃ—જરા સબુર. બોલવામાં આટલી બધી ઉતાવળ ના કરો. અરે! તેને જરા થોડા સમય માટે તો જવા દેશોને?

રાજાઃ—નહિ, મહારાજ! વિલંબ કરવાની જરૂર શી? તેને તો દેખતાં વેંતજ તલવારથી તેના બે કટકા કરી નાખું. એમાં તો પ્રધાન જેવાની પણ સંમતિ લેવાની આવશ્યકતા નથી.

મુનિઃ—રાજા! આટલી બધી ઉતાવળ કેમ? જો પેલો અપરાધી થોડા સમય માટે પોતાના કુટુંબીઓને મળવા ચાહે, અગર તે પોતાના કુટુંબીજનોને એમ પણ કહેવા ઇચ્છે કે તમે લોકો મારા જેવો દુરાચાર કરશો નહિ, નહિ તો કદાપિ મારી માફક માર્યા જશો, તો તેને તેમ કરવાને સમય આપશો કે નહિ.

રાજાઃ—ભગવન્! એ આપે શું કહ્યું? હું તે અપરાધીને ઘેર જવા દેવાની વાત તો દૂર રહી, પરંતુ મોઢેથી બોલવા પણ દઉં નહિ, તો પછી સાંભળવાની તો વાતજ શી?

મુનિઃ—રાજન્! જ્યારે તમે માત્ર એકજ અપરાધ કરનારને થોડા સમય માટે પણ છોડી શકો નહિ. તો પછી તમારા દાદા જેમણે એક બે નહિ બલ્કે અનેક અત્યાચાર કર્યા હતા, તેમને પરમધામવાસી યમદૂતો અહીં શા માટે આવવા દે? કદાપિ આવવા દેશે નહિ. બસ, તારા પ્રશ્નનો આજ યથાર્થ ઉત્તર છે.

રાજાઃ—ભગવન્! આપ બુદ્ધિના સાગર છો. ન્યાય તથા પત્થરને જ્યાં બેસાડવામાં આવે ત્યાં બેસે છે. પરંતુ હું આ માનતો નથી. અનેક અત્યાચારો કરનાર મારા દાદાને યમદૂતો ન છોડે તો તે કબુલ. તેમને જવા દો. કેમકે તે તો પરતંત્ર છે. પરંતુ મારી દાદીમા તો બહુ પરોપકારિણી હતી. તે હંમેશાં સઘળાંને સુખ આપતી. મતલબમાં તે પોતાની ઇચ્છાનુસાર કાર્ય કરતી હતી. તે આપના મત અનુસાર અવશ્ય સ્વર્ગમાં ગઇ હોવી

જોઇએ. તે ત્યાંથી આવી મને એમ કેમ કહી જતી નથી કે, "પૌત્ર! પરોપકાર કરવાને લીધે હું સ્વર્ગમાં સર્વ પ્રકારના આનંદ મેળવું છું. તેથી તું પણ અત્યાચાર ત્યજીને પરોપકાર કર, જેથી સ્વર્ગમાં આવી તું પણ આનંદ લૂંટી શકશે.

મુનિઃ—હે રાજન્! બસ તમારો આજ સવાલ છે? તમારા આ પ્રશ્નના ઉત્તર આ પ્રમાણે છે. કોઇ એક દિવસ તમે સ્નાન કરી વસ્ત્રાભૂષણથી સજ્જ થઈ દેવાલયમાં દેવપૂજન કરવાને જાવ છો, તે વખતે રસ્તામાં કોઇ ભંગી તમને જાજરૂમાં જવા બોલાવે તો તમે શું ત્યાં જશો?

રાજાઃ—ભગવન્! ત્યાં જવાની વાત તો વેગળી રહી, પરંતુ તેના તરફ જોવાની પણ ઇચ્છા કરૂં નહિ.

મુનિઃ—રાજા! બસ, તમારા પ્રશ્નના ઉત્તર મળી ગયો. જેમ તમે ત્યાં જવા ચાહતા નથી, તેમ તમારી દાદી પણ મૃત્યુલોકમાં શા માટે આવે? કદાપિ નહિ. કેમકે મૃત્યુલોકની દુર્ગંધ બહુ દૂર સુધી પ્રસરેલી હોય છે. અસ્તુ. ઘડીભર માટે એમ માની લો કે દેવતાઓ સુગંધિત પદાર્થોના ઉપયોગ કરીને આવી શકે છે. પરંતુ તેમ કરતાં પણ તેના આવવામાં વિલંબ થાય છે જેમકે કોઈ ધર્માત્મા અહીં મૃત્યુશરણ થઇ સ્વર્ગમાં જાય કે તરતજ અહીં આવવાની ઈચ્છા કરે તો અન્ય દેવતા દેવીઓ તેને કહે છે કે, "તમે અહીં ઉત્પન્ન થયા છો, તો અહીંનું દૃશ્ય પણ બે ઘડી તો જુઓ. ત્યાર બાદ મૃત્યુલોકમાં જજો કેમકે તમે દેવતા થયા છો, તેની સાક્ષીરૂપે અહીં

જોએલી રચનાનું વર્ણન કરજો. બસ પછી શું?" દેવતાઓની બેઘડી (મુહૂર્ત) આપણા સંસારનાં બે હજાર વર્ષ સમાન હોય છે. હવે તમેજ કહો કે બે હજાર વર્ષ પછી તે જેની પાસે આવવા ઇચ્છે, તેનાં હાડકાં સરખાનું ચિન્હ મળવું મુશ્કેલ નહિ, પણ અસંભવિત છે.

રાજા—ભગવન્! બરાબર છે. ઉપરોકત પ્રશ્નના ઉત્તર ઉપરથી હું એક બીજી વાત પુછું છું. કે એક દિવસ હું સિંહાસન-પર બેઠો હતો. તે વખતે એક અપરાધીને મેં તેના ભારે ગુન્હા માટે પ્રાણદંડની સજા કરી. મારે એ પરિક્ષા કરવી હતી કે જીવ તથા શરીર એક છે કે જુદાં? બસ, મેં પેલા અપરાધીને મારી નાંખ્યા સિવાય લોખંડની એક મજબૂત પેટીમાં પૂરી, ઢાંકણુ બંધ કરાવ્યું. અને ચારે તરફથી એવી સખત બંધ કરાવી કે કોઈ પણ સ્થળે વાયુ જવાનું એક છિદ્ર સરખું રહ્યું નહિ. તે પેટીને એક સુરક્ષિત સ્થાનમાં રાખવામાં આવી, અને તેના સંરક્ષણ માટે ચોતરફ સંરક્ષકોને પહેરો બેસાડવામાં આવ્યો, તથા તેમને સૂચવવામાં આવ્યું કે એ પેટીમાંથી કોઈ નીકળે અગર તો તે તૂટે ફૂટે તો મને તરતજ સમાચાર આપજો. પાંચ સાત દિવસ સુધી તેના કંઇપણ સમાચાર મને મળ્યા નહિ, તેથી તે પેટી કોઇ ઠેકાણે તૂટી ફૂટી છે કે કેમ? તેનું મેં જાતે નિરીક્ષણ કર્યું. પરંતુ મને પણ તે કોઇ ઠેકાણે તૂટેલી ફૂટેલી લાગી નહિ. જ્યારે તે પેટીને તોડીને જોવામાં આવ્યું, તો પેલો અપ-રાધી અંદર મરણ શરણ થએલો પડયો હતો. હે સ્વામિન હવે કહો. જો શરીરમાં જીવ જુદો હોત તો તે પેટીને

તોડીને જીવ બહાર નીકળી આવત, પરંતુ તેમ ના થયું. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જીવ જેવું કશુંજ નથી. જે કંઇ છે તે આ શરીરજ છે.

મુનિઃ—હે રાજન્! તમે આવી કેવી ભોળી વાતો કરો છો? શું જીવને શરીરમાંથી મુક્ત થઈ નીકળી જવા માટે માર્ગની જરૂર છે? કદાપિ નહિ. જીવને રોકવાને માટે લોખંડ તો કંઈ વિસાતમાં નથી. વજ્ર જેવાની પણ શક્તિ નથી. તે તો નિરાકાર છે. તે આ દૃષ્ટાંત ઉપરથી સમજાશે. જેમ કોઈ એક મકાનની અંદર ઉંડાણના સાતમા ઓરડામાં કોઈ વ્યક્તિ વાજાં–વાદ્યયંત્ર–લઈને બેસે પછી સાતે ઓરડાનાં કમાડ બંધ કરવામાં આવે. અને પછી તે વાદ્યયંત્ર બજાવે તો શું તેનો અવાજ બહાર આવશે?

રાજાઃ—ભગવન્! અવાજ તો જરૂર બહાર સંભળાશે.

મુનિ—હે રાજન્! તે અવાજ કયે માર્ગેથી બહાર આવ્યો હશે? તેમાં તો માર્ગની બિલકુલ જરૂર જેવું નથી. તેજ પ્રમાણે આ શરીરમાંથી જીવ નીકળી જાય છે, તેને જવાને માટે પણ કોઈ માર્ગની આવશ્યક્તા હોતી નથી.

રાજાઃ—ભગવન્! એ વાત જવા દો. હું એમ કહું છું કે કોઈ એક પ્રાણદંડના અપરાધીને મારી નાખી પૂર્વ સૂચિત લોખંડની પેટીમાં પૂરવામાં આવ્યો. પાંચ સાત દિવસ પછી તે પેટીને ઉઘાડી જોયું તો તેમાં લાખો કીડા ખદબદતા હતા. હવે હે સ્વામિન્! કહો કે એ કીડા કયે માર્ગેથી અંદર ઘુસી ગયા? પેટીને તો કોઈ પણ સ્થાને એક પણ છિદ્ર હતું નહિ.

મુનિઃ—હે રાજન્! તમે કોઇ દિવસ લુહારની ભઠ્ઠી પાસે જઈ જોયું હશે કે લોખંડના દડાને જેમ વિશેષ ગરમ કરવામાં આવે છે, તેમ તે લોખંડ લાલચોળ થઈ જાય છે. હે રાજન્! એ લાલ શું પદાર્થ હશે તે કહો.

રાજાઃ—મહારાજ! એ તો અગ્નિ છે.

મુનિઃ—કેમ, રાજા! સાકાર અગ્નિ લોહ પિંડમાં કયે માર્ગેથી દાખલ થયો?

રાજાઃ—નહિ, મહારાજ! તેમાં માર્ગની બિલકુલ આવશ્યકતા નથી.

મુનિઃ—રાજન્! બસ, એજ પ્રમાણે જે કીડાઓમાં જીવ ઉત્પન્ન થયા, તેને માટે પણ માર્ગની બિલકુલ આવશ્યકતા ન હતી.

રાજાઃ—ભગવન્! આપને હું ફરીથી પુછું છું કે જો શરીર અને આત્મા અલગ છે એમ સિદ્ધ હોય તો નિરોગી નવયુવાન અને રોગગ્રસ્ત બાળક એ બંનેએ છોડેલાં તીર સરખે અંતરે કેમ નથી જતાં? આ ઉપરથી સિદ્ધ થાય છે કે જે કંઇ છે તે શરીરજ છે. શરીરની અશક્તિને લીધેજ બંનેના હાથથી છોડેલાં તીર સરખે અંતરે પહોંચ્યાં નહિ. તેથી જે કંઇ છે તે શરીરજ છે. આત્મા આદિ કશુંજ નથી.

મુનિઃ—હે નરેશ! નિરોગી નવયુવાન માફક રોગી બાળક તીર છોડી શકતું નથી એ કેવળ શરીરનું કારણ છે. આત્મા તો એકસરખો છે. જેમ નવીન કાવડ જેટલો બોજો ઉઠાવી શકે છે એટલો બોજો જર્જરિત (જુની)

કાવડ ઉઠાવી શકતી નથી. કાવડોનો ભેદ હોય છે, તેજ પ્રમાણે તંદુરસ્ત નવયુવાનના શરીર અને રોગગ્રસ્ત બાળકના શરીરમાં ભેદ હોય છે. તેથીજ તે બંનેના તીર સરખે અંતરે જઇ શકતાં નથી.

રાજા:—મહારાજ! જેમ યુવાન પુરૂષ લોખંડનો બોજો ઉઠાવી શકે છે, તેમ બાળક કેમ નહિ ઉઠાવી શકતું હોય? આપના કથનાનુસાર આત્મા તો એકસરખોજ છે.

મુનિ:—હે રાજન્! આત્મા તો એકસરખો છે. પણ તેમાં સામગ્રીનો ભેદ છે. જેમ, નવીન રસા (દોરડા)થી જેટલો બોજો ઉઠાવી શકાય છે, તેટલો ભાર જીર્ણ રસા-દોરડાથી ઉઠાવી શકાતો નથી. બાળકનો આત્મા તો યુવાન પુરૂષ જેવો છે, પરંતુ તેનાં અંગોપાંગનો વિકાસ થવાનો બાકી છે.

રાજા:—ભગવન્! આપની યુક્તિઓ મારા પ્રશ્નોને તાત્કાલિક સરળ કરી નાખે છે. તો પણ હજુ મને મારા હૃદયમાં સમાધાન થતું નથી. તેથી આપને ફરીથી પ્રશ્ન પુછું છું. આપ ક્રોધાયમાન થશો મા. એ પ્રશ્ન એ છે કે કોઇ એક પ્રાણદંડ કીધેલા અપરાધીને પહેલાં ત્રાજવામાં તોળવામાં આવે, ત્યારબાદ તેનો શ્વાસ રૂંધાવી મારી નાખવામાં આવે, અને ત્યાર પછી તેનો ફરીથી તોલ કરવામાં આવે તો જેટલું વજન તે જીવતો હોય છે ને થાય છે, તેટલુંજ વજન મૃત્યુ પામ્યા બાદ થાય છે. તો પછી હે મુનિરાજ! અનંત શક્તિમાન આત્મા તે શરીરમાંથી છૂટો પડી ચાલ્યો ગયો, તો પછી શરીર વજનમાં હલકું કેમ ન થયું! હલકું ન થયું, તે ઉપરથી સિદ્ધ થાય છે કે માત્ર શરીરનુંજ અસ્તિત્વ છે. તેમાં આત્મા વગેરે કંઇજ નથી.

મુનિઃ—હે રાજન્! તમારી આ શંકાના જવાબમાં મને આટલુંજ કહેવું વાજબી લાગે છે કે જેમ કોઇ માણસ, માત્ર દિવેટનું વજન કર્યા પછી, તેમાં હવા ભરે અને ત્યાર પછી તેનું વજન કરે તો શું તેના વજનમાં વધારો થશે? તેજ પ્રમાણે શરીરમાંથી આત્મા નીકળી જતાં, તેના વજનમાં ઘટાડો થતો નથી.

રાજાઃ—ભગવન્! આપને એક બીજો પણ પ્રશ્ન પૂછવાનો છે. એક દિવસ એક પ્રાણદંડના અપરાધીના બે કટકા, પછી ચાર, પછી આઠ, સોળ, બત્રીસ એમ ટુકડે ટુકડા કરી દરેક વખતે જોયું, પરંતુ શરીરમાં કોઇ પણ સ્થળે આત્મા દૃષ્ટિગોચર થયો નહિ. આ ઉપરથી સ્વયંસિદ્ધ થાય છે કે આત્મા જેવી વસ્તુજ નથી. જે કંઇ છે તે શરીરજ છે.

મુનિઃ—હે રાજન્! તમે અનભિજ્ઞ કઠિયારા જેવા છો. દૃષ્ટાંત તરીકે, ચાર કાષ્ઠ વેચનાર કઠિયારા હતા, એક દિવસ તેઓ ચારે જણ એકઠા મળી જંગલમાં લાકડાં લેવા ગયા. ત્યાં ચારમાંના એક જણને ત્રણે જણાએ કહ્યું, 'અમે લાકડાં કાપી એકઠાં કરીશું. તેટલા વખતમાં અરણીના કાષ્ઠમાંથી અગ્નિ કાઢી ભોજન તૈયાર રાખજે.' આમ કહી પેલા ત્રણે જણ જંગલમાં ચાલ્યા ગયા, ત્યાર બાદ પેલા એકલા કઠિયારાએ અરણીના લાકડામાંથી આગ પ્રાપ્ત કરવાને માટે પહેલા તેના બે ટુકડા કર્યા. પછી ચાર, આઠ, સોળ, બત્રીસ, એમ ટુકડે ટુકડા કરી તેમાં આગની શોધ કરી. પરંતુ કોઇ પણ સ્થળે આગ નજરે ચઢી નહિ. તેથી તે ક્રોધિત થઇ ભોજન કર્યા સિવાય ત્યાંનો ત્યાંજ બેઠો રહ્યો. કેટલોક વખત વીત્યા પછી

પેલા ત્રણ જણા કાષ્ઠ લઇ પાછા ફર્યા અને આવતાં વેંતજ પુછ્યું, "કેમ, ખાવાનું તૈયાર કર્યું છે કે નહિ?" પેલો કઠિયારો ક્રોધાયમાન તો હતોજ તેમાં આ પ્રશ્ન થતાંજ વિશેષ ક્રોધાયમાન થઇ બોલ્યો, 'આગ વિના શું રાખ વડે રસોઇ બનાવું? તમે લોકો તો અરણીના લાકડાંમાંથી આગ કાઢવાનો હુકમ કરી ચાલ્યા ગયા. તે શું એમાં આગ ભરી છે?" આ સાંભળી પેલા ત્રણે જણા હસી પડયા અને બોલ્યા, 'અરે મૂર્ખ! શું અરણીના ટુકડે ટુકડા કરવાથી આગ મળતી હશે કે?' તેજ પ્રમાણે હે રાજન! તમે પણ દેહના ટુકડે ટુકડા કરી આત્માને જોવા માગો છો, પરંતુ કદાપિ કાળે તેમ થઇ શકતું નથી.

રાજા:—ભગવન્! હવે હું બીજું કંઇ પણ પુછીશ નહિ, અગર તો પ્રશ્નોના ગંભીર તરંગોમાં ઉતરીશ નહિ. પરંતુ આપ મને મારી હથેળીમાં આત્માને દેખાડો. બસ, પછી હું માની લઇશ કે શરીર અને આત્મા એ બે અલગ અલગ છે. પછીથી ઇશ્વર, પુણ્ય, પાપ, પુનર્જન્મ વિગેરે સઘળું અસ્તિત્ત્વ ધરાવે છે, એમ હું માનીશ.

મુનિ:—હે રાજન! વૃક્ષો તરફ જુઓ. તેમનાં પાંદડાંને કોણ હલાવી રહ્યું છે?

રાજા:—મહારાજ! વાયુ હલાવી રહ્યો છે.

મુનિ:—ત્યારે શું તમે એ વાયુને જોઇ શકો છો? જો તમારૂં કહેવું સાચુંજ હોય તો મારી હથેળીમાં થોડો વાયુ લાવીને બતાવો.

રાજા:—ભગવન્! હવાને ન તો હું જોઇ શકું છું, અને ન તો આપની હથેળીમાં લાવી બતાવી શકું છું.

મુનિ:—એજ પ્રમાણે હે રાજન! નિરાકાર આત્માને હું કેવી રીતે બતાવી શકું? અને તમે પણ તેને કેવી રીતે જોઇ શકશો?

રાજા:—ભગવન્! આપે બહુ સરસ ઉત્તર આપ્યો. પરંતુ હજુ પણ મારા મનનું સમાધાન થતું નથી. તેથી આપને બીજું પુછુંછું કે હે સ્વામિન્! આપના મતાનુસાર હાથીને સ્થૂલ આત્મા, કંથવો કે જે સૂક્ષ્મતમ દેહધારી છે, તેમાં કેવી રીતે પ્રવેશ કરતો હશે?

મુનિ:—હે રાજન! જેવી રીતે દીપકને ઘરમાં રાખીએ તો આખા ઘરમાં પ્રકાશ આપશે, તેવીજ રીતે તેજ દિવાને ટોપલીથી ઢાંકી દેવામાં આવે તો, તે ટોપલીમાંજ પ્રકાશ આપશે, તેજ રીતે તે દીપકને વાડકાવડે ઢાંકી દેવામાં આવે તો માત્ર વાડકામાંજ પ્રકાશશે. હે નરપતિ! હવે તું સમજી શકશે કે જેવી રીતે આખા મકાનમાં પડતો પેલો પ્રકાશ કટોરામાં પ્રવેશી શકયો, તેવીજ રીતે હાથીનો સ્થૂલ આત્મા કંથવાના શરીરમાં પ્રવેશ કરે છે. નાનું મોટું કદ એ શરીરનું હોય છે, આત્માનું નહિ. હા, નિમિત્ત મળતાં આત્મા સંકુચત કે પ્રસરિત થઇ શકે છે.

રાજા:—ભગવન્! બસ, મારા પ્રશ્નોના ઉત્તર સારી રીતે મળી ચૂકયા અને મને હવે સમજણ પણ પડી. હવે શરીર બાબતમાં મારે કોઇ પણ પ્રકારનો સંદેહ રહ્યો નથી. હવે મને મારા શુદ્ધ અંતઃકરણથી આપનામાં શ્રદ્ધા

છે. અને આ સંસારમાં પણ મારા પૂર્વજોનો (બાપ-દાદાનો) જે ધર્મ હશે, તેનો અંગીકાર કરીશ. તેમાં કંઇ પણ સંદેહ રાખશો નહિ.

મુનિઃ–હે નરેશ! તમે તો આ વાત ચાર વેપારીઓ કે જેઓ એક દિવસ એકઠા થઇ પરદેશ જતા હતા, તેમના જેવી કરી. જતાં જતાં રસ્તામાં તેઓએ લોખંડની એક ખાણ જોઇ. તેમાંથી તે ચારે જણે લોખંડની એક એક પોટલી બાંધી લીધી. ગાંસડીઓ લઈ આગળ જતા હતા, ત્યાં રસ્તામાં તેમણે એક તાંબાની ખાણ જોઇ. આ જોઇ તે સ્થળે તેમણે વિચાર કર્યો કે લોખંડને અહીં નાખી દઇએ, અને અહીંથી તાંબુ બાંધી લઇએ. તેમાંના ત્રણ વેપારીઓએ તો લોઢું ફેંકી દઈ તાંબુ લીધું. આ જોઇ બાકી રહેલા એક વેપારીએ કહ્યું, "અરે મૂર્ખો, પહેલાં જે બાંધ્યું, તે બાંધ્યું. વારંવાર બાંધવું છોડવું ઠીક નહિ. હું તો લોખંડજ રાખીશ." પેલા ત્રણ જણાએ તેને ખૂબ સમજાવ્યો, પરંતુ પેલો લોખંડ બાંધનાર નજ સમજ્યો. પેલા ત્રણે તાંબાની ગાંસડીઓ બાંધી આગળ ચાલ્યા. માર્ગમાં ચાંદી, સોના, હીરા અને માણેકની ખાણો આવતી ગઈ. તેમ તેમ તેઓ એકને છોડી બીજાને બાંધવા લાગ્યા. આખરે તે ત્રણે જણાએ માણેકની ગાંસડીઓ બાંધી લીધી, પરંતુ પેલો વેપારી જેણે લોઢાની ગાંસડી બાંધી હતી, તેણે તેમાં બિલકુલ ફેરફાર કર્યો નહિ. તેથી પેલા વેપારીઓએ તેને આખરી ખાણ પર ફરીથી સમજાવ્યો કે, "અરે ભાઇ, હવે તો લોઢું ફેંકી દઇ, આ માણેક બાંધી લે." ત્યારે તેણે ઉત્તર આપ્યો–'તમે

સઘળા મૂર્ખશિરોમણી છો. મેં તો મારે એક વખત જે બાંધવું હતું તે બાંધી લીધું. આખરે તે સઘળા પોતાને વતન આવ્યા. તેમાં પેલા ત્રણ તો ખૂબ સુખી થયા, પરંતુ પેલો ચોથો લોહું બાંધી લાવનાર જેવો હતો તેવોજ દરિદ્રી રહ્યો. હે રાજન! હવે હું તને પુછું છું કે તું પણ શું પેલા લોહું બાંધનાર જેવો છે? તેણે જેવું લોહું બાંધ્યું, તેવું તું પણ શું બાંધવા ચાહે છે? અરે! તેં તો અજ્ઞાત અવસ્થામાં નાસ્તિક ધર્મનો સ્વીકાર કર્યો હતો તે કર્યોજ. હવે તો તને જ્ઞાનરૂપી માણેકની ખાણ મળી છે, તો પછી હવે પણ અજ્ઞાનરૂપી લોખંડનો ત્યાગ કરશે નહિ? યાદ રાખ કે જો તું લોખંડનો ત્યાગ કરશે નહિ તો ચોરાશી લાખ ફેરા ફરવાના તારે માટે કાયમ રહેશે.

રાજા:—ભગવન્! હવે તો બધી સમજણ પડી ગઇ. જે કંઇ શંકા હૃદયમાં હતી તે સઘળી ટળી ગઇ. હૃદય વિશુદ્ધ થઇ ગયું. સ્વામિન્! હું લોઢાવાળા વેપારી જેવો નથી. હું તો સત્યનો ગ્રાહક છું. નાસ્તિકપણારૂપી લોખંડનો હું ત્યાગ કરી આસ્તિક ધર્મ રૂપી માણેકની ગાંસડી બાંધી લઇશ.

આવું કહી રાજાએ આસ્તિક ધર્મનો સ્વીકાર કર્યો, અને મુનિરાજને કહ્યું, હવે હું ઇશ્વર, પુણ્ય, પાપ, આત્મા, શરીર તથા પુનર્જન્મ આદિ સઘળાને માનીશ અને ધર્મ પર નિષ્ઠા રાખીશ. આજથી નાસ્તિકતાનો હું ત્યાગ કરૂં છું.

ત્યાર બાદ કેશી શ્રમણ મુનિ ત્યાંથી વિહાર કરી અનેક દેશદેશાન્તરોમાં ધર્મ પ્રચાર કરી અન્તે મોક્ષ પદને પામ્યા.

રાજા પ્રદેશી પણ ધર્મ પર સારી રીતે નિષ્ઠા રાખી દાન, દયા તથા પરોપકાર કરતો કરતો અંતે સદ્‌ગતિને પામ્યો. આનું વર્ણન "રાય પ્રસેણી સૂત્ર" માં ખૂબ લંબાણથી કરવામાં આવ્યું છે.

હે હિન્દુકુલસૂર્ય મેવાડાધિપતિ! આ પ્રમાણે તે પ્રદેશી રાજાએ સત્સંગના પ્રભાવથી ઉચ્ચ પદ પ્રાપ્ત કર્યું. સત્સંગના મહિમાનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. સત્સંગનો મહિમા અપરંપાર છે.

ત્યાર પછી મુનિશ્રીએ ઉપદેશને સમાપ્ત કરતાં કહ્યું, હે મહારાણા સાહેબ! આપની આ નગરીમાં ધર્મધ્યાન બહુ સારી રીતે થયાં સેંકડો મનુષ્યોએ દુરાચરણોનો ત્યાગ કર્યો, અને તેથી મારૂં ચિત્ત અત્યંત પ્રફુલ્લિત થયું છે. આપે પણ અત્યંત ઉપકાર કર્યો છે.

આ સાંભળી મહારાણા સાહેબે મુનિશ્રીને પુછ્યું. "આપ કાલે કયે વખતે પધારશો?" મુનિશ્રિએ કહ્યું—"લગભગ એક અથવા દોઢ વાગે." ત્યારે મહારાણાએ પૂછ્યું—"કઇ બાજુથી પધારશો?" મુનિશ્રીએ પ્રત્યુત્તર આપ્યો—"ઘણા ગામના રહેવાસીઓ પોતપોતાના ગામથી લઈ જવાનો આગ્રહ કરી રહ્યા છે, તેથી જેવો અવસર હશે, તે બાજુ ચાલ્યા જઇશું." ત્યાર પછી મહારાણાજીએ કહ્યું— 'ફરીથી કોઇ દિવસ આ તરફ પધારજો."

મુનિશ્રી ત્યાંથી નીકળી પોતાને નિવાસસ્થાને જતા હતા. એટલામાં મહારાજ કુંવર સાહેબ તરફથી સંદેશો મળ્યો

કે "મુનિશ્રી અહીં પધરામણી કરે." આ પ્રમાણે સમાચાર મળતાં 'સૂર્ય ગવાક્ષ' મહેલમાં પધાર્યા. ત્યાં મહારાજ કુંવર સાહેબે અત્યંત ભક્તિભાવપૂર્વક મુનિશ્રીનું સ્વાગત કર્યું. પછીથી મુનિશ્રીએ ઉપદેશનો આરંભ કર્યો.

# ઉપદેશ.

**पढमं नाणं तओ दया, एवं चिठ्ठइ सव्वसंजए**
**अनाणी किं काही किंवा, नाही सेयपावगं ॥**

દશવૈકાલિક અધ્યાય ૪, ગાથા ૧૦.

હે હિન્દુકુલસૂર્યના યુવરાજ સાહેબ! આ સંસારમાં મનુષ્ય માત્રનું પ્રથમ કર્તવ્ય જ્ઞાન પ્રાપ્તિ કરવાનું છે. કેમકે જ્ઞાન વિના હિત તથા અહિત થાય તેવા માર્ગની સમજણ પડતી નથી. વળી જીવ તથા અજીવને પણ જ્ઞાનદ્વારા જાણ્યા સિવાય દયા પણ કેવી રીતે કરી શકાય? માત્ર જ્ઞાન પ્રાપ્તિથીજ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા તથા મોક્ષનું રહસ્ય જાણી શકાય છે. પ્રત્યેક પદાર્થનું જ્ઞાનદૃષ્ટિથી અવલોકન કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.

જુઓ, જે વખતે કોઇ વરાંગનાનો કોઇ સ્થળે નાચ થવાનો હોય તો તેની જાહેરાત ન થાય છતાં પણ, તે વખતે વગર બોલાવ્યા અનેક મનુષ્યો એકત્ર થઇ જાય છે. ધર્મસ્થાનમાં પાથરણું પાથરવાની આવશ્યકતા હોવાથી કોઇની

પાસે માગણી કરવામાં આવે તો તે વખતે નકારાત્મક જવાબ આપતાં સહુજ પણ વિલંબ કે સંકોચ થતો નથી, પરંતુ વરાંગનાના નૃત્ય માટે પાથરણાની માગણી થાય તો ચારે બાજુથી પૂરવેગે દોડતા લઇ આવે છે. દરેક જણને લેવા મોકલનાર એમ કહે છે કે આ સઘળો કલિયુગનો મહિમા છે, પરંતુ જ્ઞાન થતાં જ્ઞાનીઓએ તે સ્થળે પણ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે.

## સવૈયા.

પરિપૂરણ પાપ કે કારણુતે, ભગવંત કથા ન રુચે જિનકો!
સુકાજ કો છોડ કુકાજ કરે, ધન જાત હૈ વ્યર્થ સદા તિનકો!
ઇક રાંડ બુલાય નચાવત હૈ, નહિં આવત લાજ જરા તિનકો!
મૃદંગ ભનૈ ધિક હૈ ધિક હૈ, સુરતાઝ કહે કિનકો કિનકો!
તબ હાથ પસારિકે રાંડ કહૈ, ધિક હૈ ઇનકો ઇનકો ઇનકો!

અર્થાત્ કોઇ એક માણસ ભગવત કથા છોડીને વેશ્યા નૃત્ય કરાવે છે, તે સ્થળે પણ જ્ઞાનીઓએ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. મૃદંગ ધિક ધિક કહીને ધિક્કાર કરે છે ત્યારે સુર અને તાલ પુછે છે કે કોને ધિક્કારે છે? ત્યારે પેલી વરાંગના લાંબા પહોળા હાથ કરી મહેફિલમાં બેઠેલા તમાશો જોનારા સઘળાઓને બતાવીને કહે છે કે આ સઘળાને ધિક્કાર છે મૃદંગ બોલે છે કે 'ડુબક, ડુબક ડુબક ડુબે છે ત્યારે સારંગી પુછે છે કે "કુન, કુન, કુન, કુનનન' કોણ ડુબે છે? ત્યારે વરાંગના લાંબા પહોળા હાથ કરી બતાવે છે કે આ સઘળા મહેફિલમાં બેઠેલા પ્રેક્ષકો જેઓ મારી તરફ બુરી દૃષ્ટિથી જુએ

છે તે બધા ડુબી જશે. તે લોકો માને છે કે કંચનીએ અમારા તરફ હાથનો ઇશારો કર્યો છે. પરંતુ જ્ઞાનીઓ કહે છે કે તે હાથનો ઈશારો નથી. પરંતુ નરકમાં ધકેલી મૂકવાનો હડસેલો છે.

હે યુવરાજ મહારાજ કુમાર સાહેબ! જ્ઞાનીજનો આવાં સ્થળોએ પણ પોતાના જ્ઞાનદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે, આ જ્ઞાનજ મનુષ્યને મોક્ષનું સાધન છે. ગરૂડ પુરાણમાં કહ્યું છે કે:-

**" मोक्षस्य कारणं साक्षात् तत्वज्ञान खगेश्वर ! "**

આનો ભાવાર્થ એ છે કે વસ્તુનું સ્વરૂપ જ્ઞાનદ્વારા વિચારવાથી આત્માને આત્મિક જ્ઞાન થાય છે. સો એક વરસ પહેલાંની વાત છે, કે "કરકંડુ" નામે એક રાજા હતો. એક દિવસ સહેલગાહે જતાં માર્ગમાં એક તેણે ગાયના વાછરડાને જોયો. તેજ વખતે ગોવાળીઆને બોલાવીને તેણે કહ્યું "આને ખૂબ દુધ પીવડાવજે અને એની પાસે કંઇ પણ કામ કરાવતો નહિ." આમ કહી તે નગરમાં પાછો ફર્યો.

સમય જતાં પેલા વાછરડાને હૃષ્ટ પુષ્ટ થએલો જોઇ રાજાને ખૂબ આનંદ થયો. થોડા દિવસો વીતી ગયા પછી ફરીથી પેલા વાછરડાને જોયો તો તે સમયે તેનામાં ઉઠવાની કે બેસવાની પણ શકિત ન હતી. તેની અવસ્થામાં આવું એકાએક રૂપાન્તર થએલું જોઇ આશ્ચર્ય પામી રાજાએ પ્રધાનને બોલાવી પૂછ્યું:—

રાજા:—પ્રધાનજી! આ વાછરડાની આવી દશા કેમ થઇ ગઇ હશે? વળી આગળ ઉપર (ભવિષ્યમાં) તેનું શું થશે?

પ્રધાનઃ—મહારાજ ! એ વૃદ્ધ થઇ ગયો છે, અને થોડા દિવસો બાદ તે મરણ પામશે.

રાજાઃ—મરવું એટલે શું ?

પ્રધાનઃ—તેના શરીરમાંથી આત્મા નીકળી જશે.

રાજાઃ—વારૂ પ્રધાનજી ! આ જનાવરોની શું આવીજ દશા થતી હશે ?

પ્રધાનઃ—નહિ રાજન્ ! આ ઘટના તો સઘળાને માટે સામાન્ય છે.

રાજાઃ—તો શું મારી પણ આ દશા થશે ?

પ્રધાનઃ—જરૂર. આપ તો શી વિસાતમાં છો ? મોટા મોટા ભૂપતિઓ પણ ચાલ્યા ગયા છે. આ સાંભળી ચોંકી ઉઠીને તે બોલ્યોઃ—

તર્જ પંજીકી.

હમ નહીં મરેં અમર રહેં જગમેં, નહીં બુઢાપો આવેરે;
જાગીરી બક્ષીસ કરૂં, જો દવા ખીલાવેરે.

અર્થાત દૂર દૂરથી વૈદ્ય બોલાવી મારા મરણને ટાળવાની આષધિ બતાવે, અને તે ઔષધિથી મારૂં મોત ન થાય તો તે વૈદ્યને હું ઘણી જાગીરો બક્ષીસ કરૂં.

પ્રધાનઃ—નરેન્દ્ર ! એ મૃત્યુ આગળ તો મોટા મોટા ધન્વંતરિ વૈદ્યો પણ હારી ગયા, અને તેજ મોતના પોતે ભક્ષ બન્યા. કોઇ એક કવિએ—ગાયું છે કેઃ—

(તર્જ–અર્જ પર હુકમ શ્રી મહાવીર)

કહાં હૈં રામ ઔર લક્ષ્મણ, કહાં રાવણ સે બલધારી
કહાં હનુમાન સા જોધા, પતા જિનકે ન થા બલકા.

અર્થાત્ તે ભગવાન રામચંદ્રજી કે જેઓ પિતાના પરમ ભક્ત હતા તથા જેમનું જ્વલન્ત ઉદાહરણ નીચેનાં વાક્યોથી પ્રગટ થાય છે તે ક્યાં છે?

(તર્જ–લાખો પાપી તિર ગએ સત્સંગ કે પ્રતાપસે)
રામ તો માતા પિતા, દોનોંકા તાબેદાર હૈ!
મેરે જાનોં તનકા માતાજી તુમ્હેં અખત્યાર હૈ.

અર્થાત્ ચાહે જાહેર બજારમાં મને શા માટે વેચવામાં ના આવે, પરંતુ આ રામ તો હે માતા પિતા! તમારો દાસ છે. હે માતા! તેની સમક્ષ વનવાસ એ કેવી તુચ્છ ચીજ છે? પુત્રનું કર્તવ્ય છે કે પોતાની માતાની આજ્ઞાનું કદાપિ ઉલ્લંઘન ન કરે. આવા રામચંદ્રજી મહારાજ ક્યાં છે? અને જેમણે બલિષ્ઠ રાવણનો સંહાર કર્યો. એવા લક્ષ્મણજી ક્યાં છે? અને જોરમાં જેનો જોટો ન જડે એવા હનુમાનજી ક્યાં છે? એ યમરાજ નતો કોઇનાથી ડરે છે, અગર નતો કોઇની લાંચ રૂશ્વત લે છે. આ સંસારમાં તો અનેક મનુષ્યો લાંચ રૂશ્વતથી પોતાનું કામ કઢાવી લે છે. એક વાત છે કે કોઇ એક ગરીબનું ખત એક હાકેમ પાસે હતું. જ્યારે જ્યારે પેલો બિચારો ગરીબ પેલા હાકેમ પાસે તે ખત લેવા જતો ત્યારે ત્યારે પેલા હાકેમ કંઇને કંઈ બહાનું બતાવી, પેલા બિચારાને નિરાશ કરી પાછો કાઢતો. વળી કોઇ વખતે કહેતો હમણા પુરસદ નથી, ફરીથી આવજે. હમણાં તેમાં બહુ

ગડબડ ગોટાળા થયા છે, આદિ, આમ કહી કહીને તેણે ઘણા દિવસો વીતાવી દીધા, છતાં પેલા બિચારા ગરીબને તેનો દસ્તાવેજ કાઢી આપ્યો નહિ. ત્યારે પેલા ગરીબે વિચાર કર્યો કે એમાં તો હસ્તાક્ષરો (દસ્તક) સિવાય બીજું કંઇ કામ બાકી રહ્યું નથી. વળી તેમાં (સહી) દસ્તકની જરૂર હોવાથી કંઇ ભેટ આપ્યા સિવાય તે ખત પાછું મળશે નહિ. પરંતુ ભેટ આપવાને મારી પાસે ફુટી બદામ નથી. તેથી શું કરૂં? આમ વિચાર કરતાં કરતાં તેના મગજમાં ઓછા ખર્ચે પતી જાય એવી એક યુક્તિ સ્ફુરી, કે આજ કાલ બજારમાં નવી કેરીઓનો મુરબ્બો તૈયાર મળે છે. તે બે ચાર રૂપીઆનો લાવી હાકેમને લાંચ આપું. પરંતુ મારી પાસે તો બેચાર રૂપીઆ પણ નથી. પણ કંઇ નહિ, આઠ આનાનો મુરબ્બો ઘેર લઇ આવું, અને પછી કુંભારને ઘેરથી એક નવો મોટો ઘડો લાવી તેને તાજા છાણથી ભરી, તેના ઉપર મુરબ્બો પાથરી દઉં. આમ વિચાર કરી, તે મુજબનો ઘડો તૈયાર કરી, તેનું મોં નવા કપડાથી બાંધી, પોતાને માથે મૂકી હાકેમને ઘેર ગયો. ત્યાં જઇ નોકરને કહ્યું, "ભાઇ! અંદર જઇ હાકેમ સાહેબને જઇને કહો કે દસ્તાવેજવાળો પેલો ગરીબ વાણીઓ આવ્યો છે." નોકરે અંદર જઇ તેજ મુજબ કહ્યું. વાત સાંભળતાંજ અત્યંત ક્રોધથી રાતાપીળા થઇ જઇ હાકેમ સાહેબે કહ્યું, "જા, તે બદમાશને જઇને કહી દે, કે હમણા ફુરસદ નથી. કોઈ દિવસ કચેરીમાં આવજે." નોકરે આ સાંભળી અરજ કરી કે હજૂર, તે ખત લેવાને નથી આવ્યો. પરંતુ કંઇક વસ્તુ આપને ભેટ આપવાને લઇને આવ્યો છે. ત્યારે હાકેમ સાહેબે આજ્ઞા

કરી. "વારૂ, તો તેને અંદર આવવા દો. સઘળા નોકરોને પણ કહી દો કે તેને કોઇ રોક ટોક કરે નહિ." બસ, પછી શું જોઇએ! તે તો અંદર ગયો, અને સલામ કરીને બોલ્યો, "હમણાં તો કંઇ પણ કામ નિમિત્તે આવ્યો નથી. અત્યારે તો નવી ફસલની નવી કેરીઓનો મુરબ્બો આપને ભેટ આપવા લાવ્યો છું." આ સાંભળી હાકેમ સાહેબ ડોળ કરી બોલ્યા, "ભાઇ, તું શા માટે લાવ્યો? તું તો ગરીબ છે, પરંતુ ખેર! લાવ્યો ત્યારે મૂક. આજે બપોરે કચેરીમાં આવજે. તે વખતે તારા ખતને કાઢી આપીશ." પેલા ગરીબે કહ્યું, "આપની મોટી મહેરબાની." આમ કહી નીચા વળી સલામ કરી તે તો ઘેર ગયો. આ બાજુ હાકેમ પોતાની બીબીજાનને કહેવા લાગ્યો, "જોયું, કેવો મખ્ખીચુસ વાણીઓ! કહેતો હતો કે મારી પાસે કંઇજ નથી. છતાં આખરે મુરબ્બો લાવ્યો. બીબી! જરા ઘડો ઉઘાડીને ચાખી તો જુઓ." પછી ઘડો ઉઘાડી તેમાંથી સઘળાંએ થોડો થોડો ચાખ્યો, અને બધાં ખુશ થઇ ગયાં.

બપોરે જ્યારે હાકેમ સાહેબ કચેરીમાં ગયા, ત્યારે પેલો ગરીબ ત્યાં આવી પહોંચ્યો હતો. હાકેમ સાહેબે મુરબ્બાની લાંચ લીધેલી હોવાથી આ વખતે ખત ઉપર વિના વિલંબે પોતાના દસ્કત (સહી) કરી આપ્યા. તે લઇ ખતવાળો પેલો ગરીબ બોલ્યો, "આમાં હવે કંઇ બાકી તો રહ્યું નથીને? કોઇ બીજાને બતાવવાની આવશ્યકતા તો નથીને?" હાકેમે કહ્યું, "હવે એમાં કંઈ પણ બાકી નથી. માત્ર મારી સહીની જરૂર હતી, તે તો કરી નાખી." ત્યાર બાદ પેલો ગરીબ ખત લઈને ઘેર ગયો.

આ બાજુ પેલા હાકેમને મુરબ્બો ખાવાનો એવો તો ચસ્કો લાગ્યો કે તે વારે ઘડીએ પોતાની બીબી પાસે તે માગતો હતો. એમ માગતાં એક દિવસ કહ્યું, કે બીબીજાન! જરા અંદરથી એક ટુકડો તો કાઢો. તેથી બીબીએ અંદર કડછી નાખી, ભરીને બહાર કાઢી તો તેમાં દુર્ગન્ધથી માથું ફાટી જાય તેવું છાણુ નીકળ્યું. આ જોઇ નાકે કપડું લગાવી બીબી બોલી, "અરે! જરા જુઓ તો ખરા. પેલો પીટયો આપણને ઠગીને જતો રહ્યો. ઘડો તો આખો સડી ગએલા છાણુથી ભરલો છે." આ ઘટના જોઇ હાકેમને અત્યંત ક્રોધ આવ્યો પરંતુ હવે કરે શું? ખત તો હાથમાંથી જતું રહ્યું હતું.

એક દિવસ પેલો હાકેમ કચેરીમાં જતો હતો, તે વખતે સંજોગવશાત પેલો ખતવાળો ગરીબ વાણીઓ રસ્તામાં મળ્યો. તેને પેલા હાકેમે કહ્યું, "અરે! પેલું ખત લઇ આવજે. તેમાં થોડી ભૂલ રહી ગઇ છે, તે સુધારવાની છે." આ સાંભળી પેલાએ જવાબ આપ્યો. "હાકેમ સાહેબ! ખતમાં કંઈ કસુર હોય એમ દેખાતું નથી. પરંતુ જો કંઇ કસર રહી ગઇ હશે તો પેલા મુરબ્બામાંજ રહી હશે." આ સાંભળી હાકેમ સમજી ગયો કે હવે આ કમબખ્ત ફરીથી દાવપેચમાં ફસાશે નહિ

આજ પ્રમાણે જો યમરાજ રૂશ્વત લેતા હોત તો રૂપીઆ આપનારા હજારો નહિ પણ લાખો માણસો તેને મોં માગ્યા દામ આપી પોતાના દેહને તેના ભયંકર પંજામાંથી છોડાવી લેત. પરંતુ મૃત્યુદેવ લાંચ રૂશ્વત લેતા નથી.

હે યુવરાજ મહારાજ કુમાર સાહેબ! દેવદેવીઓને બકરા. મરઘા કે પાડાના ભોગ ધરાવ્યાથી પણ મોત ડરીને જતું રહેતું નથી; વળી એમ કરવાથી આયુષ્ય પણ વધતું નથી. કોઈ એક કવિએ ગાયું છે કે:—

(સવૈયા)

પિતર પૂત જો દે, ખસમ કાહે કો કીજે,
લક્ષ્મી દેવ જો દે દુઃખ કાહે કો સહિજે,
ચંડી દેત સુહાગ તો રાંડ ઘર ઘર કયોં હુવે:
તીર્થ ઉતારે પાપ તો કોઢયા ઘર બૈઠા કયોં રોવે,
જીવ દિયાં જીવ ઉબરે તો સાહ સુલતાના કયોં મરે;
મંત્ર, યંત્ર હો સિદ્ધ તો ઘર ઘર માંગતા કયોં ફિરે.

અર્થાત્ જો દેવદેવીઓ પુત્ર પુત્રીને આપે તો પછી કન્યાઓનાં લગ્ન કરવાની કયાં આવશ્યકતા છે? જો લક્ષ્મીજી ધન આપે તો પછી લોકોને દુઃખી થવાનું કારણ શું? વળી ચંડિકા દેવી જો સૌભાગ્ય બક્ષતી હોય તો પછી સંસારમાં વિધવાઓ શા માટે થતી હશે? આ પ્રમાણે દેવ દેવીઓને બકરા, મરઘાં કે પાડાના ભોગ ચઢાવવાથી મનુષ્ય ના મરતા હોય તો પછી મોટા મોટા નૃપતિઓ શું તે નહિ કરી શકતા હોય? તેથી દેવ દેવીઓને બકરા, મરઘાં કે પાડાનો ભોગ ચઢાવવાથી માણસ મોતના મુખમાંથી બચી શકતો નથી. કોઈ એક કવિએ ગાયું છે કે :—

(દોહા)

સોતા સોતા કયા કરો, સોતા આવે નીંદ,
કાલ સીરાને યોં ખરો, તોરણ આવે વીંદ.

અર્થાત્ જ્યારે અપૂર્વ અવસર પ્રાપ્ત થાય ત્યારે મનુષ્યે પરોપકાર કરવામાં સહેજે વિલંબ કરવો જોઇએ નહિ. સગાઇ આહે તો કલકત્તા, અથવા મદ્રાસ કે મુંબઈ અગર તો ગમે તેટલા અંતરે કરવામાં આવે છતાં પ્રસંગે સગાંને આવીને

હાજર થવું પડે છે. વળી કેટલીક વખતે સગાંને આવતાં વિલંબ પણ થઈ જાય છે, પરંતુ મોતને તો નિયત સમયે આવવામાં સહેજે વિલંબ થતો નથી. વળી તેને નાના મોટાની ખોટી શરમ પણ અડકતી નથી. કોઈ કવિએ કહ્યું છે કે :—

(શેર)

ચાર દિન કી ચાંદની, આખિર અંધેરી રાત હૈ;
સારે ઠિકાને જાયેંગે, રહને કી ઝુંઠી બાત હૈ;
ન કિસી કા હૈ ભરોસા, ન કિસી કા સાથ હૈ;
ચલતી દફે દેખા તો, જાતા ખાલી હાથ હૈ.

તેથી આ મનુષ્યદેહથી જે પરોપકાર કરાશે તે સાથે આવશે. દુર્લભ માનવદેહ મળ્યા છતાં કાયાનું કલ્યાણ થાય એવું કંઈ પણ કરે નહિ તો પછી આ કાયાને શું કરવાની? જાનવર તો જીવતાં ઘાસ ખાઈને દુધ આપે છે, અને તેનું છાણ પણ કામમાં આવે છે. અને મુઆ પછી પોતાના મૃતદેહના જુદા જુદા પદાર્થોવડે લોકો ઉપર ઉપકાર કરે છે. કોઈ એક કવિએ ગાયું છે કેઃ—

(સવૈયા)

હાથી દાંત કે ખિલૌને,[1] સો જગત કે આવે કામ;
વાઘોંકા[2] બાઘમ્બર,[3] શિવ શંકર ચિત્ત લાયેગા.
મૃગ કી ખાલ[4] કો બિછાવત હૈ જોગીરાજ;
વૃષભ[5] કી ખાલ કછુ અન્ન કો નિપજાયેગા.
કરેલે[6] કી ખાલમેં હોતે હૈ સુગન્ધ[7] તૈયાર;
બકરે કી ખાલ કછુ પાની ભર પિલાયેગા.
સાંભર કે[8] સટકે તો બાંધત હૈ સિપાહી લોગ;

૧. રમકડાં; ૨ વાઘો; ૩ વ્યાઘ્રચર્મ; ૪ ચામડું (મૃગચર્મ) ૫ બળદ: સાંઢ ૬ ઉંટ ૭ હીંગ. ૮ એક છેડે જાડો અને બીજે છેડે પાતળો સ્થિતિસ્થાપક દંડ.

ગેંડે કી ઢાલ તો રાજા રાના કે મન ભાયેગા.
નેકી ઔર બદી દો હી સંગ ચલે મિયારામ;
મનુષ્ય કી ખાલ તો કછુ કામ નહીં આયેગા

માનવ શરીરને જીવતે જીવ સાલમપાક, ખોપરાપાક આદિ પૌષ્ટિક ઉત્તમ વાનીઓ ખવડાવીને કોઇના આંગણામાં શાચ-ક્રિયા કરવા બેસાડવામાં આવે, તો એ પ્રિય માનવદેહ સાથે લોકો લડવા ઝગડવાને તૈયાર થઇ જાય છે. વળી એજ માનવ-દેહ જીવાત્મા જતો રહ્યા બાદ મૃત્યુ અવસ્થામાં બળીને રાખ થઇ જાય છે. આમ છે તો પછી આ શરીરવડે પરોપકાર નજ કરવામાં આવે તો પછી એ શું કામમાં આવશે? તેથી આવો. અપૂર્વ માનવદેહ મેળવીને મનુષ્યોએ પ્રાણીમાત્રની રક્ષા કરવા તત્પર રહેવું જોઇએ. સત્ય બોલવું, ચોરી માત્રનો ત્યાગ કરવો, પરસ્ત્રીને માતા સમાન માનવી, સ્વધર્મ પત્નિ સાથે પણ અષ્ટમી, એકાદશી, ચતુર્દશી, પૂર્ણિમા અમાવાસ્યા, તથા પ્રદો-ષાદિ તિથિઓએ અવશ્ય બ્રહ્મચર્યનું પાલન કરવું; સંપત્તિ મેળવી દીન, હીન, અનાથોનું પ્રતિપાલન કરવું, અને વિદ્યા-લય, ઔષધાલય, તથા ગૌરક્ષા આદિ કાર્યોમાં તન, મન અને ધનથી સર્વદા સહાયતા કરવી; મદિરા પાન, માંસ ભક્ષણ, જુગાર, વેશ્યાગમન, શિકાર ગાંજો, ચરસ, ભાંગ, તંબાકુ આદિ અનિષ્ટોનો ત્યાગ કરવો; આત્મોન્નતિ, દેશોન્નતિ, તથા ધર્મો-ન્નતિ આદિ ઉત્તમોત્તમ કાર્યોમાં સદા લક્ષ આપવું, અને બે ઘડી ઇશ્વરસ્મરણ કરવું. આ અને આવાં અનેક કાર્યો કરવાથી મનુષ્ય દેહ મેળવ્યો સાર્થક ગણાય છે.

આટલું કહી મુનિશ્રીએ પોતાનો ઉપદેશ સમાપ્ત કર્યો.

અમારે આ સ્થળે એટલું અવશ્ય જણાવવું જોઇએ કે આ ઉપદેશ સઘળાઓને એટલો બધો રૂચિકર લાગ્યો કે વ્યાખ્યાનની વચ્ચે વચ્ચે પણ મહારાજ, કુંવર સાહેબે કેટલીક વખત પોતાનો હર્ષોલ્લાસ પ્રગટ કર્યો હતો. વળી ઉપદેશ સમાપ્ત થયા બાદ તેઓએ પોતાની અત્યન્ત પ્રસન્નતા પ્રગટ કરી. ત્યાર પછી કુંવર બાપજીરાજે મુનિશ્રીને પુછયું, "આપની પાસે જે દીક્ષા મુમુક્ષુ છે તેને કયારે દીક્ષા આપશો?" મુનિશ્રીએ કહ્યું. "જ્યારે અવસર પ્રાપ્ત થશે, ત્યારે જોયું જશે. હમણાં તો અમે અમારી સઘળી ક્રિયાઓ બતાવીએ છીએ. માથાના તથા મૂછોના વાળ કાઢી નાખવા પડશે ઠંડી અથવા ગરમ ઋતુમાં ઉઘાડે પગે દેશાટન કરવું પડશે વળી શિયાળામાં માત્ર ત્રણ પછેડીઓ (ઓઢણ) થી વિશેષ વસ્ત્ર ઓઢી શકશે નહિ." ત્યાર પછી કુંવર મહારાજ સાહેબે મુનિશ્રીને પુછયું, "રંગીન કપડાં તો કામમાં આવતાં નહિ હોય!" આના ઉત્તરમાં મુનિશ્રીએ કહ્યું, "હા, રંગીન કપડાં તો કામમાં નથી આવતાં, પરંતુ બહુ મૂલ્યવાન વસ્ત્રોનો પણ અમે સ્વીકાર કરતા નથી." આ સાંભળી કુંવર સાહેબે ફરીથી કહ્યું, "ઉનના ગરમ કપડાં તો કામમાં આવતાં હશે?" પ્રત્યુત્તરમાં મુનિશ્રીએ જણાવ્યું કે "હા, ઉનનું કપડું રાખીએ તો બીજા બે સૂતરનાં રાખીએ છીએ." ત્યાર બાદ મુનિશ્રીએ કહ્યું, "આજે આપે આપનો મહેલ બતાવ્યો છે." ત્યારે કુંવર સાહેબે કહ્યું, "નહિ તો બીજે કયે પ્રસંગે આપ પધારવાના હતા?" પછીથી મુનિશ્રીએ કહ્યું, "હે કુંવર મહારાજ સાહેબ! આપ એક અનાથાલય અને બીજું (પાંજરાપોળ) ગોરક્ષા તરફ વિશેષ લક્ષ આપશો." આના ઉત્તરમાં

તેમણે કહ્યું, "એ વાત મારા ધ્યાનમાં છે." હવે આપ અત્રે ક્યારે પધારશો ? મુનિશ્રીએ કહ્યું. "હમણાં તો આસપાસનાં ગામડાંઓમાં ફરી જ્યાં અવસર પ્રાપ્ત થશે ત્યાં ચાલ્યા જઇશું. *ત્યાર બાદ મુનિશ્રી જતા હતા ત્યારે મહારાજ કુમારે કહ્યું* "ફરીથી અત્રે પધારજો"

પછીથી મુનિશ્રી અહીંથી નીકળી પોતાને નિવાસસ્થાને પાછા ફર્યા.

આ સ્થળે અમારે એ જણાવવાનું ભૂલવું જોઇએ નહિ કે ચાતુર્માસમાં મહેતાજી સાહેબ ધર્મ પ્રેમી શ્રીમાન જીવનસિંહજી મહોદયના સુપુત્ર સ્વનામ ધન્ય શ્રીમાન્ તેજસિંહજીએ જીવદયા આદિ કેટલાંયે કાર્યોમાં પુષ્કળ મદદ કરી હતી.

કારતક વદ ૧ને દિવસે મહારાણા કુમારશ્રી બાપજીરાજ તરફથી શ્રીમાન રંગીલાલજી તથા શ્રી કારૂલાલજી સંદેશો લાવ્યા કે "મુનિશ્રી અત્રે પધરામણી કરે." આ પ્રમાણેના સમાચાર મળવાથી મુનિશ્રી "સૂર્યગવાક્ષ" મહેલમાં પધાર્યા. યુવરાજ મહાશયે અત્યંત વિનય તથા ભક્તિભાવપૂર્વક વસ્ત્ર વહોરાવવાની ઇચ્છા પ્રગટ કરી. ત્યારે મુનિશ્રીએ કહ્યું, "મારે માટે ખાસ ખરીદી મંગાવ્યું તો નથીને ?" ત્યારે શ્રી કારૂલાલજીએ જવાબ આપ્યો કે એક લાખથી વધારે કીંમતનાં વસ્ત્રો તો શ્રી ભંડારમાં મોજુદ છે. તેથી આપને માટે કંઇ પણ ખરીદ્યું નથી. ત્યાર પછી મહારાજ કુંવર સાહેબે પોતાના કરકમલથી અત્યંત પ્રેમપૂર્વક વસ્ત્ર વહોરાવ્યું. પછીથી મુનિશ્રી સ્વસ્થિત સ્થાને પાછા ફર્યા અને મધ્યાહ્‌ન કાળે ત્યાંથી વિહાર કરી નીકળ્યા. મુનિશ્રીને

વિદાય આપવાને લગભગ છ હજાર પ્રેમી ભકતો એકત્ર થયા હતા. વિશાળ રાજમાર્ગ ઉપર તથા ટાવરથી તે શ્રી હિમ્મતસિંહજી સાહેબની હવેલી સુધી જનમેદની ઠસોઠસ ભરાઇ ગઈ હતી. એમ સાંભળવામાં આવ્યું છે કે આ દૃષ્ય પ્રિય પાઠકોને દેખાડવા માટે તેની છબી ઉતારવામાં આવી હતી, પરંતુ લોકોની ભીડ પુષ્કળ હોવાને લીધે ધૂળ ઉડતી હોવાથી તથા મધ્યાહ્ન કાળનો તાપ હોવાથી છબી સ્વચ્છ પડી નહિ.

તે દિવસે મુનિશ્રીએ ધર્મશાળામાં નિવાસ કર્યો, અને ત્યાં પાંચ વ્યાખ્યાન આપ્યાં. સલુમ્બર રાવતજી સાહેબ શ્રીમાન ઓનાડસિંહજી (જેઓ શ્રીમાન મહારાણા સાહેબના સોળ ઉમરાવોમાં એક ઉમરાવ છે.) ત્યાં વ્યાખ્યાન શ્રવણ કરવાને આવ્યા હતા. વ્યાખ્યાન સમાપ્ત થયા પછી તેમણે કહ્યું, "જયપુરથી મહેમાન બેદલે આવ્યા છે. તેથી હું પણ ત્યાં હતો એટલે અહીં આવી શકયો નહોતો. આજે ખબર મળી કે મુનિશ્રી વિહાર કરી જવાના છે. તેથી હું બેદલે જતો હતો. તેવામાં વિચાર કર્યો કે મહારાજશ્રીનાં દર્શન કરીનેજ જઉં. આપ બેદલે જરૂર પધારજો. હું પણ ત્યાં હાજર હઈશ."

કુરાવડના રાવતજી સાહેબે તથા મેજાના રાવતજી સાહેબે મુનિશ્રીનાં દર્શનનો લાભ લીધો. બેદલાના રાવ બહાદુર શ્રીમાન નહારસિંહજી (જેઓ શ્રીમંત મહારાણા સાહેબના સોળ ઉમરાવોમાં એક છે.) તેમના તરફથી આ પ્રમાણેનો પત્ર મળ્યો :—

॥ શ્રી રામજી, શ્રી રઘુનાથજી ॥

મુનિશ્રી ચૌથમલજી મહારાજની સેવામાં,

સાંભળવામાં આવ્યું છે કે આપે ઉદયપુરથી વિહાર કર્યો છે. તો મારી ખાસ અરજ છે કે બીજાં સ્થળોએ વિહાર કરી જાવ તે પહેલાં એક બે દિવસ બેદલા પધારશો. આપનાં વ્યાખ્યાન શ્રવણ કરી મને તથા મારી પ્રજાને અત્યંત આનંદ થશે. સં. ૧૯૮૩ના કાર્તિક વદ ૪ ભોમવાર.

દા. નહરસિંહજી બેદલા.

કાર્તિક વદ ૬ને દિવસે મુનિશ્રી વિહાર કરી બેદલા પધાર્યા. ત્યાં ત્રણ વ્યાખ્યાન આપ્યાં. રાવબહાદુર મહાશયે પણ શ્રવણનો લાભ લીધો. ઉપદેશ સાંભળીને તેમને ઘણો સંતોષ થયો, તેથી વિશેષ ઉપદેશ આપવાની તેમણે મુનિશ્રીને આગ્રહપૂર્વક વિનંતિ કરી, છતાં સમયાભાવે વિશેષ રોકાઇ શક્યા નહિ. રાવસાહેબે મુનિશ્રીને ભેટ તરીકે અભયદાનનો પટો સમર્પણ કર્યો, જેની વિગત પરિશિષ્ટ પ્રકરણમાં આપવામાં આવી છે.

કાર્તિક વદ ૯ને દિવસે ત્યાંથી વિહાર કરી ઉદયપુરની બહાર હનુમાનઘાટ પધાર્યા. ત્યાં સાયંકાળે સલુમ્બર રાવતજી શ્રીમાન ઓનાડસિંહજી, વિજોલિયા રાવતજી શ્રીમાન કેસરીસિંહજીએ પોતાના બંધુ સહિત તથા અમરગઢના રાવતજી શ્રીમાન અમરસિંહજીએ મુનિશ્રીનાં દર્શનનો લાભ લીધો.

કાર્તિક વદ ૧૦ને દિવસે ત્યાં વ્યાખ્યાન આપ્યું. તે વખતે શહેરમાંથી ઘણા લોકો શ્રવણલાભ મેળવવાને આવ્યા હતા. વળી ભીંડરના મહારાજ શ્રીમાન ભોપાલસિંહજીએ વ્યાખ્યાન

સાંભળવાનો લાભ લીધો, અને મુનિશ્રીને કહ્યું, "કાલે બીજું વ્યાખ્યાન થવું જોઇએ. તે પણ અહીં ન આપતાં હવેલીમાં આપવું જોઉએ કે જેથી લોકોને બેસવાની અગવડ પડે નહિ, અને સઘળાને લાભ મળે." તેજ દિવસે મધ્યાહ્નકાળે મહન્તજી શ્રી સીતારામદાસ તથા મુનિશ્રી વચ્ચે પરસ્પર વાર્તાલાપ થયો. આ વાર્તાલાપથી મહન્ત અત્યંત પ્રસન્ન થયા.

કાર્તિક વદ એકાદશીને દિવસે વ્યાખ્યાન ભિંડરના મહારાજાની હવેલીમાં આપ્યું. ત્યાં સલુમ્બરના રાવતજીએ ઉપદેશ શ્રવણનો લાભ લઇ મુનિશ્રીને ભેટ તરીકે અભયદાનનો પટો અર્પણ કર્યો, જેની વિગત પરિશિષ્ટ પ્રકરણમાં આપવામાં આવી છે.

તેજ દિવસે મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી નાઇગ્રામ કે જે ઉદયપુરથી બે ગાઉને અંતરે છે, ત્યાં ગયા. ત્યાં પણ પ્રતિદિન ઉદયપુરની જનતા વ્યાખ્યાન શ્રવણ કરવા આવતી. ત્યાં મુનિશ્રીના ઉપદેશથી એક પાઠશાળા ખોલવામાં આવી, અને એક સારૂ ફંડ એકઠું કરવામાં આવ્યું, જેના વ્યાજમાંથીજ તેનો નિર્વાહ ચાલી શકે.

માર્ગશીર્ષ સુદ ૧ને દિવસે ત્યાંથી વિહાર કરી ફરીથી ઉદયપુરની બહાર આવેલી શ્રીમાન મહેતાજી સાહેબ લક્ષ્મણસિંહજીની ધર્મશાળામાં ઉતર્યા. *ત્યાં તેમણે ત્રણ વ્યાખ્યાન આપ્યાં ત્યાં સલુમ્બરના રાવતજીએ દર્શનનો લાભ લીધો, અને પોતાના રાજ્યમાં પધારવાને અત્યંત આગ્રહ કર્યો. આજ

* તપસ્વી શ્રી મોતીલાલજી મહારાજની તબિયત બરાબર નહિ હોવાને લીધે મુનિશ્રીને વારંવાર ઉદયપુર પધારવું પડતું હતું.

પ્રમાણે અન્ય ઉમરાવોએ પણ પોત પોતાના રાજ્યમાં પધરામણી કરવાને મુનિશ્રીને અત્યાગ્રહ કર્યો. વળી પોતાને ત્યાં એ નિમિતે પુષ્કળ ઉપકાર થશે. એમ પણ જણાવ્યું.

અમારે આ સ્થળે અવશ્ય જણાવવું જોઇએ કે ઉદયપુરમાં અનેક વ્યાખ્યાનો થવા છતાં, ત્યાંની જનતાને પૂર્ણ તૃપ્તિ ન થઇ. આની ખાત્રી કરાવવા માટે વાંચકોને એટલુંજ કહેવું યથાર્થ છે કે ચાતુર્માસમાં સંવત્સરી પછી દરેક સ્થળે શ્રોતાઓની સંખ્યા ઘણીજ ઘટી જાય છે. પરંતુ ત્યાં એમ ન બન્યું. અને પ્રતિદિન હજારોની સંખ્યામાં શ્રોતાઓ હાજર રહેતા હતા.

એક સાધુની નાદુરસ્ત તબીઅતને લીધે મુનિશ્રીના ફરીથી ઉદયપુર પધારવાના સમાચાર જ્યારે યુવરાજ કુંવરને કોઇ લોકો મારફતે મળ્યા ત્યારે, તેમણે કહ્યું, "મહારાજ શહેરમાં ન આવતાં બહાર શા માટે બિરાજે છે?" ત્યારે ઉત્તર મળ્યો કે, "હજૂર! જો મહારાજશ્રી શહેરમાં આવે તો આવતી તથા પાછા ફરતી વખતના બે અણુજાનો સવાલ છે." આ સાંભળી મહારાજ કુંવર સાહેબે કહ્યું, "કંઇ હરકત નહિ, ફરીથી બે પાખી પળાવીશું." આ વચનો ઉચ્ચારી તેમણે પોતાના ઉચ્ચ હૃદય, ઉદારતા, ધર્મનિષ્ઠા તથા સાધુ-સંતો તરફના શુદ્ધ પ્રેમનું દિગ્દર્શન કરાવ્યું. તેઓશ્રીના દયાળુપણા તથા અંતરની વિશાળતા, અને સંત સમાજ પ્રત્યે સહાનુભૂતિના ભાવોને લીધે તેમને અનેક ધન્યવાદ હો. એક વિશાળ રાજ્યનું સ્વામિત્વ હોવા છતાં સંસારની જનતા સાથે સહાનુભૂતિ. આવો ઉચ્ચ અધિકાર હોવા છતાં આટલું નિરાભિમાનપણું. આ રાજશ્રી; વિલાસી જીવનમાં પરહિત

માટે ચાલુ ચિંતવન તથા ચિંતા, તથા વિશાળ રાજ્યનાં સુખ અને શક્તિઓના સુંદર સંમિશ્રણ સાથે આવી અનુપમ સાત્વિક ભાવના તથા સૌજન્તાનું આ રાસાયણિક દ્રાવણ?

ખરેખરી રીતે આ સદ્દગુણ તેમની પ્રકૃતિ તથા શરીરમાં સોનું અને સુગંધની માફક અતિ શોભાયમાન તથા યુવરાજ પદે આરૂઢનારને માટે અત્યંત સાનુકુળ છે.

માગશર સુદ ચતુર્થીને દિવસે અહીંથી વિહાર કરી મદારા કે જે ઉદયપુરથી ચાર ગાઉ દૂર છે, ત્યાં પધાર્યા. ત્યાં પણ ઉદયપુરની જનતા ઉપદેશ શ્રવણ કરવાને આવતી.

અહીંથી મુનિશ્રી ગોગુંદે (બડાગાંવ) પધાર્યા. ત્યાં જેટલા દિવસ મુનિશ્રી રહ્યા તેટલા દિવસ રાજ્ય તરફથી અણુજો પળાવવામાં આવ્યો. વળી લોકો તરફથી એક શાળા સ્થાપવા સ્થાયી ફંડ એકઠું કરવામાં આવ્યું. રાજ્ય તરફથી રાજમાતા શ્રીરણાવતજીની સંમતિ લઇ શ્રીમાન પન્નાલાલજી મોહલે મુન્સરિમ (મુખ્ય વ્યવસ્થાપક) સાહેબ તથા અન્ય રાજ્યકારભારીઓએ મુનિશ્રીને ભેટરૂપે એક અભયદાનનો પટો સમર્પણ કર્યો. તેની વિગત માટે પરિશિષ્ટ પ્રકરણ જુઓ.

અહીંથી વિહાર કરી તરાવલીના ગઢ ઉપર થઇ તરપાલ પધાર્યા. ત્યાં મુનિશ્રીનો ઉપદેશ શ્રવણ કરી ઠાકોર સાહેબ મગસિંહજી તથા જાલમસિંહજીએ પક્ષીઓને તથા ઘાસ ખાનારાં જાનવરોને ન મારવાની તથા ચૈત્ર સુદ ૧૩ અને માગશર વદ ૧૦ ને દિવસે કોઇ પણ જીવની હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરી. તેજ મુજબ દર વર્ષે દશેરાને દિવસે બકરાનો ભોગ ચઢાવવામાં આવતો, તે ન ચઢાવવાની પ્રતિજ્ઞા કરી.



મરહુમ ધર્મપ્રેમી દાનવીર શેઠ કુન્દનમલજી સાહેબના સુપુત્ર
શ્રીમાન શેઠ લાલચંદજી સાહેબ, બ્યાવર.

(પરિચય માટે જુઓ પ્રકરણ ૩૫મું.)

A 7425—Lakshmi Art, Bombay, 8

અહીંથી વિહાર કરી મુનિશ્રી નંદવાસ પધાર્યા. ત્યાં લગભગ બે ત્રણ દિવસ રહ્યા. સંત-સમાગમ તો એક ઘડી કે અર્ધી ઘડી થાય તો તે પણ પૂરતો છે. તો પછી તેઓશ્રી તો ત્યાં બેત્રણ દિવસ રહ્યા. તેથી જો તેમનો સદુ-પયોગ કરવામાં આવે તો અત્યંત ફળદાયી નીવડવા જોઈએ. તેઓશ્રીના ઉપદેશથી ત્યાં કન્યાવિક્રય તથા કજોડાંના લગ્નની નિન્દનીય પ્રથાનો બિલકુલ અંત આવ્યો. કેટલાકે માદક પદાર્થોનું સેવન કરવાનો ત્યાગ કર્યો. કેટલાકે જીવહિંસા ન કરવાના શપથ લીધા. ભીલ તથા કોળી લોકોએ જંગલમાં દવ ન મૂકવાની પ્રતિજ્ઞા કરી. વળી સોની, કાછીઆ તથા કસાઈઓએ પણ દર અમાવાસ્યાને દિવસે અણુજો પાળવાનો ઠરાવ કર્યો. આજ પ્રમાણે ઘાંચીઓએ ઘાણી ચલાવવાનું અને કુંભારોએ ચાક ચલાવવાનું કામ મહિનામાં એક દિવસ બંધ રાખવાની પ્રતિજ્ઞા કરી. અહીંથી વિહાર કરી મહા-રાજશ્રી ઢોલ કમોલ થઈ ભાણપુર પધાર્યા.

## પ્રકરણ ૩૭ મું.

સં. ૧૯૮૩.
જોધપુર.

# સમગ્ર રાજધાનીમાં જીવદયા-પ્રતિપાલન.

ભાણપુરમાં મહારાજશ્રીનો પ્રભાવશાળી ઉપદેશ થયો. તેના પરિણામે રાણાવત ઠાકોર સાહેબ શ્રીમાન પૃથ્વીસિંહજીએ દરેક અગીઆરસ, અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસો દરમ્યાન શિકાર નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી. જ્યારે તેઓશ્રીએ ત્યાંથી વિહાર કર્યો ત્યારે ખુદ ઠાકોર સાહેબ ૭ માઈલ સુધી પગે ચાલીને તેમને વળાવવા માટે ગયા હતા. ત્યાંથી તેઓશ્રી સાદડી પધાર્યા મહારાજશ્રી સાથે દીક્ષા મુમુક્ષુ નાગડાનિવાસી ગેંદાલાલજી તેમજ મહારાજશ્રીના સાંસારિક સંબંધના ભાણેજ નીમચનિવાસી મોહનલાલજી અને સોહનલાલજી હતા. તેથી શ્રીસંઘ તરફથી ઘણા ઠાઠમાઠ સાથે મહા-સુદ ૫ને રોજ ગેંદાલાલજીને તેમજ ઉદયપુર નિવાસી ધાસીબાઈને દીક્ષા આપવામાં આવી અને

છઠને રોજ મોહનલાલજી અને સોહનલાલજીને પણ દીક્ષા અપાઈ. દીક્ષાના આ અવસર ઉપર આસપાસનાં ગામડાંઓનાં પુષ્કળ માણસોએ હાજરી આપી હતી.

આ ઉત્સવ પ્રસંગે મુંબઈથી પ્રમુખ મેઘજીભાઇ થોભણ જે. પી. તેમજ જાણીતા ઝવેરી શ્રીયુત સૂરજમલભાઈ પણ આવનાર હતા, પરંતુ ખાસ કાર્યમાં રોકાઇ રહેવાથી તેઓ આવી શકયા નહોતા. તેથી પોતાના બદલામાં તેઓએ 'જૈન પ્રકાશ' પત્રના સંપાદક શ્રી. ઝવેરચંદ જાદવજી કામદારને મોકલ્યા હતા, તેમણે દીક્ષા પ્રસંગને અનુસરતું એક ભાષણ આપ્યું હતું.

આ દીક્ષા ઉત્સવ ઉપર આવનારા મહાશયોમાંથી (૧) વરકાણાના ઠાકોર સાહેબ શ્રીમાન્ ચંદનસિંહજી (૨) મોખમપુરના ઠાકોર સાહેબ શ્રીમાન હમીરસિંહજી (૩) ભીરવાડાના ઠાકોર સાહેબના કુમાર શ્રીયુત સરદારસિંહજી સાહેબ તથા કલ્યાણસિંહજી તેમજ (૪) ફતેહપુરના ઠાકોર સાહેબ વગેરેનો નામોલ્લેખ અહીં ખાસ કરીને કરવો ઘટે છે. મહારાજશ્રીના ઉપદેશથી વરકાણાના ઠાકોર સાહેબે (૧) દર વર્ષની પાર્શ્વજયન્તી નિમિત્તે વરકાણાના મેળાના અવસર ઉપર પોતાનાં સંસ્થાનની હદમાં પોતે જીવહિંસા કરે નહિ તથા બીજાદ્વારા થવા દે નહિ. (૨) પાંચ બકરાઓને દર વર્ષે છોડવવા. (૩) બન્ને અગીઆરસો, અમાવાસ્યા, પૂર્ણિમા, અને દર સોમવારના દિવસોએ બિલકુલ શિકાર કરવો નહિ. શિકાર તો કરવો નહિ, પરંતુ રસોડામાં સુદ્ધાં માંસનો પ્રવેશ થવા દેવો નહિ. એવી પ્રતિજ્ઞાઓ કરી હતી. એજ પ્રમાણે સરદારસિંહજીએ બે બકરાને અને કલ્યાણસિંહજીએ એક

બકરાને છોડાવવાની, ઉપર જણાવેલી સર્વ તિથિઓએ શિકાર નહિ કરવાની અને પોતાના રસોડાઓમાં માંસનો પ્રતિબંધ કરવાની પ્રતિજ્ઞાઓ કરી હતી. એવીજ રીતે ફતેહપુરના ઠાકોર સાહેબે પણ પ્રતિજ્ઞા કરી. એજ દિવસે સાંજે "પ્રકાશ"ના સંપાદક સાથે મહારાજશ્રીએ (૧) સાધુસમ્મેલન, (૨) પ્રમાણભૂત સાહિત્ય (૩) તિથિઓની એકતા વગેરે વિષયો ઉપર લાંબી ચર્ચા કરી હતી. અને તેની આવશ્યકતા ઉપર ભાર મૂકયો હતો. અહીંથી મહારાજશ્રી વિહાર કરીને 'મુંડેરા' પધાર્યા. અહીં યતિશ્રી યશવન્તસાગરજીએ મહારાજશ્રીને શાસ્ત્રભંડાર બતાવ્યો. અહીંથી વિહાર કરીને 'વાલી' પધારતા હતા, તે વખતે માર્ગમાં કોટ અને કોટડીના ઠાકોર સાહેબોએ અટકાવીને કહ્યું કે, મહારાજશ્રી, અમારાં સંસ્થાનોમાં પધારો તેના ઉત્તરમાં મહારાજશ્રીએ કહ્યું કે 'વળતી વખતે જોયું જશે, એમ કહીને મહારાજશ્રી વાલી મુકામે પધાર્યા. અહિં દરેક કોમના લોકોએ મહારાજશ્રીનો ઉપદેશ સાંભળીને ભારે લાભ ઉઠાવ્યો હતો. વ્યાખ્યાનમાં રાજ્યનો અમલદાર વર્ગ પણ હાજરી આપતો હતો. હાકેમ સાહેબ શ્રીમાન અંબાચંદજીએ નીચે મુજબ પ્રતિજ્ઞાઓ કરી હતી.

(૧) જીવનપર્યંત દર મહિનામાં એક બકરાને છોડાવવો.

(૨) ચોવીસ વર્ષથી તમાકુ પીતા હતા તેનો જીવન પર્યંત ત્યાગ.

(૩) મહીનામાં ૨૫ દિવસ બ્રહ્મચર્ય પાલન કરવું.

એ રીતે બીજા કેટલાયે માણસોએ બીજી ઘણી ઘણી પ્રતિજ્ઞાઓ કરી હતી. વાંચકવર્ગને આ સ્થળે જણાવવું જોઇએ કે મહારાજ-

શ્રીની જ્યાં જ્યાં પધરામણી થઇ છે ત્યાં ત્યાં બધે ઠેકાણે દરેક ધર્મના તેમજ દરેક જાતના લોકોને જુદી જુદી અનેક પ્રકારની પ્રતિજ્ઞાઓ લેવરાવી છે અને વ્યસનોથી વિમુખ બનાવ્યા છે એ બધાંનું અહીં વર્ણન કરવામાં આવે તો આથી પાંચ ગણો ગ્રંથ વિસ્તાર થઈ જવાનો ભય રહે છે માટે અહિં તેવું વિસ્તૃત વર્ણન નહિ કરતાં માત્ર ઉપરી અમલદાર વર્ગોનો તેમજ મોટા મોટા માણસોનોજ માત્ર નામોલ્લેખ કર્યો છે.

મહારાજશ્રીના ઉપદેશથી સેણુદના ઠાકોર સાહેબે જન્મ પર્યંત અગીઆરસ, અમાવાસ્યા અને સોમવારોએ શિકાર નહિ કરવાની અને દર મહિને બે બકરાને અભયદાન દેવાની પ્રતિજ્ઞા કરી હતી. અહિંથી વિહાર કરીને કોટ મુકામે પધાર્યા. ત્યાંના સંસ્થાનના ઠાકોર સાહેબ શ્રીમાન ધોકલસિંહજીએ અને કોડીના ઠાકોર સાહેબ શ્રીમાન ફતેહસિંહજીએ નીચે મુજબ પ્રતિજ્ઞાઓ લીધી હતી.

(૧) પરસ્ત્રી ગમન કરવું નહિ. (૨) દર વર્ષે બે બકરાને અભયદાન દેવું. (૩) દર વર્ષે વૈશાખ અને ભાદરવા મહિનામાં શિકાર કરવો નહિ. (૪) હરણનો શિકારજ કરવો નહિ. (૫) ચૈત્ર સુદ ૧૩ અને પોષ વદ ૧૦ને રોજ જીવદયા પાળવાની પ્રતિજ્ઞાઓ કરી.

ત્યાંથી વિહાર કરીને રાણકપુર, ભાણુપુર વિગેરે ઠેકાણે થઇને 'વરવાડા' પધાર્યા. અહિંના ઠાકોર સાહેબે મૂંગા અને અહિંસક પ્રાણીઓનો શિકાર નહિ કરવાની પ્રતિજ્ઞા કરી. અહિંથી વિહાર કરીને મહારાજશ્રી દેલવાડા પધાર્યા. ત્યાં મહારાજશ્રીના સદુપદેશથી એક સ્થાયી ફંડ કરીને સ્થાનિક

જૈન સંઘ તરફથી જૈન પાઠશાલા ઉઘાડવાનું વચન મળ્યું. અહીં ઝાલાકી મદારવાલા ઠાકોર સાહેબ શ્રીમાન જોધસિંહજીએ તીતર, જળકુકડી, મૃગ અને માછલીઓનો શિકાર નહિ કરવાની પ્રતિજ્ઞા કરી. અહિંના સંસ્થાનના રાજરાણા શ્રીમાન યશવન્તસિંહજી (કે જેઓ મહારાણાધિરાજ ઉદયપુરના સોળ ઉમરાવોમાંના એક ઉમરાવ છે) એ પણ વખતો વખત મહારાજશ્રીનો ઉપદેશ સાંભળવાનો લાભ લીધો હતો. એટલુંજ નહિ પણ એમણે સ્વહસ્તે કરીને મહારાજશ્રીને લવિંગ, સાકર વગેરે વહોરાવીને ઘણી પ્રસન્નતા પ્રગટ કરી હતી, એ ઉપરાંત ભેટ તરીકે જીવદયાનો એક પટ્ટો પણ કરી આપ્યો હતો. (જુઓ પરિશિષ્ટ પ્રકરણ ૨ જું.) અહીંથી વિહાર કરીને ઘાસીએ પધાર્યા. ત્યાં મહારાજશ્રીના ઉપદેશથી કેટલાયે ખેડુતો તેમજ મુસલમાનોએ જીવહિંસા નહિ કરવાની પ્રતિજ્ઞાઓ કરી. ત્યાંથી મહારાજશ્રી 'પલાણે' પધાર્યા. આ ગામની પાસે એક 'પલાણા' નામે ગામ છે. ત્યાં માહેશ્વરી બંધુઓ સિવાય એક પણ ઓસવાલનું ઘર નથી. માહેશ્વરી બંધુઓ દરરોજ વ્યાખ્યાન સાંભળવા આવતા તેમજ પોતાને ગામ પધારવાની વિનંતિ પણ હંમેશ કરતા હતા પરંતુ તેનો સ્વીકાર નહિ કરીને મહારાજશ્રીએ 'માવલી' તરફ વિહાર કર્યો. એમ છતાં પણ માહેશ્વરી બંધુઓએ પોતાની હઠ છોડી નહિ, તેથી મહારાજશ્રી તેમને ગામ ગયા. ત્યાં એક વ્યાખ્યાન થયું હતું. અહિં ભારોડીના ઠાકોર સાહેબ શ્રીમાન અમરસિંહજી તથા યશવન્તસિંહજી બન્ને સરદારોએ ઉપદેશ સાંભળવાનો લાભ લીધો હતો, અને જીવનપર્યંત જીવહિંસા નહિ કરવાની, માંસ નહિ ખાવાની, તેમજ દારૂ નહિ પીવાની પ્રતિજ્ઞાઓ

કરી હતી. ત્યાંના અબદુલઅલી વહોરાએ બકરીઈદ સિવાય કોઈ પણ દિવસે જીવહિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા કરી. એજ રીતે ચાંદખાં અને રહેમાનબખ્શ મુસલમાનોએ પણ જીવ-હિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

મહારાજશ્રી ત્યાંથી વિહાર કરીને 'માવલી' પધાર્યા. ત્યાંના ઓશવાલ ભાઈઓમાં કેટલાક વખતથી પરસ્પર અણ-બનાવ ચાલતો હતો, તે મહારાજશ્રીના સદુપદેશના પરિણામે સદંતર નાબૂદ થયો. ત્યાંથી મહારાજશ્રી સનવાડ પધાર્યા. ત્યાં પણ તેઓશ્રીના ઉપદેશના પરિણામે જનતામાં એકતા સધાઈ, એટલુંજ નહિ, પણ પાઠશાલા માટે રૂ. ૩૮૦૦) (આડત્રીશસો રૂપીયા)ની મદદ પણ મળી હતી અને બીજી મદદ મળવી ચાલુજ રહી હતી. ત્યાંથી મહારાજશ્રી ફૂરિયડે પધાર્યા. ત્યાંના ઠાકોર સાહેબે (કે જેઓ મહારાણા ઉદેપુરના બત્રીસ ઉમરાવોમાંના એક છે.) ઉપદેશ સાંભળીને નીચે મુજબ પ્રતિજ્ઞાઓ કરી હતી:—

(૧) દરેક મહીનાની અગીઆરસ, અમાવાસ્યા અને પૂર્ણિમાની તિથિઓએ જીવદયા પળાવવામાં આવશે અને આ દિવસોમાં ઠાકોર સાહેબ પોતે પણ શિકાર કરશે નહિ.

(૨) નવરાત્રના દિવસોમાં બીજને દિવસે જીવદયા પાલન કરવું, તે દિવસે કોઈપણ જાતની હિંસા નહિ કરવા દેવામાં આવે.

(૩) માગશર વદ ૧૦ને ચૈત્ર સુદ ૧૩ના દિવસોમાં હંમેશ માટે જીવદયા પાલન કરવું, અને ઠાકોર સાહેબ પોતે પણ શિકાર કરશે નહિ.

જન્માષ્ટમી, રામનવમી અને શિવરાત્રના દિવસોમાં જીવદયા પાલન કરાવવું.

ત્યાંથી મહારાજશ્રી વિહાર કરીને 'નાથદ્વારા' પધાર્યા. તે વખતે દક્ષિણમાંના ધામણ ગામવાળા વિસા ઓશવાલ જ્ઞાતિના શ્રી વિજયરાજજી દુગડેએ તેઓશ્રી પાસે અહીં ચૈત્ર સુદ પૂર્ણિમાને રોજ દીક્ષા અંગીકાર કરી હતી.

મહારાજશ્રી નાથદ્વારાથી વિહાર કરીને 'કોઠારિયા' પધાર્યા. સંસ્થાનના નાયક રાવતજી સાહેબશ્રી માનસિંહજી મહોદય (કે જેઓ મહારાણા ઉદેપુરના સોળ ઉમરાવોમાંના એક છે.) સાંજની વેળાએ મહારાજશ્રીનાં દર્શન માટે પધાર્યા. એપ્રીલ મહિનાની તા૦ ૧૯–૨૦મીના દિવસોમાં તેઓએ મહારાજશ્રીનાં વ્યાખ્યાન સાંભળવાનો લાભ લીધો રાવતજી સાહેબે ત્રીજું વ્યાખ્યાન મહેલમાં કરાવ્યું હતું. જેથી તેનો લાભ સર્વ કોઇને મળી શકયો હતો. રાવતજી સાહેબે ભેટ તરીકે મહારાજશ્રીને નીચેની સનંદ અર્પણ કરી હતી.

(૧) મહારાજશ્રીના પધરામણીના અને વિહારના દિવસોમાં જીવદયા પાલન કરાવવું.

(૨) અગાઉ જીવદયા પાલનના જેટલા દિવસો નિયત કરવામાં આવ્યા છે, તેટલા દિવસોમાં રસોડામાં પણ શિકારનો ઉપયોગ કરી શકાય નહિ.

(૩) જીવનપર્યંત પરસ્ત્રીને કુદૃષ્ટિથી જોવી નહિ.

(૪) જીવન પર્યંત મદિરાપાન કરવું નહિ.

મહારાજશ્રીએ તા૦ ૨૧મી એપ્રીલે ત્યાંથી વિહાર કર્યો.

તેમને વળાવવા માટે રાવતજી સાહેબ પધાર્યા હતા. તેઓશ્રી 'નમાણા' મુકામે થઇને કાંકરોલી (કે જે વૈષ્ણવોનું મોટું તીર્થસ્થાન ગણાય છે) પધાર્યા. ત્યાંના બજારમાં મહારાજશ્રીનું જાહેર વ્યાખ્યાન થતાં વૈષ્ણવભાઇઓએ પણ તેનો લાભ લીધો હતો. કાંકરોલીના દ્વારકાધીશના અધિકારીજી મહારાજશ્રીના દર્શન માટે પધાર્યા હતા, અને ઉપદેશ સાંભળવાનો પણ લાભ લીધો હતો.

મહારાજશ્રીનું એક વ્યાખ્યાન કાંકરોલીની પાસે આવેલા રાજનગરમાં થયું હતું. પરિણામે સરદાર અલીખાંજીએ જીવહિંસા નહિં કરવાની તેમજ માંસ નહિ ખાવાની પ્રતિજ્ઞાઓ લીધી હતી. મોખણના ઠાકોર સાહેબ અર્જુનસિંહજીએ પણ જીવહિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. ત્યાંથી મહારાજશ્રી 'મોહી' પધાર્યા. ત્યાં જેટલા દિવસ તેઓશ્રીનો મુકામ રહ્યો તેટલા દિવસ પર્યંત તેઓશ્રીની પધરામણીની ખુશાલી નિમિત્તે જીવદયા પાલન થયું હતું. શ્રીમાન ઠાકોર સાહેબ દિપસિંહજી સાહેબે (કે જેઓ મહારાણાના ઉમરાવોમાંના એક ઉમરાવ છે.) ઉપદેશ સાંભળવાનો લાભ લીધો હતો. અને ભેટ તરીકે જીવદયાનો એક પટો પણ કરી આપ્યો હતો. (જુઓ પરિશિષ્ટ પ્રકરણ રજું) ત્યાંથી મહારાજશ્રી પિપલિયા, કુંવારીઆ થઇને 'ગર્વા' મુકામે પધાર્યા. મહારાજશ્રીના ઉપદેશથી અમીન સાહેબ શ્રીમાન પૃથ્વીસિંહજીએ જીવનપર્યંત મદિરાપાન નહિ કરવાની તેમજ માંસ ભક્ષણ નહિ કરવાની પ્રતિજ્ઞાઓ કરી હતી. ત્યાંથી મહારાજશ્રી સરદારગઢ અને ઓમેટ થઇને લસાણી મુકામે પધાર્યા. તેઓશ્રીએ ત્યાંના સંસ્થાનના બાગમાંજ ઉતારો કર્યો હતો. ઠાકોર સાહેબ

શ્રીમાન્ ખુમાનસિંહજી મહોદયે (કે જેઓ મહારાણા ઉદે-પુરના બત્રીશ ઉમરાવોમાંના એક છે.) પણ ઉપદેશ સાંભળવાનો લાભ લીધો. એટલુંજ નહિ; પણ મહારાજશ્રીની સેવા ભક્તિ માટે દિવસમાં બબ્બે વખત પધારતા. તેમના સ્વનામ-ધન્ય યુવરાજ કુમારશ્રી અને નાના કુમારે પણ ઉપદેશ સાંભ-ળવાનો લાભ લીધો હતો. તેઓશ્રી તરફથી ભેટ તરીકે જીવદયા-પાલનનો પટ્ટો મળ્યો છે. (જુઓ પરિશિષ્ટ પ્રકરણ ૧લું.)

ત્યાં મહારાજશ્રીનાં દર્શન માટે બ્યાવરથી ધર્મપ્રેમી દાનવીર, ઑનરરી મેજીસ્ટ્રેટ, રાયબહાદુર શ્રીમાન્ શેઠ કુંદન-મલજી કોઠારી પધાર્યા હતા. તેમની સાથે શ્રીમાન્ કારૂ-લાલજી, શ્રીમાન્ સરૂપચંદજી, શ્રીમાન્ છગનલાલજી પણ દર્શન માટે પધાર્યા હતા. આ પ્રસંગે એમ કહેવામાં આવે કે "અહિંના ઠાકોર સાહેબે અનન્ય ભક્તિભાવ દર્શાવ્યો છે." તો તેમાં કશું વધુ પડતું નહિ ગણી શકાય. કારણ કે, મહારાજશ્રીએ વિહાર કર્યો તે દિવસે તેમને વળાવવા માટે ઠાકોર સાહેબ પધાર્યા ત્યારે તેમણે પોતાના પગમાં જોડા પણ નહિ પહેરતાં ખુલ્લા પગે ચાલ્યા હતા. ત્યાંથી મહારાજશ્રી 'તાલ' પધાર્યા. તાલના ઠાકોર સાહેબે મહારાજશ્રીનો મુકામ પોતાની જગ્યામાંજ કરાવ્યો હતો. તારીખ ૨૧મી મેને રોજ ત્યાં મહારાજશ્રીનુ એક વ્યાખ્યાન થયું હતું. તાલના ઠાકોર સાહેબ શ્રીમાન્ ઉમેદ-સિંહજીએ (કે જેઓ શ્રીમાન્ મહારાણા સાહેબના બત્રીશ ઉમરાવોમાંના એક છે) તેમજ તેમના કુમાર સાહેબે પણ ઉપદેશ સાંભળવાનો લાભ લીધો હતો. સાંજને વખતે લસા-ણીના ઠાકોર સાહેબ પણ મહારાજશ્રીનાં દર્શન તેમજ ઉપદેશ-શ્રવણ કરવા માટે તાલ મુકામે આવ્યા હતા. રાત પણ ત્યાંજ

પસાર કરી અને તા૦ ૨૨મીને રોજ સવારે ઉપદેશ આપવામાં આવ્યો તેનો લાભ લસાણીના ઠાકોર સાહેબે તેમજ તાલઠાકોર સાહેબે લેવા ઉપરાંત સ્થાનિક જનતાએ પણ ઠીક ઠીક પ્રમાણમાં લીધો હતો. બપોરની વેળાએ પણ મહારાજશ્રીનો ઉપદેશ બન્ને ઉમરાવોએ સાંભળ્યો. છેવટે સાંજની વેળાએ પણ લસાણીના ઠાકોર સાહેબે પોતાને ગામ ઉપરતી વખતે મંગલિક શ્રવણ કર્યા પછી કહ્યું કે—"મહારાજશ્રી, આપનાં દર્શનથી તૃપ્તિ થતી નથી!" તાલઠાકોર સાહેબે પણ પ્રેમપૂર્વક ભક્તિ કરી હતી અને જ્યારે મહારાજશ્રીએ તા૦ ૨૩મીને રોજ ત્યાંથી વિહાર કર્યો ત્યારે ઠાકોર સાહેબ અઢી ગાઉ સુધી લગભગ 'હેકરવાસ' સુધી વળાવવા ગયા હતા. બન્ને ઉમરાવોનો ધર્મપ્રેમ અદ્દભુત હતો. ઠાકોર સાહેબે ભેટ તરીકે જીવદયાનો એક પટ્ટો કરી આપ્યો છે. ( જુઓ, પરિશિષ્ટ પ્રકરણ ૧લું.)

ત્યાંથી વિહાર કરીને મહારાજશ્રી 'હારણ' અને 'હરિઆરી' થઈને 'સોજત' મુકામે પધાર્યા. ત્યાં નવા દીક્ષિત મુનિ મોહનલાલજી અને સોહનલાલજીને વડી દીક્ષા ઘણા ઠાઠમાઠ પૂર્વક આપવામાં આવી. આ પ્રસંગે ત્યાંના જૈન–જૈનેતર લોકોએ ઉપદેશ સાંભળવાનો લાભ સારા પ્રમાણમાં પ્રાપ્ત કર્યો હતો. રાજ્યના કારભારી અને હાકેમ સાહેબ શ્રીમાન્ સવાઇસિંહજી પણ ઉપદેશ સાંભળવા માટે પધાર્યા હતા. ઓસવાલ, અગ્રવાલ, મહેશ્વરી વગેરે જાતના વણિક બંધુઓએ ચૈત્ર શુદ ૧૩, પોષ વદ ૧૦, નિર્જલા એકાદશી અને જન્માષ્ટમીના દિવસો દરમ્યાન પોતપોતાના વ્યાપારને લગતું સર્વ કામકાજ બંધ રાખવાની પ્રતિજ્ઞાઓ કરી હતી. (જુઓ, પરિશિષ્ટ પ્રકરણ ૧લું).

આ સ્થળે મહારાજશ્રીના ઉપદેશથી પાંચ ખાટકી લોકોએ જીવનપર્યંત જીવહિંસા નહિ કરવાના સોગંદ લીધા હતા. ત્યાંથી મહારાજશ્રી ચોટિલા પધાર્યા. ત્યાં સાદડી શ્રીસંઘના અત્યાગ્રહને વશ થઇ મહારાજે પોતાના પ્રિય શિષ્ય મુનિશ્રી પ્યારચંદજીને ત્યાં ચાતુર્માસ કરવા મોકલ્યા. રસ્તામાં ઉદયપુરનિવાસી વૈરાગી હુકમીચંદજીને તેના હાથે દીક્ષા આપવામાં આવી. સાદડીમાં પણ સારો ધર્મધ્યાન અને ત્યાગ પંચખાણ વિગેરે થયા. ત્યાં પણ મહારાજશ્રીના ઉપદેશથી ઠાકોર સાહેબે કેટલીયે પ્રતિજ્ઞાઓ કરી હતી. ત્યાર પછી મહારાજશ્રી ચાતુર્માસ માટે જોધપુર તરફ આવતા હતા તેવામાં અધવચમાંજ મહામંદિરથી મહારાજ ગુમાનનાથજીનો સંદેશો મળ્યો કે—"મહારાજશ્રી અહીં પધારવાની કૃપા કરે" એ મુંજબ મહારાજશ્રી 'મહામંદિર' પધાર્યા અને ત્યાં ખાતે એક ભાષણ કર્યું હતું. તે સાંભળીને મહારાજ ગુમાનનાથજીએ તેમજ તેમનાં પુત્રરત્ને નીચે મુજબ પ્રતિજ્ઞાઓ કરી હતી :—

(૧) આજથી જીવનપર્યંત કદીપણ શિકાર કરશું નહિ એટલુંજ નહિ, પણ આ પાપકાર્ય માટે અમે કોઇને ઇશારો સરખોયે કરશું નહિ.

(૨) આ મહામંદિરની હદની અંદર કોઇ ગમે તેવા મોટા પદથી વિભૂષિત અધિકારીએ પણ શિકાર કરવો નહિ.

ત્યાંથી મહારાજશ્રીએ વિહાર કર્યો અને આષાઢ શુદ ૭ ને રોજ જોધપુર પધાર્યા. શ્રાવણ શુદ ૧૪ને રોજ મહારાજશ્રીએ વ્યાખ્યાનમાં કહ્યું કે તમે પર્યુષણના દિવસો દરમ્યાન જીવદયાનું પરિપાલન સરકારદ્વારા યા બીજા કોઇદ્વારા

કરાવો છો પણ તમે પોતે તો તમારો ધંધો બંધ કરતા નથી. ત્યારે બીજા-જૈનેતર જનો જીવદયા પાલન શા માટે આનાકાની કરે નહિ? એટલા માટે સૌથી પહેલાં જો તમે તમારો ધંધો બંધ રાખશો અને ત્યાર પછી બીજાઓને બંધ રાખવાનું કહેશો તોજ તમે તેમાં સફળતા મેળવી શકશો.

એ રીતે બીજા સંપ્રદાયના મુનિરાજોએ પણ પોતપોતાનાં વ્યાખ્યાનમાં આ વિષયનું સમર્થન કર્યું હતું. ત્યારે ઓશવાલ ભાઈઓએ મળીને લેખિત નિયમ કરાવી લીધો કે, પર્યુષણના દિવસોમાં કોઇ પણ પ્રકારનો વ્યવસાય કરવો નહિ. જો કોઈથી કદાચિત્ આ નિયમનો ભંગ કરવામાં આવશે તો તેણે રૂ. ૨૧નો દંડ જીવદયા ખાતામાં ભરવો પડશે. એવી છાપેલી નિયમાવલિનો પત્ર જ્યારે 'સોજત' મુકામે ગયો ત્યારે ત્યાંના સજ્જનોએ પણ તેનું અનુકરણ કર્યું અને પોતાના ગામ માટે પણ પર્યુષણના નવ દિવસો માટે તેવો નિયમ કરાવી લીધો. જોધપુરની જૈન જનતા જ્યારે આ કાર્યમાં સફળ થઈ ત્યારે તેણે સરકારને ચોથ અને પાંચમના દિવસોમાં જીવદયા પાળવા-પળાવવા માટે પત્ર વ્યવહાર શરૂ કર્યો. જ્યારે જોધપુર દરબારે આખા રાજ્યમાં તે મુજબ જીવદયા પાલન કરવા-કરાવવાનું મંજૂર કર્યું, એટલુંજ નહિ પણ આખા સ્ટેટના ખૂણેખૂણામાં ચોથ અને પાંચમના દિવસોમાં જીવદયા પાળવાનો હુકમ પણ બહાર પાડવામાં આવ્યો, તેની સાથે સરકારી દફતરોમાં જૈનોને તેમના પર્વના દિવસો દરમ્યાન રજા આપવાનું ફરમાન કાઢવામાં આવ્યું. એવી મતલબની સૂચના અખિલ સ્થાનકવાસી જૈન કોન્ફરન્સને મળવાથી આગળ લખ્યા મુજબ એક તાર કરવામાં આવ્યો હતો:-

Date 3-9-27.

HIS HIGHNESS MAHARAJA BAHADUR JODHPUR.

Please accept our best congratulations on your Highness ordering complete Akta on both Samvatsaries.

Secretary,

S. S. JAIN CONFERENCE.

તારનો અનુવાદ નીચે મુજબ છે:—

તા૦ ૩-૯-૧૯૨૭.

શ્રીમાન્ મહારાજાધિરાજશ્રી જોધપુર નરેશની સેવામાં,

"બન્ને સંવત્સરીઓ ઉપર સંપૂર્ણ રીતે જીવદયા પળાવવાનું જે ફરમાન આપ નામદારે કાઢ્યું છે તે માટે અમે અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપીએ છે."

સેક્રેટરી,

એસ. એસ. જૈન કોન્ફરન્સ.

શ્રાવણ શુદ ૧૪ને ૧૫ના દિવસોમાં 'કન્યાવિક્રય નિષેધ' વિષય ઉપર મહારાજશ્રીનાં વ્યાખ્યાનો થયાં હતાં. આ પ્રસંગે એ જણાવી દેવું જરૂરનું છે કે મહારાજશ્રીએ આપેલાં આ ભાષણો એટલાં તો રોચક અને તલસ્પર્શી હતાં કે જેથી હાજર રહેલ જનસમૂહમાંનાં સામાન્ય મનુષ્યથી આરંભીને છેક મોટામાં મોટા ધનવાન, વિદ્વાન્ અને પ્રતિષ્ઠાવાન જનોનાં

હૃદયમાં તેની એટલી તો ઉંડી અસર થઇ કે 'કન્યાવિક્રય' જેવાં અધમથી પણ અધમ કાર્ય માટે ભારે તિરસ્કાર પેદા થવા પામ્યો હતો. પરિણામે ઉપસ્થિત જનતાએ પ્રતિજ્ઞા કરી કે "અમે કદિ પણ આ નિંદ્ય કાર્ય કરીશું નહિ. કરીશું નહિ એટલુ જ નહિ; પણ એ કાર્ય કરનારને ત્યાં અમે ભાણા વ્યવહાર સુદ્ધાં રાખીશું નહિ" વગેરે.

શ્રાવણ વદ ૧ને રોજ મહારાજશ્રીને વિદ્યાર્થીઓ તરફથી વિનંતિ કરવામાં આવતાં 'વિદ્યાર્થીઓનું કર્તવ્ય' વિષય ઉપર વ્યાખ્યાન આપવાનું મુકરર થયું હતું. આ વિષય ઉપર વ્યાખ્યાન આપવાની વાત પ્રગટ થઇ એટલે પૂછવુંજ શું! કેટલાય મોટા મોટા ઑફિસરો, વકીલો, બેરીસ્ટરો, ડૉકટરો, હકીમો અને શિક્ષકો વ્યાખ્યાનનાં સ્થાને આવી પહોંચ્યા. આ ભાષણ ભારે ઓજસ્વી ભાષામાં થયું હતું.

શ્રાવણ વદ ૩ને રોજ 'મહિલા આશ્રમ' માં એક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેની એટલી તો સુન્દર અસર થવા પામી કે, તેજ વખતે હાજર રહેલ ગૃહસ્થ વર્ગમાંથી રૂા. ૫૦૦૦ (પાંચ હજાર રૂપીયા)ની મદદનાં વચનો મળી ચૂક્યાં હતાં જેથી એક આશ્રમ સ્થાપવાની યોજના હાથ ધરવામાં આવી હતી.

ભાદરવા શુદ ૬ને રોજ રણબંકા રાઠોડ વંશાવતંસ જોધપુર નરેશ શ્રીમાન્ હિઝ હાઇનેસ મહારાજા સર ઉમ્મેદસિંહજી સાહેબ બહાદુરના દાદાસાહેબ શ્રીમંત મહારાજા સાહેબ શ્રી ફતેહસિંહજી, કે. સી. આઇ. ઇ. સ્ટેટ કૌઉન્સીલના હોમ મેમ્બર સાહેબ, મહારાજશ્રીનાં દર્શન માટે પધાર્યા હતા. તેમણે

મહારાજશ્રી પાસે લગભગ પોણા કલાક પર્યંત બેસી ઘણા ઘણા પ્રશ્નો પૂછ્યા હતા. તે દરેક પ્રશ્નના સમયાનુકૂળ અને યોગ્ય ખુલાસાઓ મહારાજશ્રી તરફથી મળતા હતા તેથી તેઓ ઘણા પ્રસન્ન થયા હતા. ત્યાંથી પાછા ફરતી વખતે તેમણે ફરી વખત મહારાજશ્રીનાં દર્શન કરવાની ઈચ્છા પ્રદર્શિત કરી હતી.

ભાદરવા શુદ ૭ને રોજ ઠાકોર સાહેબ શ્રીમાન શિવનાથસિંહજીએ મહારાજનો ઉપદેશ સાંભળીને શ્રાવણ તેમજ ભાદરવા મહીનાઓમાં શિકાર નહિ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. એજ રીતે પટોદીના ઠાકોર સાહેબે પણ પ્રતિજ્ઞા કરી કે, "હું મારા જીવનમાં એવા પ્રાણીની કદિપણ હિંસા કરીશ નહિ કે જે જીવો તદ્દન નિરપરાધી હોય અને ભાદરવા મહીનામાં તો બીલકુલ શિકારજ નહિ કરૂં."

એક વખતે મહારાજશ્રીનાં દર્શન માટે મુંબઈના શાહ વ્યાપારી અને સમાજના લાભાર્થે હજારો રૂપીયાનો દાન કરનાર સ્વનામધન્ય પ્રસિદ્ધ ઝવેરી શ્રીમાન સૂરજમલભાઈ મુંબઈથી પધાર્યા હતા. તેમણે મહા રાજશ્રી સાથે લાંબા સમય સુધી વાર્તાલાપ કર્યો હતો. તેમનું શાન્તિમય જીવન અને દીલની ઉદારતા જોઈને મહારાજશ્રી ઘણા ખુશ થયા હતા.

ભાદરવા સુદ ૧૩ને રોજ પ્રસિદ્ધ જૈન તત્ત્વજ્ઞ શ્રીમાન વાડીલાલ મોતીલાલ શાહ, મહારાજશ્રીનાં દર્શન માટે પધાર્યા હતા. જ્યારે મહારાજશ્રીનું વ્યાખ્યાન પૂરૂં થઈ ગયું ત્યારે, લગભગ એક કલાક સુધી ઓજસ્વી ભાષામાં "આપણા સમાજની વર્તમાન પરિસ્થિતિ" એ વિષય ઉપર તેમણે ભાષણ આપ્યું હતું.

તેમનું ભાષણ ભાવપૂર્ણ હતું. તેમાં ગંભીરતા તરવરતી હતી પદલાલિત્ય દૃષ્ટિએ પડતું હતું. જનસમૂહના હૃદય ઉપર ઉંડી છાપ પાડવાની શકિત જોવાતી હતી. સમાજ, રાષ્ટ્ર અને દેશની દયાપૂર્ણ હાલત માટે તેમનાં હૃદયમાંથી વચ્ચે વચ્ચે ઉભરા નીકળી આવતા હતા. તેમના અંતઃકરણમાં સમાજના નિરાધાર બાળકો તેમજ વિધવાઓ માટે ભારે લાગણી દેખાઇ આવતી હતી. ઠેકાણે ઠેકાણે ધર્મચુસ્તતાનું દર્શન પણ થઇ આવતું હતું. અને સૌથી વધારે મહત્વની વાત તો એ હતી કે કેટલાક ગૂઢ અને ગૂઢતર પ્રશ્નોનું, નિરાકરણ કરવાની અજબ શક્તિ તેમનામાં જોઇ શકાતી હતી. છેવટે તેમણે આનંદમય મુખાકૃતિ ધારણ કરીને કહ્યું કે હું ઘણા લાંબા સમયથી મહારાજશ્રીનાં દર્શનનો પિપાસુ હતો. તે પિપાસા આજે પૂરી થઇ છે. એમ કહીને તેમણે પોતાની બેઠક લીધી હતી.

બપોરની વેળાએ પણ તેઓ, મહારાજશ્રી સાથે વાર્તાલાપ કરવા માટે પધાર્યા હતા. કેટલાય મહત્વના વિષયો ઉપર બન્ને વચ્ચે આ પ્રસંગે ઉહાપોહ થયો હતો. તેમાં મુખ્યત્વે 'તો જૈન સમાજનો સુધારો' તેમજ 'કોન્ફરન્સ' સંબંધી બાબતો હતી.

ભાદરવા શુદ ૧૫ને રોજ બાવન ઘરના મોચીઓએ પોતાના પરિવાર સાથે મહારાજશ્રીનાં દર્શનનો લાભ લીધો હતો. અને મહારાજશ્રીના ઉપદેશના પરિણામે જીવનપર્યંત તેઓએ માંસ ભક્ષણ અને મદિરાપાન નહિ કરવાની પ્રતિજ્ઞાઓ લીધી હતી અને જૈન ધર્મનું પાલન કરવા લાગ્યા. ત્યાર પછી ક્રમશઃ તેઓ નવકારમંત્ર ગણતા શીખ્યા અને સામાયિક, ચોવીશ તીર્થંકરોનાં નામ વગેરે પણ શીખ્યા હતા.

આસો શુદ ૧૩ને રોજ મુંબઈવાળા શ્રી. શિવજીભાઈ નામના એક મોટા વકતા પણ મહારાજશ્રીનાં દર્શન કરવા અને ઉપદેશ શ્રવણ માટે આવ્યા હતા. તેમનું ભાષણ ગમે તેટલું નાનું હોય છતાં શ્રોતૃવર્ગને ઓછામાં ઓછા બે ત્રણ વાર હસાવ્યા વગર રહેજ નહિ. અથવા તો ગમે તેટલી મોટી માનવમેદની કેમ હાજર ન થઈ હોય છતાં એક ચિત્તે લોકો તેમનું ભાષણ સાંભળતા રહે છે. શ્રી શિવજીભાઈ પણ બેઠક લઈને મહારાજશ્રીનું વ્યાખ્યાન સાંભળવાનો લાભ લેવા લાગ્યા. એ અરસામાં મહારાજશ્રીએ પોતાના વ્યાખ્યાનમાં એક સ્થળે જણાવ્યું કે, "હિંસામાં પણ આપણો ધર્મ છે, અને અહિંસામાં પણ આપણો ધર્મ છે, એવી રીતે અસત્યમાં અને સત્યમાં, અદત્તમાં અને દત્ત વ્રતમાં વગેરે બધા વિષયો અને સ્થળોમાં આપણો ધર્મ તો રહ્યોજ છે." એટલુંજ નહિ પણ મહારાજશ્રીએ આ બાબત ઉપર ઘણા લાંબા સમય સુધી સુંદર ચર્ચા ચલાવી હતી. છેવટે લોકોએ કહ્યું કે મહારાજશ્રીનાં વચનો ખરેખર સત્યજ છે, તેમાં લગારે પણ અનુચિત નથી.

જ્યારે મહારાજશ્રીનું ભાષણ પૂરૂં થઈ ગયું ત્યારે શ્રી. શિવજીભાઈ ઉભા થયા. તેમણે મહારાજશ્રીને ઉદ્દેશીને કહ્યું કે આપશ્રીએ જ્યારે હિંસા અને અહિંસામાં, અસત્ય અને સત્યમાં, અદત્તમાં અને દત્તવ્રતમાં ધર્મ હોવાની વાત કરતા હતા તે વખતે મારા મનમાં કઈ કઈ પ્રકારના તર્ક-વિતર્ક થયા કરતા હતા. અરે, કયારેકનો હું મનમાં આપની ઉપર ગુસ્સો લાવીને એમ પણ બોલી ગયો કે, મહારાજશ્રી આચાર્ય કહેવાય છે અને પ્રખર વકતા કહેવાય છે, છતાં હિંસા અને

અહિંસા, અસત્ય અને સત્ય બધામાં ધર્મ હોવાનું પરસ્પર વિરોધાત્મક બોલવું શી રીતે સત્ય હોઈ શકે? એવા વિચાર-વમળમાં હું અટવાઈ રહ્યો હતો, તેવામાં વ્યાખ્યાન પૂરું થવાના સમયે મહારાજશ્રીએજ 'ધર્મ' શબ્દની સ્પષ્ટ વ્યાખ્યા કરી સમજાવ્યું કે, ધર્મ શબ્દના પર્યાયવાચી શબ્દો પ્રકૃતિ અને સ્વભાવ છે, અને તેથીજ મહારાજશ્રીએ કહ્યું હતું કે, અગ્નિમાં જે 'ધર્મ' છે તે દહનશકિતવાળો છે, એટલે તેનો ધર્મ બાળવાનો છે. એવી રીતે હિંસા અને ચોરી તેમજ જુઠું બોલવાના ધર્મો હોઇ શકે છે, અર્થાત્ તેવાં કાર્યોનો સ્વભાવ અધોગતિ તરફ ઘસડી જઇને ચોરાસીનાં ફેરામાં ભટકવાનો હોય છે. એજ પ્રમાણે અહિંસા, સત્ય, અસ્તેય વગેરેનો ધર્મ કિંવા સ્વભાવ જીવોને સદ્ગતિના ભાજન બનાવવાનો છે. સદ્ગૃહસ્થો મારે કહેવું જોઇએ કે, મહારાજશ્રી તર્કશકિતના ભારે ખજાનારૂપ છે. તે શકિતએ મારી ચળ-વિચળ સ્થિતિ, ક્રોધાયમાન દશા અને સન્તસમાગમ પ્રતિનો મારો ઉપેક્ષાભાવ પલટાવી નાંખ્યો હતો. તે વખતે તેમને જે આનંદ થયો છે તેનું વર્ણન કરવું એ મારી તાકાતની બહારની વાત છે." મહારાજશ્રીનાં તેમણે બે ભાષણો સાંભળ્યાં હતાં જેથી હું મારા પોતાના જીવનમાં ઘણોજ આનંદ તેમજ અનુભવ મેળવી શકયો કે જે (મુંબઇ) ઘાટકોપરમાં અઢાર જેટલા વ્યાખ્યાનો સાંભળવાથી મળ્યો હતો.

આસો શુદ ૧૪ને રોજ જાવરા (મધ્ય પ્રાંત) નિવાસી ડો. હોરમસજી સાહેબનો એક પત્ર મહારાજશ્રીને મળ્યો હતો, તે નીચે પ્રમાણે:—

હે ગુરૂજીશ્રી ચૌથમલજી સાહેબ,

આ વિનીત શિષ્ય આપને નમ્ર અરજ કરે છે કે હું આપના દર્શન ઉદયપુર ખાતે કરી શકયો નહિ તે માટે મને ઘણું દુઃખ થયું હતું. આપશ્રી એ વખત જાવરા ખાતે પધાર્યા અને મને ઘણો બોધ આપ્યો તે માટે આપશ્રીનો હું ઘણો આભારી થયો છું. આપશ્રીનાં વ્યાખ્યાનનો ઉપકાર હું કદી પણ વિસરીશ નહિ. હું ઉદયપુરના મહારાણાજી સાહેબની આંખોના ઉપચાર માટે ગયો હતો; છતાં આપશ્રીનાં દર્શન હું પામી શકયો નહિ. આપશ્રીનાં દર્શન કરવા માટે જોધપુર ખાતે આવવાની મારી ઇચ્છા છે.

આપનો સેવક,

ડૅાકટર હોરમસજી*

જ્યારે મહારાજશ્રીનું ચાતુર્માસ પૂરૂં થયું ત્યારે તેઓએ ત્યાંથી વિહાર કર્યો, તે વખતે સેંકડોનીજ સંખ્યામાં નહિ બલ્કે હજારો મનુષ્યો મહારાજશ્રીને વળાવવા માટે આવ્યા હતા. મહારાજશ્રીએ શહેરની બહાર સોજતિઆ દરવાજા આગળ આવેલ રાવરાજા સાહેબ શ્રી સૂરતસિંહજીના મકાનમાં ઉતારો કર્યો હતો. જોધપુરના સોજતિઆ દરવાજાની બહારના ભાગમાં

* પત્ર લખનાર મહાનુભાવ એક પારસી સજ્જન છે. મહારાજશ્રી તરફ તેમનો કેટલો બધો ભક્તિભાવ ઉછળી રહ્યો છે તેનો પત્ર વાંચવાથી કંઇક ભાસ થઇ શકશે. ડૅાકટર હોરમસજી ખાસ કરીને આંખના એક કુશલ ડૅાકટર છે, તેમણે અનેક આંખના દરદીઓને આરામ કરીને સારી નામના મેળવી છે.

માલીઓ તેમજ વૈશ્યોના સંખ્યાબંધ ઘરો આવેલાં છે. માલી લોકો મહારાજશ્રીના ખાસ ભક્ત અને ઉપાસક છે; કારણ કે મહારાજશ્રી દ્વારાજ તેઓ જૈન ધર્માવલંબી બન્યા હતા. જોધપુરમાં પધાર્યા પછી મહારાજશ્રીનું પહેલું ભાષણ સરદાર હાઇસ્કૂલમાં થયું હતું, જ્યારે બીજું ભાષણ કાયસ્થ હાઈ સ્કૂલમાં થયું હતું. મહારાજશ્રીનાં આ બન્ને ભાષણોની સુંદર અસર અહિંના બાલકગણ તેમજ શિક્ષક વર્ગ ઉપર થવા પામી હતી. ત્યાંથી વિહાર કરીને મહારાજશ્રી મહામંદિર ખાતે પધાર્યા. જો કે ત્યાં એક ભાષણ બજારમાં થયું હતું; પરંતુ બીજું ભાષણ માલિઓની હાઇ સ્કૂલમાં થયું હતું. ત્યાંથી મહારાજશ્રી કાગા પધાર્યા. જો કે ત્યાં ઓશવાલનું એક પણ ઘર નહોતું; તો પણ માલીભાઇઓના આગ્રહથી ત્યાં બે ભાષણ આપ્યાં હતાં. ત્યાંથી મહારાજશ્રી નાનાં મોટાં શહેરોમાં થઇને વડલૂ ખાતે પધાર્યા. ત્યાં તેઓશ્રીએ પોતાની ઓજસ્વી વાણીના પ્રભાવે "જૈનરત્ન પાઠશાળા" નામની એક સંસ્થાની સ્થાપના કરી હતી. આ પાઠશાળા માટે ફંડ પૂરતું અગાઉથીજ થઇ ચૂક્યું હતું. આજે તો એ પાઠશાળાએ "જૈન ગુરૂકુળ"નું રૂપ ધારણ કરેલું છે. ત્યાંથી મહારાજશ્રી નાગોર ખાતે પધાર્યા. ત્યાં મહારાજશ્રીનાં ઘણાં સાર્વજનિક વ્યાખ્યાનો થયાં હતાં. વ્યાખ્યાન પ્રસંગે માણસોની ભારે ઠઠ જામતી હતી. શ્રીયુત હાકિમ સાહેબ, શ્રીયુત પોલિસ સુપરીન્ટેન્ડેન્ટ સાહેબ, શ્રીયુત ડૉકટર સાહેબ વગેરે અધિકારીવર્ગ પણ સારી રીતે વ્યાખ્યાનનો લાભ લેતા હતા. આ ઉપદેશોની એટલી તો સુંદર અસર હાકિમ સાહેબનાં મન ઉપર થવા પામી હતી કે પોતાને મળતાં માસિક

પગારમાંથી દર રૂપીયે એક આના મુજબની રકમ પરોપકાર માર્ગે વાપરવાની દૃઢ પ્રતિજ્ઞા મહારાજશ્રીનાં વ્યાખ્યાન અવસરેજ કરી હતી. એ મુજબ બીજાઓએ પણ ઘણી પ્રતિજ્ઞાઓ કરી હતી. મહારાજશ્રી અહીંથી વિહાર કરીને પોષ વદ ૧૩ના રોજ બિકાનેર ખાતે પધાર્યા હતા. ત્યાં ડાગાજી ઉદયચંદજીનાં ઘરમાં સ્થિરતા કરી હતી. મહારાજશ્રીનાં કેટલાંક વ્યાખ્યાનો તો તે ઠેકાણેજ થયાં હતાં. તેમજ એક ભાષણ રાગડીના ચોકમાં થયું હતું. સ્થાનકવાસી મુનિઓનાં શહેરમાં આવી રીતે જાહેર વ્યાખ્યાનો થવાનો આ પહેલોજ પ્રસંગ હતો. વ્યાખ્યાનમાં જનસંખ્યા ઠીક પ્રમાણમાં હાજરી આપતી હતી. એક દિવસે બિકાનેર નરેશના ભાઇ કર્નલ શ્રીમાન ભેરૂસિંહજી મહારાજ કે.સી.આઇ.ઇ. પધાર્યા હતા. તેમણે મહારાજશ્રીનો ઉપદેશ સાંભળી ભારે પ્રસન્નતા દર્શાવી હતી. શ્વે૦ સ્થા૦ કોન્ફરંસનાં આઠમા અધિવેશન પ્રસંગે સ્વાગતકારિણી સમિતિના પ્રમુખ શ્રીમાન મિલાપચંદજી વેદે મહારાજશ્રીની અત્યુત્તમ ભક્તિ કરી હતી. લોકોએ મહારાજશ્રીને આગામી ચાતુર્માસ માટે ઘણો આગ્રહ કર્યો હતો. પરંતુ મહારાજશ્રીએ તેનો સ્વીકાર નહિ કરતાં ત્યાંથી વિહાર કર્યો અને તેજ દિવસે શ્રીમાન શેઠ કેશરીમલજી ડાગાના આગ્રહથી તેમના મુકામમાં પધારી એક વ્યાખ્યાન પણ આપ્યું હતું. તે દિવસે બિકાનેર નરેશના સાળા શ્રીમાન રામસિંહજી મહોદયે પણ ઉપદેશ સાંભળવાનો લાભ લીધો હતો. ત્યાંથી પાછા ગંગાશહેર ખાતે વ્યાખ્યાન આપીને બીજે દિવસે વિહાર પણ કરી ગયા. તે દિવસે બિકાનેર નરેશના કુમારશ્રી શાર્દૂલસિંહજી સાહેબ દેશનુક ખાતે પધાર્યા હતા "ઉદયપુરનો ઉપ-

કાર" નામનાં પુસ્તકની એક નકલ કુમારશ્રીનાં હાથમાં અહીં મળી હતી. તે ઉપરથી તેઓએ પૂછ્યું કે, 'જેઓએ ઉદયપુરમાં ઉપકાર કર્યો છે, શું તેજ મહારાજશ્રી અહીં પધાર્યા હતા.? તેના જવાબમાં કહેવામાં આવ્યું કે "મુનિશ્રી આજેજ અહીંથી વિહાર કરી ગયા છે". ત્યાંથી મહારાજશ્રી નાનાં મોટાં અનેક ગામોએ ફરતા ફરતા કુચેરે પધાર્યા. તે વખતે ત્યાં પંડિત મુનિશ્રી જોરાવરમલજી મહારાજ વગેરે આઠ ઠાણા વિરાજમાન હતા. તેઓશ્રીનો ચરિત્રનાયક સાથેનો અત્યુત્તમ પ્રેમ દેખાઇ આવતો હતો. લગભગ એજ અરસામાં તપસ્વી શ્રી બાલચંદ્રજી મહારાજનાં સ્વર્ગગમનના સમાચાર મળ્યા હતા. તે સાંભળીને મહારાજશ્રી તેમજ બીજા મુનિઓને ભારે ખેદ થયો હતો. ત્યાંથી વિહાર કરીને મહારાજશ્રી 'મેડતા' પધાર્યા હતા.

## પ્રકરણ ૩૮મું.

### સં. ૧૯૮૪.

### રતલામ.

# પૂજ્યશ્રીના સહવાસમાં ચાતુર્માસ.

મેડતામાં મહારાજશ્રીનાં વ્યાખ્યાનો ભર બજાર વચ્ચે થતાં હતાં. હિંદુ અને મુસલમાન કોમો તેમનાં આ વ્યાખ્યાનોનો લાભ એકસરખી રીતે લેતી હતી. શ્રોતાજનોની સંખ્યા નદીમાં જેમ પૂર આવે તેમ વધતીજ જતી હતી. મહારાજશ્રીએ તા૦ ૨૩મીને રોજ "પાપોથી શી રીતે મુક્ત થશો?" એ વિષય ઉપર એક મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. તે વેળાનું દશ્ય ખરેખર જોવા યોગ્ય હતું. તેમાં એક ઠેકાણે તેઓશ્રીએ પોતાના વિષયનાં સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ કરવા માટે મુસલમાનોના છેલ્લા પયગંબર સાહેબનું દષ્ટાંત રજુ કર્યું હતું. તે સાંભળતાંની સાથેજ મુસલમાન શ્રોતાજનોની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. અરે, એક મુસલમાન બંધુ તો મોટા અવાજે રડવા લાગ્યો. વાંચક વર્ગ, જુઓ મહારાજશ્રીનાં વ્યાખ્યાનની અદ્‌ભુતતા! જ્યારે મહારાજશ્રીનાં વ્યાખ્યાનથી મુસલમાન બંધુઓની આ સ્થિતિ થઈ ત્યારે જૈનેતર

(વૈષ્ણવ) જનો મહારાજશ્રીનાં વ્યાખ્યાનનો લાભ લેવા અતિ-ઉત્કંઠિત હોય તેમાં આશ્ચર્ય જ શું હોય? મહારાજશ્રી ત્યાંથી વિહાર કરીને બ્યાવર થઇને બદનોર ખાતે પધાર્યા. ઠાકોર સાહેબ શ્રીમાન્ ભૂપાલસિંહજી (કે જેઓ ઉદયપુરના મહારાણાશ્રીના ૧૬ ઉમરાવોમાંના એક છે.) ને જ્યારથી ઉદયપુરમાં મહારાજશ્રીનો ઉપદેશ સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું ત્યારથી તેમની એ ભાવના રહ્યા કરતી હતી કે, "ક્યારે મહારાજશ્રી બદનોર ખાતે પધારી મને અને મારી પ્રજાને પોતાનાં સદુપદેશામૃતનું પાન કરાવે." ઠાકોર સાહેબની આવી હાર્દિક અભિલાષા આજે એકાએક અને અનાયાસે પાર પડેલી જોઇને તેમના હર્ષનો પાર રહ્યો નહિ. ઠાકોર સાહેબે મહારાજશ્રીનાં ત્રણ વ્યાખ્યાનો સાંભળીને ભેટ તરીકે જીવદયાનો એક પટ્ટો કરી આપ્યો હતો. (જુઓ, પરિશિષ્ટ પ્રકરણ ૧લું.)

ત્યાંથી મહારાજશ્રી વિહાર કરીને પરાસોલી અને આસિંદ થઈને કેરિઆ ખાતે આવ્યા. ત્યાંના મહારાજ શ્રીમાન ગુલાબસિંહજી મહોદય સ્વાગત માટે ઘણે દૂર સુધી આવ્યા હતા. એકંદર મહારાજશ્રીનાં ત્યાં સાત ભાષણો થયાં હતાં. તેઓએ ભેટ તરીકે મહારાજશ્રીને એક પટ્ટો કરી આપ્યો હતો. (જુઓ, પરિશિષ્ટ પ્રકરણ ૧લું.)

મહારાજશ્રી ત્યાંથી વિહાર કરીને નિંબાહેડ, પધાર્યા. કેરિઆના મહારાજશ્રી ઘણે દૂર સુધી વળાવવા આવ્યા હતા, જ્યારે મહારાજશ્રી નિંબાહેડા પધાર્યા ત્યારે ઠાકોર સાહેબ સ્વાગત કરવા માટે સામે આવ્યા હતા. ત્યાં મહારાજશ્રીએ ચાર ભાષણો આપ્યાં હતાં. આ ભાષણો સાંભળવા માટે કેરિ-

આના મહારાજ પણ પધાર્યા હતા. નિંબાહેડાના ઠાકોર સાહેબે ઉપદેશ સાંભળીને ભેટ તરીકે અભયદાનનો એક પટ્ટો કરી આપ્યો હતો. (જુઓ પરિશિષ્ટ પ્રકરણ ૧લું.)

ત્યાંથી વિહાર કર્યો ત્યારે નિંબાહેડાના ઠાકોર સાહેબ તથા કેરિઆના મહારાજા વળાવવા આવ્યા હતા. ત્યાંથી મહારાજશ્રી ભગવાનપુરા ખાતે પધાર્યા: કારણ કે ત્યાંના રાવતજી સાહેબ શ્રીમાન સુજાનસિંહજી (કે જેઓ મહારાણા ઉદયપુરના બત્રીસ ઉમરાવોમાંના એક છે) નો તથા તેમના કુમારશ્રીનો અતિ આગ્રહ હતો. ત્યાં મહારાજશ્રીનાં છ ભાષણો થયાં હતાં. શ્રીમાન રાવતજી સાહેબ, કુમાર સાહેબ તથા રાણીવાસના બધા સરદારોને મહારાજશ્રીનો સદુપદેશ સાંભળવાને સારો અવસર મળ્યો હતો. તેની ખુશાલીમાં સંસ્થાન તરફથી અભયદાન સંબંધી એક પટ્ટો કરી આપ્યો હતો. (જુઓ પરિશિષ્ટ પ્રકરણ ૧લું.)

રાણીવાસના સરદારોએ પણ પંખિઓ તેમજ હરણોનું માંસ નહિ ખાવાની પ્રતિજ્ઞા કરી હતી. ત્યાંથી વિહાર કરીને મહારાજશ્રી માંડળ પધાર્યા. ત્યાં ઓશવાલના લગભગ પાંચજ ઘર હતાં. પરંતુ મહારાજનાં વ્યાખ્યાનો તો હરહમેશ સાર્વજનિક થતાં હોવાથી લગભગ ૧૫૦૦ જેટલાં માણસોએ તેમનું વ્યાખ્યાન સાંભળવાનો લાભ લીધો હતો. મહારાજશ્રીના ઉપદેશથી કેટલાક લોકોએ બીડી નહિ પીવી, જુગાર નહિ રમવો અને ચોરી નહિ કરવી વગેરે અનેક પ્રતિજ્ઞાઓ લીધી હતી. એટલુંજ નહિં; પરંતુ હાજર રહેલ માહેશ્વરી બંધુઓએ ઉભા થઇને એવી પ્રતિજ્ઞા લીધી કે, અમારાં ગામમાં લગભગ માહેશ્વરી ભાઇઓનાં સવાસો જેટલાં ઘરો છે, તેમણે એક

જ્ઞાતિરૂપે એકત્ર થઇને ઠરાવ પસાર કર્યો કે, "આજથી કોઇ પણ ભાઇ કન્યાવિક્રય નહિ કરી શકે, જો આ નિયમનો કોઇ ભંગ કરે તો જ્ઞાતિનાં પંચે એવાં પગલાં ભરવાં કે તેની સાથે કોઇ પણ પ્રકારનો વ્યવહાર રાખવો નહિ.'

આ સ્થળે "મેજા રાવતજી સાહેબ શ્રીમાન્ જયસિંહજી (કે જેઓ મહારાણા ઉદયપુરના સોળ ઉમરાવોમાં એક છે) ની તરફથી કામદાર સાહેબ પણ આવ્યા હતા. રાવતજી સાહેબની તરફથી તેમણે કહ્યું કે રાવતજી સાહેબને આપનાં દર્શનની અભિલાષા છે. માટે આપ મેજા પધારો. જો આજે ચૌદશના વ્રતનો દિવસ નહોત તો રાવતજી સાહેબ પોતે આપને લેવા માટે અહિં આવત. તેમનો એવા પ્રકારનો આગ્રહ જોઇને મહારાજશ્રી મેજે પધાર્યા. રાવતજી સાહેબે પોતે મહારાજશ્રીને કહ્યું કે, મહારાજશ્રી, હવે આપનું વ્યાખ્યાન મહેલમાં થાય તો ઠીક. કારણ કે તેમ થવાથી અંતઃપુરનો સ્ત્રીવર્ગ પણ તેનો લાભ લઇ શકે, તેથી તે મુજબજ કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાન પૂરૂં થયા પછી રાવતજી સાહેબ મહારાજશ્રીને ઉતારા સુધી મૂકવા ગયા. સાંજની વખતે મહારાજશ્રીનું એક ભાષણ તેમના મુકામેજ થયું હતું. રાવતજી સાહેબે ત્યાં હાજર થઇને પણ તે પ્રવચન સાંભળવાનું ચૂકયા નહિ. વળી બીજે દિવસે તેજ મહેલમાં એક ભાષણ રાખવામાં આવ્યું હતું. મહારાજશ્રીનો ઉપદેશ સાંભળીને રાવતજીનું મન ઘણું પ્રસન્ન થયું હતું, તેથી ભેટ તરીકે જીવદયા પાલનનો એક પટ્ટો કરી આપ્યો હતો (જુઓ, પરિશિષ્ટ પ્રકરણ ૧લું.)

ત્યાંથી વિહાર કરીને મહારાજશ્રી પૂર તરફ પધાર્યા. વિહાર કરતી વેળાએ મહારાજશ્રીને વળાવવા માટે રાવતજી સાહેબ

પોતે ઘણે દૂર સુધી સાથે ગયા હતા. પ્રસ્થાન કરતી વેળાએ મહારાજશ્રીએ જ્યારે મંગલિક સંભળાવ્યું ત્યારે ત્યારે પણ રાવતજી સાહેબે ચાર ગાડાં ભરેલું ઘાસ ગાયોને નીરવાનું ફરમાન પોતાનાં માણસોને કર્યું હતું. ત્યારે મહારાજશ્રી ખેરોબાદ પધાર્યા. ત્યાંના ઠાકોર સાહેબ શ્રીમાન વાઘસિંહજીએ ઉપદેશ સાંભળીને જીવદયાપાલનનું એક લેખિત ફરમાન કરી આપ્યું હતું. (જુઓ પરિશિષ્ટ પ્રકરણ ૧લું.)

ત્યાંથી હમીરગઢ ગયા અને ત્યાં એક વ્યાખ્યાન આપ્યું. ત્યાંના રાવતજી સાહેબ શ્રીમાન મદનસિંહજી સાહેબ (કે જેઓ મેવાડના શ્રીમાન મહારાણા સાહેબના બત્રીસ ઉમરાવોમાંના એક છે) વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. વ્યાખ્યાન સાંભળીને તેમણે મહારાજશ્રી તરફ ઘણો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો હતો. ત્યાર પછી તેમણે પણ મહારાજશ્રીને એક પટ્ટો અર્પણ કર્યો, તેની નોંધ પરિશિષ્ટ પ્રકરણ ૧લામાં કરવામાં આવેલ છે. ત્યાંથી ગંગાર થઈને પુઢોલી ખાતે પધાર્યા. ત્યાં પણ ઠાકોર સાહેબ શ્રીમદનસિંહજીએ મહારાજશ્રીનો ઉપદેશ સાંભળીને કેટલીક પ્રતિજ્ઞાઓ લેવાની ભાવના દર્શાવી હતી. ત્યાંથી મહારાજશ્રી ચીતોડ પધાર્યા. લગભગ બધો જનસમૂહ હાકેમ સાહેબ શ્રીમાન યશવંતસિંહજી તેમજ રાજ્યના અમલદાર વર્ગે ઉપદેશ સાંભળવાનો લાભ લીધો હતો. એક દિવસે હાકેમ સાહેબને કેદીઓની કરૂણાજનક હાલત નિહાળતાં તેમને પણ ઉપદેશ આપવાની અને તેમને ભવિષ્યમાં સારે માર્ગે ચઢાવવાની મહાત્માજીને પ્રાર્થના કરી હતી. એ પ્રાર્થનાનો મહારાજશ્રીએ ઘણી પ્રસન્નતા સાથે સ્વીકારી હતી અને તેમને એવો તો સચોટ ઉપદેશ આપ્યો કે જે સાંભળીને પોતે કરેલાં કૃત્યો માટે

તેઓએ પશ્ચાત્તાપ કર્યો અને એવાં કૃત્યોના પરિણામે ભવિષ્યમાં પોતાને સંકટમાં નહિ નાખવાનો નિર્ધાર કર્યો હતો. સ્ટેશન માસ્તરની વિનતિથી મહારાજશ્રીએ સ્ટેશન ઉપર એક ભાષણ આપ્યું હતું. ત્યાર પછી મહારાજશ્રી ઓછડી પધાર્યા. ત્યાં ઘટિઆવલીના ઠાકોર સાહેબ શ્રીમાન શંભુસિંહજી. રોલાહેડાના ઠાકોર સાહેબ શ્રીમાન સજજનસિંહજી. પુંઢાલીના ઠાકોર સાહેબ શ્રીમાન પ્રતાપસિંહજી અને ઓછડીના ઠાકોર સાહેબ શ્રીમાન ભૂપાલસિંલજી એ ચારે ઠાકોર સાહેબોને એક સાથે અને એકજ ઠેકાણે મહારાજશ્રીનાં દર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. તે વખતે પુંઢાલીના ઠાકોર સાહેબે એટલે સુધી કહ્યું કે જો આજે આપશ્રીનાં પગલાં અહિં ન થયાં હોત તો અમે બધા જરૂર આપની પાસે આવ્યા હોત; પરંતુ અમે અમારૂં એ સૌભાગ્ય સમજીએ છીએ કે અમારી એ ભાવના પ્રભુકૃપાથી પાર પડી છે. પુંઢાલીના ઠાકોર સાહેબે શ્રી મહાવીર જયંતી, પાર્શ્વનાથ જયંતી, તેમજ પુંઢાલીમાં મહારાજશ્રીના આવવા જવાના દિવસોએ કેવળ પુંઢાલીમાંજ નહિ; પરંતુ તેની સમગ્ર હદમાં જીવહિંસા નહિ થવા દેવાની પ્રતિજ્ઞા લીધી હતી.

પુંઢાલીની હદમાં આવેલી નદીમાં કોઇ પણ વ્યક્તિ કોઇ પણ વખતે માછલાંઓ મારી શકે નહિ તે માટે મહારાજશ્રીએ નદી કીનારા ઉપર એક શીલાલેખ મૂકી દેવાનો પોતાનો વિચાર દર્શાવ્યો. ઘટિઆવલીના ઠાકોર સાહેબે મનોહર વ્યાખ્યાતા પંડિત મુનિશ્રી છગનલાલજી અને ચરિત્રનાયકજી એ બન્નેના સદુપદેશથી તળાવના કોઇ પણ જાનવરને કયારે અને કોઇ પણ વ્યક્તિ મારી શકે નહિ તે માટે એક શીલાલેખ

મૂકાવ્યો. તેમ છતાં વિજયાદશમીના રાષ્ટ્રીય પર્વ ઉપર ફક્ત પાડાનો વધ કરવા સિવાય જીવદયા પળાવવી. ઉપરાંત શ્રી મહાવીરજયંતી, શ્રી પાર્શ્વનાથજયંતી અને ધરિઆવલીમાં મહારાજશ્રીના આવવાજવાના દિવસોએ જીવદયા પળાવવાનો એક હુકમ ફરમાવી દીધો. રોલાહેડાના ઠાકોર સાહેબે વૈશાખ, શ્રાવણ, ભાદરવા અને કાર્તિક એ ચાર મહીનામાં કયારે અને કોઇ પણ શિકાર નહિ કરવાની સુંદર પ્રતિજ્ઞા કરી, એટલુંજ નહિ, પરંતુ તેમણે શ્રી મહાવીરજયંતી, શ્રી પાર્શ્વનાથજયંતી અને મહારાજશ્રીના રોલાહેડા ખાતે આવવાજવાના દિવસોએ જીવદયા પળાવવાનો નિયમ લેવરાવ્યો. ઠાકોર સાહેબે મહારાજશ્રીને એ વાત પ્રસંગોપાત જણાવી દીધી કે દારૂ નહિ પીવાની પ્રતિજ્ઞા તો મેં ચાર વર્ષથી કરેલી છે, અને ઓછડીના ઠાકોર સાહેબે દરેક અમાવાસ્યા, મહાવીર જયંતી ને પાર્શ્વનાથજયંતીના દિવસોમાં બીલકુલ શિકાર નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. ત્યાંથી મહારાજશ્રી વિહાર કરીને નિંબાડા, મન્દસોર, અને જાવરા થઇને નામલી પધાર્યા. ત્યાંના ઠાકોર સાહેબે મહારાજશ્રીની અતિ સુંદર ભક્તિ કરી હતી. તે વખતે તેઓશ્રીના કુમાર રાજેંદ્રસિંહજી સાહેબ (કે જેઓ શ્રીમંત મહારાજાધિરાજ સવાઈ શ્રી યશવંતરાવ બહાદૂર (બીજી) હોલ્કર નરેશના સહાધ્યાયીઓ તેમજ મિત્રો (Companions)માંના એક હોઈ અત્યંત પ્રિય અને હસમુખા છે તેઓને ઇન્દોરની હોલ્કર કોલેજમાં ઉનાળાની રજા પડતાં ઘેર આવેલ હતા) પણ મહારાજશ્રીનું વ્યાખ્યાન સાંભળી ઘણા પ્રસન્ન થયા હતા. મહારાજશ્રી ત્યાંથી વિહાર કરીને રતલામ ખાતે પધાર્યા, અને પૂજ્યશ્રીનાં દર્શનનો લાભ લીધો. પહેલાં

પૂજ્યશ્રી અનેક શાસ્ત્રોના ઉદાહરણો સાથે સૂત્રનું પ્રવચન કરે અને પછી ચરિત્રનાયકશ્રી સુંદર અને હૃદયગ્રાહી વિષયોનો સંબંધ દર્શાવતું વ્યાખ્યાન કરે. એમાં જ્યારે શ્રોતાઓની સંખ્યા ઉત્તરોત્તર વધતીજ ચાલી, અને તેમનો સમાવેશ જ્યારે ત્યાં થઈ શક્યો નહિ ત્યારે રસ્તાની સડક ઉપર બેસવાનો પ્રબંધ પણ કરાવ્યો હતો. લગભગ એ અરસામાં મહારાજશ્રીની પાસે રહેતા તપસ્વી મયાચંદજી મહારાજે ૩૮ દિવસના ઉપવાસ માત્ર ગરમ પાણીના આધારેજ કર્યા. તેની પૂર્ણાહુતિ બીજા શ્રાવણ શુદ ૧૦ ને શનિવારે હતી. આ તપસ્યાના ઉત્સવ નિમિત્તે શ્રીસંઘ તરફથી બધા વર્તમાન પત્રોને સમાચાર મોકલ્યા હતા, તેમજ દરેક ઠેકાણે આમંત્રણ પત્રિકાઓ પણ મોકલાવી હતી. પરિણામે કેટલાય ગામો તેમજ શહેરોમાંથી લગભગ હજાર–બારસો જેટલા માણસો આ ઉત્સવ ઉપર હાજર થયા હતા. તપસ્યાની પૂર્ણાહુતિના દિવસે પહેલાં પૂજ્યશ્રીએ ભગવતીસૂત્રના અર્થનું સ્પષ્ટીકરણ કર્યું હતું. ત્યાર પછી મહારાજશ્રીએ 'મનુષ્ય જીવન' એ વિષય ઉપર એક વ્યાખ્યાન પણ આપ્યું હતું. આ પ્રસંગે જાવરાનિવાસી શ્રીમાન શેઠ સૌભાગ્યમલજી મહોદયે દૂર દૂરથી પધારેલા સજ્જનોને અને અમલદાર વર્ગ ને વળી એકત્ર થએલ જનસમૂહનો રતલામ શ્રીસંઘ તરફથી ધન્યવાદ આપ્યો હતો અને તેની સાથે જનસમૂહમાં જ્ઞાન પ્રસારની ઘણી આવશ્યકતા જણાવી જ્ઞાનપ્રચારની ઉચિત યોજના ઘડવા માટે સાંજે સાડાસાત વાગે એક સભા બોલાવવાનું જાહેર કર્યું હતું. ત્યાર પછી શ્રીમાન છોટાલાલજી સાહેબ અને શ્રીમાન ચાંદમલજી સાહેબ તરફથી અનુમોદન તેમજ તેને ટેકો મળતાં

તે તે વસ્તુ તરફ લોકવર્ગનું ધ્યાન ખેંચાતાં રાયબહાદૂર શ્રીમાન દીવાન સાહેબે ઉપર્યુક્ત વિષય ઉપર પોતાનો અભિપ્રાય રજુ કરવા સાથે લગભગ પોણા કલાક સુધી "જ્ઞાનપ્રચાર અને તેથી આપણો અભ્યુદય" વિષય ઉપર ભારે અસરકારક ભાષણ આપ્યું હતું. સાથે તેમણે એ પણ જણાવી દીધું કે મહારાજશ્રીનું ભાષણ સાંભળીને મને ઘણો આનંદ થયો છે. ત્યાર પછી સમય થઇ જવાથી જયઘોષપૂર્વક સભા વિસર્જન થઇ હતી. તપસ્યાના આ ઉત્સવ ઉપર લગભગ ૪૦૦૦ ચાર હજાર જેટલા માણસો એકત્ર થયા હતા. શ્રીમાન પેચડના ઠાકોર સાહેબ, નાયબ દિવાન સાહેબ, હોમ મેંબર સાહેબ તેમજ મેજીસ્ટ્રેટ સાહેબ વગેરે મહાશયોએ પણ ઉપદેશ સાંભળવાનો લાભ લીધો હતો. એ દિવસે કંદોઇ, તેલી, કુંભાર, કસાઇ વગેરે લોકોએ પોતાનો ધંધો બંધ રાખ્યો હતો.

એક વખતે પૂજ્યશ્રીના તેમજ મહારાજશ્રીના દર્શન માટે ભદેસર રાવતજી સાહેબ શ્રીમાન તખ્તસિંહજી (જેઓ મહારાણા ઉદયપુરના બત્રીસ ઉમરાવોમાંના એક છે તેઓ) પધાર્યા હતા તેમની સાથે કેટલાય સરદારો પણ હતા.

બોહિડા રાવતજી સાહેબના (કે જેઓ મહારાણા ઉદયપુરના બત્રીસ ઉમરાવોમાંના એક ઉમરાવ છે. તેમના) મોટા કુમારશ્રી શ્રીમાન નારાયણસિંહજી સાહેબ એક દિવસે શ્રીમંત રતલામ નરેશને ત્યાં મેળાપ તરીકે આવ્યા હતા. તેમને જનસમૂહ તરફથી એવી ખબર મળી કે મહારાજશ્રી અહીં બિરાજે છે' ત્યારે તેમણે શ્રીમંત રતલામ નરેશને કહ્યું કે આપે તો મહારાજશ્રીનું વ્યાખ્યાન સાંભળવાનો લાભ લીધો હશેજ? જવાબમાં મહારાજા સાહેબે ફરમાવ્યું કે, હા, આજકાલમાં

તો સાંભળ્યું નથી; પરંતુ છ સાત વર્ષ પૂર્વે તેઓશ્રીનું અહીં ચાતુર્માસ હતું ત્યારે તે સાંભળવાનો લાભ લીધો હતો. તે ઉપરાંત રાવતજી સાહેબે શ્રીમંત મહારાજા સાહેબની પાસે મહારાજશ્રીનાં પ્રતિભાશાલી વ્યાખ્યાનોની ભારોભાર પ્રશંસા કરી હતી, વળી તેજ વખતે રાવતજી સાહેબ મહારાજશ્રીનાં મુકામે જઈને તેમને નમસ્કાર કરીને ઘણા લાંબા વખત સુધી વાર્તાલાપ કર્યો હતો. ત્યાર પછી તેઓશ્રી પોતાનાં મુકામે ગયા; અને બીજે દિવસે વ્યાખ્યાન સાંભળવા માટે આવ્યા હતા.

કાર્તિક શુદ ૭ ને દિવસે બ્યાવરના દાનવીર રાયબહાદૂર શ્રીમાન શેઠ કુંદનમલજી, તેમના પુત્ર શ્રીમાન લાલચંદજી સાહેબ પોતાના પરિવારયુકત, તેમજ મુનીમ શ્રી હીરાલાલજી ઉપરાંત વીરમંડળીના કેટલાક સભાસદો મહારાજશ્રીનાં દર્શન માટે પધાર્યા હતા. તેમણે તેઓશ્રીનાં ચાર વ્યાખ્યાનો સાંભળ્યાં હતાં.

શેઠશ્રીએ સં. ૧૯૮૨ની સાલમાં ૫૨૦૦ રૂપીયાના ખર્ચે એક વિશાલ અને સુંદર મકાન ખરીદીને રતલામની શ્રી જૈનોદય પુસ્તક પ્રકાશક સમિતિને અર્પણ કર્યું હતું. તેનું નિરીક્ષણ પણ કર્યું. તેનું વિસ્તૃત કાર્યક્ષેત્ર જોતાં ફરીથી રૂ. ૧૧૦૦ ની ભેટ આપી હતી તેમજ રૂ. ૧૧૦૦, આગ્રાના અનાથાલયને મોકલ્યા. રતલામની જૈન પાઠશાળાને પણ રૂ. ૨૦૦, આપ્યા હતા. એ ઉપરાંત પાઠશાળાના દરેક વિદ્યાર્થીને એક સુંદર ટોપી તેમજ ચાર ચાર લાડવા પણ આપ્યા હતા.

આસો શુદ ૧૦ને રોજ ઘણા ઠાઠમાઠ સાથે ઇંદ્રમલજીને દીક્ષા આપવામાં આવી. ચરિત્રનાયક તરફથી પૂજ્ય-

શ્રીને એ ભેટ આપવામાં આવી. ત્યાંનું ચાતુર્માસ પૂરૂં કરીને મહારાજશ્રીએ વિહાર કર્યો. એક વ્યાખ્યાન ઉકારે આપીને માતાજીનાઇત્થવે પધાર્યા. ત્યાં ખેડુતોના આગ્રહથી બે વ્યાખ્યાન આપ્યાં. ત્યાંથી ઘરાડ થઇને પીપલખૂટા ખાતે પધાર્યા. ત્યાંના ઠાકોર સાહેબે પણ મહારાજશ્રીનો ઉપદેશ સાંભળીને જીવદયા સંબંધી એક પટ્ટો કરી આપ્યો, તેની નોંધ પરિશિષ્ટ પ્રકરણ ૧લામાં આપવામાં આવી છે. ત્યાંથી બીજા ગામ તરફ જવાની તૈયારી ચાલતી હતી, તેવામાં ઉમરણનાં રાણીસાહેબ તરફથી સૂચના મળી કે હું પણ મહારાજશ્રીનું વ્યાખ્યાન સાંભળું એવી મારી અંતરની ભાવના રહે છે. ત્યાંથી મહારાજશ્રી ઉમરણ ખાતે પધાર્યા, અને ત્યાં પણ એક વ્યાખ્યાન આપ્યું. તે સાંભળીને મહારાજશ્રીને વિનંતિ કરવામાં આવી કે હાલમાં અહીં ઠાકોર સાહેબ નથી, તેઓ સૈલાના ગયા છે. તેઓશ્રી અહીં પાછા ફરશે ત્યારે ચૈત્ર શુદ ૧૩ ને માગશર વદ ૧, ના દિવસોમાં જીવદયા પળાવવાનું ફરમાન કાઢવામાં આવશે. ત્યાર પછી રાણીસાહેબે કેટલીક રાત્રીઓએ ભોજન નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. ત્યાંથી મહારાજશ્રી છત્રીબરમાવર ખાતે પધાર્યા. ત્યાં તેમના ઉપદેશથી ઓશવાલ ભાઇઓમાં ઘણા લાંબા સમયથી ચાલતો આવેલો કુસુંપ નાબુદ થયો હતો, એટલુંજ નહિ; પણ ખેડુતોએ દર મહિનાની અગીઆરસ તેમજ અમાવાસ્યાના દિવસોમાં હળ નહિ જોડવાની પ્રતિજ્ઞા લીધી હતી. ત્યાંથી મહારાજશ્રી 'મુલથાન' પધાર્યા. ત્યાંના રાજા સાહેબને મહારાજશ્રીનું વ્યાખ્યાન સાંભળવાની ઘણા દિવસથી ઇચ્છા હતી; પરંતુ માર્ગમાં વધુ દિવસો થઇ જવાથી ત્યાં પહોંચતાં મોડું થયું હતું. 'મુલથાન'ના રાજાસાહેબ નક્કી

કરેલા દિવસે તીર્થયાત્રા કરવા માટે જવાના હતા તેથી તેઓ ગયા. અસ્તુ. ત્યાંથી મહારાજશ્રી 'બદનાવર' પધાર્યા. ત્યાંના હિંદુ–મુસલમાન બધા લોકોએ વ્યાખ્યાન સાંભળવાનો લાભ લીધો અને રાજ્યના અમલદાર વર્ગે પણ તેમાં ભાગ લીધો હતો.

શ્રીમાન હાકેમ સાહેબના અતિ આગ્રહથી આઠમું વ્યાખ્યાન મહારાજશ્રી પાસે કરાવ્યું, અને તે દિવસે આખા શહેરમાં જીવદયા પળાવી હતી. ત્યાંથી મહારાજશ્રી 'વખતગઢ' પધાર્યા. ત્યાંનાં વ્યાખ્યાનોમાં પણ શ્રોતૃવર્ગ ઘણા સારા પ્રમાણમાં હતાં. શ્રીમાન કારભારી સાહેબ અને મહબુબ અલીએ એક વ્યાખ્યાન વધારે અપાવીને ગામમાં જીવદયા પળાવી હતી. ત્યાંથી મહારાજશ્રી કોડ, બીડવાલ, કાનવન અને નાગદા વગેરે ગામોમાં પોતાના ઉપદેશથી ઉત્તમ રીતે ધર્મપ્રચાર કરતા કરતા ધાર (સ્ટેટ) ખાતે પધાર્યા. ત્યાં મહારાજશ્રીનાં વ્યાખ્યાનમાં કારભારી સાહેબ તેમજ અન્ય મનુષ્યવર્ગ પૂરતાં પ્રમાણમાં હાજર હતો. મહારાજશ્રીએ ત્યાંથી જે દિવસે વિહાર કર્યો તે દિવસે કારભારી સાહેબે આખાય શહેરમાં જીવદયા પળાવી હતી. ત્યાંથી મહારાજશ્રી 'મીસરપુર' થઇને 'બડવાની' ખાતે પધાર્યા. ત્યાં તેમનાં પાંચેક વ્યાખ્યાનો થયાં હતાં. ત્યાંથી મહારાજશ્રી અજજડ, રાજપુર વગેરે ગામોમાં ધર્મપ્રચાર કરતાં કરતાં 'સેંધવા' ખાતે પધાર્યા. તે વખતે દેરાવાસી સંવેગી સાધુ શ્રી તીર્થવિજયજી મહારાજ પણ મહારાજશ્રીને મળવા માટે પધાર્યા હતા. મહારાજશ્રી ત્યાંથી વિહાર કરીને 'ચોપડા' થઇને ભુસાવલ અને જલગામ તરફ જવાના હતા, તેવામાં ધૂલિઆના શ્રીસંઘે પત્ર લખી જણાવ્યું

કે આજકાલ અમુલખઋષિ વગેરે પાંચ ઠાણા અહિં વિરાજે છે અને તેઓશ્રી આપને મળવાની ઈચ્છા રાખે છે. મહારાજશ્રીની પણ ઘણા લાંબા વખતથી તેમને મળવાની ઇચ્છા હતી; તેથી તેમણે ધુલિઆ તરફ વિહાર કર્યો અને શિરપુર પધાર્યા. ત્યાં તેઓશ્રીના ચાર વ્યાખ્યાનો થયાં હતાં. તેમાંનાં બે વ્યાખ્યાનોમાં કાશીનિવાસી યતિ બાલચંદ્રજીના પૌત્ર શિષ્ય પણ પધાર્યા હતા. ત્યાંથી મહારાજશ્રી વિહાર કરીને દભાસી તરફ જતા હતા તેવામાં તાપી નદીના કીનારે એક ભીલ પાંચ બકરાંઓને લઈને કસાઇને વેચવા લઇ જતો હતો. તે વખતે કેટલાક ભાઇઓએ તેમને છોડાવીને પાંજરાપોળમાં મૂકાવ્યાં હતાં. ધુલિઆના શ્રીસંઘે પણ ઘણા ઠાઠમાઠથી મહારાજશ્રીનું સામૈયું કર્યું હતું; મુનિવર્ગમાં પરસ્પર આદર્શ પ્રેમ રહ્યો હતો. ત્યાં મહારાજશ્રીનાં ચાર ભાષણો થયાં હતાં. જેમાં શ્રોતૃવર્ગ પૂરતી સંખ્યામાં હાજર હતો. એક સાર્વજનિક વ્યાખ્યાનમાં તો પંડિતશ્રી શંકરલાલજી મહારાજે માત્ર પંદર મીનીટમાં પોતાનાં માથાંનો વાળનો લોચ કર્યો હતો. જનસમૂહને તેમનાં આ કાર્યથી ઘણું આશ્ચર્ય ઉપજતું હતું. એટલુંજ નહિ પણ તેમનાં આવાં સખ્ત સાધુપણાના અને આત્મનિગ્રહના ઘણાં વખાણ કર્યાં હતાં. આ પ્રસંગે જલગાંવ, ભુસાવલ, અહમદનગર, નસીરાબાદ અને વાઘલી વગેરેના શ્રીસંઘે હાજર થઇને પોતપોતાનાં ગામમાં તેઓશ્રીને પધારવાની વિનંતિ કરી હતી. તે વખતે તો મહારાજશ્રીએ 'જેવો અવસર' કહીને 'ફાગણે' તરફ વિહાર કર્યો હતો. ત્યાં મહારાજશ્રીના ઉપદેશથી 'મહાવીર મંડળ'ની સ્થાપના થઇ હતી. ત્યાંથી મહારાજશ્રી 'મુવટી' પધાર્યા, ત્યાં તેમનાં બે

વ્યાખ્યાનો થયાં હતાં. પરિણામે કેટલાક ખેડુતલોકોએ દર અમાવાસ્યાએ ખેતીનાં કામ માટે બળદોને નહિ જોડવાની પ્રતિજ્ઞા કરી હતી. ત્યાંથી મહારાજશ્રી 'બહાદુરપુર' પધાર્યા. ત્યાં શ્રીમાન રામલાલજી મિશ્રના આગ્રહથી તેઓશ્રીએ બે વ્યાખ્યાન આપ્યાં હતાં. પરિણામે મદિરાપાન ત્યાગ, માંસ ભક્ષણ ત્યાગ, અને પરસ્ત્રીગમન ત્યાગ વગેરે અનેક નિયમો લેવાયા હતા. એ ઉપરાંત ખેતીનાં કામ માટે બળદોને નહિ જોડવાની બંધી કરી. ત્યાંથી મહારાજશ્રી 'અમલનેર' પધાર્યા. ત્યાં મહાવીર સ્વામીનો જન્મોત્સવ ત્રણે ફીરકાના જનો તરફથી ઘણા ઠાઠમાઠથી ઉજવવામાં આવ્યો હતો. તે દિવસે બહારગામના તેમજ શહેરના લોકોથી સભામંડપ ચીકાર ભરાઈ ગયો હતો. 'પ્રતાપ' મીલ્સના માલીક શ્રીમાન પ્રતાપશેઠ પણ વ્યાખ્યાનમાં આવ્યા હતા. તે ઉપરાંત વકીલો, ડૉકટરો અને શિક્ષકોની સંખ્યા પણ પુષ્કળ પ્રમાણમાં હતી. મહારાજશ્રીએ શ્રી મહાવીર ભગવાનના જન્મથી શરૂ કરીને સંસારમાં પર્યટન કરીને તેમણે અહિંસાનો ઝંડો કેવી રીતે ફરકાવ્યો એ વિષય ઉપર ઘણું રહસ્યપૂર્ણ અને પ્રભાવશાલી વ્યાખ્યાન આપ્યું હતું. આ જન્મોત્સવ નિમિત્તે 'શ્રી મહાવીર મંડળ' નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. માલી લોકોના આગ્રહથી તેમના લત્તામાં પણ એક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું, પરિણામે અનેક પ્રતિજ્ઞાઓ લેવાઈ હતી. ભોઈ લોકોએ દરેક અગીઆરસ અને ચૌદશના દિવસોએ માછલાં નહિ મારવાની પ્રતિજ્ઞા કરી હતી. ત્યાંથી મહારાજશ્રી 'દેહ' થઈને ધરણગામ પધાર્યા હતા.

## પ્રકરણ ૩૯મું.

સં. ૧૯૮૫.

જલગામ.

# વિવાહ પ્રસંગે અપૂર્વ દાન.

મહારાજશ્રી જ્યારે ધરણગામ પધાર્યા ત્યારે ત્યાં તેઓશ્રીનાં ત્રણ વ્યાખ્યાનો થયાં હતાં, તેમાંનું એક જાહેર વ્યાખ્યાન માલીવાડામાં થયું. લગભગ ૭૦૦ જેટલા માણસો તો માલી મંડળમાંનાંજ હતાં. અન્ય ગૃહસ્થ વર્ગ પણ સારી સંખ્યામાં હાજર હતો. મહારાજશ્રીના ઉપદેશથી ત્યાં પણ કેટલાય મનુષ્યોએ મદિરાપાન અને માંસ ભક્ષણ નહિ કરવાની પ્રતિજ્ઞાઓ લીધી હતી. હિંગોતા, ગુજર પીપલીયા વગેરે ગામો થઈને મહારાજશ્રી જલગામ ખાતે પધાર્યા. મહારાજના લગભગ બે વ્યાખ્યાન તો સાર્વજનિક થયાં હતાં સ્થાનિક શ્રીસંઘે મહારાજશ્રીને ચાતુર્માસ કરવા માટે અતિ આગ્રહ કર્યો હતો અને કહ્યું કે "મહારાજશ્રી, આપશ્રીનું ચાતુર્માસ અમારા ગામમાં થાય એવી અમારી ઘણા વખતથી ઇચ્છા છે. અને અમે ધૂલીએ આવ્યા હતા તેમાં પણ અમારો આશય એજ હતો. માટે મહેરબાની કરીને એ વાતનો સ્વીકાર

કરો.'' જલગામના શ્રીસંઘની આવા પ્રકારની વિનતિ સાંભળીને મહારાજશ્રીએ કહ્યું કે પૂજ્યશ્રીની આજ્ઞા મળવા ઉપર આ વાત અવલંબે છે, તેથી તે મળવાથી તેનો સ્વીકાર થશે. ત્યાંથી વિહાર કરીને નસીરાબાદમાં થોડા દિવસ પ્રવચન કરીને ભુસાવલ ખાતે પધાર્યા. ત્યાંના ગાંધી ચોક (કે જે બરાબર બજારની વચ્ચે આવેલો છે તે) માં મહારાજશ્રીનાં પાંચ જાહેર વ્યાખ્યાનો થયાં હતાં. તે વખતે શ્રોતાજનોની સંખ્યા તો ચાર હજાર ઉપર કોઇ કોઇ વખત થઈ જતી હતી. કોઇ પણ પ્રકારના ભેદભાવ વગરજ વ્યાખ્યાનમાં સર્વ જાતિના લોકો એકત્ર થતા હતા. ત્યાં મહારાજશ્રીની પૂર્વે ક્યારે પણ સ્થાનકવાસી જૈન મુનિનું વ્યાખ્યાન થવા પામ્યું નહોતું. ત્યાંના મૌલવી સાહેબ, તેમજ ઑનરરી મેજીસ્ટ્રેટ શ્રીયુત ખાનબહાદુર સાહેબ પણ યથાશક્તિ મહારાજશ્રીના ઉપદેશનો લાભ લેતા હતા. જો કે તેઓ ઇસ્લામ ધર્મના પક્કા અનુયાયી છે છતાં મહારાજશ્રીના સીધા, સાચા અને પક્ષપાત રહિત શબ્દોથી તેમનાં હૃદય ઉપર ભારે અસર થવા પામી. તેમનું દીલ એટલું તો ખુશી થયું કે આખરે તેમનાથી બોલ્યા વગર રહેવાયુંજ નહિ એટલે મહારાજશ્રીનું વ્યાખ્યાન પૂરૂં થઇ ગયા પછી એક એક દિવસના અંતરે તેઓ બન્ને લગભગ પોણા પોણા કલાક પર્યંત ચર્ચા કરતા રહ્યા. બન્નેના બોલવાનો આશય એવો હતો કે, ''અમે અમને ખરેખરા ભાગ્યશાળી માનીએ છીએ, કારણ કે અમારી વસ્તીમાં આપશ્રી જેવા મુનિમહારાજને જોઇ શકીએ છીએ. જો થોડાએક દિવસ મહારાજના ચાલુ સમાગમનો લાભ મળતો રહે તો અમારામાંના પરસ્પરના વૈમનસ્ય અને મનનાં મેલાપણું, અને કેટલાય

ખરાબ વ્યસનોને દૂર ભગાડી શકાય." તેના ઉત્તરમાં મહારાજશ્રીએ કહ્યું કે હવે પછીનાં ચાતુર્માસ માટે જલગામના શ્રીસંઘને વચન અપાઈ ગયું છે. એક વખતે મહારાજનું સાર્વજનિક પ્રવચન થતું હતું તે વખતે તેજ માર્ગે હમેશનાં ધોરણે એક મૃતકની પ્રેતયાત્રા મુસલમાન ભાઇઓ લઇ જનાર હતા પરંતુ વ્યાખ્યાન થતો જોઇને તે ભાઇઓ બીજા માર્ગે પ્રેતયાત્રા લઇ ગયા. એમ થવું એ મહારાજશ્રીનાં વ્યાખ્યાન પ્રતિનો તેમનો હાર્દિક પ્રેમ સૂચવે છે. ત્યાંથી તેઓશ્રી વિહાર કરીને કુર્હા થઇને વરણગામ પધાર્યા. ત્યાં પણ કેટલાંક વ્યાખ્યાનો આપીને વિહાર કરી ગયા ત્યારે કાજી સાહેબ તેમજ કેટલાક મુસલમાન ભાઇઓ ઘણે દૂર સુધી વળાવવા ગયા હતા. મહારાજશ્રી ભૂસાવલ અને નશીરાબાદ થઇને ચાતુર્માસને માટે જલગામ ખાતે પધાર્યા ત્યારે ભગવાન મહાવીરના જયઘોષપૂર્વક ઘણા આડંબરથી તેમનો શહેરમાં પ્રવેશોત્સવ કરાવ્યો હતો, ત્યાં શેઠ લક્ષ્મણદાસજીનાં મુકામમાં ઉતારો કર્યો હતો, અને બીજા દિવસથીજ વ્યાખ્યાન શરૂ થયું હતું. વ્યાખ્યાનમાં દિનાનુદિન જ્યારે જૈન-જૈનેતર વર્ગની હાજરી વધતી ગઈ ત્યારે પાઠશાલામાં સમાવેશ થઇ શકતો નથી એમ લાગ્યું એટલે ત્યાંથી ફેરવીને શેઠ બુધમલજી પ્રતાપમલજીની જગ્યામાં વ્યાખ્યાન દેવું શરૂ કર્યું. કેટલાક દિવસો જતાં જ્યારે એમ જણાવ્યું કે એ જગ્યામાં પણ મનુષ્યોનો સમાવેશ થઈ શકતો નથી ત્યારે આખરે જાહેર રસ્તા ઉપર એક મંડપ ઉભો કરવામાં આવ્યો. તપસ્વીશ્રી મયાચંદજી મહારાજે અને તપસ્વીશ્રી વિજયરાજજી મહારાજે અનુક્રમે ૮૦ અને ૮૮ ઉપવાસોની તપસ્યા માત્ર ગરમ પાણી

આદર્શ મુનિ



રા. રા. શેઠ રતનજી વીરપાળ વેરાવળવાળા.

A 7425—Lakshmi Art, Bombay 8.

ઉપરજ નિર્ભર રહીને કરી હતી, તેની પૂર્ણાહુતિનો દિવસ તા૦ ૧૨–૯–૨૯નો હતો. પર્યુષણ પર્વના પવિત્ર દિવસો ઉજવવા માટે બહારગામથી લગભગ ૩૫૦૦ જેટલાં માણસો આવ્યાં હતાં. જીવદયા, પૌષધ અને અઠ્ઠાઇઓ વગેરે ઘણી સંખ્યામાં થયાં હતાં. આ સંબંધી ઉલ્લેખ ક્ષમાપત્રિકામાં કરવામાં આવ્યો છે. તપસ્વીઓએ જે તપસ્યા કરી હતી, તેની પૂર્ણાહુતિનો દિવસ ભાદરવા શુદ ૯ નો હતો, તે માટે શ્રીસંઘ તરફથી આમંત્રણ પત્રિકાઓ કાઢવામાં આવી હતી. પરિણામે બહારગામથી લગભગ ૨૧૦૦ જેટલી સંખ્યામાં મનુષ્યો આવ્યા હતા. તપસ્યાની પૂર્ણાહુતિના દિવસે કસાઇખાનું બંધ રખાવ્યું હતું. એ ઉપરાંત દરેક કોમના લોકોએ પોતપોતાના ધંધાઓ પણ બંધ રાખ્યા હતા. જલગામના શ્રીસંઘે અગાઉથીજ સ્વાગત સમિતિની નિમણુંક કરી રાખી હતી, જેથી આ પ્રસંગ ઉપર હાજર રહેવા ઇચ્છતા સજ્જનોને કોઇ પ્રકારની અગવડ રહેવા પામિ નહિ. ત્યાંનો આવો સુંદર પ્રબંધ જોઇને ગયેલા મહાશયોએ જલગામના શ્રીસંઘની ઘણી તારીફ કરી હતી. ચાતુર્માસના પૂર્ણાહુતિના દિવસે ભુસાવલના શ્રીસંઘે મહારાજશ્રી પાસે આવીને પોતાને ત્યાં પધારવા વિનંતિ કરી અને કહ્યું કે પહેલાં આપશ્રીએ અમારી ચાતુર્માસની વિનંતિનો સ્વીકાર કર્યો નહિ; પરંતુ હવે તો આપે જરૂર પધારવું પડશે. આ પ્રમાણે આગ્રહ થવાથી મહારાજશ્રીએ તેમની વિનંતિનો સ્વીકાર કર્યો. ચાતુર્માસ પૂરું થયે ત્યાંથી વિહાર કરીને શેઠ સાગરમલજી નથમલજી લુંકડના બંગલામાં મુકામ કર્યો, બીજે દિવસે ત્યાંથી વિહાર કરી નસીરાબાદ થઇને ભુસાવલ ખાતે પહોંચી ગયા. એ અરસામાં શેઠ પન્નાલાલજીની પુત્રીનો વિવાહ

પ્રસંગ ચાલતો હતો. તે ઉપર તેમનો સ્વજનવર્ગ સારી સંખ્યામાં હાજર થયો હતો. એ કારણથી મહારાજશ્રીનાં મુકામ ઉપર મનુષ્યોનો સમાવેશ નહિ થઇ શકવાથી તે માટે તૈયાર કરેલાં એક મંડપમાં વ્યાખ્યાન થયું હતું. ત્યાથી વિહાર કરીને કુહે થઈને જામનેર પધાર્યા. ત્યાં કેટલાંક વ્યાખ્યાનો આપીને પહૂર, સેંદૂરણી થઇને મહારાજશ્રી કલમસર ખાતે પધાર્યા. ત્યાં તેમનાં અગીઆર વ્યાખ્યાનો થયાં. શ્રીમાન શેઠ સ્વરૂપચંદજી, શ્રીમાન શેઠ ભાગ્યચંદજી વગેરેના પ્રયત્નથી જીવદયા, પૌષધ અને પ્રતિજ્ઞાઓ વગેરે ધર્મકાર્યો ઘણાં સારા પ્રમાણમાં થયાં હતાં. એ સમયે શ્રીમાન શેઠ ભાગ્યચંદજીએ સજોડે તપસ્યા કરી હતી. તેની યાદગિરી નિમિત્તે એક લાયબ્રેરી સ્થાપવામાં આવી. ત્યાંથી વિહાર કરીને ખેડગામ પધાર્યા, ત્યાં તેઓશ્રીના સદુપદેશથી પાટીદાર લોકોએ હળ વગેરે નિમિત્તે બળદ નહિ જોડવાની પ્રતિજ્ઞા કરી હતી. એ ઉપરાંત માંસભક્ષણ અને મદિરાપાન નહિ કરવાની પ્રતિજ્ઞાઓ પણ ઘણી લેવાઇ હતી. ત્યાંથી મહારાજશ્રી ઉત્રાણ પધાર્યા, ત્યાં તેમના ઉપદેશથી મુસલમાનોએ જુમ્માને દિવસે હળ નહિ જોડવાની પ્રતિજ્ઞા કરી હતી. ત્યાંથી તેઓ પાચોરા ખાતે પધાર્યા. ત્યાં તેમનાં આઠ વ્યાખ્યાનો થયાં હતાં, પરિણામે અનેક પ્રતિજ્ઞાઓ લેવાઇ હતી. આ પ્રસંગે એક ખાસ નોંધ લેવા યોગ્ય પ્રતિજ્ઞા તો એ થઇ હતી કે શ્રીમાન શેઠ કપૂરચંદજીએ દરેક અમાવાસ્યાએ પોતાનો જીન પ્રેસ બંધ રાખવાની પ્રતિજ્ઞા કરી હતી. ત્યાંથી મહારાજશ્રી ભડગામ ખાતે પધાર્યા. ત્યાં મુસલમાનોનાં ઘણાં ઘરો છે, એથી હિંદુ ઉપરાંત મુસલમાન વર્ગ સારી સંખ્યામાં

હાજર થયો હતો. અગર એમ કહેવામાં આવે કે આખી સભા મુસલમાન વર્ગથીજ ખીચોખીચ ભરાઈ ગઈ હતી તો અતિશયોક્ત નહીજ કરી ગણાય. મહારાજશ્રીના સદુપદેશથી દરેક જુમ્માના દિવસે ખેતી કાર્ય માટે હળ વગેરેને બળદ નહિ જોડવાની પ્રતિજ્ઞાઓ લેવામાં આવી હતી. ત્યાંથી તેઓ કજગામ થઇને વાઘલી ખાતે પધાર્યા. ત્યાં તેમનાં નવ વ્યાખ્યાનો થયાં, આ વ્યાખ્યાનોમાં ગામનો જાહેર વર્ગ તો હાજર રહેતો હતો; પરંતુ ગામથી બબ્બે, ચચ્ચાર ગાઉ દૂર આવેલાં ગામડાંમાં રહેતો પાટીદાર વર્ગ પણ ઉપદેશ શ્રવણ માટે આવતો હતો. ત્યાંથી તેઓ પાટોદે પધાર્યા. ત્યાં જો કે જૈન ભાઇઓનાં તો બેજ ઘરો છે, પરંતુ ત્યાંના જૈનેતર વર્ગે એવી જાહેર ખબર પ્રસરાવી કે પરિણામે વ્યાખ્યાનમાં લગભગ ૫૦૦ જેટલાં માણસોની હાજરી થઇ હતી. મહારાજશ્રીના સદુપદેશના પરિણામે દરેક અમાવાસ્યાને રોજ હળ, પખાલ વગેરેમાં બળદ નહિ જોડવાની, માંસ ભક્ષણ અને મદિરાપાન નહિં કરવાની, પગરખાં સિવાય ચામડાંનો ઉપયોગ નહિ લેવાની, ઘરડાં બળદ, ગાય અને ભેંસ વગેરે જાનવરોને નહિ વેચવાની અને ચલમ નહિ પીવાની વગેરે અનેક પ્રતિજ્ઞાઓ લેવામાં આવી હતી. ત્યાંથી તેઓ ચાલીસગામ, ન્યાયડુંગરી, મનમાડ અને યેવલાના માર્ગે થઇને બેલાપુર ખાતે પધાર્યા. ઉપલાં બધાં ગામોમાં જૈન–જૈનેતર વર્ગે અનેક પ્રકારની પ્રતિજ્ઞાઓ લીધી હતી. તેનો સમગ્ર ઉલ્લેખ અહિં કરવા જતાં ગ્રંથ વધવા સાથે વાંચકવર્ગને કદાચિત કંટાળો પણ આવે એવા હેતુથી દરેક સ્થળે પ્રતિજ્ઞાઓની વારંવાર નોંધ કરવાનું ઉચિત ધાર્યું નથી. એક કે બે જગ્યાના દાખલાઓ ઉપ-

રથીજ વાચકવર્ગ સારી રીતે જાણી શકે છે કે મહારાજશ્રીએ જે કોઇ ઠેકાણે પોતાના પુનિત પગલાં કર્યાં છે તે સર્વ ઠેકાણે તેમના સદુપદેશના પ્રભાવથી અનેક હાનિકારક વ્યસનોનો નાશ થયો છે. દાખલા તરીકે કોઇ દિવસે ચલમ નહિ પીવી; આ બાબત ઉપર બારીક નજર કરવામાં આવે તો લગભગ ૨૫ કે ૩૦ વર્ષ જેટલી લાંબી મુદતથી હરહંમેશ ચલમ પીનારા લોકો ભરસભામાં ઉભા થઇ જઇને પાસે રહેલી ચલમનો ભૂકકો ભૂકકો ઉરાડી મૂકે છે. એ પ્રમાણે માત્ર એક કે બે માણસોજ કરતા નથી; પરંતુ સભાનો મોટો ભાગ કરતો હોય છે. અગર જેના હાથમાં સીગારેટ યા બીડી હોય તો તેને પણ ભાંગી–તોડીને જીંદગીમાં કદિપણ તે નહિ પીવાની પ્રતિજ્ઞા કરી લે છે. એજ રીતે કન્યાવિક્રય નિષેધ, ગાંજો, ભાંગ, ચોરી, વ્યભિચાર, મદિરાપાન અને માંસભક્ષણ વગેરે દરેક બાબત માટે મહારાજશ્રીના સદુપદેશની જનતા ઉપર સચોટ અસર થઇ જાય છે.

પ્રકરણ ૪૦મું.

સંવત ૧૯૮૬.

અહમદનગર.

## દક્ષિણના કેન્દ્રસ્થાનમાં નિરાશ્રિત ફંડ.

મહારાજશ્રી જ્યારે બેલાપુર પધાર્યા તે વખતે મહાવીર સ્વામીની જયંતી સમીપ આવતી હતી. તેથી આજુબાજુના ગામોના શ્રીસંઘો તરફથી પોતપોતાના ગામોમાં આ ઉત્સવ ઉજવવા માટે વિજ્ઞપ્તિઓ આવી. પરંતુ બેલાપુર શ્રીસંઘે પોતાને ત્યાં વિરાજતા મહારાજશ્રીને એ પ્રમાણે ઉત્સવ ઉજવવામાં બીજે ન જવા દેતાં પોતાને ત્યાંજ આ ઉત્સવ ઉજવવાનો નિશ્ચય કરી, તે દિવસ સુધી ત્યાંજ વિરાજવાનો મહારાજશ્રી પાસે સ્વીકાર કરાવી લીધો. ચૈત્ર સુદ ૧૩ને દિવસે બેલાપુર શ્રીસંઘે અત્યંત ધામધુમથી એ ઉત્સવ ઉજવ્યો. બહાર ગામથી પણ ભાવિકજનોનાં ટોળેટોળાં આવ્યાં હતાં. ઉત્સવની સમાપ્તિ પછી મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી રાહેરી પધાર્યા. જ્યારે આ સમાચાર (પધારવાના) ત્યાંના મોલવી ખાજા મહંમદ જાહિદ કે જે પ્રતિદિન સાયંકાળે વાએજ (ઉપદેશ) કરતા હતા, તેમને મળ્યા, ત્યારે તેમણે પોતાની વાએજ બંધ કરી. તમામ મુંસલમાન ભાઈઓને

કહ્યું "ચૌથમલજી મહારાજ જે અત્રે પધાર્યા છે, તેમનો ઉપદેશ તમે સઘળા સાંભળવા જજો. તેઓશ્રી ઘણા ઉદાર અને પાક દિલના છે." ખુદ મોલવી સાહેબ પોતાના ભાઈઓને સાથે લઈ મહારાજશ્રીના પ્રવચનનાં પધાર્યા. જે મુસલમાન ભાઈઓ મોલવી સાહેબના ફરમાન મુજબ આ પ્રવચનમાં આવ્યા હતા. તેઓ ઉપદેશ સાંભળી કહેવા લાગ્યા કે બરાબર છે. મોલવી સાહેબ આ મહારાજની જે પ્રમાણે તારીફ કરતા હતા. તેવાજ તે છે. મુનિમહારાજ અહિંથી વિહાર કરી સોનઇ પધાર્યા. ત્યાં તેઓશ્રીના ઉપદેશના ફળ રૂપે ધાર્મિક શિક્ષણ આપવા માટે એક પાઠશાળા સ્થાપવામાં આવી, અને તેમાં ત્રણ ધોરણ રાખવામા આવ્યાં. પહેલા ધોરણમાં નવકાર મંત્ર. તિખુત્તાનો પાઠ તથા ચોવીસ તિર્થંકરોનાં નામ, બીજામાં સામાયિક વિગેરે તથા ત્રીજામાં પ્રતિક્રમણ વિગેરેનું શિક્ષણ આપવામાં આવે છે. વ્યાવહારિક શિક્ષણ તો સરકારી તથા અન્ય ખાનગી શાળાઓમાં પણ મળે છે, પરંતુ ધાર્મિક શિક્ષણ આપવાની ખોટ દૂર કરવા માટે માત્ર ધાર્મિક શિક્ષણ આપવા સારૂંજ આ ઓછા ખર્ચે કામ ચલાવી શકે તેવી પાઠશાળાની સ્થાપના કરવામાં આવી. આ પ્રમાણે પ્રત્યેક ગામમાં જો ધાર્મિક પાઠશાળાઓ ખોલવામાં આવે તો ધાર્મિક શિક્ષણ પ્રચારના બહોળા સવાલમાં કંઇક વજુદવાળું પગલું ભર્યું છે, એમ કહી શકાય. ત્યાંથી વિહાર કરી તેઓશ્રી બામ્બોરી થઈ અહમદનગર પધાર્યા. અક્ષય તૃતિયાને દિવસે અહમદનગર શ્રીસંઘે અત્યંત આગ્રહપૂર્વક આગામી ચાતુર્માસ માટેની પોતાની વિજ્ઞપ્તિનો મહારાજશ્રી પાસે સ્વીકાર કરાવ્યો. પુના શ્રીસંઘ પણ આગામી ચાતુર્માસ પોતાને ત્યાં કરા-

વવા અત્યંત આતુર હતો, પરંતુ અહમદનગર શ્રીસંઘની વિનંતિનો સ્વીકાર કરી લીધા પછી શું વળે? અહીંથી વિહાર કરી મહારાજશ્રી ઘોડનદી પધાર્યા. અહીંઆ પુના શ્રીસંઘે આવી ચાતુર્માસ માટેની પોતાની ઉત્કંઠા પ્રદર્શિત કરી કહેવા લાગ્યા કે આ બાબતમાં આપે આગળથી નિશ્ચય કર્યો હોવાથી અમે વિશેષ શું કહી શકીએ? ખેર! પરંતુ આ ચાતુર્માસ પછીના ચાતુર્માસ અમારે ત્યાં કરવાની અમારી વિજ્ઞપ્તિ આપ લક્ષમાં રાખશો, તથા હમણાં પણ કંઈ નહિ તો શેષકાળ (ચાતુર્માસ બેસે ત્યાં સુધીનો બાકીનો વખત)ને માટે તો અવશ્ય પુના પધારો. આ પ્રમાણેનો અત્યાગ્રહ જોઈ મહારાજશ્રીએ તેમની અરજનો સ્વીકાર કર્યો અને પુના પધાર્યા. અહીં તેઓશ્રીના વ્યાખ્યાનનો હિંદુ–મુસલમાન આદિ સઘળી વર્ણો લાભ લેતી. અત્રેથી વિહાર કરી તેઓશ્રી પુનઃ ઘોડનદી પધાર્યા. અને ત્યાં સાર્વજનિક વ્યાખ્યાન આપ્યું. જેના પરિણામે ત્યાં કેટલાક જણે નિશ્ચય કર્યો કે અમે પ્રેતભોજન જમવા જઈશું નહિ. તથા પ્રેતભોજન કરીશું પણ નહિ. બીજા કેટલાક જણે એવો પણ નિશ્ચય કર્યો કે અમારા અત્યંત પ્રયત્ન છતાં જો આ પ્રેતભોજનો અટકશે નહિ તો જેટલું ખર્ચ આવાં જમણોમાં થશે તેનો અર્ધો હિસ્સો સત્કાર્યમાં વાપરીશું. ત્યાર બાદ ત્યાંથી વિહાર કરી પારનેર તથા કાન્હોડ થઈ અષાડ શુદ ૧૨ ને દિવસે ચાતુર્માસ માટે અહમદનગર પધાર્યા. વીરજયની ગગનભેદી ઘોષણાઓ સાથે તેમનું સ્વાગત કરી, શ્રીસંઘે અત્યંત ધામધુમથી તેઓશ્રીની નગરમાં પધરામણી કરાવી. ત્યાં કેટલાંક વ્યાખ્યાન તો નિવાસસ્થાનવાળા ઉપાશ્રયમાંજ આપ્યાં, પરંતુ જેમ જેમ જૈન તથા જૈનેતર શ્રોતાઓની

સંખ્યા દિન પ્રતિદિન વધતી ચાલી. તેમ તેમ તે સઘળાનો સમાવેશ કરવા માટે ત્યાંના શ્રીસંઘે જાહેર (પબ્લિક) બજારમાં શ્રોતાઓને બેસવાની જગ્યાનો પ્રબંધ કર્યો. આમ વ્યાખ્યાન શ્રવણ કરતાં કરતાં પર્યુષણ પર્વમાં તો શ્રોતાઓની સંખ્યા ૬૦૦૦ જેટલી થઈ ગઈ હતી. જાહેર પ્રવચનોનો સમસ્ત જનતા એકસરખો લાભ ઉઠાવતી હતી. ત્યાગ તથા તપસ્યાઓ પણ ભરપુર થતાં. ભાદરવા સુદી ત્રીજને દિવસે તપસ્વીશ્રી વિજયરાજજી મહારાજે માત્ર ગરમ પાણી ઉપર રહી ૪૧ દિવસની તપસ્યાનો પ્રારંભ કર્યો. જે દિવસે આ તપસ્યાની પૂર્ણાહુતિ થતી હતી. તે દિવસે ત્યાંના વકીલો, માહેશ્વરી બંધુઓ પારસીભાઈઓ તથા મુસલમાન બિરાદરો વિગેરે કેટલાય ઉદાર પુરૂષોએ દર્શાવેલી સહનશીલતા પ્રશંસનીય છે. તેમણે જીવદયાની ટીપમાં પોતાનાં નામો પ્રથમ નોંધાવી પોતાના મનુષ્ય તરીકેના કર્તવ્યમાં પૂર્તિ કરી છે. આના કરતાં પણ અપૂર્વ તથા વિશેષ ઉલ્લેખનીય બાબત તો એ બની કે ત્યાંના કસાઇઓના એક આગેવાને મહારાજશ્રીનો ઉપદેશ શ્રવણ કર્યો. આ ઉપદેશની તેના પાપોથી રીઢા બની ગયેલા પાપી હૃદય ઉપર વિજળીની માફક અકસ્માત એવી અસર થઈ કે તે ત્યાં પોતાને સ્થાને સ્થીર બેસી શકયો પણ નહિ તે તત્કાળ પોતાને સ્થાને ઉભો થયો અને કહેવા લાગ્યો, "હું અહીંઆંના કસાઇઓનો આગેવાન છું. મહારાજશ્રીના અત્યંત પવિત્ર તથા પારાવાર પ્રભાવકારી ઉપદેશે આજ મારા હૃદયમાં એક અજબ પરિવર્તન કરી નાખ્યું છે. જેને હું વર્ણવી શકવાને અસમર્થ છું. છતાં એટલું કહ્યા સિવાય પણ હું રહી શકતો નથી કે જીવદયા માટે કરવામાં

આવેલી પેલી ટીપમાં મારા તરફના રૂ. ૨૧ (એકવીસ રૂપીઆ) લખજો. આટલુંજ નહિ, પરંતુ જેઓ ખરા અંતઃકરણથી આ દિવસોમાં જીવદયા કરવા-કરાવવા ઇચ્છતા હોય, તેઓએ તો કસાઇઓને પણ પૈસા આપવા જોઇએ નહિ. પૈસા આપવાથી તો જીવહિંસા ઘટવાને બદલે વધે છે,—એવો મારો વર્ષોનો અનુભવ તથા અનુમાન છે. જીવહિંસા થતી ઘટાડવાનો અગર સદંતર નાબુદ કરવાનો બધા કરતાં એક અત્યંત સરળ અને સીધો તથા સસ્તો રસ્તો તો એ છે કે જેઓ કસાઇઓને પ્રાણીઓ વેચી નાખે છે, તેઓને તેમ કરતો અટકાવવાને પોતાની સઘળી શક્તિઓ ખરચી નાખે." આટલું કહી તે સ્વસ્થાને બેસી ગયા. ત્યાર બાદ વીર જય આદિ અનેક જયની ગગનભેદી ઘોષણાઓ સાથે સભા વિસર્જન થઇ. મહારાજશ્રીના ઉપદેશથી કેટલાકે પ્રેતભોજન નહિ કરવાના સોગંદ બાધા. વળી એક ઓસવાળ નિરાશ્રિત ફંડની યોજના ઘડી કાઢવામાં આવી, જેમાં લગભગ રૂ. ૧૫૦૦૦ (પંદર હજાર)નાં વચન તો તે સમયેજ કેટલાક સગી સજ્જનો તરફથી મળ્યાં. બાકીની યોજના માટે પ્રયાસ ચાલુ હતા. ધાર્મિક શિક્ષણને માટે પણ એક પાઠશાળાની યોજના વિચારી કાઢવામાં આવી, જેમાં તેજ સમયથી ચાળીસ વિદ્યાર્થીઓએ લાભ લેવાની શરૂઆત કરી. અહીંઆં તેઓશ્રીનાં ઉપદેશથી પાંચ ઘરના મોચી ભાઇઓએ આજન્મ માંસ-મદિરાનો ત્યાગ કર્યો. સતારાથી શેઠ ચંદનમલજી તથા રાવતમલજી ચાતુર્માસ બાદ સતારાક્ષેત્ર પાવન કરવાની આગ્રહભરી આજીજી કરવા આવ્યા હતા. મુનિશ્રીએ તેમને જણાવ્યું કે આગળ ઉપર જોયું જશે. ત્યાર બાદ રાવ સાહેબ શેઠ મોતીલાલજીએ સતારાથી આવી

ત્યાં પધારવાનો અત્યંત આગ્રહ કર્યો, એટલે મુનિશ્રી તેમને ના પાડી શક્યા નહિ, પરંતુ ઉલટો સ્વીકાર કરવો પડયો. અત્રેના ચાતુર્માસ સમાપ્ત થયા બાદ અહીંથી વિહાર કરી તેઓશ્રી ભિંગાર (કેમ્પ) છાવણી પધાર્યા. અત્રે છ વ્યાખ્યાન આપ્યાં. જેમાંનું એક તો મુસ્લીમ બિરાદરોએ ખાસ મુસલમાનોને માટેજ યોજ્યું હતું, જે સાંભળી કાજી સાહેબે મહારાજશ્રીની ભારોભાર તારીફ કરી. ત્યાંથી તેઓશ્રી વિહાર કરી આકલનેર, સાહેડા થઈ પિંપલગાંવ પધાર્યા. ત્યાં તેઓશ્રીના ઉપદેશથી એક ભાઈ કે જેમને ત્યાં સેંકડો બકરા રહેતા હતા, તેમણે વકરો કરવા ખાતર અગર તો વધ કરવા માટે કસાઈને બકરા વેચવાનો ત્યાગ કર્યો. ત્યાર બાદ ત્યાંથી તેઓશ્રી બેલવંડી પધાર્યા. જ્યાં તેઓશ્રીના ઉપદેશથી પટેલ આબા સાહેબ સંપતરાવ મહોદયે પોતાના આખા ગામમાં પોતાનાથી બનતા સઘળા પ્રયત્નો આદરી જીવહિંસા ના થવા દેવાની પ્રતિજ્ઞા કરી. અહીંથી મહારાજશ્રી વિહાર કરી શ્રીગોંદે પધાર્યા, જ્યાં મુસલમાનોએ તા૦ ૭ મી ડીસેમ્બર ૧૯૩૦ને દિવસે સ્વેચ્છાએ કસાઈખાનું બંધ રખાવ્યું. અહીંથી તેઓશ્રી કાષ્ટી, ધોંડ, તથા બારામતી થઈ સતારા તરફ પ્રયાણ કરતા હતા, તે સમયે માર્ગમાં માલેગાંવના રાજા સાહેબે દર્શન કરી પોતાની પ્રસન્નતા દર્શાવીને કહ્યું કે કૃપા કરી આપ અહીં એક દિવસ રોકાઈ જાવ. આના પ્રત્યુત્તરમાં મહારાજશ્રીએ કહ્યું કે સતારામાં તપસ્યાની પૂર્ણાહુતિનો દિવસ સમીપ આવી ગયો છે, તેથી અમે આજે અત્રે રોકાઈ શકતા નથી. આ સાંભળી રાજા સાહેબે કહ્યું કે અમારાં એવાં સદ્ભાગ્ય ક્યાંથી હોય? આને માટે કંઈ બળજબરી ઓછી થાય છે? ખેર! હમણા ન

રોકાવ તો કંઈ નહિ. પરંતુ પાછા ફરતી વખતે અત્રે એક પ્રવચન અવશ્ય કરજો. આના જવાબમાં 'જેવો અવસર એમ જણાવી નાનાં મોટાં ગામો વટાવીને સતારા પધાર્યા. ત્યાં તેઓશ્રીના વ્યાખ્યાનમાં જૈન તથા જૈનેતરો ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત થતા. તેઓશ્રીનો ઉપદેશ સાંભળી કેટલાક લોકોએ દુર્વ્યસનોનો ત્યાગ કર્યો. વળી અહીંના એક પ્રસિદ્ધ ઇનામદાર સાહેબે આજીવન માંસ ભક્ષણ કરવાનો ત્યાગ કર્યો.

એક દિવસ જ્યારે મહારાજશ્રી વ્યાખ્યાન આપી રહ્યા હતા, ત્યારે તેઓશ્રીએ એક માણસને એક ઉંદરિયામાં લગભગ ૫૦-૬૦ ઉંદરો લઈ જતો જોયો. આ ઉંદરોની બાબતમાં પુછપરછ કરતાં એમ માલૂમ પડ્યું કે તેમને મારી નાખવામાં આવશે. તેથી કોઈ પણ પ્રકારે એ ઉંદરોની હિંસા થતી અટકાવવાને શ્રોતાઓને જણાવ્યું. તેથી રાવ સાહેબ શ્રીમાન મોતીલાલજી મૂથા તથા શ્રી સાવારામ સીતારામ બાજારેએ પેલા માણસને સમજાવી ઉંદરોને અભયદાન અપાવ્યું.

તા૦ ૬-૧-૧૯૩૧ને દિવસે અત્રેના પ્રસિદ્ધ અગ્રગણ્ય કાર્યકર્તાઓએ તથા વકીલોએ એકત્ર મળી મહારાજશ્રી પાસે એક જાહેર વ્યાખ્યાન કરાવ્યું. જેમાં લગભગ ૭૦૦-૮૦૦ શ્રોતાઓ હાજર હતા. મહારાજશ્રીએ 'આત્મા તથા ધર્મ' એ વિષય ઉપર એક અતિશય સરળ અને હૃદયગ્રાહી વ્યાખ્યાન આપ્યું. તેઓશ્રીની પછી ત્યાંના જાણીતા વકીલ રાવબહાદુર કલેબી. એ. એલ. એલ. બી. એ ટુંક વિવેચન કરી મહા-

રાજશ્રીના વ્યાખ્યાનની પ્રશંસા કરી, ત્યાં એકત્ર થએલા શ્રોતાઓનો આભાર માન્યો. તેમની પછી શ્રીમાન ભાઉરાવજી પાટીલે લોકોને મહારાજશ્રીનાં વચનામૃતો પ્રતિદિન શ્રવણ કરવા જણાવ્યું.

તા૦ ૧૧મીને દિવસે ભાઉરાવજી પાટીલના આગ્રહને વશવર્તી મહારાજશ્રી તેમની સર્વજાતીય બોર્ડિંગમાં વિદ્યાર્થીઓને ઉપદેશ આપવા પધાર્યા. ત્યાં તેઓશ્રીએ વિદ્યાર્થીઓને હિંસા, માંસ, ચોરી, અસત્ય તથા કટુ ભાષણ વિગેરેના નિષેધ ઉપર સરળ સુબોધક ભાષામાં ઉપદેશ આપ્યો. જેના પરિણામે કેટલાક સુશિક્ષિત વિદ્યાર્થીઓએ માંસ મદિરાના સેવનનો જીવન પર્યંત પરિત્યાગ કર્યો. વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ શ્રી ભાઉરાવજી પાટીલે આજીવન કટુ ભાષણ ન બોલવાની પ્રતિજ્ઞા કરી. ત્યાર બાદ અહીંથી વિહાર કરી તેઓશ્રી પુના પધાર્યા. ત્યાં ફર્ગ્યુસન કોલેજના વિદ્યાર્થીઓ માટે એક ખાસ ભાષણ કોલેજનાજ મકાનમાં રાયપ્રસેણી સૂત્રના રહસ્ય ઉપર તેઓશ્રીએ આપ્યું.

ત્યારબાદ ત્યાંથી વિહાર કરી તેઓશ્રી ચિંચવડ પધાર્યા. અને ત્યાં પાંચ સાર્વજનિક વ્યાખ્યાન આપ્યાં. હિન્દુ તથા મુસલમાન આદિ સઘળા વર્ણના શ્રોતાઓએ બિલકુલ ભેદભાવ સિવાય પ્રેમભાવ તથા રુચિપૂર્વક વ્યાખ્યાન શ્રવણ કર્યા. આને લીધે ત્યાગ તથા પચ્ચખાણ પણ થયાં. એક મુસલમાન ભાઈએ તો પોતાનો પ્રેમ પ્રદર્શિત કરતાં જૈનભાઈઓને જણાવ્યું કે જો આવા પુણ્યશાળી મહાત્માના અત્રે ચાતુર્માસ કરાવો તો હું તમારા કરતાં વિશેષ ખર્ચ આપવા

તૈયાર છું. ત્યાંથી વિહાર કરી તેઓશ્રી વણાવ પધાર્યા. ત્યાંના સ્થાનિક મેજીસ્ટ્રેટ સાહેબે વ્યાખ્યાન શ્રવણ તથા દર્શનનો લાભ મેળવી પોતાની પ્રસન્નતા પ્રગટ કરી.

ત્યાંથી પ્રયાણ કરી લોનાવલા થઈ પનવેલ પધાર્યા. ત્યાં એક સાર્વજનિક વ્યાખ્યાન આપ્યું. તેમાં શ્રોતાઓ ઘણી સારી સંખ્યામાં જમા થયા હતા. ત્યાર બાદ ત્યાંથી થાણા પધાર્યા. ત્યાં ત્યાંના કલેકટર સાહેબની ધર્મપત્નિએ વ્યાખ્યાન શ્રવણ કરી પોતાનો સંતોષ પ્રગટ કર્યો.

## પ્રકરણ ૪૧મું.

સં. ૧૯૮૭.

મુંબઇ.

# મોહમયી મુંબાપુરીમાં મોટી મેદની.

થાણાથી વિહાર કરી મહારાજશ્રી ઘાટકોપર પધાર્યાં. ત્યાં ત્રણ સાર્વજનિક વ્યાખ્યાન આપ્યાં, અને તેથી જનતામાં ધર્મપ્રેમની વૃદ્ધિ થઇ. ત્યાંથી માટુંગા (જી. આઇ. પી.), અને માટુંગાથી ચીંચપોકલી પધાર્યાં. આ બંને સ્થળોએ બબ્બે વ્યાખ્યાન આપ્યાં. એક દિવસ મધ્યાન્હકાળે ચીંચપોકલી સ્થાનક ચોગાનમાં આવેલી શ્રી કચ્છી વીસા ઓશવાળ સ્થાનકવાસી જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓ સમક્ષ સત્ય ઉપર વ્યાખ્યાન આપ્યું. તેમાં અનેક દૃષ્ટાંતો આપી સત્યનું રહસ્ય. સત્યથી થતો લાભ, તથા સત્યનો આત્મા ઉપર પ્રભાવ ઈત્યાદિ વિષયોને અત્યંત સુબોધક તથા બાળકો ગ્રહણ કરી શકે તેવી સરળ શૈલીમાં સમજાવ્યા. આ સઘળી બાબતો વિદ્યાર્થીઓ સુંદર રીતે સમજી શકયા અને તેથી બહુ આનંદિત થયા. તેઓશ્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે "સત્યથી વિશ્વાસ વધે છે, જનતામાં આદરસત્કાર થાય છે,

તથા વ્યવહારિક ઉન્નતિ સાથે આત્મિક ઉન્નતિ પણ થાય છે. સત્યના પ્રબળ પ્રભાવથી ગુમાવેલી લક્ષ્મી પાછી મેળવી શકાય છે, તથા નિર્ધન પણ ધનવાન બને છે. સત્યથી આ જન્મમાં તો સુખ પ્રાપ્ત થાય છેજ, પરંતુ આવતા જન્મમાં પણ ધનસંપત્તિ. શરીર સ્વસ્થતા, આદિ નાનાવિધ સુખો સાંપડે છે. સત્યથી માતા પિતા ગુરૂ તથા કૌટુંબિક જનો વિગેરે પ્રસન્ન થાય છે, અને ઝડપથી વિદ્યા મેળવી શકાય છે. માટે સદા સર્વદા સત્ય બોલો તથા આચરો અને અસત્યને તમારી પાસે પણ આવવા દેશો નહી." આ પ્રમાણે નાનાં નાના સરળ વાકયોથી સત્યનું રહસ્ય સમજાવી વિદ્યાર્થીઓ ઉપર સરસ પ્રભાવ પાડયો. મહારાજશ્રીનું વ્યાખ્યાન સમાપ્ત થવા બાદ પાઠશાળાના હેડમાસ્તર શ્રી ચંદુલાલ મોહનલાલ મોદીએ ટુંક વિવેચન કરી પોતાની શાળાને આવો દુર્લભ પ્રસંગ પ્રાપ્ત થવા માટે શાળાનું સદ્ભાગ્ય પ્રદર્શિત કરી મુક્તકંઠે આવા સરળ ઉપદેશકનાં વખાણ કર્યા.

ચીંચપોકલીથી બીજે દિવસેજ મહારાજશ્રી મુંબઇ તરફ પ્રસ્થાન કરવાના હતા; આ આનંદદાયક સમાચાર જ્યારે નગરની જનતાને મળ્યા ત્યારે તેની ખુશાલીનો પાર ન રહ્યો, અને બીજે દિવસે સ્વાગત કરવા માટે સૂર્યોદય થતાં પહેલાં તો ચીંચપોકલીમાં એકત્ર થવા લાગી.

પ્રાતઃકાળે આઠ વાગે જનતાની જયઘોષણાં વચ્ચે મહારાજ સાહેબે ત્યાંથી પ્રસ્થાન કર્યું. માર્ગમાં જનતાની સંખ્યા પૂરની માફક વધતી હતી. આખે રસ્તે જયજયકારના ધ્વનિ કર્ણસ્થાનપર અથડાતી હતી. મહારાજશ્રી સઘળાની આગળ વિચરતા હતા. અને તેમની

પાછળ પુરૂષો અને પાછળ જૈન કન્યાશાળાની કન્યાઓ તથા સન્નારીઓ ગીતો ગાતી ગાતી ચાલતી હતી. સર્વેના ચહેરા પર અપૂર્વ હર્ષ દૃષ્ટિગોચર થતો હતો. આ પ્રમાણે કાંદાવાડીમાં આવેલા ઉપાશ્રયમાં સહર્ષ પ્રવેશ કર્યો. ત્યાં મહારાજશ્રીનાં પ્રતિદિન નિયમિત રીતે થતાં વ્યાખ્યાનો શ્રવણ કરી જૈન તથા જૈનેતર જનતા પોતાની પારાવાર પ્રસન્નતા પ્રગટ કરતી હતી. લોકો કહેતા કે જે પ્રમાણે કેટલાંય વર્ષોથી આપનાં વ્યાખ્યાનોની પ્રશંસા સાંભળતા હતા તેવોજ પ્રભાવશાળી આપનો ઉપદેશ છે. શ્રોતાઓની સંખ્યા દિન પ્રતિદિન વધતી જતી હતી, તે એટલે સુધી કે સધળાઓને બેસવાની જગ્યા માંડમાંડ પુરી થતી. તપસ્વી શ્રી મયાચંદજી મહારાજે ૨૧ દિવસની અને તપસ્વી શ્રી વિજયરાજજી મહારાજે ૧૩ દિવસની તપસ્યા માત્ર ગરમ પાણીના આધાર ઉપર કરી. જેની પૂર્ણાહુતિને દિવસે ૧૯ ગાયોને અભયદાન અપાવવામાં આવ્યું. તા૦ ૨૨-૩-૩૧ ને દિવસે શેઠ વેલજી લખમસી નપ્પૂ આદિ મુંબઈ શ્રીસંઘે આગામી ચાતુર્માસ પોતાને ત્યાં કરાવવાને માટે અત્યંત આગ્રહપૂર્વક અરજ કરી. જેના પ્રત્યુત્તરમાં મહારાજશ્રીએ જણાવ્યું કે ચૈત્રી પૂર્ણિમા સુધી હું મારે માટે કોઇ પણ સ્થળની વિજ્ઞપ્તિનો સ્વીકાર કરી શકતો નથી. આ સાંભળી શ્રીસંઘે ફરીથી અરજ કરી કે આપ એટલું તો અવશ્ય જણાવો કે મુંબઇ ક્ષેત્ર ખાલી પડશે નહિ. આ ઉપરથી મહારાજશ્રીએ ઉત્તર આપ્યો કે પૂજ્યશ્રીની આજ્ઞા મળતાં ક્ષેત્ર ખાલી પડશે નહિ. તા૦ ૨૯-૩-૩૧ ને દિવસે જાલના શ્રીસંઘ તથા શ્રીમાન શેઠ ચંદનમલજી, શ્રીમાન રાવતમલજી વિગેરે સતારા શ્રીસંઘ

પણ અત્રે પધાર્યા, અને પોતપોતાના ગામોમાં ચાતુર્માસ કરવાને માટે અત્યાગ્રહ કરતાં કહ્યું કે અમે ઘણા કાળથી અરજ ગુજારીએ છીએ. જ્યારે જાલના શ્રીસંઘે જણાવ્યું કે અમે એક વર્ષ પહેલાંથી વિનંતિ કરીએ છીએ. ત્યારે મુંબઈ શ્રીસંઘના સેક્રેટરી મહાશય બોલ્યા કે અહીંને માટે તો અમે સાત વર્ષથી અરજ કરીએ છીએ, માટે આ સાલ તો અમને લાભ લેવા દો. આ સઘળાઓને સાંભળીને મહારાજશ્રીએ જણાવ્યું કે ચૈત્રી પૂર્ણિમા પહેલાં હું કોઇ સ્થળ માટે ખુલાસો કરી શકતો નથી. આ સાંભળી મુંબઇ શ્રીસંઘે મુનિશ્રી ચૌથમલજી મહારાજના આગામી ચાતુર્માસ મુંબઈમાં કરાવવાની વૃત્તિથી શાસ્ત્રવિશારદ શ્રીમજ્જૈનાચાર્ય પૂજ્યવર શ્રી મન્નાલાલજી મહારાજની સેવામાં શ્રીમાન શેઠ પન્નાલાલજી ચૌધરીના સરનામાથી નીમચ નગર પત્ર મોકલ્યો.

મહાવીર જયંતિ સમીપ આવી રહી હતી. તેથી તેનો ઉત્સવ ઉજવવાના હેતુથી શ્રોતાઓને બેસવાને ધ્વજા પતાકા તથા મનનીય સૂત્રો વિગેરેથી સુશોભિત વિશાળ મંડપ તૈયાર કરવામાં આવ્યો અને શ્રીસંઘ તરફથી વિજ્ઞાપનો વહેંચવામાં આવ્યાં. વળી ત્યાંના દૈનિક વર્તમાન પત્રો 'મુંબઇ સમાચાર', 'સાંજ વર્તમાન', 'પ્રજામિત્ર-હિંદુસ્તાન' વિગેરેમાં પણ આ ઉત્સવના સમાચાર જાહેર કરવામાં આવ્યા. શ્રી રત્નચિંતામણિ સ્થાનકવાસી જૈન મિત્રમંડળ તરફથી તેના સેક્રેટરી શ્રીમાન શેઠ જગજીવન દયાળ ઘાટકોપરવાળાએ મુનિશ્રીને વિજ્ઞપ્તિ કરી કે આપ જો આજ્ઞા આપો તો અમારા મંડળ તરફથી કન્યાશાળાની કુમારિકાઓ ભાષણ, સંવાદ આદિ ભજવી બતાવે. આ સાંભળી મુનિશ્રીએ જણાવ્યું કે તેમાં કંઇ હરકત નથી.

સવાનવ સાડાનવ પછી ભલે ભજવે. આ પ્રમાણેનો સંતોષ-કારક પ્રત્યુત્તર મળતાં ઉક્ત મંડળે પણ વિજ્ઞાપનો છપાવી વહેંચાવી દીધાં. તા૦ ૩૧–૩–૩૧ના પ્રાતઃકાળથીજ લોકોના ટોળેટોળાં સભામંડપમાં આવવા લાગ્યાં. મહારાજશ્રીએ બરાબર નિયત સમયે જૈનધર્મ અનાદિ તથા સ્વતંત્ર છે, તેનો ઓજસ્વી ભાષામાં શરૂઆતમાંજ ખુલાસો કર્યો. ત્યાર બાદ ત્રેવીસ તીર્થંકરો વિષે સંક્ષેપમાં વિવેચન કરી ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના જીવન ઉપર ખૂબ વિવેચન કર્યું. એ સઘળું સાંભળી શ્રોતાઓનાં ચિત્ત હર્ષોન્માદથી ઘેલાં બન્યાં હતાં, અને તેથી તેઓ વચ્ચે વચ્ચે હર્ષધ્વની કરતા હતા. મહારાજશ્રીએ જણાવ્યું કે આજે તેરસ છે, ભગવાન મહાવીરનો જન્મ દિવસ છે, માટે કંઈ નહિ તોપણ તેર પંચેદ્રિંય જીવોને તો અવશ્ય અભયદાન અપાવવું જોઇએ. આ સઘળું કહેતાં તો લગભગ ૯॥ વાગવા આવ્યા હતા, તેથી વ્યાખ્યાન સમાપ્ત કર્યું. ત્યાર બાદ મંત્રી (સેક્રેટરી) મહાશયે તેર પંચેંદ્રિય જીવોને અભયદાન આપવા વિશે સ્પષ્ટીકરણ કર્યું. જેને લીધે લગભગ રૂ. ૯૦૦, (નવસો) નો ફાળો એકત્ર થયો. ત્યાર બાદ વિદુષી શ્રીમતી રાજકુંવર મહાસતીએ પોતાના મધુર અને મનોરંજક કંઠથી એક પદ ગાયું. પછીથી કન્યાશાળાની બાળાઓએ ગાયન, ભાષણ, સંવાદ વિગેરે ભજવી બતાવ્યાં. નાની નાની બાલિકાઓમાં આટલી બધી હોશિયારી અને આવડત જોઈ શ્રોતાઓ અત્યંત પ્રસન્ન થયા. અંતમાં કન્યાઓને ઈનામો વહેંચ્યા પછી તે દિવસની સભા વિસર્જન કરવામાં આવી.

આગળ ઉપર જણાવ્યા મુજબ ચાતુર્માસની મંજુરી માટે નિમચ મુકામે લખેલા પત્રનો જવાબ ના મળ્યો, ત્યારે

શ્રીસંઘે જવાબી તાર કરી પૂજ્યશ્રી પાસે ચાતુર્માસની મંજુરી મંગાવી લીધી. ચૈત્રી પૂર્ણિમાને દિવસે પણ હનુમાન જયંતિ અત્યંત ધામધુમ પૂર્વક ઉજવવામાં આવી. તે દિવસે પણ સભામંડપ શ્રોતાઓથી ચિકાર ભરાઇ ગયો હતો. મુનિ મહારાજે નૈષ્ઠિક બ્રહ્મચારી શ્રી હનુમાનજીના જીવન ઉપર વિવેચન કરી ખૂબ પ્રકાશ પાડયો. ત્યારબાદ નીમચથી ચાતુર્માસની મંજુરી માટે આવેલા તારનો ભાવાર્થ ઉપસ્થિત જનસમૂહ સમક્ષ મંત્રી મહોદયે કહી સંભળાવ્યો. આ સાંભળી સઘળા શ્રોતાઓએ ઉભા થઈ મુનિ મહારાજને વિનંતિ કરી તેઓશ્રીનો ખુલાસો માગ્યો. ત્યારે મહારાજશ્રીએ મુંબઇ સકળ સંઘનો અત્યાગ્રહ જોઇ ત્યાંજ ચાતુર્માસ કરવાનો સ્વીકાર કર્યો.

અહીંથી તેઓશ્રી કોટના શ્રાવકોનો અત્યાગ્રહ જોઇ કોટમાં પધાર્યા. ત્યાં તેઓશ્રીએ અગીઆર વ્યાખ્યાન આપ્યાં. ત્યાર બાદ ત્યાંથી ચીંચપોકલી, દાદર તથા સાન્તાક્રુઝ થઈ વિલેપારલે પધાર્યા. જ્યાં તા૦ ૧૦મીને દિવસે "માનવ ધર્મ ઔર સ્વદેશ" એ વિષય ઉપર એક સાર્વજનિક વ્યાખ્યાન આપ્યું. આ વ્યાખ્યાનના સમાચાર જાહેર વર્તમાન પત્રોદ્વારા તથા વિલેપારલે મહાસભા સમિતિના મંત્રી તરફથી અલગ વિજ્ઞાપનો વહેંચાવી જનતાને આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ ત્યાંથી મુનિશ્રી વિહાર કરી ઘાટકોપર થઇ પનવેલ પધાર્યા. ત્યાં તેઓશ્રીએ બાવીસ વ્યાખ્યાનો આપી ચાતુર્માસ માટે મુંબઇ તરફ પ્રસ્થાન કર્યું. માર્ગમાં થાણા થઇ ઘાટકોપર પધાર્યા. ત્યાં તેઓએ "આત્મોન્નતિ" એ વિષય ઉપર એક સાર્વજનિક વ્યાખ્યાન આપ્યું. ત્યાર બાદ ત્યાંથી વિહાર કરી તેઓશ્રી માટુંગા તથા ચીંચપોકલી થઇ કાંદાવાડી મધ્યે

આવેલા જૈન ઉપાશ્રયમાં આષાડ સુદ ૧ ને દિવસે પધાર્યા. બીજા દિવસથીજ વ્યાખ્યાન શરૂ થયાં. દિન પ્રતિદિન જૈન તથા જૈનેતર શ્રોતાઓથી સભામંડપ ખીચોખીચ ભરાઇ જતો હતો. કેટલીક વખત તો શ્રોતાઓને બિલકુલ જગ્યાજ મળતી નહિ, તેથી મુંબઇ શ્રીસંઘે ઉપાશ્રયની નજીક છોટી સાદડી-વાળા શેઠ મેઘજી ગિરધરના ચોગાનમાં એક વિશાળ સભા-સ્થાનની વ્યવસ્થા કરી. ત્યારથી વ્યાખ્યાન તે સ્થળે થવા લાગ્યાં. પ્રારંભમાં ૮ થી ૮ાા વાગ્યા સુધી પંડિત મુનિશ્રી છગનલાલજી મહારાજ ભગવતી સૂત્ર કહી સંભળાવતા. તેમની પછી ૮ાા થી ૯ાા–૯ાાા સુધી આપણા ચરિત્રનાયક ઠાણાંગ સૂત્રની સાથે અનેક વિષયો ઉપર પોતાની ઓજસ્વી ભાષામાં પ્રવચન કરતા. મુંબઇ નગરીના જૈન તથા જૈનેતરો ઉપરાંત ઘાટકોપર, માટુંગા. સાન્તાક્રુઝ, વિલેપારલે આદિ આજુબાજુનાં પરાંઓમાંથી મોટી સંખ્યામાં વ્યાખ્યાનનો લાભ લેવા શ્રોતાઓ ઉતરી પડતા. મુનિશ્રીનાં દર્શન નિમિત્તે આવનાર મહા-શયોની વ્યવસ્થા કરવા સારૂ મુંબઈ શ્રીસંઘે ચાતુર્માસ વ્યવસ્થાપક સમિતિની નિમણુંક કરી તેની મારફતે ઉતારા વિગેરેનો પ્રબંધ કરાવ્યો હતો. મહારાજશ્રીની સેવામાં રહેતા તપસ્વી શ્રી મયાચંદજી મહારાજે ૪૨ દિવસની તથા તપસ્વી શ્રી વિજયરાજજી મહારાજે અભિગ્રહ સહિત ૩૪ દિવસની તપસ્યા માત્ર ગરમ પાણી પર રહીને કરી હતી. તેની પૂર્ણાહુતિ તા૦ ૨૨–૯–૧૯૩૧ને દિવસે હતી. આ પ્રસંગના સમાચાર શ્રીસંઘે આમંત્રણ પત્રિકાઓ તથા વર્તમાન પત્રો દ્વારા જાહેર કર્યા હતા. અત્રે પર્યુષણ પર્વ અત્યંત આનંદ તથા ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યાં. તે વખતે

દયા, પૌષધ તથા તપસ્યા વિગેરે પુષ્કળ થયાં. કસાઇઓના હાથમાં પહોંચી જનાર હજારો રૂપીઆની કિંમતના જીવોને અભયદાન અપાવવામાં આવ્યું. સંવત્સરીને દિવસે સાયંકાળે પ્રતિક્રમણમાં આવેલી જનમેદની જોઇ આબાલવૃધ્ધો કહેતા હતા કે "આ દૃશ્ય તો ખરેખર અપૂર્વ છે. એક સ્થળે લગભગ ૫૦૦૦ માણસોએ એકત્રિત થઈ અત્યંત શાન્તિપૂર્વક પ્રતિક્રમણ કર્યું, એ કંઈ જેવી તેવી વાત ન કહેવાય ઈત્યાદિ." તપસ્યાની સમાપ્તિને દિવસે બહારગામથી લગભગ ૧૦૦૦–૧૨૦૦ની સંખ્યામાં ભાવિકજનો આવ્યા હતા. તે વખતે પણ ત્યાગ, પચ્ચખાણ તથા જીવદયા ખૂબ થયાં. અત્રેના ધર્મપ્રેમી અને હીરાના શાહુ વેપારી ઝવેરી સુરજમલ લલ્લુભાઇ જેઓ સાચા પ્રેમી, નવકાર મંત્રના પ્રખર ઉપાસક, નિંદાના જબરદસ્ત વિરોધક અને હંમેશા અમુક વખત મૌન સેવે છે. તેઓ વારંવાર મહારાજશ્રીનાં દર્શને પધારતા હતા. એક વખતે તેઓ મુંબઇના પ્રખ્યાત ડૉકટર નાઈડકર જેઓ બૌદ્ધધર્મના અગ્રણી છે, તેમને મહારાજશ્રીનાં દર્શને તેડી લાવ્યા હતા. તેમણે મહારાજશ્રી સાથે કેટલીક ધાર્મિક ચર્ચા કર્યા બાદ પોતાનો અત્યંત સંતોષ પ્રગટ કરતાં, મહારાજશ્રીની ખૂબ તારીફ કરી હતી. આ ઉપરાંત મહા ગુજરાતમાં ભિક્ષુકરાજના માનદ ઉપનામથી વિભૂષિત પ્રખર દેશભક્ત શ્રીમાન મણીલાલ કોઠારી પણ મહારાજશ્રીનું વ્યાખ્યાન શ્રવણ કરવા આવેલા. વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ તેમણે પ્રસન્ન ચિત્તે પોતાની અજબ વકતૃત્વ શક્તિથી મહારાજશ્રીની ખૂબ પ્રશંસા કરી. તા૦ ૧૨–૧૧–૩૧ને દિવસે મુંબઇ નગરીના આગેવાન દેશભક્ત વીર નરીમાન મુનિશ્રીને મળ્યા. તા૦ ૧૫–૧૧–૩૧ને

દિવસે ધોબીતલાવ ઉપર આવેલા ફરામજી કાવસજી ઇન્સ્ટીટ્યુટ હૉલ (લેમીંગ્ટન સીનેમા)માં 'મનુષ્ય કર્તવ્ય'' એ વિષય ઉપર ભાષણ કર્યું. તે વખતે શ્રોતાઓથી હૉલ ચિકાર ભરાઇ ગયો હતો. વ્યાખ્યાન પુરૂં થયા બાદ પંડિત લાલને ભાષણ કર્યું જેમાં જણાવ્યું કે "આ મહારાજશ્રી પોતાને ભગવાન મહાવીરના પટાવાલા કહેવડાવે છે. પરંતુ એમ નથી. તેઓશ્રી તો ભગવાન મહાવીર તરફથી નેમાયલા વાઇસરોય છે. મુનિમહારાજનું ભાષણ સાંભળી મને બહુજ આનંદ થયો છે." ઇત્યાદિ. તા૦ ૨૨-૧૧-૩૧ને દીવસે માધવબાગમાં "સાચું સુખ અને તેનાં સાધનો'' વિષે મહારાજશ્રીએ જાહેર વ્યાખ્યાન આપ્યું, તે સમયે જૈન તથા જૈનેતર જનતાની જબરદસ્ત મેદની જામી હતી, જેમાં જૈન ભાઇ બહેનો સિવાય વૈષ્ણવો, સનાતન ધર્મીઓ તથા પારસીઓ પણ હતા. વ્યાખ્યાન સમાપ્ત થયા પછી તે લોકો મહારાજની હૃદયગ્રાહી વ્યાખ્યાનશૈલીની અને સર્વ ધર્મો પ્રત્યેના તેમના પ્રેમભાવની ઘણી પ્રશંસા કરવા લાગ્યા, અને મહારાજશ્રી સર્વ ધર્મના તત્ત્વોનું આવું વિશાળ જ્ઞાન ધરાવે છે તે તરફ પોતાનું આશ્ચર્ય અને આનંદ પ્રકટ કરવા લાગ્યા. ખરેખર મહારાજની વાણીમાં કઈંક એવું અનેરૂં આકર્ષણ છે કે જે કોઇ એક વખત વ્યાખ્યાન સાંભળે છે તે મહારાજનો સદાનો ભક્ત બની જાય છે. ત્યાર બાદ કાર્તિક વદ ૧ને ગુરૂવારના મનોહર ઉષાકાળે ચાતુર્માસ સમાપ્ત થતાં મહારાજશ્રી અત્રેથી વિહાર કરી ચીંચપોકલી પધાર્યા. તે વખતે તેઓશ્રીને વિદાય આપવાને જબરદસ્ત જનમેદની એકત્ર થઇ હતી. દરેકની આંખમાં આવા સંત પુરૂષના વિયોગનું દુઃખ દષ્ટિગોચર થતું હતું.

સઘળા શ્રાવક સંઘ મહારાજશ્રીની પૂંઠે ચાલતો ઠેઠ ચીંચપોકલી સુધી વિદાય આપવા આવ્યો. તે વખતે અત્રેના સંઘના સેક્રેટરી સાહેબે તથા ઉપ-પ્રમુખ શેઠ વીરચંદભાઈએ ટુંક વિવેચન કરી પોતાને આંગણે આવો સુઅવસર પ્રાપ્ત થવા માટે પોતાનાં ધન્યભાગ્ય માન્યાં. અને મહારાજશ્રીના અસંખ્ય ગુણોનાં મુક્તકંઠે વખાણ કર્યાં. ચીંચપોકલી નિવાસ કર્યા બાદ તા૦ ૨૮–૧૧–૩૧ને દીવસે શ્રી. કવી. ઓ. સ્થા. જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓને 'ક્ષમા' એ વિષય ઉપર અનેક સરળ તથા હૃદયગ્રાહી અને મનોરંજક દૃષ્ટાંતો સહિત વ્યાખ્યાન આપ્યું જે શ્રવણ કરી વિદ્યાર્થીઓ તથા શિક્ષક સમુહ અત્યંત પ્રસન્ન થયો. સઘળા તરફથી શાળાના હેડમાસ્તર સાહેબ શ્રીમાન ચંદુલાલભાઈએ મહારાજશ્રીની તારીફ કરી આભાર પ્રદર્શિત કર્યો.

તેઓશ્રી જ્યાં જ્યાં પોતાનાં પુનિત પગલાં માંડે છે, ત્યાં ધર્મોન્નતિ વિશેષ પ્રમાણમાં થાય છે, કેમકે તેઓશ્રીનો ઉપદેશ સરળ, સરસ, ઓજસ્વી તથા નિષ્પક્ષપાત હોય છે. જે વિષયને તેઓ હાથ ધરે છે, તેને જૈનધર્મની વિશેષતા દર્શાવી ભિન્ન ભિન્ન સંપ્રદાયના ગ્રંથોથી સિદ્ધ કરી બતાવે છે, તથા શ્રોતાઓના અંતરમાં ધાર્મિક તથા વ્યાવહારિક બાબતો યોગ્ય રૂપમાં ઠોંસી ઠોંસીને ભરી દે છે. આનો પૂરેપૂરો અનુભવ તો તે વ્યક્તિઓને થયો હશે, કે જેમને મહારાજશ્રીના ઉપદેશામૃતનું પાન કરવાનો અલભ્ય અવસર સાંપડયો હશે. માત્ર નમૂના રૂપે આ બાબતનું સંક્ષિપ્ત દિગ્દર્શન આગળ ઉપર સુજ્ઞ વાંચકોની જાણ માટે કરાવવામાં આવ્યું છે. અમારી હાર્દિક અભિલાષા છે કે પરમાત્મા આવા આદર્શ

મુનિના હૃદયમાં વર્તમાન સમયે છે, તેથી પણ અધિક ધાર્મિક બળનો સંચાર કરે કે જેથી તેઓશ્રી હંમેશાં આત્મોન્નતિ તથા સમાજ સુધારણા આદિ અનેક મહત્વપૂર્ણ કાર્યોમાં પ્રતિદિન અગ્રણી બને, અને તેમના આદર્શ જીવનમાંથી આપણો સમાજ શિક્ષા ગ્રહણ કરી ઉન્નતિના ઉચ્ચ શિખરે પહોંચી સાચાં આત્મિક સુખોની પ્રાપ્તિનો માર્ગ શોધી શકે.

વર્તમાન સમયે મહારાજશ્રી ધાર્મિક તથા સામાજીક ઉન્નતિના અત્યંત અગત્યના કાર્યમાં મંડયા રહે છે, અને ભવિષ્યમાં મંડયા રહેશે. તેનું દિગ્દર્શન સુજ્ઞ વાંચકોને આ પુસ્તકની બીજી આવૃત્તિમાં અગર બીજા ભાગમાં કરાવવાની યથાશક્તિ કોશીશ કરીશું.

॥ शुभम् ॥

**इहं सि उत्तमो भन्ते, पच्छा होहिसी उत्तमो।**
**लोगत्तमुत्तमं ठाणं, सिद्धिं गच्छसि निरउ॥**

(उत्तराध्ययन सूत्र अ. ९, गा. ११.)

ભાવાર્થ—હે પૂજ્યશ્રી, આ લોકમાં આપનું જીવન ઉત્તમ છે, અને પરલોકમાં પણ આપનું જીવન ઉત્તમ રહેશે. વળી ઉત્તમોત્તમ સ્થાન જે મોક્ષ છે, તે પણ આપને પ્રાપ્ત થશે.

પ્રકરણ ૪૨મું.

# મહારાજશ્રીના જીવન ઉપર એક દૃષ્ટિપાત.

સુજ્ઞ પાઠક! તેં મહારાજશ્રીના ઉચ્ચ તથા પવિત્ર જીવનચરિત્રનો પાઠ કર્યો. તે તેમના ત્યાગ, સત્યાન્વેષણ (સત્યની શોધ), તપ, ધર્મ-જીજ્ઞાસા તથા માનસિક આંતર સંગ્રામની પણ અનેક ઘટનાઓનું અધ્યયન કર્યું. વળી સાથે સાથે તેમના અનેક ઉપદેશો, વાર્તાઓ, વ્યવહારો, કાર્યો, ભાવનાઓ તથા વિચારોનો શાન્તિપૂર્વક અભ્યાસ કર્યો. હવે આવ, અને જો કે આ મહાન આત્માના જીવન પ્રવાહમાંથી કયાં કયાં ઉમદા તત્ત્વો ગ્રહણ કરી શકાય એમ છે.

મહાત્માઓનાં જીવન ચરિત્રોનો અભ્યાસ કરવાનો મુખ્ય ઉદ્દેશ એ હોય છે કે આપણે તે મહાનુભાવોનું અનુકરણ કરી આપણા જીવનને સફળ બનાવીએ. મુનિ મહારાજનું જીવન ચરિત્ર કોઇ પૌરાણિક કથા કે કાલ્પનિક વાર્તા નથી, પરંતુ તે એક વાસ્તવિક પુરૂષના જીવનની વાસ્તવિક ચર્ચા છે. તેમનાં મહત્વપૂર્ણ કાર્યો તથા તેમના જીવનની ઘટનાઓ

ઉપજાવી કાઢેલી નથી, પરંતુ માનવ સ્વભાવ અને હૃદયની ઉચ્ચતમ અવસ્થાનું જ્વલન્ત ઉદાહરણ છે મુનિશ્રીનું જીવન સિદ્ધ કરે છે કે પ્રત્યેક માનવીમાં પ્રલોભનો તથા કુટેવોનો સામનો કરવાનું સામર્થ્ય છે. તે માનવ હૃદયને આશા તથા ઉત્સાહથી તરબોળ કરી મૂકી, તેને ઉચ્ચ તથા પવિત્ર ચારિત્ર માટે મનન કરવાની પ્રેરણા કરે છે. મહારાજશ્રીના બોધ તથા ઉપદેશનો મુખ્ય ઉદ્દેશ એ છે કે મનુષ્ય પાપકર્મો તથા દુઃખોમાંથી મુક્ત થઇ આત્મિક શાન્તિ પ્રાપ્ત કરે. તેઓશ્રીનું જીવન આપણને એ શીખવે છે કે સંસારનાં કલ્યાણ તથા સુધારણા માટે સૌથી આવશ્યક વાત એ છે કે પ્રત્યેક વ્યક્તિ અષ્ટાંગ માર્ગનું આચરણ કરે, તથા સમસ્ત માનસિક તેમજ શારીરિક પ્રલોભનો, રોગો તથા વ્યાધિઓ સામે અત્યંત પરિશ્રમ ઉઠાવી દૃઢતાપૂર્વક આંતર સંગ્રામ ખેલી નિર્વાણ પદને પામે.

આજે સારાયે સંસારમાં અશાન્તિ પથરાઇ ગઇ છે. પ્રત્યેક દેશ તથા પ્રત્યેક સમુદાયમાં મન્થન ચાલી રહ્યુ છે. કોઇ સ્થળે આર્થિક સંગ્રામ ચાલી રહ્યો છે તો કોઇ ઠેકાણે સશસ્ત્રયુદ્ધ ચાલી રહ્યાં છે. એક દેશ દરિદ્રતાથી પીડાય છે. તો બીજો ધનમત્તતાથી, બાહ્ય સભ્યતા તથા બાહ્યાડંબરને લીધે વાસ્તવિક સ્થિતિ તથા સમસ્યા તરફ જગતનું ધ્યાન ખેંચાયું નથી. જગતમાં નિત્ય નવીન ઔષધો બહાર પડે છે, તથા આવિષ્કારોની સંખ્યા દિન પ્રતિદિન વૃદ્ધિગત થતી જાય છે. પરંતુ તેની વૃદ્ધિ સાથે ડાક્તરો તથા વૈદ્યોના સંખ્યાબળમા પણ વૃદ્ધિ થતી ચાલી છે. આજે રોગીઓનો ટોટો નથી હજારો ચિકિત્સા કરનારા તથા ઔષધો થવા છતાં

રોગીઓની સંખ્યામાં ઘટાડો થયો દેખાતો નથી. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે રોગનું પૃથક્કરણ બરાબર નથી. આંતર જાતીય તથા સામાજીક પક્ષો ઉભા કરવાનો પવન સર્વત્ર ફેલાઈ રહ્યો છે. ગરીબો તથા અમીરો, ખેડૂતો તથા જમીનદારો, માલિકો અને નોકરો, કાળાઓ અને ગોરાઓ. દેશીઓ અને પરદેશીઓ. ઉદાર વૃત્તિધારી તથા અનુદાર વૃત્તિધારી. નીચ અને ઉંચના આંતર વૈમનસ્ય તથા દ્વંદ્વે સારાયે સંસારને ખળભળાવી નાખ્યો છે. ધાર્મિક મત-મતાન્તરો, રાજનૈતિક પક્ષો, વૈજ્ઞાનિક શોધખોળો. આર્થિક સંસ્થાઓ અને આંતર-જાતીય સંબંધો તથા અધિકારોને સમસ્ત સંસારની ખરાબી તથા અધઃપતન માટે જડમૂળ તરીકે લેખવામાં આવે છે. આજે સમાજ કે સમુદાય, રાષ્ટ્ર કે જાતિ આદિ શબ્દોએ વ્યક્તિ શબ્દોને ઢાંકી નાખ્યો છે. આધુનિક કાળમાં જાતીય ચરિત્ર, જાતીય બળ, સામાજીક દુર્દશા તથા રાષ્ટ્રીય વિપત્તિની ચર્ચા સર્વત્ર સંભળાય છે. પરંતુ જાતિ, સમાજ અથવા રાષ્ટ્ર શાનાં બનેલાં છે, તેનો કોઇ વિચાર સરખુંયે કરતું નથી. જે જાતિની વ્યકિતઓ નિર્બળ, ચારિત્રહીન તથા વિચારશૂન્ય હોય છે, તે જાતિ, સમાજ અથવા રાષ્ટ્ર કદાપિ બળવાન, ચારિત્ર્યવાન તથા વિચારશીલ ઉદ્દભવી શકે? કોઇ કાળે નહિ.

પ્રિય પાઠકો! જો આપ વ્યકિતઓના નૈતિક તથા આત્મિક, તથા સામાજીક જીવનને બળવાન તથા ચારિત્ર્યવાન ચાહતા હો તો, મુનિ મહારાજના પવિત્ર જીવનને વારંવાર વાંચી તેનો અભ્યાસ તથા મનન કરી તેનું અનુકરણ કરો. આવો, આપણે એ જીવનમાંથી કંઇ નવનીત ખેંચવા પ્રયત્ન કરીએ.

# વકતૃત્વ-શક્તિ

જો તમે કોઈ દિવસ કોઈ સહૃદય, શાન્ત, તથા મધુરભાષી ધર્માત્મા વકતાની પ્રભાવશાળી તથા હૃદયગ્રાહ્ય વાણી શ્રવણ કરી હશે તો તમને માલૂમ પડશે કે મહારાજશ્રીની વકતૃત્વ શક્તિ તથા વાતચીત કેટલી મધુર, પવિત્ર અને શુદ્ધ તથા વિશ્વાસ ઉત્પન્ન કરનારી છે. તેઓશ્રીએ આજ પર્યંત અનેક ઉપદેશો તથા વ્યાખ્યાનો આપ્યાં છે, જે શ્રવણ કરીને આ ચરિત્રમાં ઉલ્લેખ કરેલાં ઉદાહરણો ઉપરથી સિદ્ધ થાય છે તેમ માનવ હૃદયમાં એક અલૌકિક પરિવર્તન થઈ જાય છે. તથા શ્રોતાઓ ધર્મસંઘ તથા કર્તવ્યપાશમાં તત્કાલ પડે છે.

તેઓશ્રીનાં વ્યાખ્યાન અત્યંત સુલલિત તથા મધુર અને હૃદયગ્રાહી ભાષામાં થાય છે. આ ઉપરાંત તે અતિશય મનમોહક, ચિત્તાકર્ષક, સારગર્ભિત તથા ધાર્મિક ભાવોથી ભરપૂર હોય છે. શ્રોતાઓ તેને ખૂબ ધ્યાનપૂર્વક સાંભળીને પારાવાર પ્રશંસા કરી પોતાને કૃતકૃત્ય માની આલ્હાદિત-આનંદિત-થાય છે. તેઓશ્રી જાતે પણ દયા તથા સદ્‌ગુણોની સાક્ષાત પ્રતિમા છે. પરંતુ જ્યારે તેઓશ્રી પોતાના હૃદયના ઉંડા ઉદ્‌ગારો સરલ તથા સરળ ભાવે શબ્દોદ્વારા પ્રગટ કરી, શ્રોતાઓના કર્ણદ્વારોમાં પ્રવેશ કરાવે છે. તે વખતે તેમનું મુખમંડળ અત્યંત સુશોભિત તથા તેજસ્વી દેખાય છે. શ્રોતાઓનાં મન સ્વાભાવિક રીતેજ આકર્ષાય છે. તેઓશ્રીનાં વચનામૃતો વખતોવખત શ્રવણ કરી જૈન સંપ્રદાયાવલંબીઓ તથા અન્ય સદ્‌ગૃહસ્થોએ જે ઉપકાર કર્યા છે, તે અવર્ણનીય છે.

સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે કોઈ પણ વક્તા સાધારણ જનતા ઉપર તો ખૂબ પ્રભાવ પાડી શકે છે, પરંતુ શિક્ષિત તથા વિચારશીલ સમુદાય ઉપર તેનો ખાસ પ્રભાવ પડતો હોતો નથી. તેજ પ્રમાણે કોઈ વક્તા શિક્ષિત સમાજ ઉપર પ્રભાવ પાડી શકે છે, પરંતુ સામાન્ય જનતામાં તેની અવગણના થતી હોય છે. અમે જોઈએ છીએ કે મુનિ મહારાજ પાસે આજ એક ધુરંધર પંડિત આવી ચઢે છે. તો આવતી કાલે એક અજ્ઞાન ખેડુત. કોઈ વખતે તે નગરવાસીઓને ઉપદેશ આપે છે, તો કોઈ વખતે ગ્રામ્ય-જનતાને. તેમના બોધને સઘળાં ધ્યાનપૂર્વક શ્રવણ કરી ગ્રહણ કરે છે.

મુનિ મહારાજ ખાસ વ્યાખ્યાનદાતા પણ નથી, તે પાઠકોને આગળ ઉપર વિદિત થશે. તેઓશ્રી મનુષ્ય પ્રકૃતિના જાણકાર, ભિન્ન ભિન્ન મનુષ્યોની વિવિધ આવશ્યકતાઓ તથા પ્રવૃત્તિઓના નિરીક્ષક તથા દયા અને કરૂણાના સાગર છે. તેઓ સઘળા ભ્રમ તથા શંકાઓનું નિવારણ કરી, શ્રોતાઓને સુપથપર લાવવાની ઉત્કૃષ્ટ અભિલાષા સેવે છે. મનુષ્યોની બુદ્ધિ તથા હૃદય પ્રકાશિત કરવા માટે તેઓશ્રી પુસ્તકીય પ્રમાણો ટાંકી બતાવતા નથી. પરંતુ તે જાતે કહે છે કે હે મનુષ્યો! તમે જાતે નજર કરો અને સાંભળો. નતો તેઓશ્રી પ્રાચીનતાના અંધ ભક્ત છે અને નતો નવીનતાના, આત્મવિસ્મૃત પૂજારી. તેઓ તો સત્યના શોધક, સત્યના ગ્રાહક તથા સત્યનાજ પ્રચારક છે.

લોકોને મહારાજશ્રીનો ઉપદેશ સાંભળતાં સાંભળતાં એમ અનુભવ થતો જાય છે કે તેઓ અમારા હાર્દિક રહ-

સ્યોના જાણકાર, અમારા દુઃખોના નિવારનાર, તથા અમારાં પાપોમાંથી બચાવનાર છે. અદ્યાપિપર્યંત તેમણે બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કન્યાવિક્રય, અહિંસા, ધર્મ, માંસાહાર, મદિરાપાન, વ્યભિચાર, સોબત, અડગ સંપ, સત્ય, ક્રોધ, દયા, ક્ષમા, મોક્ષ માર્ગ, ધાર્મિક તત્ત્વ, મનુષ્યનું કર્તવ્ય, જનસેવા, ભક્તિ, વૈરાગ્ય, પ્રેમ, જ્ઞાન, આત્મજ્ઞાન, દૃઢતા, ઇચ્છાશક્તિ, કર્તવ્ય-પાલન, સંસારની અસારતા, સામાજીક જીવન, દુરાગ્રહ, ત્યાગ અને વૈરાગ્ય, સદાચાર, વિદ્યા, તપસાદર્શ, જીવન સંગ્રામ તથા તેમાં વિજય પ્રાપ્તિ, અતીત સ્મૃતિ, આપણું ધાર્મિક પતન, બ્રહ્મચર્ય, ઇન્દ્રિય નિગ્રહ, પર્યુષણ પર્વ તથા જૈનધર્મ, જૈનધર્મની શ્રેષ્ઠતા, જૈનધર્મની તાત્ત્વિક મીમાંસા, આપણું ગૃહસ્થજીવન, માનસ મુક્તાવલી, સત્યનિષ્ઠા આદિ અનેકાનેક વિષયો પર અનેક વ્યાખ્યાનો આપ્યાં છે, અને આપી રહ્યા છે. તેને લીધે જાતિ, ધર્મ, સમાજ તથા દેશનું અનેક પ્રકારે હિત સધાયું છે. પરંતુ અતિશય વિસ્તાર થવાના ભયથી અમે અત્રે તેનો ઉલ્લેખ કરતા નથી.

વકતૃત્વ શક્તિ એક ભારે અદ્ભુત ગુણ છે. સદ્‌વકતા પોતાની આ પ્રચંડ શક્તિથી યુગાન્તરકારી પરિવર્તન કરી શકે છે. મુનિ મહારાજની વકતૃત્વ–શક્તિ અતિશય વિકસિત છે. તેઓશ્રીનાં વ્યાખ્યાન અત્યંત સારગર્ભિત, પ્રેરણાત્મક, ઓજસ્વી, સુમધુર, સામાન્ય જનતા સમજી શકે તેવાં સરળ, પ્રભાવોત્પાદક, મનોહર, હૃદયગ્રાહી, ચિત્તાકર્ષક તથા સુલલિત હોય છે. વ્યાખ્યાન કરતી વખતે શ્રોતાઓની રુચિ મુજબ ઠેકઠેકાણે મનોરંજન થાય તેવાં વચનો પણ ઉચ્ચારે છે. પોતાની આ પ્રતિભાના બળ ઉપર તેમણે માત્ર જૈન જનતા

ઉપરજ ઉપકાર કર્યો છે, એટલુંજ નહિ, પરંતુ અનેક જૈનેતરો વિધર્મીઓને પણ પોતાના અનુયાયી બનાવ્યા છે. તેમણે અંગ્રેજોને પણ ઉપદેશ આપ્યો છે. તેઓશ્રીના ઉપદેશથી આજ સુધીમાં અનેક ધાર્મિક સંસ્થાઓ તથા જ્ઞાનવર્ધક સભાઓ સ્થપાઇ ચૂકી છે. તેઓશ્રીના સદુપદેશથી અનેક વિપથગામીઓએ તે પથનો ત્યાગ કરી સુમાર્ગ ગ્રહણ કર્યો છે. આ બાબતનું તાત્પર્ય જાણવા જે લોકોએ થોડી ઘણી પણ મહેનત કરી છે, તેમનું એવું માનવું છે કે મહારાજશ્રીએ આ પ્રાંતમાંજ નહિ પરંતુ દૂર દૂરના પ્રાંતોમાં પણ સરસ ધર્મ પ્રચાર કર્યો છે. સર્વ સ્થળે લોકો તેમનું સ્મરણ પણ કર્યા કરે છે. જે દિવસે જે સ્થળેથી તેઓશ્રી વિહાર કરી જવાના હોય છે, તે નગરનાં આબાલવૃદ્ધ સઘળાંની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડે છે. તેઓશ્રીની સુમધુર વાણીનું, તેઓ સ્મરણ કરી, એકીટસે દીનવદને તેમની ભવ્યાકૃતિ ઉપર દૃષ્ટિ ઠારે છે, અને કહે છે કે હવે મુનિ મહારાજથી છૂટા પડવું પડશે? ઇશ્વર આવો સુયોગ કયારે પ્રાપ્ત કરાવશે. તેની કોને ખબર છે? ઇત્યાદિ.

તેઓશ્રીને કોઈ પણ સંપ્રદાય પ્રત્યે દ્વેષવૃત્તિ ઘૃણા નથી, સર્વ ધર્મ પ્રત્યે તેઓ પારાવાર પ્રેમભાવથી જુએ છે. વાર્તાલાપ કરતાં અગર વ્યાખ્યાન આપતાં તેઓશ્રીના મુખમાંથી કદાપિ એવો એક પણ શબ્દ ઉચ્ચારાયો નથી જે ઈર્ષાભાવને લીધે હોય. તેઓશ્રી મુખ્યત્વે વ્યાખ્યાન તો શ્રાવકોનેજ આપે છે તો પણ તેમના વ્યાખ્યાન સમયે જો કોઇ બીજા ધર્મ કે સંપ્રદાયના અનુયાયી તે શ્રવણ કરવા બેસે તો તેમને તો એમજ લાગે છે કે મુનિ મહારાજ અમારા ધર્મ સંબંધી ભાષણ કરે છે.

આનું કારણ એ છે કે વ્યાખ્યાન આપતી વખતે તેઓશ્રી કોઇ પણ મતનું ખંડન કરતા નથી. તેઓશ્રીના પ્રત્યેક શબ્દમાં પ્રેમ નીતરતો હોય છે. તેઓશ્રી પોતાના ગંભીર વિચારોને મીઠા શબ્દોથી અલંકારી અત્યંત સરળતાથી સઘળાના હૃદયગ્રાહી બનાવે છે. તેઓશ્રી એમ કહે છે કે મનુષ્યે ધર્મ સંબંધી ઝઘડા તથા મતમતાંતરોની મોહક જાળમાં ફસાયા સિવાય પરબ્રહ્મ પરમાત્માની સાચા હૃદયથી ઉપાસના કરી, પોતાના જીવન-સંગ્રામમાં સફળતા પ્રાપ્ત કરવી જોઈએ. તથા ધર્મના અતિ ઉચ્ચ ઉદ્દેશ આત્મરક્ષા તથા લોકસેવામાં પ્રવૃત્ત થવું જોઇએ. દીન દુ:ખીઓનાં દુ:ખ તથા દારિદ્રયનું નિવારણ કરવું જોઇએ. ખરી વાત તો એ છે કે આથી વિશેષ અન્ય કોઈ ધર્મ નથી. દુ:ખની વાત છે કે આધુનિક સમયમાં આપણા દેશમાં એવી વ્યક્તિઓનો પણ ટોટો નથી, જેઓ ધર્મના નામે ધન સંચય કરવાને પોતાનું લક્ષ્યબિંદુ માને છે. પરંતુ તેવાઓએ મહારાજશ્રીના વિશુદ્ધ ચારિત્ર્યમાંથી બોધ ગ્રહણ કરી પોતાના કર્તવ્યાકર્તવ્યનો નિશ્ચય કરી લેવો જોઇએ.

તેઓશ્રી હરહંમેશ જૈન જનતામાંજ વ્યાખ્યાન આપે છે, એમ નથી. કાંતો તેઓ સાર્વજનિક સ્થળે પોતાનું વ્યાખ્યાન આપે છે, અગર તો યોગ્ય સ્થળના અભાવે વ્યાખ્યાન ન આપી શકે અને ઉપાશ્રયાદિમાં વ્યાખ્યાન આપવું પડે તો ત્યાં પણ હિંદુ મુસલમાન સઘળાઓને કોઇ પણ પ્રકારની રોકટોક સિવાય લાભ લેવા દેવામાં આવે છે. જો કોઇ પણ ધર્માવલંબી તેઓશ્રીને વ્યાખ્યાન આપવા વિનંતિ કરે, તો બની શકે ત્યાંસુધી તેઓ કદાપિ ના પાડતા નથી. આ પ્રમાણે જો પ્રત્યેક ધર્માનુયાયી તથા પ્રત્યેક ધર્મોપદેશક એક બીજાના

ધર્મસ્થાનમાં જાય તો સારાયે દેશમાં પ્રેમભાવની ખૂબ વૃદ્ધિ થાય, તથા અજ્ઞાનતાને લીધે જે સંકુચિતપણું તથા અવિશ્વાસ ઉત્પન્ન થયાં છે તે સદાને માટે નિર્મૂળ થાય.

આધુનિક કાળમાં આપણા દેશ તથા સમાજમાં મતભેદ તથા સિદ્ધાન્ત વિરોધનો પ્રબળ રોગ વ્યાપી રહ્યો છે. આ રોગે આપણને એટલા બધા જકડી લીધા છે કે ચાહે કોઈ ગમે તેવો વિદ્વાન અને સમજુ હોય છતાં મત મતાંતરોને લીધે તેના વિચારોનો પ્રચાર થઈ શકતો નથી. આપણે આ સંકુચિત વૃત્તિ તથા પારસ્પરિક વૈમનસ્ય (વેરભાવ) તથા મતભેદને ત્યજી દઈ હળીમળીને ઉન્નતિના પથગામી થઈએ એ અત્યંત આવશ્યક છે.

અહીં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે મહારાજશ્રીના વ્યાખ્યાનનો આટલો પ્રભાવ શાથી પડે છે?

મોટે ભાગે અનુભવ ઉપરથી એમ સિદ્ધ થયું છે કે કેટલાક પ્રસિદ્ધ પ્રખર વ્યાખ્યાનકર્તાનાં વ્યાખ્યાન શ્રવણ કરવાથી હૃદય ઉપર જે અસર થાય છે, તેવી અસર તેમનાં લેખિત ભાષણો વાંચવાથી નથી થતી. સ્વર્ગવાસી શ્રીયુત્ ગોખલે, કર્મવીર મહાત્મા ગાંધી, માનનીય પંડિત મદનમોહન માલવીઆ, તથા દેશભક્ત સ્વર્ગીય લાલા લાજપતરાયનાં વ્યાખ્યાનો શ્રવણ કરતી વખતે હૃદયમાં જે ભાવ ઉત્પન્ન થાય છે, તથા હૃદયને હચમચાવી મૂકે છે, તેવા ભાવ તેમનાં વ્યાખ્યાનો પુસ્તકો અગર વર્તમાનપત્રોમાં વાંચવાથી ઉત્પન્ન નથી થતા. વાસ્તવિક રીતે એ પ્રભાવ વ્યાખ્યાનદાતાના વ્યક્તિત્વ, આત્મબળ, ત્યાગ, માધુર્ય, ઉત્સાહ, વાક્યરચના, ભાષણ શૈલી, તથા સ્વર પરિવર્તન આદિને લીધે પડે છે.

જો વક્તાનું હૃદય દુ:ખીઓનાં દુ:ખથી દુ:ખી, રોગીઓના રોગોથી વ્યાકુળ, તથા અત્યાચારીઓના અત્યાચારોથી ત્રસ્ત હોય છે, જો તે પાપીઓની પતિતાવસ્થાપર આંસુ સારે છે તથા વિષયવાસનામાં લુબ્ધ માનવીઓની માનસિક વેદનાઓનો ખ્યાલ કરી, તેમના ઉદ્ધાર માટે નિરંતર ચિંતન કરે છે, તો તેનો અવશ્ય પ્રભાવ પડે છે.

જેઓ અજ્ઞાનરૂપી અંધારા કૂપમાં પડેલી જનતા તરફ સંપૂર્ણ કરૂણામય સહાનુભૂતિ રાખે છે, તેમની વાણીમાં અલૌકિક શક્તિ, શબ્દોમાં આધ્યાત્મિક ચમત્કાર, વિચારોમાં પ્રતિભા, ભાવોમાં સત્યતા તથા ચરિત્રમાં વિશેષતા તથા વિચિત્રતા ન હોય તે શું સંભવિત છે? જે વ્યક્તિ આવાં આભૂષણો તથા શાસ્ત્રોના જ્ઞાનથી અલંકૃત તથા સુસજ્જિત હોય, તે માનવ હૃદય તથા માનવસમાજમાં, અરે નહિ, નહિ, સમસ્ત સૃષ્ટિમાં ઇચ્છિત શક્તિનું સંચાલન કરી યુગાન્તર ઉપસ્થિત કરી ન શકે એ શું બનવાજોગ છે?

ચરિત્રનાયકજી આ સઘળી વિભૂતિઓની સાક્ષાત મૂર્તિ તથા આ દૈવી શકિતઓનાં ગંભીર પ્રવાહરૂપ છે.

પ્રિય પાઠક, આ ઉપરથી તું અનુમાન કરી શકશે કે તેમના આવા અનુપમ પ્રભાવનાં મૂળ કયાં રહેલાં છે?

મહારાજશ્રીના ભાષણના પ્રભાવનું એક ખાસ કારણ તેમનું અત્યુચ્ચ ચારિત્રબળ તથા સરળ સ્વભાવ પણ છે. તેઓશ્રીએ શરૂઆતથીજ બ્રહ્મચર્યાદિનું પાલન કરી સંયમવ્રતનું પાલન કર્યું છે. રાગદ્વેષાદિ રિપુઓથી તેઓ હંમેશાં અલિપ્ત રહે છે. સાધુ મહાત્માઓને માટે તો આ ધર્મજ

છે. પરંતુ મહારાજશ્રીમાં ચારિત્ર સંબંધક વિશેષતા પ્રારંભથીજ છે. વ્યસનાદિ કુટેવોથી તેઓ સદા સર્વદા અળગા રહ્યા છે. નિરંતર સત્સંગ સેવવો, વ્યવહારની સાધારણ વાતોમાં પણ સત્યાસત્ય ઉચ્ચારવાનો નિયમ રાખવો, આવી અનેક વાતો આરંભકાળથીજ તેઓશ્રીના ધ્યાનમાં ઠસી ગઇ છે, તથા દીક્ષા લીધા પછી તો તે બધી વિશેષ દૃઢ થઇ ગઇ છે, જેના પરિણામે તેઓશ્રીનું જીવન આદર્શ તથા એક પ્રકારે નિર્વિકાર (વિકાર રહિત) બની ગયું છે. આવી અવસ્થામાં જનતા ઉપર તેમનો પ્રભાવ પડે, તથા તેમનાં વ્યાખ્યાન જનતા અતિશય રુચિપૂર્વક તથા પ્રેમપૂર્વક સાંભળે તથા પ્રત્યેક સંપ્રદાયના અનુયાયીઓની તેમાં પારાવાર ભીડ જામે, તેમાં આશ્ચર્ય જેવું શું છે? ઉપદેશ આપવો તેના કરતાં પોતાનું આદર્શ જીવન જીવી બતાવવું એ અધિક ઉત્તમ છે, તથા તેનો અત્યંત પ્રભાવ પડે છે. ડાહી સાસરે ના જાય અને ગાંડીને શિખામણ આપે એવા **'परोपदेशे' पांडित्यम्** કરનારાઓનો આ જગતમાં ટોટો નથી, પરંતુ આ જગતમાં સાચો સુધારક તે કહેવાય છે, જે સૌથી પહેલો પોતાનામાં સુધારો કરે છે, જેઓ પોતાના અણીશુદ્ધ આચરણ દ્વારા પોતાના વ્યક્તિગત જીવનને આદર્શ બનાવે છે, તેવાઓનો અનુપમ પ્રભાવ પડે છે.

મદિરાપાન કરતી વ્યક્તિ બીજાને ઉપદેશ આપી મદિરા પાન છોડાવી શકતી નથી. આજ ન્યાય સમાજ સુધારકોને પણ લાગુ પડે છે. આ પ્રમાણે કોઇ પણ પ્રકારની તકલીફ વિના થઇ બેઠેલા સુધારકો જેઓ માત્ર "પોથીમાંનાં રીંગણાં"ના ન્યાયે કામ લે છે, તેવાઓ કે જે મોટે ભાગે સદાચારી હોતા

નથી તેમનો બિલકુલ પ્રભાવ પડતો નથી. કહેવાનો આશય એ છે કે મહારાજશ્રીએ પોતાના સદાચરણ દ્વારા આરંભમાં પોતાનું ચારિત્ર વિશુદ્ધ બનાવ્યું. અને પછી સમાજ સુધારણા તથા લોક સેવાનાં કાર્ય હાથ ધર્યાં. તેઓશ્રીના ઉપદેશ દ્વારા જનતાની રૂચિને જે તરફ મરડવી હોય છે. તે તરફ મરડી શકાય છે, તથા વિજયદેવી હાથમાં વરમાળ લઈ ખડે પગે ઉભી રહે છે

સામાન્ય જનતા ઉપર તેઓશ્રીનો આટલો બધો પ્રભાવ શાથી પડે છે, તે સુજ્ઞ વાંચકો હવે સમજી શકશે વળી સામાન્ય રીતે વ્યાખ્યાનમાં સૂક્ષ્મતર્ક, અકાટ્ય પ્રમાણ, ગંભીર વિચારોની શોધ. ઐતિહાસિક તથા દાર્શનિક હેતુના લાંબા ચોડા સંબંધોની અપેક્ષા, ખરા અંતઃકરણનો ઉત્સાહ તથા સહાનુભૂતિ. આશા તથા આશ્વાસન પૂર્ણ સ્પષ્ટ ઉચ્ચારણો ઇત્યાદિથી લોકો ઉપર પુષ્કળ પ્રભાવ પડે છે: આ વાકય પોતાની સરળતા તથા સ્પષ્ટતા, સુંદરતા તથા મનોહરતાને લીધે પણ પોતાના અર્થને વિશેષ સ્થાઇ રૂપ આપે છે, શબ્દ–સાગરમાં જેટલી ઉંડી ડુબકીઓ મારીએ, તેટલાંજ તેમાં અમૂલ્ય રત્નો દૃષ્ટિગોચર થાય છે. ઉપદેશકનો બાહ્ય દેખાવ, તથા શબ્દ ભંડાર નિઃસંદેહ અત્યંત મહત્ત્વપૂર્ણ વસ્તુ છે, પરંતુ સર્વથી અધિક મહત્વ તથા મૂલ્યવાન વસ્તુ તેના વિષયનો અંતર-આત્મા છે. દેખાવ એ તો માત્ર સિક્કાની બહારની તસ્વીર છે, પરંતુ તેમાં મૂળ વસ્તુ તો તેની ધાતુ છે. કે તે સોનાનો છે કે રૂપાનો, ચાંદીનો કે તાંબાનો?

પ્રિય પાઠકો! હવે જો તમે મહારાજશ્રીના ઉપદેશો તરફ

ધ્યાન આપશો તો માલૂમ પડશે કે તેઓ સદા સર્વદા એવી બાબતો ચર્ચે છે અથવા ઉપદેશે છે કે જે મનુષ્યની સફળતા તથા ઉત્કૃષ્ટતા માટે પરમાવશ્યક હોય. તેઓશ્રી શ્રોતાઓને કાલ્પનિક પૌરાણિક દાર્શનિક તથા યાજ્ઞિક વિષયોથી ભુલભુલામણીમાં તથા તાણાવાણાની ગુંચમાં નાખી તેમની ભ્રાન્તિઓ તથા શંકાઓને વધારતા નથી. પરંતુ તેમની સંમક્ષ તે વિષયોને નગ્નસ્વરૂપે ઉપસ્થિત કરે છે, કે જે પ્રત્યેક મનુષ્યના માનસિક તથા વ્યાવહારિક જીવન માટે અત્યંત આવશ્યક તથા હિતકર હોય છે. વળી આ પણ એક કારણ છે કે તેઓશ્રીના ઉપદેશ અનિષ્ટોનો અનુભવ કરાવનારા તથા સત્યાસત્ય વિવેકશકિતને તીવ્ર બનાવનાર છે.

તેઓશ્રી શ્રોતાઓને જે કંઇ પણ આચરવાનું કહે છે, તેવુંજ પોતે પહેલા આચરે છે. વ્રત ઉપવાસાદિ કરતા હોવા છતાં તેઓશ્રી નિયમિત રીતે વ્યાખ્યાન આપે છે. પ્રત્યેક માસમાં આંબિલ વ્રત રાખવાનો તેમનો નિયમ છે. વળી જે દિવસે આંબિલ વ્રત કરે છે, તે દિવસે પણ વ્યાખ્યાન અથવા શાસ્ત્રચર્ચાને બંધ રાખતા નથી.

## શાસ્ત્રાર્થ શૈલી.

આજકાલ શાસ્ત્રાર્થનું નામ બદનામ થઇ રહ્યું છે. જે પ્રકારના ઉપદેશક અથવા મહોપદેશક, શાસ્ત્રી અથવા પંડિત મૌલવી અથવા પાદરી હોય છે, તે પ્રકારનો તેમને અનુરૂપ શાસ્ત્રાર્થ હોય છે. જો તમારે દુરાગ્રહ, ધર્માંધપણું,

પક્ષપાત, સાંપ્રદાયિક અહંકાર તથા અનર્થનું સાક્ષાત સ્વરૂપ નિરખવું હોય તો આધુનિક સંપ્રદાયાનુયાયીઓના શાસ્રાર્થમાં જરા ઉંડાણમાં જવાની તકલીફ ઉઠાવો. આમ કરતાં તમને સેંકડો એવા મોલવી, પંડિતો તથા પાદરીઓ મળશે કે જેમનો ધંધોજ શાસ્રાર્થ કરવાનો હોય છે. વર્તમાનકાળમાં શાસ્રાર્થ એટલે લડાઇ, ઝઘડો અથવા વાગ્યુદ્ધ.

એક સમય એવો હતો કે જ્યારે શાસ્રાર્થ માત્ર સત્યાસત્યનો નિર્ણય કરવાનું એક સાધન હતું. તે સમયે વર્તમાન પત્રો કે મુદ્રણાલયો (છાપખાનાં) ન હતાં. આજે જો કોઇ પણ વિષયનો નિર્ણય કરવો હોય તો તે વિષય ઉપર અનેકાનેક ગ્રંથો સુલભ છે, જેનો અભ્યાસ કરી પ્રત્યેક મત તથા સિદ્ધાંત સંબંધીક આપણા અભિપ્રાય દઢીભૂત કરી શકીએ છીએ. પ્રાચીનકાળમાં વિદ્વાનો તથા પંડિતોનું મુખ્ય કાર્ય કેવળ ધાર્મિક તથા દાર્શનિક વિષયોનું અનુસંધાન કરવાનું હતું પરંતુ આધુનિક સમયમાં તેઓની સમક્ષ અનેકાનેક કાર્યો તથા વ્યવહાર ખડાં થઇ ગયાં છે.

જે પ્રકારે મહારાજશ્રીની વકતૃત્વ શકિત અત્યંત પ્રશંસનીય છે, તેજ પ્રકારે તેઓશ્રીની શાસ્રાર્થ શૈલી પણ અત્યંત ઉત્કૃષ્ટ છે. આનાં અનેક કારણો છે, જ્યારે તેઓ ઘરબાર છોડી પોતાની આત્મોન્નતિ તથા મનુષ્યજાતિના દુઃખનિવારણાર્થે સત્ય સંસોધનમાં પ્રવૃત્ત થયા, તે પહેલાં તેઓશ્રીએ ભારતના અનેક સંપ્રદાયના ધર્મગ્રંથોનું અધ્યયન કર્યું હતું અને તે રીતે તે સમયે ભિન્ન ભિન્ન વિચારો તથા

પ્રશ્નોનું જ્ઞાન સંપાદન કર્યું હતું. તેઓશ્રીએ આજપર્યંત સ્વધર્મ તથા પરધર્મના જે જે ગ્રંથોનું અવલોકન કર્યું છે, તેમાંના કેટલાક આ રહ્યા:—

(૧) શ્વેતામ્બર સંપ્રદાયનાં આગમ:-

| | |
|---|---|
| (૧) આચારંગ | (૨) સૂત્ર કૃતાંગ |
| (૩) સ્થાનાંગ | (૪) સમવાયાંગ |
| (૫) ભગવતી | (૬) જ્ઞાતા |
| (૭) ઉપાશક દશાંગ | (૮) અન્તકૃત |
| (૯) અણુત્તરોવવાઈ | (૧૦) પ્રશ્નવ્યાકરણ |
| (૧૧) વિપાક | (૧૨) ઉવાઇ |
| (૧૩) રાયપ્રસેણી | (૧૪) જીવાભિગમ |
| (૧૫) પ્રજ્ઞાપન્ના | (૧૬) જંબૂદ્વીપ પન્નતિ |
| (૧૭) કપ્પિયા | (૧૮) કપ્પવણુસિયા |
| (૧૯) પુપ્ફિયા | (૨૦) પુપ્ફચૂલિયા |
| (૨૧) વન્હિદશા | (૨૨) દશવૈકાલિક |
| (૨૩) ઉત્તરાધ્યયન | (૨૪) નન્દી |
| (૨૫) અણુયોગદ્વાર | (૨૬) નિશીથ |
| (૨૭) વ્યવહાર | (૨૮) વેદકલ્પ |
| (૨૯) દશાશ્રુતસ્કંન્ધ | (૩૦) આવશ્યક |

| (૨) કર્મ ગ્રન્થ:— | (૩) દિગમ્બર સંપ્રદાયના ગ્રન્થ:- |
|---|---|
| (૧) સ્યાદ્વાદ મંજરી | (૧) ગોમટ્ટસાર |
| (૨) કલ્પસૂત્ર | (૨) સર્વાર્થસિદ્ધિ |
| (૩) મહાનિશીથ | (૩) અષ્ટપાહુડ |

(૪) વૈષ્ણવધર્મના ગ્રંથો:-
(૧) યજુર્વેદ
(૨) શ્રીમદ્દભગવદ્દગીતા
(૩) અર્જુનગીતા
(૪) શિવપુરાણ
(૫) વારાહપુરાણ
(૬) યોગવાશિષ્ઠ પુરાણ
(૭) પતંજલી યોગ
(૮) મહાભારત

(૫) અન્ય સંસ્કૃત ગ્રંથો:-
(૧) સારસ્વત
(૨) લઘુકૌમુદી
(૩) અમરકોષ
(૪) તર્કસંગ્રહ

(૬) ઇસ્લામધર્મના ગ્રંથો:-
(૧) કુરાને શરીફ
(૨) હદીસ શરીફ
(૩) ગુલિસ્તાં
(૪) બોસ્તાં

એક બીજી વાત. તેઓશ્રીએ ગુરૂજનો પાસે જે શ્રવણ કર્યું, તેનો અભ્યાસ કર્યો, તેનું સંપૂર્ણ મનન કર્યું તથા પોતાની તીવ્ર બુદ્ધિથી તેની ખૂબ સમાલોચના કરી તેઓશ્રીની દૃષ્ટિમાં સત્યાસત્યનો નિર્ણય કરવો એ કેવળ માનસિક આનંદ અથવા જ્ઞાનપીપાસા નથી, પરંતુ મનુષ્યના સુખ દુઃખ ઉપર બેહદ પ્રભાવ પાડનાર અત્યંત મહત્વપૂર્ણ વિષય છે. વળી પરંપરાથી ઉતરી આવતી અંધશ્રદ્ધામાંથી પોતે મુક્ત થઈ, તેમણે સ્વતંત્રતા, નિષ્પક્ષતા તથા શાન્તિથી સઘળી બાબતોનું મનન કર્યું છે. તેથી બીજાઓની સાથે શાસ્ત્રાર્થ કરતાં આ મનન અત્યંત સહાયભૂત નીવડે છે.

તેઓશ્રી મનુષ્યોની ભૂલો તથા ભ્રાન્તિઓ તરફ એટલી બધી સહાનુભૂતિ દર્શાવે છે, તથા માનુષિક નિર્બળતાઓ પ્રત્યે એટલી દયા દર્શાવે છે કે વિવાદ કરનાર ગમે તેવો હોય તથા ગમે તેવી અટપટી વાતો કરે, પરંતુ પોતે પોતાની

મર્યાદા છોડી કદાપી ક્રોધિત થતા નથી, પરંતુ તેની મૂર્ખતા અથવા દુરાગ્રહ જોઈ તેના પ્રત્યે અધિક કરૂણા દર્શાવે છે. પોતાના સિદ્ધાંતોની સત્યતામાં તેમને સંપૂર્ણ વિશ્વાસ હોય છે. તેઓશ્રી એ પણ જાણે છે કે સદ્-સિદ્ધાન્ત કેટલી મુશ્કેલી તથા કેટલો પરિશ્રમ વેઠયા બાદ પ્રાપ્ત થાય છે. તેથી તેઓશ્રી કદાપિ એવી આશા સેવતા નથી, કે શ્રોતા મને સાંભળતાં વેંતજ મારા સિદ્ધાન્તોમાં વિશ્વાસ મૂકવા મંડી પડશે.

એક સાચા ઉપદેશકની માફક તેઓશ્રી તર્ક તથા પ્રમાણ અને શાંતિ તથા સહાનુભૂતિ દ્વારા વિરોધીઓના વિચાર પલટાવવા સતત્ પ્રયાસ કરે છે. તેઓશ્રી એમ માને છે કે દુરાગ્રહથી કોઇના વિચારોમાં પરિવર્તન કરાવવાનો શ્રમ ઉઠાવવો એ વ્યર્થ છે. આમ કરવાથી તો સત્યનો નિર્ણય થવાને બદલે વિરોધીઓ ઉલટા જીદ્દી બની જાય છે.

## સત્ય-સંશોધન શક્તિ.

ઘણાએ દયાળુ મહાપુરૂષો સમાજનાં દુઃખોથી દુઃખી થઈ, પોતાની હાર્દિક સહાનુભૂતિ પ્રગટ કરી, પોતાને કરવાનું કરી ચૂકયા એમ માની મનથી સંતોષ માને છે. અનેક પોતાની ફુરસદના સમયે વસ્તુસ્થિતિને ઠીક ઠીક સમજવાનો યત્ન કરે છે અને જો પોતાને કોઈ પણ પ્રકારનું કષ્ટ અગર ખાસ અગવડ ન પડે તો થોડો ઘણો પરોપકાર પણ કરે છે. જેઓ મનુષ્યોની દુઃખી અવસ્થા અથવા તો તેનાં મૂળ કારણો શોધી કાઢવાની કોશિશ કરે છે. એવા થોડાએક ઉચ્ચ આત્માઓમાં આપણા ચરિત્રનાયક પણ એક છે.

તેઓશ્રી બધું રહસ્ય સંપૂર્ણ સમજી લઇ, શાન્ત, નિષ્પક્ષ, તથા ગંભીર ભાવથી તેનાં દુઃખ નિવારણ કરવાનો ઉપાય શોધી કાઢે છે ત્યાર પછી પોતાના સારાયે જીવનમાં અદમ્ય પરિશ્રમ તથા અથાગ ઉદ્યોગ દ્વારા તે ઉપાયોને કાર્યમાં પરિણત કરે છે. ચિકિત્સા કરતા પહેલાં રોગનું મૂળ કારણ જાણવું જોઇએ. અનાડી તથા અશિક્ષિત વૈદ્યો ઉંટવૈદું કરી ઉલટો રોગ વધારી દે છે. અને કેટલીક વખત તો રોગીના પ્રાણ પણ હરી લે છે. શરીર એ એક અત્યંત ગુંચવાડા ભર્યું યંત્ર છે. તેનાં અંગોને સુધારવાને અથવા વ્યવસ્થિત કરવાને પુષ્કળ જ્ઞાન તથા અનુભવની આવશ્યકતા છે. સમાજ યંત્ર તો શરીર યંત્રના કરતાં અનેક ગણું ગુંચવણભર્યું છે. સુખ–દુઃખ, સૃજન–પ્રલય. ઈશ્વર–આત્મા, જન્મ–મૃત્યુ, બંધન તથા મોક્ષ ઇત્યાદિ પ્રશ્નો અત્યંત ગૂઢ તથા લોકોને ખૂબ મુંઝવનારા છે. આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે મનુષ્યનાં દુઃખો નિવારણ કરનારાઓ–મનુષ્યજાતિના સાચા માર્ગ પ્રદર્શકે–સત્ય સંશોધન કરવાની ખાસ આવશ્યકતા છે.

સત્ય સંશોધન તથા સત્ય પ્રચારની ભાવનાએજ મુનિ મહારાજને સંસારમાંથી વિરક્ત કર્યા. દીક્ષા લીધા પછી તરતજ તેઓએ પોતાના ધર્માચાર્યોએ તે સમય સુધી જે જ્ઞાનનો સંચય કર્યો હતો. તે સંપાદન કર્યું. જો મનુષ્ય જાતિના સંચિત જ્ઞાનમાં વૃદ્ધિ કરવી હોય તો પોતાની પહેલાં જે જ્ઞાનસંચય થયો હોય તેના ઉપર પોતાનો પૂર્ણ અધિકાર જમાવવો જોઇએ. જ્યારે મહારાજશ્રીનો પ્રચલિત તત્ત્વજ્ઞાનથી સંતોષ ન થયો ત્યારે તેમણે જાતે ગંભીરતા તથા એકાગ્રતાથી વિચાર કરવાનો આરંભ કર્યો.

સૌથી પહેલાં તેઓશ્રીએ પોતાના અંતરમાં સત્યની મહત્વાકાંક્ષાને જાગૃત કરી. જેના પરિણામે તેઓશ્રીના હૃદયમાં સત્યના મહીમાનો પ્રકાશ પડયો. સત્યને પહોંચતાં વચમાં આવતાં વિઘ્નોને તેમણે પોતાની જાતે ધીમે ધીમે દૂર કર્યાં. તેમને માલૂમ પડયું કે સત્યસંશોધનમાં પ્રાચીનતા, રૂઢી, જાતિઅભિમાન. અહંભાવ, ધર્માંધતા, લોકભય, પક્ષપાતપણું, અપરિવર્તનશીલતા, તથા અંધવિશ્વાસ અને અંધશ્રદ્ધા રૂપી મહા ભયંકર રિપુઓ માર્ગમાં ઉપસ્થિત થએલા છે. બસ, પછી શું હતું? તેઓશ્રીએ આત્મ પરીક્ષા, શુદ્ધ તર્ક, રાગ દ્વેષ વિહીનતા તથા સ્વતંત્રતા દ્વારા આ માનુષિક નિર્બળતાઓને પરાજીત કરી, ક્રમે ક્રમે પોતાને આકાંક્ષા હતી. તેવા વિશુદ્ધ સત્યનું પાલન કર્યું.

## ત્યાગ-શક્તિ.

જેઓએ મનુષ્ય સ્વભાવની નીચ પ્રવૃત્તિઓનો સંપૂર્ણ નાશ કર્યો છે, એવા મહાપુરૂષોમાં આપણા મહારાજશ્રી પણ સ્થાન ભોગવે છે. તેમણે સ્વાર્થમય પ્રવૃત્તિઓને પૂરેપૂરી ચૂર્ણ વિચૂર્ણ કરી નાખી છે, તથા સ્વાર્થ રહિત શ્રેષ્ટ પ્રવૃત્તિઓનો પૂરેપૂરો જોરશોરથી વિકાશ કર્યો છે. સભ્ય સમાજની પ્રત્યેક વ્યક્તિમાં જન્મથીજ સામાજીકિ સહાનુભૂતિનાં અંકુરો ફુટેલાં હોય છે. સંસ્કૃત સમાજના મુખ્ય આધારોમાં આ સહાનુભૂતિ અથવા પ્રેમની ગણના થાય છે. પોતાના નાના શિશુને લાડ લડાવી પ્યાર કરતી વખતે માતા પોતાની જાતને વિસરી જાય છે. આ પ્રમાણે પોતાની સંકુચિત સીમા પ્રેમના પ્રબળ

પ્રવાહના વેગથી અલોપ થઈ બીજી વ્યક્તિના વ્યક્તિત્વ સાથે જાણે એકાકાર થઇ જાય છે. બીજાને માટે તે આત્મ-સમર્પણ કરે છે. તે પરાર્થ—સ્વાર્થરહિત—પ્રેમનો અનુભવ કરે છે, અને પોતાના બાળકને પણ કુદરતી પ્રેમનો પાઠ પઢાવે છે.

પિતા, બંધુ, ભગિની તથા સગાંસંબંધીઓ વિગેરે પણ થોડો ઘણો આ પ્રકારનો વ્યવહાર રાખે છે. આ પ્રમાણે પ્રત્યેક વ્યકિતના સ્વભાવમાં બીજી કેટલીક વ્યકિતઓને પોતાનીજ માનવાની, તેમનાં સુખ દુઃખોને પોતાના સુખદુઃખ માનવાની, તેમના નફા નુકસાનને પોતાના નફા નુકસાન સમજવાની વૃત્તિ જાગૃત તથા પુષ્ટ થાય છે. જે પ્રમાણે શારીરિક ઇંદ્રિયો શિક્ષણ તથા પ્રયોગબળથી પ્રબળ બને છે, તથા અશિક્ષણ અને બીનવપરાશથી શિથિલ થઇ જાય છે, જે પ્રમાણે મસ્તકની શકિતઓ, બુદ્ધિ સ્મરણ, વિચાર ઇત્યાદિનાં શિક્ષણ તથા વપરાશ ઉપર નિર્ભર છે, તેવીજ રીતે પ્રેમ તથા સહાનુભૂતિનું આ વાકય પણ સુશિક્ષા તથા સત્પ્રયોગથી ઉન્નત તથા વિસ્તૃત થાય છે. જેનું મન અન્યની દશાની ચિંતામાં મગ્ન રહે છે, જે પોતાની કલ્પના શકિતદ્વારા પોતાને બીજાની સ્થિતિમાં ઘટાવી શકે છે, જે સહાનુભૂતિને વશવર્તી બીજાના દુઃખે દુખી અને સુખથી આનંદિત—આલ્હાદિત થાય છે, જેની સઘળી ભાવનાઓ તથા વિચાર સ્વાભાવિક રીતેજ અન્યની સેવામાં લાગી જાય છે, તેમના આત્મામાં આ પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચે છે. જે પ્રજ્વલિત અગ્નિ ઘાસ તથા ગંદકીને ભસ્મ કરી નાખે છે, તેજ સુવર્ણને વિશુદ્ધ તથા ઉજ્જવલ કરી અન્ય મલિન પદાર્થોને ભસ્મીભૂત કરે છે. સામાજીક સહા-

નુભૂતિ તથા પ્રેમનો પ્રચંડ દાવાનળ પણ મનુષ્ય સ્વભાવની સાત્વિક વૃત્તિઓને નીચ વૃત્તિઓથી અળગી કરે છે. અર્થાત સાત્વિક અંગોને અધિક શુદ્ધ તથા ઉજ્જવળ કરે છે, અને તામસી તથા રાજસી વૃત્તિઓનો નાશ કરે છે. આનું નામ તેજ સાચો સ્વાર્થ ત્યાગ, અથવા સાચું આત્મ-બલિદાન!

આપણા ચરિત્રનાયક પણ આવા ત્યાગ તથા આત્મ-બલિદાનના જ્વલન્ત ઉદાહરણ રૂપ છે. તેઓશ્રીનો જન્મ મધ્યમ કુટુંબમાં થયો હતો, તેથી તેમના જીવનને આનંદપૂર્વક વ્યતીત કરવા તેમની પાસે સાંસારિક સુખ સાધનોનો બિલકુલ ટોટો ન હતો. તેઓશ્રીના જેવો વૈભવ મેળવનાર, સ્વાર્થમય ભોગવિલાસી વૃત્તિવાળો કોઈ પણ માનવી પોતાના ભાગ્યને હજારોવાર ધન્યવાદ આપત, તથા તેના ઉપભોગને પોતાના જીવનનું લક્ષ્યબિંદુ બનાવત. પરંતુ જ્યારે તેઓશ્રીએ જગતની જનતાને અજ્ઞાન તથા કષ્ટોથી વિહ્વળ બનેલી જોઈ તથા પોતાના જીવનની સાર્થકતા માત્ર વિરક્તિમાંજ જોઈ ત્યારે સત્ય સંશોધન, સત્ય પ્રચાર તથા જનસેવાર્થે પોતાના જીવનને દીક્ષિત કરવાનો નિશ્ચય કર્યો.

બસ, પછી શું? સેવાભાવના પ્રવાહે ધનસંપત્તિનેજ નહિ, પરંતુ જીવનના પ્રિયતમ સંબંધોને પણ છિન્નભિન્ન કરી નાખ્યા. આ પ્રમાણે કુદરતી પ્રેમના વેગને તેઓશ્રીના સત્ય-સંકલ્પ સન્મુખ નિષ્ફળ જવું પડ્યું. તેઓશ્રીએ પોતાની પ્રાણથી અધિક પ્યારી પત્નીને જનસેવાની ભભૂકતી વેદી ઉપર ચઢાવી, તેના ઉપર પોતાની આંતરિક અનુરાગની આહુતિ આપી. પ્રિય પાઠક! જોઈ મહારાજની ત્યાગશક્તિ!

આ પ્રમાણે તેઓશ્રીએ પોતાની અદ્દભુત ત્યાગ-શકિત દ્વારા સ્થૂલ સાંસારિક પ્રલોભનોથી પોતાની રક્ષા કરી હતી, પરંતુ સૂક્ષ્મ પ્રલોભનોથી પણ પોતાનું સુંદર રીતે સંરક્ષણ કર્યું. અહંકાર, યશસ્વી બનવાની અભિલાષા, ચરણ કમળ પૂજાવવાની ઇચ્છા, પોતાનું નામ અમર કરવાની ઉત્કંઠા-આ પ્રલોભન, સ્વાર્થપરાયણતાનાં સૂક્ષ્મ સ્વરૂપ છે, અને તે મોટા મોટા સેનાપતિઓ તથા રાજપુરૂષોને તો શું પરંતુ ધર્માચાર્યોને પણ વશ કરી લે છે. મુનિ મહારાજ આ સઘળાથી પર છે. તેઓશ્રી તેમના કાળના શ્રેષ્ઠ પુરૂષ કહી શકાય. તેઓશ્રી આધુનિક કાળમાં કંઈ નહિ તોપણ શ્વેતામ્બર સંપ્રદાયના સર્વોત્તમ ઉપદેશક તથા સુપ્રસિદ્ધ વકતા છે. અહંકાર તો તેમનો સ્પર્શ પણ કરી શકયો નથી. યશપ્રાપ્તિની તેમને બિલકુલ પરવા નથી. તેઓશ્રી જે રીતે તથા જે પ્રેમ અને અનુરાગથી રાજા મહારાજાઓ તથા શેઠ શાહુકારોને મળે છે, તેજ ઢંગથી નિર્ધન તથા અજ્ઞાનોને પણ મળે છે. કોઇ અન્ય સંપ્રદાયાવલંબી તેઓશ્રીને ભોજન વહોરાવવાનું આમંત્રણ કરે તો તેનો સ્વીકાર કરતાં સહજ પણ આનાકાની કરતાં નથી. ખોટાં અથવા બનાવટી માનમર્યાદા તથા આત્મગૌરવના વિચારોને તેમનામાં લેશ માત્ર સ્થાન નથી. નૈતિક જીવનના જે ક્ષેત્ર તથા જળ અને વાયુમાં તેઓ રહે છે, તેમાં આત્મ મહિમાના અંકુરો ફુટી તો શું પણ મૂળ પણ નાખી શકતા નથી. જેઓ તેમની નિંદા કરે છે તેમના તરફ તેઓ રોષ દર્શાવતા નથી અગર તો તેમની તપાસ પણ કરતા નથી. પરંતુ તેમના અજ્ઞાન તથા અણુસમજ પરત્વે તેમને દયા ઉપજે છે. આ યોગ્ય છે. જ્યાં તેમને વિષેના દુષ્ટ વિચારનો નાશ થયો, ત્યાં તેમનું કોઇ વૈરી

થઇ શકતુંજ નથી. લોકો ભલે તેમના વ્યકિતત્વ ઉપર, તેમના આચરણ ઉપર, તેમના ઉપદેશ ઉપર, તેમની વકતૃત્વ શકિત ઉપર તથા તેમના ધાર્મિક સિદ્ધાન્તોથી સંતોષાઇ તેમની સ્તુતિ કરે, પરંતુ મહારાજશ્રીએ પોતે કદાપિ એવી ઇચ્છા પણ કરી નથી કે "લોકો મારી સ્તુતિ કરે."

જનતા ઉપર તેમનો ભારે પ્રભાવ પડયો છે તેનો સવિસ્તર ખુલાસો તો જૈન શ્વેતામ્બર સ્થાનકવાસીઓનો ઇતિહાસ કરશે. અમે તો આ સ્થળે એટલુંજ કહેવા માગીએ છીએ કે તેઓશ્રીનું ઉદાહરણ અમારે માટે માર્ગદર્શક છે. જેઓ નિઃસ્વાર્થ ભાવે સમાજની સેવા કરે છે, તેઓ પ્રત્યે તાત્કાલિક અથવા અમુક સમય વીત્યા બાદ અગર કોઇ પણ દિવસે, સમાજ આદર, પ્રેમ તથા કૃતજ્ઞતાની દૃષ્ટિથી અવશ્ય જુએ છે. તે તેમનું ધ્યાન ધરે છે, તેમના ઉપદેશાનુસાર અનુસરવાનો પ્રયત્ન કરે છે. અને આ પ્રમાણે પોતાના જીવનને સફળ બનાવે છે. ઋષભદેવ, ભગવાન્ મહાવીર, પાર્શ્વનાથ આદિ અનેક મહાત્મનોના ધ્યાનમાત્રે લાખો પ્રાણીઓને મુક્તિ અપાવી છે. આજે પણ મહારાજશ્રી જેવા શ્રેષ્ઠ મહાપુરૂષના ગુણ અને મુખ્યત્વે કરીને આત્મત્યાગના ચિંતવન દ્વારા પોતાને ઉચ્ચ તથા પવિત્ર બનાવી શકાય છે.

## બ્રહ્મચર્ય

યુવાનોની વાત જવા દઇએ. પરંતુ આધુનિક કાળમાં તો મૃત્યુને બિછાને પડેલા અગર મરવાની આળસે જીવતા વૃદ્ધ પુરૂષો પણ લગ્ન કરવાની લાલસા રાખે છે, જ્યારે રોગ દીનતા

તથા અશક્તિને લીધે પોતાના જીવનને ભારે મુશ્કેલીથી ઘસડાઈ ઘસડાઈને પુરૂં કરતા હોય છે. ત્યારે એવી દશામાં પણ એવાઓની એ મનોદશા હોય છે કે, "લગ્ન કરીએ." આવી દશામાં પણ આપણા મહારાજશ્રીએ ભરજુવાનીમાં—યૌવનના વિકાસ કાળમાં—પોતાની નવ વધૂના સૌંદર્ય તથા ઐહિક તુચ્છ પ્રેમમાં ન ફસતાં તેનો ત્યાગ કર્યો, એ કેટલું આશ્ચર્યજનક છે? લગ્ન ઉપરાંત તેઓ પોતાની સહધર્મચારિણી સાથે એક પણ વખત સહવાસમાં આવ્યા નથી. વળી દીક્ષા પૂર્વે તથા દીક્ષા પછી પણ તેઓ અખંડ બ્રહ્મચર્ય તથા સંયમથી રહ્યા છે. આવી અવસ્થામાં તેમને બાલ બ્રહ્મચારી કહેવામાં કંઈ અનુચિત નથી. તેઓશ્રીના બ્રહ્મચારી હોવાનું સ્પષ્ટ પ્રમાણ તેમનું શરીર, તેમના મુખની કાન્તિ, તથા તેમની પ્રબળ પરિશ્રમ કરવાની શકિત છે. અત્યારે વૃદ્ધાવસ્થાની સમીપ પહોંચી ગયા હોવા છતાં, આજકાલના નવજુવાનો કરતાં હજાર દરજ્જે બહેતર છે. આપણે જ્યારે એક કલાક માટે પણ ભૂખ્યા રહી શકતા નથી તથા એક દિવસનો ઉપવાસ કરતાં તો નિર્જીવ બની જઈએ છીએ ત્યારે મહારાજશ્રી ઉપવાસ, આંબિલ આદિ કઠિન વ્રતો કરીને હંમેશાં સમાન વેગ તથા પરિશ્રમ પૂર્વક ઉપદેશ વ્યાખ્યાનાદિ આપે છે. તે વખતે પેટપૂર્ણ જમેલા શ્રોતાઓ પણ માત્ર શ્રવણ કરતાં કરતાં કમર તથા ગરદનમાંથી ઝુકી પડે છે.

ચાલુ અવસ્થાની વાત જવા દઈએ, તોપણ તેમની બાલ્યાવસ્થાની કેટલીક ઘટનાઓ ઉલ્લેખનીય છે. પરંતુ સ્થાન સંકુચિતતાને લીધે તે સઘળીનો અત્રે ઉલ્લેખ કરી શકતા નથી. મહારાજશ્રીના જીવનવૃત્તાંત ઉપર એક દૃષ્ટિપાતમાંજ

નહિ, પરંતુ આખા ચરિત્રમાં તેમના સ્વભાવ, વ્યવહાર, કાર્ય અને ધાર્મિક રુચિ તથા સિદ્ધાન્તોની સાથે સાથે તેઓશ્રીના જીવનની મુખ્ય મુખ્ય ઘટનાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યા છે. તેઓશ્રીના જીવનને લક્ષમાં રાખી વિદ્વાન ગ્રંથકાર ચાહે તો ઘણો મહાન ગ્રંથ રચી શકે છે. જો કે આ સમયે તેઓશ્રી વૃદ્ધ છે, છતાં પણ તેઓશ્રીનો ઉત્સાહ જાણે કે યુવાવસ્થામાં હોય એવો છે. આજ એમના બાલ બ્રહ્મચારી હોવાનું પ્રમાણ છે. તેઓશ્રીનું જીવન વિદ્યોપાર્જન તથા ધાર્મિક જ્ઞાન ચર્ચામાં વ્યતીત થયું છે અને થાય છે. આજે જ્યારે નવયુવકોને લગ્ન થતાં વેંતજ તાલાવેલી લાગે છે કે નવવધુ આવશે અને તેની સાથે સુખોપભોગ ભોગવી અમારૂં જીવન સંસારના અનિર્વચનીય સુખોથી ભરપૂર બની જશે, ત્યારે તેજ ૧૭-૧૮ વર્ષની ભરજુવાન વયે આપણા ચરિત્રનાયકે સંસારમાંથી વિરક્તતા ધારણ કરી સાંસારિક ભોગવિલાસની કલ્પના સરખી કરી નહિ. તેમણે લગ્ન કર્યું, તેજ તેમને માટે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનું નિમિત્ત માત્ર છે.

અમને અભિમાન થાય છે કે તેઓશ્રી જેવા વિલક્ષણ પ્રતિભાશાળી વિદ્વાને અમારા મુલકમાં જન્મ ધારણ કરી સામાજીક તથા ધાર્મિક જીવનને ઉન્નત બનાવ્યું છે. પરમ-કૃપાળુ પરમાત્માની કૃપાથી તેઓ દીર્ઘાયુ બની આપણી જાતિ તથા સમાજનું આ પ્રમાણે મુખ ઉજ્જવળ કરતા રહે, એજ અભિલાષા.

# ગ્રન્થ-રચના.

મહારાજશ્રીએ પોતાની અદ્ભુત વકતૃત્વશકિત દ્વારા લોક સેવા તો કરીજ છે, પરંતુ પોતાની કલમ ચલાવીને પણ થોડી ઘણી સેવા કરી છે. આજ પર્યંત તેઓએ નાની મોટી અનેક કૃતીઓ રચી છે, જેમાંનો મોટો ભાગ પદ્યબદ્ધ (કાવ્ય રૂપે) છે. આજ સુધી તેમની કૃતિઓની કુલ આવૃત્તિઓની કુલ ૧૨૦૦૦૦ કરતાં વધારે નકલો બહાર પડી ચૂકી છે. એ કૃતિઓમાંનાં ખાસ અગત્યનાં નામ નીચે આપવામાં આવ્યા છે. તેઓશ્રીનાં કાવ્ય અત્યંત રુચિકર, સરળ, અને મધુર તથા સામાન્ય જનતાને ગ્રહણ કરવા યોગ્ય હોય છે. તેમાં કોઈ પણ સંપ્રદાયનું ખંડન કરવામાં આવ્યું નથી. હિન્દુ તથા મુસલમાનો પણ તેને અત્યંત ભાવથી વાંચે છે. હજુ પણ તેઓશ્રીની ઘણી ખરી કૃતિઓ તો અપ્રકાશિત છે. કાવ્યની દૃષ્ટિથી તેઓશ્રીની હિંદી કવિતાઓ સદોષ હોય એ બનવાજોગ-શકય છે. પરંતુ તેમાંનો મોટો ભાગ છન્દોબદ્ધ હોવાને બદલે ગજલ આદિના જેવો હોય છે. તેમાં ભાષા પણ પ્રચલિત હોય છે. જેમાં વિશેષ કરીને કડી બાંધવાનો વિચાર થાય છે, ત્યાં તેઓ જરા બરાબર સંભાળી લે છે. તેઓશ્રી બહુજ ખુબીપૂર્વક પોતાની કવિતામાં ધાર્મિક ભાવના તથા સમાજ સુધારાની વાતોનો સમાવેશ કરી શકે છે. સાથે સાથે તે ભક્તિભાવ તથા વૈરાગ્ય ભાવથી નીતરતી હોય છે. વાંચવાથી અગર ગ્રહણ કરવાથી પણ ભક્તિ, જ્ઞાન તથા વૈરાગ્ય વિષેના તેમના અગાધ પાંડિત્ય તથા અનુભવનો

સ્પષ્ટ પરિચય થાય છે. પોતાની કૃતિઓમાં તેઓશ્રીએ સ્થળે સ્થળે મનુષ્યજીવનના ઉદ્દેશ તથા કર્તવ્ય ઉપર સારો પ્રકાશ પાડ્યો છે.

| પુસ્તકનું નામ. | કેટલી આવૃત્તિ બહાર પડી. | કુલ કેટલી પ્રતો છપાવી. |
|---|---|---|
| જૈન ગજલ બહાર | ૪ | ૫૦૦૦ |
| જૈન સુખ ચૈન બહાર, ભાગ ૧ | ૪ | ૫૦૦૦ |
| ,, ,, ,, ,, ,, ૨ | ૫ | ૬૦૦૦ |
| ,, ,, ,, ,, ,, ૩ | ૨ | ૩૦૦૦ |
| ,, ,, ,, ,, ,, ૪ | ૧ | ૩૦૦૦ |
| ,, ,, ,, ,, ,, ૫ | ૨ | ૫૦૦૦ |
| સીતા વનવાસ | ૩ | ૫૦૦૦ |
| સ્ત્રી શિક્ષા ભજન સંગ્રહ | ૩ | ૫૦૦૦ |
| સંશય શોધન | ૧ | ૧૦૦૦ |
| લાવણી સંગ્રહ, ભાગ ૧ લો | ૧ | ૨૦૦૦ |
| જ્ઞાનગીત સંગ્રહ | ૨ | ૨૦૦૦ |
| રામ મુદ્રિકા | ૧ | ૨૦૦૦ |
| સીતા વનવાસ (અર્થ સહિત) | ૨ | ૩૦૦૦ |
| જૈન ગજલ ગુલ ચમન બહાર | ૬ | ૧૮૦૦૦ |
| જંબુ ચરિત્ર | ૧ | ૨૦૦૦ |
| હરિશ્ચન્દ્ર ચરિત્ર | ૧ | ૨૦૦૦ |
| ચંપક ચરિત્ર | ૩ | ૫૦૦૦ |
| ધર્મબુદ્ધિ ચરિત્ર | ૧ | ૨૦૦૦ |
| શ્રીપાળ ચરિત્ર | ૩ | ૪૦૦૦ |
| સતી અંજના અને વીર હનુમાન | ૧ | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ભગવાન મહાવીરનો દિવ્ય સંદેશ | ૨ | ૪૦૦૦ |
| ,, ,, ,,(મરાઠી) | ૧ | ૩૦૦૦ |
| પાર્શ્વનાથ ચરિત્ર | ૧ | ૨૦૦૦ |
| પ્રદેશી રાજા ચરિત્ર | ૩ | ૬૦૦૦ |
| અષ્ટાદશ પાપ | ૧ | ૨૦૦૦ |
| અર્હદાસ ચરિત્ર | ૧ | ૨૦૦૦ |
| મહાબલ ચરિત્ર | ૧ | ૨૦૦૦ |
| સુપાર્શ્વ ચરિત્ર | ૧ | ૨૦૦૦ |
| ધન્ન ચરિત્ર | ૨ | ૧૦૦૦ |
| ચતુર્થ રત્નમાલા | ૧ | ૧૦૦૦ |
| ત્રિલોક સુન્દરી | ૧ | ૧૦૦૦ |
| કૃષ્ણ ચરિત્ર | ૧ | ૧૦૦૦ |
| દાસનખા ચરિત્ર | ૧ | ૨૦૦૦ |
| વૈરાગ્ય જૈન સ્તવનાવલી | ૧ | ૬૦૦૦ |
| લઘુ જૈન સુબોધ ગુટકા | ૧ | ૧૦૦૦ |
| મનોહર પુષ્પ | ૧ | ૧૦૦૦ |
| જૈન સુબોધ ગુટકા | ૨ | ૩૦૦૦ |
| હરિબલ ચરિત્ર | ૨ | ૩૦૦૦ |

આમાં "જૈન સુખ ચૈન બહાર ભાગ ત્રીજો" ઉજ્જૈન નિવાસી રાજમાન્ય ખાનસાહેબ શેઠ લુકમાનભાઇ નજરઅલી પોતાનાં તરફથી પ્રકાશિત કરી જનતાને અમૂલ્ય ભેટ કરી ચૂકયા છે. તેઓ જાતે ઇસ્લામ ધર્માનુયાયી છે. પરંતુ મહારાજશ્રીના ઉપદેશ તથા કવિતા ઉપર તેમને અત્યંત પ્રેમ છે. ચરિત્રનાયકજીનો ઉપદેશ શ્રવણ કરી તેઓ પોતાને મહાભાગ્યશાળી માને છે. સીતાવનવાસ દિગ્દર્શિકા (મુળ સીતા

વનવાસ ઉપર મુનિશ્રી પ્યારચંદજી મહારાજે પ્રિય સુબો-
ધિની ટીકા લખી છે.) ને સનાતન ધર્માનુયાયી ઇન્દોર નિવાસી
કુંવરજી રણછોડ નીમાએ પોતાના તરફથી પ્રકાશિત કરી
જનતાને અમૂલ્ય ભેટ કરી છે. તેમણે મહારાજશ્રીનો ઘણો
ઉપદેશ શ્રવણ કર્યો છે, અને તેઓશ્રી ઉપર તેમની અથાગ
શ્રદ્ધા છે. ઇન્દોરમાં ચાતુર્માસ માટેનો સ્વીકાર કરાવવા તેમણે
મુખ્ય ભાગ લીધો હતો તથા ત્યાં જે બકરાઓનો વધ
થતો હતો, તેને ચરિત્રનાયકજીના ઉપદેશથી આર્થિક વ્યય
કરી બચાવ્યા હતા.

# દિનચર્યા.

સૂર્યોદય થતાં તેઓશ્રી વસ્ત્રાવલંકાન (પડીલેહણું) કરી
શૌચાદિ કર્મથી નિવૃત્ત થાય છે. ત્યાર બાદ લગભગ ૨–રાા
કલાક વ્યાખ્યાન આપી, ભોજનાદિથી પરવારી બપોરે શાસ્ત્રા-
વલોકન અથવા તો કાવ્યરચના કરે છે. ત્યાર બાદ થોડા
વખતમાં તેને આટોપી લઇ આગંતુક સજ્જનો સાથે ધાર્મિક
વાર્તાલાપ તથા અન્ય આવશ્યક ચર્ચા, શંકા સમાધાનાદિ
કરે છે. ત્યાર બાદ ચોથા પહોરે વસ્ત્રાવલોકન કરી શૌચાદિથી
નિવૃત્ત થઇ સૂર્યાસ્ત પહેલાં ભોજન કરી પ્રતિક્રમણાદિ કરી.
એક પ્રહર રાત્રિ વીતે તે પહેલાં શ્રાવકોને તાત્વિક જ્ઞાન
ધ્યાન શિખવે છે: અગર કોઇ ધાર્મિક વિષયમાં પરિચિત
કરે છે. ત્યાર બાદ બે પ્રહર રાત્રિ વીતી ગયા બાદ નિદ્રાવશ
થાય છે. ચોથા પ્રહરમાં નિદ્રાને પરહરિ સ્વાધ્યાયાદિ કરી
પરમાત્મ ચિંતવન તથા પ્રતિક્રમણાદિ કરવાને બેસે છે.

# ઉપસંહાર

નદીના પ્રવાહ માફક ધર્મ આરંભકાળમાં સ્વચ્છ તથા પવિત્ર હોય છે. પરંતુ સમયના વહેવા સાથે એ પ્રવાહ અનેક અન્ય ગુણવાળા સહકારી પ્રવાહોના સંગમથી અથવા એમ કહીએ કે એ ધર્મ અનેક પ્રકારના સ્વભાવ તથા ગુણવાળી જાતિઓનો સ્વીકાર કરવાથી ગંદો અથવા મલિન થાય છે. તેની પૂર્વ નિર્મળતા નષ્ટ થાય છે. તેથી તે સમયે તેના કેટલાક મહાન આત્માઓ તે ધર્મને સુધારવાની કોશિશ કરે છે.

એક બીજી વાત, આદર્શ બનવાને માટે તેનું કુટુંબ ધનાઢ્ય હોય એની આવશ્યક્તા નથી. જેટલા સાધુ પુરૂષો, મહાત્માઓ, યોગી–સન્યાસીઓ, સમાજ સુધારકો તથા દેશોદ્ધારકો થયા છે, તેમણે મોટે ભાગે સામાન્ય કુટુંબોમાંજ જન્મ લીધો છે. જે પ્રમાણે તેઓ પોતાના પુરૂષાર્થથી ધીમે ધીમે ઉંચે ચઢયા છે, તેજ પ્રમાણે પ્રત્યેક મનુષ્ય કર્તવ્યપાલન દ્વારા પોતાના જીવનને ઉચ્ચ તથા પવિત્ર બનાવી શકે છે, તથા સમય આવતાં તે પણ મહાત્મા અથવા પરમાત્મા બની શકે છે.

જે લોકો ધનવાન હોય છે, તેમનાં સંતાન મોટે ભાગે આળસુ તથા નિરૂદ્યમી હોય છે એમ માલૂમ પડયું છે. જે લોકોને પોતાના નિર્વાહાર્થે અન્ન, જળ ઢુંઢવા પડે છે, તેઓ તેને લીધેજ પોતાના જીવનના ઉચ્ચતમ આદર્શને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય, તે શીખી જાય છે. પંડિત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરનાં જીવન તરફ દષ્ટિ ફેંકીશું તો માલૂમ પડશે કે તે તેમની બાલ્યાવસ્થામાં જીવન નિર્વાહ કેટલાં કષ્ટોથી

નિભાવતા, પરંતુ તેજ કષ્ટોએ તેમનું તેમના ભાવી જીવન માટેનું ઘડતર ઘડયું. વિદ્યાસાગરે જેટલી સમાજસેવા તથા દેશસેવા કરી છે તે અત્યંત મહત્ત્વાપૂર્ણ છે. મહાત્મા ગોખલે, સ્વર્ગીય દાદાભાઇ નૌરોજી આદિ જે જે દેશના પૂજ્ય નેતાઓ થઇ ગયા છે, તે સઘળા મોટે ભાગે નિર્ધન હતા. તો પછી આપણા ચરિત્રનાયકે એક સાધારણ કુટુંબમાં જન્મ ધારણ કરી, પોતાના જીવનને એક ઉચ્ચ આદર્શને અનુરૂપ બનાવવા કાર્ય તત્પરતા દેખાડી, તેમાં આશ્ચર્ય જેવું શું છે? વાસ્તવિક રીતે એમ છે કે નિર્ધનતા દ્વારાજ મનુષ્ય જીવનના પુર્વ આદર્શોને શીઘ્રતા તથા સહેલાઇથી પહોંચી શકે છે.

## પ્રકરણ ૪૩મું.

## બે શબ્દ

**शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजे गजे ।**
**चन्दनं न वने वने, साधवाः न स्थले स्थले ॥**

મારો મિત્ર હોય કે શત્રુ, તે સઘળા સુખી થાય, ગુણવાન બને, દિન પ્રતિદિન તેમનો અભ્યુદય થાય, તથા સદ્‌બુદ્ધિની પ્રેરણાથી તે સન્માર્ગમાં પ્રવૃત્ત રહે, તેમનાં દુઃખો દૂર થાય અને સર્વત્ર સુખ તથા ગુણોનો પ્રચાર તેમની દૃષ્ટિએ પડે. વિશેષ શું ? જગતમાં સંપૂર્ણ સુખ તથા શાન્તિનું સામ્રાજ્ય સ્થાપિત થાવ.

જેમણે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોને ધારણ કર્યાં છે, જે અહર્નિશ પ્રભુ અથવા આત્માનું ધ્યાન ધરી, મનથી એકાગ્ર બની સમાધિમાં લીન રહે છે, સંસારના પ્રપંચી વ્યવહારોને જેમણે તિલાંજલી અર્પી છે, તે જાતે સંસારમાં તરી જાય છે તથા બીજાઓને તરાવે છે. તે સ્વયં શાન્તિ–સુધાનું પાન કરે છે અને બીજાને કરાવે છે. આવા સંતપુરૂષો તથા મુનિઓને ધન્ય છે.



ચરિત્રનાયકના યુરોપીઅન ભકત મી. એફ. જી. ટેલર સાહેબ, નીમચ કેન્ટ (માલવા)

(પરિચય માટે જુઓ પ્રકરણ ર૩મું.)

A 7425—Lakshmi Art, Bombay, 8.

જેને ધર્મપર અટલ શ્રદ્ધા છે, જેણે શ્રાવકોનાં બાર વ્રતનો અંગીકાર કર્યો છે, કુટુંબ પાલન માટે વ્યવસાય કરતો હોવા છતાં પણ જે અન્યાય અથવા અનીતિ દ્વારા એક રાતિ પાઈ પણ પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવતો નથી, એવા શ્રાવકને ધન્ય છે.

જે ન્યાયથી ઉપજાવેલી સંપત્તિને ખાડામાં દાટતો નથી અગર ખજાનામાં ભરી રાખતો નથી, પણ તેનો સદુપયોગ કરે છે, એટલે કે સન્માર્ગે વ્યય કરે છે, જગતને દેખાડવા માટે નહિ પરંતુ કોઇ પણ ન જાણે એ રીતે જે ગુપ્તરીતિથી દાનાદિ કરી પુણ્યનો સંચય કરે છે, દીન દુઃખીઓને તથા અપંગ પાંગળાંને યથેષ્ટ સહાયતા કરી તેમનાં દુઃખનું નિવારણ કરે છે, એવા ઉદાર દાતાર પણ આ જગતમાં ધન્યવાદને પાત્ર છે.

જે સઘળાની સાથે ભ્રાતૃભાવ રાખે છે, સત્પુરૂષોએ દર્શાવેલા નીતિમાર્ગનું જે કદાપિ ઉલ્લંઘન કરતો નથી, જે પોતાના કુળના રીતરિવાજ તથા ધર્મનું યથાવિધિ પાલન કરે છે, જે ડગલે અને પગલે અધર્મ તથા અનીતિનો ભય રાખે છે, આવા સન્માર્ગગામી પુરૂષો જેઓ ધાર્મિક ગ્રંથોમાં વર્ણિત માર્ગાનુસારી ૨૧ ગુણોથી યુક્ત છે, તેમને પણ ધન્ય છે.

મનુષ્ય જન્મ વારંવાર પ્રાપ્ત થતો નથી. પારાવાર પુણ્યના ઉદય પછી આ રત્નચિંતામણી હાથ લાગે છે. તેનો સન્માર્ગે ઉપયોગ કરવો, એ બુદ્ધિમાનોનું કર્તવ્ય છે. જેમ અનાદિ કાળથી સૂર્યનો ઉદય તથા અસ્ત થયા કરે છે, તેમ આ જીવાત્મા પણ અનાદિ કાળથી સંસાર—ચક્રમાં જન્મ તથા મૃત્યુને પામ્યા કરે છે. પરંતુ એક વખત એવું મૃત્યુ થવું જોઇએ,

જેથી ફરીથી મૃત્યુ થવાનો સમય કદાપિ આવે નહિ. વળી આ વાત પણ નિર્વિવાદ છે કે જીવ એકલો આવ્યો હતો અને એકલો ચાલ્યો જવાનો છે. માતા, પિતા, પુત્ર, પત્ની, તથા આખું કુટુંબ પક્ષીઓના ટોળાની માફક એકત્ર થયું છે. જ્યારે પોતપોતાનો સમય ભરાઇ ચૂકશે, ત્યારે એક પછી એક એમ ચાલ્યાં જશે. આમ છે તો પછી કોના ઉપર મોહ રાખવો? અને કોના ઉપર ના રાખવો? પાણીના પ્રવાહની માફક આયુષ્ય અત્યંત શીઘ્રતાથી વહી જાય છે. મનુષ્ય માને છે કે હું મોટો થાઉં છું. પરંતુ એ જાણતો નથી કે તેનું આયુષ્ય ઓછું થતું જાય છે. "**शरीरम् व्याधि मन्दिरम्**" શરીર રોગો અને વ્યાધિનું નિવાસ સ્થાન છે. આવી પ્રત્યક્ષ દેખાતી કાયાની માયામાં મોહ રાખવો એ નરી અજ્ઞાનતા છે. મનુષ્ય અજ્ઞાન દશાને વશવર્તી એમ સમજે છે—માને છે કે આ મારૂં ઘર, આ મારી સ્ત્રી, આ મારો પુત્ર, આ મારી માતા, પરંતુ જો તે તાત્વિક દૃષ્ટિથી વિચાર કરે તો તેને વિદિત થશે કે એ ઘર નથી, પણ કેદખાનું છે. આત્માનું સાચું નિવાસ સ્થાન, સાચી પત્ની, સાચો પુત્ર, સાચી માતા તથા પિતા તો બીજાં છે. આ સાંસારિક મનુષ્યો સાથે જે સંબંધ છે તે માત્ર દુઃખકર છે. જેમ કહેવામાં આવ્યું છે કેઃ— "**स्नेहमूलानिदु खानि**" તેથી જ્યાં સુધી બની શકે ત્યાં સુધી આ સંસારને અસાર સમજી, તથા કુટુંબને સંસારની જડ સમજી, સંસારથી મુકત થઇ પંચ મહાવ્રતોનું પાલન કરવું જોઇએ, તથા યથાશકિત જ્ઞાન, ધ્યાન, તપસ્યાદિ ધર્મક્રિયાઓમાં સમય વ્યતીત કરવો જોઇએ. આ શરીર કયાં સુધી નભશે. તેની ખબર નથી. તેથી શુભ કાર્યો કરવામાં તત્પરતા દર્શાવવામાં આવે એ ઇચ્છવાયોગ્ય છે.

## પ્રકરણ ૪૪ મું

# શિષ્યગણ પરિચય.

**શાંકરલાલજી મહારાજ**:–તે જાતે રજપૂત છે. તેમને પંદર વર્ષની ઉમરે સંવત ૧૯૬૦ના ચૈત્ર વદ ૮ને દિવસે ડુંગરામાં દીક્ષા આપવામાં આવી હતી. તેમનું નિવાસ સ્થાન ઘરિયાવદ મુંગાણા છે. જૈન સિદ્ધાંતો સિવાય કેટલાક જૈનેતર સિદ્ધાંતોનો પણ તેમણે અભ્યાસ કર્યો છે. તેમની વ્યાખ્યાન-શૈલી ચિત્તાકર્ષક છે. સંસ્કૃતમાં સારસ્વત, ચંદ્રિકા, લઘુ કૌમુદી, સિદ્ધાન્ત કૌમુદી, વાગ્ભટ્ટાલંકાર, નેમનિર્વાણ તથા અન્ય કાવ્યાદિનો પણ તેમણે અભ્યાસ કર્યો છે. તેમના લેખ તથા કાવ્યો સાંપ્રદાયિક સંસ્કૃત તથા હિંદી પત્રોમાં અવારનવાર પ્રગટ થાય છે. તેમની વિદ્વતાને અંગે તેમને "પંડિત"ની ઉપાધિથી નવાજવામાં આવ્યા છે. હિંદીમાં તેમણે કેટલાક ગ્રંથો રચ્યા છે. તેમાંનો "મુખ વસ્ત્રિકા નિર્ણય" નામનો એક પદ્યાત્મક ગ્રંથ પ્રકાશિત થઇ ગયો છે. તથા બીજો ગદ્યાત્મક "મુખ વસ્ત્રિકઃ નિર્ણય" જે અપ્રકાશિત છે. તે લગભગ ૫૦૦ પૃષ્ઠનો દળદાર ગ્રન્થ છે.

**કજોડીમલજી મહારાજ:**—જાતિના ઓસવાલ બહુતરે. તેમને સંવત ૧૯૬૩ના માગશરમાં ૨૫ વર્ષની ઉમરે મન્દસોર નગરમાં દીક્ષા આપવામાં આવી. તેમનું નિવાસસ્થાન મણાસા (ઈન્દોર સ્ટેટ) હતું. તે જૈન સિદ્ધાંત તથા દ્રવ્યાનુયોગના જ્ઞાતા હતા.

**કિશનલાલજી મહારાજ:**—તેમની જન્મભૂમિ ઉદયપુર અને તે જાતે બ્રાહ્મણ હતા. સંવત ૧૯૬૮ના ભાદ્રપદ સુદી ૫ ને દિવસે પચીસ વર્ષની ઉંમરે તેમને બડી સાદડીમાં દીક્ષા આપવામાં આવી હતી. તે વિદ્યાજિજ્ઞાસુ હતા.

**છગનલાલજી મહારાજ:**—તે જાતે વીસા પોરવાડ છે. તેમનું નિવાસ સ્થાન મન્દસોર છે. સંવત ૧૯૬૬ના માર્ગશીર્ષ સુદ ૧૦ને દિવસે ચૌદ વર્ષની વયે તેમને કરજુમાં દીક્ષા આપવામાં આવી. તેમને જૈન સિદ્ધાંતનો સારો અભ્યાસ કર્યો છે. આ ઉપરાંત તે જૈનેતર સિદ્ધાંતના પણ જાણકાર છે. સંસ્કૃતમાં લઘુ કૌમુદી, સિદ્ધાન્ત કૌમુદી, તર્ક ન્યાય દીપિકા, વાગ્ભટ્ટાલંકાર, નેમિનિર્વાણ તથા મેઘદૂત આદિ કાવ્યોના જ્ઞાતા છે. તે મનોહર વ્યાખ્યાન આપે છે, તેમના ઉચ્ચાર ઘણા શુદ્ધ તથા સ્પષ્ટ હોય છે. સંસ્કૃત તથા હિંદી ભાષાનાં આધુનિક વર્તમાન પત્રોમાં તેઓશ્રીના લેખાદિ પ્રગટ થયા કરે છે.

**ચંપાલાલજી મહારાજ:**—તેમની જન્મભૂમિ તાલ અને ન્યાતે ઓસવાળ છે. સંવત ૧૯૬૮ના કાર્તિક વદ ૪ને દિવસે ૧૮ વર્ષની વયે તેમને રતલામમાં દીક્ષા આપવામાં આવી. તેમને જૈન સિદ્ધાંતનો સાધારણ અભ્યાસ છે, તથા કવિતા બનાવવાનો પણ શોખ છે. તેમનાં લખેલાં

કાવ્યો વારંવાર ધાર્મિક પત્રોમાં પ્રગટ થાય છે. તે વિદ્યા જિજ્ઞાસુ તથા વ્યાખ્યાનકાર છે. શ્રી પૃથ્વીરાજજી મહારાજે (ચરિત્રનાયકના શિષ્ય) "અષ્ટાદશ નાતા દિગ્દર્શન" નામે જે ગ્રંથ રચ્યો છે, તેમાં તેમણે પણ થોડી ઘણી સહાયતા કરી છે.

**પ્યારચંદજી મહારાજઃ**—તે રતલામના વતની ન્યાતે બહુતરે ઓસવાળ છે. સંવત ૧૯૬૮ના ફાગણ સુદ ૫ને દિવસે સત્તર વર્ષની ઉમરે તેમને ચિતોડગઢમાં દીક્ષા આપવામાં આવી. તેમને જૈન સિદ્ધાન્ત, દ્રવ્યાનુયોગ તથા સાથે સાથે અજૈન સિદ્ધાંતોનો પણ અભ્યાસ છે. સંસ્કૃતમાં તેમણે લઘુ કૌમુદી અને સિદ્ધાંત કૌમુદી, કોષ ગ્રંથોમાં અમરકોષ તથા હેમનામમાલાનો, તર્કશાસ્ત્રમાં તર્ક સંગ્રહ તથા ન્યાય દીપિકાનો, કાવ્ય ગ્રંથોમાં નેમિનિર્વાણ અને મેઘદૂતનો પિંગળ ગ્રન્થોમાં શ્રુતબોધ આદિનો તથા શ્રૃંગારમાં વાગ્ભટ્ટાલંકાર આદિનો અભ્યાસ કર્યો છે. સંસ્કૃત તથા હિંદી ભાષામાં તેમના રચેલા શ્લોક તથા લેખો પણ પ્રગટ થયા કરે છે. પ્રાકૃત ભાષાનું પણ તેમને વ્યાકરણ સહિત સારૂ જ્ઞાન છે. વળી તેમને ગ્રંથ રચનાનો પણ શોખ છે. હિંદી સાહિત્યમાં પણ તેમણે પગસંચાર કર્યો છે. તેમણે રચેલાં પુસ્તકોનાં નામ આ રહ્યાં:—

"ગુરૂ ગુણ મહિમા" (હિંદી) આ પુસ્તકની આજ પર્યંત આઠ આવૃત્તિઓ બહાર પડી, દશ હજાર નકલો નીકળી ચૂકી છે.

"મહાવીર સ્તોત્ર" (હિંદી)" આ સ્તોત્રનો તેમણે પ્રાકૃતમાંથી સંસ્કૃતમાં અનુવાદ, શબ્દાર્થ, ભાવાર્થ તથા અન્વયાર્થ કર્યો છે. તેની બે હજાર પ્રતો બહાર પડી છે.

"સીતા વનવાસ ઔર રામ મુદ્રિકા" (હિંદી) આ બંને પુસ્તકોની તેમણે અત્યંત રમુજી તથા સુબોધક ટીકા લખી છે આ ઉપરાંત નીચે જણાવેલા ગ્રંથોનું તેમણે પ્રાકૃતમાં સંશોધન કર્યું છે, તે સઘળાની એક એક હજાર નકલો બહાર પડી ચુકી છે.

(૧) દશવૈકાલિક સૂત્ર.
(૨) સુખ વિપાક.
(૩) નમીરાયજી.
(૪) પુચ્છીસુણા.

તેમની વ્યાખ્યાન શૈલી પણ પ્રશંસનીય છે. જે વિષયને તેઓ હાથ ધરે છે, તેને અત્યંત ખૂબીપૂર્વક સમાપ્ત કરે છે. તેમની ગુરૂભક્તિ, મળતાવડાપણું, સજ્જનતા તથા મૃદુભાષિતા પ્રશંસનીય છે.

**ભૈરવલાલજી મહારાજ**:—તે ન્યાતે ઓસવાળ સૂરિયા છે. સંવત ૧૯૭૪ના જ્યેષ્ટ માસમાં ૨૫ વર્ષની ઉંમરે તેમને રતલામમાં દીક્ષા આપવામાં આવી. તેમનું જન્મસ્થાન કોસિથલ (મેવાડ) છે. તેમણે જૈન સિદ્ધાંતોનો થોડો ઘણો અભ્યાસ કર્યો છે, અને તે વિદ્યા જિજ્ઞાસુ છે.

**વૃદ્ધિચંદજી મહારાજ**:—તે બડી સાદડી (મેવાડ)ના વતની ન્યાતે ઓસવાળ છે. સંવત ૧૯૭૬ના કાર્તિક વદ ૮ ને દિવસે ૨૩ વર્ષની ઉંમરે તેમને જોધપુરમાં દીક્ષા આપવામાં આવી. તેમણે દ્રવ્યાનુયોગનો અભ્યાસ કર્યો છે. વળી સંગીતના જાણકાર અને વિદ્યા જિજ્ઞાસુ છે.

**નાથુલાલજી મહારાજ**:—તે જાતે વીસા ઓસવાળ છે. તેમનું જન્મસ્થાન જોધપુર છે. તેમને સંવત ૧૯૭૭ના માગશર સુદ પૂર્ણિમાને દિવસે સોળ વર્ષની વયે પેટલાવદમાં દીક્ષા આપી. તે વિદ્યા જિજ્ઞાસુ છે.

**રામલાલજી મહારાજ**:—જ્ઞાતે વીસા ઓસવાળ. તેમનું નિવાસસ્થાન મહામંદિર (જોધપુર) છે. સંવત ૧૯૭૮ના ચૈત્ર સુદ ૧ ને દિવસે ૧૪ વર્ષની ઉંમરે તેમને દીક્ષા આપવામાં આવી. તે વિદ્યા જિજ્ઞાસુ તથા સંગીત કળાના જાણકાર છે.

**સંતોષચંદજી મહારાજ**:—તે જ્ઞાતે વીસા ઓસવાળ છે. તેમનું નિવાસસ્થાન રતલામ છે. સંવત ૧૯૭૮ના આસો વદ ૭ને દિવસે તેમની ૩૩ વર્ષની વયે ઉજ્જૈનમાં તેમને દીક્ષા આપવામાં આવી. તેઓ વિદ્યા જિજ્ઞાસુ તથા વ્યાવચ્ચી (ફરમાબરદાર) છે.

**નંદલાલજી મહારાજ**:—તે ઇન્દોરના વતની જાતિના ભટેવરા છે. સંવત ૧૯૭૯ની કાર્તિક સુદ ૭ને દિવસે તેમને ૨૪ વર્ષની વયે દીક્ષા આપી. તે વિદ્યા જિજ્ઞાસુ છે.

**રતનલાલજી મહારાજ**:—તેમનું જન્મસ્થાન મન્દસૌર છે. તે જ્ઞાતે વીસા પોરવાડ છે. સંવત ૧૯૮૦ના ચૈત્ર સુદ ૧૩ને દિવસે તેમને ૪૫ વર્ષની પાકટ વયે ભીલવાડામાં દીક્ષા આપી. તે વિદ્યા જિજ્ઞાસુ છે.

**કેસરીચંદજી મહારાજ**:—તે જ્ઞાતે ઓસવાળ છે. તેમની જન્મભૂમિ કોસિથલ (મેવાડ) છે. સંવત ૧૯૮૧ના ફાલ્ગુન સુદ ૩ને દિવસે ૧૧ વર્ષની ઉંમરે તેમને બ્યાવરમાં દીક્ષા આપી.

**વકતાવરમલજી મહારાજઃ**—તે જ્ઞાતે ઓસવાલ છે. તેમનું નિવાસસ્થાન કોસિથલ (મેવાડ) છે. સંવત ૧૯૮૧ના ફાલ્ગુન સુદ ૩ને દિવસે ૯ાા વર્ષની વયે તેમને બ્યાવરમાં દીક્ષા આપી.

**તપસ્વીજી વિજયરાજજી મ૦**—બરાડ દેશના રહેવાસી ઓસવાલ જ્ઞાતિના છે. સં. ૧૯૮૪માં કાર્તિક મહિનામાં ૩૫ વર્ષની ઉમ્મરે નાથદ્વારામાં દીક્ષા અંગીકાર કરી. વિદ્યા જીજ્ઞાસુ તેમજ તપશ્ચર્યા રત રહે છે.

**મોહનલાલજી મ૦**—નીમચના રહેવાસી ઓસવાલ જ્ઞાતિના છે. ૧૧ વર્ષની ઉમ્મરે સંવત ૧૯૮૪ની સાલમાં સાદડી (મારવાડ)માં દીક્ષા લીધી. વિદ્યા જીજ્ઞાસુ છે.

**સોહનલાલજી મ૦**—નીમચના રહેવાસી ઓસવાલ જ્ઞાતિના છે. ૯ વર્ષની ઉમ્મરે સંવત ૧૯૮૪ની સાલમાં સાદડી (મારવાડ)માં દીક્ષા લીધી. વિદ્યા જીજ્ઞાસુ છે.

**હુકમીચંદજી મ૦**—ઉદેપુરના રહેવાસી બ્રાહ્મણ છે. ૧૮ વર્ષની ઉમ્મરે સંવત ૧૯૮૪માં જવાલી ગામમાં દીક્ષા લીધી. વિદ્યા જીજ્ઞાસુ છે.

ઉપરમાં મ. શ્રી છગનલાલજી તથા મગનલાલજી, મ. શ્રી નાથુલાલજી તથા રામલાલજી અને મ. શ્રી કેવલચંદજી તથા વક્તાવરમલજી સગા ભાઇ છે.

# પૌત્ર શિષ્ય.

**મગનમલજી મહારાજઃ**—પોરવાડ જાતિના છે. તેમની જન્મભૂમિ ઈન્દોર છે. સંવત ૧૯૭૮ના આશ્વિન વદ ૭ને દિવસે ૧૪ વર્ષની વયે તેમને ઉજ્જૈનમાં દીક્ષા આપી.

**રાજમલજી મહારાજઃ**—તે વીસા ઓસવાળ જ્ઞાતિના છે. તેમનું વતન જૂનિયાં (અજમેર) છે. સંવત ૧૯૮૦ના ચૈત્ર સુદ ૧૩ને દિવસે ૩૨ વર્ષની વયે ભીલવાડામાં તેમને દીક્ષા આપી. તે ભારે વિદ્યા જિજ્ઞાસુ છે.

નોંધ:-ઉપરોક્ત શિષ્યગણમાં છગનલાલજી તથા મગનલાલજી બેઉ ભાઈઓ છે, વળી નાથૂલાલજી તથા રામલાલજી પણ સગા ભાઈ છે, તથા કેવલચંદજી મહારાજ અને વક્તાવરમલજી મહારાજ પણ સગા ભાઈઓ છે. તથા મોહનલાલજી અને સોહનલાલજી પણ સગા ભાઈઓ છે.

# પરિશિષ્ટ

## પ્રકરણ ૧લું.

## પ્રશસ્તિના શ્લોકો તથા કાવ્યો.

( शिखरिणी वृत्त. )

शुभे वर्षे सिंधु-त्रि-निधि-कु-मिते विक्रमरवे-
स्त्रयोदश्यामूर्जेऽधृत सितदले जन्म किल यः ।
चतुर्थाभिख्योऽयं मुनिरिह चतुर्थे सतियुगे,
चतुर्थस्य द्वारं विघटयतु वर्गस्य भविनाम् ॥१॥

જેમણે વિક્રમ સંવત ૧૯૩૪ના કાર્તિક સુદ ૧૩ને શુભ દિને જન્મ લીધો, તે ચતુર્થ મુનિ (ચોથમલજી) આ ચોથા યુગમાં (કલિયુગમાં) સંસારીઓને માટે ચોથા વર્ગનાં ( મોક્ષનાં ) દ્વાર ઉઘાડો. ॥ ૧ ॥

गिरं हिन्दीं बाल्ये वयसि यवनानामपि लिपिम
पठित्वेंग्लिशी यो समजनि च पारस्य च कणाः ।
अनेकाभिर्भाषाभिरिति हि तदा य परिचितोऽ-
प्यरार्जीदेकोक्तिः प्रणमत चतुर्थं मुनिममुम् ॥२॥

જેમણે બાલ્યાવસ્થામાં હિંદી તથા ઉર્દૂનો અભ્યાસ કરી, આગળ ઉપર અંગ્રેજી તથા ફારસી ભાષાઓનું જ્ઞાન સંપાદન

કર્યું. અને આ પ્રમાણે અનેક ભાષાઓનો અભ્યાસ કરી જ્ઞાન મેળવ્યું હોવા છતાં પણ જે અનેક વચની નથી, જે પોતાના વચનને ફેરવતા નથી, એવા ગુણોથી સુશોભિત ચતુર્થ મલજી મુનિને પ્રણામ હો. ॥ ૨ ॥

कृतोत्कर्षे वर्षे निजजननतः षोडश इतेऽ-
वहद्धन्यां कन्यां सलिलनिधिकन्यामिव पराम् ।
उपेतायामष्टादशशरदि तुर्ये युग इह
जयंस्तुर्यो मल्लः स्मरमपि यथार्थाख्यमकरोत ॥३॥

પોતાના જન્મ પછી અભ્યુદયના સમયરૂપી સોળમા વર્ષમાં પ્રવેશ કરતાં બીજી લક્ષ્મી સમી એક ધન્ય કન્યા સાથે લગ્ન કર્યું; અને અઢારમા વર્ષમાં પ્રવેશ કરતાં તો આ કળિકાળમાં કામદેવને પરાજિત કરી, તેમણે તે સ્મર (કામદેવ) ને તેના અભિધાન અનુરૂપ બનાવ્યો, અર્થાત् स्मरतीति स्मरः કામદેવને પોતાનું સ્મરણ કરનારો બનાવ્યો ॥ ૩ ॥

यथा मैनावत्या व्रत-नियमवत्याऽधिगमितो
मतो गोपीचन्द्रो मृदुवयसि चन्द्रोपमयशाः
तथा बोधं मात्राऽध्यगमि पलमात्राद्रहसि य-
श्चतुर्थोऽयं मल्लो जयति मुनिमल्लेऽत्र भुवने ॥४॥

જે પ્રમાણે વ્રત–નિયમાદિ આચરતી મેનાવતી પાસે શશિ સમ યશસ્વી ગોપીચંદે બોધ ગ્રહણ કર્યો, તે મુજબ એકાન્તમાં જે મુનિરાજે એક ક્ષણ માટે પોતાની પ્રિય માતા પાસેથી બોધ ગ્રહણ કર્યો, એવા શ્રી ચતુર્થમલ મુનિ આ જગતમાં યશસ્વી બન્યા છે. ॥ ૪ ॥

अथाब्दे दग्बाण-ग्रह-कुघटिते विक्रमरवे-
रयं स्त्रीदग्बाण-ग्रह-कुघटितस्तुर्यमुनिराट् ।
तपस्ये संशुद्धे सुविशद-तपस्योन्मुखमति-
स्तृतीयायां दीक्षामधरत तृतीयाश्रमिकवत् ॥५॥

ત્યાર બાદ વિક્રમ સંવત. ૧૯૫૧માં પ્રણય પ્રેમદાનાં કટાક્ષ રૂપી તીરનાં તીવ્ર નિશાનોમાંથી મુક્ત થઇ, આ ચતુર્થ મુનિએ ઉજ્જવલ તપસ્યા કરવાના ઇરાદાથી વાનપ્રસ્થની માફક ફાલ્ગુન સુદ ૩ને દિવસે દીક્ષા લીધી. ॥ ૫ ॥

गुरूर्हीरालालान्यम-नियमपालान्परिचर
श्चरन्ध्यानं ज्ञानं समलभत मानं च मुनिषु ।
यथा मेघो धीरः स्थलमुदधि नीरं च सदशम्
तथाऽसौ व्याख्यानं घटयति समानः सति जडे ॥६॥

યમ તથા નિયમોનું પાલન કરતાં, પોતાના ગુરૂ મુનિશ્રી ૧૦૦૮ શ્રી હીરાલાલજી મહારાજનાં ચરણકમળ સેવતાં, તેમણે જ્ઞાન સંપાદન કર્યું, અને આ પ્રમાણે મુનિઓમાં યશ પ્રાપ્ત કર્યો. જે પ્રમાણે મેઘરાજા જળ-પ્રદેશ તથા સ્થળ પ્રદેશ પર સમાન વૃષ્ટિ કરે છે, તે પ્રમાણે આ મુનિરાજ પણ બુદ્ધિમાન તથા મૂર્ખ પર પોતાના વ્યાખ્યાનનો સમાન પ્રભાવ પાડે છે. ॥ ૬ ॥

यदास्याब्ज-स्यन्नं मधुरिम-प्रपन्नं प्रकटितं,
प्रभावं व्याख्यानं सुमरस-समानं रसयितुम् ।
समुद्भूता संगा नर-नृपति-भृंगा अभिमतान्,
सुरान् संयाचन्ते प्रथमत रमन्ते च तृषिताः ॥७॥

તેઓશ્રીના મુખકમળમાંથી વૃષ્ટિ થતાં પ્રભાવશાળી, સુલલિત વ્યાખ્યાનનું પાન કરવાને સામાન્ય જનતા તથા નૃપતિ

રૂપી ભ્રમરો (જે समुद्भूता समा પહેલાં મઝા લૂંટી ચૂકયા છે) વ્યાખ્યાનની પૂર્વે તથા આખરે પણ તૃષિતજ રહેતાં પોતાના ઇષ્ટદેવને પ્રાર્થના કરે છે કે અમને ફરી પણ આવું સૌભાગ્ય પ્રાપ્ત થાય. ॥ ૭ ॥

प्रभाविव्याख्यानामृतरसनिधानाय दशन-
द्युतिज्योत्स्नाऽभाजे विबुधभसमाजेद्धरुचये।
यदैस्यैणाङ्कायातुलसुखनिकायाय नितरां
सभाचक्षुश्चोरः क्षितिपतिचकोरः स्पृहयति ॥८॥

પ્રભાવશાળી વ્યાખ્યાનરૂપી અમૃતરસના ભંડાર, દંતકળીઓની કાંતિરૂપી ચંદ્રિકાવાળા, વિદ્વાનોરૂપી નક્ષત્રોના સમૂહમાં તેજસ્વિતાથી પ્રકાશનાર, અદ્ભુત સુખના સ્થાન, તેવા તેમના મુખરૂપી ચંદ્રમાને સભાજનોની દૃષ્ટિનું હરણ કરનાર (ચિત્ત ચોરનાર) રાજારૂપી ચકોર પસંદ કરે છે. ॥૮॥

गतामर्षो मर्षेण च जनितहर्षेण सहितः
समायो निर्मायो विदधदसमा योगरचनाः ।
स्वमुक्त्यै यस्तृष्णां दधदपि च तृष्णां परिजह-
श्चतुर्थः सन्मानो मुनिरयममानो विजयते ॥९॥

ક્રોધ રહિત તથા ઉલ્લાસજનક અને ક્ષમાશીલ તથા માયા વિહોણા એવા તે કઠિન યોગનું દર્શન કરાવે છે. તૃષ્ણાનો ત્યાગ કર્યો હોવા છતાં પણ મુક્તિની તૃષ્ણા રાખે છે, અને માન (આદરસત્કાર) પામતા હોવા છતાં જે માન (અભિમાન) રહિત છે, એવા મુનિ ચતુર્થમલજીનો સદાસર્વદા વિજય થાવ ॥૯॥

ભવદીય–
શીઘ્રકવિ પંડિત નિત્યાનંદ શાસ્ત્રી.
જોધપુર (મારવાડ).

( शार्दूलविक्रीडितम् )

धन्येयं वसतिर्नवीननगराख्यातिः पवित्रीकृता
मोहोऽस्तोकतमोऽपसारणकरैस्तीर्थीकृताः साधुभिः
मन्नालाल सुपूज्य विष्टरसभा प्रद्योतकाः साधवो
राजन्ते किल यत्र संप्रति मुनिः श्रीचौथमल्लाभिधाः ॥१॥

મોહરૂપી ઘનઘોર અંધકારને નિર્મૂળ કરનાર, સાધુઓનાં પુનીત પગલાંથી તીર્થરૂપ બનેલા નયાશહેર (બ્યાવર)ની જનતાને ધન્ય છે, કે જે સ્થળે અત્યારે પૂજ્યશ્રી મુન્નાલાલજી મહારાજની ગાદીને દીપાવનાર મુનિશ્રી ચૌથમલજી મહારાજ વિરાજે છે.

धन्या भारतभूरसौ त्रिभुवने देवालयस्पर्धिनी
यस्यां जंगमपारिजातकतरुस्तुर्योपदेशान्ननु ।
यस्यानातपसेविनो विचरतः सौख्यं भवत्यक्षतः
सोऽयं नस्तनुतादभीष्टनिचयं श्रेयः पथं दर्शयन् ॥२॥

ત્રિભુવનમાં આ ભારતભૂમિને ધન્યવાદ છે કે જ્યાં મુનિશ્રી ચૌથમલજી મહારાજ જેવું જંગમ કલ્પવૃક્ષ સુશોભિત છે. આ હરતા ફરતા કલ્પવૃક્ષની મીઠી છાંયડીમાં જે આશ્રય લે છે, તેને અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે. એવા એ કલ્યાણ માર્ગ દર્શાવતા મુનિશ્રી ચૌથમલજી મહારાજ અમારા મનોરથોને પરિપૂર્ણ કર્યા કરો ॥ ૨ ॥

( शिखरिणी वृत्तम् )

अशक्यं स्तोतुं ते निखिलगुणवृन्दं मुनिवरैः
कथंकारं स्तुत्योजलधिगहनः स्वल्पमतिना ।

त्रिलोकीवन्यारां तदपि कृपया पादरजसा,
चतुर्धासंघानां सदसि नुतिलेशं नु विधये ॥३॥

હે મુનિવર! આપના સમસ્ત ગુણાની તારીફ મુનિવરો પણ સર્વાંગ કરી શકતા નથી, તો પછી મારા જેવો એક અલ્પમતિ સમુદ્ર સમાન ગંભીર એવા આપની સ્તુતિ કેવી રીતે કરી શકે? છતાં પણ ત્રિભુવનના વંદનીય મહાત્માઓની ચરણરજની કૃપાથી ચતુર્વિધ સંઘની સભામાં થોડી ઘણી સ્તુતિ કરવાનું અયોગ્ય સાહસ ખેડું છું. ॥૩॥

( उपजाति वृत्तम )

सतीं समृद्धीं परिहाय धीमान्,
सालं क्रियां चित्तविरक्तिभावात् ।
रत्नत्रयालंकृतिभूषितांगः
प्राप्तो हि किं तामविनाशिनी च ॥४॥

જે બુદ્ધિમાન પુરૂષ આંતરિક વિરક્તિને વશવર્તી આભૂષણો સહિતની સારીયે સમૃદ્ધિને શિવ નિર્માલ્ય ગણી ઠોકરે મારી, જ્ઞાન, દર્શન તથા ચારિત્રરૂપી ત્રણ રત્નોથી આભૂષિત થયા, તેમને શું અવિનાશી સમૃદ્ધિ સાંપડશે નહિ? અર્થાત અવશ્ય સાંપડશે. ॥ ૪ ॥

तपःप्रतोदेन जितेन्द्रियाश्वः,
चतुष्कषायेन्धनदाहदावः ।
पञ्चाननः कर्म करींद्रयूथे,
जीव्याच्चिरं श्रीमुनिचौथमल्लः ॥५॥

જેમણે તપરૂપી ચાબુકથી ઇન્દ્રિયો રૂપી થનગનતા અશ્વોને વશ કર્યા છે, જે કષાયોરૂપી કાષ્ઠને પ્રગટાવી દાવાગ્નિની ગરજ સારે છે જે કર્મરૂપી ગજરાજના સમૂહમાં મૃગેન્દ્ર–વનરાજ રૂપે છે, એવા મુનિશ્રી ચોથમલજી મહારાજ સદા સર્વદા સમાજોન્નતિ કરે છે. ॥ ૫ ॥

( तोटकवृत्तम् )

**मुनिराज ! विराजित शांतितनो,**
**समसँघ सरोज विकासरवे !**
**वचनामृत हर्षितसभ्यजन,**
**जय जैनदिवाकर तुर्यमल्ल ! ॥६॥**

જેમના મુખારવિન્દ ઉપર શાન્તિ ઝળહળી રહી છે, જે ચતુર્વિધ સંઘરૂપી કમળ પુષ્પનો વિકાસ કરનાર દિવાકર સમાન છે, જેમણે પોતાનાં બોધવચનો રૂપી અમૃતથી સજ્જનોને તુષ્યમાન કર્યા છે, જ જૈનોમાં સૂર્ય રૂપે છે, એવા શ્રી ચોથમલજી મહારાજનો સર્વદા વિજય થાવ ॥ ૬ ॥

**जिन शासनदत्त विशुद्धमते,**
**भवदीय पदाम्बुजकोषदले।**
**रचना तनुबोध विहारी कृता,**
**निहिता भ्रमरीश्रियमावहताम् ॥७॥**

જૈન શાસનમાં જેમણે પોતાની શુદ્ધ બુદ્ધિને નિરંતર યોજી રાખી છે, એવા હે મુનિશ્રી ચોથમલજી મહારાજ! આપનાં ચરણારવિન્દમાં અર્પણ કરેલી, અલ્પમતિ બિહારીલાલની આ કૃતિ ભ્રમરની શોભાને પામો.

ભવદીય—
શુભાકાંક્ષી દયાસ્પદ,
બિહારીલાલ શર્મા,
બ્યાવર.

### શિખરિણી.

મહામાયા મોહ-સ્મર તિમિર[1]રાશી ભવ-નિશા,
મિટા કે ફૈલાઈ • સુમતિ કિરણેંભી ચહુ[2] દિશા.
તભી હૈં યે સાક્ષાત્ રવિ શમિદમી[3] ચૌથમલ્લજી,
જિન્હોં કે આગે દુર્મતિ-કુમુદિનીને છબી તજી॥૧॥

### મત્તગયન્દ-છન્દ.

દુર્લભ યા નર-દેહધરી મુનિ તાબિચ હી ગુણ શોધ લિયો હૈ,
ઝૂઠ ગિન્યો જગકો મુનિ ભૂષણ. કામ ક્રોધ કો દૂર કિયો હૈ!
આતમ રૂપ કો જાનિ લિયો ઉરમેં ગુરૂજ્ઞાન કો આનિ લિયો હૈ.
સંત શિરોમણી ચૌથમુનીશ્વર, ચૌથયુગીન[4] કો એક દિયો હૈ॥ ૨॥

### સવૈયા

ચોસઠ અર્ધ જિનેશ્વર ભાષિત સૂતર જા ગલબીચ[1] સુહાવે,
થમ્ભ ઇસે જિનશાસન કે "કવિબાલ" કહે વિરલે[2] દગ[3] આવે!
મન્મથજીત[4] મહામુનિ યે નિશિવાસર[5] જ્ઞાન ઘટા ગહરાવે,
લચ્છનવન્ત[6] વિચક્ષણ કે ગુણ ગાવત કો ગુનવન્ત અઘાવે[7].

ભવદીય,
બાલારામ-જોધપુર.
(મારવાડ)

---

૧. અંધકાર ૨ ચારે. ૩. શાન્ત તથા ઇન્દ્રિય દમન કરતાર
કળીયુગવાસીઓ.

૧ કણ્ઠમાં ૨ જવલ્લેજ ૩ નજરે ૪ કામને જીતનાર ૫
રાત્રિ દિવસ ૬ સુલક્ષણુ ૭ સંતોષ થાય.

પ્રકરણ ૨જું.

# સનંદો તથા હુકમનામાં

કેટલાક જાગીરદારો તરફથી મહારાજશ્રીને અભયદાનના પટ્ટા-સનંદો ભેટરૂપે મળ્યાં છે, તે સઘળાં અક્ષરશઃ મૂળ ભાષામાંજ નીચે આપવામાં આવે છે.

નંબર ૧૫૨૧.

માનનીય મહારાજ ચૌથમલજી.

જૈન શ્વેતામ્બર સ્થાનકવાસી કી સેવા મેં.

રાજેશ્રી ઠાકરાં જોરાવરસિંહજી-સાહરંગી, લી૦ પ્રણામ પહુંચે અપરંચ[1] આપ વિહાર કરતે હુવે હમારે ગાંવ સાહરંગી મેં પધારે ઔર ધાર્મિક વ અહિંસા વિષયક આપકે વ્યાખ્યાન સુનને કા મુઝ કો ભી સૌભાગ્ય હુવા. ઇસલીયે મેને ઇલાકે મેં, ચરન્દે[2] વ પરન્દે[3] જાનવરાંન કી જો શીકાર આમ લોગ[4] કિયા કરતેથે ઉનકી રોક કે વાસ્તે ઔર મછલીયાં કી શિકાર ધાર્મિક તીથીયોંમેં ન હોને કી દો સરકયુલર નંબર ૧૫૧૯-૧૫૨૦ જારી કરકે મનાઈ કરદી હૈ. નકલેં ઉનકી ઇસ પત્ર કે જરિયે[5] આપકી સેવામેં ભેજતા હૂં, કારણ કે યેહ આપકે વ્યાખ્યાન કા સૂફલ હૈ. તા૦ ૨૩-૧૨-૨૧ ઈ.

ઠાકરાં સાહરંગી.

॥ શ્રી ॥

સરકુલર ઠિકાનાં સાહરંગી-બા ઇજલાસ[1] રાજે શ્રી ઠાકરાં જોરાવરસિંહજી સાહબ. તારીખ ૨૩–૧૨–૨૧ ઈ.

મહોર છાપ

નકલ મુતાબીક[7] અસલ કે

જો કે ધાર્મિક તીથી એકાદશી, પુનમ, અમાવસ્યા, જન્માષ્ટમી ઔર રામનૌમી ઔર જૈન ધર્માવલંબીયોં કે પજુસનોં મેં પ્રગણે[8] હાજા મેં શીકાર મછલીયોં કી કોઈ શખ્સ[9] નહીં કરે ઇસકા ઇન્તજામ[10] હોના જરૂર લી.

નંબર ૧૫૧૯

હુકમ હુવા કે

મારફત પુલિસ પ્રગણા હાજા મેં ઉન તમામ લોગોં કો જો અકસર શીકાર મછલી કિયા કરતે હૈં મુમાનિયત[11] કરદી જાવે કે ખીલાફ વર્જી[12] કરનેવાલે પર સજા કી જાવેગી ફ. બાદ કાર્રવાઇ[13] અસલ હાજા સામિલ ફાઇલ હો.

તરીખ મજકુર — (સહી) (હિન્દીમાં)

(સહી હીન્દી) બહાદુરસિંહ — ઠાકરાં સાહરંગી

કામદાર સાહરંગી

---

૧. જોગ, ૨. ચોપગાં, ૩. પક્ષીઓ, ૪ જાહેર જનતા, ૫. સાથે ૬. સહી સીક્કા સાથે ૭ તે મુજબ ૮ પરગણું ૯ માણસ ૧૦ બંદોબસ્ત ૧૧ મનાઇ ૧૨ વીરૂદ્ધ વર્તન કરવું ૧૩ કાર્યવાહી.

॥ શ્રી ॥

સરકુલર ઠિકાનાં સાહરંગી–બાઇજલાસ રાજેશ્રી ઠાકરાં જોરાવરસિંહજી સાહબ, તારીખ ૨૩–૧૨–૨૧

મહોર છાપ

નકલ મુતાબીક અસલ કે

જો કે ઠિકાના હાજા કી હદમેં ઐસા કોઇ ઇન્તજામ નહીં હૈ જિસ કી વજહ સે[1] હર શખ્સ શીકાર બેરોકટોક કિયા કરતે હૈં યેહ બેજા[2] હૈ ઇસ લિયે યેહ તરિકા[3] આયંદા જારી રહેનાં મુનાસીબ[4] હૈ લીહાજા.[5]

નંબર. ૧૫૨૦

હુકમ હુવા કે

આજ તારીખ સે પ્રગણે હાજા મેં બિલા[6] મંજૂરી ઠિકાના શિકાર ખેલને કો મુમાંનિયત કી જાતી હે. ઇત્તલા[7] ઇસકી મારફત પુલિસ તમાંમ અવાજેઆત[8] કે ભવઇયાંન[9] યા હવાલદારાંન કે જયેં આમ લોગોં કો કરાદી જાવે કે કોઇ શખ્સ ઇસકી ખીલાફ વર્જી કરેગા વોહ મુસ્તોજીબ[10] સજા કે હોગા. ફકત બાદ કારરવાઇ અસલ હાજા સામીલ ફાઇલ હો.

(સહી હિન્દી) બહાદૂરસિંહ ઠાકરાં સાહરંગી.

કામદાર–સાહરંગી

૧ લીધે; કારણથી. ૨ ગેરકાયદેસર. ૩ રિવાજ; પદ્ધતિ ૪ વાજબી. ૫ વાસ્તે. ૬ વિના ૭ સૂચના. ૮ તપાસ ૯ સિપાઇ વિગેરે. ૧૦ યોગ્ય

## ॥ श्री नर्त गोपालजी ॥

### राजा रंजयति प्रजा :

Banera—Mewar

જૈન મઝહબ[11] કે મુની મહારાજ શ્રી દેવીલાલજી વ શ્રી ચૌથમલજી મહારાજ બનેડા મેં વૈશાખ બદી ૧૧ કો પધારે ઔર શ્રી ઋષભેદવજી મહારાજ કે મન્દિરમેં ઇનકે વ્યાખ્યાન સુનને કા સૌભાગ્ય પ્રાપ્ત હુઆ. આપને નજરબાગ વ મહલોંમેં ભી વ્યાખ્યાન દિયે. આપકે વ્યાખ્યાનોંસે બડા હી આનંન્દ પ્રાપ્ત હુઆ જિસસે મુનાસિબ સમઝ કર પ્રતિજ્ઞા કી જાતી હૈ કિઃ—

૧ પજુષણોંમેં હમ શિકાર નહીં ખેલેંગે.

૨ માદીન[1]જાનવરોંકી શીકાર ઇરાદતન[2] કભી નહીં કરેંગે.

૩ ચૈત સુદી ૧૩ શ્રી મહાવીર સ્વામીજી કા જન્મદિન હોને સે ઉસ દિન તાતીલ[3] રહેગી, તાકિ સબ લોગ મન્દિર[4] મેં સામિલ હોકર વ્યાખ્યાન આદિ

---

૧૧ સંપ્રદાય

૧ માદા-સ્ત્રી. ૨ ઇરાદાપૂર્વક ૩ તહેવાર-છુટ્ટી ૪ બનેડા (મેવાડ) માં જે કોઇ શ્વેતામ્બર સ્થાનકવાસી સાધુ જાય છે, તે ઋષભદેવજીના મંદિરમાં ઉતરે છે. વળી ચાતુર્માસ પણ એજ મંદિરમાં નિવાસસ્થાન રાખીને કરે છે. તેથી વ્યાખ્યાન પણ તેજ મંદિરમાં થાય છે. અને સઘળા શ્રાવકો સામાયિક પ્રતિક્રમણ, દયા, પૌષધ ઇત્યાદિ ત્યાંજ કરે છે. તેથી રાજાસાહેબે શ્રી મહાવીર સ્વામીના જન્મદિવસ તહેવાર તરીકે પાળવાની મહારાજશ્રી પાસે પ્રતિજ્ઞા કરી સઘળા જૈન લોકોને આજ્ઞા કરી કે તે દિવસે સઘળા મંદિરમાં એકત્ર થઇ વ્યાખ્યાન શ્રવણ કરી જ્ઞાન પ્રાપ્ત કરજો.

સુનકર જ્ઞાન પ્રાપ્ત કરે વ નીજ ઉસ રોજ શિકાર બી નહીં ખેલી જાવેગી.

૪ ખાસ બનેડે (મેવાડ) વ મવાજિયાત કે તાલાવોં મેં મછી આડ[1] વગૈરા કી સીકાર બીલા ઈજાજત[2] કોઇ નહીં કરને પાવેગા. લીહાજા

નંબર. ૬૭૪૫

જુમલે સહેનિગાન કો મારફત મહકમે માલ હિદાયત[3] દી જાવે કિ વહ આસામિયાન[4] કો આગાહ[5] કર દેવે કિ તાલાવોં મેં મછી આડ વગૈરા કા શિકાર કોઇ શખસ બિલા ઈજાજત ન કરને પાવે. ખિલાફ ઈસકે અમલ કરે, ઉસ કી બાજાબતા રીપોર્ટ કરે. તાતીલ બાબત હરએક મહકમે જાત મેં ઈત્તલા દી જાવે નીજ ઈસકે જરિયે નકલ હાજા મુનિ મહારાજ કો ભી સુચીત કિયા જાવે. ફક્ત ૧૯૮૦ વૈશાખ સુદી ૨ તા૦ ૬ મઇ સન ૧૯૨૪ ઇ.

દા. રાજા સાહેબના.

॥ श्री रामजी ॥

श्री हींगलाजी

નકલ.

હુકમનામા અજ ઠિકાના કોસીથલ વાકે વૈશાખ સુદી ૧૫ કા જવાનસિંહ ૧૯૮૦.

---

૧ જળકુકડી ૨ પરવાનગી ૩ સૂચના—હુકમ ૪ માણસો ૫ ખબર આપવી.

નંબર ૫૪

## મહોર છાપ

જો કિ અફસર લોગ જાનવરોંકી અપના પેટ ભરને કે લિયે સીકાર ખેલકર જીવહિંસા કે પ્રાશ્ચિત કો પ્રાપ્ત હોતે હૈ ઇસલિયે હુસ્બ ઉપદેશ સાધુજી મહારાજશ્રી ચૌથમલજી સ્વામી કે આજ કી તારીખ સે મહે હુકમનામા ખાસ કોસીથલ વ પટા કોસીથલ કે લીયે જારી કર સબ કો હિદાયત કી જાતી હૈ કિ શિકાર ખેલકર જીવહિંસા કરને સે પૂરા પરહેજ કરેં.[1] અગર કોઈ ખાસ બજહ પેશ[2] આવે તો મન્જૂરી હાસિલ કરે. અગર ઇસકે ખિલાફ કોઈ કરેગા ઔર ઉસકી શિકાયત[3] પેશ આવેગા તો ઉસકે લિયે મુનાસિબ હુકમ દિયા જાવેગા. ઇસ લિયે સબકો લાજિમ હૈ, કિ નિગરાની[4] કરતે રહેં, ઔર કિસી કે લિયે બિલા મન્જૂરી શિકાર ખેલના જાહિર મેં આવે, તો ફૌરન[5] ઇત્તલા કરે. ફકત.

નોંધઃ–હવે પછીની કેટલીક સનંદોનો ગુજરાતી અનુવાદ તથા મૂળ હુકમ મૂળ ભાષામાં અક્ષરશઃ અહીં રજુ કરીએ છીએ.

---

૧ અળગા રહે ૨ કારણસર ૩ ફરિયાદ ૪ બરાબર અમલ કરવો ૫ એકદમ.

શ્રી રામજી

મહોર છાપ
બડી સાદડી

જૈન સંપ્રદાયના મુનિ મહારાજ શ્રી ચોથમલજી જ્યેષ્ઠ વદ ૯ ને દિવસે બડી સાદડીમાં પધાર્યા હતા. કેટલોક વખત તેમનું વ્યાખ્યાન શ્રવણ કરી ઉત્કંઠિત થયા, અને તેથી મહેલમાં પધરાવી વ્યાખ્યાન અપાવ્યું. તેઓશ્રીના ધર્મોત્તેજક પ્રભાવશાળી વ્યાખ્યાનથી અત્યંત આનંદ થયો, તેથી પૂરેપૂરી સમજણ પૂર્વક નીચે મુજબની પ્રતિજ્ઞા કરવામાં આવે છે.

૧. પક્ષીઓનો ઇરાદાપૂર્વક શિકાર કરવામાં આવશે નહિ.
૨. માદા જાનવરોનો પણ ઇચ્છાપૂર્વક શિકાર કરવામાં આવશે નહિ.
૩. તળાવમાં માછલાં જળકુકડી ઇત્યાદી જીવોનો શિકાર ખાસ પરવાના સિવાય કોઇ પણ કરી શકશે નહિ. આને માટે તળાવની પાળ ઉપર એક શિલાલેખ યોગ્ય સ્થળે ઉભો કરવામાં આવશે.

હુકમ નંબર ૧૫૯૪

મુલાજમાન કોતવાળી કો હિદાયત હો કિ તાલાવ મેં કિસી જાનવર કી શિકાર કોઇ કરને ન પાવે. યદિ ઇસ કે ખિલાફ કોઇ શખ્સ કરે તો ફૌરન રિપોર્ટ કરે. આજ કે વ્યાખ્યાન મેં કિતનેક જાગીરદાર હજૂરીયે આદિને હિંસા વગેરેઃ ન કરનેકી પ્રતિજ્ઞા કી હૈ ઉમ્મેદ હૈ વે મુવાફિક પ્રતિજ્ઞા પાબન્દ રહેંગે. નકલ ઇસકી સૂચનાર્થ ચોથમલજી મહારાજ કે પાસ ભેજદી જાવે.

સંવત ૧૯૮૨ જયેષ્ઠ સુદ ૩ તા૦ ૧૩-૬-૧૯૨૬.

# આદર્શ મુનિ



શ્રીમાન રા. રા. ખાનસાહેબ શેઠ લુકમાનભાઇ, ઉજ્જૈન.

(પરિચય માટે જુઓ પ્રકરણ ૩૨મું.)

A 7425—Lakshmi Art, Bombay, 8

॥શ્રી રામજી॥

શ્રી ગોપાલજી

મહોર છાપ
બોહડા

આજ અત્રે જૈન સંપ્રદાયના મહારાજ શ્રી ચોથમલજીએ કૃપા કરી ધાર્મિક વ્યાખ્યાન આપ્યું જેમાં ઇશ્વર સ્મરણ, દયા, સત્ય, ધર્મ, જીવરક્ષા, ન્યાય ઇત્યાદિ વિષયો ચર્ચવામાં આવ્યા હતા. તે અત્યંત પ્રશંસનીય અને હિતકારી હતું તથા સઘળા મનુષ્યોના લાભ માટે સંપુર્ણ પરમાર્થવૃત્તિથી આપવામાં આવ્યું હતું. તેઓશ્રીનો ઉપદેશ સાંભળી પ્રસન્ન ચિત્તે પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે:—

૧ મોટા જાનવરોનો ઈરાદાપૂર્વક શિકાર કરવામાં આવશે નહિ.

૨ નાનાં પક્ષી જેવાં કે ચકલીઓ વિગેરેનો શિકાર અટકાવવામાં આવશે.

૩ મોર, કબૂતર, સફેદ કબૂતર જેને મુસલમાન લોકો મારી નાખે છે, તેમને મારી નાખવા દેવામાં આવશે નહિ.

૪ પર્યુષણ પર્વ તથા શ્રાદ્ધ પક્ષમાં જાહેર રીતે વેચવાને માટે જે બકરા આદિ કાપવામાં આવે છે. તે અટકાવવામાં આવશે.

૫ પર્યુષણ પર્વમાં સઘળી દારૂની ભઠ્ઠીઓ બંધ રાખવામાં આવશે.

સંવત ૧૯૮૨ના જ્યેષ્ઠ સુદ. ૫ મંગળવાર.

(સહી) નાહરસિંહ.

॥ શ્રી રામજી ॥

શ્રી કેરેશ્વરજી

મહોર છાપ

આજે જૈન સંપ્રદાયના મહારાજ ચોથમલજીએ કૃપા કરી અત્રે ધાર્મિક ઉપદેશ કર્યો. પ્રશંસનીય તથા સંપૂર્ણ હિતકારી, તેમજ પૂર્ણ પરમાર્થ વૃત્તિથી સઘળા મનુષ્યોને લાભકારક રીતે કરવામાં આવ્યો હતો. તેઓશ્રીના ઉપદેશથી આનંદિત થઇ પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે:—

૧. નાનાં પક્ષીઓનો શિકાર કરવાની અટકાયત કરવામાં આવશે.

૨. વૈશાખ માસમાં ઇરાદાપૂર્વક સસલાનો શિકાર કરવામાં આવશે નહિ.

૩. માદા જાનવરોનો જાણીબુજીને શિકાર કરવામાં આવશે નહિ.

૪. ગોમતી નદી તથા શ્રી કેરેશ્વર મહાદેવની સમીપમાં શ્રાવણ માસમાં માછલાં પકડવાનું બંધ કરવામાં આવશે.

સંવત ૧૯૮૨ના જ્યેષ્ઠ સુદ ૭ ગુરૂવાર.

(દ૦) જવાનસિંહ.

॥ શ્રી રામજી ॥

## મહોર છાપ

જૈન સંપ્રદાયના મુનિ મહારાજ શ્રી ચૌથમલજીનું આજે હવા મગરીના મહેલમાં વ્યાખ્યાન થયું. જે સાંભળી અત્યંત આનંદ થયો. મહારાજશ્રીએ અહિંસા ધર્મ ઉપર જે ઉપદેશ આપ્યો તે સંપૂર્ણ સાચો તથા વેદસંમત છે. તે સાંભળી આ પ્રમાણે પ્રતિજ્ઞા કરવામાં આવી છે:—

૧. તેઓશ્રીની પધરામણીને દિવસે તથા વિહાર કરી જવાને દિવસે અણુજો–પાખી પાળવામાં આવશે.
૨. પચીસ બકરાને અભયદાન અપાવવામાં આવશે.
૩. અહીંનાં તલાવ તથા નદીમાંથી પરવાના સિવાય જાહેર જનતા માછલાં પકડી શકશે નહિ.
૪. માદા જાનવરોનો જાણીજોઇને શિકાર કરવામાં આવશે નહિ.

આજ પ્રમાણે પક્ષીઓને માટે પણ વર્તવામાં આવશે.

### હુકમ નંબર ૧૫૧૨.

અગતા પલાને ઔર મચ્છિયેં મારને કી રોક કે લીયે કોતવાલીમેં લિખા જાવે. ઔર ૨૫ બકરે અમરિયેં કરાને કે લિયે નાથુલાલજી મોદી કો મુતલા કિયા જાવે. નકલ ઇસકી સૂચનાર્થ ચૌથમલજી મહારાજ કે પાસ ભેજી જાવે. સંવત ૧૯૮૨ના જ્યેષ્ઠ સુદી ૮, તા૦ ૧૮–૬–૧૯૨૬.

॥ શ્રી રામજી ॥

મહોર છાપ
ભિણ્ડર

જૈન સંપ્રદાયના મુનિ મહારાજશ્રી ચોથમલજીની આજરોજ મિતિ જ્યેષ્ઠ વદ પને દિને ભિણ્ડરમાં પધરામણી થતાં ધર્મ તથા અહિંસાના વિષય ઉપર રાજમહેલમાં વ્યાખ્યાન થયું, જેનો સરસ પ્રભાવ પડયો. તે પ્રભાવશાળી વ્યાખ્યાન શ્રવણ કરી મને પુષ્કળ આનંદ થયો અને તેથી પ્રતિજ્ઞા કરૂં છું કે:—

૧ મૃગ તથા નાનાં પક્ષીઓનો શિકાર કરવામાં આવશે નહિ.

૨ આ મહારાજનાં આગમન તથા પ્રસ્થાનના દિવસોએ ભિણ્ડરમાં ખાટકીઓની દુકાનો બંધ રહેશે ઉપરોક્ત પ્રતિજ્ઞાનું બરાબર પાલન કરવામાં આવશે વાસ્તે

હુકમ નંબર ૨૩૪૨.

ખટીકોં કી દુકાનોં કે લિયે મુઆફિક સદર તામીલ બાબત થાનેદાર કો હિદાયત કી જાવે. ઔર નકલ ઇસકી ચોથમલજી મહારાજકે પાસ ભેજી જાવે. સંવત ૧૯૮૨ના જ્યેષ્ઠ વદ ૫. તા૦ ૩૦ જૂન ૧૯૨૬.

॥શ્રી રામજી॥

**મહોર છાપ**

**બંબોરા**

નંબર ૧૩

જૈન સંપ્રદાયના મુનિ મહારાજશ્રી ચોથમલજીનાં દર્શનની અભિલાષા હતી. તેઓ જ્યેષ્ઠ વદી ૯ને દિવસે બંબોરા પધાર્યા અને વદી ૧૦ને રવિવારે મહારાજશ્રી બજારમાં વિરાજવાના હતા. ત્યાં સવારના ૮ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી વ્યાખ્યાન શ્રવણ કર્યું અને તેથી ચિત્ત પ્રફુલ્લિત થયું. એ પ્રભાવશાળી વ્યાખ્યાન સાંભળ્યા પછી હું નીચેની પ્રતિજ્ઞા સ્વસ્થ ચિત્તે કરૂં છું:—

૧. હું મારા હાથથી બકરા તથા પાડા મારીશ નહિ. વળી માછલાં પણ મારીશ નહિ.
૨. પ્રત્યેક એકાદશીને દિવસે મારા ઓરડામાં માંસ રાંધવામાં આવશે નહિ, તથા હું તે ખાઈશ પણ નહિ. વળી તે દિવસે ખાટકીઓ તથા કલાલોની દુકાનો બંધ રાખવામાં આવશે, તથા કુંભકારોની ભઠ્ઠીઓ નહિ સળગાવતાં અણુજો પાળવામાં આવશે.
૩ નદીમાં ભમરદ્દોની નીચેથી ગડુવા સુધી કોઇ પણ માણસ માછલાં પકડશે નહિ.
૪. એકાદશીને દિવસે બંબોરામાં ઉંટપર પોઠ લાદવા દેવામાં આવશે નહિ.
૫. મહારાજશ્રીના બંબોરામાં આગમનને દિવસે તથા પ્રસ્થાનને દિવસે અણુજો પાળવામાં આવશે, તથા

ખાટકીઓ અને કલાલોની દુકાનો બંધ રહેશે અને કુંભારો ભટ્ઠીઓ સળગાવશે નહિ. ઇત્યાદી.

૬. સાત બકરાને જીવતદાન આપવામાં આવશે.

ઉપર લખ્યા પ્રમાણેની પ્રતિજ્ઞા કરવામાં આવી છે. તથા મારે ત્યાંના કેટલાક સરદારો વિગેરેએ પણ પ્રતિજ્ઞા કરી છે, જેની યાદી તેમના તરફથી અલગ ભેટ સ્વરૂપે આપવામાં આવીછે. ઇતિ શુભમ્. સંવત ૧૯૮૨ જ્યેષ્ઠ વદ ૧૦.

॥ શ્રી રામજી ॥

॥શ્રી એકલિંગજી॥ મહોર છાપ કુરાવડ.

જૈન સંપ્રદાયના શ્રીમાન મહારાજશ્રી ચોથમલજીનાં કુરાવડના રાજમહેલમાં મનુષ્ય જન્મને માટે લાભદાયક અહિંસા, પરોપકાર, ક્ષમા આદિ વિષયો ઉપર બે દિવસ હૃદયગ્રાહી વ્યાખ્યાન થયાં, જેના પ્રભાવથી ચિત્ત દ્રવીભૂત થતાં નીચે લખેલી પ્રતિજ્ઞા કરવામાં આવે છેઃ—

૧. કુરાવડમાં નદી તથા તળાવમાંના જળચર પ્રાણીઓની હિંસાની અટકાયત કરવામાં આવશે.

૨. મહારાજશ્રીના શુભાગમનને દિવસે તથા પ્રસ્થાનને દિવસે અત્રે જીવહિંસાનો અગુજો પાળવામાં આવશે.

૩. માદા જાનવરોને ઇરાદાપૂર્વક મારવામાં આવશે નહિ.

૪. પક્ષીઓમાં સાત જાતનાં પક્ષીઓ સિવાયનાં બીજાની હિંસા કરવામાં આવશે નહિ. એ સાતની ગણત્રી આ પ્રમાણે થશે. અવસર પ્રમાણે તેની ગણત્રી કરવામાં આવશે.

૫. શ્રાવણ વદ ૮ થી ભાદરવા સુદ પૂર્ણિમાં સુધી ખાટકીઓની દુકાનો બંધ રહેશે.

૬. શ્રાદ્ધ પક્ષમાં પહેલેથીજ અણુજો પાળવામાં આવે છે, તે તે પ્રમાણેજ ચાલુ રહેશે. અને તેમાં સર્વ પ્રકારની હિંસા તથા ખાટકીઓની દુકાનો બંધ રહેશે.

૭. પ્રત્યેક માસની બે એકાદશી, અમાવાસ્યા, તથા પૂર્ણિમાને દિવસે પહેલેથીજ હંમેશાં અણુજો પાળવામાં આવે છે, તે મુજબ ચાલુ રહેશે અને કસાઇઓના હાટ બિલકુલ બંધ રહેશે.

૮. નવરાત્રીમાં આશ્વિન સુદિ બીજને દિવસે હરસાલ જે માતાજી સમક્ષ જે બલિદાન આપવામાં આવે છે, તે આપવામાં આવશે નહિ, અને તે બકરાને જીવતદાન આપવામાં આવશે.

૯. દર વર્ષે નવરાત્રિમાં હંમેશાં એક પાડાનું બલિદાન આપવામાં આવે છે તે અટકાવવામાં આવશે.

૧૦. નવરાત્રિમાં માતાજી કરણીજી પાંગલીજીને પાડો ચઢાવવામાં આવશે નહિ.

૧૧. દશ બકરાને જીવતદાન આપવામાં આવશે.

ઉપર લખ્યા મુજબનો અમલ બરાબર થાય એ આવશ્યક જણાશે.

હુકમ નંબર ૨૬૩.

નકલ ઇસ કી તાલિમન કોતવાલીમેં ભેજી જાવે. દૂસરી નકલ મહારાજ ચૌથમલજીકે પાસ સુચનાર્થ ભેજી જાવે. દૂસરે સરદાર વગૈરોંને ભી બહુત સી પ્રતિજ્ઞા કી હૈં, ઉસકી ફેહરિસ્ત અલગ હૈ. સંવત ૧૯૮૨ના અષાઢ કૃષ્ણા. ૧૪.

નોંધ:–ઉપરના ગુજરાતી અનુવાદથી વાંચકોને સનંદોનો સંપૂર્ણ ખ્યાલ આવી ગયો હશે, તેથી હવે પછીની સઘળી મૂળ ભાષામાંજ કોઈપણ જાતનો ફેરફાર કર્યા સિવાય અક્ષરશઃ આપીએ છીએ.

॥ શ્રી રામજી ॥

॥શ્રી એકલિંગજી॥ રાવતજી સાહેબના હસ્તાક્ષર અંગ્રેજી લિપિમાં.

મહોર છાપ
બાઠરડા

Batera,
Udaipur
(Rajputana)

સ્વસ્તિ શ્રી રાજસ્થાન બાઠરડા શુભસ્થાને રાવતજી શ્રી દલીપસિંહજી વંચનાત જૈન સાધુમાર્ગી ૨૨ સંપ્રદાય કે પ્રસિદ્ધ વક્તા સ્વામી શ્રી ચૌથમલજી મહારાજ કા શુભાગમન યહાં અષાઢ વદી ૩૦ કો હુઆ. યહાં કી જનતા કો આપ કે ધર્મ વિષયક વ્યાખ્યાનોં કે શ્રવણ કરનેકા લાભ પ્રાપ્ત હુઆ. આપકા વ્યાખ્યાન રાજદ્વારમેં ભી હુઆ. આપને અપને વ્યાખ્યાનમેં મનુષ્ય જન્મ કી દુર્લભતા, આર્ય દેશમેં સત્કુલમેં જન્મ, પૂર્ણાયુ, સર્વાંગ સમ્પન્ન હોને કે કારણ-

ભૂત ધર્મ્માચરણ કો બતા કર ધર્મ કે અંગ સ્વરૂપ ક્ષમા, દયા, અહિંસા, પરોપકાર, ઇન્દ્રિયનિગ્રહ, બ્રહ્મચર્ય, સત્ય, તપ, ઇશ્વર સ્મરણ, ભજન આદિ સદાચાર કા વિશદ રૂપ સે વર્ણન કરકે ઇનકો ગ્રહણ કરને એવં અધોગતિ કો લે જાને વાલે હિંસા, ક્રોધ, વ્યભિચાર, મિથ્યા ભાષણ, પર-હાની, વિષયપરાયણતા, આદિ દુરાચારોં કે યથાશક્ય ત્યાગને કા પ્રભાવોત્પાદક ઉપદેશ કિયા જો કિ સનાતન વૈદિક. ધર્મ કે હી અનુકૂલ હૈ. આપકે વ્યાખ્યાન સાર્વદેશિક, સાર્વજનિક, સર્વધર્મ્મ સમ્મત, કિસી પ્રકારકે આક્ષેપોં રહિત હુવા કરતે હૈ. યહાં સે આપ કે ભેટ સ્વરૂપ નિમ્ન લિખિત કર્તવ્ય પાલન કરનેકી પ્રતિજ્ઞાએં કી જાતી હૈ:—

૧. હિંસા કે નિષેધમેં :—

(૧) નારી જાનવર કી આખેટ ઇચ્છાપૂર્વક નહીં કી જાયગી.

(૨) પટપડ કા માંસ ભક્ષણ નહીં કિયા જાયગા.

(૩) મોર, કબૂતર આદિ પક્ષીઓં કે શિકાર પ્રાયઃ મુસ-લમાન લોગ કરતે હૈં, ઉનકો રોક કરા દી જાયગી.

(૪) નવરાત્રિ દશહરે પર જો ચૌગાન્યા વા માતાજી કે બલિદાન કે લિયે પાડે વધ કિયે જાતે હૈં વે અબ નહીં કિયે જાયેંગે.

(૫) તાલાવ કૂલસાગર મેં આડેં નહીં મારી જાયેંગી.

૨. નિમ્નલિખિત તિથિયોં તથા પર્વોં પર અગતે રખાયે જાયેંગે, યાને ખટીકોં કી દુકાનેં, કલાલોંકી દુકાનેં, તલિયોં કી ઘાણિયેં, હલવાઇઓં કી દુકાનેં, કુમ્હારોં કે આવે આદિ બન્દ રહેંગે.

(૧) પ્રત્યેક માસ મેં દોનોં એકાદશી, પૂર્ણિમા કા દિન.
(૨) વિશેષ પર્વો પર જન્મ અષ્ટમી, રામનવમી, શિવરાત્રિ, વસન્ત પંચમી, ચૈત્ર સુદિ ૧૩, જ્યેષ્ઠ વદિ ૫.
(૩) શ્રાદ્ધપક્ષમેં.
(૪) સ્વામી શ્રી ચૌથમલજી મહારાજ કે યહાં આગમન વ પ્રયાણ કે દિન.

૩. અભયદાન મેં ૫ પાંચ બકરોં કો જીવદાન દિયા જાયગા.

ઉપરોક્ત કર્તવ્યોં કા પાલન કરાને કે લિયે કચહરી મેં લિખ દિયા જાવે. ઇસકી એક નકલ શ્રી ચૌથમલજી મહારાજ કે ભેટ હો ઔર એક નકલ સમસ્ત મહાજન પંચોં કો દી જાવે. શુભ મિતિ સં. ૧૯૮૨ કા આષાઢ સુદ ૩.

॥ શ્રી રામજી ॥

॥ શ્રી રૂઘનાથજી ॥

મહોર છાપ
બેદલા.

જૈન સાધુ ૨૨ સમ્પ્રદાય કે સુપ્રસિદ્ધ વક્તા મુનિ શ્રી ચૌથમલજી મહારાજ કા શુભાગમન મગસર કૃષ્ણા ૬ કો બેદલે હુઆ. ગાંવ મેં તથા રાજ્યસ્થાન મેં તીન દિન વ્યાખ્યાન હુએ, જિસ મેં પ્રજા કો વ મુઝે આનન્દ હુઆ. નીચે લિખે મુઆફિક[1] યહાં ભી અગતે પલાએ જાવેંગે:—

[1] મુજબ.

(૧) પહલે સે યહાં અગતે[1] રખે જાતે હૈં. ફિર પજૂસણોં સે મિતિ ભાદરવા સુદ ૧૫ તક અગતે પલાયે જાવેંગે. ગરજ કે ઉદયપુર કે મુજિબ પૂરે અગતે પલેંગે.

(૨) દોયમ ચૈત્ર શુકલા ૧૩ શ્રી મહાવીર જયંતી, પોષ વદિ ૧૦ શ્રી પાર્શ્વનાથ જયંતી કે અગતે ભી પલાયે જાવેંગે.

(૩) શ્રી ચોથમલજી મહારાજ કે બેદલે પધારના હોગા તબ ભી આને વ જાને કી મિતી કા અગતા પલાયા જાવેગા.

ઉપર મૂજિબ હમેશાં અમલ દરામદ રહેગા લિહાજા.

ફૂ. નં૦ ૩૯૦

મહાપ્રીજ દફતર મુત્તલા હોવે કિ યહ અગતે પલાયે જાને કા નોટ દરજ કિતાબ કર લેવેં. નામેદાર ઈસ માફિક અમલ રખાને કી કારરવાઈ કરે. નકલ ઈસકી બતૌર સૂચનાર્થ શ્રી ચૌથમલજી મહારાજ કે પાસ ભેજી જાવે. સં. ૧૯૮૩ મગસર બદ ૧૨ તા૦ ૨-૧૨-૧૯૨૬ ઈ.

॥ શ્રી રામજી ॥

॥શ્રી એકલિંગજી॥ મહોર છાપ

મુલમ્બર

જૈન સંપ્રદાય કે પ્રસિદ્ધ વક્તા પંડિત મુનિશ્રી ચૌથમલજી મહારાજ કા ભિણ્ડર કી હવેલી મુ. ઉદયપુરમેં આજ

૧ અણુજો-પાંખી

વ્યાખ્યાન હુઆ, વો શ્રવણ કર ચિત્ત બડા આનન્દિત હુઆ. અહિંસા ધર્મકા મહારાજશ્રીને જો સત્ય ઉપદેશ દિયા વહ બહુત પ્રભાવશાળી રહા. ઇસલિયે નીચે લિખી પ્રતિજ્ઞા કી જાતી હૈ:—

(૧) શ્રીમાન્ મુનિશ્રી ચૌથમલજી મહારાજ કે પધારને વ વિહાર કરને કે દિન સુલમ્બર મેં આમ અગતા રહેગા.

(૨) ચૈત્ર શુકલા ૧૩ ભગવાન શ્રી મહાવીર સ્વામી કા જન્મ દિન હૈ સો હમેશા કે લિયે આમ અગતા રહેગા.

(૩) પૌષ કૃષ્ણા ૧૦ ભગવાન પાર્શ્વનાથજી કા જન્મ દિન હૈ, સો હમેશા કે લિયે આમ અગતા પલાયા જાવેગા.

(૪) નવરાત્રિ મેં પાડાકો લોહ હોવે હૈ, સો હંમેશા કે વાસ્તે એક પાડે કો અમરયા કિયા જાવેગા.

(૫) માદા જાનવર કી શિકાર જાન કરકે નહીં કી જાવેગી.

(૬) મુર્ગા જંગલી વ શહેરી, હરિયાલ, ધનેતર, લાવા, આડ ઔર ભાટિયા કે અલાવા દીગર પંખેરૂ જાનવરોં કી શિકાર નહીં જાવેગી. ઔર જીમણ મેં નહીં આવેગા

(૭) ખાસ સુલમ્બર મેં તાલાવ હૈ ઉસ મેં બિલા ઇજાજત કોઇ શિકાર ન ખેલે, ઇસકી રોક પહલે સે હૈ ઔર ફિર ભી રોક પૂરે તૌર સે રહેગી.

લિહાજા.

હુકમ નં. ૪૨૪

અસલ રોબકાર હાજા સદર કચહરી મેં ભેજ લિખિ જાવે કે મુન્દરજે સદર કલમોં કી પાવન્દી પૂરે તાૈર રખને કા ઇન્તજામ કરેં ઔર નકલ ઇસકી સૂચનાર્થ શ્રીમાન પ્રસિદ્ધ વક્તા પંડિત મુનિશ્રી ચાૈથમલજી મહારાજ કે ભેટ સ્વરૂપ ભેજી જાવેં, ઔર નિવેદન કિયા જાવે કે કિતનીક જીવ હિંસા વગૈરા બાતેં આપ કે સુલમ્બર પધારને પર છોડને કા વિચાર કિયા જાવેગા. ફકત સં. ૧૯૮૩કા માર્ગશીર્ષ કૃષ્ણા ૧૧, ભાૈમવાર, તા૦ ૩૦–૧૧–૨૬ ઇ.

॥ શ્રી રામજી ॥

॥શ્રી એકલિંગજી॥

જૈન સંપ્રદાય કે શ્રીમાન પ્રસિદ્ધ વકતા સ્વામીજી શ્રી ચાૈથમલજી મહારાજ ગોગુન્ધે પધારે ઔર મનુષ્યજન્મ કે લાભાન્તર્ગત અહિંસા. પરોપકાર, ક્ષમા આદિ ,અનેક વિષયોં પર હૃદયગ્રાહી પ્રભાવશાલી વ્યાખ્યાન હુએ. જિન કે પ્રભાવ સે ચિત્ત દ્રવીભૂત હોકર શ્રીમતી માજી સાહિબા શ્રી રણાવતજી કી સમ્મતિ સે જિન્હોંને કૃપાકર દયાભાવ સે યહ ભી ફરમાવ્યા હૈ કિ ઇન પ્રતિજ્ઞાઓં કી હમેશા, બાદ મુનસરમાત ભી પાવન્દી રખાઇ જાવેગી. નિમ્ન લિખિત પ્રતિજ્ઞા કી જાતી હૈ.

(૧) તાલાવ પટ્ટે હાજામેં મચ્છિયાં, આડા આદિ જીવોં કા શિકાર બિલા ઇજાજત કોઇ નહીં કર સકેંગે. ઇસકે લિયે એક શિલાલેખ ભી તાલાવ કી પાલ (પાર) પર મુનાસિબ જગહ સ્થાપિત કર દીયા જાયગા.

(૨) છોટે પક્ષી ચિડિયા વગેરેઃ કી શિકાર કરનેકી રોક કી જાવેગી.

(૩) મોર કબૂતર ફાગતા ન મારને દિયે જાવેંગે.

(૪) પર્યૂષણોં મેં વ શ્રાદ્ધ પક્ષ મેં આમ તૌર પર બકરે આદિ બેચને કો જો કાટે જાતે હૈં ઉનકી રોક કી જાવેગી.

(૫) આપ કે પધારને વ વિહાર કરને કે દિન અગતા રહેગા.

(૬) વિશેષ પર્વ જન્માષ્ટમી, રામનવમી, અક્ષય તૃતીયા, મકરસંક્રાંતિ, વસન્ત પંચમી, શિવરાત્રિ, પોષ વદી ૧૦ પાર્શ્વનાથ જયંતિ, ચૈત્ર શુક્લા ૧૩ મહાવીર જયંતિ ઔર ઈનકે અતિરિક્ત હર મહીને કી ગ્યારસ, અમાવસ્યા, પ્રદોષ ઔર પૂર્ણિમા કે દિન બકરે આદિ જાનવર આમ તૌર પર બેચને કો નહીં કાટને દિએ જાવેંગે. ઈનકે અલાવા ઠિકાને મેં જો જો મામૂલી અગતે પાલે જાતે હૈં, વે ભી પલતે રહેંગે.

(૭) કુમ્હાર લોગ શ્રાવણ ઔર ભાદવા મેં અવાડે નહીં પકાવેંગે.

(૮) શ્રીયુત્ સ્વામીજી શ્રી ચૌથમલજી મહારાજ કે શુભાગમન મેં ગ્યારહ ૧૧ બકરે ઇસ સમય અમરિયા કરાયે જાવેગા.

## હુકમ નં. ૧૮૦૬.

નકલ ઇસ માફિક લિખ શ્રીયુત સ્વામીજી શ્રી ચૌથમલજી મહારાજ કે સૂચનાર્થ ભેટ કી જાવે. ઔર યહ પરચા સહી કે

વહિડા મેં દરજ હોવે, ઔર ઇસ મેં મુત્તલા થાનેદાર, જમાદાર. હવાલદાર કો કહા જાવે ઔર સાહેબલાલજી કો યે ભી હિદાયત હો કિ શિલાલેખ કારીગર કો તલબ કર ઉસમેં લિખા તાલાવોં પર પટ્ટે હુાજા મેં રૂપાઇ જાવે. દરજ રજીષ્ટર હો. સં. ૧૯૮૨ કા મગસર સુદ ૧૩. તા૦ ૧૦-૧૨-૨૬ ઇ.

॥ શ્રી રણછોડરાયજી ॥

॥ શ્રી આદિમાતાજી ॥

॥ શ્રી રામજી ॥    મહોર છાપ
દેલવાડા–મેવાડ.    નંબર ૧૩

જૈન સંપ્રદાય કે પ્રસિદ્ધ વકતા મુનિ શ્રી ચૌથમલજી મહારાજ કે વ્યાખ્યાન ઉદયપુર કે મુકામ બનેડા કી હવેલી મેં મિતિ આસોજ સુદી ૧૪ કો શ્રવણ કરને કા સુઅવસર હુઆ. જબ સે યહ ઇચ્છાથી કિ શ્રી મહારાજ કા કભી દેલવાડે મેં પધારના હો ઔર યહાં કી પ્રજા કો ભી આપકા વ્યાખ્યાન શ્રવણ કરનેકા લાભ મિલે. ઇશ્વિર કૃપાસે શ્રી મહારાજ કા યહાં પર પરસોં પધારના હુઆ ઔર યહાં કી જનતા કી આપ કે ધર્મ વિષયક વ્યાખ્યાનોં કે શ્રવણ કરને કી અભિલાષા પૂર્ણ હુઇ તથા આજ આપને કૃપા કર રાજ્યદ્વાર મેં પધાર જાલિમ નિવાસ મહલ મેં વ્યાખ્યાન દિયા. આપકા ફરમાન બહુત હી પ્રભાવશાલી સર્વ ધર્મ સમ્મત રહા, ઇસલિયે નીચે લિખી પ્રતિજ્ઞા કી જાતી હૈ:—

૧. નીચે લિખી તિથિયો પર યહાં અગતે રહેંગેઃ—

(૧) શ્રી ચૌથમલજી મહારાજ કે યહાં પધારને વ વાપિસ પધારને કે દિન.

(૨) પૌષ વદિ ૧૦ શ્રી પાર્શ્વનાથજી મહારાજ કા જન્મદિવસ કે દિન.

(૩) ચૈત્ર સુદી ૧૩ શ્રી મહાવીર સ્વામીજી કા જન્મદિવસ કે દિન.

(૪) મહિને મેં દોનો એકાદશી, અમાવશ તથા પૂર્ણિમા કે દિન.

૨. પક્ષી જાનવરોંમેં લાવા ઓર જલ કે જાનવરોંમેં ભાટિયા કી શિકાર નહીં કી જાવેગી.

૩. માદીના જાનવર કી શિકાર ઉરાદતન નહીં કી જાવેગી.

હુ. નં. ૧૬૭૩.

અસલ કચહરી મેં ભેજ લિખી જાવે કિ નમ્બર ૧ કી કલમોં કી પાબન્દી પૂરે તાૈર સે રખાઇ જાવે આૈર નકલ ઇસકી સૂચનાર્થ મુનિ મહારાજશ્રી ચૌથમલજી કે પાસ ભેજી જાવે સંવત ૧૯૮૩ના ફાગણ સુદ ૬, તા૦ ૯–૩–૧૯૧૭ ઇ.

॥ શ્રી રામજી ॥

॥શ્રી લક્ષ્મીનાથજી॥

મહોર છાપ
મોહી–મેવાડ

જૈન સંપ્રદાય કે સુપ્રસિદ્ધ વક્તા પંડીત મુનિ શ્રી ચૌથમલજી મહારાજ કા રાજ્યસ્થાન મોહી મેં આજ ભાષણ

હુઆ; વહ શ્રવણ કર ચિત્ત બડા આનન્દિત હુઆ. અહિંસા વિષયક જો શ્રી મહારાજને સત્ય ઉપદેશ દિયા વહ પ્રભાવશાલી હી નહીં પ્રત્યુત પ્રશંસનીય એવં ઉપાદેય રહા હૈ, ઇસલીયે નીચે લિખી પ્રતિજ્ઞા કી જાતી હૈ:—

(૧) ચૈત્ર શુકલા ૧૩ ભગવાન શ્રી મહાવીર સ્વામી કા જન્મદિન હૈ; સો હમેશા કે લિયે આમ અગતા રહેગા.

(૨) પોષ કૃષ્ણા ૧૦ ભગવન શ્રી પાર્શ્વનાથજી કા જન્મદિન હૈ, સો હમેશા કે લિયે આમ અગતા પલાયા જાવેગા.

(૩) શ્રીમાન મુનિ શ્રી ચૌથમલજી મહારાજ કે પધારને વ વિહાર કરને કે દિન મોહી મેં આમ અગતા રહેગા.

(૪) માદા જાનવર કી શિકાર જાનકર નહીં કી જાવેગી.

(૫) કોઈ પંખેરૂ જાનવર કા શિકાર નિજ હાથસે નહીં કી જાવેગી, ન જીમણ મેં કામ આવેગી.

(૬) હરિણ કી શિકાર નહીં કી જાવેગી, ન જીમણ મેં કામ આવેગી.

(૭) નિજ હાથસે કોઇ જીવ હિંસાત્મક કર્મ નહીં કિયા જાવેગા. અલાવા શ્રીજી હુજૂર કે હુકમ કે.

ઉપર લિખે મુઆફિક પૂરે તૌર અમલ રહેગા લિહાજા:—

હુકમ નંબર ૮૨.

અસલહી કચહરી ઠિ૦ હાજા મેં ભેજ લિખા જાવે કિ અમૂરાત મુન્દરાજ સદર કી પાબન્દી બાબત ખટીકાન કો હિદાયત કરા દેગા ઔર નકલ ઈસકી સૂચનાર્થ ભેટ સ્વરૂપ

શ્રી ચૌથમલજી મહારાજ કી સેવા મેં ભેજી જાવે. સં. ૧૯૮૩ વૈશાખ કૃષ્ણ ૧૫, તા. ૧–૫–૨૭ ઈ.

॥ શ્રી રામજી ॥

॥ શ્રી રૂપનારાયણજી ॥

દસ્તખત અંગ્રેજીમેં ઠાકુર સાહિબ કે.

| મહોર છાપ. |
| --- |
| લસાણી–મેવાડ. |

જૈન સંપ્રદાય કે પ્રસિદ્ધ વકતા શ્રી ચૌથમલજી મહારાજ કા લસાણીમેં યહ તીસરી મરતબા[1] પધારના હુઆ. ઔર ઇસિ મૌકેપર તીન દિન વિરાજકર જો ઉપદેશ ફરમાયા ઉસસે ચિત્ત પ્રસન્ન હોકર નીચે લિખી પ્રતિજ્ઞા કી જાતી હૈ:–

(૧) પરિન્દે જાનવર ઇરાદતન નહીં મારે જાવેંગે.

(૨) શ્રાવણ વ ભાદ્રવ માસમેં ઇરાદતન શિકાર નહીં કી જાવેગી.

(૩) માદિન જાનવર ઇરાદતન નહીં મારે જાવેંગે.

(૪) ચૈત્ર શુકલા ૧૩ શ્રી મહાવીર સ્વામી કા વ પૌષ કૃષ્ણા ૧૦ શ્રી પાર્શ્વનાથજીકા જન્મદિન હોને સે હમેશા કે લિયે અગતા પલાયા જાવેગા.

(૫) સ્વામીજી શ્રી ચૌથમલજી મહારાજ કે પધારને વ વિહાર કરને કે દિન અગતા પલાયા જાવેગા.

---

૧ વખત.

(૬) ગ્યારસ અમાવસ કે દિન શિકાર જીમન મેં નહીં લી જાવેગી.

(૭) શ્રાવણ માસકે સોમવારોં કો હમેશા કે લિયે અગતા પલાયા જાવેગા.

(૮) શ્રાદ્ધપક્ષમેં પહેલે સે શિકાર કી દુકાનકા અગતા પલતા હૈ, વહ અબ ભી બદસ્તૂર[1] પલેગા. ઈસ કે અલાવા પજુસણોં મેં ભી શિકાર કી દુકાન કા હમેશા કે લિયે અગતા રહેગા.

(૯) મચ્છી વ હિરન કી શિકાર નહીં કી જાવેગી.

(૧૦) સ્વામીજી મહારાજ શ્રી ચૌથમલજી કા યહાં પધારના હુઆ, ઈસ ખુશી મેં ઈસ મરતબા પાંચ બકરે અમરિયે કરાયે જાવેંગે.

(૧૧) વૈશાખ માસમેં પહેલે સે શિકાર કી રોક હૈ, ઉસ માફિક અમલ હમેશા કે લિયે રહેગા.

લિહાજા :—

હુકમ નં. ૫૯

નકલ ઈસ કી સ્વામીજી શ્રી ચૌથમલજી મહારાજ કે સૂચનાર્થ ભેટ કી જાવે. અગતે પલાને કી ખટિકાન કો હિદાયત કરાઈ જાવે. અમરિયે બકરે કરાને કી નામદાર હસ્બશરિસ્તાર[2] કારરવાઈ કરે. સં. ૧૯૮૩ જ્યેષ્ઠ કૃ. ૪, શુક્રવાર, તા૦ ૨૦ મઈ સન્ ૧૯૨૭ ઈ.

---

૧ હમેશ માફક. ૨ શિરસ્તા મુજબ.

૭૪॥ ॥ રામજી ॥ ૐ

॥શ્રી ચતુર્ભુજજી॥
સહી ઠાકુર સાહિબ કી.

**મહોર છાપ**
**તાલ (મેવાડ).**

**જૈન** સંપ્રદાય કે પ્રસિદ્ધ વક્તા પણ્ડિત મુનિ શ્રી ચૌથમલજી મહારાજ કે મુખારવિન્દ કા ભાષણ સુનને કી ઇચ્છા થી કિ ઈશ્વર કૃપાસે તા૦ ૨૦ મઇ સન ૧૯૨૭ ઈ. કો પધારના હો ગયા. આપકા ઉપદેશ સુનકર ચિત્ત બડા પ્રસન્ન હુઆ. ઇસલિયે નીચે લિખી પ્રતિજ્ઞા કી જાતી હૈઃ—

(૧) કાર્તિક વૈશાખ મહીને મેં શિકાર નહીં ખેલી જાવેગી. બાકી મહીનોં મેં સે પ્રત્યેક મહીનોં મેં ૮ રોજ કે સિવાય શિકાર બંદ રહેગી, અર્થાત ૨૨ દિન શિકાર બંદ રહેગી.

(૨) ચૈત્ર શુક્લા ૧૩ શ્રી મહાવીર સ્વામી કા વ પૌષ કૃષ્ણા ૧૦ શ્રી પાર્શ્વનાથજી કા જન્મદિન હોને સે હમેશા કે લિયે અગતા પલાયા જાવેગા.

(૩) સ્વામી શ્રી ચૌથમલજી મહારાજ કે પધારને વ વિહાર કરને કે દિન અગતા પલાયા જાવેગા.

(૪) પ્રત્યેક મહીને કી ગ્યારસ વ અમાવસ કે દિન શિકાર જીમન મેં નહીં લી જાવેગી.

(૫) શ્રાવણ માસ કે સોમવારોં કો હમેશા કે લિયે અગતા પલાયા જાવેગા.

(૬) ભાદ્રપદ મેં હમેશા અગતા પલાયા જાવેગા ઔર શિકાર ભી નહીં ખેલી જાવેગા.

(૭) સ્વામીજી મહારાજ શ્રી ચૌથમલજી કા તાલ પધારના હુઆ ઇસ ખુશી મેં ઇસ મર્તબા ઇસ સાલ કે લાગત[1] કે આનેવાલે કરીબ ૬૦–૭૦ સબ બકરે અમરિયે કરાયે જાવેંગે.

(૮) પહિલે ભી મહારાજ શ્રી સે ત્યાગ કિયે હૈં વે બદસ્તૂર[2] પાલે જાયંગે.

(૯) પજ્જૂસણોં મેં કતઈ[3] અગતા પાલા જાવેગા

લિહાજા હુકમ નમ્બર ૧૧૧

નકલ ઇસકી સ્વામીજી મહારાજ શ્રી ચૌથમલજી કે સૂચનાર્થ ભેટ કી જાવે. ઔર અગતા પાલને કી ખટિકાન કો હિદાયત કરાઇ જાવે. અમરિયે બકરે કરાને કી હસ્બ શરીસ્તે કારરવાઇ કરને કી હિદાયત બીડવાત નાથૂભાટી કો કી જાવે, વિક્રમ સં. ૧૯૮૩ કા જ્યેષ્ઠ કૃષ્ણા ૬, તા૦ ૨૨ મઇ સન ૧૯૨૭ ઇસ્વી. રવિવાર.

॥ શ્રી પરમાત્મને નમો નમઃ ॥

મહોર છાપ.
પાલી.

શ્રીમાન મુનિ મહારાજશ્રી શ્રી ૧૦૦૮ શ્રી ચૌથમલજી મહારાજશ્રી કાસેરવાકાલ પાલી સમ્બત ૧૯૮૩ના જ્યેષ્ઠ

૧ લાગો ૨ સિરસ્તા મુજબ ૩ બિલકુલ પૂરેપૂરો

શુકલા ૧૪ ચતુર્દશીને હવો ને શ્રી મહારાજને ઉપદેશ ફર-માણો તિણપર શ્રીમાન હાકિમ સાહિબ કુંવરજી શ્રી સવાઈસિંહજી સાહિબ કી મૌજૂદગીમેં સહરરા સમસ્ત પંચ ઓસવાલ, પોરવાલ માહેશ્વરી, અગરવાલા ફતેપુરીઆ, પુષ્ક-રણા બ્રાહ્મણ ઔર સમસ્ત કોમ ભેલી હોયને ધર્મરી વૃદ્ધિક-રણ સારૂ સાલ ૧ એકયાની માસ ૧૨ બારે મેં અગતા ચાર નિચે લિખીયા મુજિબ રાખણા મંજુર કિયા અગર નહીં રાખસી તો રૂપિયા ૧૧ ઇગ્યારા ગુનેગારીરા દેસી. મિતિ અષાડ કૃષ્ણા ૭ સપ્તમી સમ્બત ૧૯૮૩ રા તારીખ ૨૧ જૂન સન ૧૯૨૭ ઈ.

(૧) મિતિ ચૈત્ર સુદિ ૧૩ શ્રી મહાવીર સ્વામીજીરો જન્મદિન.
(૨) મિતિ જ્યેષ્ઠ સુદિ ૧૧ નિર્જલા ઇગ્યારસ.
(૩) મિતિ ભાદ્રપદ કૃષ્ણા ૮ શ્રીકૃષ્ણ ચન્દ્રજીરો જન્મદિન.
(૪) મિતિ પોષ કૃષ્ણા ૧૦ શ્રી પાર્શ્વનાથ સ્વામીજીરો જન્મદિન.

ઉપર લિખિયા મુજિબ અગતા ચાર ગોંવ સાઈસારાજણા, પાલસી, જરૂરત માફક શહરમેં દૂકાન એક એક હરએક કિશમરા બ્યોપારીરી ખુલી રેવે લાવો. અપને બ્યોપારીયાસે રજાલેકર ખોલેલા જિણમેં કોઇ ધર્માદેરો રૂકન સમઝ કર બ્યોપારી ઉણસુ લેલેવેલા ઔર હુંડી ચિઠ્ઠીરી ભુગતાવણ બન્દ રેસી. પજૂસણારા અગતા સદા બન્દસું પાલે હૈ ઉણી તરહ પલસી. ઈત્યલમ.

### અજ હકૂમત વાલી

આજ યહ નકલ સરદારાન કી તરફસે શ્રી મહારાજ કે પેશ કરને કે લિયે પેશ હુઇ. લિહાજા અસલ નકલ શ્રીમાન

પૂજ્ય મુનીવર શ્રી ૧૦૦૮ શ્રી ચોથમલજી મહારાજ સાહિબ કે ચરણ કમલોમેં હરસાલ હો. ફક્ત તા૦ ૨૫-૬-૨૭.

(સહી) સવાઇસિંહ,
હાકિમ—પાલી.

॥ શ્રી રામજી ॥

॥ શ્રી ચતુર્ભુજજી ॥

મહોર છાપ
બદનોર.

નકલ

જૈન સંપ્રદાય કે પ્રસિદ્ધ વક્તા મુનિ શ્રી ચોથમલજી મહારાજ કા વ્યાખ્યાન સં. ૧૯૮૪ કા વૈસાખ કૃષ્ણ ૧૪ સુબહ ગોવિન્દ સ્કૂલ વ તીસરે પહરકો જલમહતા વ વૈસાખ કૃષ્ણા ૦)) કો ભી ગોવિન્દ સ્કૂલ બદનોર મેં શ્રવણ કિયા. બડી પ્રસન્નતા હુઇ. શ્રોતાઓ કો ભી પૂર્ણ લાભ પ્રાપ્ત હુઆ. આપ બડે પ્રભાવશાલી હૈ: જહાં કહીં આપ કા વ્યાખ્યાન હોતા હૈ ઉસકા જનતા પર બડા અસર હોતા હૈં. યહાં ભી નીચે લિખે નિયમ કિયે જાતે હૈં:—

(૧) નીચે લિખી તિથીયોં પર યહાં અગતે રહેંગે.
પૌષ કૃષ્ણા ૧૦ શ્રી પાર્શ્વનાથજી મહારાજ કા જન્મદિવસ કે દિન. ચૈત્ર શુકલા ૧૩ શ્રી મહાવીર સ્વામીજી કે જન્મદિવસ કે દિન.

(૨) યહાં ચાંદરાસ કે કેસરસાગર તાલાવમેં મચ્છી કી હિંસા કોઇ ન કરે, ઈસ કી રોક કી ગઈ હૈ.

લિહાજા

હુકમ

કે અમલ વાસ્તે તામીલ શરસ્તે મેં દિયાજાવે ઔર એક નકલ ઇસ કી મુનિ શ્રી ચૌથમલજી મહારાજ કે ભેટ કી જાવે. ૧૯૮૪કા વૈસાખ કૃષ્ણ ૦)) શુક્રવાર તા૦ ૨૦ અપ્રેલ સને ૧૯૨૮ ઇ. ફક્ત.

---

॥ શ્રી એકલિંગજી ॥ ॥ શ્રી રામજી ॥

જૈન સંપ્રદાય કે પ્રસિદ્ધ વક્તા મહામૂની શ્રી ચૌથમલજી મહારાજ કા કેરીયામેં બૈસાખ શુકલા ૫ પાંચમ ૧૯૮૪ મેં પધારના હૂવા. ઔર ૩ તીન દીન તક કેરીયામેં બીરાજકર ઉપદેશ દીયા, સો આપરા ઉપદેશ સૂનનેસે ગામકો વ મૂજકો બડા આનન્દ હૂવા કયોં કે ઐસે મહામૂનીયોં કા પધારના બડે શૌભાગ્ય કી બાત હૈ. ઇસલીયે ઉપદેશકે સૂનનેસે નીચે લીખે મૂજબ પ્રતિજ્ઞા કી જાતી હૈઃ—

(૧) બૈશાખ મઇના આધા તો પહીલે સે હી શીકાર ખેલના છોડ રખા હૈ. અબ આપકા ઉપદેશ સુનને સે સમ્પૂર્ણ બૈસાખ તક કેરીયા મેં રેઉંગા જતરે શીકાર કતઇ નઇ ખેલૂંગા.

(૨) સરાદ પક્ષમેં તીતર પટપડ ખરગોસ વગેરા નઇ મારૂંગા.

(૩) ચૈત્ર સુકલા ૧૩ તેરસ શ્રી મહાબીર સવામી કા જન્મ વ પોષ કૃષ્ણ ૧૦ દશમ શ્રી પાર્શ્વનાથજીકા જન્મ હોને સે અગતા હમેશ રખા જાવેગા.

(૪) ચૈત્ર શુકલા ૯ નવમી કા અગતા રખા જાવેગા.

(૫) શ્રીમાન્ માન્યવર ચોથમલજી મહારાજ કા જબ કેરીયા મેં પધારના હોવેગા તબ અગતો રાખી જાવેગા ઓર વાપીસ વ્યાહાર કરતી વકત ભી રખા જાવેગા.

(૬) અમાવશ, પૂનમ, અગારસ યે તીથીયોંકા ભી અગતો બરાબર રખા જાવેગા.

(૭) ભાદરવા બીદ ૧૨*સે લગાય સુદ ૫ તક પજૂસણા કો અગતો હમેશા રખા જાવેગા.

નકલ ઇસકી સ્વામીજી શ્રી ચોથમલજી મહારાજ કે સૂચનાર્થ ભેટ કી જાવે ઓર અગતે પાલને કી હમેશા યાદ મેં રાખી જાવેગા, ફકત, સં. ૧૯૮૪ કા બેશાખ શુકલા ૬.

(દા.) ગુલાબસિંહ—કેરીયા.

---

* આ મારવાડ તરફની પ્રથા મુજબ છે. ગુજરાતી પ્રથા મુજબ સમજવાને જે માસ વદની તિથી સાથેનો હોય, તેના આગળના માસની એજ વદ તિથી સમજવી. ઉદાહરણ ભાદરવા વદ ૧૨ ને બદલે શ્રાવણ વદ ૧૨ ગણવી, જે તિથીથી અત્રે પર્યુષણ પર્વની શરૂઆત થાય છે. દરેક માસની સુદ તિથીઓ તો ગુજરાતી મુજબ છે, માટે તેમાં ફેરફાર કરવો નહિ.

॥ શ્રી રામજી ॥

॥શ્રી ચત્રભુંજજી॥ નંબર ૧૦

## સાબત

જૈન સંપ્રદાય કે પ્રસિદ્ધ વકતા શ્રી ચોથમલજી મહારાજ કા પદારના બેશાખ શુકલ ૭ કો નિમ્બાહેડે હુઆ ઔર ૮-૯ કો વ્યાખ્યાન હુવે જીસમેં પ્રજાકો વ મુજકો આનન્દ હુઆ. નિચે લિખે માફિક પ્રતિગ્યા કી જાતી હૈ:—

(૧) શરાબ બેશાખ મેં નહીં પીઉંગા.

(૨) તીતર, બેટર, હરેલ ધનંતર યે બૈશાખ મેં શીકાર નહી કી જાવેગી. ઔર દુસરે શીકારીયોં કો ભી મના કર દીયે જાવેગા.

(૩) પજુસણમેં અગતે પાલે જાવેંગે. દુકાનદાર ખટીક લોગોં કો હીદાયત કર દી જાવેગા. ૮ દિન ઉદેપુરમેં પલતે હૈ—વા માફીક.

(૪) ચેત શુકલ ૧૩ મહાબીર જયન્તી કા વ પોસ બિદ ૧૦ કે ભી અગતા પલાયા જાવેગે.

(૫) ચોથમલજી માહારાજકા કભી પદારના હોવેગા તો એક રોજ આનેકા એક રોજ જાનેકા અગતા રખાયા જાવેગા.

(૬) ૧૧ કે રોજ તો પહલે સીકાર ખેલના છોડ રખા હૈ મગર ०)) અમાવસ કે રોજ ભી સીકાર ખેલના બન્દ કર દીયા જાવેગા.

સં. ૧૯૮૪ના બેશાખ શુકલ ૯.

(દા.) જગનાથ પંચોલી કા શ્રીરાવલા હોકમસુ.

॥શ્રી રામજી॥

॥શ્રી એકલીંગજી॥

જૈન સંપ્રદાય કે પરમ પુજ્ય પ્રસિદ્ધ વક્તા મુનીજી મહારાજ શ્રી ચોથમલજી કા વૈશાખ શુક્લા ૯ શનિશ્વર સં. ૧૯૮૪ કો ભગવાનપુરે મેં પદાર્પણ હુવા. આપકા ભાષણ સંપ્રદાયક, વિવાદરહિત, અહિંસા, બ્રહ્મચર્યાદિ સરસ ભાષામેં હૃદયગ્રાહી દૃષ્ટાંતો યુક્ત સાધારણ ધર્મ કે સમ્મેલનસે સુશોભિત હોને કે કારણ જન–સાધારણ પર વિશેષ પ્રભાવશાલી હુવા. ઔર મેંને ભી સુના તો અહિંસા વેદ સમ્મત હે. જીસસે નિમ્ન લિખિત પ્રતિજ્ઞાઓં કે લીએ યહ બિચાર લીયા ગયા હે કે પ્રત્યેક મનુષ્ય નિજ કે વિચારોસે શારીરિક ક્રિયાઓં કો રોકને મેં સ્વતંત્ર હૈ. તથાપિ યાવજ્જીવન પ્રતિજ્ઞાઓં કા યથાવત નિર્વાહ હોના દૈવાધીન હોને કે કારણ પરતંત્ર ભી હૈ. પ્રાર્થના હે ઇશ્વર નીભાવે.

(૧) છરે[1] સે શીકાર નહી કી જાએગી કિ જિસસે સહજ હીમેં છોટે જીવો કી હિન્સા વિશેષ ન હોવે.

(૨) ભગવાનપુરા પાસ કે તાલાવ સરૂપસાગરમેં ઔર જરણા મહાદેવજી કે સ્થાનપર ભગવાનપુરે કી સરહદ કી નદીમેં ભી મચ્છિયે મારનેકી મનાઇ કરાદી જાએગી.

(૩) પજુસણોંમેં ખટીક–કસાઇયોં કો જીવહિંસા નહીં કરનેકી હિદાયત કરાદી જાવેગા.

---

૧ નાની ગોળીઓ.

(૪) શેર, ચીતે કે સીવાય નિજ ઇચ્છાસે જહાં તક પહુચાના જા સકે માહિન કી શીકાર નહીં કી જાવેગી.
(૫) મચ્છિ કી શિકાર નહી કી જાયેગી.
(૬) મચ્છિ કા ગોસ્ત ભી ખાને કે કામમેં નહી લાયા જાયગા.
(૭) ચેત સુદ ૧૩ વ પોસ બુદ ૧૦ કે દીન અગતા રખા જાવેગા.

સં. ૧૯૮૪ કા બૈસાખ સુદ. ૧૧.

(સહી) રા. સુજનસિંહ.
ભગવાનપુરા.

॥શ્રી રામજી॥

॥શ્રી બાણુનાથજી॥

મહોર છાપ
મેજા–મેવાડ

મેજા—મેવાડ
તા૦ ૪–૫–૨૮

જૈન સંપ્રદાય કે પ્રસિદ્ધ વક્તા મુની શ્રી ચૌથમલજી મહારાજ મેજેમેં સં. ૧૯૮૪ કે બૈશાખ શુકલા ૧૫ પધારે ઔર સુબહ બાખીયાન મહલોંમેં દો દીન હુઆ જો શ્રવણ કર બહોત આનન્દ પ્રાપ્ત હુઆ. અહિંસા ધર્મકા જો મહારાજને સત્‌ઉપદેશ દીયા વો બહુત પ્રભાવશાળી હૈ ઇસલિયે પ્રતીગ્યા કી જાકર નીચે લીખી તિથીયોં પર જીવહિન્સા કા અગતા ભી રહેગા.

(૧) પોષ કૃષ્ણ શ્રી પારસનાથજી ૧૦ મહારાજ કા જન્મ દિવસ કે દિન.

(૨) ચૈત શુકલા ૧૩ શ્રી મહાવીર સ્વામીજીકા જન્મ-દિવસ કે દિન.

(૩) આપકે પધારને વા વિહાર કરને કે દિન અગતા રહેગા.

(૪) આપકે શુભાગમન મેં ૧૧ ગ્યારા બકરે ઇસ સમય અમરીએ કરાએ જાવેંગે.

(૫) યહાં કે તાલાવમેં બીલા ઇજાજત મચ્છા આમ લોગ નહી માર સકેગા.

(૬) આસોજ શુકલા ૯ કે દિન દશ બકરોં કા બધ હોતા ઉસકી જગહ પાંચ કો અભેદાન દીયા જાવેગા.

(૭) ધર્મવીર શ્રીમાન મહારાજ સાહેબ સુરતસિંહજી કે આજ્ઞા અનુસાર હરીન કી શિકાર ખુદકે હાથસે નહી કી જાતી, જીસકા પાલન સદા કે લીયે કીયા જાવેગા.

(૮) વેશાખ શુકલા ૧૨ ને જન્મ દિવસ કા ઉપલક્ષમેં ૫ પાંચ બકરોં કો અભેદાન દીયા જાવેગા.

હુકમ નં. ૨૯૫

અસલ હી વાસ્તે તામીલ કે સીરસ્તે મેં દીયા જાવે ઓર એક નકલ ઇસકી મુનીશ્રી ચોથમલજી મહારાજ કે ભેટ કી જાવે.

સંવત ૧૯૮૪ કા બૈશાખ શુકલ ૧૫

॥ શ્રી ચત્રભુજજી ॥ ॥ શ્રી રામજી ॥

શ્રી જૈન સમ્પ્રદાય કે પ્રસિદ્ધ વકતા શ્રી ચોથમલજી મહારાજકા ખેરાબાદમેં જ્યેષ્ઠ કૃષ્ણ ૩ સં. ૧૯૮૪ કો પધારના હુવા. આપકા ઉપદેશ સે મુજે બડા આનન્દ હુવા જીસસે નીચે લીખે માફીક પ્રતીજ્ઞા કી જાતી હૈ:—

૧. ચૈત્ર શુકલા ૧૩ કો શ્રી મહાવીર જયન્તી હોનેસે વ પોષ કૃષ્ણા ૧૦ કો શ્રી પાર્શ્વનાથજીકા જન્મ દિવસ હોનેસે અગતા પલાયા જાવેગા.
૨. ગ્યારસ, અમાવસ, પુનમ કો શીકાર કા પ્રયોગ નહીં કીયા જાવેગા.
૩. મેંને આજ દિન તક શીકાર નહી કી ઔર અબ ભી નહીં કરૂંગા.
૪. શ્રી ચોથમલજી મહારાજ કા જીસ દિન ખેરાબાદમેં પધારના હોગા ઓર વાપીસ બીહાર હોગા ઉસ દિન અગતા રખા જાવેગા.

સં. ૧૯૮૪ કા જ્યેષ્ઠ કૃષ્ણા ૩.

(દા.) મા. બાગસિંહ—ખેરાબાદ.

॥ શ્રી એકલીંગજી ॥ ॥ શ્રી રામજી ॥

મહોર છાપ
હમીરગઢ.

નકલ.

જૈન સંપ્રદાય કે પ્રસિદ્ધ વકતા પંડિત મુનિ શ્રી ચોથમલજી મહારાજ કા હમીરગઢમેં વ્યાખ્યાન હુવા વો

શ્રવણ કર ચીત બડા આનન્દીત હુઆ. અહીન્સા ધર્મકા જો મહારાજને સત્ય ઉપદેશ દીયા વો બહુત પ્રભાવશાલી રહા. ઈસલીયે નીચે લીખી પ્રતિજ્ઞા કી જાતી હૈ:—

૧. શ્રીમાન મુનીશ્રી ચૌથમલજી મહારાજ કે પધારને કે રોજસે વાપસ બીહાર કરને કે રોજ તક હમીરગઢમેં અગતા રહેગા.

૨. ચૈત્ર શુક્લ ૧૩ ભગવાન શ્રી મહાવીર સ્વામી કા જન્મદીન હૈ સો ઉસ રોજ હમેશા કે લીયે અગતા રહેગા.

૩. પોષ કૃષ્ણ ૧૦ ભગવાન પાર્શ્વનાથજી કા જન્મદીન હૈ, સો હમેશા કે લીયે આમ અગતા પલાયા જાવેગા.

૪. દશરાવે કે દીન ચોગાન્યો પાડો નહી માર્યો જાવેગા.

૫. જંગલમેં છોટી શીકાર પંખેરૂ હીરણ વગેરા કી શીકાર નહી કીદી જાવેગા.

૬. પજુસણામેં અગતો પલાયો જાવેગા.

૭. ઇ સાલ કી ફસલ ઉનાલૂ કી લાગત કા બકરા કરીબ ૩૫-૪૦ આવેગા વો સબ, અમરે કરા દીયે જાવેગે લિહાજા.

હુ. નંબર ૭૪૮

અસલ રૂબકાર હાજા કચહરીમેં ભેજ લીખી જાવે કે મૂન્દજે સદર કલમો કી પાબન્દી પુરૈતોર રખનેકા ઇન્તજામ કરે.

ઓર નકલ ઈસકી સૂચનાર્થ શ્રીમાન પ્રસિદ્ધ વક્તા પંડીત મુનીશ્રી ચોથમલજી મહારાજ કે ભેટ સ્વરૂપ ભેજી જાવે. સંવત ૧૯૮૪ કા જ્યેષ્ઠ બીદ ૫ શુક્રવાર.

## પ્રકરણ ૩જું.

### હિઝ હાયનેસ સર મલ્હારરાવ બાબા સાહેબ પંવાર

### કે. સી. એસ. આઇ. દેવાસ (૨) નું

# સંક્ષિપ્ત વૃત્તાંત.

તેઓશ્રીનો શુભ જન્મ વિક્રમ સંવત ૧૯૩૩ના શ્રાવણ સુદ ૨ને દિવસે શુભ યોગમાં સુપ્રસિદ્ધ મરાઠા ક્ષત્રિય-કુળમાં થયો હતો. તેમણે બાલ્યાવસ્થામાંજ ધાર્મિક તથા રાજનૈતિક શિક્ષણમાં સરસ યોગ્યતા પ્રાપ્ત કરી હતી. તેમજ પોતાની કાર્યકુશળતા તથા કાર્યપરાયણતાનો નાની ઉંમરે પોતાની પ્રજાને અનુકરણીય અનુભવ કરાવ્યો હતો.

શ્રીમાનનો રાજ્યાભિષેક વિક્રમ સંવત ૧૯૪૮ના વૈશાખ વદી ૧૨ને શુભ દિને અત્યંત ધામધૂમથી કરવામાં આવ્યો હતો. તેમનામાં બાલ્યાવસ્થાથીજ દયાળુતા, ઉદારતા, પરોપકારીપણું, ધૈર્ય તથા ગાંભીર્ય આદિ અનેક પ્રશંસનીય ગુણો દૃષ્ટિગોચર થતા હતા. અને એ ઉચ્ચ ગુણોનો દિન પ્રતિદિન વિકાસ થવા લાગ્યો. આનાં અનેક આદર્શ ઉદાહરણ મોજુદ છે, જેમકેઃ—

૧. તેઓ માંસ ભક્ષણ કરતા નથી.

૨. શિકાર ખેલતા નથી.

૩. તથા હાલમાંજ પોતાના રાજ્યમાં આવેલા વિન્ધ્યાદેવીના મંદિરમાં દર વર્ષે થતા ૧૫૦૦૦ જીવોના વધને સર્વથા બંધ કરાવી જીવદયાનું અનુપમ ઉદાહરણ રજુ કર્યું છે.

શ્રીમાનના ઉપરોક્ત આદર્શ ગુણ અનુકરણીય છે. આધુનિક નવયુગમાં શિકાર ખેલવાનો શોખ નરેશો તથા સામાન્ય વ્યક્તિઓમાં પણ હીંડતે ચાલતે નજરે પડે છે. એ એવી તો ભયંકર પ્રથા છે કે તેનો ઉલ્લેખ લેખિનીથી કરવો શક્તિની બહાર છે. આવા આદર્શ નરેંદ્રો કે જેઓએ મુંગાં પ્રાણીઓ તથા ભોળાં જાનવરો પ્રત્યે દયાભાવ દર્શાવી આવી દુષ્ટ, ભયંકર તથા કર્તવ્યહીન પ્રથાને નિર્મુળ કરી છે, એમને અનેકાનેક ધન્યવાદ ઘટે છે. આવા પ્રત્યેક દયાળુ નરપતિઓને અમે સવિનય વિજ્ઞપ્તિ કરીએ છીએ કે તેઓ પણ પોતાના રાજ્યની હદમાંથી આ ભયંકર પ્રથાને દેશનીકાલ કરી પોતાની વાસ્તવિક વીરતા તથા દયાળુપણાનો આદર્શ જનતા સમક્ષ રજુ કરે.

તેમના રાજ્યનું ક્ષેત્રફળ ૪૧૯ ચોરસમાઇલ છે અને વસ્તી ૬૬૯૯૮ મનુષ્યોની છે. તેમને બ્રીટીશ સરકાર તરફથી પંદર તોપોની સલામી આપવામાં આવે છે. તેમના સદ્ગુણો તથા રાજ્યની સુંદર વ્યવસ્થાને લીધે રાજા-પ્રજા વચ્ચે મીઠો સંબંધ છે. વિદ્યાપ્રચાર કરવા માટે તેઓશ્રી બહુ તત્પરતા તથા ઉત્કંઠા રાખે છે અને તેથી તેઓશ્રી તરફથી રાજ્યમાં અનેક પાઠશાળાઓ ચલાવવામાં આવે છે.

તેઓશ્રી સરળ સ્વભાવના મીઠાબોલા તથા હસમુખા છે. કટુતાએ તો તેમનો સ્પર્શ પણ કર્યો નથી. વળી તેમની

પ્રકૃતિ અત્યંત શાંત છે અને અહિંસા ધર્મના અનુરાગી છે. આપણા ચરિત્રનાયકના તેઓ પરમ ભક્ત છે. જ્યારે જ્યારે મહારાજશ્રી દેવાસ પધારે છે, ત્યારે તેઓ બને ત્યાં સુધી તો વ્યાખ્યાનનો લાભ અચૂક લે છે, અને તે સિવાય દિવસ તથા રાત્રિના વખતે પુરસદ મળતાં અન્ય સેવાઓ પણ કરે છે. વળી જૈન ધર્મના તાત્ત્વિક વિષયોથી પરિચિત થવાને માટે અનેક પ્રકારના પ્રશ્નો તથા શંકાઓ રજુ કરી યોગ્ય ઉત્તરો મેળવી મનનું સમાધાન કરે છે. આ ઉપરાંત દર વર્ષે એક વખત દેવાસ પધારવાને માટે પણ આગ્રહ પૂર્વક વિજ્ઞપ્તિ કરતા રહે છે. સારાંશ એ છે કે ઉપરોક્ત ઉદાહરણોમાં દર્શાવ્યા મુજબ શ્રીમાનની ધાર્મિક રુચિ તથા ભાવના પ્રશંસનીય છે.

તેઓશ્રીનાં આદર્શ કાર્યોનું પ્રત્યેક નૃપતિ અનુકરણ કરી પોતાના કર્તવ્યનું પાલન કરી અન્ય વ્યક્તિઓ માટે આદર્શ ઉદાહરણ રજુ કરે, એવી અમારી હાર્દિક અભિલાષા છે.
**बहुरत्ना वसुंधरा ।**

---

## સ્વ. શ્રીમાન ધર્મપ્રેમી દાનવીર રાયબહાદુર શેઠ કુંદનમલજી કોઠારી.

### બ્યાવરના ઑનરરી મેજીસ્ટ્રેટનો

# સંક્ષિપ્ત પરિચય.

---

તેઓશ્રીનો શુભજન્મ વિક્રમ સંવત ૧૯૨૬ના કાર્તિક સુદ પૂર્ણિમાની મધ્યરાતે શુભ લગ્નમાં, ઓસવાળ જાતિના

સુપ્રસિદ્ધ કોઠારી ગોત્રમાં થયો હતો. તેઓશ્રીના પિતાશ્રીનું શુભ નામ હંસરાજ હતું. સમયાનુસાર તેઓ સહકુટુંબ સુખદ સ્થિતિમાં રહેતા હતા. બાલ્યાવસ્થાથીજ તેમનામાં ઉદારતા, દયાળુતા, ધૈર્ય તથા ગાંભીર્ય આદિ સદ્‌ગુણોનો પ્રાદુર્ભાવ થયો હતો. અને તે સઘળા સદ્‌ગુણો ક્રમે ક્રમે વૃદ્ધિ પામતા ચાલ્યા. જેનાં કેટલાંક આદર્શ ઉદાહરણો આજ અમારી સામે મોજુદ છે.

તેમની રાજભક્તિ આદિ સદ્‌ગુણોથી સંતુષ્ટ થઇ સરકારે તેમને તા૦ ૫ મી જુન સને ૧૯૨૦ને દિવસે રાયસાહેબની સન્માનદર્શક ઉપાધિથી વિભૂષિત કર્યા. ત્યાર બાદ થોડાજ સમયમાં તેમની લાયકાત તથા ન્યાયપરાયણતાથી મુગ્ધ થઇ સ્થાનિક સરકારે તેમને ઑનરરી મેજીસ્ટ્રેટના પદ ઉપર સ્થાપિત કર્યા.

પરોપકાર કરવાને માટે તેઓ સદૈવ તન મન અને ધનથી તત્પર રહેતા હતા સંવત ૧૯૭૧માં ભયંકર દુકાળ પડવાથી મારવાડ પ્રાન્તના અનેક ખેડુતો પોતાના પ્રાણપ્રિય પશુધન સહિત હજારોની સંખ્યામાં બ્યાવર થઇ માળવા જતા હતાં. તે સમયે તેમણે તે ગાયો આદિ મુંગાં પશુઓને આઠ હજાર રૂપીઆનું ઘાસ નંખાવી તેમની ક્ષુધાનું નિવારણ કરી પુષ્કળ પુણ્ય પ્રાપ્ત કર્યું. પ્રિય પાઠકો! તેમની આદર્શ ઉદારતાનું એક વિશેષ પ્રશંસનીય ઉદાહરણ આ રહ્યું એક દિવસ મોં માગ્યો ભાવ આપવા છતાં પણ જ્યારે ઘાસ ન મળી શક્યું ત્યારે દયાભાવથી દ્રવિત થઇ લગભગ એક હજાર રૂપીઆના કપાસીયા નંખાવી પેલાં મુંગાં પશુઓનું સંરક્ષણ કર્યું. તેમજ પેલા ખેડૂતોને પણ ભુંજેલા ચણા તથા વસ્ત્રાદિ

આપી સહાયતા કરી. આ પ્રમાણે પશુઓને ઘાસ તથા કપાસીયાથી અને મનુષ્યોને અન્ન તથા વસ્ત્રથી સંતુષ્ટ કર્યાં.

ધાર્મિક તથા વ્યવહારિક વિદ્યાપ્રચારાર્થે પણ તેઓશ્રીએ અનેક પાઠશાળાઓમાં હજારો રૂપીઆનું દાન આપી સહાયતા કરી હતી.

તેઓશ્રીએ પોતાનાજ ખર્ચે એક ઔષધાલય પણ ઘણા સમયથી સ્થાપન કર્યું છે. જેનો વાર્ષિક ખર્ચ લગભગ અઢી હજાર રૂપીઆ આવે છે.

અનાથાશ્રમો, ઇસ્પિતાલો તથા ખાનગી ઔષધાલયો આદિ અનેક સંસ્થાઓને તેઓશ્રીની મારફતે આર્થિક સહાયતા મળ્યા કરતી હતી. જીવદયા તથા અન્ય શુભ કાર્યો માટે પણ સઘળા કરતાં મોટી રકમ તેમના તરફથીજ મળતી હતી. જે ધાર્મિક તથા સામાજીક ક્ષેત્રમાં તેઓ પ્રવેશ કરતા, તેમાં તે સહેજે પાછા પડયા સિવાય રચ્યાપચ્યા રહેતા હતા. અને મુખ્યત્વે આગળ પડતો આગેવાન તરીકેનો ભાગ બજવતા હતા.

તેમનાં અન્ય અનેક પ્રશંસનીય કાર્યોમાંના એકનો વિશેષ ઉલ્લેખ આ સ્થળે કરીએ છીએ. મેરવાડાના લોકો ગામડાંમાં હોલીકોત્સવને બીજે દિવસે "અહેડા" ખેલે છે. તમામ ગામના માણસો એ દિવસે (હોળીને બીજે દિવસે) અસ્ત્રશસ્ત્રથી સુસજ્જિત થઇ જંગલમાં જાય છે. ત્યાં હા, હો, હૂ આદિ અનેક પ્રકારના પોકાર કરતા અને બરાડા પાડતા, ચારે બાજુ ખૂબ જોરથી દોડે છે. તે વખતે તેમની સામે નાનું મોટું જે કોઇ પશુ આવે છે, તેને તે લોકો જીવતું જવા દેતા નથી. આ દુષ્ટ પ્રથાને તેમણે સને.

૧૯૦૯માં કેટલાંક ગામોના લોકોને પ્રીતીભોજન આપી બંધ કરાવી. આ રહ્યું એ ધર્મજ્ઞ વીર તથા ધર્મભીરૂની દયાળુતાનું જ્વલંત ઉદાહરણ.

શ્રીમાન શેઠજી ધી મહાલક્ષ્મી મીલ્સ કંપની–બ્યાવરના મેનેજીંગ ડાયરેકટર છે.

તેઓશ્રી એક અત્યંત લાયક તથા પ્રભાવશાળી વ્યક્તિ હતા એ જણાવવાની જરૂરજ કયાં છે? સાચી વાત તો એ છે કે તેઓશ્રી આ સઘળા સદ્‌ગુણોના ભંડાર હોવાથી વાસ્તવિક રીતે કુંદન સમાન શુદ્ધ હૃદયના તથા સ્વનામ શોભાવનાર હતા. તેઓશ્રી પ્રેમની પ્રતિમા-રૂપ સાૌમ્ય સ્વભાવવાળા, પ્રસન્ન વદનધારી તથા શાન્ત મિજાજવાળા હતા. અભિમાન તો તેમની સમીપજ જઇ શકતું નહોતું. ધાર્મિક કાર્યો માટે તેમનો અનુરાગ અનુકરણીય હતું. પોતાને ત્યાં નોકરી ચાકરી કરનારા પ્રત્યે પણ તેઓ પોતાના ભાઇઓ જેવું વર્તન ચલાવતા હતા. આવા અનેક ગુણોથી અલંકૃત હોવાને લીધે તેમને એક આદર્શ પુરૂષ કહેવામાં સહેજે અતિશયોક્તિ થતી નથી. તેમના જીવનના મહત-કાર્યો તથા પ્રસંગોનો વિસ્તૃત ઉલ્લેખ કરવામાં આવે તો એક સ્વતંત્ર ગ્રંથ રચી શકાય. તેથી આટલાથીજ અહીં સંતોષ માનવો રહ્યો. તેઓશ્રી સંવત ૧૯૮૫માં દેવલોક પામ્યા છે.

તેમના સપૂત શ્રી શેઠ લાલચંદજી પણ પિતાના જેવાજ સરળ સ્વભાવના, હસમુખા તથા ઉદાર દિલના છે.

## પ્રકરણ ૪થું.

# જૈનધર્મ એ પ્રાચીન છે

(મૂળ લેખક–શ્રીમાન વૈદ્ય તનસુખજી વ્યાસ–ભૂતપૂર્વ સંપાદક 'વૈદ્ય કલ્પતરૂ.')

શ્રીમાન પૂજ્ય વ્યાખ્યાન વાચસ્પતિ શ્રી ૧૦૦૮ શ્રી ચૌથમલજી મહારાજ લગભગ ૨૫ દિવસથી જોધપુરમાં બિરાજે છે. તેમનાં વ્યાખ્યાન અહીં રોજ થાય છે. અને તે પ્રસંગે જબરદસ્ત જન મેદની જમા થાય છે. કેટલીક વખત તો શ્રાતાઓની સંખ્યા ૨૦૦૦ કરતાં પણ અધિક થઈ જાય છે. તેમના મનોરમ્ય, બોધદાયક ધાર્મિક વ્યાખ્યાનોની અહીંની જનતા ઉપર પણ સુંદર છાપ પડી છે, અને તેથી લોકોની એવી હાર્દિક અભિલાષા છે કે શ્રીમાન મુનિરાજનો આગામી ચાતુર્માસ અત્રે થાય. આને માટે કેવળ જૈનસંઘેજ નહિ પરંતુ જોધપુરની સમગ્ર હિંદુજનતાએ વિજ્ઞપ્તિ કરી પોતાની આકાંક્ષા વિદિત કરી છે. આશા છે કે એ અભિલાષા પૂર્ણ થશે શ્રીમાન પોષ વદ ૧૩ને દિવસે અત્રેથી વિહાર કરી મહામંદિર પધાર્યા છે, અને ત્યાં પણ થોડાક દિવસ તેઓ-શ્રીનો મુકામ રહેશે એમ માલૂમ પડે છે. ત્યાંથી વિહાર કરી તેઓશ્રી ઘણે ભાગે બ્યાવર પધારશે. જોધપુરથી વિહાર કરી જવાના દિવસે તેઓશ્રીએ જે વ્યાખ્યાન આપ્યું તે

અત્યંત પ્રભાવશાળી હતું. અને શ્રોતાઓની પણ ભારે ઠઠ જામી હતી. પ્રારંભમાંજ તેઓશ્રીએ રાગ અને દ્વેષની એવી સરળ રીતે હૃદયગ્રાહી વ્યાખ્યા કરી કે જેને સામાન્ય સમજણવાળો માણસ પણ સહેજે સમજી શકે. આ બાબતમાં રસમય ઉદાહરણો આપી તથા પ્રમાણો ટાંકી બતાવી તેઓશ્રીએ સમજાવ્યું કે તે બંને (રાગ-દ્વેષ) દ્વારા મનુષ્ય અધર્મને પંથે પડી પોતાના જીવનનું અકલ્યાણ પોતાનેજ હાથે કરે છે. પતિવ્રત પર મહાસતી સીતાજીની ઉચ્ચ આદર્શ ભાવનાઓનો વિસ્તૃત ઉલ્લેખ કરી શ્રવણ કરવા આવેલા સ્રી સમાજને જે હિતકર ઉપદેશ આપ્યો તે સદા મનન કરવા તથા અનુકરણ કરવા યોગ્ય હતો. એને લીધે એકલા સ્રી સમાજનેજ નહિ પરંતુ પુરૂષ સમાજને પણ તેમાંથી આવશ્યક બોધ મળે છે. પ્રસંગાનુરૂપ તેમણે એ પણ સમજાવ્યું કે સીતાજીના પતિવ્રતનો ઉપદેશ તથા આદર્શ અને ઉચ્ચ ભાવનાઓને વિદ્વાનોએ અવસ્થાનુસાર પોતાની પ્રાચીનતા સિદ્ધ કરવા ખાતર ઉપજાવી કાઢયાં નથી પરંતુ જૈન ગ્રન્થોમાં જેને રચાયે હજારો વર્ષ વીતી ગયાં છે—પહેલેથી મોજુદ છે. આશ્ચર્યની વાત તો એ છે કે આમ સમજાવ્યા છતાં કેટલાક લોકો એવો પાયા વિનાનો આક્ષેપ કરે છે કે જૈન ધર્મ પણ હમણાં હમણાંમાંજ સ્થાપિત થયેલો છે. પરંતુ પ્રમાણ વિના તેવાઓની વાતોનો કોણ સ્વીકાર કરવાનું છે? માત્ર મોઢે કહી એટલે જૈનધર્મ અર્વાચીન નથી થઇ જવાનો. પાલીના પરમાનંદજી કહે છે કે જૈનોએ પોતાની પ્રાચીનતા દર્શાવવા ખાતર રામચંદ્રજીને જૈન ધર્માનુયાયી લખી નાખ્યા. પરંતુ તેને માટે તેમની પાસે પ્રમાણ શું છે? શું એમ ન બની શકે કે અન્ય

ધર્માવલંબીઓએ પોતાની પ્રાચીનતા સિદ્ધ કરવા ખાતર તેમને પોતાના ધર્મના લખી નાખ્યા? મને કોઈ પણ ધર્મ પ્રત્યે દ્વૅષભાવ નથી. કેવળ જૈનધર્મ ઉપર ખોટા આક્ષેપો કરનારાને મારે એટલુંજ કહેવાનું છે કે તેઓ પ્રમાણ બતાવ્યા સિવાયની એવી વાતો ન કરે કે જેને લીધે તેઓ દોષના ભાગીદાર બને. જૈનધર્મ તો પ્રાચીન કાળથીજ પ્રચલિત છે. વળી રામચંદ્રજી તથા હનુમાનજી ઉદભવ્યા હતા તેજ વાતને કોઈ ન માને, તો તેના ન માનવાથી તેઓ નહોતા થઈ ગયા એ સાબિત થતું નથી.

જૈનધર્મ ઘણો પૂરાણો ધર્મ છે. શ્રી ઋષભદેવ ભગવાનના કાળથી આ ધર્મ ઉતરી આવ્યો છે, સંસારમાં જ્યારે વર્ણાશ્રમ ધર્મની વ્યવસ્થા પણ થઈ નહતી, તેથી પૂર્વેના કાળમાં આ ધર્મ વિદ્યમાન હતો. તેને થયે કરોડો વર્ષ વીતી ગયાં છે. મહારાજશ્રીએ અનેક ઐતિહાસિક વજુદવાળાં પ્રમાણો ટાંકી બતાવી એ સિદ્ધ કરી બતાવ્યું હતું કે જૈનધર્મ એ પ્રાચીન ધર્મ છે. પોતપોતાની સમજણ મુજબ લોકો મનમાં આવે તે લખી નાખે છે. પાલીના પરમાનંદજીએ પણ જૈનધર્મ પાછળથી નીકળ્યો છે, તેની ઐતિહાસિક ગણત્રીમાં ગોટાળો કરેલો છે, તેમણે ઋષભ આદિને જૈન ધર્માનુયાયી વર્ણવી પોતાની પ્રાચીનતા સિદ્ધ કરવાનો ઇરાદો રાખ્યો છે, તેમની ઐતિહાસિક વાતો અસત્ય ઠરી ચૂકી છે, ઇત્યાદી જે મન ફાવે તે 'શ્રીમાલી અભ્યુદય' નામના પત્રમાં લખી નાખ્યું છે, પણ આ બાબતમાં તેમની પાસે શું પ્રમાણ છે? શું જૈન ધર્મનાં તેમણે શાસ્ત્રો પણ જોયાં છે, કે જેને લીધે તે આમ કહેવાનું સાહસ કરે છે? જૈનધર્મનાં લખેલાં પુસ્તકો



મુંબઇના શ્રી કાંદાવાડી જૈન ઉપાશ્રયમાં સંવત ૧૯૮૭ના ચૈત્ર સુદી ૧૩ના
દિવસે ઉજવાયેલ શ્રી વીરજયંતીના ઉત્સવનો દૃશ્ય.

(પરિચય માટે જુઓ પ્રકરણ ૪૧મું.)

પણ એટલાં પ્રાચીન હસ્તલિખિત મળી આવે છે કે જે સાંભળી દંગ થઇ જવાય છે સંવત ૧૫૦૦માં લખેલું પુસ્તક તો મારી પાસે મોજુદ છે. આ ઉપરાંત અનેક પ્રાચીન શિલાલેખ આદિ મળી આવ્યાં છે જે ઉપરથી જૈનધર્મ બૌદ્ધધર્મથી પૂર્વેનો છે અને તદ્દન સ્વતંત્ર છે, એ સાબિત થાય છે. આ બાબતનો પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ સજ્જડ પ્રમાણો દ્વારા સ્વીકાર કર્યો છે. તેમણે કરેલી શોધખોળ પણ કેટલાંક પુસ્તકોમાં પ્રગટ થઇ ગઇ છે. મહાભારતના ગ્રંથમાં પણ જૈન સાધુઓનું બ્યાન આવે છે. મહાભારતના યુદ્ધ સમયે એક નિર્ગ્રન્થ સાધુનાં શુકન થયા હતા, તેથી અર્જુનના પૂછવાથી શ્રીકૃષ્ણે કહ્યું હતું કે આ શુકન તો વિજય પ્રાપ્ત કરાવનાર છે. આ ઉપરાંત બીજાં અનેક ઉદાહરણો આવે છે જે સ્થળ સંકોચને લીધે અહીં આપી શકાય એમ નથી. અલ્પ સમય હોવા છતાં તેઓશ્રીએ અનેક પ્રમાણો આપી શ્રોતાઓને વાસ્તવિક રીતે જૈનધર્મ અતિ પ્રાચીન છે. તે બાબતમાં સંતોષ્યા. વળી જણાવ્યું કે અમને કોઇના પ્રત્યે દ્વેષભાવ નથી. જૈન સાધુ માત્ર સત્ય અને નિર્લોભનોજ ઉપદેશ આપે છે. જે લોકો જૈનધર્મમાં ગોટાળો વાળ્યો છે, એવું દર્શાવે છે તેમને સન્માર્ગ દાખવવા તથા સુબોધ આપવાને માટેજ આટલી ચર્ચા કરવી પડી છે. મહારાજ સાહેબે એક કલાક સુધી અનેક અકાટ્ય પ્રમાણો રજુ કરી હાજર રહેલા શ્રોતાવર્ગમાં જૈનધર્મ પ્રત્યે અગાધ શ્રદ્ધા ઉત્પન્ન કરતાં જણાવ્યું કે જે તેને અર્વાચીન જણાવે છે. તે સઘળા ભ્રમમાં પડેલા છે.

મહામંદિર વિહાર કરી ગયા હોવા છતાં પણ ત્યાંની

જનતા તેઓશ્રીનો સુલલિત અમૃતમય ઉપદેશ સાંભળવાને વિશેષ લાલસા રાખતી હતી, તેથી સુદ ૧ને દિવસે જોધપુરમાં ગીરદીકોટમાં એક સાર્વજનિક વ્યાખ્યાન યોજવામાં આવ્યું. તેઓશ્રીએ કૃપા કરી મહામંદિરથી પધારી એક અત્યંત પ્રભાવ-શાળી વ્યાખ્યાન આપ્યું, જે વખતે લગભગ ચાર હજાર જેટલી જનમેદની જામી હતી. સઘળા ધર્માનુયાયીઓ તે વખતે આવ્યા હતા. મુસલમાનોની પણ સારી સંખ્યા હતી. મોટા મોટા મુત્સદીઓ તથા ઠાકોરો પણ પધાર્યા હતા. તેઓશ્રીએ "અહિંસાનું મહત્ત્વ" એ વિષય પર એવું સરળ અને બોધપ્રદ વ્યાખ્યાન આપ્યું કે જે સાંભળી સમસ્ત શ્રોતાગણ ધર્મનાં ગૂઢ તત્ત્વોની વાતો જાણી પારાવર પ્રસન્ન થયો. તેઓશ્રીએ અંત્યજોની બાબતમાં પણ ઉપદેશ આપતાં જણાવ્યું કે અસ્પૃશ્યતા એ એક પાપ છે. સાડાત્રણ કલાક સુધી શાન્ત ચિત્તે શ્રોતાઓએ તેમને ધ્યાનપૂર્વક સાંભળ્યા અને વિશેષ સાંભળવાને આતુર હતા. તેજ વખતે ચાતુર્માસને માટે વિજ્ઞપ્તિ કરવામાં આવી. સાંભળવામાં આવ્યું છે કે તેઓશ્રીનું એક વિશેષ વ્યાખ્યાન સોજતિયા દરવાજાની બહાર થવાનું છે.

# વેદાંત ગ્રન્થો કરતાં પણ જૈનધર્મની પ્રાચીનતા.

પ્રિય વાંચક! જોકે ગ્રન્થારંભમાંજ જૈનધર્મની પ્રાચીનતાના બારામાં અનેક વિદ્વાનોના અભિપ્રાય તથા શિલાલેખો ઉપરનાં અકાટય પ્રમાણો દ્વારા એ સિદ્ધ કરી ચૂકયા છીએ કે જૈનધર્મ એ અતિ પ્રાચીન તથા સર્વોત્તમ છે, તોપણ અમને કેટલાક સજ્જનો તરફથી સૂચવવામાં આવ્યું કે આ વિષય ઉપર વેદપુરાણાદિ અન્ય ધર્મશાસ્ત્રો તથા ગ્રંથોનાં પ્રમાણો પણ અવશ્ય ટાંકવાં જોઇએ. આથી એ સજ્જનોના આગ્રહને માન આપી આ વિષયમાં પ્રમાણભૂત શ્લોકો તેમના ભાવાર્થ સાથે નીચે આપીએ છીએ.

ભગવાન શ્રી ઋષભનાથજી જૈનધર્મના પ્રથમ તીર્થંકર થયા છે. તેમના પિતાનું નામ નાભિરાજા અને માતાનું નામ મરૂદેવી તથા તેમના સો પુત્રોમાં સૌથી જ્યેષ્ઠ પુત્રનું નામ ભરત હતું. તેમની બાબતમાં પુરાણો તથા વેદોમાં આ મુજબ ઉલ્લેખ છે:—

શિવપુરાણમાં—

**कैलासे पर्वते रम्ये वृषभोऽयं जिनेश्वरः**

**चकार स्वावतारं च सर्वज्ञः सर्वगः शिवः ॥५९॥**

**અર્થાત**—કેવલજ્ઞાન દ્વારા સર્વવ્યાપી, કલ્યાણ સ્વરૂપ, સર્વવિશ્વજ્ઞાતા ઋષભનાથ જિનેશ્વર મનોહર કૈલાસ પર્વત ઉપરથી ઉતર્યા હતા. ઋષભનાથે કૈલાસ પર્વતથીજ મુક્તિ મેળવી છે. જિનનાથ, અર્હંત, આ શબ્દ જૈન તીર્થંકરોને માટે પ્રચલિત છે.

બ્રહ્માણ્ડ પુરાણમાં જુઓ—

**नाभिस्त्वजनयत्पुत्रं मरुदेव्यां मनोहरम् ।**
**ऋषभं क्षत्रियज्येष्ठं सर्वक्षत्रस्य पूर्वजम् ॥**
**ऋषभाद्भरतो जज्ञे वीरः पुत्रशताग्रजः ।**
**भिषिच्य भरतं राज्ये महाप्राव्राज्यमास्थितः ॥**

**इह हि इक्ष्वाकुकुलवंशोद्भवेन नाभिसुतेन मरुदेव्यानन्दनेन महादेवेन ऋषभेण दशप्रकारो धर्मः स्वयमेवाचीर्णः केवलज्ञानलाभाच्च प्रवर्तितः ॥**

અર્થાત્ નાભિરાજાને મરૂદેવી મહારાણીથી મનોહર ક્ષત્રિયોમાં પ્રધાન અને સમસ્ત ક્ષત્રિયવંશનો પૂર્વજ એવો ઋષભ નામનો પુત્ર ઉત્પન્ન થયો. ઋષભનાથથી શૂરવીર સો ભાઈઓમાં પાટવી ભરત નામનો પુત્ર ઉત્પન્ન થયો. ઋષભનાથે ભરતને રાજ્યાભિષેક કરી રાજપાટ સોંપી પોતે જૈન દીક્ષા લઈ મુનિ થયા. આ આર્યાવર્તમાં ઇક્ષ્વાકુ ક્ષત્રિય વંશમાં ઉત્પન્ન થયેલા નાભિરાજા તથા મરૂદેવી મહારાણીના પુત્ર ઋષભનાથે ક્ષમા, માર્દવ (મૃદુતા), આર્જવ (સરળતા), સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, અકિંચન (અપરિગ્રહ) તથા બ્રહ્મચર્ય આ દશ પ્રકારનો ધર્મ પોતે ધારણ કર્યો, અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી એ ધર્મનો પ્રચાર કર્યો.

પ્રભાસ પુરાણમાં આ પ્રમાણે ઉલ્લેખ છે:—

युगे युगे महापुण्या दृश्यते द्वारकापुरी ।
अवतीर्णो हरिर्यत्र प्रभासे शशिभूषणः ॥
रेवताद्रौ जिनो नेमिर्युगादिर्विमलाचले ।
ऋषीणामाश्रयादेव मुक्तिमार्गस्य कारणम् ॥

અર્થાત્—પ્રત્યેક યુગમાં દ્વારિકાપુરી મહાપુણ્યશાળી દૃષ્ટિગોચર થાય છે. જ્યાં ચંદ્રસમાન મનોરમ્ય નારાયણ અવતાર લે છે. ત્યાં પવિત્ર રેવતાચલ (ગિરનાર પર્વત) ઉપર નેમિનાથ જિનેશ્વર થયા, કે જે ઋષિઓના આશ્રય સ્થાન અને મોક્ષના કારણભૂત હતા.

ભગવાન શ્રી નેમિનાથ, ભગવાન શ્રીકૃષ્ણના પિતા વસુદેવના વડીલ બંધુ મહારાજ સમુદ્રવિજયના પુત્ર હતા. તેઓ દ્વારિકા નિવાસી હતા. તેમણે રેવતાચલ (ગિરનાર પર્વત) ઉપર તપસ્યા કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો છે તેઓ બાવીસમા તીર્થંકર અને ભગવાન શ્રીકૃષ્ણના પિતરાઇ ભાઇ હતા.

નાગપુરાણમાં લખ્યું છે કે:—

अष्टषष्ठिषु तीर्थेषु यात्रायां यत्फलं भवेत् ।
आदिनाथस्य देवस्य स्मरणेनापि तद्भवेत् ॥

અર્થ—અડસઠ તીર્થોની યાત્રા કરવાથી જે પુણ્યફળ પ્રાપ્ત થાય છે તેટલુંજ ફળ ભગવાન આદિનાથનું સ્મરણ કરવાથી પ્રાપ્ત થાય છે. ઋષભનાથજીનું બીજું નામ આદિનાથ છે, કેમકે તેઓ પ્રથમ તીર્થંકર છે.

નાગપુરાણમાં આ પ્રમાણે આવે છે:—

अकरादि हकारान्तं मुर्द्धाधोरेफसंयुतम् ।
नादबिन्दुकलाक्रांतं चन्द्रमंडलसन्निभम् ॥
एतद्देवि परं तत्त्वं यो विजानाति तत्त्वतः ।
संसारबंधनं छित्त्वा स गच्छेत्परमां गतिम् ।
दशभिर्भोजितैर्विप्रः यत्फलं जायते कृते ।
मुनेरर्हत्सु भक्तस्य तत्फलं जायते कलैा ॥

એટલે કે જેનો પ્રથમ અક્ષર 'અ' અને અંતિમ અક્ષર 'હ' છે, અને જેના ઉપર અર્ધો 'રેફ' તથા 'ચન્દ્રબિંદુ' વિરાજમાન છે, એવા 'અર્હં' ને જે કોઈ સત્ય સ્વરૂપે ઓળખી લે છે, તે સંસાર બંધનને છેદીને પરમગતિ (મોક્ષ)ને પામે છે. કૃતયુગમાં દશ બ્રાહ્મણોને ભોજન કરાવ્યાથી જે ફળપ્રાપ્તિ થાય છે, તેટલુંજ ફળ અર્હંતના ભકત એક મુનિ અથવા જૈન સાધુને ભોજન કરાવવાથી પ્રાપ્ત થાય છે.

વારાહપુરાણ તરફ નજર નાંખો:—

तस्य भरतस्य पिता ऋषभः हेमाद्रेर्दक्षिणं वर्षमहद्भारतं नाम शशास ।

તાત્પર્ય કે એ ભરત રાજાના પિતા ઋષભનાથ હિમાલય પર્વતની દક્ષિણ દિશાએ આવેલા ભારતવર્ષ ઉપર પોતાનું શાસન ચલાવતા હતા.

અગ્નિપુરાણ તરફ દષ્ટિપાત કરો:—

ऋषभो मरुदेव्या च ऋषभाद्भरतोऽभवत ।
भरताद्भारतं वर्षं भरतात्सुमतिस्त्वभूत् ॥

અર્થાત્—મરૂદેવીને ઉદરે ઋષભનાથ અવતર્યા. અને ઋષભનાથથી ભરતરાજાનો જન્મ થયો. ભરત રાજાનું આ ખંડ (દેશ)માં શાસન હોવાથી એનું નામ ભારતવર્ષ પડયું છે. ભરતથી સુમતિ અવતર્યા.

આ પ્રમાણે ભગવાન ઋષભનાથના પુત્ર ભરત ચક્રવર્તીના નામ ઉપરથી આ દેશનું નામ ભારતવર્ષ પડયું, એવું જૈન ધર્મગ્રન્થોમાં લખવામાં આવ્યું છે, તેને અગ્નિપુરાણનું પણ અનુમોદન મળે છે.

શિવપુરાણની અનુમતિ છે કેઃ—

अर्हन्निति च तन्नाम ध्येयं पापप्रणाशनम् ।
भद्रभिश्चैव कर्तव्यं कार्यं लोकसुखावहम् ॥

એટલે કે "અર્હન્" આ શુભ નામ પાપનાશક છે. જગત સુખદાયક આ શુભ નામનું ઉચ્ચારણ તમારે પણ કરવું જોઈએ.

મનુસ્મૃતિમાં પણ આમ જણાવવામાં આવ્યું છે કેઃ—

कुलादिबीजं सर्वेषामाद्यो विमलवाहनः ।
चक्षुष्मांश्च यशस्वी चाभिचन्द्रोऽथ प्रसेनजित् ॥
मरुदेवी च नाभिश्च भरते कुलसत्तमाः ।
अष्टमो मरुदेव्यां तु नाभेर्जात उरुक्रमः ॥
दर्शयन्वर्त्म वीराणां सुरासुरनमस्कृतः ।
नीतित्रयाणां कर्ता यो युगादौ प्रथमो जिनः ॥

અર્થાત્—કુલ આચરણ આદિના કારણભૂત કુલશ્રેષ્ઠ સર્વથી પહેલા વિમલવાહન, ત્યારબાદ ક્રમશઃ ચક્ષુષ્માન,

યશસ્વી, અભિચન્દ્ર, પ્રસેનજિત તથા નાભિરાય નામે કુલકર આ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયા. ત્યારબાદ મરૂદેવીને પેટે નાભિરાયનો પુત્ર, મોક્ષમાર્ગ દાખવનાર, સુર તથા અસુરોથી પૂજાયેલા, ત્રણે નીતિના વિધાતા પ્રથમ જિનેશ્વર-ઋષભનાથ સતયુગના પ્રારંભમાં થયા.

"ઋષભ" શબ્દનો અર્થ "આદિ જિનેશ્વર" જ છે, તેમાં કોઇ પણ પ્રકારની શંકા કરવાની આવશ્યકતા નથી. કેમકે વાચસ્પતિ કોષમાં 'ઋષભ' શબ્દનો અર્થ "જિનદેવ" તથા "શબ્દાર્થ ચિંતામણિ"માં "ભગવદવતાર ભેદે આદિ જિને" એટલે કે ભગવાનનો એક અવતાર અથવા તો પ્રથમ જિનેશ્વર અગર તીર્થંકર એવો અર્થ કર્યો છે.

આ સિવાય જૈનધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવજીને આઠમા અવતાર દર્શાવી ભાગવતના પાંચમા સ્કન્ધમાં ચોથા, પાંચમા તથા છઠ્ઠા અધ્યાયમાં પુષ્કળ વિસ્તારપૂર્વક વર્ણન આપવામાં આવ્યું છે. એ પ્રકરણને આ સ્થળે ટાંકી બતાવી આ લેખને વિશેષ લંબાવવાનું ઉચિત લાગતું નથી.

સુજ્ઞ વાંચક! તું ભાગવતના પાંચમા સ્કન્ધને વાંચી જવાની જરૂર તસ્દી લેજે. ઉપર રજુ કરેલાં પ્રમાણોથી એટલું તો સુગમતાથી સિદ્ધ થાય છે કે સૃષ્ટિના પ્રારંભકાળમાં ભગવાન ઋષભનાથ થયા, અને તેઓ પહેલા જિનતીર્થંકર હતા. તદનુસાર જૈનધર્મની સ્થાપના તે સમયે થઈ હતી. તે સ્વયંસિદ્ધ છે, તથા ઋષભનાથજીને 'જિન' વિશેષણ લાગતું હોવાથી પણ એ સિદ્ધ થાય છે. આ કારણો ઉપરથી એમ

સમજી શકાય છે કે જૈનધર્મનો ઉદયકાળ ભગવાન ઋષભનાથના જમાનામાં થયો, કે જે ૧૦–૨૦ હજાર વર્ષના ઇતિહાસના ઘણા કાળ પૂર્વે વિદ્યમાન હતા.

ભગવાન રામચંદ્રજીના કુળગુરૂ વશિષ્ઠ ઋષિ વિરચિત યોગવશિષ્ઠ નામના ગ્રંથમાં આ પ્રમાણે ઉલ્લેખ છે:—

**नाहं रामो न मे वाञ्छा भावेषु च न मे तनः ।**
**शांतिमास्थातुमिच्छामि स्वात्मन्येव जिनो यथा ॥**

અર્થાત્—રામચંદ્રજી કહે છે કે હું રામ નથી, મારે કોઈ પણ વસ્તુની અભિલાષા પણ નથી. માત્ર હું જિનદેવની માફક મારા આત્મામાંજ શાન્તિ સ્થાપન કરવા ચાહું છું.

આ ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે રામચંદ્રજીના સમયમાં જૈનધર્મનું તથા તેના ઉદ્ધારક જિનદેવો (તીર્થંકરો)નું અસ્તિત્વ હતું.

આ બધાને છોડીને હવે અમે વેદો તરફ વળીએ છીએ. જોઇએ કે તેમાં પણ આપણે હાથ કંઇ આવે છે કે કેમ? કેમકે આધુનિક ગ્રંથોમાં વેદ વિશેષ પ્રાચીન મનાય છે. ઋગ્વેદ, સામવેદ તથા અથર્વવેદના અનેક મંત્રોમાં જૈન તીર્થંકરોનાં અભિધાનોનો ઉલ્લેખ કરી તેમને નમસ્કાર કરવામાં આવ્યો છે, જુઓ—

ઋગ્વેદ પર પહેલાં દૃષ્ટિપાત કરીએ—

**आदित्या त्वमसि आदित्य सद् आसीत स्तभ्राद्द्यां “ वृषभोन्तरिक्षं ” विमिमीते वरिमाणं । पृथिव्या आसित्तद्विश्वा भुवनानि सम्राड्विश्वेतेति वरुणस्य व्रतानि ॥**

२० अ० ३ ।

એટલે કે—તું અખંડ પૃથ્વીમંડળના સાર ત્વચાસ્વરૂપ છે. પૃથ્વીતલનું ભૂષણ છે, દિવ્યજ્ઞાન દ્વારા આકાશની માપણી કરે છે, એવા હે 'વૃષભનાથ' સમ્રાટ! આ સંસારમાં જગ-રક્ષક વ્રતોનો સંચાર કરો.

अर्हन्विभर्षि सायकंनिधन्वार्हन्निष्कं यजतं विश्वरूपम्।

अ० १ अ० ६ व० १६

अर्हन्निदयसे विश्वं भुवभुवं न वा ओजीयो रुद्रत्वदस्ति।

अ० २ अ० ७ व० १७

અર્થાત્—હે અર્હન્ દેવ! તમે ધર્મરૂપી તીરને સદુપદેશરૂપી ધનુષ્યને અને અનન્તજ્ઞાનાદિરૂપી આભૂષણોને ધારણ કર્યાં છે. હે અર્હન્! આપે જગતને પ્રકાશ આપનાર કેવળજ્ઞાન સંપાદન કર્યું છે, આપ સંસારના જીવોના રક્ષણહાર છો, કામ ક્રોધાદિ શત્રુ સમૂહને ત્રાસ આપનાર છો, અને આપના સમાન અન્ય કોઈ બળવાન નથી.

दीर्घायुत्वायुबलायुर्वा शुभं जातायुः। ॐ रक्ष रक्ष अरिष्ट-नेमि स्वाहा। वामदेवशान्त्यर्थमनुविधीयते सोस्माकं अरिष्ट नेमि स्वाहा। ॐ त्रैलोक्य प्रतिष्ठितान् चतुर्विंशति तीर्थङ्करान् ऋषभाद्यावर्द्धमानान्तान् सिद्धान् शरणं प्रपद्ये।

त्रातारमिंद्रं ऋषभं वदन्ति अतिचारमिंद्रं तमरिष्टनेमिं भवे भवे सुभवं सुपार्श्वमिन्द्रं हवे तु शकं अजितं जिनेद्रं तद्वर्द्धमानं पुरुहूतमिंद्र स्वाहा।

ऋषभ एव भगवान ब्रह्मा भगवता ब्रह्मणा स्वयमेवा-चीर्णानि ब्रह्माणि तपसा च प्राप्तः परं पदम् (आरण्यके)।

ઈત્યાદિ અનેક મંત્રો ઋગ્વેદમાં મોજુદ છે, જેમાં જૈનધર્મના ઉદ્ધારકર્તા તીર્થંકરોના નામોનો ઉલ્લેખ કરી

નમસ્કાર કરવામાં આવ્યા છે. ઋષભનાથ, અજિતનાથ, સુપાર્શ્વનાથ, નેમીનાથ (અથવા અરિષ્ટનેમિ) વીરનામ (અથવા મહાવીર) આદિ જૈન અર્હંતો (તીર્થંકરો)નાં નામ છે.

હવે યજુર્વેદ તરફ દૃષ્ટિ ફેરવો :—

**ॐ नमो अर्हन्तो ऋषभो ॐ त्रातारमिन्द्रं वृषभं वदन्ति अमृतारमिन्द्रं हेव सुगतं सुपार्श्वमिन्द्रमाहुरिति स्वाहा ।**

**वाजस्यनु प्रसव आवभूवेमा च विश्वभुवनानि सर्वतः स नेमिराजा परियाति विद्वान् प्रजां पुष्टि वर्धयमानो अस्मै स्वाहा ।** अ० ६ मं० २५ ।

અર્થાત્—ભાવયજ્ઞ (આત્મ સ્વરૂપ)ને પ્રગટ કરનાર, આ સંસારનું સઘળા જીવોને સર્વ પ્રકારે યથાર્થ રૂપ જણાવનાર જે સર્વજ્ઞ નેમીનાથસ્વામી પ્રગટ થયા છે, જેમના ઉપદેશથી દેહધારીઓના આત્માને પુષ્ટિ મળે છે, એવા નેમિનાથ તીર્થંકરને આહુતિ સમર્પણ હજો.

**स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वस्ति न पूषा विश्ववेदाः । स्वस्ति नस्तार्क्ष्यो अरिष्टनेमिः स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥**

अ० २५ मं० १९ ।

ઇત્યાદિ એવી અન્ય અનેક શ્રુતિઓ યજુર્વેદમાં વિદ્યમાન છે, જે અત્યંત આદરભાવ સાથે જૈન તીર્થંકરોને નમસ્કાર કરવાની પ્રેરણા કરે છે.

હવે સામવેદમાંથી પણ કેટલાક શ્લોકોનું અવલોકન કરીએ—

**अप्पा यदि मेपवमान रोदसी इमा च विश्वा भुवनानि मन्मना यूथेन निष्ठा वृषभो विराजसि ।**

३ अ० १ मं० ११ ।

न ये दिवः पृथिव्या अन्तमापुर्न मायाभिर्नधदा पर्यभुवन्
युजं वज्र वृषभश्चक्रेन्द्रो निर्ज्योतिषा तमसोगा अदुक्षत् ।

१० ५० १०३ ।

इम स्तोम अर्हते जातवेदसे रथं इव समहेयम मनिषया
भद्रा हि न प्रमन्ति अस्य संसदि अग्ने सख्ये मारिषामवयं तवः।

१० ऋ० ५० ८५ ।

तरणि रित्सषासति वीजं पुरं ध्याः युजा आव इन्द्र
पुरुहूतं नमोंगर नेमिं तष्टेव शुद्रमं ॥

२० अ० ५ म० ३ व० १७ ।

ઇત્યાદિ બીજા અનેક મંત્રો જૈન તીર્થંકરો પ્રત્યે પૂજ્યભાવ પ્રગટ કરતા, સામવેદ તથા અથર્વવેદમાં મોજુદ છે. જે સઘળાનો સ્થળસંકોચને લીધે અત્રે ઉલ્લેખ કરી શકતા નથી.

ઉપરોક્ત પ્રમાણો ઉપરથી સારી રીતે એ સિદ્ધ થઇ ચુકયું છે, કે વેદોની ઉત્પત્તિ પહેલાં જૈનધર્મ આ જગતમાં પારાવાર પ્રભાવપૂર્વક પ્રસર્યો હતો. તેથીજ પુરાણો રચનારની માફક વેદોને રચનાર ઋષિમુનિઓએ પણ પોતાના રચેલા મંત્રો દ્વારા જૈન તીર્થંકરોને નમસ્કાર કર્યા છે. તેથી વેદોને માનનાર કોઈ પણ નિષ્પક્ષપાતી વિદ્વાન વેદોને સાક્ષીભૂત રાખી જૈનધર્મ વૈદિકધર્મની પછીથી ઉત્પન્ન થયો એમ કહેશે નહિં. જો મહાભારતનો કાળ જોઇએ, તો તે વખતે "શ્રી નેમિનાથ" બાવીસમા તીર્થંકર હસ્તિ ધરાવતા હતા, જે

બાબત તે કાળમાં રચાયેલા ગ્રંથો ઉપરથી પ્રગટ થાય છે, તેથી તે કાળમાં પણ જૈનધર્મનો લ્હોળો પ્રચાર સ્વયંસિદ્ધ છે. જો રામચંદ્રજી તથા લક્ષ્મણજીના સમયનો વિચાર કરવામાં આવે તો તે સમયે પણ જૈનધર્મની સત્તા જામેલી નજરે પડે છે. કેમકે એક તો તે વખતે જૈનધર્મના વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતનાથે જૈનધર્મનો પ્રચાર કર્યો હતો, જે વાત તે વખતે વશિષ્ઠ ઋષિ વિરચિત 'યોગવશિષ્ઠ' નામક ગ્રંથના ઉપર ટાંકેલા શ્લોક ઉપરથી સાબિત થાય છે. હવે વિચાર કરો કે તે સમય પહેલાં બીજા ૧૯ તીર્થંકરો તો થઇ ગયા હતા. કે જેમણે આ જગતમાં જૈનધર્મનો ફેલાવો કર્યો હતો, તો પછી તે આ સંસારમાં કેટલા લાંબા કાળ પૂર્વેથી પ્રચલિત હોવો જોઇએ! સર્વથી પહેલાં ભગવાન ઋષભનાથજીએ તેનો પ્રચાર કર્યો. તેથી તેમનો ઉત્પત્તિ કાળ માલુમ પડતાં જૈનમર્ધનો સ્થાપન કાળ જાણી શકાય એમ છે. આમ છે તેથી તો અમારા અનુભવ પ્રમાણે અહીં ઇતિહાસકારો હાથ ધોઇ નાંખે છે. કેમકે ઇતિહાસકારો તો બિચારા ચાર પાંચ હજાર વર્ષ પહેલાંના જમાનાનો ઇતિહાસ રજુ કરવા અસમર્થ છે, તો પછી એ સ્વયંસિદ્ધ છે કે ભગવાન ઋષભદેવના સમયને પ્રગટ કરવા તેમની શક્તિની બહાર છે. બસ, આટલેથી આ વિષયને વિશેષ ન લંબાવતાં 'તેજીને ટકોર' એ ઉક્તિ અનુસાર અત્રેજ વિરમીએ છીએ. આશા છે કે નિષ્પક્ષ, વિચારશીલ વાંચકો સત્ય બીના ગ્રહણ કરવામાં આનાકાની કરશે નહિ.

# જૈન ધર્મની અહિંસા સાંસારિક કાર્યોમાં વિઘ્નરૂપ નથી.

અહિંસા એ જૈનધર્મનો મુખ્ય ઉપદેશ તથા મુદ્રાલેખ છે. હિંસાથી બચવું એનો અર્થ અહિંસા પાળવી, કષાયોને વશવર્તી પોતાના તથા બીજાંના પ્રાણોનો ઘાત કરવો એ હિંસા છે. ક્રોધ, અભિમાન, માયા, લોભ એ કષાયો છે. જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે, પરંતુ એ કષાયોથી જ્ઞાન નષ્ટ થાય છે. જૈનધર્મની અહિંસા એમ નથી સૂચવતી કે જો કોઇ શત્રુ દેશ પર ચઢી આવે તો તે સમયે પોતાની પ્યારી માતૃભૂમિ તથા પ્યારી પ્રજાના રક્ષણ નિમિત્તે તેની સાથે યુદ્ધ ન કરો. હા, પણ જો રાજા કોઈપણ કારણ સિવાય માત્ર લોભનો દાસ બની બીજાનો મુલક છિનવી લેવાને યુદ્ધ કરે અને હજારો માનવીઓનાં ખૂન કરે તો તે અવશ્ય હિંસા છે.

જૈનધર્મની અહિંસાનો સિદ્ધાન્ત ગૃહસ્થને તેનો કાર્યભાર ચલાવવાનો નિષેધ કરતી નથી. જૈનધર્મની અહિંસાના બે વિભાગ પાડવામાં આવે છે:—(૧) સંકલ્પી (૨) આરંભી. ઉપરોકત કષાયોને વશવર્તી કેવળ સ્વાર્થ તથા લોભને લીધે બીજાને નુકસાન પહોંચાડવાની અથવા મારી નાખવાની વૃત્તિથી બીજાનો વધ કરવો, તે 'સંકલ્પી' હિંસા છે. તેથી હિંસાથી ગૃહસ્થે અવશ્ય બચવું જોઇએ. પરંતુ કષાયોના

ગુલામ ન બનતાં સાંસારિક કાર્યો આચરવાને, પરોપકાર કરવાને, પોતા પ્રત્યે તથા અન્ય પ્રત્યે થતો અન્યાય મિટાવવાને જે હિંસા થાય છે તે 'આરંભી' હિંસા કહેવાય છે. આવી હિંસાને માટે ગૃહસ્થને સંપૂર્ણ મનાઇ કરવામાં આવી નથી. આવી હિંસામાં હિંસા કરનારને દિલમાં બીજા પ્રત્યે દ્વેષ કે શત્રુતાનો ભાવ હોતો નથી. બીજાનો વધ કરવાની વૃત્તિ હોતી નથી. તેની ભાવના તો માત્ર કાર્ય વ્યવહાર ચલાવવો, બીજાની રક્ષા કરવી અને પરોપકાર કરવો એજ હોય છે.

જૈનધર્મની અહિંસા કદાપિ એમ કહેતી નથી કે તમારા શરીરને હૃષ્ટપુષ્ટ કરો નહિ, તાકાતવાન બનાવો નહિ, વ્યાયામ કરો નહિ, પરંતુ માત્ર સુકવી નાંખો. હા, પણ એટલું તો અવશ્ય સૂચવે છે કે જે પ્રમાણે છાપો મારીને બીજાની સંપત્તિ છિનવી લઇ પોતાનો ખજાનો ભરપૂર કરવો એ વાજબી નથી, તેજ પ્રમાણે બીજા જીવોનાં શરીરોનો વધ કરી, તે મૃતદેહો વડે આપણા શરીરને હૃષ્ટપુષ્ટ બનાવવું એ પણ વાજબી નથી. તે તો કહે છે કે તમારા શરીરને સાત્વિક ખોરાકથી પોષો, તામસીથી નહિ.

જાતિમાં દૃષ્ટિગોચર થતી કાયરતા તથા નપુંસકત્વ એ અહિંસાને લીધે કદાપિ નથી. બ્રહ્મચર્યનું પાલન ન કરવું, વીર્યનો ગમે તે રીતે નાશ કરવો, બાલ્યાવસ્થામાં લગ્નગ્રંથીથી જોડાવું, માદક પદાર્થોનું અધિક સેવન કરવું, વિગેરે અનેક કારણોને લીધે લોકોની પ્રકૃતિ એવી બની જાય છે, કે જેથી કષાયો વિશેષ પ્રબળ બની વિષયવાસના તરફ મન ઝુકી પડે છે, અને તેથી તે બ્રહ્મચર્યનું સેવન કરી શકતા નથી.

જૈનમતની અહિંસાએ પ્રજાનાં દિલ કોમળ બનાવી તેને કાયર, નિર્બળ તથા નપુંસક બનાવી દીધી છે. એ

વાત સર્વથા બિનપાયાદાર છે. અહિંસાનું પાલન કાયર, નિર્બળ તથા નપુંસક કદાપિ કરી શકતા નથી. અહિંસાનું પાલન તો તે કરી શકે છે કે જેણે પોતાના કષાયોને જીતી લીધા છે. તથા ઇન્દ્રિયોનું દમન કર્યું છે. અહિંસા ધર્મ પર તો તેજ આરૂઢ થઈ શકે છે જે શરીરની ગુલામી તથા સ્વાર્થપરાયણતાને એક બાજુએ રાખી સઘળા જીવોનું અંતઃકરણપૂર્વક શુભ ઇચ્છે છે, તથા સઘળાની સાથે નિઃસ્વાર્થ ભ્રાતૃભાવ રાખે છે. શું કાયર અને નિર્બળ માણસો ઇન્દ્રિયોનું દમન કરી શકે છે? શું નપુંસક શરીરના દાસત્વ તથા સ્વાર્થપરાયણતાને ત્યાગી શકે છે? કદાપિ નહિ. જૈનધર્મની અહિંસા ક્ષત્રિયોને એમ નથી ફરમાવતી કે તમે યુદ્ધ ન કરો, દયા તથા પ્રજાની રક્ષા ન કરો, અન્યાયીને શિક્ષા ન કરો; વૈશ્યોને વ્યાપારાદિ કરવાની મના નથી કરતી. શૂદ્રને શિલ્પ તથા સેવા આદિ કરવાની મનાઇ નથી કરતી. જૈનધર્મની અહિંસા અવશ્ય એટલું તો સઘળાને જણાવે છે કે પોતાની જીભલડીના ક્ષણિક સ્વાદ માટે અથવા પોતાના શરીરને ગોળમટોળ બનાવવા માટે બીજા જીવોનો વધ કરી, તેમના મૃતદેહને ખાશો નહિ, પોતાના શોખની ખાતર જાનવરોનો શિકાર કરશો નહિ, ધર્મને બહાને દેવદેવીઓનાં મંદિરોમાં મૂર્તિઓ સમક્ષ બિચારાં નિરપરાધી, મૂંગાં પ્રાણીઓનું ખૂન વહેવડાવશો નહિ. જૈનધર્મના સઘળા તીર્થંકરો ચક્રવર્તી ક્ષત્રિય હતા, તેમણે રાજ્ય ચલાવ્યાં છે. ભીષણ યુદ્ધો ખેલ્યાં છે. અને તેમાં વિજય સંપાદન કર્યો છે, તથા પ્યારા વતન અને પ્રજાનું સંરક્ષણ કર્યું છે. જ્ઞાન, વિજ્ઞાન, કળા તથા કૌશલ્ય ઇત્યા-

હિને ઉન્નત કર્યાં છે. હા, એટલું તો ચોક્કસ છે કે તેમણે મૂગાં પ્રાણીઓનાં શિકાર ખેલ્યા નથી. તેમનો વધ કરી તેમનાં શરીરોથી પોતાનાં પેટ ભર્યાં નથી, તથા ધર્મના બહાના હેઠળ નિરપરાધી જીવોનું ખૂન વહેવડાવવાની આજ્ઞા આપી નથી.

જાતિનાં શારીરિક બળ તથા લૌકિક ઉન્નતિ સાધવા માટે બાળકોને કમમાં કમ એકવીસ વર્ષની ઉંમર સુધી બ્રહ્મચારી રાખવાં જોઈએ. બાળલગ્નોનો ત્યાગ કરો. બાળકોને ભુરી આદતો તથા કુસંગત અને સંસારના ખોટા ચમકારાથી બચાવો. અને માદક પદાર્થો જે સેંકડો રોગોની ખાણ છે તેમાંથી છોડાવો. સાદો. જલદીથી પાચન થઈ શકે તેવો ખોરાક, ઘી દુધ, મેવો ઇત્યાદિ ખવડાવો. ત્યાર પછી જુઓ કે એવાં બાળકો ધરાવતી જાતિનું શારીરિક બળ, દીર્ઘાયુ તથા હરેક પ્રકારની ઉન્નતિ થવા માંડશે.

## જૈન અહિંસા

('મોડર્ન રિવ્યુ' માસિકમાં શ્રીયુત લીલાધર વત્સલના પ્રગટ થએલા લેખનો થોડો ભાગ.)

(૧) અહિંસાધર્મમાં માનનારા સઘળા ધર્મોમાં જૈન ધર્મનું સ્થાન સર્વથી પ્રથમ તથા ઉત્કૃષ્ટ છે.

(૨) જૈનધર્મની એવી આજ્ઞા નથી કે જ્યારે સબળ નિર્બળને સતાવે અગર ત્રાસ આપે, ત્યારે ઉદાસીન થઇ બેઠા રહેવું. ગૃહસ્થોથી એ કદાપિ સહન થતું નથી અને થવું પણ ન જોઇએ. તેમણે ઉંચ અમલના લાલચુઓને, આતતાયીઓને, (ત્રાસ વર્તાવનાર), બદમાસો, વિષય લંપટો, સ્ત્રીઓનાં સતીત્વ ભ્રષ્ટ કરનાર, અધર્મિયો, લુંટારા તથા ધાડપાડુઓના અન્યાય તથા અત્યાચારોને મૂંગે મોઢે સહન કરવા જોઇએ નહિ.

(૩) અહિંસાનું વાસ્તવિક રીતે એ તાત્પર્ય છે કે ગૃહસ્થોએ માત્ર પોતાના મોજશોખ તથા સાધારણ જરૂરીયાતો માટે હિંસા કરવી જોઇએ નહિ, અગર તો પોતાની દુષ્ટ વાંછનાઓ પરિપૂર્ણ કરવા માટે તેની બીજાને પ્રેરણા પણ કરવી જોઇએ નહિ.

(૪) જૈનોની અહિંસા વ્યકિતગત સ્વાભિમાન તથા સ્વમાન સાચવવામાં વિઘ્નરૂપ નીવડતી નથી, તથા તેનાથી સાહસ, શૌર્ય, સ્વદેશ પ્રેમ, કુટુંબપ્રેમ તથા જાતીય ગૌરવની કોઇ પણ પ્રકારે હાનિ થતી નથી.

(૫) વાસ્તવિક રીતે જૈન અહિંસાનો આદેશ એ નથી કે કોઇપણ મનુષ્ય આત્મરક્ષા કરવા ખતર અથવા આત્માભિમાન જાળવવા ખાતર જરૂરજોગી શક્તિનો ઉપયોગ ન કરે.

(૬) જૈન અહિંસા પોતાની પત્નિ, પુત્રી, ભગિની તથા માતાની આબરૂનું સંરક્ષણ કરવામાં કદાપિ બાધ કરતી નથી.

જૈન અહિંસા માત્ર નિષેધાત્મક ઉપદેશજ નથી એટલે કે કોઇને સતાવો નહિ એટલુંજ નહિ, પરંતુ તેમાં અગાધ તત્વ સમાયેલું છે. તેમાંથી આપણે યોગ્ય નૈતિક ઉપદેશ ગ્રહણ કરી શકીએ

છીએ. બીજાઓની સેવા કરવાની બાબતને તે ખૂબ પુષ્ટિ આપે છે. અમે અમારો જીવન નિર્વાહ ખુશખુશાલ નિભાવીએ પરંતુ અમારે બીજા સાથે કંઇ સંબંધ નથી ઈત્યાદિ સ્વાર્થમય ઉપદેશ જૈન અહિંસા કરતી નથી. પરંતુ માનવ જીવનમાં એક બીજાં હળીમળીને રહે તથા સહાયક બને એવો ઉપદેશ આપી ઉત્તેજિત કરે છે.

(૮) જૈનધર્મ કોઇપણ જાતિની સર્વોચ્ચતા તથા સર્વોપરિપણાના દાવાને માન્ય રાખતો નથી. તથા જૈનધર્મને એ પણ માન્ય નથી કે કોઇ પણ મનુષ્ય યોગ્ય કાર્ય કરતો હોવા છતાં દેવતાંઓના કોપનો ભાગી બને.

(૯) ઘડીભર માની લઇએ કે ભારતવર્ષમાંથી ઘણા ખરા સદ્‌ગુણોનો લોપ થતો જાય છે, પરંતુ ગુણોનો લોપ થવા માટે જૈનો અગર જૈનેતરો અહિંસાને કારણભૂત બતાવે એ તદ્દન બિનપાયાદાર છે. કેમકે આપણે જોઈએ છીએ કે ભારતવર્ષમાં અહિંસા ધર્મમાં ન માનનારી કેટલીક જાતોમાં એ ગુણોનું બિલકુલ અસ્તિત્વજ જણાતું નથી.

## અહિંસા પર ગાંધીજીનું મંતવ્ય

મહાત્મા ગાંધીજીએ અહિંસા ધર્મના બારામાં લાલા લાજપતરાયને પ્રત્યુત્તર આપતાં 'મોડર્ન રિવ્યુ' પુસ્તક–૨૦ ઓકટોબર ૧૯૧૬ ના અંકમાં ઘણો સુંદર પ્રકાશ પાડયો

છે. એ લેખનો થોડો ઘણો ભાગ વાંચકોની જાણ માટે ગુજરાતી ભાવાર્થ સહિત નીચે આપવામાં આવ્યો છે.

"Our Shastras seem to teach that a man who really practices Ahimsa in its fullness has the world at his feet. He so affects his surroundings that even the snakes and other venomous reptiles do him no harm. This is said to have been the experience of Francis of Assisi.

In its negative form it means not injuring any living being whether by body or mind. I may not therefore hurt the person of any wrong doer or bear any ill will to him and so cause him mental suffering. This statement does not cover suffering caused to the wrong doer by natural Acts of mine which do not proceed from ill-will. It therefore does not prevent me from withdrawing from his presence a child whom he, we shall imagine, is about to strike. Indeed the proper practice of Ahimsa requires me to withdraw the intended victim from the wrong doer, if I am in any way whatsoever the guardian of such a child.

In its positive form Ahimsa means the largest love, the greatest charity. If I am a follower of Ahimsa I must love my enemy I must apply the same rules to the wrong doer who is my enemy or

stranger to me as I would to my wrong doing father or son. *This active Ahimsa necessarily includes truth* and fearlessness. A man cannot deceive the loved one; he does not fear or frighten him or her. (અભયદાન) *Gift of life* is the greatest gift of all gifts. A man who gives it in reality disarms all hostility. He has paved the way for an honourable understanding and none who is himself subject to fear can bestow that gift. He must, therefore, be himself fearless. A man cannot then practice of Ahimsa and be a coward at the same time. The practice of Ahimsa calls forth the greatest courage. It is the most soldierly of soldier's virtues.

He is the true soldier who knows how to die and stand his ground in the midst of a hail of bullets. Such a one was Ambarish who stood his ground without lifting a finger though Durvasa did his worst.

Ahimsa truly understood, is in my humble opinion a panecea for all evils mundane and extra mundane. We can never over do it. Just at present we are not doing it at all. Ahimsa does not displace the practice of other virtues, but renders their practice imperatively necessary before it can be practiced even in its rudiments. Lalaji need

not fear the Ahimsa of his father's faith. Mahavir and Buddha were soldiers and so was Tolstoy. Only they saw deeper and truer into their profession and found secret of a true happy, honourable and godly life. Let us be joint sharers with these teachers and this land of ours will once more be the abode of Gods.

અર્થાત "આપણાં શાસ્ત્રો આપણને એમ બોધ આપે છે કે જે મનુષ્ય અહિંસાનું સર્વાંગ સંપૂર્ણ પાલન કરે છે, તેના ચરણોમાં જગત શિર ઝુકાવે છે. તેનો પ્રભાવ એટલો બધો પ્રબળ હોય છે કે સાપ તથા બીજાં ઝેરી જંતુઓ તેને ઇજા કરી શકતાં નથી. એમ કહેવાય છે કે ફ્રાન્સિસ ઑવ અસીસીને પણ આવોજ અનુભવ થયો હતો.

તેનો પરોક્ષ અર્થ એવો થાય છે કે કોઇ પણ જીવતા દેહધારીને શરીર અથવા મનથી કષ્ટ આપવું જોઇએ નહિ. તેથી કોઇ પણ દુષ્ટ કૃત્ય કરનારને મારે ઈજા કરવી જોઇએ નહિ, અગર એના તરફ એવો દ્વેષભાવ પણ દર્શાવવો જોઇએ નહિ કે જેથી તેને માનસિક ક્લેશ થાય. મારાં સ્વાભાવિક કૃત્યો કે જે રાગદ્વેષાદિમાંથી ઉદ્‌ભવ્યાં નથી, તેને અંગે જો પેલાં અનીતિ આચરનારને કંઇ કષ્ટ પડે તો તેમાં આ બાબતનો સમાવેશ થતો નથી. તેથી એક બાળક કે જેને તે મારઝુડ કરવા ચાહે છે, એમ આપણે માની તેની સામેથી તે બાળકને હઠાવી લઇએ, તો તેનો અહિંસા પ્રતિબંધ કરતી નથી. સાચી વાત તો એમ છે કે જો હું અહિંસાનો સાચો પાલક હોઉં, તો બાળકના રક્ષક

તરીકે મારો ધર્મ છે કે મારે પેલા જુલમગારના પંજામાંથી તેના શિકારને છોડાવવો રહ્યો.

અહિંસાનો પ્રત્યક્ષ અર્થ પારાવાર પ્રેમ દર્શાવવો તથા અતિશય દાન દેવું એવો થાય છે. જો હું અહિંસાનો પૂજક હોઉં તો મારે મારા પ્રત્યે શત્રુને ચહાવા જોઇએ. મારા પ્રત્યે અયોગ્ય રીતે વર્તણુંક ચલાવનાર મારા પિતા કે પુત્ર સાથે હું જે રીતે વર્તું, તેવોજ વર્તાવ મારે મારૂં અનિષ્ટ કરનાર મારા શત્રુ પ્રત્યે અગર તો અજાણ્યા પ્રત્યે કરવો જોઇએ. આવી સક્રિય અહિંસામાં સત્ય અને નિડરતાનો આપોઆપ સમાવેશ થાય છે. માનવી પોતાના પ્રેમીને દગો દઈ શકતો નથી. તથા તે પ્રેમી પુરૂષ હો કે સ્ત્રી પરંતુ તેનાથી તે ભય પામતો નથી. અગર તેમને ભય પમાડતો નથી. સઘળાં દાનોમાં અભયદાન એ શ્રેષ્ઠ દાન છે જે માનવી સાચા અંતઃકરણથી અભયદાન આપે છે, તે સઘળા વૈમનસ્યને નિર્મૂળ કરે છે. આમ કરીને તે માનનીય સમાધાનીનો રાજમાર્ગ ખુલ્લો કરે છે, પરંતુ જે મનુષ્ય જાતે ભયભીત હોય છે, તે કદાપિ આ અભયદાન આપી શકતો નથી. તેથીજ તે નિર્ભય હોવો જોઇએ. એક બાજુ કાયર હોવું અને બીજી બાજુ અહિંસક હોવાનો દાવો કરવો, એ બંનેનો કોઇ કાળે મેળ ખાતો નથી. અહિંસાના પાલન માટે તો પારાવાર ધૈર્ય અને સાહસવૃત્તિ જોઇએ. યોદ્ધાના સદ્દગુણોમાં એ સૌથી શ્રેષ્ઠ સદ્દગુણ છે.

ગોળીઓની ઝડીઓ વરસતી હોય છતાં જે અડગ ઉભો રહી મરણુને શરણુ થાય છે તેજ સાચો યોદ્ધો છે. આવો યોદ્ધો તો અંબરિષ હતો કે જે દુર્વાસાએ પોતાનાથી થાય

તેટલો અત્યાચાર કર્યો, છતાં આંગળી સરખી ઉંચી કર્યા સિવાય અડગપણે રણભૂમિમાં ઉભો રહ્યો.

મારા અભિપ્રાય પ્રમાણે જો અહિંસાને તેના નગ્ન સ્વરૂપમાં સમજવામાં આવે તો તે સઘળાં ઐહિક તથા પારલૌકિક અનિષ્ટોને માટે એક અજબ જડીબુટ્ટી છે. આપણે તેનું કદાપિ સંપૂર્ણ પાલન નથી કરી શકતા. જેમ અત્યારે પણ આપણે તેનું બિલકુલ પાલન નથી કરતા. માનવ શરીરમાં રહેલા અન્ય સદ્ગુણોને અહિંસા નિર્મૂળ કરતી નથી, પરંતુ તેનાં મૂળતત્ત્વોનું પાલન કરી શકીએ, તે પહેલાં તે સઘળા સદ્ગુણોનું પાલન આવશ્યક બનાવે છે. પોતાના પિતાના ધર્મની અહિંસાથી લાલાજીએ ડરવું ન જોઇએ. મહાવીર અને બુદ્ધ સાચા યોદ્ધા હતા. અને તેજ પ્રમાણે ટોલ્સ્ટોય પણ હતા. માત્ર તેમણે પોતાના કાર્યનું બારીકીથી તથા સત્યતાથી નિરીક્ષણ કરી સાચા સુખદ, પ્રતિષ્ઠિત અને દૈવી જીવનનું રહસ્ય શોધી કાઢયું. આવો, અહિંસાના આ મહાન અધ્યાપકોના આપણે પણ ભાગીદાર બનીએ, અને આપણા આ પ્યારા વતનને ફરીથી દેવભૂમિ બનાવીએ.”

ઉપરોક્ત લેખોનું અવલોકન કર્યા બાદ વાંચકોના મગજમાં એ સારી રીતે ઠસી ગયું હશે કે અહિંસા એ કાયરોનો ધર્મ નથી, પરંતુ વીરત્વ પ્રધાન ધર્મ છે. તેનો મહાન રાજાધિરાજોથી માંડીને તે ઠેઠ અત્યંત રંક મનુષ્યો સુદ્ધાં અંગીકાર કરી શકે છે. તેના સિદ્ધાંતો સર્વવ્યાપી હોવાથી કોઇને કોઇ પણ પ્રકારે બાધકર્તા નથી. હા, એટલું તો નિર્વિવાદ છે કે અહિંસાધર્મ ગ્રહણ કરનારને આત્મભોગ અવશ્ય આપવો પડે છે. તેના આત્મામાં ઉચ્ચ શક્તિઓનો

વિકાસ થાય છે, તે એટલે સુધી કે તે મહાન આત્મા સર્વજ્ઞ બની મોક્ષના અક્ષય સુખને પ્રાપ્ત કરે છે. આ વિશેષતા એજ ધર્મમાં નજરે પડે છે, કે જેમા આ સિદ્ધાંત પરિપૂર્ણરૂપે વિદ્યમાન હોય છે.

યથાર્થ રીતે વિચાર કરીએ તો એમ માલૂમ પડશે કે અહિંસાધર્મના સંપૂર્ણ સ્વરૂપને ન સમજવાને લીધેજ દેશનું અધઃપતન થયું છે. આધુનિક કાળમાં અવનતિનાં જેટલાં કારણો દૃષ્ટિગોચર થાય છે, તે સઘળાં અહિંસાના અભાવે જન્મ પામ્યાં છે. તેથી જો આ સર્વશ્રેષ્ઠ અહિંસા ધર્મનો વાસ્તવિક રીતે અંગીકાર કરવામાં આવે તો સારોય દેશ અલ્પકાળમાં ઉન્નતિના ઉચ્ચ શિખર પર પહોંચી જાય, એવો અમારો દાવો છે.

અમે પ્રત્યેક બંધુઓને આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ કરીએ છીએ કે તેઓ હઠાગ્રહ તથા આંતરિક સંકુચિતતાનો ત્યાગ કરી, પોતાની આત્મોન્નતિના સાચા માર્ગને ગ્રહણ કરે.

સમાપ્ત.

# અવશ્ય વાંચો.

## જ્ઞાનવૃદ્ધિ માટે પુસ્તકો મંગાવી તેમની લ્હાણી કરો.


| | | રૂ.આ.પા. |
|---|---|---|
| ૧. | આદર્શ મુનિ (સચિત્ર)... ... ... | ૧-૪-૦ |
| ૨. | લાવણી સંગ્રહ ... ... ... ... | ૦-૧-૦ |
| ૩. | મહારાણા ઉદયપુર ઔર ધર્મોપદેશ (સચિત્ર) | ૦-૩-૬ |
| ૪. | શ્રી જૈન સુખચૈન બહાર, ભાગ પહિલા ... | ૦-૨-૦ |
| ૫. | ,, ,, ,, દૂસરા ... | ૦-૩-૦ |
| ૬. | ,, ,, ,, તીસરા ... | ૦-૩-૬ |
| ૭. | ,, ,, ,, ચૌથા ... | ૦-૩-૬ |
| ૮. | ,, ,, ,, પાંચવા ... | ૦-૧-૦ |
| ૯. | મહાવીર સ્તોત્ર (અર્થ સહિત બઢિયા કાગજ) | ૦-૫-૦ |
| ૧૦. | જમ્બૂ ચરિત્ર ... ... ... ... | ૦-૧-૬ |
| ૧૧. | ગજલ બહાર ... ... ... ... | ૦-૨-૦ |
| ૧૨. | ધર્મોપદેશ વ સન્ધિપત્ર ... ... ... | ૦-૧-૦ |
| ૧૩. | સીતા વનવાસ ... ... ... ... | ૦-૧-૦ |
| ૧૪. | સ્તવન મનોહરમાલા, ભાગ ૧લો... ... | ૦-૩-૦ |
| | ,, ,, ભાગ ૨જો... ... | ૦-૨-૦ |
| ૧૫. | મુખવસ્ત્રિકા નિર્ણય ... ... ... | ૦-૦-૬ |
| ૧૬. | જૈન ગજલ ગુલચમન બહાર ... ... | ૦-૧-૦ |
| ૧૭. | જૈન સત્યોપદેશ ભજનમાળા ... ... | ૦-૨-૬ |
| ૧૮. | રામ મુદ્રિકા ... ... ... .... | ૦-૧-૬ |

| | | |
|---|---|---|
| ૧૯. | હરિશ્ચન્દ્ર રાજાકી ચોપાઇ... .... ... | ૦–૧–૬ |
| ૨૦. | રાજા વિક્રમકી લાવણી ... ... ... | ૦–૧–૬ |
| ૨૧, | જૈનમતદિગ્દર્શન ત્રિંશિકા ... ... | ૦–૧–૬ |
| ૨૨. | અનુપૂર્વી (સૈંકડા) ... ... ... | ૨–૦–૦ |
| ૨૩. | નેમીરાયજી ... ... ... ... | ૦–૧ ૦ |
| ૨૪. | ઇક્ષુકારાધ્યન (સચિત્ર) ... ... ... | ૦–૪–૦ |
| ૨૫. | પુચ્છિસુણં .... ... ... ... | ૦–૦–૬ |
| ૨૬. | ઉદયપુર મેં અપૂર્વ ઉપકાર (સચિત્ર) ... | ૦–૫–૦ |
| ૨૭. | જૈન સ્તવન સંગ્રહ ... ... ... | ૦–૦–૯ |
| ૨૮. | જૈન સ્તવન હિતશિક્ષા... ... ... | ૦–૦=૯ |
| ૨૯. | ચંપક ચરિત્ર ... ... ... ... | ૦–૧–૩ |
| ૩૦. | ફુલ બાગ... ... ... ... ... | ૦–૦–૬ |
| ૩૧. | પ્રદેસી રાજાકી લાવણી ... ... ... | ૦–૦–૯ |
| ૩૨. | ધર્મબુદ્ધિ ચરિત્ર... ... ... ... | ૦–૧–૬ |
| ૩૩. | આદર્શ તપસ્વી ... ... ... | ૦–૩–૦ |
| ૩૪. | સુશ્રાવક કામદેવ (સચિત્ર) ... ... | ૦–૧–૬ |
| ૩૫. | સુશ્રાવક અરણુક (સચિત્ર) ... ... | ૦–૨–૦ |
| ૩૬. | સ્ત્રી શિક્ષા ... ... ... ... | ૦–૦–૯ |
| ૩૭. | શ્રીપાલ ચરિત્ર ... ... ... ... | ૦–૨–૦ |
| ૩૮. | સતી અંજના ઔર વીર હનુમાન... ... | ૦–૫–૦ |
| ૩૯. | મૃગાપુત્ર (સચિત્ર) ... ... ... | ૦–૫–૦ |
| ૪૦. | ભગવાન મહાવીર કા દિવ્ય સન્દેશ ... | ૦–૩–૬ |

ઠેકાણું:—**શ્રી જૈનોદય પુસ્તક પ્રકાશક સમિતિ,**

**રતલામ.**